દ્રાં

પ.પૂ.શ્રી રંગ અવધૂત મહારાજ વિરચિત

# શ્રીગુરુલીલામૃતનું ગદ્યરૂપાંતર



ભાગ-૩

અધ્યાય ૪૧ થી ૬૨

ગદ્યરૂપાંતરકાર :

પ્રા. કુલીન ગ. ઉપાધ્યાય

# ॥ दत्तनामसंकीर्तनम् ॥

શ્રીદત્ત દત્ત અવધૂત સુમિત્ર દત્ત
શ્રીદત્ત દત્ત અવધૂત કુમિત્ર દત્ત ।
શ્રીદત્ત દત્ત અવધૂત લમિત્ર દત્ત
શ્રીદત્ત દત્ત અવધૂત સુચિત્ર દત્ત ॥૧॥

શ્રીદત્ત દત્ત અવધૂત રસેશ દત્ત
શ્રીદત્ત દત્ત અવધૂત કણેશ દત્ત ।
શ્રીદત્ત દત્ત અવધૂત ફલેશ દત્ત
શ્રીદત્ત દત્ત અવધૂત ઘનેશ દત્ત ॥૨॥

શ્રીદત્ત દત્ત અવધૂત જલેશ દત્ત
શ્રીદત્ત દત્ત અવધૂત સ્થલેશ દત્ત
શ્રીદત્ત દત્ત અવધૂત મહેશ દત્ત
શ્રીદત્ત દત્ત અવધૂત ગ્રહેશ દત્ત ॥૩॥

શ્રીદત્ત દત્ત અવધૂત કલેશ દત્ત
શ્રીદત્ત દત્ત અવધૂત ખલેશ દત્ત ।
શ્રીદત્ત દત્ત અવધૂત બલેશ દત્ત
શ્રીદત્ત દત્ત અવધૂત હલેશ દત્ત ॥૪॥

શ્રીદત્ત દત્ત અવધૂત ધરેશ દત્ત
શ્રીદત્ત દત્ત અવધૂત નરેશ દત્ત ।
શ્રીદત્ત દત્ત અવધૂત પરેશ દત્ત
શ્રીદત્ત દત્ત અવધૂત વરેશ દત્ત ॥૫॥

શ્રીદત્ત દત્ત અવધૂત કવીશ દત્ત
શ્રીદત્ત દત્ત અવધૂત ગવીશ દત્ત ।
શ્રીદત્ત દત્ત અવધૂત પવીશ દત્ત
શ્રીદત્ત દત્ત અવધૂત રવીશ દત્ત ॥૬॥

શ્રીદત્ત દત્ત અવધૂત ક્ષમેશ દત્ત
શ્રીદત્ત દત્ત અવધૂત દમેશ દત્ત ।
શ્રીદત્ત દત્ત અવધૂત યમેશ દત્ત
શ્રીદત્ત દત્ત અવધૂત રમેશ દત્ત ॥૭॥




રંગ અવધૂત મહારાજ

દ્રાં

પ.પૂ.શ્રી રંગ અવધૂત મહારાજ વિરચિત

# શ્રીગુરુલીલામૃતનું ગદ્યરૂપાંતર



ભાગ-૩

અધ્યાય ૪૧ થી ૬૨

ગદ્યરૂપાંતરકાર :

પ્રા. કુલીન ગ. ઉપાધ્યાય

મુદ્રક : હિમાંશુ ટ્રેડર્સ
અમદાવાદ
(૦૭૯-૫૪૫ ૩૯૦૪)

ગ્રાફિક્સ : શ્રી રવીશ રાજેન્દ્ર ઉપાધ્યાય
RAHH RANG-PREM NI
'ગુંજન', ૧૭, અક્ષરકુંજ સોસાયટી,
ગોપી-વિદ્યાનગર રોડ.
આણંદ- ૩૮૮ ૦૦૧.
(૦૨૬૯૨-૨૪૯૪૫૫)

પ્રકાશક : પ્રેમજયંતી સમિતિ
'વરેણ્યમ્',
૬/એ, કલ્પતરુ સોસાયટી,
અંકુર, અમદાવાદ. ૩૮૦ ૦૧૩.
(૦૭૯-૭૪૮૦૦૮૮)

આવૃત્તિ : બીજી
પોષ સુદ બીજ, ૨૦૬૧.
બુધવાર તા. ૧૨મી જાન્યુઆરી, ૨૦૦૫


પ્રત ૫૦૦

શ્રી અવધૂત સાહિત્ય પ્રકાશન ટ્રસ્ટ, નારેશ્વરની અનુમતિથી

શ્રી અંબાલાલ પટેલ પરિવારના સૌજન્યથી

ત્રીસ રૂપિયા

## વિશ્વગુરુ ભગવાન દત્તાત્રેય



### નારેશ્વરના
### પૂ. શ્રી રંગઅવધૂત મહારાજશ્રીને થયેલું શ્રી દત્તદર્શન


દત્તાત્રેય કૃપણ હરે, પાહિ પાહિ મામ્ (૨) ધ્રુ.


તત્પદેપિ ત્વમસિ વ્યાપ્ત, ત્વંપદેપિ ત્વમિહ વ્યાપ્ત; તત્ત્વમસિ-બોધપ્રાપ્ત, પાહિ પાહિ મામ્ (૨) — દત્તાત્રેય૦

જટાશીર્ષે શંખકર, શૂલહસ્ત યોગિવરા, દયાદાનદમનપરા, પાહિ પાહિ મામ્ (૨) — દત્તાત્રેય૦

દત્તદત્ત-નામપરં યેડત્વત્પદાબ્જચરેમ્; રંગરંગનામદરં પાહિ પાહિ મામ્ (૨) — દત્તાત્રેય૦

[illegible]





**મહર્ષિ શ્રીરંગ અવધૂત** (નારેશ્વર)

બ્રહ્મૌજસા ભૂષિત ભવ્યભાલમ્
દિવ્યૌજસા દીપ્ત વિશાલ નેત્રમ્ ।
શાંતિપ્રદમ્ યસ્ય મુખારવિંદમ્
રંગાવધૂતમ્ પ્રણતોઽસ્મિ નિત્યમ્ ॥



# આશીર્વચન

દેવની આજ્ઞાથી દેવ પુરુષે સમાધિભાષામાં લખેલો શ્રીગુરુલીલામૃત ગ્રંથ એ દિવ્ય ઔપાસનિક ગ્રંથ છે. જ્ઞાન, કર્મ અને ઉપાસનાના ત્રણે કાંડના ૧૯૦૦૫ દોહરાનું ભક્તો શ્રદ્ધાપૂર્વક પારાયણ કરે છે અને એમને સાત્ત્વિક આનંદ પણ મળે છે. પરંતુ તેઓ ઘણાં દોહરા સમજી શકતા ન હોવાથી એની મૂંઝવણ પણ રહે છે. આ અંગે ઘણાં ભાઇ-બહેનો પ્રશ્નો પૂછે છે પણ ખરાં.

આપણા દેશના ઓછું ભણેલા ભાઇ-બહેનોને આ પ્રશ્ન પજવતો હતો જ, એમાં પરદેશમાં પણ પારાયણ કરનાર ભક્તો મુશ્કેલી અનુભવતાં હતાં. એમનો સમાવેશ થયો. એમનાં કિશોર વયનાં બાળક બાલિકાઓએ પારાયણ કરવામાં રસ દાખવ્યો એટલે આ મૂંઝવણ ઘેરી બની. એમાંથી એવો વિચાર જન્મ્યો કે આ દોહરાનું ગદ્યમાં રૂપાંતર થાય તો સમસ્યા ઘણી હળવી થઇ જાય. આ જ વિચારને મૂર્ત સ્વરૂપ આપવા માટે શું કરવું જોઇએ એ વિચાર્યું.

આવું દેવકાર્ય કરી શકે એવા ભક્તો તેમનાં કાર્યમાંથી આટલો સમય કાઢી શકે કે કેમ? આવો પ્રશ્ન મનમાં થયો. પછી વિચાર્યું કે નિવૃત્ત હોય તેને કહેવું. એટલે કુલીનભાઇ માટે વિચાર આવ્યો. તેમણે નાનાં-મોટાં ઘણાં પ્રકાશનો કર્યાં છે. એટલે તેમને પૂછ્યું. તેમણે હા કહ્યું. આ વાત મેં ગઇ સાલ પરદેશ જતાં કરેલી અને એવું કહેલું કે હું આવું ત્યાં સુધીમાં થઇ જાય તો સારું. તેને છપાવી દઇશું, અને ખાસ તો મારો વિચાર આનું અંગ્રેજી પણ કરાવવાનો છે જેથી પરદેશનાં બાળકો અને મોટાંઓ પણ લાભ લઇ શકે, જે જરૂરનું છે જ.

તેમણે આ દેવકાર્યનું ખૂબ જ પવિત્રતાથી લેખન કર્યું છે. તેમાં ઉપાસનાની દષ્ટિ પણ ખરી. એટલે એ જાણી કોને આનંદ ન થાય? એ બધી વિગતો તેઓ એમના નિવેદનમાં લખશે જ. એટલે હું વધુ નહિ લખું.

ગુરુમહારાજ તેમને આવાં કાર્યો કરવાની મતિ, શક્તિ અને રતિ અર્પે એવું ગુરુમહારાજને પ્રાર્થવું રહ્યું. આપણા મૂર્ધન્ય વિદ્વાનોને પૂછીને, સલાહ લઇને, સુધારા વધારા કરાવે તેમ કરજો તેમ પણ કહ્યું અને એ પ્રમાણે આ કાર્ય સંપન્ન થયું છે. ભગવદ્‌કાર્ય દિવ્ય ને ભવ્ય થવું જોઇએ.

આ ગ્રંથનું પ્રકાશન શ્રી દિલીપભાઇ ભટ્ટ (અમેરિકા) તથા શ્રી જશુભાઇ પટેલ (અમેરિકા) એમનાં માતા-પિતાની સ્મૃતિમાં બહાર પાડીને એમણે અનુકરણીય કાર્ય કર્યું છે.

ગુરુમહારાજના અમોઘ આશીર્વાદ આપણા સર્વ પર ઊતરો તેવી મનીષા સહ.

ૐ

પ્રેમ


અવધૂત કુટિર<br>
લીંચ (૩૮૪૪૩૫)<br>
(૦૨૭૬૨-૨૮૨૩૪૩)

# આવકાર

શ્રીગુરુલીલામૃત વરદ ગ્રંથ છે. કારણ કે તે સમાધિભાષામાં લખાયેલો છે. પ.પ.શ્રી વાસુદેવાનંદ સરસ્વતીજી- તેમના ગુરુએ- વરદ સ્વપ્નમાં એ લખવાની આજ્ઞા કરી અને પૂ.શ્રીરંગ અવધૂત મહારાજે એમની પ્રેરણાનુસાર અને પોતાના "ભણતર સામેની છેલ્લી લડાઇ"ની જેમ લખ્યા કર્યું. ઘણી વાર તો એમના હાથની આંગળીઓ અકડાઇ જાય તે હદે સતત લખ્યા કર્યું !

"નવ જાણું ગુર્જર ગિરા" એમ પૂ.શ્રી ગુ.લી.માં કહે છે. પણ એમની ગુર્જર ગિરા ગીર્વાણ ગિરા છે અને તે પણ સમાધિભાષાની. તેથી ગુજરાતી વિદ્વાનોને પણ માથું ખંજવાળવું પડે તેવી છે.

વળી માણસને પદ્ય સમજવું અઘરું પડે છે. વેદાંતના સિદ્ધાંતો તો ગદ્યમાં પણ સમજવા અઘરા પડે તો પછી પદ્યમાં હોય ત્યાં શું થાય? તેથી જ ઘણા સમયથી એ સમગ્ર પદ્યાત્મક દોહરાઓનું ગદ્ય રૂપાંતર થાય તેવી માંગ હતી. એક બે પ્રયત્નો થયા ને હસ્તલિખિત રૂપમાં નારેશ્વર આવ્યા પણ ખરા, પરંતુ તે બધાએ સૂર્યનો પ્રકાશ જોયો નહીં.

પ્રા. કુલીન ઉપાધ્યાય પરિવારમાં જાણીતા છે અને તેમણે આ ગ્રંથનું ગદ્યરૂપાંતર કરી પૂ. પ્રેમઅવધૂતજીના આશીર્વાદ પ્રાપ્ત કર્યા છે જે સ્વયં સદ્‌ભાગ્ય છે.

સંસ્કૃતમાં તો **ગદ્યં કવીનાં નિકષં વદન્તિ** - ગદ્ય તો કવિઓની કસોટી કરનાર હોય છે. પણ તે તો સ્વતંત્ર કાવ્યાત્મક ગદ્યની વાત છે. અહીં પૂ.શ્રીના દોહરાઓને ગદ્યમાં રૂપાંતરિત કરવાનું હોવાથી અને શ્રી કુલીનભાઇ શબ્દોના સ્વામી હોવાથી એવી કોઇ કસોટી નથી.

હું તેમને અભિનંદું છું ને આ રૂપાંતરને આવકારી પૂ.શ્રીના શુભાશિષ તેમને મળો એવી પ્રાર્થના કરું છું.

વડોદરા

**- ધીરુભાઇ જોષી**

# ગદ્યરૂપાંતરકર્તાનું નિવેદન

શ્રીગુરુલીલામૃત ગદ્યરૂપાંતરનો ત્રીજો ભાગ અધ્યાય ૪૧ થી ૬૨ પ્રકાશિત કરતાં ભગવાનની લીલાનો અને સદ્‌ગુરુની કૃપાનો અનુભવ કરું છું. શ્રી ગુરુલીલામૃતનું ગદ્યરૂપાંતર-ભાગ ૧ અને ૨ ને જે રીતે આવકાર મળ્યો એ જોતાં આ દેવનું કાર્ય દેવ જ કરી રહ્યો છે એવું લાગ્યું.

આ ગ્રંથમાં અધ્યાય ૪૧ થી ૬૨નું ગદ્યરૂપાંતર અને પાદટીપ ઉપરાંત વાચકને થોડી વધારાની માહિતિરૂપે અર્થ એક-શબ્દો અનેક, શબ્દ એક-અર્થ અનેક, ઉચ્ચારમાં મળતા-અર્થમાં ભળતા (ભલતા જ, જુદા) શબ્દોને ધ્યાનમાં રાખીને વિશેષ માહિતિ આપી છે. આશા છે કે વાચકવર્ગને ગમશે.

આ સમગ્ર ગ્રંથનું મૂળ લખાણ મુ. ધીરુભાઇએ ખૂબ દિલથી અને જહેમત ઊઠાવીને જોયું છે. એમના અતિ વ્યસ્ત કાર્યક્રમમાંથી પણ સમય કાઢીને એમણે ખૂબ ઉપયોગી સૂચનો કર્યા છે. એ માટે હું એમનો ખૂબ ખૂબ આભારી છું.

ગદ્યરૂપાંતર ભાગ ૧ માટે પૂ. પ્રેમ અવધૂતજીએ આપેલા આશીર્વચન અને શ્રી ધીરુભાઇએ લખેલ આવકાર પણ આ ભાગ માટે સ્વીકાર્યા છે. બન્ને મહાનુભાવોનો ઋણ સ્વીકાર કરું છું. શ્રીગુરુલીલામૃતના ગદ્યરૂપાંતરના જે કાંઇ પ્રયત્નો થયાં એમાં મારા દ્વારા થયેલું ગદ્યરૂપાંતર પ્રકાશિત થયું એની પાછળ પૂ.પ્રેમ અવધૂતજીનો આદેશ જ માત્ર કારણરૂપ છે. શ્રીહરિભાઇ કોઠારીનું નીચેનું વિધાન આ વાતની પ્રતીતિ કરાવે છે.

**"મહાપુરુષના આદેશથી સર્જાયેલા વાઙ્મયમાં સહજ પ્રાસાદિકતા સ્વયં ભળે છે."**

પૂ. પ્રેમ અવધૂતજીએ આદેશ કર્યો કે તમે શ્રીગુરુલીલામૃતનું ગદ્યરૂપાંતર કરો એ આદેશ જ મારે માટે કામધેનુ, કલ્પતરુ અને ચિંતામણી બની ગયો. **સત્કાર્યમાં નિમિત્ત બનવાની આપણી તૈયારી આપણામાં સંતોના આશીર્વાદને ઝીલવાની ક્ષમતા અને પ્રભુકૃપાને જીરવવાની પાત્રતા નિર્માણ કરે છે** એવું શ્રી હરિભાઇ કોઠારીનું વિધાન મારા જીવનમાં સાચું પડો એવી પ્રભુને અને ગુરુમહારાજને પ્રાર્થના.

આ ગ્રંથના બધા જ પ્રકરણોના પ્રૂફોને ઝીણવટતાથી તપાસીને બધું અંકે કરવામાં મદદ કરનાર મુ. શ્રી ટી. આર. જોષી સાહેબનો અને મુ. નવનીતભાઇ પાઠકનો ઋણી છું. મુ. અનિલભાઇના સાથ, સહકાર અને હૂંફને યાદ કર્યા વિના કેમ ચાલે? સૌ. અંજનીની તથા કુટુંબીજનોની મદદને પણ બિરદાવું છું. ગ્રાફિક્સનું કામ કરનાર મારા ભત્રીજા રવીશ ઉપાધ્યાયનો તથા મુદ્રણકાર્ય કરાવી એને પુસ્તક આકારે વ્યવસ્થિત મૂકવામાં મદદરૂપ બનનાર પ્રેસના માલિક શ્રી ઇન્દ્રવદનભાઇ પટેલનો પણ આભારી છું. વાચકોના અભિપ્રાયો આવકારું છું.

**કુલીન ગ. ઉપાધ્યાય.**

'વરેણ્યમ્'
૬/એ, કલ્પતરુ,
અંકુર, અ'વાદ. (૩૮૦ ૦૧૩)
(૦૭૯-૭૪૮૦૦૮૮).

# વૈદિક પંચશીલ

ૐ સહ નાવવતુ[1], સહ નૌ ભુનક્તુ | સહવીર્યં કરવાવહૈ |
તેજસ્વિનાવધીતમસ્તુ | મા વિદ્વિષાવહૈ ||

## આ મંત્રનો તત્ત્વાર્થ :

**સહ નાવવતુ** - એ પરમ પિતા પરમેશ્વર આપણા ઉભયનું રક્ષણ કરે ! એક સંરક્ષિત અને બીજો ઉપેક્ષિત રહે તો કાળે કરી બંનેનો નાશ થાય.

**સહ નૌ ભુનક્તુ** - આપણે બંને ઐશ્વર્યને વરીએ ને વિવિધ સુખોપભોગ ભોગવીએ ! એક સુખ સગવડોમાં આળોટે અને ચાંદીની થાળીમાં રોજ મિષ્ટાન્ન આરોગે અને બીજો દુઃખમાં પાસાં ઘસ્યાં કરે ને માંડ કોદરાયે ન પામે તો એક અપચન અને બીજો બુભુક્ષાનો ભક્ષ્ય બની બન્નેય વિનાશને પંથે પરવરે.

**સહ વીર્યં કરવાવહૈ**- આપણે બન્ને શક્તિમાન બનીએ, બન્ને બળની ઉપાસના કરીએ, સાત્ત્વિક તાકાત મેળવીએ ! એક સબળો ને બીજો નબળો હોય તો સમાજમાં હંમેશાં શીત કે ઉષ્ણ યુદ્ધનું વાતાવરણ રહ્યા કરે ને એની ગુપ્ત પ્રગટ જ્વાળામાં વિશ્વસમસ્ત શેકાઇ જાય.

**તેજસ્વિનાવધિતમસ્તુ (તેજસ્વિનૌ અધીતમસ્તુ)** -
આપણા ઉભયનું ભણતર તેજસ્વી હો ! આમાંથી એક બીજામાં પરસ્પર દેવત્વની ભાવના પ્રગટે, એક બીજા માટે આદર ને સહાનુભૂતિની જ્યોત જાગે અને તો જ મનુષ્યમાં- સાચી માનવતા જાગે- મનુષ્ય મનુષ્ય માટે મરી પડે ને અંગત સ્વાર્થ બાજુએ મૂકી પરમાર્થમાં પગલાં માંડે - સ્વ ભૂલી સર્વમાં સમાઇ જાય અને વિશ્વમાં શાંતિ અને સમૃદ્ધિનું સામ્રાજ્ય પથરાઇ જાય.

**મા વિદ્વિષાવહૈ** - આપણે કદીયે એકબીજાનો દ્વેષ ન કરીએ ! 'હું' માં 'તું' ને 'તું' માં 'હું' નિહાળી સર્વત્ર હું-તું, મારું-તારુંથી પર એક અવિનાશી અખંડ પરમ તત્ત્વના દર્શન કરી, બધે એક અભંગ, આધ્યાત્મિક એકતા અનુભવી, જગતમાંથી વેરઝેર, દુઃખ-દારિદ્ર, જુદ્ધ-અથડામણને દેશવટો આપી સુખ, શાંતિ ને આનંદે આનંદનાં મંડાણ કરીએ.


*

**અવળી વાણીથી હંસ ઉચ્ચારે,**
**ગુરુ-શિષ્યનો ભેદ એ બાળે રે.**

*

---


૧. નૌ - આપણા બે (ગુરુ-શિષ્ય)નું.



**પ્રેમ અવધૂત (લીંચ)**

કાન્તં કારુણ્યપૂર્ણં ગુરુચરણયુગં સેવમાનં નિરીહં
શાન્તં રંગાશયજ્ઞં સ્મિતયુતવદનં શ્વેતકૂર્ચં સુહાસ્યમ્ ।
દાન્તં દીનાર્તબંધું શરણગતજન-પ્રાર્થનં પૂરયન્તં
વન્દે પ્રેમાવધૂતં  ગુરુહૃદયસરોજે વસન્તં દ્વિરેફમ્ ॥

# ઋણ-સ્વીકાર



તારાબેન અંબાલાલ પટેલના જયગુરુદેવદત્ત

અંબરિષ સમી ભક્તિ તારનારી બની રહી,
બારણે બાપજી આવ્યા રાત્રિ દુઃખ તણી ગઈ
લાજ રાખી ગુરુ રંગે બેસી ઉરના આસને
લક્ષ્યમાં ચિત્તને રાખું નમું પ્રેમે હું આપને

અંબાલાલ ગ. પટેલ પરિવારના શ્રીગુરુદેવદત્ત

(શ્રીરંગઅવધૂત પરિવાર, અમેરિકા-વી.ડી.ઓ. ડી.વી.ડી. ઉપાર્જનમાંથી)

# વંદનાષ્ટક

આજ્ઞા કરે અવધૂતને જે ગ્રંથ રચવા સ્વપ્નમાં,
ને દે ચરિતામૃત ઘડો જાતે જઇને હાથમાં,
તું પાન કર, પિવાડ જેને હોય તૃષા - વેદના,
એ દત્ત **વાસુદેવ**ના શ્રીપાદપદ્મે વંદના. ..... (૧)

આદેશ ગુરુનો શિર ધરી, જે ગ્રંથની રચના કરે,
ને દોહરા છંદે, છલોછલ બ્રહ્મરસ એમાં ભરે,
જીવન સફળ પારાયણે એ જ્ઞાન, કર્મ, ઉપાસના,
દત્તાવતારી **રંગ**ના ચરણારવિંદે વંદના. ..... (૨)

આ દિવ્યભાષા દોહરાની ના બધા સમજી શકે,
સત્ત્વર રૂપાંતર ગદ્યમાં એનું કરી નાંખો તમે,
આજ્ઞા કરીને જે કરે કૃપા અમીનાં છાંટણાં,
એ સદ્‌ગુરુ **શ્રીપ્રેમ**ના પાદાબ્જે હો મમ વંદના. ..... (૩)

અત્રિજ ને સુત અનસૂયાના, જ્ઞાનના અવતાર જે,
અર્જુન આયુ અલર્કને યદુનો કરે ઉદ્ધાર એ,
પ્રહ્‌લાદ પરશુરામને એની કૃપાની ઝંખના,
એ દેવ **દત્તાત્રેય**ના હો ચરણકંજે વંદના. ..... (૪)

લીલા કરે કુરવપુરે ને એ જ પાછા અવતરે,
જઇ ગાણગાપુર વાડીમાં કંઇ દિવ્ય લીલા આચરે,
તાર્યા ઘણાં ભક્તો, હર્યાં વળી દુઃખડાં કંઇ રંકનાં,
**શ્રીપાદ નૃસિંહ સરસ્વતી**ના પદસરોજે વંદના. ..... (૫)

પાપીગણુ પરિવારના સંકટભર્યા દિવસો મહીં,
સુકાન લઇને હાથમાં, જે સાચવે પડખે રહી,
ક્યાંથી ભૂલું હું એ બધા ઉપકાર સાચા સંતના,
**પાગલ પ્રકાશાનંદ**ના આ ચરણકમળે વંદના. ..... (૬)

સારાંશ ગ્રંથતણો લખે બે વાર જો **પાપીગણુ**,
એ બીજમાંથી ફૂટતું આ વૃક્ષ ગદ્યાંતર તણું,
જેણે સિંચ્યા સંસ્કાર એ માતા **જયા**ની અર્ચના,
એવાં રૂડાં માતા-પિતાનાં ચરણકંજે વંદના. ..... (૭)

પરિવાર કેરી હૂંફ ને જ્યાં મદદ કરતી અંજની,
લહાવો બન્યો આ કાર્ય જાણે ગાઉં હું શિવરંજની,
'સત્કાર્ય છે આશિષ સ્વયં' ચાલુ રહે એ પ્રાર્થના,
સહુમાં નિહાળી **રંગ**ને, સહુની કરું હું વંદના. ..... (૮)

**- પ્રા. કુલીન ગ. ઉપાધ્યાય.**

# અર્થ એક- શબ્દો અનેક :

## (૧) ગણપતિ :

(૧) એક દંત (૨) ઉમાપુત્ર

(૩) કામારિસૂનુ (કામારિ=શંકર, સૂનુ=પુત્ર)

(૪) ગજકર્ણક (૫) ગજવદન (વદન=મુખ)

(૬) ગજાનન (આનન=મુખ)

(૭) ગજાસ્ય (આસ્ય=મુખ) (૮) ગણનાથ

(૯) ગણનાયક (૧૦) ગણરાજ

(૧૧) ગણાધ્યક્ષ (૧૨) ગૌરીનંદન

(૧૩) ગૌરીપુત્ર (૧૪) ગૌરીસુત (૧૫) ઢૂંઢીરાજ

(૧૬) દ્વિરદ (રદ=દાંત) (૧૭) ધૂમ્રકેતુ

(૧૮) નાગાનન (નાગ=હાથી) (૧૯) ભાલચંદ્ર

(૨૦) મંગલમૂર્તિ (૨૧) મૂષકવાહન (૨૨) મોરયા

(૨૩) રિદ્ધિસિદ્ધિપતિ (૨૪) લંબોદર

(૨૫) વક્રતુંડ (તુંડ=મુખ) (૨૬) વિઘ્નહર્તા

(૨૭) વિનાયક

(૨૮) સ્કંદાગ્રજ(સ્કંદ=કાર્તિકેય, અગ્રજ=પહેલા જન્મેલા, મોટાભાઇ)

(૨૯) હિમનગદુહિતાનંદન (હિમનગ=હિમાલય પર્વત, દુહિતા=દીકરી, નંદન=દીકરો)

(૩૦) હેરંબ

## (૨) શંકર :

(૧) અપર્ણેશ્વર (અપર્ણા=પાર્વતી)

(૨) આશુતોષ (આશુ=જલદી) (૩) ઇશ્વર

(૪) ઉમાધવ (ધવ=પતિ) (૫) ઉમાપતિ

(૬) ઉમિયાવર (૭) ઉમેશ

(૮) કામારિ (કામ=કામદેવ, અરિ=શત્રુ)

(૯) કામેશ્વર (૧૦) ગંગાધર

(૧૧) ગુડાકેશ (ગુડાક=નિદ્રા) (૧૨) ગૌરીરમણ

(૧૩) ચંદ્રમૌલિ (૧૪) ચંદ્રશેખર (૧૫) ત્રિનયન

(૧૬) ત્રિનેત્રધારી (૧૭) ત્રિપુરારિ

(૧૮) ત્રિલોચન (૧૯) ત્રિશૂલધારી

(૨૦) ત્ર્યંબક (ત્રિ+અંબક. અંબક=આંખ)

(૨૧) ધૂર્જટી (૨૨) પંચાનન (૨૩) પાર્વતીપતિ

(૨૪) પિનાકપાણિ (૨૫) ભવ (૨૬) ભાલચંદ્ર

(૨૭) ભૂધર (૨૮) મદનારિ (૨૯) મન્મથારિ

(૩૦) મહાદેવ (૩૧) વૃષકેતુ (૩૨) શર્વ

(૩૩) શિવ (૩૪) શૂળપાણિ

## (૩) વિષ્ણુ :

(૧) અજ (૨) અધોક્ષજ (૩) ઇંદિવર (૪) ઉપેન્દ્ર

(૫) કમલાપતિ (૬) ચક્રધર (૭) ચક્રપાણિ

(૮) જનાર્દન (૯) જિષ્ણુ (૧૦) નારાયણ

(૧૧) પુંડરિકાક્ષ (૧૨) રમાનાથ (૧૩) રમેશ

(૧૪) લક્ષ્મીપતિ (૧૫) શ્રીપતિ (૧૬) હરિ

(૧૭) હૃષિકેશ (હૃષિક=ઇંદ્રિય)

## (૪) બ્રહ્મા :

(૧) કમલાસન (૨) કમલોદ્ભવ (૩) ચતુરાનન

(૪) ચતુર્મુખ (૫) પ્રજાપતિ (૬) પ્રજાપિતા

(૭) બ્રહ્મદેવ (૮) વિધિ (૯) વિરિંચિ (વિરંચિ)

## (૫) દત્ત :

(૧) અત્રિજ (૨) અત્રિનંદન (૩) અત્રિપુત્ર

(૪) અત્રિસૂનુ (૫) અનસૂયાનંદન

(૬) અનસૂયાસુત (૭) કાજેશ્વર (ક=બ્રહ્મા, અજ=વિષ્ણુ, ઇશ્વર=શંકર) (૮) ત્રયાનન

(૯) ત્રિમૂર્તિ (૧૦) દત્તાત્રેય

## (૬) પાર્વતી :

(૧) અપર્ણા (૨) અંબા (૩) ઉમા (૪) ઉમિયા

(૫) ગિરિજા (૬) ગિરિરાજ કિશોરી

(૭) ગિરિતનયા (૮) ગૌરી (૯) જયા

(૧૦) નગતનયા (નગ=પર્વત, તનયા=પુત્રી)

(૧૧) નગદુહિતા (૧૨) ભવાની (૧૩) હૈમવતી

(૧૪) શૈલતનયા (શૈલ=પર્વત) (૧૫) સતી

(૧૬) હિમનગદુહિતા (૧૭) હેમનંદિની

**(૭) ઇન્દ્ર :**

(૧) અમરનાયક (૨) અમરપતિ (૩) જીષ્ણુ

(૪) દેવરાજ (૫) દેવેન્દ્ર (૬) પુરંદર

(૭) મઘવન્ (૮) મહેન્દ્ર (૯) મેઘરાજા

(૧૦) શચિપતિ (૧૧) શતક્રતુ

(૧૨) સહસ્રનયન (૧૩) સહસ્રાક્ષ

(૧૪) સુરપતિ (૧૫) સુરેન્દ્ર (૧૬) સુરેશ

**(૮) સૂર્ય :**

(૧) અર્ક (૨) અરિષ્ટ (૩) અર્યમા

(૪) આદિત્ય (૫) આફતાબ (૬) અંશુમાન

(૭) કશ્યપ (૮) ખગ (૯) ગભસ્તિ

(૧૦) ચંડકિરણ (૧૧) તમારિ (૧૨) તરણિ

(૧૩) દિનકર (૧૪) દિનમણિ (૧૫) દિનેશ

(૧૬) દિવાકર (૧૭) પૂષા (૧૮) પ્રભાકર

(૧૯) ભાણ (૨૦) ભાનુ (૨૧) ભાસ્કર

(૨૨) ભાસ્વાન્(૨૩) માર્તંડ (૨૪) રવિ

(૨૫) રશ્મિકાન્ત (૨૬) વસુ (૨૭) વિવસ્વાન્

(૨૮) સવિતા (૨૯) સવિતા નારાયણ

(૩૦) સહસ્રરશ્મિ (૩૧) સૂરજ (૩૨) સૌર

**(૯) ચંદ્ર :**

(૧) અજ (૨) અમૃતાંશુ (૩) ઇન્દુ (૪) ઉડુપતિ

(૫) ઉડુરાજ (૬) અંબુજ (૭) ચંદ્રમા (૮) ચાંદો

(૯) નિશાકર (૧૦) નિશાપતિ (૧૧) મયંક

(૧૨) મૃગાંક (૧૩) રજનીકર (૧૪) રજનીકાન્ત

(૧૫) રજનીપતિ (૧૬) વિધુ (૧૭) વિભાકર

(૧૮) શશધર (૧૯) શશાંક (૨૦) શશી

(૨૧) શર્વરીશ (૨૨) સુધાકર (૨૩) સુધાંશુ

(૨૪) સોમ (૨૫) હરિ (૨૬) હિમાંશુ

**(૧૦) અગ્નિ :**

(૧) અનલ (૨) આગ (૩) આતશ (૪) અંગાર

(૫) જ્વલન (૬) જાતવેદ (૭) દેવતા

(૮) નાચિકેત (૯) પાવક (૧૦) વહ્નિ

(૧૧) વૈશ્વાનર (૧૨) હુતાશ (૧૩) હુતાશન

**(૧૧) અરીસો :**

(૧) આદર્શ (૨) આયનો (૩) આરસી

(૪) આરસો (૫) કાચ (૬) ખાપ (૭) ચાટલું

(૮) દર્પણ

**(૧૨) આકાશ :**

(૧) આભ (૨) અંબર (૩) ખ (૪) ગગન

(૫) ગો (૬) નભ (૭) વિયત્ (૮) વ્યોમ

**(૧૩) આંખ :**

(૧) અક્ષિ (૨) અંબક (૩) ચક્ષુ (૪) ચખ

(૫) નયન (૬) નેણ (૭) નેત્ર (૮) નેન

(૯) રતન (૧૦) લોચન

**(૧૪) ઔષધ :**

(૧) ઓસડ (૨) દવા (૩) ભેષજ

**(૧૫) કમળ :**

(૧) અબ્જ (૨) અરવિંદ (૩) ઇંદિવર

(૪) ઉત્પલ (૫) અંબુજ (૬) અંબુરુહ (૭) કંજ

(૮) કુંદ (૯) કુમુદ (૧૦) જલજ (૧૧) તોયજ

(૧૨) નલિન (૧૩) નિરજ (૧૪) પદ્મ

(૧૫) પંકજ (૧૬) પુંડરિક (૧૭) રાજીવ

(૧૮) વારિજ (૧૯) સરસિજ (૨૦) સરોજ

ધોળું કમળ = કુમુદ, પુંડરિક; રાતું કમળ = પદ્મ,
નિલકમળ = પુષ્કર, ભુરું કમળ = ઇંદિવર,
રાત્રે ખીલતું કમળ = ઉત્પલ,

**(૧૬) કામદેવ :**

(૧) અજ (૨) અતનુ (૩) અનંગ (૪) ઉરોજ

(૫) કંદર્પ (૬) કામ (૭) પુષ્પધન્વા (૮) મદન

(૯) મનસિજ (૧૦) મનોજ (૧૧) મન્મથ

(૧૨) માર (૧૩) મીનકેતન (૧૪) રતિપતિ

(૧૫) સ્મર

**(૧૭) ખજાનો :**

(૧) અંબાર (૨) કોઠાર (૩) કોષ (૪) નિધાન

(૫) નિધિ (૬) ભંડાર (૭) ભંડોળ

**(૧૮) ઘર :**

(૧) આલય (૨) આવાસ (૩) કેતન (૪) ગૃહ

(૫) ગેહ (૬) ધામ (૭) નિકેતન (૮) નિલય

(૯) નિવાસ (૧૦) ભવન (૧૧) રહેઠાણ

(૧૨) વાસ (૧૩) સદન (૧૪) સદ્મ

**(૧૯) ઘી :**

(૧) આજ્ય (૨) ઘૃત (૩) તૂપ (૪) સર્પી

(૫) સ્નેહ

**(૨૦) ઘોડો :**

(૧) અશ્વ (૨) કેશી (૩) ટાયડો (૪) તુરગ

(૫) તુરંગ (૬) તુરંગમ (૭) તુરિ (૮) તોખાર

(૯) વાજી (૧૦) વેડાંગ (૧૧) હય (૧૨) હરિ

**(૨૧) જંગલ :**

(૧) અટવી (૨) અરણ્ય (૩) કાનન (૪) કાન્તાર

(૫) ઝાડી (૬) નિબિડ (૭) વગડો (૮) વન

(૯) વિપિન (૧૦) રાન

**(૨૨) દુઃખ :**

(૧) અક (૨) આપત્તિ (૩) આપદા (૪) આફત

(૫) કષ્ટ (૬) કૃચ્છ (૭) પીડા (૮) વિપત્તિ

(૯) વિપદા (૧૦) વ્યથા (૧૨) સંકટ

**(૨૩) નદી :**

(૧) આપગા (૨) સરિતા (૩) સાગરભામિનિ

**(૨૪) નોકર :**

(૧) કિંકર (૨) ચાકર (૩) દાસ (૪) ફિદવી

(૫) ભૃત્ય (૬) સેવક (૭) હજૂર

**(૨૫) પતિ :**

(૧) આર્યપુત્ર (૨) કંથ (૩) કાન્ત (૪) ઘરધણી

(૫) ઘરવાળો (૬) જીવણજી (૭) ધણી

(૮) ધવ (૯) નાથ (૯) પ્રાણેશ્વર (૧૦) પ્રિયતમ

(૧૧) ભરથાર (૧૨) મારુ (૧૩) રમણ

(૧૪) વર (૧૫) વલ્લભ (૧૬) વહાલમ

**(૨૬) પત્ની :**

(૧) અર્ધાંગિની (૨) કાન્તા (૩) ઘરવાળી

(૪) જાયા (૫) દારા (૬) ધણીયાણી

(૭) નવોઢા (૮) પ્રાણેશ્વરી (૯) ભામિનિ

(૧૦) ભાર્યા (૧૧) ભારજા (૧૨) રામા

(૧૩) વધૂ (૧૪) વલ્લભા (૧૫) વહુ

(૧૬) સહધર્મચારિણી (૧૭) સહભાગિની

**(૨૭) પર્વત :**

(૧) અદ્રિ (૨) ગિરિ (૩) ડુંગર (૪) નગ

(૫) પહાડ (૬) પ્રસ્તર (૭) ભૂધર (૮) મહિધર

(૯) શૈલ

**(૨૮) પવન :**

(૧) અનિલ (૨) મારુત (૩) વા (૪) વાત

(૫) વાયુ (૬) સમીર (૭) હવા

**(૨૯) પૃથ્વી :**

(૧) ઇલા (૨) ઉદધિમેખલા (૩) ઉર્વિ (૪) ક્ષિતિ

(૫) ગો (૬) ધરણી (૭) ધરતી (૮) ધરા

(૯) ધરિત્રિ (૧૦) ભૂ (૧૧) ભૂતલ (૧૨) ભૂમિ

(૧૩) ભૂલોક (૧૪) ભૂર્વિ (૧૫) મહિ

(૧૬) મેદિનિ (૧૭) વસુધા (૧૮) વસુંધરા

(૧૯) વિશ્વંભરા (૨૦) સૃષ્ટિ

**(૩૦) પાણી :**

(૧) આપ (૨) આબ (૩) ઉદક (૪) અંબ

(૫) અંબુ (૬) જળ (૭) જીવન (૮) ઝવેર

(૯) તોય (૧૦) નારા (૧૧) નીર (૧૨) પુષ્કર

(૧૩) ભુ (૧૪) વારિ (૧૫) સલિલ

**(૩૧) પ્રાણ :**

(૧) અસુ (૨) ચેતન (૩) જીવ (૪) વાયુ

**(૩૨) પુત્ર :**

(૧) અપત્ય (૨) આત્મજ (૩) છૈયો

(૪) જાદો (જેમકે શાહજાદો) (૫) જાયો (૬) તન

(૭) તનય (૮) તનુજ (૯) દારક (૧૦) દીકરો

(૧૧) નંદન (૧૨) સુત (૧૩) સૂનુ

**(૩૩) પુત્રી :**

(૧) આત્મજા (૨) જાદી (જેમકે શાહીજાદી)

(૩) તનયા (૪) તનુજા (૫) દીકરી (૬) દુહિતા

(૭) નંદિની (૮) વત્સા (૯) સુતા

**(૩૪) બાળક :**

(૧) અર્ભક (૨) ઓલાદ (૩) તોક (૪) પાત

(૫) ફરજંદ (૬) બચ્ચો (૭) બટુ (૮) બાળ

(૯) લોહું (૧૦) વત્સ (૧૧) શાવક (૧૨) શિશુ

(૧૩) સંતાન (૧૪) સંતતિ

**(૩૫) બુદ્ધિ :**

(૧) ગત (૨) ધી (૩) પ્રજ્ઞા (૪) બુધ

(૫) મતિ (૬) મેધા (૭) સાન

**(૩૬) બ્રાહ્મણ :**

(૧) દ્વિજ (૨) બ્રહ્મન્ (૩) ભુદેવ (૪) ભુસુર

(૫) વાડવ (૬) વિપ્ર

**(૩૭) બીક :**

(૧) ડર (૨) થડક (૩) ભય (૪) ભીતિ (૫) ભો

**(૩૮) ભમરો :**

(૧) અલિ (૨) દ્વિરેફ (૩) ભ્રમર (૪) ભૃંગ

(૫) મકરંદ (૬) મધુકર (૭) મિલિંદ

(૮) ષટ્પદ (૯) ષડંઘ્રિ (અંઘ્રિ=પગ)

**(૩૯) મહેલ :**

(૧) પ્રાસાદ (૨) મહાલય (૩) રાજમંદિર

(૪) હર્મ્ય

**(૪૦) માતા :**

(૧) અમ્મા (૨) અંબ (૩) જનની (૪) જનયત્રિ

(૫) જનેતા (૬) જન્મદાત્રી (૭) મા (૮) માઈ

(૯) માડી (૧૦) માવડી (૧૧) માવલડી

(૧૨) માતુશ્રી (૧૩) માતૃશ્રી (૧૪) મૈયા

(૧૫) બા

**(૪૧) મુખ :**

(૧) આનન (૨) આસ્ય (૩) ચહેરો (૪) તુંડ

(૫) મોં (૬) મોઢું (૭) વદન

**(૪૨) રસ્તો :**

(૧) ડગર (૨) પગથી (૩) પથ (૪) પંથ

(૫) માર્ગ (૬) રાહ (૭) વાટ (૮) સડક

**(૪૩) રાજા :**

(૧) અધિપ (૨) અધિરાજ (૩) અધિષ્ઠાતા

(૪) અધીશ (૫) ગોપાલ(ગો=પૃથ્વી)

(૬) ગો-બ્રાહ્મણપ્રતિપાળ (૭) નરકેસરી

(૮) નરદેવ (૯) નરપતિ (૧૦) નરસિંહ

(૧૧) નરાધિપ (૧૨) નરેશ (૧૩) નરેન્દ્ર

(૧૪) નરોત્તમ (૧૫) નૃપ (૧૬) પ્રજાપતિ

(૧૭) ભૂધર (૧૮) ભૂપ (૧૯) ભૂપતિ

(૨૦) મહિપતિ (૨૧) મહિપાલ (૨૨) રાજન

(૨૩) રાજવી (૨૪) રાજિયો (૨૫) રાજેશ

(૨૬) રાટ્ (૨૭) રાય (૨૮) રાજ્ઞ (૨૯) શલંગ

(૩૦) શાસક (૩૧) સમ્રાટ

**(૪૪) રોગ :**

(૧) આજાર (૨) આતંક (૩) આમય (૪) ગદ

(૫) મરજ (૬) રુગ્ણ (૭) વ્યાધિ

**(૪૬) વરસાદ :**

(૧) પર્જન્ય (૨) મેઘ (૩) મેહ (૪) મેહુલિયો

(૫) વર્ષણ (૬) વર્ષા (૭) વૃષ્ટિ

**(૪૭) વાણી :**

(૧) ગિરા (૨) બોલ (૩) વાક્ (૪) વાચા

(૫) વેણ (૬) વૈખરી (૭) હરફ

**(૪૮) વેશ્યા :**

(૧) ગણિકા (૨) ગુણકા (૩) પણ્યસ્ત્રી

(૪) પુરસ્ત્રી (૫) પુંશ્ચલી (૬) રામજણી

(૭) રાંડ (૮) વારસ્ત્રી (૯) વારાંગના

**(૪૯) શરીર :**

(૧) અંગ (૨) કલેવર (૩) કાયા (૪) ખોળિયું

(૫) ગાત્ર (૬) ઘટ (૭) જીસમ (૮) ડિલ

(૯) તન (૧૦) તનુ (૧૧) દેહ (૧૨) પિંડ

(૧૩) પુદ્ગલ (૧૪) બદન (૧૫) વપુ

(૧૬) વિગ્રહ

**(૫૦) સમુદ્ર :**

(૧) અર્ણવ (૨) અબ્ધિ (૩) ઉદધિ (૪) અંબુધિ

(૫) જલધિ (૬) જલનિધિ (૭) તોયનિધિ

(૮) દરિયો (૯) પયોધિ (૧૦) મહોદધિ

(૧૧) રત્નાકર (૧૨) સાગર

**(૫૧) સંન્યાસી :**

(૧) ચતુર્થાશ્રમી (૨) તુર્યાશ્રમી (૩) દંડી

(૪) યતિ

**(૫૨) સાપ :**

(૧) અહિ (૨) આશિવિષ (૩) ઉરગ

(૪) ઉરોગામી (૫) એરુ (૬) ક્ષેત્રપાલ

(૭) નાગ (૮) ભુજંગ (૯) વિષધર

(૧૦) વિખાર (૧૧) વ્યાલ (૧૨) સર્પ

**(૫૩) સોનું :**

(૧) કંચન (૨) કાંચન (૩) કુંદન (૪) વસુ

(૫) સુવર્ણ (૬) હિરણ્ય (૭) હેમ

**(૫૪) હાથ :**

(૧) કર (૨) પાણિ (૩) બાહુ (૪) ભૂજા

(૫) હસ્ત

**(૫૫) હાથી :**

(૧) કરી (૨) કુંજર (૩) ગજ (૪) નાગ

(૫) માતંગ (૬) વારણ (૭) હસ્તિ

*

## શબ્દ એક- અર્થ અનેક (જોડણીની છૂટ)

**(૧) હરિ :**

હરિ : વિષ્ણુ

હરિ : ચંદ્રમા

હરિ : સિંહ

હરિ : ઘોડો

હરિ : વાંદરો

હરિ : પાણી

હરિ : દેડકો

હરિ : મેઘ

હરિ : સાપ

હરી : લઇ જવું, હરી જવું.

હરિ ગર્જ્યો હરિ નીકળિયો હરિ ગયો હરિ પાસ
જબ હરિ હરિમેં ગયો તબ હરિ ભયો ઉદાસ.
(મેઘગર્જના થતાં સાપ નીકળ્યો અને સાપ દેડકા પાસે ગયો પણ જ્યારે દેડકો પાણીમાં જતો રહ્યો ત્યારે સાપ ઉદાસ થઇ ગયો.)

**(૨) અક્ષ :**

અક્ષ : આંખ (સમાસને છેડે. કમલાક્ષ)

અક્ષ : ઇંદ્રિય

અક્ષ : માળાનો મણકો

અક્ષ : રમવાનો પાસો

અક્ષ : ધરી

**(૩) કુલ :**

કુલ : વંશ, કુટુંબ

કુલ : કુલીનતા, ખાનદાની

કુલ : ટોળું, જૂથ

કુલ : અસીલ (વકીલનો)

કુલ : એકંદરે (Total)

કુલ : તમામ

(૪) **બાણ :**

બાણ : તાર

બાણ : શિવલિંગ (લંબગોળ પથ્થર)

બાણ : ખેતરની હદ સૂચવતો પથ્થર

બાણ : ભરતીનું પાણી આવતું હોય તેવી ખાડીની જમીન

બાણ : ઓખાનો પિતા બાણાસુર

(૫) **ફેર :**

ફેર : ફરક, તફાવત

ફેર : તમ્મર, ચક્કર

ફેર : ઘેરાવો

ફેર : પેચ (ઘરેણામાં)

ફેર : લૂગડાની ફડક

ફેર : ફેરવવાની ખીલી

ફેર : વધારે પડતું ફરવાનું થવું તે

(૬) **બંદી :**

બંદી : કેદી

બંદી : બંધી, મના

બંદી : ગુલામડી

બંદી : વખાણ કરનાર, ચારણ

(૭) **બંધ :**

બંધ : વાસેલું, ઉઘાડું નહિ તેવું

બંધ : અટકી ગયેલું, ચાલુ નહિ તેવું

બંધ : પાળ

બંધ : વાળું, પ્રમાણે (હથિયારબંધ)

બંધ : બાંધવું તે

બંધ : બંધન, કેદ (માયાબંધ)

(૮) **બિંબ :**

બિંબ : જેનું પ્રતિબિંબ હોય તે મૂળ વસ્તુ

બિંબ : સૂર્ય-ચંદ્રનું મંડળ

બિંબ : ઘિલોડું (ટીંડોરું)

બિંબ : છાયા, પ્રતિમા

(૯) **પાસ :**

પાસ : પાસે

પાસ : સોબતની અસર

પાસ : પાસું, બાજુ

પાસ : સ્પર્શથી પટ લાગવો કે રંગ લાગવો

પાસ : સફળ, ફતેહમંદ

પાસ : રજાની કે મંજૂરીની ચિઠ્ઠી

(૧૦) **પાળી :**

પાળી : છરી

પાળી : વારો (રાતપાળી)

પાળી : પાળ

પાળી : હડતાલ

પાળી : ઉછેરી (પાળી-પોષી)

(૧૧) **પુરુષ :**

પુરુષ : નર, મરદ

પુરુષ : વર, પતિ

પુરુષ : આત્મા (પુરુ-નગરરૂપી દેહમાં શયન કરનાર)

પુરુષ : વ્યાકરણમાં બોલનાર (પહેલો પુરુષ), સાંભળનાર (બીજો પુરુષ) કે ત્રીજી વ્યક્તિ (ત્રીજો પુરુષ)

(૧૨) **ભમર :**

ભમર : ભમરો

ભમર : વમળ

ભમર : ભૃકુટિ, ભવાં

ભમર : ગોળ ગોળ ચક્કર ફરે તેમ

(૧૩) **ભદ્ર :**

ભદ્ર : કલ્યાણકારી

ભદ્ર : માંગલિક

ભદ્ર : મોટા કોટની અંદરનો નાનો કોટ

ભદ્ર : ટોલું (બોડું માથું)

(૧૪) ફૂલ :

ફૂલ : પુષ્પ

ફૂલ : આંખનો એક રોગ (આંખમાં ફૂલું પડવું)

ફૂલ : એક ઘરેણું

ફૂલ : ગર્વ, પતરાજી

ફૂલ : ફૂલ કોબી (એક શાક)

(૧૫) પાત્ર :

પાત્ર : લાયક, યોગ્ય

પાત્ર : વાસણ (અક્ષયપાત્ર, ભિક્ષાપાત્ર)

પાત્ર : નાટકમાં વેશ લેનાર

પાત્ર : કથા કે વાતમાં આવતી વ્યક્તિ

પાત્ર : નદીનાં બે કાંઠા વચ્ચેનો ભાગ

(૧૬) પાઠ :

પાઠ : સ્તોત્ર કે ધાર્મિક ગ્રંથનું રોજનું વાચન (પાઠ-પૂજા)

પાઠ : નાટકના પાત્રનું કામ (રામનો પાઠ ભજવવો)

પાઠ : બોધ, ઉપદેશ

પાઠ : પાઠ્યપુસ્તકનું પ્રકરણ

(૧૭) પાર :

પાર : છેડો, અંત

પાર : તીર, કિનારો

પાર : ઊંડો મર્મ, ભેદ

પાર : બરણી, લાખેલું માટલું

(૧૮) વાર :

વાર : દિવસ (રવિવાર)

વાર : વખત (એક વાર આવો)

વાર : રોકવું (જશોદા ! તારા કાનુડાને વાર રે.)

વાર : રાહ જોવી (હજી પરણવાની તો વાર છે.)

(૧૯) દંડ :

દંડ : લાકડી (દંડવત્ પ્રણામ)

દંડ : શિક્ષાત્મક રકમ (Fine)

દંડ : શિક્ષા (Punishment)

દંડ : કસરતનો એક પ્રકાર (દંડ પીલવા)

(૨૦) પદ :

પદ : પગ

પદ : ભજનની ટૂક

પદ : હોદ્દો

પદ : અર્થવાળો શબ્દ

(૨૧) બાર :

બાર : એક સંખ્યા

બાર : બારણું

બાર : બંદૂક વગેરેનો અવાજ

બાર : આંગણું

(૨૨) લક્ષ :

લક્ષ : લક્ષ્ય, ધ્યેય

લક્ષ : ધ્યાન

લક્ષ : એક સંખ્યા (લાખ)

લક્ષ : (તાકવાનું) નિશાન

(૨૩) પ્રકૃતિ :

પ્રકૃતિ : કુદરત, નિસર્ગ

પ્રકૃતિ : મિજાજ, સ્વભાવ

પ્રકૃતિ : ધર્મ, પ્રધાનગુણ

પ્રકૃતિ : તબિયત

પ્રકૃતિ : પ્રજા

પ્રકૃતિ : પુરુષથી ભિન્ન એવું જગતનું મૂળ ઉપાદાન કારણ

(૨૪) પોત :

પોત : પોતાનું મૂળ સ્વરૂપ

પોત : બાળક, બચ્ચું

પોત : કપડું

પોત : વસ્ત્રનું વણાટ

(૨૫) પ્રમાણ :

પ્રમાણ : પુરાવો, સાબિતી

પ્રમાણ : યથાર્થ જ્ઞાનનું સાધન (શબ્દપ્રમાણ)

પ્રમાણ : માપ, ધોરણ

પ્રમાણ : ગુણોત્તરની સરખામણી

પ્રમાણ : પ્રમાણભૂત, માન્ય કરવા યોગ્ય, સત્ય

**(૨૬) ભાન :**

ભાન : શુદ્ધિ, હોશ

ભાન : સ્મરણ

ભાન : સમજ, અક્કલ

ભાન : કલ્પના, ભાસ

ભાન : સાવચેતી, કાળજી

**(૨૭) ભાવ :**

ભાવ : કિંમત, દર

ભાવ : સ્વભાવ, પ્રકૃતિ

ભાવ : અસ્તિત્વ, હોવાપણું

ભાવ : ઈરાદો, મતલબ

ભાવ : વૃત્તિ, લાગણી

ભાવ : આસ્થા, શ્રદ્ધા

ભાવ : ચેષ્ટા, અભિનય (હાવભાવ)

ભાવ : હેત, પ્રીતિ, ગમો

ભાવ : સ્થિતિ, સ્વરૂપ (શિષ્યભાવ, દેવભાવ)

**(૨૮) તાલ :**

તાલ : ગાયનના ઠેકાનું માપ

તાલ : મજા, રંગ, રસ

તાલ : લાગ, યોગ્ય સમય

તાલ : તાડ

તાલ : કાંસીજોડ

તાલ : યુક્તિ, ખેલ, પ્રપંચ

તાલ : તાળવું, તાલકું

**(૨૯) રંગ :**

રંગ : વર્ણ (લાલ, પીળો વગેરે)

રંગ : અસર, પટ

રંગ : આનંદ, મસ્તી, તાન

રંગ : કેફ, નશો

રંગ : પ્રીતિ, સ્નેહ

રંગ : રંગભૂમિ

રંગ : રણાંગણ

**(૩૦) નિરદ :**

નિરદ : વાદળું (નિર આપે તે)

નિરદ : બોખું (રદ- દાંત વિનાનું)

**(૩૧) પય :**

પય : પાણી

પય : દૂધ

**(૩૨) આપ :**

આપ : પાણી

આપ : આપો

આપ : તમે માટે માનાર્થે વપરાતો શબ્દ

આપ : પોતાનું શરીર

આપ : પોતે (આપ મૂએ ફિર ડૂબ ગઇ દુનિયા)

**(૩૩) ગણ :**

ગણ : સમૂહ, પ્રજા (ગણતંત્ર દિવસ)

ગણ : ગણતરી કર

ગણ : શિવજીના ગણ

ગણ : સાહિત્યમાં છંદમાં ત્રણ અક્ષરનો ખંડ - ય ગણ, મ ગણ વગેરે.

**(૩૪) મા :**

મા : માતા

મા : નહિ (રડીશ મા)

મા : માયા (માધવ = વિષ્ણુ)

**(૩૫) પાક :**

પાક : ખેતરમાં તૈયાર થયેલું ધાન્ય

પાક : દૂધ, ઘી, ચાસણી વગેરેમાં રાંધીને પકવેલો પદાર્થ (સાલમપાક, દૂધપાક)

પાક : પવિત્ર

પાક : પાકવું (ગુમડું થવું)

**(૩૬) ગોળ :**

ગોળ : વર્તુળ, એક આકાર

ગોળ : શેરડીમાંથી બનતો ગળ્યો પદાર્થ

ગોળ : જ્ઞાતિનો પેટા વિભાગ (તમે કયા ગોળના છો?)

3,

**(૩૭) નવ :**

નવ : એક સંખ્યા

નવ : નવી (નવવધૂ)

નવ : નહિ (નવ કરશો કોઇ શોક રસિકડાં)

**(૩૮) ભૂત :**

ભૂત : પ્રાણી

ભૂત : મૂળતત્ત્વ (પંચભૂત)

ભૂત : વીતી ગયેલું (ભૂતકાળ)

ભૂત : પિશાચ

**(૩૯) ઉત્તર :**

ઉત્તર : જવાબ

ઉત્તર : એક દિશા

ઉત્તર : પછીથી

**(૪૦) રક્ત :**

રક્ત : લાલ

રક્ત : લોહી

રક્ત : આસક્તિ ધરાવતું (આસક્તિ વગરનું-વિરક્ત)

**(૪૧) સ્મર :**

સ્મર : યાદ કર

સ્મર : કામદેવ

**(૪૨) કેશ :**

કેશ : વાળ

કેશ : બ્રહ્મા (ક) અને શંકર (ઇશ)

**(૪૩) અજ :**

અજ : બકરો

અજ : અજન્મા, જન્મરહિત

અજ : બ્રહ્મા

અજ : કામદેવ

અજ : ચંદ્ર

અજ : રામના દાદા

**(૪૪) વર્ણ :**

વર્ણ : અક્ષર

વર્ણ : રંગ

વર્ણ : જાતિ (બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શૂદ્ર)

વર્ણ : રૂપ

વર્ણ : પ્રકાર

વર્ણ : જ્ઞાતિ (અઢાર વર્ણ)

*

## ઉચ્ચારમાં મળતા - અર્થમાં ભળતા (ભલતા જ, જુદા)

(૧) શર્વ : શંકર

સર્વ : બધા

(૨) યોગીશ્વર : શંકર (યોગીના ઇશ્વર)

યોગેશ્વર : કૃષ્ણ (યોગના ઇશ્વર)

(૩) સુરા : દારૂ

શૂરા : બહાદૂર

(૪) શમ : મનને શાંત કરવું

સમ : સરખું, સોગંદ

(૫) ચતુર્ : ચાર

ચતુર : હોશિયાર

(૬) શુચિ : પવિત્ર

સૂચિ : યાદી

(૭) સુર : દેવ

સૂર : અવાજ

(૮) સુત : દીકરો

સૂત : સારથી

(૯) કાન્તા : પત્ની, સ્ત્રી

કાન્તાર : જંગલ

(૧૦) કાનન : જંગલ

કાનુન : કાયદો

(૧૧) ભક્તિ : ઉપાસના

ભુક્તિ : ભોગ

(૧૨) પ્રસાદ : કૃપા, મહેરબાની

પ્રાસાદ : મહેલ

(૧૩) નિધન : મરણ
નિર્ધન : ગરીબ
નિધાન : ખજાનો

(૧૪) સોનુ : સુવર્ણ, કંચન
સૌનું : બધાનું

(૧૫) પાર્થ : અર્જુન
પ્રાર્થ : પ્રાર્થના કર

(૧૬) દેવ : ભગવાન
દૈવ : નસીબ

(૧૭) મશ્કરી : મજાક, ટીખળ
મસ્કરી : દંડી (સંન્યાસી)

(૧૮) સાન્ત : અંતવાળું
શાંત : શાંતિવાળું

(૧૯) ચિત્ : ચૈતન્ય
ચિત્ત : મન (ચિત્ + ત- વિષયાધ્યાસ)

(૨૦) અગ્ર : આગળ
ઉગ્ર : ક્રોધી

(૨૧) મદ : અભિમાન
મંદ : હળવે, ધીમે

(૨૨) અંતક : અંત લાવનાર
આતંક : રોગ, જબરી ધાંધલ-ધમાલ

(૨૩) શંકર : શંભુ, શિવ
સંકર : બે જુદી જાતિનું મિશ્રણ (Hybride)

(૨૪) શર્મ : બ્રાહ્મણ
શરમ : લાજ, મલાજો

(૨૫) રજનીકર : ચંદ્ર
રજનીચર : રાક્ષસ, રાત્રે ફરનાર પશુ

(૨૬) પૂજી : પૂજન કરીને
પૂંજી : મિલકત

(૨૭) પરમ્ : બીજું, અન્ય
પરમ : શ્રેષ્ઠ

(૨૮) આધિ : શારીરિક રોગ
આંધી : તુફાન

(૨૯) સ્મર : યાદ કરવું
સમર : યુદ્ધ

(૩૦) સુધા : અમૃત
ક્ષુધા : ભૂખ

(૩૧) દારા : પત્ની
દ્વારા : મારફત

(૩૨) ત્રાણ : રક્ષણ કરનાર
તાણ : ખેંચ, જોશ

(૩૩) આસ્ય : મોં, મુખ
હાસ્ય : હસવું તે

(૩૪) મહિ : પૃથ્વી, માખણ
મહી : માતા (પિતામહી = દાદી)

(૩૫) રાશિ : ઢગલો, બાર રાશિ પૈકીની એક
રાશી : ખરાબ

(૩૬) શરુ : એક જાતનું ઝાડ, સરુ
શરૂ : આરંભ થયેલું, ચાલુ

(૩૭) વીસ : એક સંખ્યા
વીષ : ઝેર

(૩૮) તૂપ : ઘી
સ્તૂપ : ઢગલો, બુદ્ધના અવશેષ પરનું બાંધકામ

(૩૯) કંજ : કમળ
કુંજ : લતામંડપ

(૪૦) તગડી : હૃષ્ટ પુષ્ટ
તંગડી : ટાંટિયો

(૪૧) તમારિ : સૂર્ય
તમારી : બીજો પુરુષ બહુવચન
છઠ્ઠી વિભક્તિ- આપની

(૪૨) વાર : દિવસ
વ્હાર : મદદ

(૪૩) ચરણ : પગ
ચારણ : એક જ્ઞાતિ, ભાટચારણ

(૪૪) શિવ : શંકર
સિવ : સિવવું

*

|| શ્રી ગણેશાય નમઃ ||

પ.પૂ.શ્રી રંગ અવધૂત મહારાજ વિરચિત
શ્રીગુરુલીલામૃતનું ગદ્યરૂપાંતર.

## અનુક્રમણિકા


| અનુ. નં. | વિગત | દોહરા | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧. | અધ્યાય-૪૧ | ૧૦૮ | ૧-૭ |
| ૨. | અધ્યાય-૪૨ | ૧૦૮ | ૮-૧૪ |
| ૩. | અધ્યાય-૪૩ | ૧૦૨ | ૧૫-૨૦ |
| ૪. | અધ્યાય-૪૪ | ૧૨૧ | ૨૧-૨૬ |
| ૫. | અધ્યાય-૪૫ | ૧૨૫ | ૨૭-૩૩ |
| ૬. | અધ્યાય-૪૬ | ૧૦૦ | ૩૪-૩૯ |
| ૭. | અધ્યાય-૪૭ | ૧૨૦ | ૪૦-૪૬ |
| ૮. | અધ્યાય-૪૮ | ૧૧૨ | ૪૭-૫૨ |
| ૯. | અધ્યાય-૪૯ | ૧૨૦ | ૫૩-૫૯ |
| ૧૦. | અધ્યાય-૫૦ | ૧૨૮ | ૬૦-૬૬ |
| ૧૧. | અધ્યાય-૫૧ | ૧૩૬ | ૬૭-૭૩ |
| ૧૨. | અધ્યાય-૫૨ | ૧૩૮ | ૭૪-૮૧ |
| ૧૩. | અધ્યાય-૫૩ | ૧૩૫ | ૮૨-૮૮ |
| ૧૪. | અધ્યાય-૫૪ | ૧૧૫ | ૮૯-૯૫ |
| ૧૫. | અધ્યાય-૫૫ | ૧૪૯ | ૯૬-૧૦૩ |
| ૧૬. | અધ્યાય-૫૬ | ૧૨૫ | ૧૦૪-૧૧૦ |
| ૧૭. | અધ્યાય-૫૭ | ૧૧૨ | ૧૧૧-૧૧૬ |
| ૧૮. | અધ્યાય-૫૮ | ૧૦૫ | ૧૧૭-૧૨૪ |
| ૧૯. | અધ્યાય-૫૯ | ૧૦૫ | ૧૨૫-૧૩૦ |
| ૨૦. | અધ્યાય-૬૦ | ૮૦ | ૧૩૧-૧૩૫ |
| ૨૧. | અધ્યાય-૬૧ | ૧૭૬ | ૧૩૬-૧૪૭ |
| ૨૨. | અધ્યાય-૬૨ | ૨૪૫ | ૧૪૮-૧૫૮ |

## અધ્યાય : ૪૧

આ અધ્યાયનું નામ **'અલર્કોદ્ધરણ'** છે. આ અધ્યાયમાં ૧૦૮ દોહરા છે.

આ અધ્યાયમાં અલર્કને સાચું જ્ઞાન થવાથી, એ પોતાના પર આવી પડેલી આપત્તિને હવે ભગવાનના આશીર્વાદ સમજી પોતાના ભાઇ સુબાહુનો આભાર માને છે. દત્ત ભગવાને પણ તેને સુબાહુનો આભાર માનવા જણાવ્યું. દત્ત ભગવાને અલર્કને જણાવ્યું કે હવે તને બ્રહ્મજ્ઞાન થઇ ગયું હોવાથી હવે તું નિર્ભય બનીને બધે ફર. એમ કહી દત્તપ્રભુ તેને ભેટ્યા. અલર્કની જ્ઞાનોત્તર સ્થિતિનું સુંદર વર્ણન આ અધ્યાયમાં કરવામાં આવ્યું છે. (૧-૧૦૮).

મદાલસાનો પુત્ર (અલર્ક) આ પ્રમાણે આનંદિત થઇને બન્ને હાથ જોડીને વિનયનમ્ર બનીને બોલ્યો કે હે ગુરુવર ! મા બાળકને જે રીતે તારે તે રીતે તમે કૃપા કરીને આ સંસાર સાગરમાંથી મારો હાથ પકડીને મને તાર્યો છે. (૧-૨). આપે મારા ચિત્તમાં જ્ઞાનરૂપી અગ્નિ પ્રગટાવીને, મારાં જન્મોજન્મનાં કર્મો બાળીને, વિષયમાં ડૂબેલા મને તારીને ધન્ય ધન્ય કરી દીધો છે. (૩). હે પ્રભુ ! આપને એક જ વાર વંદન કરતાં પ્રસન્ન થઇને આપે મને આ જ્ઞાન આપ્યું જેથી મારું બધું દુઃખ જતું રહ્યું. (૪). સમય-કસમયને જોયા વિના જે ઇચ્છિત કામના પૂરી કરે છે અને આ રીતે મુક્તિ આપે છે તે વંદન ભક્તિ શ્રેષ્ઠ છે.① (૫).

સંતો એવું કહે છે કે જ્યાં સુધી જીવીએ ત્યાં સુધી દેવ, ગુરુ અને વેદાંતની સેવા કરવી જોઇએ. નહિ તો એ કૃતઘ્ની છે એવું કહેવાય. એ કથન બિલકુલ ખોટું નથી. મનમાં આવું સમજીને એ બધાને તરત (દ્રાક્) જ વંદન કરે છે. (૬-૭). સ્થાવર (અચર) અને જંગમ (ચર) બધાને ભગવદ્રૂપ માનીને વંદન કરતાં કૃતઘ્નતા ક્યાંથી રહે અને ભવરૂપી કૂવો પણ ક્યાં રહે? (એટલે એ કૃતજ્ઞી બને છે અને સંસાર તરી જાય છે.) (૮). આ (ઇદં) બ્રહ્મ (સત્) જ (એવ) છે એવું વેદો કહે છે. એટલે આ જગત એ બ્રહ્મ જ છે. ભેદદષ્ટિ દૂર થતાં ખેદ રહેતો નથી.② (૯). ઇશ્વર અને ગુરુમાં ખરેખર કોઇ જ ભેદ નથી. જે અવિદ્યાનો નાશ કરે છે તે ગુરુવર ઇશ્વર જ છે. (૧૦).

શાસ્ત્રમાં 'ગુ' દ્વારા મૂળ અવિદ્યાનું સૂચન છે અને 'રુ'થી એનો નાશ કરનાર એવો અર્થ સૂચિત છે. આમ ગુરુ અને ઇશ્વર અભિન્ન છે.③ (૧૧). આ (ગુરુ) બે અક્ષરનો મંત્ર ખરેખર તારનારો છે. અને ભવની (જન્મ-મરણની) બાધા (વિઘ્ન) હરનારો છે. આ ગુરુમંત્ર બધા મંત્રોમાં શ્રેષ્ઠ છે.④ (૧૨). 'ગુરુ' 'ગુરુ' એવું બોલતાં ખરેખર મારો શ્વાસ નીકળી જાય એ વિના મારી બીજી કોઇ ઇચ્છા નથી. કારણ કે હું (ગુરુ દ્વારા) બધા પ્રકારનું કલ્યાણ પામી ચૂક્યો છું. (૧૩). આ શરીરનું ચામડું ઉતારી, એના જોડા બનાવી, ગુરુના પગમાં પહેરાવું તો પણ હે ગુરુરાય ! આપનું ઋણ ચૂકવાય એમ નથી. (૧૪). હે ગુરુવર ! હવે તમારું અખંડ સ્મરણ રહે અને આ દેહ પડે તો પણ આ ચરણનું વિસ્મરણ ન થાય એવી કૃપા કરો. (૧૫).

આમ કહીને અલર્કે વંદન કર્યાં અને પગમાં આળોટવા લાગ્યો અને કહેવા લાગ્યો કે (હે ગુરુવર !) આપને ધન્ય છે. કેવળ વંદન કરવાથી જ આપે મને પાવન કરી નાખ્યો છે. (૧૬). મારી મા સતી મદાલસાને પણ ધન્ય છે. એની આશિષથી જ આ દુર્લભ ચરણનાં દર્શન થયાં અને મારી બધી જ ઇચ્છા સંતોષાઇ. (૧૭). ભાઇ સુબાહુને પણ ધન્ય છે. એ તો ખરેખર અનુપમ (અજોડ) છે. એણે સાચે જ યુદ્ધનું બહાનું કરીને મારું કેટલું બધું ભલું કર્યું ! ⑤ (૧૮).

એના પ્રેમને ધન્ય છે અને ધન્ય છે એની કૃપાદષ્ટિને. ત્રણે લોકમાં શોધવા જતાં પણ એના જેવો પ્રેમ અને કૃપાદષ્ટિ મળે એમ નથી. (૧૯). પોતાની સર્વોચ્ચ (ઉચ્ચતમ) સ્થિતિ છોડીને, ભગવાન શંકરની જેમ મારું કલ્યાણ કરવા માટે ખરેખર એ જંગલમાંથી દોડી આવ્યો. (૨૦). જેણે મારા પ્રત્યેનો સ્નેહ ભૂલી જઇને, મારું રાજ્ય છીનવી લઇને મારું આ હિત કર્યું એ કાશીરાજને પણ ધન્ય છે. એણે ખરેખર ! મારા ઉપર મોટો ઉપકાર કર્યો છે. (૨૧). ખજાનો લૂંટાયો, લશ્કર મરાયું અને મંત્રીઓ ફૂટ્યા એ બધું જે બન્યું તે ખરેખર મારા હિત માટે જ થયું છે. (૨૨). આ બધું નાશ પામ્યું તો જ માતાના એ ઉપદેશનું મને સ્મરણ થયું અને આ સમૃદ્ધ (દિવ્ય) પદનાં દર્શન થયાં અને એનાં દર્શન થતાં જ બધા કલેશો (દુ:ખો) ટળી ગયા. (૨૩). દુન્યવી સમૃદ્ધિની પ્રાપ્તિ એ ખરેખર ભગવાનની અવકૃપા જ છે. ઇશ્વરની કૃપા થાય ત્યારે જ ધન વગેરે (ધન, સુખ, સ્ત્રી-પુત્ર વગેરે) નાશ પામે છે.(૬) (૨૪). એ સમૃદ્ધિ (સોનું) મળતાં ખરેખર મન અતિ ચંચળ બને છે અને માણસ અભિમાની બને છે અને અભિમાનમાં એની આંખ સદા ઊંચી જ રહે તો એમાં કશું નવાઇ પામવા જેવું નથી. (૨૫). સોનું એટલે કનક અને ધતૂરાનું બીજું નામ પણ કનક જ છે અને બધા ડાહ્યા માણસો જાણે છે કે એના સેવનથી (પૈસાના અને ધતૂરાના સેવનથી) મદ (કેફ) ચઢે છે. (૨૬). અરેરે ! ધન (વૈભવ) મળતાં જ હું ઉન્મત થયો ! પરિણામે વિષયોમાં (ભોગવિલાસમાં) મન રચ્યુંપચ્યું રહ્યું ! અને હું સંતને ઓળખી શક્યો નહિ !! (૨૭). યોગીઓ પણ જેને વંદન કરે છે અને જે સાધુપુરુષ છે તેવા મારા સગાભાઇએ વનમાંથી આવીને (રાજ્યમાં) ભાગ માગતાં મેં મૂરખે એને ધિક્કાર્યો ! અરે ! જે આત્મનિષ્ઠ છે, જે નિષ્કામ છે અને જે પોતાને બધામાં વ્યાપેલો સમજે છે તેને વળી રાજ્ય શા માટે? (તેને રાજ્યની શી પડી?) (૨૮-૨૯). ખરેખર એ પૂરો દયાળુ છે. એણે મારી આંખમાં દરિદ્રતાનું અંજન આંજીને મારી આંખો પૂરેપૂરી ખોલી નાખી છે. (૩૦). જેના (ઉપદેશાત્મક) લેખને કારણે સંત, મહંત અને મુનીશ્વરોના વિશ્રામસ્થાનરૂપ આપના ચરણોનાં દર્શન થયાં એવી મારી માતાને પણ ધન્ય છે. (૩૧). આ ગુરુચરણ પણ ખરે જ ધન્ય છે, ધન્ય છે, જેના શરણે જવાથી ક્ષણવારમાં મારું જન્મોજન્મનું અંધારું (અજ્ઞાન) જતું રહ્યું (નાશ પામ્યું), પછી ત્યાં શોક ક્યાંથી રહે? માટે હવે આત્માના સ્મરણને હરી લેનાર આ ગૃહસ્થાશ્રમ છોડીને, જંગલમાં જઇને યોગ સાધું અને જીવન્મુક્તિ પામું, (સદેહે મુક્તિ= જીવન્મુક્તિ) જેથી કોઇ દિવસ ફરીથી ભ્રાંતિ નડે નહિ, બુદ્ધિ બગડે નહિ અને સુદઢ જ્ઞાન થાય. (૩૨-૩૪).

આવું બોલીને એણે ફરી ફરીને ગુરુને પ્રણામ કર્યા. એનો (દઢ) નિશ્ચય જોઇને ગુરુવર બોલ્યા કે હે રાજા ! આ મહાન ઉપકાર સુબાહુએ કર્યો છે એ તું જાણ અને તેથી જલદી જઇને એના ચરણમાં વંદન કર. (૩૫-૩૬). એણે આ બધી ખટપટ કરી તેથી તને આ રસ્તો મળ્યો. તેથી તું સીધેસીધો જઇને ભાઇને તરત જ મળ. (૩૭). હવે તને કદી પણ અહંકાર થશે નહિ. તને હવે મોહ કે મમત્ત્વ નથી. તું કૃતકૃત્ય થઇ ગયો છે. (૩૮). માટે હવે ભાઇને મળ અને હવે પછી તું તારી ઇચ્છા પ્રમાણે રહેજે. તું હવે અસંગ હોવાથી જે રીતે રહેશે તેમાં તને કોઇ નુકસાન નથી. (૩૯).

આત્મા સાચે જ અસંગ છે અને જગત એ ઇંદ્રજાળ છે એવું મનથી નિશ્ચયપૂર્વક સમજીને વિવેકદષ્ટિ કેળવતાં પછી સ્વપ્નમાં પણ ચિત્તમાં વાસના જન્મતી (ઊઠતી) નથી. આવા સદા મુક્તને પછી જન્મમરણ રહેતાં નથી. (૪૦-૪૧).

વેદે દર્શાવેલી પદ્ધતિથી જે પૂર્ણજ્ઞાનની પ્રાપ્તિ થાય છે તેનો નાશ કરે એવું અન્ય કોઇ પ્રમાણ નથી. માટે હે રાજા ! હવે તું નિર્ભય થઇને, મન ફાવે ત્યાં જા. આવું કહીને દત્તપ્રભુ તેને પ્રેમથી ભેટ્યા. (૪૨-૪૩).

ગુરુએ આલિંગન આપ્યું તેની સાથે જ શરીર રોમાંચિત થઇ ગયું. પ્રેમથી ગળું રૂંધાયું અને આંખમાં અશ્રુ ઊભરાઇ આવ્યાં. (૪૪). અંદર-બહારનું બધું ભૂલી જઇને, દેહભાનથી પર થઇને રાજા કાષ્ઠપૂતળીની જેમ સ્થિર ઊભો રહ્યો. (૪૫). યોગીશ્વરો સ્વપ્નમાં પણ જે સ્થિતિને પામી શકતા નથી એ સ્થિતિ તરફ પ્રેમલક્ષણા ભક્તિને લીધે, વર્ણવી

ન શકાય એવી ગતિ ભક્ત કરતો હોય છે. (૪૬). દેહને મડદાં જેવો કરી, જે કેવળ પરબ્રહ્મનો જ સાક્ષાત્ અનુભવ કરતો હોય તેના એ મિલન સુખનું વર્ણન કોણ કરી શકે? એ તો ઊંચી કોટિનો ભક્ત જ જાણી શકે. (જેણે અનુભવ્યું હોય તે જ સમજી શકે.) (૪૭).

કરોડો જન્મનાં સત્કર્મોનો ઉદય થાય (ફળે) ત્યારે ભક્ત થવાય છે. નહિતર મોટે ભાગે વાતોમાં જ આ જીવન વહી જાય છે. (૪૮). જ્ઞાન મેળવ્યા પછીની ભક્તિ શ્રેષ્ઠ ભક્તિ છે. આર્ત વગેરે ભક્તોમાં જ્ઞાની શ્રેષ્ઠ છે.⑦ (૪૯). જે આવો જ્ઞાની ભક્ત છે તે કાયમ પ્રભુ સાથે જોડાયેલો હોય છે. પ્રેમરસથી છલોછલ ભરેલો (પ્રેમ-રસ-તરબોળ) એવો એ ભક્ત હંમેશાં મુક્ત હોય છે. (૫૦). આવી ભક્તિના અમૃતનો સ્વાદ તો આવો (જ્ઞાની) ભક્ત જ જાણી શકે. જન્મથી આંધળો હોય એવો જેમ પ્રકાશ વિશે કશું જ જાણતો નથી તેમ બીજા પામર લોકો આને (આવી ભક્તિના અમૃત સ્વાદને) સમજી શકતા નથી. (૫૧). આવા અનન્ય (નિરૂપમ) પરમાનંદનો અનુભવ ભક્ત કાયમ માણે છે. (વિષયોરૂપી) કાદવમાં આસક્ત રહેનાર સંસારી કીડો એને શું માણી શકે? (૫૨). ખુદ ભગવાન પોતે સચ્ચિદાનંદ સ્વરૂપ હોવા છતાં પણ તેને અનુભવી શકતા નથી. તેથી જાણે (ભગવાન પણ) દેહ ધરીને વિદેહનો આનંદ માણવા અવતાર લે છે કે શું? (૫૩). ખરેખર ! ભક્ત વગર ભગવાનને ચેન પડતું નથી. લાજ શરમ છોડીને જાણે તે ભક્તાધીન થઇને વર્તે છે. (૫૪). પ્રેમમાં લુબ્ધ એવો ભગવાન, આવી અનન્ય એવી પ્રેમલક્ષણા ભક્તિવાળા ભક્તો પાસે રહે છે. (૫૫). એની (અનન્ય પ્રેમલક્ષણા ભક્તિ) આગળ તો ચારેય મુક્તિ પણ લૂખી લાગે છે. જ્યાં અખંડ ભજનાનંદ વર્તતો હોય ત્યાંથી માયાનું તોફાન નાસી જાય છે.⑧ (૫૬). આવી ભક્તિ અલર્કને વગર પ્રયત્ને મળી. ધન્ય છે એનાં પ્રારબ્ધને. એનાં કોણ વખાણ કરે? (૫૭).

મનને આનંદ આપે એવી દત્ત ભગવાનની છબીની અને મુખની શોભાની શી વાત કરું? એમનાં નેત્રની ચપળતા જીવતી માછલીઓ જેવી જણાતી હતી. (૫૮). મનને હરી લેનારું (મનોહર) એમનું રૂપ, હાસ્યયુક્ત સુંદર મુખકમળ અને પ્રેમ ભરેલા નેત્રકટાક્ષો જોઇને સૌંદર્ય પણ નૃત્ય કરતું હતું. (૫૯). વરદાન આપતા (વરદ) અને અભયપણું બક્ષતા બે હાથ કેવા સરસ છે. શંખ સમાન કંઠ, વિશાળ છાતી અને પાંદડા જેવું પેટ, અતિ સુંદર ડૂંટી (નાભિ), કેળ જેવી જાંઘ અને વજ્ર, અંકુશ, ધ્વજ તથા કમળથી અંકિત ચરણકમળ, મુખ પર મંદ મંદ સ્મિત શોભે, તેજના ઢગલા સમું શરીર એ જોઇને ત્યાંથી જરા પણ મન ના ખસે એવું ભગવાનનું દર્શન છે.⑨ (૬૦-૬૨).

એ અતિ અદ્‌ભૂત છબી જાણે કે નિર્ગુણ સ્વરૂપી જાળ છે અને એમાં મનરૂપી માછલી જઇને ફસાઇ જાય છે અને (બધી ચેષ્ટાઓ ત્યજીને સર્વ પ્રકારે એમાં જ ) તન્મય થાય છે. (૬૩). આમ તેમ ભટક્યા પછી એ મન ક્યાંયથી પણ શાંતિ ન મેળવે ત્યારે આ ભગવદ્રૂપના દર્શનથી આખરે ત્યાં જ શાંત થઇ જાય. (૬૪). (ત્યાં ઠર્યા પછી) ત્યાંથી ખેંચવા છતાં તે પાછું ફરતું નથી. બધા હાવભાવ (ચેનચાળા) છોડીને દરેક પ્રકારે તન્મય થઇ જાય છે. (૬૫). જેમ મધ પર ચોંટેલી માખી ઊડી શકતી નથી તેમ ભગવદ્રૂપમાં ઠરેલું મન ત્યાંથી ખસતું નથી.⑩ (૬૬).

મન એ ઇંદ્રિયોનો રાજા છે અને એ ભગવદ્રૂપમાં શાંત થતાં (ઠરતાં) ઇંદ્રિયો પણ સ્વામીને વશ રહે છે અને બહાર દોડતી નથી. (બહિર્મુખ થતી નથી.) (૬૭). શેઠને છોડીને જેમ સેવકો બીજે ક્યાંય પણ જતા નથી તેમ ઇંદ્રિયો પણ મનને વશ રહીને સ્વસ્થ રહે છે. (૬૮). શ્રીમંતની સાથે મિજબાની (મિજલસ-ઉજાણી)માં જતા, સેવકોને જેમ માગ્યા વગર મિષ્ટાન્ન મળે છે, તેમ મનને ધ્યાનમાં પરમાનંદ મળતાં ઇંદ્રિયોનો ખેદ દૂર થાય છે અને ઇંદ્રિયો શાંત થાય છે. (૬૯-૭૦). ભગવદ્રૂપમાં મન આનંદ અનુભવતાં ઇંદ્રિયો પણ બહિર્મુખ થતી નથી અને દરેક પ્રકારે સ્થિર થાય છે અને ચેષ્ટા વગરની થઇ રહે છે. (૭૧).

અલર્કની પણ સાચેસાચ એવી જ સ્થિતિ થઇ છે. જે મન ગુરુના રૂપમાં ઠરી ગયું છે તે ત્યાંથી ખસવા તૈયાર નથી. (૭૨). (અલર્કના મનમાં) કોઇ પણ પ્રકારની વૃત્તિ પણ ઊઠતી નથી. આ જોઇને શ્રીગુરુએ પોતાના હાથે એને ઢંઢોળીને કહ્યું કે હે અલર્ક ! તું સાંભળ. (૭૩). તારું આ મન હવે મારું ધ્યાન છોડશે જ નહિ તેથી તું હવે જા અને ભાઇનું જલદીથી દર્શન કર. (૭૪). ત્યાર પછી સુખેથી વનમાં જજે અને મારા રૂપમાં લીન થજે. હંમેશ માટે વાસનારહિત (નિર્વાસન) રહેજે અને મારા સ્વરૂપમાં રહી ખુમારીભર્યું (અદીન) જીવન જીવજે. (૭૫). આ સાંભળીને બે હાથ જોડીને ચિત્તમાં ધ્યાન રાખીને અલર્ક ગળગળા સાદે પ્રાર્થના કરવા લાગ્યો. (૭૬).

## ગીત (પ્રાર્થના)

હે ગુરુજી ! હું તારી બલિહારી (વાહ-વાહ) કયા મોઢે ગાઉં? કારણ કે (ગાવા જતાં) મન અને વાણી વિરામ પામે છે ! તું ભક્તનું રક્ષણ કરનારો અને વહાલો છે, અસુરનો કાળ છે અને સાધુવૃત્તિવાળા હૈયાંનો હાર છે. (૧).

બ્રહ્મા આવીને ઉમંગથી આજ્ઞા માગે છે અને પૂછે છે કે હું શાનું સર્જન કરું? ક્યારે સર્જન કરું? અને કેવી રીતે સર્જન કરું? (૨).

વિષ્ણુ આવીને નમન કરીને પૂછે છે કે મારી સ્થિતિ તો મુશ્કેલીભરી છે ! હું કોને ખાવા આપું અને શું ખાવા આપું? (૩).

તારી આજ્ઞાને માથે ચઢાવીને શંકર પ્રાણીનો સંહાર કરે છે. તું તો હંમેશનો નિર્લેપ-તટસ્થ જ છે. (૪).

સતીનો ભાવ જોઇને તું પ્રસન્ન થયો અને અંતરમાં કરુણા ઊપજી. તેથી તેં સ્વયં સ્વાત્મદાન આપ્યું. (૫).

હે દત્ત દિગંબર ! તું હૃદયને ગમી ગયો છે, તારામાં મારું મન લોભાયું છે. કોઇ પણ જાતના રંગ કે રૂપ વિનાનો (નિરાભાસ) રંગ શોભે છે.

●

વેદો નિશ્ચયપૂર્વક (ખાતરીથી) કહે છે કે તું સચ્ચિદાનંદરૂપ છે અને અંતરમાં રહેલા આત્માથી તું અભિન્ન છે એનો હવે મને અનુભવ થયો છે. (૭૭). આ બધાનું કારણ તું જ છે, આ બધાનો આધાર પણ તું જ છે. તેં તારી ઇચ્છાથી જ આ મનુષ્ય અવતાર ધારણ કર્યો છે. (૭૮). મન, વાણી કે અન્ય કોઇ તને પહોંચી શકતું નથી, તને સ્વેચ્છાચારી કહ્યો છે. આવું જાણીને તને વંદન કરું છું. (૭૯). બ્રહ્મ અને ઇશ્વર વચ્ચેનો ભેદ એ કેવળ માયાના આભાસને લીધે છે અને આત્મા તથા જીવનો ભેદ અવિદ્યાને કારણે છે. (૮૦). તત્ત્વજ્ઞાનથી બંનેનો (માયા અને અવિદ્યાનો) નાશ થતાં ત્યાં ઇશ્વર કે જીવ કશું રહેતું નથી. કેવળ તું જ (બ્રહ્મ) રહે છે.(૧૧) (૮૧). જેમ દોરડી (રજ્જુ) ઉપર સાપનો આભાસ થાય છે તેમ તારા પર જગતનો ભાસ થાય છે. ભ્રમનો નાશ થતાં એક અને અદ્વિતીય એવો તું જ રહે છે. (૮૨). જે શરૂઆતમાં નથી અને અંતમાં પણ નથી, પરંતુ વચ્ચે વચ્ચે ભાસે છે તે સત્ય નથી પણ તૂત છે. તે ત્રણે કાળમાં નથી તેથી તેનું અસ્તિત્વ (સત્તા) જૂઠું છે, મિથ્યા છે. (૮૩).

હે ગુરુરાય ! ભ્રાંતિનો નાશ થતાં પહેલાં જે સત્ય જણાતું હતું તે હવે તારી કૃપાથી જ અસત્ય જણાય છે. (૮૪). તારી દષ્ટિ પડતાં જ હું ધન્ય થઇ ગયો. જીવભાવ શમી ગયો અને બ્રહ્મત્વ (બ્રહ્મભાવ) અંગોમાં આવી ગયું. (૮૫). હવે મને પાકી ખાતરી થઇ ગઇ છે કે તું જ સાક્ષાત્ બ્રહ્મ છે અને અભેદનું જ્ઞાન થવાથી હું-તું પણું શાંત થઇ ગયું છે.(મટી ગયું છે.) તો પણ ભજન કરવાના ભાવને સંતોષવા હું અને તું એવા ભેદભાવનો વિકલ્પ સ્વીકારે છે અને મારું મન તારું ભજન કરે છે અને સંતોષ પામે છે. (૮૬-૮૭).

હું જીવ છું અને તું શિવ છે, હું ભક્ત છું અને તું ભગવાન છે એવો વિશુદ્ધ ભક્તિભાવ તરત જ ભ્રાંતિ હરી લે છે. (૮૮). આવો (વિશુદ્ધ) ભક્તિભાવ રાખીને લોકો ભજનનો આનંદ લૂંટે છે. એ આનંદનું કોણ વર્ણન કરી શકે? મુક્તિ તો આવા ભક્તોના પગની ગંધ છે ! (૮૯).

મારું મન તારા રૂપમાં બધી રીતે લીન થઇ જાય છે અને ધ્યાન કરનાર એ ધ્યાનને ભૂલીને ધ્યેયરૂપ થઇ જાય છે. (૯૦). આ રીતે મારું મન તારામાં લીન થઇ જાય તો પણ હું ફરી પાછું એને જાગૃત કરું છું, ઉઠાડું છું, જેથી હે વિભુ ! તારું ભજન થઇ શકે અને એ અનુપમ રસનું પાન થઇ શકે. (૯૧). તેં ભક્તને સ્વાત્મદાન કર્યું તેથી હે પ્રભુ ! બધા દત્ત કહે છે પણ ખરેખર તું તો અજ (જન્મરહિત) છે. (૯૨).

હે દેવ ! તું ભક્તની ભાવનાને વશ થઇને સગુણ થયો છે. હે હરિ ! તારા અનંત ગુણોનું વર્ણન કોણ કરી શકે? (૯૩). તું કોઇ વાર બ્રાહ્મણ, તો કોઇ વાર ક્ષત્રિય, કોઇ વાર વૈશ્ય તો કોઇ વાર શૂદ્ર અને કોઇ વાર તો તું સંકર ભાસે છે. તું કેવળ કલ્પનાની પેલે પાર છે. (કલ્પનાતીત છે.) (૯૪).

કોઇ વાર તું બાળક, તો કોઇ વાર વૃદ્ધ, કોઇ વાર યુવાન, તો કોઇ વાર પ્રૌઢ જણાય છે. તું કોઇ વાર જ્ઞાનીની જેમ તો કોઇ વાર મૂઢની જેમ રહસ્યમય રીતે વર્તે છે. (૯૫).

કોઇ વાર તું ભોગી (ભોગ ભોગવનાર), તો કોઇ વાર યોગી, કોઇ વાર આસક્તિ ધરાવનારો (રાગી), તો કોઇ વાર ત્યાગી અને વિરાગી એવો હે અનંત ! તું જણાય છે. (૯૬). પાપથી વીંધાયો ન હોય એવો (નિષ્પાપ-શુદ્ધ) તારા જેવો બીજો કોઇ નથી છતાં તું અશુદ્ધ જેવો ભાસે છે. શુદ્ધ, બુદ્ધ કે અબુદ્ધ કોઇ તારો પાર પામી શકે એમ નથી. (૯૭). તું જ માયાપતિ છે તે જ તું બધી ઇંદ્રિયોનો સ્વામી છે. તું કોઇ વાર વિજ્ઞાનનો (અનુભવ જ્ઞાનનો) સ્વામી હોવા છતાં અન્ય જીવોના જેવો અલ્પ અને અસમર્થ જણાય છે. (૯૮). તારી આવી અગમ્ય લીલાનો વિસ્તાર તો બ્રહ્મા (વિષ્ણુ, શંકર) વગેરે પણ જાણી શકતા નથી. તો પછી ગમાર મનુષ્યની તો શી તાકાત? (૯૯). સકલ વિશ્વનું ભરણ પોષણ કરનાર હોવા છતાં તું પોતે તો દિગંબર (નગ્ન) છે એવા તને ધન્ય છે ! હે વિભુ ! હે અત્રિપુત્ર અવધૂત ! તને મારા નમસ્કાર. (૧૦૦).

તું ધર્મ અને અધર્મ (બંને)થી પર છે. તારામાં ભેદદૃષ્ટિ નથી અને તને ખેદ થતો નથી. તું જાણવા જેવું અને ન જાણવા જેવું એમ બંનેથી પર છે. વેદો તારા ભાટ છે. (તારાં ગુણગાન ગાય છે.) (૧૦૧). જેને વેદો પરોક્ષ કહે છે તે તું અમને ભક્તોને તો સદા અપરોક્ષ જ જણાય છે અને એ એક જ ધ્યેય અમોને સારી રીતે જાણીતું છે. (૧૦૨).

હે પ્રભુ ! તું જ મારી મુક્તિ છે, તું જ મારી ભુક્તિ છે ને તું જ મારી યુક્તિ છે. હું તને વારંવાર, શતધા (અનેક રીતે) પ્રણામ કરું છું. (૧૦૩). કરવા જેવું બધું જ મેં કરી લીધું છે અને મેળવવા જેવું બધું જ મેળવી લીધું છે. જોવા જેવું મેં બધું જ જોઇ લીધું છે. હવે મારામાં એનું પણ અભિમાન રહ્યું નથી. (૧૦૪).

જયાં બધું જ એકાકાર થઇ ગયું હોય ત્યાં બોલે કોણ? અને સાંભળે કોણ? હું અને તું પણાનો નાશ થયો હોવા છતાં પણ હે દયાળુ ! હું તને વંદન કરું છું. (૧૦૫). આપની આજ્ઞા માથે ચઢાવીને હું ચોક્કસ જાઉં છું અને પ્રારબ્ધમાં હશે તે પ્રમાણે મુક્ત બનીને બધે સુખેથી ફરીશ. (૧૦૬). આમ કહીને, વંદન કરીને, અલર્ક ભાઇને મળવા માટે ત્યાંથી ચાલી નીકળ્યો. (૧૦૭).

અલખ કહે છે કે હવે **રંગ** જામશે તે સંતો અને સારી (સુ) બુદ્ધિ (ધી)વાળા એ અનુભવશે. અહીં રાજા (અલર્ક) આ પ્રમાણે તરી ગયો. (૧૦૮).

શ્રી દત્તપ્રભુનાં ચરણકમળના ભ્રમર એવા બ્રહ્મચારી પાંડુરંગ (રંગ અવધૂત)મહારાજ દ્વારા રચિત શ્રીગુરુલીલામૃતનો અલખ અને નિરંજનના સંવાદરૂપે **'અલર્કોદ્ધરણ'** નામનો **એકતાલીસમો** અધ્યાય સમાપ્ત થયો.

●

## પાદટીપ :

### અધ્યાય : ૪૧

(૧) અલર્ક વંદન ભક્તિથી તરી ગયો એ વાતનો ઉલ્લેખ અધ્યાય ૮- દોહરા ૧૨૫માં છે જ. નવધા ભક્તિ પૈકી વંદન ભક્તિ પણ એક પ્રકારની ભક્તિ જ છે.

કાર્તવીર્ય સ્મરણે તર્યો; દાસ્ય ભક્તિથી એમ
આયુ, અલર્ક વંદને, અર્ચને યદુ તેમ. (અ.૮ દો.૧૨૫)

પરંતુ અહં ઓગળ્યા વિના વંદનભાવ જાગતો નથી તે યાદ રાખવું જોઇએ. (વંદનભક્તિ = બધાને નમો, તરત નમો, પ્રેમથી નમો.)

(૨) આ બધું બ્રહ્મ જ છે અને 'સર્વં ખલુ ઇદં બ્રહ્મ'નો અર્થ છે કે આ વિશ્વ વિષ્ણુમય જ છે. જગતને મિથ્યા માનનારો અદ્વૈતનો સિદ્ધાંત પણ સાચો અને આ જગતને બ્રહ્મ માનીને અહં ઓગાળીને પ્રેમથી વર્તન કરવાનો સિદ્ધાંત પણ સાચો. જગતને મિથ્યા માનવું એટલે મનથી સમજવું. પણ જગતમાં રહીએ ત્યાં સુધી પ્રેમપૂર્વકનો, તટસ્થભાવે વ્યવહાર કરવો જ રહ્યો.

(૩) અંધકાર એ અવિદ્યાનું પ્રતીક છે અને જ્ઞાન એ પ્રકાશનું પ્રતીક છે. એ ન્યાયે ગુરુ શબ્દની આવી વ્યાખ્યા પણ છે.

ગુકારશ્ચાન્ધકારો રુકારો તેજરૂચ્યતે |

(૪) 'ગુરુ' એ શબ્દ નથી પણ મંત્ર છે એ પહેલી વાત અને બીજી વાત એ કે આ મંત્ર બધા મંત્રોમાં ઉત્તમ છે- મંત્રોત્તમ છે.

(૫) દોહરા ૧૮ થી ૨૩ સમજવા જેવા છે. ગુરુકૃપાથી સાચી સમજ આવતાં, પહેલાં જે વસ્તુ દુ:ખરૂપ લાગી હતી તે જ વસ્તુ-બનાવો હવે સુખરૂપ લાગે છે. 'જેવી દૃષ્ટિ તેવી સૃષ્ટિ'નો આ જ અર્થ છે. ગુરુ સૃષ્ટિ બદલતો નથી, પરંતુ દૃષ્ટિ જ બદલે છે. બધા વાંધા દૃષ્ટિમાં જ છે એવું પૂ.શ્રીએ એક ભજનમાં પણ લખ્યું જ છે.

"બધા મન-દૃષ્ટિના વાંધા, અનંતે સાન્તતા ન્હોયે,
દિસે તે ના તથા અંતે, ન તત્ત્વે ખંડ ક્ષણ હોયે. "

(ભજન : તમારે ને હમારે ના કશો સંબંધ છે મૂળે.)

(૬) દોહરા ૨૪ થી ૨૭ : સમૃદ્ધિ અને વૈભવની પ્રાપ્તિનું પરિણામ અભિમાન છે અને એનું પરિણામ સંતજન ન ઓળખાય એ છે. ભગવાનની કૃપા થાય ત્યારે સંતો મળે છે, સંતોને ઓળખી શકાય છે. ભગવાન ધન-વૈભવ લઇ લે ત્યારે એની કૃપા થઇ એમ ગણાય. આ વાત દુનિયાની ગણતરીથી તદ્દન વિરુદ્ધ છે, પણ સાચી વાત છે. શ્રીમદ્ ગોસ્વામી તુલસીદાસજી રચિત 'શ્રીરામચરિતમાનસ'માં વિભીષણ હનુમાનજીને કહે છે :

અબ મોહિ ભા ભરોસ હનુમંતા |
બિનુ હરિકૃપા મિલહિં નહિં સંતા ||

(સુન્દરકાંડ દો.૬ ચૌ.૪)

વધુ પડતું સુખ ભગવાનને ભુલાવે છે. સાચું સુખ ભગવાનનું સ્મરણ છે અને સાચું દુ:ખ ભગવાનનું વિસ્મરણ છે.

સંપદો નૈવ સંપદા: વિપદો નૈવ વિપદા: |
વિપદો વિષ્ણુવિસ્મરણં સંપન્નારાયણસ્મૃતિ: ||

(૭) ચતુર્વિધા ભજન્તે માં જના: સુકૃતિનોઽર્જુન |
આર્તો જિજ્ઞાસુરર્થાર્થી જ્ઞાની ચ ભરતર્ષભ ||
તેષાં જ્ઞાની નિત્યયુક્ત એકભક્તિર્વિશિષ્યતે |
પ્રિયો હિ જ્ઞાનિનોઽત્યર્થમહં સ ચ મમ પ્રિય: ||

(ગીતા. અ. ૭/ શ્લોક ૧૬-૧૭)

જ્ઞાનોત્તર ભક્તિ એટલે જ્ઞાન મેળવ્યા પછીની ભક્તિ. જ્ઞાન વગરની- સમજણ વગરની ભક્તિ એ વેવલાવેડા છે અને ભક્તિ વિનાનું જ્ઞાન શુષ્ક છે.

(૮) ભક્તિની મુક્તિ છે દાસી ઓ લાલ ! ભક્તિની.

(અવધૂતી આનંદ)

હરિના જન તો મુક્તિ ન માગે, માગે જનમો જનમ અવતાર રે.

(નરસિંહ મહેતા)

વ્રજ વહાલું રે, વૈકુંઠ નથી જાવું.

(ભક્ત કવિ દયારામ)

(૯) ભગવાનના બે હાથોમાં ડાબો હાથ વરદાન આપનાર છે અને જમણો હાથ અભય આપનાર છે. જમણા હાથમાં દંડ/શસ્ત્ર છે તે અભય પ્રદાન કરે છે.

વામેનેષ્ટવરાન્ દદાનપરે દંડં દધાનં કરે
રંગં સંગતયે ગુરોર્મમ મનોદ્વારિ સ્થિતં ચિન્તયે |

(પૂ.મણિશંકર શાસ્ત્રી- પાદુકાપૂજન- ધ્યાન)

(૧૦) જેમ મધ પર ચોંટેલી માખી ઊડી શકતી નથી, તેમ જો આપણું મન પણ કોઇ દેવ પુરુષમાં ચોંટી જાય, તેમનામાં અડગ નિષ્ઠા જાગી જાય તો અર્ધો આત્મસાક્ષાત્કાર થઇ ગયો એમ કહી શકાય. પૂ.પ્રેમ અવધૂતજી પણ કહે છે તેમ એકનિષ્ઠ થવું ખૂબ કાઠું છે.

(૧૧) ઇશ્વર એટલે માયાવેષ્ટિત બ્રહ્મ અને જીવ એટલે અવિદ્યા વેષ્ટિત બ્રહ્મ. આમ માયા અને અવિદ્યાનું આવરણ હટે તો પછી બ્રહ્મ જ રહે છે. તત્ત્વજ્ઞાનથી જ આ આવરણ હટે છે.

●

## અધ્યાય : ૪૨

આ અધ્યાયનું નામ **'અલર્કકૃતકૃત્યતાવર્ણન'** છે. આ અધ્યાયમાં **૧૦૮** દોહરા છે.

આ અધ્યાયમાં અલર્ક મોટાભાઇ સુબાહુને મળવા આવે છે અને કહે છે કે તમે કાશીરાજા આ રાજ્યનું જે કરવું હોય તે કરો અને પોતાની ઉચ્ચ સ્થિતિનું દર્શન થાય એ રીતે વાતો કરે છે. આ જોઇને સુબાહુને આનંદ થયો. મારો ભાઇ અમારા જેવો થયો એટલે કાશીરાજ ! આ રાજ્યનું જે કરવું હોય તે કરો એમ કહીને સુબાહુએ વનમાં જવાની વાત કરી.

કાશીરાજને નવાઇ લાગી. એણે પૂછેલા પ્રશ્નોના સુબાહુએ જવાબો આપ્યા. અંતે કાશીરાજ પણ વૈરાગ્યમુક્ત થયો અને પુત્રને રાજ્ય સોંપી જંગલમાં જઇ મુક્તિને વર્યો. અલર્ક પણ પુત્રને રાજ્ય સોંપી વનમાં ગયો અને વિદેહમુક્તિને વર્યો. (૧-૧૦૮).

અલર્ક ત્યાંથી સીધો પોતાના નગરમાં આવ્યો અને પ્રસન્ન ચિત્તે પોતાના ભાઇ સુબાહુને મળ્યો. (૧). એની અહંતા ગળી ગઇ હતી, મમતા મૂળમાંથી જ ઊખડી ગઇ હતી. મન દરેક રીતે સ્વસ્થ થયું હતું અને વૃત્તિ સુસ્થિર થઇ હતી.① (૨). ભાઇના ચરણને ચૂમી ભરી, હસતા મુખે એ બોલ્યો કે હે કાશીરાજ ! આ નિષ્કંટક રાજ્ય તું લઇ લે. આ રાજ્ય તારે જેમ ભોગવવું હોય તેમ સુખેથી ભોગવ અથવા તું સુબાહુને આપી દે. અથવા બંને જણા કોઇપણ જાતની ચિંતા કર્યા વગર વહેંચી લો. અથવા જો તમારી ઇચ્છા રાજ્ય લૂંટાવી દેવાની હોય તો તેમ કરો. હવે એ સત્ય છે કે મને એની સાથે કોઇ લેવાદેવા (નિસબત) નથી. (૩-૫).

કાશીરાજે કહ્યું કે અરે ! આમ યુદ્ધ કર્યા વિના જ રાજ્ય આમ તું કેમ જતું કરે છે? અને કુળનું નામ કેમ બોળે છે? (૬). ક્ષત્રિયકુળમાં જન્મીને તું નાહકનો કેમ ડરે છે? તું આવીને યુદ્ધ કર. આવું બીકણપણું તને શોભતું નથી. (૭). તું સોમવંશી રાજા છે અને શૂરવીરતામાં શિરોમણિ સમાન છે. મનમાંથી બધો ડર કાઢી નાંખીને તારો ક્ષત્રિય ધર્મ સાચવ.② (૮). ખરેખર ક્ષત્રિયો તો મંત્રીઓ મૃત્યુ પામે અને લશ્કર પણ નાશ પામે છતાં રણમેદાન છોડતા નથી અને છાતીમાં હિંમત રાખીને યુદ્ધ કરે છે અને મૃત્યુ પામવા છતાં પીઠ બતાવતા નથી. એ તું સમજી લે. (૯-૧૦). જો યુદ્ધમાં વિજયી થાય તો પૃથ્વી પર રાજ્ય ભોગવે અને જો સામી છાતીએ મરે તો ચોક્કસ સ્વર્ગ મેળવે છે.③ (૧૧). આમાં બંને પક્ષે કાંઇ ગુમાવવાનું નથી. છતાં જે કોઇ અભાગિયો જીવ બચાવવા નાસી જાય છે તે નરકમાં જઇ પડે છે. (૧૨).

શત્રુને યુદ્ધમાં જીતી, ભોગ ભોગવી, યજ્ઞ-યાગ કરી વ્યક્તિ કીર્તિ અને સ્વર્ગ મેળવે છે. (૧૩). યુદ્ધ એ નિશ્ચિતરૂપે ક્ષત્રિયનું સહજ કર્મ છે. તેથી યજ્ઞ-યાગ છોડતાં જેમ પતન થાય તેમ એને છોડતાં પતન થાય છે. (૧૪). શત્રુ ચઢી આવતાં જે ભાગી જાય છે તે પ્રજાનો શાપ વહોરી લે છે અને એને અપકીર્તિ પણ મળે છે. (૧૫). ક્ષત્રિય માટે (યુદ્ધ જેવું) બીજું કોઇ સહેલાઇથી પ્રાપ્ત થાય એવું સાધન નથી. પ્રારબ્ધવશ એ આવી મળે તો તેના જેવું કોઇ સદ્‌ભાગ્ય નથી.④ (૧૬).

આ સાંભળીને અલર્ક બોલ્યો કે હું પણ પહેલાં આવું જ માનતો હતો. પરંતુ હવે સાચી સમજ આવતાં (આંખ ખૂલતાં) હવે એ ગેરસમજ (અજ્ઞાન) દૂર થઇ છે. (૧૭). આ દેહ એ હું છું એ ભાવના જ જ્યાં મૂળે રહી નથી ત્યાં ક્ષત્રિયત્વનું તૂત પછી ક્યાંથી રહે એ તું કહે. (૧૮). માટીના ઘડાની જેમ આ દેહ પણ પાંચ મહાભૂતો (પૃથ્વી, જળ,

અગ્નિ, વાયુ ને આકાશ)નું પૂતળું છે. આ દેહ એ હું નથી. (૧૯). ઇંદ્રિય, પ્રાણ અને મન ક્યારેય સ્પર્શતાં નથી. એ તો કેવળ જડ છે પરંતુ મારા યોગે કરીને ચેતનવંતાં ભાસે છે. (૨૦).

હું ચેતનરૂપ સાક્ષી છું, એક અને અદ્વિતીય છું. હવે મને સ્વજન, મિત્ર કે શત્રુ એવું અજ્ઞાન રહ્યું નથી. (૨૧). આપણા બધાનો આત્મા એક જ છે અને ચિન્મયરૂપ છે. હે (કાશી) રાજા ! જ્યાં કોઇ બીજું છે જ નહિ ત્યાં પછી શત્રુ કોણ અને મિત્ર કોણ? (૨૨). તેં મને માયિક દુઃખ (સાચું દુઃખ નહિ) આપીને મારા પર બહુ મોટો ઉપકાર કર્યો છે. મને યોગીશ્વર દત્તપ્રભુ મળ્યા તેથી મારું અસાર (સારહીન) દ્વૈત નાસી ગયું છે. (૨૩). આ ઇંદ્રિયોરૂપી શત્રુઓને જીતીને મેં વિજય મેળવ્યો છે. હવે સુખેથી વનમાં જઇને અસંગ રહીને બધે ફરીશ. (૨૪). હવે મારો કોઇ શત્રુ જ નથી. તું અને સુબાહુ તો ખૂબ ઉપકારી છો. હવે મારા મનમાં કોઇ ભેદ રહ્યો નથી. (૨૫). સચ્ચિદાનંદ એવો હું બધે રહેલો છું અને બધું મારામાં રહેલું છે. આવું બોલીને એ સુબાહુનાં ચરણમાં વંદન કરવા લાગ્યો.⑤ (૨૬).

અલર્કની આવી સ્થિતિ જોઇને, એનો પ્રેમથી હાથ પકડીને, એને ઉઠાડીને સુબાહુએ જાતે હસીને કહ્યું કે હવે આપણે બંને સરખા થયા અને સાચા અર્થમાં આજે સહોદર થયા. મેં જે કારણથી તપ છોડ્યું હતું તે હેતુ આજે સિદ્ધ થયો છે. (૨૭-૨૮). હે કાશીરાજ ! હું જે હેતુ માટે તારે શરણે આવ્યો હતો તે હેતુ- તે મનોરથ- સફળ થયો છે. તારું કલ્યાણ થાઓ. (૨૯). હું હવે વનમાં જઇશ, મારે કાંઇ કામ બાકી રહ્યું નથી . આ સાંભળીને કાશીરાજ બોલ્યો કે તું આમ કેમ બોલે છે? (૩૦). તું જ પહેલાં મને એમ કહેતો હતો કે “મને મારો (રાજ્યમાં) ભાગ અપાવ” અને હવે આમ કેમ બોલે છે? એ સાંભળી મને તો નવાઇ લાગે છે. (૩૧). તું વન છોડીને શા માટે અહીં આવ્યો હતો? અને તેં આ બધી મહેનત શા માટે કરી? એ તું મને કહે. મને કંઇ સમજાતું નથી. (૩૨). મારા ભાઇ અલર્કે મારું રાજ્ય પચાવી પાડ્યું છે તે તું મને જીતી આપ એવું તું શરણે આવ્યો ત્યારે કહેતો હતો. (૩૩). હવે એ રાજ્ય હાથમાં આવતાં તું વનમાં જવાની વાત કેમ કરે છે? મને એ સમજાતું નથી કે તેં આટલી મહેનત શું કામ કરી? (૩૪). પહેલાં અનેક રીતે (શતધા) સમજાવ્યા છતાં જે અલર્ક સમજ્યો ન હતો તે હવે રાજ્ય છોડીને જંગલમાં કેમ જાય છે? (૩૫).

સુબાહુએ કહ્યું કે અમારે રાજ્યનું શું કામ છે? જે હેતુ માટે આ પ્રયત્ન કર્યો હતો તે હેતુ તો સિદ્ધ થઇ ગયો છે. (૩૬). મને તથા મારા અન્ય બે ભાઇઓ (વિક્રાંત અને શત્રુમર્દન)ને માતાએ સ્તનપાન સાથે જે આત્મજ્ઞાનનું પાન કરાવ્યું હતું તેનાથી અમે ત્રણે ભાઇઓ જ્ઞાનથી કૃતાર્થ થઇને બ્રહ્માનંદમાં વનમાં અસંગપણે રહીએ છીએ. (૩૭-૩૮). પ્રારબ્ધવશ (નસીબજોગે) એ ઉપદેશ આના કાનમાં પડ્યો નહિ તેથી એ અલર્ક અહા ! વિષયલંપટ થયો. (૩૯). સ્ત્રીઓમાં એ પશુની જેમ આસકત થઇને રહેતો હતો. એ સ્ત્રીઓની સંગતિ કરતો હતો એ કેવળ દુર્બુદ્ધિ જ છે. (૪૦). એ કીડાની જેમ વિષયભોગમાં હંમેશાં રમતો હતો તે જોઇને મારા મનમાં અતિશય દુઃખ થયું. (૪૧). પ્રારબ્ધે કરીને એ સંસારમાં પડ્યો અને ત્યાં એને રાજ્ય તથા ધન મળ્યાં. તેમાં વળી યુવાની હતી. પછી ભોગ ભોગવવામાં શું ખામી રહે? (૪૨). વિષયોમાં રચ્યોપચ્યો રહીને, ગૃહસ્થધર્મમાં જ સુખ માની, નીચ માણસોની સોબતમાં રહીને એમાં જ પોતાને કૃતાર્થ માનતો હતો. પરંતુ એ તો સાચું સુખ નથી. એ તો સુખની ભ્રાંતિ માત્ર છે, જે છેવટે દુર્ગતિ આપે છે. પરંતુ મૂઢ માણસ આ વાત સમજતો નથી. (૪૩-૪૪).

અમે ચારે જણા એક જ માતાના ઉદરથી જન્મ્યા. એમાંથી એકનું પણ પતન થતું હોય તો તે જોયું જતું ન હતું. (૪૫). યાત્રા કરવા જતા સંઘમાંથી કોઇ એક વ્યક્તિ પાછળ રહી જાય તો બાકીના બીજાને દુઃખ થાય તેવું જ દુઃખ મને થયું હતું. (૪૬). દુઃખ વગર વૈરાગ્યનો ઉદય નહિ થાય એમ સમજીને, એને વિરક્ત કરવા માટે મેં આ પ્રયત્ન કર્યો હતો. (૪૭). તમારી મદદ લઇને મેં જે પ્રયત્ન કર્યો હતો તે પ્રયત્ન સફળ થયો તેથી મને ખૂબ સંતોષ થયો છે. (૪૮).

એને દુ:ખ થયું તેથી એ રાતોરાત વનમાં ગયો અને ત્યાં નસીબજોગે એને સાક્ષાત્ ત્રિમૂર્તિ દત્ત ભગવાન મળ્યા. (૪૯). એમણે (દત્ત ભગવાને) એને ઉપદેશ આપ્યો તેથી એની આંખ ઉઘડી ગઇ (સાચી સમજ આવી ગઇ). પૂર્વના પુણ્યને લીધે એ તરત જ કૃતકૃત્ય થઇ ગયો. (૫૦). મારો એ હેતુ સફળ થયો (બર આવ્યો) તેથી હવે હું વનમાં જાઉં છું. હવે એ રાજ્ય કરે કે ન કરે એની સાથે મારે કોઇ સંબંધ (નિસબત) નથી. (૫૧).

યોગીઓ દ્વારા માન પામેલી અમારી માતા મદાલસાની જેવી આ જગમાં બીજી કોઇ ઉત્તમ માતા નથી. (૫૨). એવી માતાનું સ્તનપાન કર્યા પછી, આનું પતન ન થાય એવું વિચારીને મેં તરત જ આ પ્રયત્ન કર્યો હતો. (૫૩). મારો એ પ્રયત્ન સફળ થયો. મારે આ અસાર રાજ્યની શી જરૂર? દિશારૂપી વસ્ત્રો પહેરીને (દિગંબરરૂપે) હું સુખેથી મારી ઇચ્છા મુજબ હવે બધે હરીશ-ફરીશ. (૫૪). આત્મસામ્રાજ્ય મળ્યા પછી આ નાશવંત રાજ્યની શી ઇચ્છા? કલ્પવૃક્ષ મળ્યા પછી એવો કોણ મૂરખ હોય કે જે એની પાસે માટીનાં વાસણોની ઇચ્છા કરે? (૫૫).

સ્વજનને ડૂબતો જોઇને જે સમર્થ હોય (જેને તરતાં આવડતું હોય) તે તો એની ઉપેક્ષા કર્યા વગર એને બહાર કાઢે અને એ જ એનું ભૂષણ છે. (એને એ શોભે છે.)⑥ (૫૬). એ જ રીતે જ્ઞાનીની વિદ્વત્તા ત્યારે જ ધન્યવાદને પાત્ર ગણાય જ્યારે તે પોતાના સ્વજનને, મિત્રોને અને ભાઇ વગેરેને એ જ્ઞાનથી તારે-ઉદ્ધાર કરે. (૫૭). સમર્થ હોવા છતાં જે સ્વજનની સહાયમાં દોડી જતો નથી તે સાચે જ આ જગતમાં નિંદાને પાત્ર છે. એમાં શંકાને કોઇ સ્થાન નથી. (૫૮).

આવાં વચનો સાંભળીને, અંતરમાં વિરક્ત થઇને કાશીરાજ નમ્ર બનીને કહેવા લાગ્યો કે હે સુબાહુ ! તને ધન્ય છે. તું ખરેખર ઉદાર છે. તેં તારા ભાઇને તો કૃતાર્થ કરી દીધો પરંતુ હું હજી બાકી રહી ગયો છું. (૫૯-૬૦). સાધુઓ સાથે મિત્રતા કરી એની સાથે સાત ડગલાં ચાલીએ તો પણ એ આશ્રિતને તારે છે.⑦ (૬૧). સંતને દયાઘન કહેતાં પણ મન સંકોચ અનુભવે છે, કારણ કે વાદળાં (ઘન) તો વર્ષાઋતુમાં જ વરસે છે જ્યારે સંત તો હર ક્ષણે વરસે છે. (૬૨). સંતની કૃપાની છાયા (છાંયડો) જે વધતી કે ઘટતી નથી (એટલે કે એક સરખી જ રહે છે.) તે સંસારના તાપને શાંત કરે છે તેથી એ કેવળ અજોડ છે. (૬૩). સાધુઓ તો માત્ર વંદન કરવાથી જ પ્રસન્ન થઇ જાય છે, તો હું તો તમારી સાથે આટલો સમય રહ્યો છું. એટલે મારી ઉપેક્ષા કરો એ યોગ્ય નથી. (૬૪). તું સંતોમાં શિરોમણિરૂપ છે. તું દયાસિન્ધુ છે. 'આ મારો અને પેલો પારકો' એવી ભાવનાથી તું પર છે. તારે મન તો બધા સરખા જ છે. (૬૫). આમ છતાં વત્તા-ઓછાપણાનો જે તફાવત દેખાય છે. તેમાં તારો કોઇ દોષ નથી. જે જેવું સેવન કરે તેવું ફળ તે પામે છે. (૬૬). અગ્નિની પાસે રહેવાથી તે અંધારું અને ઠંડી દૂર કરે છે. એનાથી દૂર જતાં ઠંડી વધારે જણાય અને પ્રકાશ ઓછો જણાય તે જ રીતે આ બધું પોતાના પર જ આધારિત છે.⑧ (૬૭). સંતકૃપામાં પણ વધઘટ થતી તેમજ દેખાય છે. પરંતુ હું તો આપની પાસે જ રહ્યો છું અને ત્યાંથી હું શું કામ દૂર ખસું? (૬૮). સંતનો સમાગમ કદી પણ નિષ્ફળ જતો નથી. હવે ચાહે તો તું માર અથવા તાર. હું તારે શરણે આવ્યો છું. તું તારું વ્રત પાળ. (૬૯).

એ વચનો સાંભળીને સુબાહુએ કહ્યું કે તારી વાત તદ્દન સાચી છે. તમારા જેવા સિવાય બીજું કોણ આવું કહી શકે? છતાં હે સમજુ કાશીરાજ ! તું સાંભળ. (૭૦). તેં ધર્મ, અર્થ અને કામ નિશ્ચિતરૂપથી સાધી લીધા છે. એ ત્રણ પુરુષાર્થમાં હવે કશું મેળવવાનું બાકી રહ્યું નથી. એ તું જાણી લે. (૭૧). તું ચોક્કસ ધર્મપરાયણ તો છે જ, તો પણ ચોથો પુરુષાર્થ મોક્ષ છે તે પ્રાપ્ત કરતાં તને થોડી વાર લાગશે. (૭૨).

સાધન કર્યા વગર એ તરત હાથમાં આવતો નથી. માટે હે રાજા ! હું તને ટૂંકમાં કહું છું તે પ્રમાણે તું પ્રયત્ન કર. (૭૩). 'હું' અને 'મારો'નો જે અનુભવ થાય છે તેનું તું કારણ શોધી કાઢ અને હે સદ્‌બુદ્ધિમાન ! એનો તું નિશ્ચય કર. એ જ બંધનકર્તા છે એમ સમજ. (૭૪). પ્રધાનાદિ (પ્રધાન-પ્રકૃતિ વગેરે)થી માંડીને ભૂતભૌતિકાદિ બધું નામરૂપ

સિવાય કશું જ નથી અને એ બધું જ નશ્વર છે. (૭૫). એ બધું વિકારમય (બદલાયા કરતું) અને જડ છે. એનાથી સત્ પર છે તે સમજ. એ (સત્) નિર્વિકારી છે અને કાયમ (શાશ્વત) રહેનારું છે. એ કેવળ સચ્ચિદાનંદની ખાણ છે. (૭૬). નિત્ય-અનિત્યનો સારી રીતે સાવધાન રહીને તું વિચાર કર. અને એ બધાને નશ્વર માનીને તું બધું દૂર ફેંકી દે (છોડી દે).© (૭૭). અહીંના (આલોકના) અને સ્વર્ગના (પરલોકના) વિષયોમાં વિરક્ત થઇને પછી તું શમ, દમ વગેરે (શમ, દમ, તિતિક્ષા, ઉપરતિ, શ્રદ્ધા અને સમાધાન) સાધીને પછી મુમુક્ષાને પોષ. (તીવ્ર મુમુક્ષુપણું કેળવ.) (૭૮). ભૂખ્યો માણસ જેમ અન્ન વિના બીજું કશું ઇચ્છતો નથી તેમ મોક્ષ વિના બીજી કશી જ વસ્તુ ના ગમે એને જ મુમુક્ષા કહી છે. (૭૯). ત્યાર પછી મહાવાક્ય (તત્ત્વમસિ)થી તને સ્વાત્મજ્ઞાન થશે. તીવ્ર મુમુક્ષા વગરના બધા પ્રયત્નો નકામા છે એમ માન. (૮૦).

વેદાંતનું શ્રવણ કરીને તે (સઃ) હું (અહં) અને 'હું તે' એવું પરોક્ષ જ્ઞાન મેળવીને પછી એનું દિવસ રાત યુક્તિપૂર્વક ચિંતન કર. (અહઃ= દિવસ, નિશ= નિશા= રાત્રિ.) (૮૧). એનું દઢતાપૂર્વક મનન કર્યા પછી નિદિધ્યાસન દ્વારા વિઘ્નોનો નાશ થતાં અપરોક્ષ જ્ઞાન થશે. (૮૨). બધું પોતાનામાં જોઇને અને પોતાને બધામાં જોઇને એક અને અદ્વિતીય એવા અદ્વૈતના જ્ઞાનથી તું કૃતાર્થ થઇ જશે. (૮૩). અલર્ક એ મારો ભાઇ હોવા છતાં વિષયમાં રચ્યોપચ્યો હતો, પરંતુ પ્રારબ્ધવશ એક જ પ્રશ્નથી એને જ્ઞાન થયું અને સારો ભક્ત થઇ ગયો. (૮૪). આ જે થયું તે કેવળ માતાની કૃપાનું જ ફળ છે એમ તું નિશ્ચયપૂર્વક જાણ. એને કારણે જ યોગીશ્વર દત્ત પ્રભુ મળ્યા. અને ક્ષણવારમાં જ જ્ઞાન પામ્યો. (૮૫). સદ્‌નસીબે તને પણ મુશ્કેલીથી મળે એવો આ સત્સંગ પ્રાપ્ત થયો અને પરિણામે તારામાં વૈરાગ્યનો ઉદય પણ થયો છે. તો પણ વિઘ્નો-પ્રતિબંધનો નાશ થયા વગર તું તરવાનો નથી. માટે તું મારી એક વાત સાંભળ. રાજ્યાદિમાં ઉદાસીન વૃત્તિથી વિવેકપૂર્વક રહીને હે સુબુદ્ધિશાળી ! તું હંમેશાં સત્સંગ કર જેથી તું અસંગ થઇશ અને સમય જતાં પોતાના આત્માનું ધ્યાન કરવાથી તું મુક્તિ પામીશ. (૮૬-૮૮).

એને આવું કહીને પછી સુબાહુ તેને પ્રેમથી ભેટ્યો અને પછી અલર્કને કહેવા લાગ્યો કે આજે આપણે બંને સરખા થયા છીએ. હવે તારે વનમાં જવું હોય તો વનમાં જા અને રાજ્ય કરવું હોય તો રાજ્ય કર. હવે તને કોઇ દોષ નડે એમ નથી. (૮૯-૯૦). હવે તું ક્યાંય પણ લપટાશે નહિ એ નિશ્ચિતપણે જાણી લે. તને આ સ્થિતિએ જોઇને મારું મન સંતુષ્ટ થયું છે. (૯૧).

અલર્ક બોલ્યો કે પહેલાં હું જડ હતો. વિષયોના ખાડામાં મૂઢની જેમ ડૂબેલો રહેતો હતો. (૯૨). તારી પોતાની સચ્ચિદાનંદમગ્ન એવી બ્રાહ્મી સ્થિતિ છોડીને તું દયાળુ મારે માટે દોડી આવ્યો તેનું આ ફળ છે એમ માન. (૯૩).

(યોગીઓ દ્વારા) માન્ય (સ્વીકૃત) એવી સ્ત્રીના આપણે દીકરાઓ છીએ. હવે આજે આપણે બંને સમાન થયા છીએ એ નિશ્ચિત છે. આ માતાના પુણ્યનો જ પ્રતાપ છે. (૯૪). આવું બોલીને અલર્ક એકદમ ઝડપથી સુબાહુના ચરણમાં પડ્યો અને ગળગળો થઇ ગયો. (૯૫).

એને (અલર્કને) પ્રેમપૂર્વક આશ્વાસન આપીને પછી સુબાહુ વનમાં ગયો અને કાશીરાજ પણ વૈરાગ્યયુક્ત થઇને પોતાના નગરમાં ગયો. પછી એ સમજુ રાજા પણ સંગ છોડીને, પોતાના પુત્રને રાજગાદી પર બેસાડીને જંગલમાં જતો રહ્યો. (૯૬-૯૭).

જંગલમાં સુબાહુ પાસે રહીને, શમ દમ વગેરે સાધીને, જ્ઞાનાભ્યાસ કરીને પોતે જીવન્મુક્ત થઇ ગયો. (૯૮). અલર્ક પણ પોતાના પુત્રને રાજ્ય સોંપીને જંગલમાં આવીને દત્ત ભગવાનની ઉપાસના કરવા લાગ્યો. (૯૯).

સંગ છોડતાંની વારમાં જ એ તરત વીતરાગી થયો, એનાં કર્મનાં બંધનો તૂટી ગયાં અને એ નિ:સંગી થઇ ગયો. (૧૦૦).

ગુરુકૃપાથી તરત જ ત્યાં દેહથી પર થઇને, જગતને જોઇને ઊંચા સ્વરે (અવાજે) આનંદથી ગાવા લાગ્યો : (૧૦૧).

## ગીત

અવિવેકથી ભરેલી આ દુનિયા બધું ઊંધું જ જુએ છે. જે નથી તેને સાચું માનીને, પોતાના વશમાં છે તેને હાથે કરીને ખુવે છે. (ગુમાવે છે.)

દેવો (સુર), દાનવો (અસુર), કિન્નરો વગેરે બધાં જ આશામાં ને આશામાં અથડાય છે. સ્ત્રી, પુત્ર વગેરેના સ્નેહમાં ખેંચાઇને હાથે કરીને બંધનમાં પડે છે. આંખ હોવા છતાં એ બધા આંધળા છે અને (માયાના) ઊંડા કૂવામાં પડે છે. (૧).

જેને 'હું અને તું પણું' સહેજમાત્ર નથી તેને મોહે કરીને છે એવું માની લે છે. તૃષ્ણા છૂટતી નથી અને પછડાવાને કારણે છાનુંછાનું રડે છે. (૨).

આ જગતની બધી સ્ત્રીઓ અને બધું ધન તથા પશુઓ એક જ વ્યક્તિને મળી જાય તો પણ એ સ્વપ્ન સમાન સુખથી એને કદી પણ સંતોષ થતો નથી. તૃષ્ણાનો ત્યાગ કરવાથી જ શૂન્ય અવસ્થામાં એ અઢળક લક્ષ્મીને જુએ છે. (સાચું સુખ પામે છે.) (૩).

પોતાના વશમાં રહેલા સ્વાત્મ સુખને છોડીને એ બહારથી સુખ મેળવવા ભમતો ભમે છે. કલ્પોના કલ્પો સુધી આ રીતે અજ્ઞાનથી અથડાયા કરે તો પણ એનું ભમવાનું છૂટતું નથી. કાળા કોલસાને ધોવાથી ધોળા થાય ખરા કે? (૪).

જો એ યુક્તિપૂર્વક જ્ઞાનાગ્નિની ચિનગારી મૂકે તો શોધવા છતાં ડાઘ જડતો નથી.(૧૦) ગુરુદેવની કૃપા થતાં જ જંગલમાં ઘેટું વાઘને મારી નાંખે છે. બધે એક જ પરમાત્મા (રંગ) ભરેલો છે. જે માણસ આ વસ્તુ સમજી લે છે (જુએ છે.) તે જીવતા છતાં મરેલા જેવા છે. (અહં વિનાના થાય છે.) (૫).

•

આવું ગાઇને પછી અલર્ક અભ્યાસ કરે છે અને નિર્વિકલ્પ સમાધિ દ્વારા અંતિમ સ્થિતિનું સુખ, જીવન્મુક્તિનો આનંદ અનુભવે છે. (૧૦૨). પ્રારબ્ધનો ભોગ પૂરો થતાંની સાથે જ એ જડ દેહને છોડીને જલ લહરીની જેમ બ્રહ્મમાં ભળી ગયો. (૧૦૩). દત્ત ભગવાન પ્રસન્ન થતાં, એ મદાલસા પુત્ર અલર્ક, નામ રૂપથી પર થઇને બ્રહ્મમય થઇ ગયો. (૧૦૪). આવા તો કેટલાયે તરી ગયા. એનો કોણ હિસાબ રાખે? આ અલર્ક જેમ વંદનમાત્રથી તરી ગયો તેમ આયુ દાસ્ય ભાવથી તરી ગયો. (૧૦૫). ભૂમંડળમાં કીર્તિ સ્થાપીને અને અખંડ ભજનમાં જીવીને જન્મોજન્મનાં બંધનો તોડીને એ સ્વસ્વરૂપમાં ભળી ગયો. (૧૦૬).

આ સાંભળીને નિરંજન જે બોલ્યો તેનું આગળ ઉપરનું વર્ણન ભાવપૂર્વક સાંભળતાં ખરેખર જન્મ મરણની શંકા રહેશે નહિ. (૧૦૭). ગુરુની અતકર્ય (તર્કથી પર એવી) લીલાનો કોઇ પાર પામી શકે એમ નથી. ગુરુદેવની કૃપા થઇ ને રંગ તત્ત્વને સમજી શક્યો. (અથવા એ ગુરુદેવ કૃપા કરે તો થોડો ઘણો તત્ત્વનો સાર સમજાય.) (૧૦૮).

શ્રી દત્તપ્રભુનાં ચરણકમળના ભમર એવા બ્રહ્મચારી પાંડુરંગ (રંગ અવધૂત)મહારાજ દ્વારા રચિત શ્રીગુરુલીલામૃતનો અલખ અને નિરંજનના સંવાદરૂપે **'અલર્કકૃતકૃત્યતા વર્ણન'** નામનો **બેંતાલીસમો** અધ્યાય સમાપ્ત થયો.

•

## પાદટીપ :

### અધ્યાય : ૪૨

(૧) વૃત્તિની સ્થિરતા એ ખૂબ મહત્ત્વની વસ્તુ છે એ વાતને પૂ.શ્રીએ યોગ્ય સમય આવે જણાવી જ છે. વૃત્તિની સ્થિરતા કેળવવા માટે અહંકાર ઓગળી જવો, મમતા છૂટી જવી વગેરે પૂર્વ શરતો છે. આવી સ્થિરવૃત્તિની વાત અધ્યાય ૧૩૦માં બોડાણાની બાબતમાં પણ કરી છે. બોડાણાની વૃત્તિ સ્થિર થતાં જ દ્વારકાધીશ બોલ્યા એવું પૂ.શ્રીએ ત્યાં કહ્યું છે. એક પ્રભાતિયામાં પૂ.શ્રી જણાવે છે તેમ :

'સ્વાન્ત વૃંદાવને વૃત્તિ ગોપી મળી,
કાનુડો આત્મ નટરાજ ખેલે.' (અવધૂતી આનંદ)

વૃત્તિરૂપી ગોપીઓ આત્મારૂપી કાનુડાને ઘેરીને ઊભેલી હોય છે.

(૨) સ્વધર્મમપિ ચાવેક્ષ્ય ન વિકમ્પિતુમર્હસિ |
ધર્મ્યાદ્ધિ યુદ્ધાચ્છ્રેયોઽન્યત્ક્ષત્રિયસ્ય ન વિદ્યતે ||
(ગીતા. અ.૨/શ્લોક-૩૧)

(૩) હતો વા પ્રાપ્સ્યસિ સ્વર્ગમ્ જિત્વા વા ભોક્ષ્યસે મહીમ્ |
તસ્માદુત્તિષ્ઠ કૌન્તેય યુદ્ધાય કૃતનિશ્ચય: ||
(ગીતા.અ.૨/શ્લોક ૩૭)

(૪) યદચ્છયા ચોપપન્નં સ્વર્ગદ્વારમપાવૃતમ્ |
સુખિન: ક્ષત્રિયા: પાર્થ લભન્તે યુદ્ધમીદશમ્ ||
(ગીતા. અ.૨/શ્લોક ૩૨)

(૫) આત્મ સાક્ષાત્કારી પુરુષની સ્થિતિનું વર્ણન છે. 'અહં બ્રહ્માસ્મિ'નો અનુભવ કરી ચૂકેલ સિદ્ધપુરુષ બધામાં પોતાને જુએ છે અને બધાને પોતાનામાં જુએ છે. આવી અભેદવૃત્તિ અલર્કમાં હોવાથી ભેદને કારણે જન્મતો ખેદ એને થતો નથી. ભેદદષ્ટિ જ બધા દુ:ખનું કારણ છે.

ભેદમાં ખેદ, અભેદ નિર્વાણ છે ..... (અ.આ. પ્રભાતિયું.)
સર્વભૂતસ્થમાત્માનં સર્વભૂતાનિ ચાત્મનિ |
ઈક્ષતે યોગયુક્તાત્મા સર્વત્ર સમદર્શન: || (ગીતા.અ.૬/શ્લોક ૨૯)

(૬) દોહરા ૫૬ થી ૫૮ વિદ્વાન અને જ્ઞાની પુરુષો પાસેથી એવી અપેક્ષા રખાય છે કે તેઓ આ પથ ઉપર પ્રયાણ કરવા ઇચ્છતા લોકોને મદદરૂપ બને. અહીં સ્વજન એટલે કેવળ સગાંસંબંધી જ નહિ પણ આ પુરુષાર્થ માટે પ્રયત્ન કરતા સાધકોને પણ આવરી લે છે અને તેથી સુબાહુએ અલર્કને તાર્યો તે સાથે સાથે કાશીરાજને પણ મદદ કરી.

(૭) સજ્જનોની સાથે સાત ડગલાં ચાલવાથી મિત્રતા થાય છે એ વાત સાવિત્રી અને યમરાજ વચ્ચેનો સંવાદ યાદ કરાવે છે. સત્યવાનનો પ્રાણ લઇને જતા યમરાજની પાછળ પાછળ સાવિત્રી જાય છે ત્યારે યમરાજ સાથેના વાર્તાલાપમાં સાવિત્રી કહે છે કે "સજ્જનોની સાથે સાત ડગલાં ચાલવાથી પણ મૈત્રી બંધાય છે." આ સજ્જનોના સારા સ્વભાવનું પ્રતીક છે.

(૮) સંત બધા પર સરખી કૃપા કરે છે છતાં શિષ્યોનાં જીવન જોતાં તેમના ઉપર વધતી ઓછી કૃપા થયેલી કેમ જણાય છે? આ પ્રશ્નોનું સમાધાન દોહરા ૬૬-૬૭ દ્વારા થયું છે અને બધો આધાર સામી વ્યક્તિ પર છે, એની ભાવના પર છે, એની વૃત્તિ પર છે એવું જણાવ્યું છે. સૂર્યનો પ્રકાશ તો એક સરખો જ હોય છે પણ મણિ એનું પરાવર્તન કરે છે જ્યારે માટીનું ઢેફું ભાંગી જાય પણ પરાવર્તન કરી શકતું નથી. જેમ અગ્નિની પાસે રહેનાર પ્રકાશ અને ગરમી બંને મેળવે છે એટલે અંધારું અને ઠંડી બંને દૂર થાય છે. પણ અગ્નિથી દૂર રહેનારો પ્રકાશ અને ગરમી ઓછી મેળવે છે.

સંતોને તેના પ્રાણ કરતાં પણ તેમના સિદ્ધાંતો વધારે વહાલા હોય છે. જે શિષ્ય એના ગુરુના સિદ્ધાંતોનું અક્ષરશ: પાલન કરે તેના પર સદ્‌ગુરુ રીઝે એમ કહેવાને બદલે એમ કહેવું જોઇએ કે રીઝેલા સદ્‌ગુરુની કૃપા એણે બરાબર ઝીલી, બરાબર સાચવી.

(૯) દોહરા ૭૭ થી ૭૯માં સાધન ચતુષ્ટયનો ઉલ્લેખ છે. નિત્યાનિત્ય વિચાર એટલે વિવેક એ પહેલું સાધન છે. દોહરા ૭૮માં વૈરાગ્ય અને ષટ્‌સંપત્તિ એમ બીજાં બે સાધનનો ઉલ્લેખ છે. વિવેકયુક્ત વૈરાગ્ય અને ષટ્‌સંપત્તિ આવે પછી મુમુક્ષુપણું એ છેલ્લું સાધન છે. મુમુક્ષુપણું એટલે મોક્ષ સિવાયની બીજી કોઇ વાત ગમે નહિ, મોક્ષ માટેનો તલસાટ. આ ચાર સાધન સાધ્યા પછી જ બ્રહ્મને જાણવાનો અધિકાર મળે છે.

(૧૦) કાળા કોલસા ધોળા કેવી રીતે થાય? પાણીથી ધોવાથી તો પાણી કાળું થાય પણ કોલસા ધોળા નહિ જ થાય. પરંતુ જો એ કોલસામાં અગ્નિ મૂકવામાં આવે, સળગાવવામાં આવે તો એ સળગી ગયા પછી એની સફેદ રાખ થશે. એ જ રીતે માણસ પણ સુખની પ્રાપ્તિ માટે બહાર ગમે તેટલાં ફાંફાં મારે તો કદી સુખ પામવાનો નથી. પરંતુ જ્ઞાનની પ્રાપ્તિ દ્વારા, અંતર્મુખ થતાં જ એને સુખની-આનંદની પ્રાપ્તિ થશે. આને જ વેદાંત "પ્રાપ્તસ્ય પ્રાપ્તિ" કહે છે.

પ્રભુ પરખ્યા હૃદે જેણે ફરે ભમતો જગે શાને?

(અવધૂતી આનંદ)

●

## અધ્યાય : ૪૩

આ અધ્યાયનું નામ **'આયુવરપ્રદાન'** છે. આ અધ્યાયમાં **૧૦૨** દોહરા છે.

આ અધ્યાયમાં સોમવંશી રાજા આયુની વાત છે. આયુ નામે એક સોમવંશી (ચંદ્રવંશમાં જન્મેલો) રાજા હતો. એ પુરુરવાનો પુત્ર હતો. રાજા ધાર્મિક, ચક્રવર્તી, સત્યવાદી અને શરણાગત રક્ષક હતો પરંતુ તેને સંતાન ન હતું. એનું એને ભારે દુ:ખ હતું. (૧-૧૯).

એક દિવસ એણે જ્યોતિષીને બોલાવીને પૂછ્યું તો તેણે કહ્યું કે સંતતિનો તો કોઇ યોગ જ નથી પરંતુ સદ્ગુરુની કૃપા થાય તો અશક્ય વાત પણ શક્ય બની જાય અને સહ્યાદ્રિ પર્વત પર બિરાજમાન દત્તપ્રભુને પ્રસન્ન કરવા તેને જણાવ્યું. (૨૦-૪૩).

આયુરાજા પગે ચાલીને સહ્યાદ્રિ પર્વત પર આવ્યો. ભગવાને એની આકરી પરીક્ષા લીધી અને એને ભગાડવાનાં ઘણાં કૌતુકો કર્યાં પણ આયુરાજાએ ભગવાનની સેવા છોડી નહિ. એની સેવાથી પ્રસન્ન થયેલા દત્તપ્રભુએ વરદાન માગવા કહ્યું. (૪૪-૮૨).

આયુરાજાએ "મને પુત્ર આપો" એવું વરદાન માગ્યું. ભગવાનને એમ થયું કે નશ્વર પુત્ર માગ્યો એના કરતાં જન્મમરણનું ચક્ર ટળી જાય એવું માગ્યું હોત તો? એમ છતાં એને કહ્યું કે "લે આ ફળ. તારી પત્નીને ખાવા આપજે. તારી ઇચ્છા પૂરી થશે." (૮૩-૧૦૨).

બે હાથ જોડીને શિષ્ય નિરંજને પૂછ્યું કે એ આયુ કોણ હતો એ મને કૃપા કરીને કહો. (૧). એ દાસત્વભાવે કેવી રીતે તરી ગયો એ વાત મને વિસ્તારપૂર્વક કહો. હે પ્રભુ ! હું એ કથા સાંભળવા ઇચ્છું છુ. (૨). શ્રી ગુરુની લીલાનું અમૃત પીવાથી એની વધારે તરસ લાગે છે. તમારા વિના એ તરસ કોણ છિપાવે? હું (તરસ છિપાવવાની) વિનંતી કરું છું. (૩). આવું બોલીને એણે વંદન કર્યાં એટલે જ્ઞાની અલખ બોલ્યા કે હે નિરંજન ! ખરેખર તારો આ પ્રશ્ન સુંદર છે અને મોહને દૂર કરનારો છે. (૪). ગુરુની લીલા ગાતાં મારા મનમાં પણ આનંદ ઊભરાય છે. તારા આ સહજ (અનાયાસ) પ્રશ્નથી ત્રિવિધ રંગ રેલાય છે. (૫). યાદ કરવું (સ્મરણ), પછી (યાદ આવે) તે કહેવું (કથન) અને (કહેતાં કહેતાં એનું) ધ્યાન ધરવું- આવો ત્રિવેણી યોગ થાય છે. એનાથી બધાં જ પાપ અને તાપ દૂર થઇ જાય છે અને જન્મમરણનો રોગ (રહેતો નથી) મટી જાય છે. (૬).

આયુ નામનો એક ચંદ્ર (સોમ)વંશી રાજા હતો. એ પુરુરવાનો પુત્ર હતો અને દત્તપ્રભુનો ભક્ત હતો. (૭). એ રાજા દાની, ઇંદ્રિયોને વશ રાખનારો (વશી) અને ધાર્મિક હતો અને પૃથ્વી પર એ ચક્રવર્તી રાજા તરીકે ખૂબ પ્રખ્યાત હતો. (૮). એ કોઇ દિવસ અન્યાય ન કરે. હંમેશાં સંતોની સેવા કરે. નિર્દોષને સજા કરે નહિ અને અપરાધીને છોડે નહિ એવા સ્વભાવનો હતો. (૯). એ સાચું બોલનારો અને શરણે આવેલાનું રક્ષણ કરનારો હતો અને પ્રજાનાં મા-બાપ સમાન અને દુર્જન માટે કાળ સમાન (ઘાતક) હતો. (૧૦).

એના વૈભવમાં કોઇ પણ પ્રકારની ખામી ન હતી. પરંતુ એને સંતાન ન હતું અને તેથી હંમેશાં બેચેન અને ઉદાસ રહેતો હતો. (૧૧). દેવોને પણ ઇર્ષ્યા આવે એવો એનો વૈભવ હતો. પરંતુ કમનસીબે એને દીકરો નહિ હોવાથી

એ અતિશય ખિન્ન રહેતો હતો. (૧૨). વ્રત અને દાનો કરીને પણ થાકી ગયો. પુત્રકામેષ્ટિ યજ્ઞ પણ કર્યો તો પણ એનું વાંઝિયાપણું ટળતું ન હતું. (૧૩).

પુત્ર વગરનું ઘર એ ખરેખર જંગલ જ છે, એવું માનીને એ દુ:ખમાં ડૂબેલો રહેતો હતો. (૧૪). પુત્રપ્રાપ્તિ અર્થે જે જે લોકો જે જે પ્રયત્નો કરવાનું કહે તે તે બધા પ્રયત્નો એ કરતો હતો. તો પણ પુત્ર ન થવાથી તે રાજા શોકથી આકુળવ્યાકુળ રહેતો હતો. (૧૫). એ વિચારતો કે જો વંશનો ધાગો તૂટશે તો પિતૃઓનું ચોક્કસ અધ:પતન થશે અને મારી શું ગતિ થશે?[૧] (૧૬). વંશમાં જો સારો પુત્ર જન્મે તો જ આ લોકમાં ને પરલોકમાં સુખી થવાય નહિ તો વંશ (ગોત્ર) ડૂબે એવું શાસ્ત્રો કહે છે. (૧૭). વેદ અને શાસ્ત્રો બધાં એમ કહે છે કે જેને પુત્ર નથી તેની કદી સદ્‌ગતિ થતી નથી. પુત્ર વિના ધર્મ, જપ, તીરથ અને દાન બધું નકામું છે. (૧૮). (પુત્ર વિના) ઉપાસના કર્મ પણ સુખ આપતું નથી. મારું એવું તે કયું ઘોર કર્મ છે કે વંશમાં પુત્ર નથી. (૧૯).

મનમાં આવી શંકા-કુશંકા કરીને એક દિવસ રાજાએ જ્યોતિષીને બોલાવીને પુત્ર અંગેની શંકા રજૂ કરી. (૨૦). એણે જ્યોતિષીઓમાં શ્રેષ્ઠ એવા જ્યોતિષીને પ્રણામ કરીને પૂછ્યું કે તમે ચોક્કસ પ્રકારની ગણતરી કરીને નિશ્ચિતરૂપે કહો કે સંતતિનો યોગ છે કે નહિ. (૨૧). તમે આ પૃથ્વી ઉપરના બીજા ભગવાન છો અને તમે ત્રણે કાળની વાત જાણો છો. તમે મારા કુળની લાજ બચાવો. (૨૨). આવાં વચનો સાંભળીને રાજાની કુંડળી જોઇને જ્યોતિષીએ કહ્યું કે હે રાજા ! અમે પણ શું કરીએ? (સંતતિ થાય એવો) એક પણ યોગ નથી. (૨૩). તમારી કુંડળીમાં સંતતિના બધા જ યોગો અવળા (વિરુદ્ધ) છે, એવું અમારું શાસ્ત્ર સ્પષ્ટપણે કહે છે. (૨૪). જેના જન્મલગ્નના પાંચમા અને નવમા સ્થાનના સ્વામી જો છઠ્ઠા, આઠમા ને બારમા સ્થાનમાં બેઠા હોય તો તેને કદી પણ સંતતિ થતી નથી. (૨૫).

તેમ છતાં જો એ સત્પુરુષને શરણે જાય અને એને સદ્‌ગુરુ માનીને હંમેશાં ભાવથી ભજે તો એ કૃતાર્થ થઇ જાય છે.[૨] (૨૬). સદ્‌ગુરુની કૃપા થાય તો ગ્રહો અનુકૂળ થઇ જાય છે. રાજા પ્રસન્ન થાય પછી મંત્રીઓ કેવી રીતે પ્રતિકૂળ રહે? (૨૭). બહારના વિષયો છોડીને હંમેશાં બ્રહ્મમાં જ રમમાણ રહેનાર (સત્પુરુષ)ના શરણે જતાં ત્રિભુવનમાં કશું પણ અશક્ય નથી. (૨૮).

જ્યોતિષીનું એવું વચન સાંભળીને આયુરાજા બોલ્યો કે આવા સાધુપુરુષ ક્યાં વસે છે તે મને કહો. (૨૯). તમે બ્રાહ્મણો ખરેખર સાક્ષાત્ બ્રહ્મ જ છો એવું માનીને આ રીતે તમારે શરણે આવ્યો છું. તમે મારું આટલું કામ કરો. (૩૦). દેવો પણ જે જાણતા નથી, તે આપ (બ્રાહ્મણો) જાણો છો. મારો સંતાપ (દુ:ખ) દૂર કરીને મારો ઉદ્ધાર કરો. (૩૧). એના હૃદયનો ભાવ જાણીને જ્યોતિષીએ કહ્યું કે હે સદ્‌બુદ્ધિવાળા રાજા ! તું સહ્યાદ્રિ પર્વત પર જા ત્યાં તારું કામ થઇ જશે. (૩૨). ત્યાં માહૂરગઢ પર ત્રિમૂર્તિનો અવતાર એવા અનસૂયાના પુત્ર દત્તાત્રેય વસે છે. (૩૩). એ યોગીશ્રેષ્ઠ દત્ત દેવોનો પણ દેવ છે. એ હંમેશ આત્મરામ રૂપે રહેનારો ભકતોને તારે છે. (૩૪). એનો ભકત થતાં જ તારાં મનોરથો પૂર્ણ થશે. તું જઇને જલદીથી એની અનન્ય ભાવથી સેવા કર. (૩૫). એ પ્રત્યક્ષ બ્રહ્મ છે એવું તું નિશ્ચિતપણે જાણ. એના શરણે જતાં તને ચોક્કસ સંતતિ થશે. (૩૬). દત્તપ્રભુની કૃપા થતાં (વિધાતાના) લેખ પણ ફરી જશે. જે મળવું અશક્ય હોય તે સહેલાઇથી મળે એવું થઇ જશે. એમાં તું શંકા કરીશ નહિ. (૩૭). જે નિરાકાર હોવા છતાં ભકતોને માટે મૂર્તિમંત-સાકાર થયો તે (ભકતો માટે) શું ન કરે એ કહે. (એટલે કે ભકત માટે ભગવાન બધું જ કરે.) (૩૮). એનો મહિમા જ્યાં દેવો પણ જાણી શકતા નથી ત્યાં પામર એવા બિચારા માનવીનું શું ગજું? એની શી તાકાત? (૩૯). તું જા અને એનો અનન્ય ભાવે દાસ થા. પછી ત્રણે લોકમાં તારે માટે કશું જ દુર્લભ રહેશે નહિ. (૪૦).

તું ભય છોડી દઇ, ધીરજ ધરીને ભાવથી સેવા કરજે. એ ભક્તોને એની ઇચ્છા મુજબનું વરદાન આપે છે. (૪૧). એ જ મહાત્મા છે, એ જ દેવ છે અને એ જ સાક્ષાત્ બ્રહ્મ છે. તું જા અને એના પગ પકડ (એનું શરણું લે). એ તારી વાત સાંભળશે. (૪૨). જ્યોતિષીનાં અમૃત સમાં વચન સાંભળીને રાજા અતિશય ખુશ થયો. ધન, વસ્ત્ર વગેરે આપીને એણે જ્યોતિષીને રાજી કર્યા. (૪૩).

સદ્‌બુદ્ધિવાળો (સુધી) એ (રાજા) ત્યાંથી પગે ચાલીને ઝડપથી જયાં યોગીવર દત્તપ્રભુ વસે છે તે માહૂરગઢ પર આવ્યો. (૪૪). ત્યાં આશ્રમમાં ધ્યાનમાં બેઠેલા દત્તગુરુને જોઇને રાજાએ ભાવથી સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા. (૪૫). કરોડો કામદેવના જેવું એ રૂપ જોઇને, રાજાને અંતરમાં અનહદ આનંદ થયો અને વારે વારે વંદન કરવા લાગ્યો. (૪૬). પ્રેમભાવથી કંઠ ગદ્‌ગદ્ થઇ ગયો. આંખોથી આંસુની ધાર વહેવા લાગી અને સાચે જ હું દર્શન માત્રથી પાવન થઇ ગયો, એવું કહેવા લાગ્યો. (૪૭). વિવિધ યોનિમાં ભટકતાં ભટકતાં સદ્‌નસીબે આજે ભગવાનનાં ચરણનાં દર્શન થયાં અને મારાં જન્મોજન્મનાં કામ સફળ થયાં. (૪૮). યોગ કે યાગથી જે ક્યારેય પણ હાથમાં આવતા નથી તેમના મેં મારા પૂર્વ પુણ્યના બળે આજે મારી આંખે દર્શન કર્યાં. (૪૯). મનમાં આવું વારંવાર વિચારીને સુજ્ઞ (સમજુ) એવા આયુરાજાએ પ્રભુનાં ચરણને વંદન કર્યાં. (૫૦).

એના મનની પરીક્ષા કરવાના હેતુથી શ્રીગુરુએ કૌતુક થાય એવી, કલ્પના પણ ન કરી શકાય એવી લીલા કરી અને એક યુવતીનું સર્જન કરીને એને ખોળે બેસાડી એને પ્રેમથી ચુંબન કરવા લાગ્યા. એને આલિંગન આપીને આંખના કટાક્ષે કામી માણસના જેવી ચેષ્ટા કરવા લાગ્યા અને વિવિધ રીતે પ્રેમ-સ્નેહ દર્શાવવા લાગ્યા. તો પણ રાજાને મનમાં કંટાળો ના આવ્યો. (બીજો ખરાબ ભાવ પણ ના જાગ્યો.) (૫૧-૫૩). એણે (આયુરાજાએ) મનમાં વિચાર્યું કે આવા ખેલ કરીને (રમત રમીને) એ ચોક્કસ મને ભગાડવા માટે પ્રયત્ન કરે છે એમાં કોઇ શંકાને સ્થાન નથી. (૫૪). એ બહુરૂપી છે. એનો પાર કોણ પામી શકે એમ છે? ત્યાં તો દત્તપ્રભુ બોલ્યા કે તું અહીંથી જતો રહે. (૫૫). હું બહિષ્કૃત છું અને ધર્મ કે અધર્મ કશું જાણતો નથી એ તને નથી દેખાતું? શું તું આંધળો છે? તું અહીંથી જતો રહે નહિતર તારો જીવ જશે. મારો ક્રોધ ખૂબ ભયંકર છે. હું સંસ્કાર વિનાનો છું જયારે તું સંસ્કારી છે. તું નકામું મોત શા માટે માગે છે? (૫૬-૫૭).

રાજાએ વંદન કરીને કહ્યું કે મને કોઇ પ્રકારનો ભય નથી. જ્ઞાની પુરુષો કદી પણ શાપ આપતા નથી એવું હું ચોક્કસ માનું છું. (૫૮). જે અન્યના શાપથી શાપ પામેલાને તારે છે તે આસમાની સુલતાની થાય તો પણ પોતે કદી પણ શાપ આપતા નથી. (૫૯). સમર્થ ઘરનાં કૂતરાંથી કાળ પણ ડરે છે. તો પછી મને શાનો ડર? હું તો આપ જેવા સમર્થને શરણે આવ્યો છું. (૬૦). હું આપનું નામ (અને નામના) સાંભળીને અહીંયાં આવ્યો છું. એટલે હું અહીંથી જવાનો નથી. તમારા ચરણે આ દેહ સમર્પિત કરી દીધો છે એટલે હવે મારવું હોય તો મારો અને તારવું હોય તો તારો. (૬૧). વેદો એ તારા શ્વાસ છે. તું વેદોનો પિતા છે. (તેં વેદો ઉત્પન્ન કર્યા છે.) તું દેહમાં હોવા છતાં દેહથી પર છે અને ત્રણે ગુણો વગરનો છે. (૬૨). શાસ્ત્રો મૂઢને બંધનમાં બાંધે છે, જ્ઞાનીને નહિ. આમ કરવું (વિધિ) અને આમ નહિ કરવું (નિષેધ) એવું તારા જેવા જ્ઞાનીને હોતું નથી. તું તો અસંગ રહેનારો છે. (૬૩). હે સચ્ચિદાનંદની ખાણ એવા પ્રભુ ! જો દેહને એનો પડછાયો બાંધી શકે તો હે બુદ્ધિના પરમેશ્વર ! તને માયા બાંધી શકે. (૬૪). તું પોતે જ પૂર્ણ છે, સર્વજ્ઞ છે. તું અન્યથી અસ્પૃષ્ટ છે અને અભંગ છે. તું અજ અને અક્ષય છે. પછી તને ધર્મ કે અધર્મ શાના હોય? (૬૫).

આવું કહીને ત્યાંથી ખસ્યા વગર રાજાએ વંદન કર્યા. દત્તપ્રભુ ક્રોધથી મારે તો પણ (આયુરાજા) ખસતો નથી. (૬૬). ભગવાન પણ અનેક પ્રકારની યુક્તિ-પ્રયુક્તિ કરીને એને ભગાવવા માટે પ્રયત્ન કરે છે તો પણ દ્દઢ મન

રાખીને, અપમાન સહન કરીને એ ત્યાં જ ઊભો રહ્યો. (૬૭). આવું જોઈને ભગવાન બોલ્યા કે જો તું સેવા કરશે તો જ હું તને રાખીશ નહિતર તું અત્યારે જ જતો રહે. (૬૮). એમનાં વચન સાંભળીને આયુરાજા બોલ્યો કે હે પ્રભુ ! આપની આજ્ઞા શિરોમાન્ય છે. આ દાસ આપની સેવામાં ઊભો છે. આપ એમાં શંકા કરશો નહિ. (૬૯). દત્તપ્રભુએ કહ્યું કે જો એમ જ હોય તો (એટલે કે સેવા કરવાનો જ હોય તો) તું રોજ રોજ તાજું માંસ તેમજ મદ્ય ખપ્પરમાં લાવીને મને આપ. (૭૦). આમ છતાં રાજા મનથી ચલાયમાન થયો નહિ અને પશુબુદ્ધિથી માંસ અને સોમયજ્ઞની બુદ્ધિથી મદ્ય લાવી આપતો હતો. (૭૧). યજ્ઞમાં હવિ ખાઇને પણ જે ધરાતા નથી તે મદ્ય અને માંસ ખાઇને 'હું ધરાઇ ગયો' એવું બોલતા હતા. (૭૨).

આ રીતે સો વર્ષ સુધી આયુરાજા ત્યાં દાસભાવથી રહ્યો. જાત જાતની રમતો જોવા છતાં એ કદી શંકા કરતો નહિ. તેમ જ સુજ્ઞ એવો આયુરાજા મનમાં કદી પણ ખોટા તર્કો કરતો ન હતો. એની દઢતા જોઇને પ્રભુ પ્રસન્ન થયા. (૭૩-૭૪).

એક દિવસ પ્રસન્ન થઇને (દત્તપ્રભુ) બોલ્યા કે હે રાજા ! તારી નિષ્ઠા જોઇને મને ખૂબ સંતોષ થયો છે. તેથી તું વરદાન માગ. (૭૫). તેં શંકા લાવ્યા વગર મારી આજ્ઞાનું પાલન કર્યું છે અને ભાવથી મારી સેવા કરી છે એટલે તું ઇષ્ટ વરદાન માગ.③ (૭૬). મને નહિ ઓળખનાર મૂઢ લોકો મને સ્થૂળ દૃષ્ટિથી જુએ છે તેથી તેઓ મારું તત્ત્વ સમજી શકતા નથી અને અજ્ઞાનતાને કારણે મારામાં દોષ જુએ છે. (૭૭). એ લોકો મારી નિશ્ચલ નિ:સંગતાને જાણતા નથી અને તેથી અજ્ઞાનતાને કારણે મારા પર ભોક્તૃત્વ (ભોગ ભોગવનાર)નું આરોપણ કરે છે. (૭૮). આ 'હું કરું છું' એવું અભિમાન મારામાં ન હોવાથી પછી હું આ ભોગવું છું એવો ભાવ મારામાં આવે જ ક્યાંથી? હું યજ્ઞનો ઇશ્વર છું, હું યજ્ઞમાં હોમાયેલું ખાનાર છું અને છતાં કશું ખાતો જ નથી. (૭૯). જીવ કર્મનું ફળ ભોગવે છે જયારે હું કર્મફળ પ્રત્યે તટસ્થ (નિર્લેપ) છું. હું બધાનો સાક્ષીમાત્ર છું અને અહંકાર વિનાનો રહું છું. (૮૦). હું હંમેશાં સચ્ચિદાનંદમય છું અને બધાનો ચાલક છું અને બધાને પ્રકાશિત કરનારો છું. હું બધું ખાવા છતાં હંમેશનો ભૂખ્યો જ રહું છું. માટે હું અલિપ્ત (નિર્લેપ) છું. (૮૧). મારી કૃપા વગર મને કોણ જાણી શકે? હે રાજા ! તને ધન્ય છે. હું તારા પર પ્રસન્ન થયો છું. તું સુખેથી વરદાન માગ. (૮૨).

દત્તપ્રભુનાં આવાં વચન સાંભળીને રાજા રાજી થયો અને બોલ્યો કે હે પ્રભુ ! તમે પ્રસન્ન થયા તેથી હું તો પાવન થઇ ગયો. (૮૩). હે ત્રિમૂર્તિ સ્વરૂપ દત્તપ્રભુ ! તમે પ્રસન્ન થયા પછી શું દુર્લભ હોય? આમ છતાં હે પ્રભુ ! હું નિ:સંતાન છું. મને પુત્રનું વરદાન આપો. (૮૪). મને પિતૃભક્ત, સત્પુરુષો દ્વારા માન્ય, ધાર્મિક, શૂરવીર, દેવો અને બ્રાહ્મણોનો ભક્ત, પૂજ્ય, હોશિયાર (દક્ષ), પ્રજ્ઞાવંત, સાચા રસ્તે ચાલનારો, પ્રજાના હિતનું પાલન કરનારો, દેવ અને દાનવથી ન જીતાય એવો, રણ મેદાનમાં ક્રૂર, સંયમી, શરણે આવેલાનું રક્ષણ કરનારો, સારી (સુ) બુદ્ધિ (ધી)વાળો, અનાથનું પાલન કરનાર, દાતા, યજ્ઞ કરાવનારનો ભક્ત, જેની વીરતા ગવાય એવો, નમ્ર અને ચક્રવર્તી એવો પુત્ર હે ગુરુદેવ ! હું માગું છું. દત્તપ્રભુ બોલ્યા કે આવો પુત્ર હોવો એ તો અલભ્ય છે છતાં પણ તેં ઇચ્છા રાખી છે તેવો પુત્ર તું તરત પામીશ. હે સુજ્ઞ ! તું હવે સુખેથી જા. એની કીર્તિ ચારે દિશામાં ફેલાશે અને એ ઇંદ્રના જેવો મહાન થશે. (૮૫-૮૯). સારો (અને સાચો) ભક્ત માનીને તને નિરાશ કરવો યોગ્ય લાગતું નથી એટલે આ દુર્લભ હોવા છતાં જા તને એ વરદાન આપું છું. (૯૦).

આ સંસાર સ્વપ્ન સમાન છે અને કેવળ નશ્વર છે. સમજુ થઇને પણ તેં આવું પુત્રાદિકનું સુખ શું માગ્યું? (૯૧). આ માનવ શરીર ખરેખર મુક્તિ પામવાનું દ્વાર છે. તને સદ્નસીબે એ (માનવ શરીર) મળ્યું ત્યારે અરેરે ! તેં આવું ક્ષણભંગુર (વરદાન) માગ્યું? (૯૨). તું માયાથી મોહ પામેલો હોવાથી તને આવા અવરોધો (વિઘ્નો) નડે છે અને તેથી

જ તું પુત્રની ઇચ્છા રાખે છે અને એ સિવાય મનમાં બીજું કશું ઇચ્છતો નથી. (૯૩). હે રાજા ! આવું પણ સારાં કર્મો (પુણ્ય) વિના બનતું નથી. પુત્રપ્રાપ્તિની ઇચ્છાથી (સકામ) ભજન કરતાં તું નિષ્કામ થઇશ અને અંતે જ્ઞાન પામીને હે સુજ્ઞ ભક્ત ! તું મોક્ષના સુખને પામીશ. તું જા. ભાવથી ભજન કર. મેં આપેલું વરદાન સાચું પડશે. (૯૪-૯૫).

સવારે રાંધેલું અન્ન સાંજે બગડી જાય છે. આવા અન્નથી પોષાયેલો દેહ કેવી રીતે કાયમ રહી શકે? (૯૬). લોકો પોતાની સગી આંખે આ બધું જુએ છે છતાં તેઓ માયાને વશ થઇને મોહમાં પડે છે. ખરેખર ! માયા તરવી ઘણી મુશ્કેલ છે.(૪) (૯૭). જેમ શેઠ સાથે મૈત્રી કરવાથી શેઠની કૂતરી આપણને વશ થાય છે તેમ જે કોઇ બીજું બધું છોડી મને ભજે છે તે જ એ (માયા)ને તરી શકે છે. (૯૮). આમાં તારો કોઇ દોષ નથી. તું હવે જા. તને સુપુત્ર થશે. આ ફળ તું જઇને તારી પત્નીને ખાવા માટે આપજે. (૯૯). આવું બોલીને શ્રીગુરુએ એને એક ફળ આપ્યું. ગુરુના ચરણકમળમાં ભાવપૂર્વક વંદન કરીને પછી રાજા ગયો. (૧૦૦).

ખરેખર ! સાધુપુરુષની (સત્પુરુષની) કરેલી સેવા કદી નિષ્ફળ જતી નથી અને તેથી જ આયુરાજા આવું દુર્લભ વરદાન પામી શક્યો. (૧૦૧). આગળ ઉપર પુત્રનો જન્મ થશે એટલે આનંદ આનંદ થઇ જશે. **રંગ** કહે છે કે બીજા બધા ફંદ છોડી દઇને ગુરુવરને ભજો. (૧૦૨).

શ્રી દત્તપ્રભુનાં ચરણકમળના ભ્રમર એવા બ્રહ્મચારી પાંડુરંગ (રંગ અવધૂત)મહારાજ દ્વારા રચિત શ્રીગુરુલીલામૃતનો અલખ અને નિરંજનના સંવાદરૂપે **'આયુવરપ્રદાન'** નામનો **તેંતાલીસમો** અધ્યાય સમાપ્ત થયો.

●

## પાદટીપ :

### અધ્યાય : ૪૩

(૧) દોહરા ૧૬ થી ૧૮ પુત્ર પ્રાપ્તિની અનિવાર્યતા સમજાવે છે. 'પું' નામ નરકાત્ ત્રાયતે સ પુત્ર: એવી પણ પુત્રની એક વ્યાખ્યા છે. લગ્નજીવન પાછળના ત્રણ હેતુ સમાજશાસ્ત્ર નોંધે છે. (૧) ધર્મનું પાલન કરવા (દા.ત. યજ્ઞ કરવો) પત્ની જોઇએ. (૨) રતિ-જાતીય વૃત્તિ સંતોષવા અને (૩) સંતાન પ્રાપ્તિ.
સંતાનને જન્મ આપીને, માતૃત્વ પામીને સ્ત્રી સંપૂર્ણ સ્ત્રીત્વનો અનુભવ કરે છે અને પિતા પણ સર્જનનો આનંદ મેળવે છે. ઉપનિષદ તો કહે છે તેમ પહેલું સંતાન એ પિતા પોતે જ હોય છે. સંતાન પ્રાપ્તિની અદમ્ય ઇચ્છા હોવાથી તો આ સંસાર ચાલે છે. ભાગવતમાં નારદે સંસારનો વિસ્તાર થતો અટકે એવો ઉપદેશ આપીને ભગવાન માટે ચિંતા ઊભી કરી હતી તેનું વર્ણન છે.

(૨) દોહરા ૨૬ થી ૨૮ ધ્યાનથી વાંચવા જેવા છે. સચ્ચિદાનંદ મગ્ન, શ્રોત્રિય અને બ્રહ્મનિષ્ઠ સદ્‌ગુરુમાં પ્રારબ્ધ ફેરવવાની શક્તિ છે. પરમ ચેતના સાથેનું એમનું અનુસંધાન કાયમનું હોવાથી એમની ઇચ્છા પ્રમાણે પ્રકૃતિ પણ વર્તે છે. ભાગવતમાં ભગવાન શ્રીકૃષ્ણે સુદામાના પ્રારબ્ધમાં લખાયેલું 'શ્રીશય:' ઉલટાવીને 'યશશ્રી:' કર્યું હતું અને તેથી દ્વારકાથી પોરબંદર આવ્યા ત્યારે પરિસ્થિતિ બદલાઇ ગઇ હતી. એ વાત જાણીતી છે. સિદ્ધ પુરુષો

ચમત્કાર કરતા નથી પરંતુ તેઓ જેવી ઇચ્છા કરે, સંકલ્પ કરે તે પ્રમાણે પ્રકૃતિ વર્તે છે.

(૩) આયુરાજાની દાસ્ય ભક્તિ છે. 'સેવા' કરવાનું સહેલું નથી. સેવકે કેવળ સ્વામીનો જ વિચાર કરવાનો રહે છે. 'સેવાધર્મ: પરમ ગહનો યોગીનામપ્યગમ્ય: |' એ વિધાન એવું સૂચવે છે કે સેવા દ્વારા સ્વામી વશ થઇ જાય છે. અંતે સેવક પોતે સ્વામી થઇ જાય છે. સેવકને રાજી રાખવા સ્વામી હંમેશાં વિચાર કરતો રહે છે. દત્તપ્રભુએ એને 'વરદાન માગ' એવું નથી કહ્યું, પણ 'ઇષ્ટ' વરદાન માગ એવું કહ્યું છે.

(૪) દોહરા ૯૭-૯૮.

દૈવી હ્યેષા ગુણમયી મમ માયા દુરત્યયા |
મામેવ યે પ્રપદ્યન્તે માયામેતાં તરન્તિ તે ||
(ગીતા અ. ૭ / શ્લોક ૧૪)

અર્થ : મારી આ ત્રિગુણમયી દૈવી માયા ઓળંગવી અત્યંત મુશ્કેલ છે, પરંતુ જેઓ મને નિરંતર ભજે છે, તેઓ આ માયાને ઓળંગી જાય છે.

●

## અધ્યાય : ૪૪

આ અધ્યાયનું નામ '**રાજપુત્રજનન**' છે. આ અધ્યાયમાં **૧૨૧** દોહરા છે.

આયુરાજાએ પુત્રનું વરદાન માગ્યું તે દત્તપ્રભુએ આપ્યું અને વિચાર્યું કે ધીમે ધીમે એ મુક્તિના પંથે પળશે. વરદાન મેળવીને આયુરાજા નગરમાં આવ્યો. પત્નીને ફળનો પ્રસાદ આપ્યો અને આયુપત્ની ઇંદુમતી ગર્ભવતી થઇ. (૧-૧૪).

ઇંદુમતીને સ્વપ્નમાં અતિ દિવ્ય મહાપુરુષનાં દર્શન થયાં. સ્વપ્નમાંથી જાગૃત થતાં એણે રાજાને વાત કરી. રાજાએ કહ્યું કે હવે તું ફરીથી સૂઇશ નહિ. ભગવાનનું સ્મરણ કરતી રાણી સવાર સુધી જાગતી રહી. (૧૫-૩૪).

સવારે શૌનક મુનિને બોલાવીને વાત કરી એટલે એણે એ ઉત્તમ સ્વપ્નનું ફળ જણાવ્યું કે રાણીને ગર્ભ રહ્યો છે અને વિષ્ણુભક્ત એવો પુત્ર થશે. (૩૫-૪૪).

શૌનક મુનિએ સંભળાવેલા સ્વપ્ન-ફળથી સ્વર્ગમાં પણ આનંદ થયો. જ્યારે આયુરાજા દત્તપ્રભુ પાસે ગયો હતો ત્યારે હુંડ નામનો એક રાક્ષસ જન્મ્યો હતો અને એણે બધાને ત્રાહિ ત્રાહિ પોકરાવ્યા હતા. અશોક સુંદરીને બળાત્કારથી હરી લાવતાં સુંદરીએ તેને શાપ આપ્યો કે આયુપુત્ર તને મારશે. (૪૫-૫૦).

હુંડાસુરની દીકરી સ્વર્ગમાં રમવા ગઇ હતી ત્યારે એણે ચારણોના મોઢે સાંભળ્યું કે ઇંદુમતીના ગર્ભમાં જે આયુપુત્ર છે તે હુંડાસુરને મારશે. એટલે હુંડાસુરે ઇંદુમતીના ગર્ભને મારવાનો પ્રયત્ન કર્યો પણ સફળ થયો નહિ. તે રાણીને ખરાબ સ્વપ્નો દેખાડીને હેરાન કરતો હતો. આખરે રાણીએ પુત્રને જન્મ આપ્યો. હુંડાસુર એનું શું કરવું એનો વિચાર કરે છે. (૫૧-૧૨૧).

પુત્રપ્રાપ્તિનું વરદાન પામીને, સંતોષ પામતો, આયુરાજા ત્યાંથી ઝડપથી નગરમાં આવ્યો. (૧). (આયુરાજા) આવો સુજ્ઞ હોવા છતાં એણે પુત્ર વિના બીજું કશું માગ્યું નહિ. એને અર્થાર્થી જાણીને ગુરુએ વરદાન આપ્યું. (૨). ગમે તે પ્રકારની ભક્તિ હોય (અર્થાર્થી, આર્ત કે જીજ્ઞાસુ) પણ એ ક્રમે ક્રમે છેવટે પરાભક્તિમાં જ પરિણમે છે. (૩). એવું જાણીને શ્રીગુરુએ એને નિરાશ ન કર્યો (અને માગ્યું તે આપ્યું). પરમાત્મા વ્યક્તિની જે પ્રકારની ભક્તિ હોય તે ભક્તિને આશિષ આપીને પોષે છે.① (૪).

જો પૂર્વજન્મનું પુણ્ય ના હોય તો વ્યક્તિ અજ્ઞાનતાને લીધે ક્ષુદ્ર (હલકા) દેવની ભક્તિ કરે છે. પરિણામે એ વ્યક્તિ જન્મ-મરણમાંથી છૂટતી નથી. (૫). દયાઘન એવા દત્તગુરુ તો સાક્ષાત્ પરાત્પર બ્રહ્મ જ છે. એને સકામ ભાવે પણ ભાવપૂર્વક ભજતાં વ્યક્તિ ક્રમે ક્રમે અધિકારી બને છે અને એનું કદી પણ પતન થતું નથી અને એ જન્મમૃત્યુને ચોક્કસપણે તરી જાય છે, એમાં શંકાને કોઇ સ્થાન નથી. (૬-૭). ભક્તને પછી કામના ધીમેધીમે (ઇચ્છા) રસ વગરની લાગે છે અને પરિણામે ભક્ત નિષ્કામ થઇ જઇને આખરે તરે છે. એ તું જાણ. (૮). આવું રહસ્ય મનમાં સમજીને શ્રીગુરુદેવ રાજાને તરત જ વરદાન આપીને રાજી કરે છે. (૯).

રાજા મહેલમાં આવ્યો અને રાણીને મળ્યો અને કહ્યું કે હે પ્રિયે ઇંદુમતી ! દત્તગુરુવર મારા પર પ્રસન્ન થયા છે. (૧૦). સાક્ષાત્ ત્રિમૂર્તિ એવા દત્તપ્રભુએ જાતે મને વરદાન આપ્યું છે. તેથી હવે કુળને તારનાર પુત્ર ચોક્કસ

થશે. (૧૧). એમ કહીને એણે ફળનો પ્રસાદ આપ્યો અને કહ્યું કે આ પ્રસાદ-ફળ ખાવાથી તને ચોક્કસ સત્પુત્ર થશે. (૧૨). હવે તું જરા પણ ચિંતા કરીશ નહિ. હવે વંશનો વિસ્તાર થશે. એ વચનો સાંભળીને રાણીને અતિશય આનંદ થયો. (૧૩). એણે આનંદથી વરદાનમાં મળેલું ફળ ખાધું. પછી ઋતુસ્નાતા (માસિક ધર્મ આવ્યા પછીનું સ્નાન કરેલી) થયા પછી પતિ સાથે આનંદથી વિષયસુખ ભોગવતાં એ ગર્ભવતી થઇ. (૧૪). ભોગ ભોગવ્યા પછી પથારીમાં પડતાં જ્યાં નિદ્રાધીન થઇ ત્યાં જ સ્વપ્નમાં એકાએક અતિ દિવ્ય મહાપુરુષને નજરોનજર જોયો.

એ ચાર હાથવાળા પુરુષના કંઠે હાર, કાને કુંડળ, હાથે કેયૂર અને કંકણો તથા માથે મુગટ શોભતો હતો. એણે શ્વેત વસ્ત્ર પહેર્યું છે અને સુગંધિત વસ્તુનો લેપ કર્યો છે. (૧૫-૧૭). શેષના છત્ર જેવી, રત્નથી અંકિત જેની ફણા છે તે એ પુરુષના માથા પર શોભે છે અને હાથમાં શંખ વગેરે (શંખ, ચક્ર, ગદા અને પદ્મ) આયુધો છે. (૧૮). મુખ ઉપરની હાસ્યની છાયા મોહ પમાડે એ રીતે શોભી રહી છે. કેવળ પોતાના ભક્તોને જ સમજાય એવી એ જાણે ચિત્શક્તિ જેવી છે. (૧૯). તેજથી દિશાઓ ઝગમગે છે, શ્વાસમાં સુગંધ મહેકે છે અને જે દર્શનમાત્રથી વિષય વાસનાની ગંધ હરી લે છે. (૨૦).

આવો પુરુષ ત્યાં એના (ઇંદુમતીના) હાથમાં મોતી આપે છે અને એના મસ્તક પર શંખમાંથી દૂધનું પ્રોક્ષણ કરે છે. (છાંટે છે.) (૨૧). સ્વપ્નમાં જોયેલાં દૃશ્યને ફરી ફરી યાદ કરીને એ અતિ નમ્ર બનીને કહેવા લાગી કે સ્વપ્નમાં મેં જે જોયું તે ખરેખર ભગવાનનું જ સ્વરૂપ હતું અને જોતજોતામાં એ એકદમ ક્યાં ગુપ્ત થઇ ગયું? (૨૨-૨૩). વિષયોનું ચિંતન છોડીને ઋષિમુનિઓ જેનું ચિંતન કરે છે તેણે સ્વયં મને દર્શન આપ્યું પરંતુ મારાં પાપ આડે આવ્યાં તેથી અદૃશ્ય થઇ ગયું ! (૨૪). શું એ વિષ્ણુ ભગવાન હશે? મારી આંખ તૃપ્ત થાય તે પહેલાં જ દર્શન આપીને તરત જ અદૃશ્ય થઇ ગયા. (૨૫). સ્વર્ભાનુ રાજાની દીકરી અને આયુરાજાની પટરાણી એવી ઇંદુમતી એ રૂપમાં તન્મય થઇ ગઇ. (૨૬). સૂનમૂન બનીને બધી દિશામાં જોવા લાગી અને કહેવા લાગી કે અરેરે ! હે દેવ ! તમે પ્રેમ લગાડીને ક્યાં જતા રહ્યા? (૨૭). એ સ્વરૂપમાં ફરી દર્શન ન થતાં, અંતરમાં એ છબીનું વારંવાર સ્મરણ કરીને સતી (રાણી ઇંદુમતી)એ રાજીપો માણ્યો. (૨૮). એ દેવકૃપા છે એમ માનીને હૃદયમાં આનંદ પામતી એણે રાજાને કહ્યું કે મેં હમણાં જ બાલમુકુંદને જોયા. પરંતુ જાગીને જોયું તો એ દેખાયા નહિ. એ ક્યાં ગયા હશે? આ વાત સાંભળીને રાજાને અતિશય આનંદ થયો. (૨૯-૩૦).

રાજાએ રાણીને કહ્યું કે હવે તું પાછી ઊંઘી જઇશ નહિ. તો એ શુભ સ્વપ્ન ચોક્કસ સાચું પડશે એમ તું માન. (૩૧). ભગવાને સ્વપ્નમાં જે કૃપા કરી છે એનું ફળ (સંકેત) શૌનિક ઋષિ ચોક્કસ કહેશે. (૩૨). તેમ છતાં, આ સ્વપ્નને, દૈવી સ્વપ્ન માનીને તું ફરીથી સૂઇ જઇશ નહિ. રાજાનું કહેવું સતીએ માન્યું. (૩૩). સ્વપ્નમાં જોયેલી છબીનું હૃદયમાં સ્મરણ કરતી રાણી બેસી રહી ત્યાં તો સૂર્યોદય થયો એટલે બંને (રાજા અને રાણી)એ સ્નાન કર્યું. (૩૪). એ બંને સુજ્ઞજનોએ પ્રાત:કર્મ કરીને મંગલ દ્રવ્યનો સ્પર્શ કર્યો અને મુનિને બોલાવ્યા અને રાજાએ (મુનિને) ભવ્ય સ્વપ્ન કહી સંભળાવ્યું. (૩૫).

એ મંગલ સ્વપ્નની વાત જાણીને શૌનક મુનિ બોલ્યા કે હે રાજા ! આ ઉત્તમ સ્વપ્ન છે અને એનું ફળ તું સાંભળ. (૩૬). તેં મનમાં જે ઇચ્છા રાખીને દત્તને આરાધ્યા હતા તે તારી ઇચ્છા પૂરી થઇ છે. તું હવે એ અંગે મનમાં શંકા કરીશ નહિ. (૩૭). તું ખરેખર ખૂબ જ ભાગ્યશાળી છે. ફળ ખાવાથી રાણી ગર્ભવતી થઇ છે. આ દત્તે આપેલું છે એમ માનજે. (૩૮). તારી મહેનત ફળી છે અને તેને પુત્ર પણ થશે. આ પુત્ર દિક્પાળના અંશ સમો, સમજુ, ઇંદ્રિયોને વશ કરનારો અને વિષ્ણુભક્ત થશે. (૩૯). એ સોમવંશના ભૂષણરૂપ અને વિષ્ણુના જેવો વિખ્યાત, સાક્ષાત્ ધર્મમૂર્તિ, તેજસ્વી અને બળશાળી (થશે). (૪૦). એ વેદ-શાસ્ત્રને જાણનારો ભક્ત, સજ્જનોને પાળનાર, પૃથ્વીનો સાર્વભૌમ

રાજા અને અમર નામવાળો થશે. (૪૧). હુંડાસુરને મારીને એ એની કીર્તિ ફેલાવશે એવું આ સ્વપ્ન સૂચવે છે એ તું નિશ્ચિતપણે માનજે. (૪૨).

અગ્નિ આ ગર્ભની ચારે દિશાથી રક્ષણ કરો અને દશ માસ સુધી મૃત્યુના પાશથી જલપતિ વરુણ એનું રક્ષણ કરો. (૪૩). આવું બોલીને એણે પ્રેમપૂર્વક આશીર્વાદ આપ્યા. રાજાએ પણ એમનું પૂજન કર્યું અને પછી વિદાય કર્યા. (૪૪). આ સ્વપ્નફળ (હુંડાસુરને મારશે તે) સાંભળીને દેવો પણ સ્વર્ગમાં રાજી રાજી થઇ ગયા અને પ્રસન્ન થયેલા દેવોએ સુમંગલ આનંદોત્સવ કર્યો. (૪૫). આનંદથી પુષ્પવૃષ્ટિ કરવા લાગ્યા, ગંધર્વો ગાન કરવા લાગ્યા, અપ્સરાઓ નૃત્ય કરવા લાગી અને દુંદુભિ વાગવા લાગ્યાં. (૪૬).

પુત્રની ઇચ્છાથી જ્યારે આયુરાજા દત્તપ્રભુના આશ્રમે ગયો હતો ત્યારે પૃથ્વી પર હુંડાસુર નામનો દૈત્ય જન્મ્યો હતો. (૪૭). એણે આખી પૃથ્વી જીતી લીધી અને દેવોને પણ જીતી લીધા. આ રાક્ષસ ઇચ્છામાં આવે તેમ વર્તનારો અને મુશ્કેલીથી સામનો કરાય એવો હતો. (૪૮). એણે અતિ સુંદર એવી શિવકન્યા અશોક સુંદરીનું બળજબરીથી હરણ કર્યું હતું તો પણ એ સુંદરી એને વશ થઇ ન હતી. (૪૯). એને ધિક્કારતાં એ સુંદરીએ કહ્યું કે હે દુષ્ટ ! તને આયુરાજાનો પુત્ર ચોક્કસ મારશે. (૫૦). આવો શાપ સાંભળીને એ દુષ્ટે એને કેદખાનામાં પૂરી દીધી અને ત્યાં જઇ એને રોજ ડરાવતો હતો. (૫૧).

એ (હુંડાસુર)ની દીકરી સ્વર્ગમાં પોતાની બહેનપણીઓ સાથે નંદનવન (ઇન્દ્રના બગીચા)માં આનંદથી રમતી હતી ત્યારે આ શત્રુ (હુંડાસુર)ની દીકરી છે એવું ન જાણતા હોવાથી, દેવોના ઉત્સવમાં ચારણોને એવું બોલતા સાંભળ્યા કે ઇંદુમતીના ગર્ભમાં જે આયુપુત્ર છે તે હુંડાસુરને મારીને એનું અભિમાન ઉતારશે. (૫૨-૫૪).

ગાય અને બ્રાહ્મણોને ત્રાસ આપનાર અને દેવોનો શત્રુ એવો (હુંડાસુર) પોતે નિર્ભય હોય એ રીતે એ દુષ્ટ અભિમાનમાં સૂતો છે. (૫૫). સારું અને નરસું જાણ્યા વગર મનફાવે તેમ એ વર્તે છે. પરંતુ એને ખબર નથી કે એને માથે મોત ભમે છે. (૫૬). ભગવાને જે નિર્માણ કર્યું હોય છે તે ટળતું નથી એટલે એ ચોક્કસ મરાશે. એણે ત્રણે લોકને (સ્વર્ગ, પૃથ્વી, પાતાળ) હેરાન-પરેશાન કર્યા છે તેથી એ એના પાપે મરશે. (૫૭). ચારણોને આવું બોલતાં સાંભળીને કાંચનપુરમાં આવીને એ કન્યાએ પિતાને બધી વાત કરી. (૫૮). ધનુષ્ય ખીંટીએ ટાંગીને (લટકાવીને) હંમેશાં સૂતો રહેતો હુંડ આ સાંભળીને મનમાં ચમક્યો. (૫૯).

એવામાં એને શિવકન્યાનાં શાપવચન યાદ આવ્યાં તેથી ભયથી બીધો અને તરત જ ઊઠ્યો. (૬૦). ગુપ્તપણે એ આવ્યો અને કોઇ ન જુએ એમ સંતાઇને એ ઇંદુમતીને જોવા લાગ્યો. એનું શ્યામ મોં અને ભરાવદાર સ્તન જોઇને મનમાં બોલ્યો કે આની સ્થિતિ બદલાઇ ગઇ છે. એ ચોક્કસ ગર્ભવતી છે એમ સૂચવે છે. હવે કોઇ પણ જાતની શંકા કર્યા વગર એનો ગર્ભપાત કરવો જોઇએ. (૬૧-૬૨). હજી એને પ્રસૂતિ થઇ નથી એટલે એ પહેલાં જ એના ગર્ભસ્થ પુત્રને હું મારી નાંખું. એમ વિચાર્યું ત્યાં તો રાણીની આસપાસ વેગથી ફરતું સુદર્શન ચક્ર જોયું. એ જોઇને રાક્ષસનું મન થરથર કંપવા લાગ્યું. (૬૩-૬૪).

દૂર ઊભો રહીને એ બધું જોતો હતો. એ વિચારવા લાગ્યો કે આનું આમ ગુપ્ત રીતે કોણ રક્ષણ કરી રહ્યું છે તે સમજાતું નથી. બધા જ પ્રયત્નો નિષ્ફળ જાય છે. (૬૫). સ્વર્ગ, પૃથ્વી કે પાતાળમાં મારા જેવો બળિયો નથી. તો આ કોણ છે? (કોણ જાગ્યો છે?) (૬૬). આ રાણીનું મુખ ખરેખર ઉષઃકાલના સૂર્યની જેમ તેજવાળું જણાય છે. આ દૈવી ગર્ભ છે, એની એ સાબિતી છે. (૬૭). ખરેખર ! ગર્ભમાં કોઇ ભયંકર શત્રુ જાગ્યો છે. જો એ જીવતો જન્મશે તો મને શોક કરાવશે. (૬૮). જો હું એનો પ્રાણ લેવા માટે પ્રયત્ન કરીને મથું છું તો વચ્ચે આ સુદર્શન ચક્ર આડું આવે છે. (૬૯).

મને કાંઇ સમજાતું નથી (બુદ્ધિ કુંઠિત થઇ) શક્તિ બધી હણાઇ ગઇ, જીવનદોરી જાણે તૂટી ગઇ. ખરેખર કોઇ બળિયો (દુશ્મન) જાગ્યો છે. (૭૦). દુષ્ટને થયું, આમ છતાં પ્રયત્ન કરવાનું તો ચાલુ જ રાખવું જોઇએ. પ્રયત્ન કર્યા પછી પણ જો મોત ના ટળે તો પ્રારબ્ધ બળવાન છે એમ સ્વીકારવું. (૭૧). પ્રયત્ન કર્યા પછી પણ જો ન થઇ શકે તો પછી એમાં આપણો કોઇ દોષ (વાંક) નથી. આવું વિચારીને એ દુષ્ટે ત્યાં માયાજાળ ફેલાવી. (૭૨).

રાણીને બિહામણાં સ્વપ્નો દેખાડીને એ દુષ્ટ હુંડાસુરે એને બિવરાવવાનું શરૂ કર્યું. (૭૩). ગર્ભમાંથી મસ્તક અને ધડ છૂટાં થઇને બહાર પડતાં હોય એવું સ્વપ્નમાં જોઇને રાણી ચમકવા લાગી. (૭૪). એ મનમાં ગભરાઇ ગઇ અને તરત જ ઊઠી પડી અને વિચારવા લાગી કે આવું અશુભ કેમ દેખાય છે? એ શું ખરાબ બનવાનું સૂચન કરતું હશે? (૭૫). દત્તપ્રભુનાં વરદાનથી ચોક્કસ આ ગર્ભ રહ્યો છે તો પછી આવાં દુ:સ્વપ્નો કેમ આવે છે? આ બધાં ખરાબ ચિહ્નો હોય એવું લાગે છે.② (૭૬). દત્તપ્રભુનાં ચરણનું સ્મરણ કરીને એ સારી રીતે સ્વસ્થ થઇ અને ગર્ભને સુરક્ષિત જોઇને પાછી ઘસઘસાટ ઊંઘી ગઇ. (૭૭).

સવારે ઊઠીને સ્વપ્નની બીકને લીધે જલદી જલદી સ્નાન કરીને સૂર્યની પ્રાર્થના કરવા માંડી. (૭૮). હે નારાયણ! તું દયાનો સાગર છે. હું તને વંદન કરું છું. હે અભય આપનાર રવિ ! હું તને નમું છું. હે ભાસ્કર ! હું તને વંદન કરું છું. (૭૯). મારું બધું પાપ જલદીથી દૂર કરો. આ દુષ્ટ સ્વપ્નને વારીને મારું કલ્યાણ કરો અને દેહને સારો રાખો. (૮૦). યોગીશ્વરે (દત્તે) જે ફળ આપ્યું છે તે સફળ થાઓ અને નિર્વિઘ્ને પુત્રનો જન્મ થાઓ તથા અમારો વંશ વિસ્તરો. (૮૧). હે સ્વામી ! ખરાબ સ્વપ્નથી હું ભયભીત થઇને આપને શરણે આવી છું. હે સવિતા ! આ કુળનું આપ સાક્ષાત્ રક્ષણ કરો. (૮૨). તું જગતને જન્મ આપે છે એ બધા જાણે છે. ખરેખર ! તું આનંદ આપનારો છે. હે રવિ ! આ સંકટ નિવારીને તું નિર્વિઘ્ને પ્રસવ કરાવ. (૮૩). આ રીતે સૂર્યને પ્રાર્થીને એ સ્વસ્થ થઇ. સતીને ખરાબ સ્વપ્ન દેખાતું હતું પણ સુદર્શન ચક્ર દેખાતું ન હતું. (૮૪). સુદર્શન ચક્ર દાવાનળની જેમ એકદમ ઝડપથી ફરતું હતું. એને જોઇને હુંડ ખૂબ ગભરાયો અને હતાશ થઇ ગયો. (૮૫).

(હુંડાસુરના) બધા પ્રયત્નો નિષ્ફળ જતા હતા. જ્યાં ભગવાન રક્ષણ કરનાર હોય અને કાળજી લેનાર હોય ત્યાં પછી ગર્ભનું પતન થાય નહિ. (૮૬). આવું જોઇને એ દુષ્ટ રાક્ષસે ખાવાનું, પીવાનું છોડી દીધું અને (ગર્ભસ્થ શિશુને) છાના માના મારી નાંખવા માટે તે રાત દિવસ જાગવા લાગ્યો. (૮૭).

મુનિજનો જેનું ચિંતન કરે છે એ દત્ત પ્રભુ જાતે જ ગર્ભનું રક્ષણ કરી રહ્યા હોય ત્યારે એ ગર્ભને કોણ મારી શકે? (૮૮). ઘટ ઘટમાં બધે વ્યાપીને રહેલા એ અનન્ય દાતા છે. એને કોણ છેતરી શકે? એની આગળ દૈત્યનો તો શું હિસાબ? (૮૯). (હુંડાસુર) પ્રારબ્ધને ન જાણતો હોવાથી નકામા પ્રયત્નો કરતો હતો. દત્તની કૃપાથી રાણીનો સમગ્ર ગર્ભ વિકાસ પામી રહ્યો. (૯૦).

જ્ઞાની (સુધી) બ્રાહ્મણોને બોલાવીને રાજાએ આનંદપૂર્વક પુંસવનાદિક સંસ્કાર કર્યા અને નારાયણ બલિ(નો વિધિ) કરાવ્યો. (૯૧). વંશ વેલાનો વિસ્તાર થાય અને કુળનો વિસ્તાર થાય એવા હેતુથી રાજાએ અસંખ્ય પ્રમાણમાં વસ્ત્રદાન અને ધનદાન કર્યાં. (૯૨).

દશ માસ પૂરા થવા છતાં રાણીને પ્રસૂતિ થતી નથી એ જોઇને રાજાએ એની સાર સંભાળ લેવા માંડી. (૯૩). હજી એને પ્રસૂતિ કેમ થતી નથી? એને શું વિઘ્ન નડે છે? એને અભિમંત્રિત જલ આપવું જેથી સુખથી પ્રસૂતિ થાય. (૯૪). આવું વિચારીને મંત્ર શાસ્ત્રના જાણકાર બ્રાહ્મણને બોલાવીને અભિમંત્રિત જળ કરી આપવા માટે પ્રાર્થના કરી. (૯૫). રાજાનાં વચનો સાંભળીને બ્રાહ્મણોએ તરત સ્નાન કર્યું અને અશ્વિનીકુમારનું સ્મરણ કરીને બ્રાહ્મણોએ જળ અભિમંત્રિત

કર્યું અને પ્રાર્થના કરી કે હે અશ્વિની દેવ ! સાત ધાતુથી વીંટળાયેલા એ ગર્ભને હવે આપ મુક્ત કરો. (૯૬-૯૭). એ અભિમંત્રિત જળ એક વાર પાતાં જ રાણીએ કોઇ પણ જાતની તકલીફ વગર સુંદર પુત્રને જન્મ આપ્યો. (૯૮).

પાંચે ગ્રહો ઉચ્ચ સ્થાને હતા અને કોઇ ગ્રહનો અસ્ત ન હતો. સર્વ ગ્રહોના એવા સુયોગ સાથે પુત્રનો જન્મ થયો. (૯૯). મધરાતે (આ બાળકના તેજના પ્રભાવથી) બધા દીવાઓ પણ નિસ્તેજ થયા. કેવળ તેજની મૂર્તિ સમો એ બાળક ખૂબ જ ભવ્ય રીતે શોભી રહ્યો હતો. (૧૦૦).

હજાર સૂર્યના જેવું, તેજના ઢગલા સમાન શરીર હતું. એની આ સુંદરતા જોઇને એ ધીરજવાન રાજા પણ રાજી થયો અને કહેવા લાગ્યો કે પિતૃઓના ઋણમાંથી હું હવે મુક્ત થયો છું. એટલે મારી જાતને ધન્ય માનું છું. આ બધી બોલબાલા ગુરુદેવના પ્રતાપે જ છે. એમનાં અજોડ એવાં ચરણને હું વંદન કરું છું. (૧૦૧-૧૦૨). મનમાં સંતોષ પામીને રાજાએ આનંદપૂર્વક સારી રીતે સ્નાન કર્યું અને પુત્રનું જાતક કર્મ કરવા લાગ્યો. (૧૦૩). નાંદીશ્રાદ્ધ વગેરે કરીને પછી એ શૂરવીર રાજાએ ગાય, જમીન, ધન વગેરે ઇચ્છામુજબ (દાનમાં) આપીને બ્રાહ્મણોને રાજી કર્યા.③ (૧૦૪). પુત્રનું મોં પ્રેમથી જોઇને, રાજાએ સુવર્ણની સળીથી પુત્રના મુખમાં આનંદપૂર્વક મધ અને ઘી મૂક્યાં. (૧૦૫). સ્નેહથી પુત્રનું માથું સૂંઘીને પછી મહોત્સવ મનાવ્યો. યાચકોને માગ્યા મુજબ (દાન) આપીને રાજી રાજી કરી દીધા. (૧૦૬).

પુત્રના જન્મની વાત સાંભળીને જ્યોતિષીઓ આવ્યા. જન્મલગ્ન સાધીને કહેવા લાગ્યા કે હે રાજા ! તમે સાંભળો. આવો રાજયોગ આજ સુધી અમે જોયો નથી. આ એવો સુયોગ છે કે (આ પુત્ર) આપબળે સ્વર્ગ મેળવશે. (૧૦૭-૧૦૮). એ ચૌદ વિદ્યા અને ચોસઠે કળાનો જાણકાર થશે અને ત્રણે લોકમાં એની અમર નામના કરશે. (૧૦૯). ખરેખર ! તારું અનેક જન્મનું પુણ્ય ફળ્યું છે તેથી જ આવો કુલતારક પુત્ર જન્મ્યો છે. (૧૧૦). સજ્જનોનું પાલન કરનાર, બુદ્ધિશાળી અને દુષ્ટ જનોનો કાળ થશે. સ્વધર્મમાં રચ્યોપચ્યો રહેનાર, જીતેંદ્રિય અને મહા બળવાન આ બાળક થશે. (૧૧૧). આ સદ્‌ગુણો વિશે શંકા કરીશ નહિ. ફક્ત એક યોગ એવો છે કે જેથી બાળપણમાં થોડી ઘણી ચિંતા કરાવશે. (૧૧૨). એના જેવો બીજો કોઇ આ પૃથ્વી પર હશે નહિ. આ વચન સાંભળીને રાજાએ જ્યોતિષીઓને આનંદપૂર્વક ગામ વગેરે આપીને સંતોષ્યા. તેમ છતાં બાળપણમાં શોક કરાવશે એવી અશુભ વાત સાંભળીને રાજા ઉદાસ થયો. (૧૧૩-૧૧૪).

એ શોક પ્રસંગનો યોગ ટાળવા માટે એણે બ્રાહ્મણોને બોલાવીને તરત જ શ્રદ્ધાપૂર્વક અનુષ્ઠાન કરાવવા શરૂ કર્યા. (૧૧૫). દત્તગુરુનું સ્મરણ કરીને એણે કહ્યું કે મારી બધી રીતે લાજ એમના હાથમાં છે. એ બધું જાણે છે. (૧૧૬). જેણે આ પુત્ર આપ્યો છે તે જ આ બધા દોષોને સંપૂર્ણ રીતે દૂર કરી એનું રક્ષણ કરશે. હું શું કામ નાહકનો કલેશ કરું? (૧૧૭). જે આર્તનું (દુઃખી વ્યક્તિનું) રડવાનું સાંભળીને માતાની જેમ પ્રેમથી દોડે છે તે ભક્તને કેવી રીતે ભૂલી જાય? અને વળી હું તો એનો અનન્ય દાસ છું. (૧૧૮).

મનને એ પ્રકારે શાંત કરીને દત્તપ્રભુના ચિંતનમાં એ પત્ની સાથે સ્વસ્થતાપૂર્વક આનંદથી રહેવા લાગ્યો. (૧૧૯). તેજસ્વી પુત્રને જોઇને હુંડાસુરે બીજો શું પ્રયત્ન કર્યો તેનું વર્ણન હવે આગળ ઉપર થશે. (૧૨૦). અલખ નિરંજનને કહે છે કે જો પાકો નિશ્ચય (અડગ વિશ્વાસ) હોય તો સત્સેવા કદી નિષ્ફળ જતી નથી. (૧૨૧).

શ્રી દત્તપ્રભુનાં ચરણકમળના ભ્રમર એવા બ્રહ્મચારી પાંડુરંગ (રંગ અવધૂત)મહારાજ દ્વારા રચિત શ્રીગુરુલીલામૃતનો અલખ અને નિરંજનના સંવાદરૂપે **'રાજપુત્રજનન'** નામનો **ચુમાળીસમો** અધ્યાય સમાપ્ત થયો.

## પાદટીપ :

### અધ્યાય : ૪૪

(૧) દત્તપ્રભુ પ્રસન્ન થયા એટલે આયુરાજાને વરદાન માંગવાનું કહ્યું ત્યારે એણે પુત્ર-સાંસારિક વસ્તુ માગી. એ અર્થાર્થી હતો પરંતુ એક વાર ભક્તિના પંથે ચઢ્યો એટલે બસ ! બાકીનું ભગવાન સંભાળે છે. એને અર્થાર્થીમાંથી આર્ત અને જીજ્ઞાસુ બનાવી અંતે મુક્તિ સુધી લઇ જવાની જવાબદારી પ્રભુની છે. આ બહુ મોટું આશ્વાસન છે.

(૨) દત્તપ્રભુની સેવા કરીને મેળવેલાં વરદાનથી ઇંદુમતી ગર્ભવતી થઇ હોવા છતાં, દત્ત ભગવાન સુદર્શન ચક્ર દ્વારા રક્ષણ કરતા હોવા છતાં, હુંડાસુર બિહામણાં સ્વપ્નો બતાવીને એને બિવરાવે તો છે જ. મલિન શક્તિ ધરાવતા માણસો એની તાકાત અજમાવે જ. શરૂઆતમાં કદાચ એ જીતે છે એવું લાગે, પણ વિજય તો અંતે સાત્ત્વિક તાકાતનો જ હોય છે.

(૩) દોહરા ૪૪,૯૨,૧૦૪ અને ૧૧૪ વાંચીએ તો બ્રાહ્મણો અને જ્યોતિષીઓને રાજી રાખવા માટે રાજા વસ્ત્ર, ધન અને ગામનાં દાન કરે છે. પરંતુ શૌનક મુનિને રાજી કરવાનો પ્રશ્ન નથી. એ મુનિ છે તેથી તેનું પૂજન કરીને એને વિદાય આપે છે. વ્યક્તિએ પૂજાવું છે કે દાન-દક્ષિણા લઇને રાજી થવું છે તે નક્કી કરવાનું છે.

●

## અધ્યાય : ૪૫

આ અધ્યાયનું નામ '**નહુષહરણ**' છે. આ અધ્યાયમાં **૧૨૫** દોહરા છે.

આયુપુત્રને જોઇને હુંડ ચિંતામાં ડૂબી ગયો. કોઇ દેવ એનું રક્ષણ કરે છે એની એને ખાતરી થઇ ગઇ. એ વિષ્ણુનો જ અંશ છે એમ માનીને એણે મોહિનીને પ્રાર્થના કરી. (૧-૮).

મોહિનીને રીઝવીને એણે સૂતિકાગૃહમાં પ્રવેશ કર્યો, બધાંને ઉંઘાડી દીધાં અને બાળકને લઇને પોતાના કાંચનનગરમાં આવ્યો. (૯-૩૫). એણે પત્નીને બાળક આપતાં કહ્યું કે આ મારો દુશ્મન છે. તું એને મારીને મારે માટે પાક બનાવ. નાના અમથા બાળકને મારવાનું રાણીને ના ગમ્યું. એણે એ કામ દાસીને સોંપ્યું. દાસી અને રસોઇ કરનાર રસોઇયાએ બાળકને મારવાના નિષ્ફળ પ્રયત્નો કર્યા. પરંતુ એનું કોઇ દેવ રક્ષણ કરે છે એવું લાગવાથી તેઓ એને ઋષિના આશ્રમના ઓટલે મૂકી આવ્યા. (૩૬-૮૩). રાજાને હરણનું બચ્ચું મારીને પાક બનાવી આપ્યો. વસિષ્ઠના દ્વારે મૂકેલા આ બાળકનું વસિષ્ઠ અને અરુંધતીએ લાલન પાલન કર્યું. વસિષ્ઠ મુનિએ બાળક મોટો થતાં એને બધી વિદ્યા શિખવાડી. આમ સોમવંશી રાજાનો પુત્ર સૂર્યવંશી રાજાના ગુરુ પાસે રહીને ઉછર્યો. (૮૪-૧૨૫).

રાજાના પુત્રને જોઇને હુંડાસુર અંતરમાં ભયભીત થયો (બીધો). ચિંતાને કારણે રૂપમાં વિકૃતિ આવી અને ફિક્કો તેમ જ નિસ્તેજ થઇને બોલવા લાગ્યો કે મારું આયુષ્ય હવે પૂરું થઇ ગયું લાગે છે કારણ કે આ બાળક એકદમ તેજસ્વી છે અને એ તરત જ મારું નિકંદન કાઢી નાંખશે (મને મારી નાંખશે). (૧-૨). એ મોટો થશે પછી મારા હાથમાં કદી નહિ આવે. માટે હું એને હમણાં જ મારી નાખું. મને એની બહુ બીક લાગે છે.① (૩). ખરેખર ! કોઇ સમર્થ દેવ એની ચોક્કસ રક્ષા કરે છે તેથી મારી બુદ્ધિ ચાલતી નથી એ વાત નક્કી છે. (૪). સ્વર્ગ, મૃત્યુ કે પાતાળમાં એના જેવો બીજો કોઇ બળિયો જણાતો નથી. માટે (માન ન માન) આ નક્કી વિષ્ણુ જ છે. (૫). જો કોઇ બીજું હોત તો મારી માયાએ એને હરાવી દીધો હોત (પરંતુ માયા એને હરાવી શકી નથી) એટલે આ હરિ (વિષ્ણુ) જ છે. (૬).

ભલે એ દૈત્યોનો દુશ્મન (વિષ્ણુ) હોય પણ હું એ સમર્થ મોહિનીને પ્રાર્થું કારણ કે એ મને ચોક્કસ બળ આપશે અને મારું કાર્ય પણ થઇ જશે. (૭). મનમાં આ પ્રમાણે વિચારીને હુંડ રાક્ષસે બે હાથ જોડીને મહામોહિનીની પ્રાર્થના કરી. (૮). હે દેવી મોહિની ! હું તને વંદન કરું છું. તું કૃપા કર. મારું ઇષ્ટ કાર્ય કરીને મને આશ્વાસન આપ. (૯). હે મા ! જો તું કૃપા કરે તો એની સામે બ્રહ્મા, વિષ્ણુ, શંકર કે મહેંદ્ર કોઇ પણ હોય તો પણ એમાંથી કોણ ટકી શકે? (૧૦). હે માડી ! હું તારો બાળક છું. તું મારું રક્ષણ કર. આ બાળક મારા હાથમાં આવે એવો મારો પ્રયત્ન તું સફળ કર. (૧૧). ભૂખ-તરસ છોડીને હું અહીં લાગ શોધતો ક્યારનો તપી રહ્યો છું. હે મા ! તું હવે કૃપા દૃષ્ટિ કર. (૧૨). હું અહીં બહાર લાચાર થઇને ઊભો રહ્યો છું. અંદર જવાની હિંમત મારા હૃદયમાં થતી નથી. (૧૩). જો તારી કૃપા થઇ જાય તો કશું જ અશક્ય નથી. પછી તો હું કોઇને ગાંઠું પણ નહિ. હે મા ! તું (એક વાર) પ્રસન્ન થા. (૧૪).

વૈકુંઠાધિપતિ વિષ્ણુને પણ તું પ્રલય સમયે નિદ્રારૂપે ગળી જાય છે. તો બીજાની તો વાત જ શી? (૧૫). અન્ન અને જળ વિના હું અહીં રાત-દિવસ દુ:ખી દુ:ખી થાઉં છું. તું જો હવે પ્રસન્ન નહિ થાય તો મરણ નક્કી જ છે. (૧૬). હે મા ! જલદીથી પ્રસન્ન થઇને મને મોં માગ્યું વરદાન આપ. હે મા ! હું તને બલિમાં માંસ, દારૂ , વગેરે આપીશ. હું તને

વંદન કરું છું. (૧૭). અંતરમાં રાજસ ભક્તિ રાખીને એ રીતે દૈત્ય (હુંડાસુર) પ્રાર્થના કરવા લાગ્યો. એની પ્રાર્થના સાંભળીને દેવી મોહિનીને કરુણા આવી. (૧૮).

તે જ ક્ષણે એક દાસી રાણીવાસમાંથી બહાર આવી. એ જોઇને એ દુષ્ટ (ખલ) ખૂબ જ રાજી થયો. (૧૯). એણે મનમાં વિચાર્યું કે આના શરીરમાં પેસીને હું અંદર જાઉં. એવું વિચારીને એ દાસીની જ્ઞાનશક્તિને તરત જ ખેંચી લઇને એના દેહમાં (હુંડાસુરે) પોતાની શક્તિનો પેસારો કરીને એનામાં પેસી ગયો. (૨૦-૨૧). આ પ્રમાણે સૂતિકાગૃહમાં એ રાક્ષસ સિદ્ધિના જોરે દાખલ થયો. આ વાતની કોઇને ખબર નથી. (૨૨).

દત્ત ભગવાન આ બધું જાણતા હોવા છતાં બોલતા ન હતા. એ મોહિની મંત્રને માન આપીને અંત:સાક્ષીરૂપે પોતાની લીલા કર્યે જતા હતા. (૨૩). જેના સ્મરણ માત્રથી માયા એના માયાવી કાર્ય સાથે દૂર થઇ જાય છે એવા વિભુ આગળ માયાવી દૈત્યનો તો શો હિસાબ? (૨૪). આમ છતાં આગળ ઉપર અવનવી લીલા કરવા માટે દત્તપ્રભુ મોહિનીને માન આપતા હતા.[૨] (૨૫).

આ રીતે દાસીના શરીરમાં પેસીને બાળકનું અપહરણ કરવા માટે હુંડ અંદર દાખલ થયો. (૨૬). એ મનમાં બોલ્યો કે મોહિનીના પ્રતાપે હું અંદર આવી ગયો. હવે તરત જ પ્રસ્વાપિની દેવીને જપીને બધાને ઊંઘાડી દઉં. (૨૭). જ્ઞાનીને પણ તરત જ મોહમાં નાંખનારી હે પ્રસ્વાપિની દેવી ! તું પ્રસન્ન થા. (૨૮). હે મા ! આ બધા સવાર પડે ત્યાં સુધી મરેલા માણસની જેમ ઊંઘ્યા કરે એવા મોહમાં તું તરત જ નાંખી દે. (૨૯). કોઇ મને જુએ નહિ એમ આ બધાને તું સૂર્યોદય થાય ત્યાં સુધી ગાઢ નિદ્રામાં પાડી દે. (૩૦). સવારના તું બધાને ફરીથી પહેલાંની જેમ જગાડી દે જે. આવો મંત્ર જપતાંની સાથે જ બધાં ઊંઘવા લાગ્યાં. (૩૧).

એ મંત્રની શક્તિને ધન્ય છે. બધાં જ મડદાની માફક ગાઢ ઊંઘમાં પડ્યાં. તેથી એ દુષ્ટ સંતુષ્ટ થયો. (૩૨). પછી ત્યાં પોતાના મૂળ સ્વરૂપે પ્રગટ થઇને આનંદમાં આવી ગયો. રાજપુત્રને હાથમાં લઇને તે ઝડપથી જવા નીકળ્યો. (૩૩). આમ છતાં દત્તપ્રભુ બધું જોયા જ કરતા હતા અને એને સહેજ પણ અટકાવતા (રોકતા) નથી. બધા ગાઢ નિદ્રામાં પડ્યા હોવાથી દૈત્ય એકદમ નિર્ભય બની ગયો હતો. (૩૪). આકાશ માર્ગથી એ પક્ષીની જેમ તરત જ કાંચનપુરમાં આવ્યો અને એણે પત્નીને કહ્યું કે આ બાળક મારો શત્રુ છે તેને તું લે. એને મારી નાંખીને મારા ભોજન માટે તું એનો પાક બનાવી લાવ. (૩૫-૩૬). આજે એ ભારે મહેનત પછી મારા હાથમાં આવ્યો છે માટે તું તરત જ એને મારીને પાક સિદ્ધ કરીને લાવ. (૩૭). તપ, યજ્ઞ અને વ્રત વગેરેથી રાજાને આ પુત્ર થયો છે. જો એ જીવતો રહી જાય તો નિશ્ચિતરૂપથી એ મારો કાળ જ છે. (૩૮). મારું અરિષ્ટ (સંકટ) ટાળવા માટે મારું કહ્યું માનીને મારા ભોજન માટે તું એનું માંસ રાંધીને લાવ. (૩૯). આવાં વચન સાંભળીને હુંડાસુરની પત્ની બોલી કે આને શું કામ મારવાનું કહો છો? હજી તો એને દાંત પણ ફૂટ્યા નથી. પછી એ તમારો દુશ્મન કેવી રીતે થયો? (૪૦). હે પતિદેવ ! શાસ્ત્રનિંદિત આવું સાહસ શા માટે કરો છો? નાના બાળક (શિશુ)ની હત્યાથી કુળનો કચ્ચરઘાણ વળી જશે.[૩] (૪૧). રાક્ષસ બોલ્યો કે અહીંયાં તારો ઉપદેશ ચાલે એવો નથી (નકામો છે). દેવોએ આને મારા મારનાર તરીકે ઉત્પન્ન કર્યો છે. (૪૨). એ મોટો થતાં મારો પ્રાણ લેશે. મહા મહેનતે એ મારા હાથમાં આવ્યો છે. એ દયાને પાત્ર નથી. (૪૩). તું શંકા કેમ કરે છે? વિરોચન (બલિરાજાના પિતા) ગુરુ શું કહે છે? ના કરવાનું કરીને પણ દરેકે પોતાનો પ્રાણ અવશ્ય બચાવવો. (૪૪). આ દેહ એ જ આત્મા છે કારણ કે એ પ્રત્યક્ષ દેખાય છે. હે પ્રિયે ! આ મત સર્વસ્વીકૃત છે અને તારનારો પણ છે. (૪૫). બ્રહ્મનું અસ્તિત્વ જ નથી (અસત્ છે) અને તેથી એ ક્યાંય પણ દેખાતું નથી. માટે એ આત્મા નથી એવો મત સર્વસ્વીકૃત છે. (૪૬). આત્મા મરતાં આ બધા ભોગ કોણ ભોગવે? એટલે આ દેહ દુર્લભ છે અને એનાથી છૂટા પડવાનું (એનો વિયોગ) અસહ્ય છે. (૪૭).

સ્ત્રી, પુરુષ, ઘર, પૈસા વગેરે જેને કારણે પ્રિય લાગે છે તે દેહ ખરેખર સૌથી વધારે પ્રિય છે અને એ જ આત્મા છે એમ પાકો નિશ્ચય કર. (૪૮). સ્ત્રી, ધન વગેરેને ત્યજીને પણ દેહનું હંમેશાં રક્ષણ કરવું. (દેહ સાચવવા સ્ત્રી, ધનને જતાં કરવાં પડે તો જતાં કરવાં.) કારણ કે સ્ત્રી અને ધન તો ફરી પાછાં મળશે પરંતુ આ દેહરૂપી આત્મા ફરી નહિ મળે. (૪૯). ખરેખર ! શાસ્ત્રનો આ ગુહ્ય મત છે. એને સાચો માનીને તું આ બાળકને તરત જ મારી નાંખ અને એનો પાક તૈયાર કરીને લાવ. (૫૦). તું જાતે ઊભી રહીને એનો પાક કરાવ. એમ કહીને એના હાથમાં તરત જ બાળકને સોંપી દીધો. (૫૧).

એની ધાક (બીક)ના માર્યા પત્નીએ બાળક લીધો તો ખરો પણ દાસીને સોંપી દીધો અને કહ્યું કે આને મારીને રાંધી નાંખ. (૫૨). હે સુજ્ઞ દાસી ! આ (બાળક) મારા પતિનો દુશ્મન છે એમ જાણીને એનો તું જાતે પાક તૈયાર કરીને જલદી જલદી લાવ. (૫૩). રાક્ષસરાજ એનો નાસ્તો કરશે પછી એને મોતનો ડર રહેશે નહિ અને પરિણામે મારા પતિ અમર થઇ જશે. (૫૪). એમ કહીને દાસીના હાથમાં બાળકને સોંપીને પછી એ દૈત્યની સ્ત્રી બીજા કાર્યમાં ગૂંથાઇ ગઇ. (૫૫). જેનું મૃત્યુ જેના હાથે લખાયું હોય તે કેવી રીતે ટળે? આ ન જાણીને મૂરખ નશ્વર દેહમાં રચ્યોપચ્યો રહે છે. (૫૬).

દાસી (એ બાળકને લઇને) ઝડપભેર રસોડામાં ગઇ અને રસોઇયાના હાથમાં નાનું બાળક આપીને બોલી કે તું આને શસ્ત્રથી મારીને, એનો પાક કરીને જલદી લાવ જેથી હું પછી હુંડને જમાડું. (૫૭-૫૮). બાળકને જોરથી પકડીને એ ઘાતકી (રસોઇયો) હાથમાં શસ્ત્ર લઇને મારવાનો પ્રયત્ન કરતો હતો છતાં પણ બાળક મરતો ન હતો. (૫૯). શસ્ત્રની ધાર ભાંગી ગઇ એટલે રસોઇયો (સૂદ) નિરાશ થયો. બીજું શસ્ત્ર લઇને એ બમણા જોરથી મારવા લાગ્યો. તો પણ બાળક મરતો નથી અને શસ્ત્ર જ ભાંગી જાય છે. સુદર્શન ચક્ર વચ્ચે રાખીને દત્ત ભગવાન એનું રક્ષણ કરી રહ્યા હતા. (૬૦-૬૧). ખણણણ શબ્દ કરીને (એ ચક્ર) શસ્ત્રો ભાંગી નાંખતું હતું. બાળક આનંદથી હાસ્ય કરતું હતું. એ (બીકથી) જરા પણ ધ્રૂજતું ન હતું. (૬૨). એ ચક્ર અદશ્ય રીતે ફરતું હોવાથી દેખાતું ન હતું અને રસોઇયો નાહકનો વારે વારે પ્રયત્ન કરતો હતો. (૬૩).

આ ખેલ (ચમત્કાર) જોઇને બન્ને જણાં (દાસી તથા રસોઇયો) આશ્ચર્યચકિત થયાં. દાસીએ કહ્યું કે હે સૂદ (રસોઇયા) ! તું પ્રહાર કરવાનું બંધ કર. (૬૪). ખરેખર ! કોઇ સમર્થ દેવ આનું રક્ષણ કરી રહ્યો છે. કોને ખબર છે કે આ કોનો પુત્ર છે? તું એને નાહકનો શું કામ મારે છે? (૬૫). આનું (બાળકનું) પ્રારબ્ધ બળવાન છે. તેથી આને જોઇને મારું હૃદય દયાથી ભીંજાઇ જાય છે. (૬૬). મને એમ થાય છે કે આપણે આને બચાવી લઇએ. આ હુંડ એને કેમ મારી નંખાવે છે? ખોટો પાપનો કુંડ ભરે છે. (૬૭). રાજચિહ્નથી યુક્ત એ સારા ભાગ્યવાળો જણાય છે. રત્ન જેવા આને કોણ નીચ માણસ મારવા તૈયાર થાય? (૬૮). હે સૂદ ! તું એને મારવાનું જોખમ ના ખેડીશ. આવાં વચન સાંભળીને ભાવિ પ્રારબ્ધવશ રસોઇયો પણ પીગળ્યો. (૬૯). શાંત થઇને એ (રસોઇયો) બોલ્યો કે હે દાસી ! તારી વાત સાચી લાગે છે. આ તેજસ્વી બાળક ચોક્કસ દેવસમાન છે. (૭૦). જેને જોઇને ખાટકીનું ચિત્ત પણ પીગળી (દ્રવી) જાય તેનો આ દુષ્ટ કેમ ઘાત કરાવતો હશે, તે કોણ જાણે? (૭૧). મારા પ્રાણ જાય તો ભલે જાય, પણ હું એને મારીશ નહિ. એ શસ્ત્રથી મરતો નથી એટલે એ વાત નક્કી છે કે એનું પ્રારબ્ધ એનું રક્ષણ કરે છે. (૭૨).

જો, આ શસ્ત્ર તૂટી ગયું છતાં એનું રોમ પણ હાલ્યું નથી. એના પર કોઇનું વજ્રકવચ જણાય છે. એટલે એના પર આપણું જોર ચાલે એમ નથી. (૭૩). જેનું પ્રારબ્ધ પાધરું (અનુકૂળ) હોય તેને એનાં કર્મો રક્ષે છે. જેનું રક્ષણ (કલ્યાણ) દેવ પોતે કરતો હોય તેને કોણ મારી શકે? (૭૪). જેની રક્ષા દેવ કરતા હોય, તે વ્યક્તિ આફતમાં સપડાય, દાવાનળમાં ઘેરાય કે વનમાં હિંસક પશુથી ઘેરાઇ જાય તો પણ તે કદી મરતો નથી. શસ્ત્ર, અગ્નિ વગેરે બધું પરાજિત

થાય છે. (પાછું પડે છે.)④ (૭૫-૭૬).

દેવ જેનો મિત્ર હોય તેને કોણ મારી શકે? ભકતને હંમેશાં સંકટમાં દેવ રક્ષે જ છે. (૭૭). એવું કહીને એણે (રસોઇયાએ) શસ્ત્ર બાજુએ મૂક્યું. એ જોઇને દાસી બોલી કે હવે આપણે આગળ શું કરીશું? (૭૮). તારું પુણ્ય એનું પ્રમાણ છે જેથી તારું મન શાંત થયું છે. હવે તું મારું કહ્યું માન. (૭૯). કોઇ ન જાણે એ રીતે આપણે એને સુરક્ષિતપણે બીજે લઇ જઇએ અને એને ત્યાં મૂકી જલદી પાછાં આવી જઇએ. (૮૦). આ કોઇના વંશનો ધાગો (પુત્ર) ભલે જીવતો રહે. તું એના પ્રાણ બચાવી લે. આવાં વચન સાંભળીને રસોઇયો રાજી થયો. (૮૧). દત્તની કૃપાથી આ બન્નેની બુદ્ધિ જેમ ફરી તે રીતે જ અંતર્યામી ત્રીશ પોતાના ભકતને બચાવે છે.⑤ (૮૨).

રાજસુતને લઇને તેઓ તરત જ ત્યાંથી ગયાં અને વસિષ્ઠ ઋષિના આશ્રમના બારણામાં મૂકીને પાછાં આવી ગયાં. (૮૩). હરણનાં નાનાં બચ્ચાંને મારીને એનું માંસ તરત જ રાંધીને દૈત્યને વિશ્વાસપૂર્વક ખાવા આપ્યું. (૮૪). પેલા બાળકનું માંસ છે એમ માનીને રાક્ષસ સુખેથી ખાતો હતો. પોતાને કૃતાર્થ (અમર) માનીને એ મૂરખને આનંદ આનંદ થઇ ગયો અને કહેવા લાગ્યો કે મેં મારા શત્રુનું આ માંસ ખાધું એટલે મારું મોત ટળી ગયું અને હું ચિરંજીવ થઇ ગયો. (૮૫-૮૬). માથા પર હંમેશાં મોત મંડરાતું રહેતું હોવા છતાં મૂરખ આવી શેખી (બડાશ) મારતો હોય છે. કોઇએ કદી પણ મૃત્યુ પર વિજય મેળવ્યો છે ખરો? (૮૭). કોઇ પાતાળમાં જઇને સંતાય કે લોખંડના કિલ્લામાં સંતાય તો પણ મોત ટળતું નથી અને એમાં વાર પણ થતી નથી. (જે સમયે લખ્યું હોય તે સમયે મૃત્યુ થાય છે જ.)⑥ (૮૮).

અહીં હુંડ પોતાના દિવાસ્વપ્નમાં રાચતો હતો અને બાળક ત્યાં વસિષ્ઠના દ્વારમાં નિર્ભયતાથી રમતું હતું. કોઇ દિવસ લલાટે લખેલા લેખ (દૈવ) ટળ્યા છે ખરા કે? (૮૯). પાંચ ઘડી (સૂર્યોદય પહેલાં બે કલાક) રાત્રિ બાકી રહી ત્યારે વસિષ્ઠ મુનિ ઊઠીને બારણા પાસે આવ્યા અને ત્યાં નાનું બાળક જોયું. (૯૦). મુનિઓની સાથે બાળકને કૌતુકથી જોતાં મનમાં આશ્ચર્ય થયું. (૯૧). આમ આને રાત્રે અહીંયા કોણ આવીને કેમ મૂકી ગયું હશે? આમ તો કંઇ ખબર પડે એમ નથી એટલે લાવ ધ્યાનમાં જોઉં. (૯૨). જ્ઞાનીઓમાં શ્રેષ્ઠ એવા વસિષ્ઠ મુનિએ આમ કહીને ધ્યાનમાં જોયું અને બધું જાણીને પ્રગટપણે કહ્યું કે ચોક્કસ આ તો આયુરાજાનો પુત્ર છે જે દત્તની કૃપાનું ફળ છે અને રાણી ઇંદુમતીના ઉદરે (પેટે) જન્મ્યો છે.⑦ (૯૩-૯૪).

શુક્રાચાર્યનો શિષ્ય હુંડાસુર એને પોતાનો ઘાતક માનીને એનું ભક્ષણ કરવા માટે લાવ્યો હતો. (૯૫). સાક્ષાત્ રત્ન સમાન અને ચંદ્ર જેવા મુખકમળવાળો તેમ જ દિવ્ય અને ઉત્તમ આંખોવાળો એ નસીબજોગે અહીં આવ્યો છે. (૯૬). રાજવીના લક્ષણવાળો અને દેવોના ગર્ભ જેવો એ શોભતો હતો. એ હમણાં જ જન્મ્યો હોય એવો લાગતો હતો. ખરેખર એ કેવળ અનુપમ હતો. (૯૭). શ્રુતિ (વેદો) જેનું ગાન કરે છે એવા પરમાત્મા શ્રી દત્ત જેનું રક્ષણ કરતા હોય ત્યાં એને કોણ મારી શકે? એ ચોક્કસ અજેય થશે. (૯૮). એ વહેલી તકે દૈત્યને મારીને બધાં સંકટો દૂર કરશે. સોમવંશનું નૂર એવો એ ચોક્કસ ચક્રવર્તી થશે. (૯૯).

જ્યાં વસિષ્ઠ મુનિ આવું બોલ્યા ત્યાં જ સ્વર્ગમાંથી પુષ્પવૃષ્ટિ થઇ. દુંદુભિ વાગ્યાં અને ગાંધર્વોએ ગાન કર્યાં. (૧૦૦). બધા ઋષિઓને સંતોષ થયો. એમણે આશીર્વાદ આપ્યા કે જેનાથી આ સમગ્ર જગત વ્યાપેલું છે તે (વિષ્ણુ) આનું રક્ષણ કરો. (૧૦૧). દિવસ-રાત એને સંકટથી અને દુષ્ટ ગ્રહ તથા ભૂત વગેરેથી દત્તપ્રભુ એનું રક્ષણ કરો. (૧૦૨). એમ કહીને પવિત્ર દેહધારી ઋષિમુનિઓએ એને પ્રેમથી કપાળમાં મંત્ર-વિભૂતિ (ભભૂતી) લગાડી. (૧૦૩). પછી વસિષ્ઠે એને પ્રેમથી ઊંચકીને અરુંધતીના હાથમાં આપ્યો. સતીને ઘણો આનંદ થયો. (૧૦૪). બાળકને હાથમાં લેતાની સાથે જ અરુંધતીના સ્તનમાંથી દૂધની ધાર વહેવા લાગી. (૧૦૫).

જે પોતે સર્વાત્મા છે તે ત્રિમૂર્તિ શ્રી દત્તની લીલા અગાધ છે. પોતે અલિપ્ત (તટસ્થ) રહીને વિવિધ પ્રકારના ખેલ ખેલે છે. (૧૦૬). પોતે હંમેશાં સ્વતંત્ર છે. એ પોતે સ્વેચ્છાથી આ જગત્યંત્રને ચલાવે છે (પ્રેરે છે) અને છતાં પોતે સદા નિર્લેપ રહે છે. (૧૦૭). વસિષ્ઠે વિધિસર નામકરણ કરતાં કહ્યું કે આ બાળક શત્રુનું ચોક્કસ બંધન (નહન) કરશે માટે હું એનું નામ નહુષ રાખું છું. નહ્ ધાતુને બંધનના અર્થમાં યોજી હું એના ગુણ પ્રમાણે યથાર્થ નામ પાડું છું. (૧૦૮-૧૦૯). સત્યનો હંમેશાં પક્ષ લઇને (તરફેણ કરીને) દુષ્ટોનું બંધન કરવા માટે એ હંમેશાં તૈયાર રહેશે. તેથી પણ આ નહુષ નામ યોગ્ય છે. (૧૧૦). એવું બોલીને મુનિઓમાં શ્રેષ્ઠ એવા વસિષ્ઠે એને આશીર્વાદ આપ્યા અને ગળામાં અભિમંત્રિત કરેલું તાવીજ (માદળિયું) પ્રેમથી બાંધ્યું. (૧૧૧). શરૂઆતમાં ૐ (પ્રણવ) લખ્યો અને અંતમાં નમ: લખ્યું અને વચમાં દત્તાત્રેયની ચોથી વિભક્તિ દત્તાત્રેયાય એમ લખ્યું.Ⓒ (૧૧૨). નજર અંગેની બાધા, આધિ વ્યાધિ ટાળવા માટે મોહ દર્શક તાવીજ બાંધ્યું જે એનું બધી રીતે રક્ષણ કરે. (૧૧૩). પતિ અને પત્ની (વસિષ્ઠ અને અરુંધતી) પોતાના સગા પુત્રની (ઔરસની) જેમ જ આનંદથી એનું રાત દિવસ પાલન કરતાં હતાં. (૧૧૪). (બાળક) રડે એની સાથે જ સતી દોડી જતી અને ગીતો ગાઇને તેમ જ સ્તનપાન કરાવીને એને છાનો રાખતી. (૧૧૫). મુનિવર વસિષ્ઠ પણ સમાધિમાં બેસવાનું બાજુએ મૂકીને રાજાના પુત્રને સ્નેહથી સંભાળતા હતા.Ⓒ (૧૧૬). બાળક અરુંધતીને 'મા' અને વસિષ્ઠ ઋષિને 'તાત' કહેતો હતો અને એ રીતે રાજાનો પુત્ર મોટો થતો જતો હતો. એ સદાનો નિર્દોષ રહેતો હતો. (૧૧૭).

યોગ્ય સમય આવતાં મુનિશ્રેષ્ઠે એને યજ્ઞોપવીત સંસ્કાર આપ્યા અને એના અધિકાર મુજબના વેદ વગેરેનું યોગ્ય જ્ઞાન આપતા હતા. (૧૧૮). ચાર વેદ, છ દર્શન શાસ્ત્ર, બધાં પુરાણો તેમજ બધી જ કળા (ચોસઠ કળા) અને બધી જ વિદ્યા રાજાનો એ પુત્ર શીખ્યો. (૧૧૯).

ધનુર્વેદનો અભ્યાસ કરીને એ ન્યાયશાસ્ત્ર સંપન્ન થયો. રાજનીતિ, ઇતિહાસ અને પ્રજાનું મનોરંજન કેમ કરવું તે બધું શીખ્યો. (૧૨૦). નહુષ શિષ્યની જેમ જ મુનિની મન, વચન અને કર્મથી સેવા કરતો હતો. તેથી મુનિશ્રેષ્ઠ એના પર પ્રસન્ન થયા. (૧૨૧). એને અસ્ત્રને લગતું બધું રહસ્ય બતાવ્યું અને ગુરુકૃપાથી એ રાજપુત્ર ત્યાં તરત જ સર્વાંગ સંપૂર્ણ થયો. (૧૨૨).

સોમવંશી હોવા છતાં પ્રારબ્ધવશ સૂર્યવંશી ગુરુ પાસેથી વિદ્યા વગેરે ભણી એ સર્વશ્રેષ્ઠ થયો. (૧૨૩). આમાંની કોઇ વાત એનાં માતા-પિતા જાણતાં નથી. જાગતાંની સાથે જ પુત્રને ન જોતાં તેઓ કરુણ કલ્પાંત કરવા લાગ્યા. (૧૨૪). અલખ નિરંજનને કહે છે કે આગળ ઉપર એ (કરુણ કલ્પાંત)નું વર્ણન (આવશે). જો કોઇ ભાવથી એનો **રંગ** શ્રવણ કરે તો જીવન્મુક્તિ પામે છે. (સદેહે મુક્તિ મેળવે છે.) (૧૨૫).

શ્રી દત્તપ્રભુનાં ચરણકમળના ભ્રમર એવા બ્રહ્મચારી પાંડુરંગ (રંગ અવધૂત)મહારાજ દ્વારા રચિત શ્રીગુરુલીલામૃતનો અલખ અને નિરંજનના સંવાદરૂપે **'નહુષહરણ'** નામનો **પિસ્તાળીસમો** અધ્યાય સમાપ્ત થયો.

●

## પાદટીપ :

### અધ્યાય : ૪૫

(૧) અસુરનો અર્થ છે અસુ-પ્રાણ-માં રમનારો. દેહને આત્મા માનીને દેહનું જતન કરનારો. આવી વ્યક્તિને મરવાનું ગમતું નથી. રાક્ષસનું ધ્યેય મૃત્યુને ટાળવાનું હોય છે. શરીરને જ આત્મા માની બેઠેલા મૃત્યુની વાતથી અને મૃત્યુને જોઇને ખૂબ ગભરાય છે.

(૨) ભગવાન વિષ્ણુ માયાપતિ છે. એ માયાના પતિ છે, પણ એમનો કોઇ પતિ નથી.
' માયાપતિં પતિવિહીન નિરસ્ત માયં ' એવું 'પ્રાત:સ્મરણ'માં પૂ.શ્રીએ ગાયું છે. આવું હોવા છતાં ભગવાન માયાના કાર્યને માન આપે છે. આખરે તો પોતે જેમ ઇચ્છે તેમ જ થવાનું છે છતાં માયાનું મહત્ત્વ સ્વીકારે છે. માયાવી પુરુષની શક્તિને હસી કાઢવા જેવી નથી.

(૩) રાક્ષસોનાં દુષ્કૃત્યોને તેની પત્ની સ્વીકારતી નથી અને ભાવિ વિનાશની ચેતવણી પણ આપે છે. મંદોદરીએ રાવણને અનેક વાર સીતા પાછી આપી દેવાનું કહ્યું હતું. પણ વિનાશ કાળે વિપરીત બુદ્ધિ થવાથી એ પત્નીનું કહ્યું માનતો નથી અને વિનાશ પામે છે.

(૪) શ્લોક છે :

વિવાદે વિષાદે પ્રમાદે પ્રવાસે
જલે ચાનલે પર્વતે શત્રુમધ્યે |
અરણ્યે શરણ્યે સદા માં પ્રપાહિ
ગતિસ્ત્વં ગતિસ્ત્વં ત્વમેકા ભવાનિ ||

(૫) આ ખૂબ સરસ દોહરો છે. ભગવાન મદદ કરે છે તે કેવી રીતે મદદ કરે છે તેની આ દોહરો સ્પષ્ટતા કરે છે. ભગવાનની કૃપાથી સામી વ્યક્તિની બુદ્ધિમાં ફેરફાર થાય છે અને એનું વર્તન આપણને અનુકૂળ થાય છે. ભગવાન એના મનમાં એવો સદ્‌ભાવ જગાવે છે કે જેથી એ આપણું (ભક્તનું) અહિત કરવાનું બાજુએ મૂકી, ભલું કરવાનું બધું કરે છે. આખરે બધા નિર્ણયો તો બુદ્ધિ જ લે છે ને !

(૬) જન્મ લેનાર દરેકનું મૃત્યુ થવાનું જ છે, એ નક્કી છે. વળી એમાં આપણું કશું ચાલતું નથી. જે સમયે, જે સ્થળે, જે રીતે મૃત્યુ લખાયું હોય છે એ રીતે એ મૃત્યુ થાય જ છે. આવું જાણવા છતાં જાણેઅજાણે આપણે મૃત્યુ ટાળવાનો પ્રયત્ન કરીએ છીએ અને મૃત્યુથી ગભરાઇએ છીએ. સાચો સંત મૃત્યુથી ડરતો નથી.

(૭) આપણા ઋષિમુનિઓની મહાનતા દર્શાવતો આ શ્લોક છે. વસિષ્ઠે ધ્યાન કર્યું એની સાથે જ બધી વાતની ખબર પડી ગઇ. આ ધ્યાન દ્વારા અગમ્ય વાત પણ ઋષિમુનિ જાણી શકતાં.
'શાન્તાકારં ભુજગશયનં' શ્લોકમાં પણ ભગવાન શાંત છે, સાપ ઉપર સૂતા છે, એમની નાભિમાંથી કમળ નીકળ્યું છે એવું વર્ણન છે. તો આવા સ્વરૂપની ખબર કેવી રીતે પડી? તો શ્લોકમાં છેલ્લે છે કે "યોગીભિર્ધ્યાનગમ્યં."
અધ્યાય ૧૩૦માં પણ જગદ્‌ગુરુ શંકરાચાર્ય ધ્યાનમાં જોઇને કહે છે કે બોડાણા સાથે ભગવાન ડાકોર ગયા છે.

(૮) આ દોહરાની વિશિષ્ટતા એ છે કે પૂ.શ્રીએ મંત્ર ખુલ્લો નથી કર્યો કારણ કે મંત્ર પ્રગટ કરવાથી એની શક્તિ લુપ્ત થાય છે. તાવીજમાં '**ૐ દત્તાત્રેયાય નમ:**' મંત્ર લખીને મૂક્યો એવું એમણે એવી રીતે કહ્યું કે જેની ખબર બુદ્ધિશાળીને

જ પડે. પ્રણવ આદિમાં એટલે શરૂઆતમાં ૐ લખ્યો. આમ પ્રણવ એટલે ૐ એની જાણકારી હોવી જોઇએ. અંતમાં નમઃ લખ્યું અને વચમાં દત્તાત્રેયની ચોથી વિભક્તિ એટલે દત્તાત્રેયાય એમ લખ્યું. સાચો સંત મંત્ર પ્રગટ કરે નહિ.

(૯) આ દોહરો ખૂબ જ મહત્ત્વનો છે. આધ્યાત્મિકતાના નામે લોકો પોતાની જવાબદારીમાંથી છટકવાનો પ્રયત્ન કરે છે. તેની સામે આ દોહરો લાલબત્તી ધરે છે. બીજાનો પુત્ર જ્યારે પોતાના દ્વારે આવ્યો જ છે ત્યારે તેને સંભાળવો એ પોતાની પહેલી ફરજ છે એવું માનવું એ જ સાચો ધર્મ છે. વસિષ્ઠ જેવા ઋષિ પણ સમાધિક્રિયાને બાજુએ મૂકી, રાજપુત્રની સંભાળ લે છે એવું જણાવીને પૂ.શ્રી આપણને સૂચવે છે કે આવી પડેલી ફરજોને બજાવજો, આધ્યાત્મિકતા કે જ્ઞાનીપણાના અંચળા હેઠળ એ ફરજોથી દૂર ભાગશો નહિ. તટસ્થભાવે આવું કર્મ કરવાથી બંધન ઊભું થતું નથી.

●

## અધ્યાય : ૪૬

આ અધ્યાયનું નામ '**પુત્રશોકવર્ણન**' છે. આ અધ્યાયમાં **૧૦૦** દોહરા છે.

સવારના જાગતાં રાણીએ પુત્રને ન જોયો તેથી એણે અતિ કરુણ કલ્પાંત કર્યું તેનું વર્ણન આ અધ્યાયમાં છે. મહામહેનતે મળેલું પુત્રસુખ છિનવાઇ જતાં રાણીને અપાર દુ:ખ થયું અને આવું થવાના એણે ૨૭ કારણો વિચાર્યાં. (૧-૫૦).

એની ભયંકર મનોવ્યથાનું વર્ણન કરતા દોહરા બધાની આંખને ભીની કરે છે. આવા સમયે પોતે કરેલાં સત્કર્મ નિષ્ફળ ગયાં એવું પણ જણાય છે. રાણીના મનમાં જાત જાતના વિચારો આવ્યા કરે છે એનું સરસ વર્ણન છે. (૫૧-૬૦).

આ વાત જાણીને રાજા ત્યાં આવ્યો. રાણીની સ્થિતિ જોઇને રાજાને પણ અપાર દુ:ખ થયું અને પ્રારબ્ધમાં સંતાન સુખ ન હતું છતાં પુત્ર મેળવવા કરેલા પ્રયત્નો ખોટા હતા એવું જણાયું. આ બધા વિચારો સ્મશાનવૈરાગ્ય જેવા છે. છતાં રાજાનું ચિંતન રાણીથી જુદું છે અને દત્તપ્રભુ પર શ્રદ્ધા સૂચવે એવું છે. (૬૧-૧૦૦).

'મને પાપથી બચાવ' એવું કોઇ એક વાર પણ ભગવાનને પ્રાર્થનાપૂર્વક કહે તો એને પણ હરિ તરછોડતા નથી તો પછી ભક્તને તો તરછોડે જ ક્યાંથી?① (૧). રાક્ષસે રચેલી માયા સવારે દૂર થઇ ત્યાં જ બધાંની આંખો ખૂલી (બધાં જાગ્યાં) અને રાણી પણ જાગી ગઇ. (૨). પુત્રને ના જોતાં જ તે બાવરી બનીને આમ તેમ શોધવા લાગી અને દાસીને પૂછવા લાગી કે અરેરે ! પુત્ર ક્યાં ગયો? (૩). આંખો ચોળીને બધાં બધે શોધવા લાગ્યાં. પરંતુ એને ક્યાંય ન જોતાં આશ્ચર્યચક્તિ થઇને શોકથી રડવા લાગ્યાં. (૪). ઇંદુમતી રાણી વારે વારે મૂર્છા ખાઇને પડવા લાગી અને શોકથી છાતી કૂટવા લાગી અને માથું અફાળવા લાગી. (૫). માયા ફેલાવીને કોણે મારા લાલને હરી લીધો છે? અરેરે ! ખરેખર કોણે મારું સર્વસ્વ (જીવન) છીનવી લીધું છે? (૬).

હે ભગવાન ! હું શું કરું? મારો દીકરો ક્યાં ગયો? હે જગદીશ્વર ! તને પણ દયા (કરુણા) કેમ ના આવી? (૭). હે પુત્ર ! તું અમને શોકાગ્નિમાં ફેંકીને ક્યાં જતો રહ્યો છે? તું કેમ રિસાઇ ગયો છે? તું કંઇ તો બોલ ! (૮). અહીં એકાએક કોણ દુષ્ટ આવીને મારા પુત્રને હરી ગયો? મારું નસીબ જ ફૂટેલું છે. (૯).

આકરાં તપ અને વ્રત આચરીને પ્રારબ્ધવશ જે દેવ સમાન પુત્ર મેળવ્યો તે એક ક્ષણમાત્રમાં અરેરે ! ક્યાં જતો રહ્યો? (૧૦). દત્તકૃપાનું આ ફળ આમ કેવી રીતે નાશ પામ્યું? અરેરે ! હે ભગવાન ! તું અમારું દુ:ખ ના જોયા કર અને જલદી દોડ. (૧૧). જેના મહિમાનો કોઇ પાર નથી અને દેવો જેને વંદન કરે છે તે દત્ત ભગવાને જાતે પ્રસાદ આપ્યો હતો. (અને એ પ્રસાદનું ફળ આ પુત્ર હતો.) (૧૨). જેનાથી મોત પણ ડરે છે તેમનું આશીર્વચન પણ અરેરે ! વ્યર્થ ગયું કે શું? આ તો ન મનાય એવી (અચંબો નમાડે એવી) વાત છે. (૧૩). હે બેટા ! તું ક્યાં ગયો? હે સુકુમાર બાળ ! તું જલદી આવ. હે મારા પ્રાણ ! તું ક્યાં સંતાયો છે? હે ગુણના સાગર ! તું આવીને અમને તાર. (૧૪). શું હું ઊંઘી ગઇ તેથી તું રિસાઇ ગયો છે? તું હવે જલદીથી આવી જા. હવે આવી ભૂલ ફરી નહિ કરું. (૧૫).

## ગીત

અરેરે ! મારો પુત્ર ક્યાં ગયો? ક્યાં ગયો?

એક ક્ષણ પૂરતું હસીને, અમારી સાથે આનંદ કરીને તું ક્યાં સંતાઇ ગયો?

મેં નવમાસ સુધી હોંશથી દુ:ખ વેઠ્યું (ત્રાસ સહન કર્યો) અને દત્તપ્રભુનાં વરદાનને લીધે તારી ખાસ ઇચ્છા (આશા) રાખી હતી. (૧).

આ બધું સુખ શું સ્વપ્નરાજ્ય જેવું ઠગારું નીવડશે? કે પછી મારા નસીબમાં જ દુ:ખ લખેલું હશે તેથી તું ગુસ્સે ભરાયો હશે કે શું? (૨).

હે હરિ ! તું દયાળુ છે પછી હૃદયમાં કેમ ક્રૂર થયો? તારા વગર જીવાશે નહિ. તું થોડી દયાની લાગણી રાખ. (૩).

હે મારા પ્રાણ ! તું કંઇ તો બોલ. (તારા વિના) ખાવાનું કે પીવાનું કંઇ ગમતું નથી. તારા વિના અમારું પુણ્ય પણ મરી પરવાર્યું છે અને બધું ખાલી ખાલી લાગે છે. (૪).

તું જતો રહ્યો તેથી ખરેખર ! રંગમાં ભંગ પડ્યો છે (બધી મઝા મરી ગઇ છે). હું ગરીબડી બનીને તારી પાસે એ જ માગું છું કે તું પાછું વળીને મારા તરફ જો. અરેરે ! હું તો મરી જ ગઇ. (૫).

•

પુત્રના રૂપનું સ્મરણ કરીને એ ઇંદુમતી રાણી કરુણ રુદન કરે છે અને માથું પછાડે છે. (૧૬). હે દીકરા ! તું હજી કેમ આવતો નથી? તું ક્યાં સંતાયો છે તે તો કહે. આ ધાવણ પણ નકામું વહી જાય છે. (૧૭). મારી તો છાતી ચિરાઇ જાય છે અને હૈયામાં શું થાય છે તે જ સમજાતું નથી. તારા વિના હું ક્યાં જાઉં? અને કોને માટે હવે મારે જીવવું? (૧૮). હે પુત્ર ! તારા વિના બિલકુલ ગમતું નથી અને ચિત્ત પણ આકુળવ્યાકુળ થાય છે. આમ છતાં તારું મન કેમ પીગળતું (દ્રવતું) નથી ? ખરેખર મારું નસીબ જ ફૂટેલું છે. (૧૯). મેં તને જન્મ આપ્યો છે એવું કહેતાં પણ હવે તો શરમ આવે છે. મારું આ કાળું મોં હું કોને બતાવું? (૨૦).જો મૂળે તું જન્મ્યો જ ના હોત તો હે પુત્ર ! અત્યારે જે પારાવાર દુ:ખ થાય છે તે દુ:ખ કદી પણ થાત નહિ.② (૨૧). જો આ દૂધ નકામું વહી જાય છે. તું દોડીને આવી જા. તું કેમ રીસાયો છે? તું ક્યાં જતો રહ્યો છે? હે બેટા ! તું તારું મુખડું બતાવી દે. (૨૨). મેં તને એક વાર પણ સ્તનપાન નથી કરાવ્યું. (એ તને ન ગમ્યું કે શું?) એને અન્યાય માનીને હે પ્રાણ ! તું અમને છોડીને જતો રહ્યો છે કે શું? (૨૩). હે દીકરા ! તું અહીં દોડી આવ. હું તને ધવરાવું (સ્તનપાન કરાવું). તું મનને નિષ્ઠુર કરીને હવે સંતાઇ રહેતો નહિ. (૨૪).

જ્ઞાની પુરુષ પણ આ સંતાન વિયોગનું દુ:ખ સહન કરી શકે નહિ એ તું માન. હું પામર પછી આ દુ:ખ કેમ કરીને સહન કરી શકું? (૨૫).

ખરેખર ભગવાન રૂઠ્યો છે તેથી આવી ભૂંડી દશા થઇ છે. ખરેખર હવે મારું જીવન પૂરું થઇ ગયેલું જણાય છે. મને કાંઇ જ સૂઝતું નથી. (૨૬). મોં બતાવીને ક્ષણવારમાં ચંદ્રમા સંતાઇ ગયો. મેં પાપીએ (અભાગણીએ) એનું લાલન પાલન પણ ના કર્યું. (૨૭). મેં એને નથી તો ક્ષણવાર ખોળે લીધો કે નથી તો એને પારણામાં સુવરાવીને હાલરડાં (ગીતો) ગાયાં. (૨૮). એના શરીરે તેલ ચોળીને મેં ક્યારે પણ નવરાવ્યો નથી અને તેથી મારી મમતા છોડીને એ દૂર જતો રહ્યો છે કે શું? (૨૯). બારણે દ્વારપાળો હોવા છતાં આ રીતે મોહ પમાડીને મારાં બાળકને કોણ દુષ્ટ લઇ ગયું? (૩૦). આ બધું સ્વપ્ન જેવું સાબિત થયું. મેં ગર્ભનો નકામો ભાર વેઠ્યો અને પ્રસૂતિનું દુ:ખ પણ નકામું વેઠ્યું. જાતકર્મ કર્યા તે પણ નિરર્થક (નિ:સાર) નીવડ્યાં. (૩૧). એ શું ફરી પાછો જોવા મળશે? (કોઇ કહે કે એ દેખાશે તો

પણ) એનો કોણ વિશ્વાસ કરે? પુત્ર વિયોગના શોકથી સાચે જ મારા પ્રાણ છૂટી જશે. (૩૨).

ખરેખર હું કેવી પાપિણી છું કે હજી મરતી નથી. મારું પૂર્વકર્મ જ એવું વાંકું (ફૂટેલું) છે કે મારા નસીબમાં ઝૂરવાનું જ રહ્યું છે. (૩૩).

(1) મેં શું પંગતમાં જમવા બેઠેલામાં ભેદભાવ કર્યો હશે? (2) કે કોઇનું ધન હર્યું હશે? (3) કે કોઇનો વિશ્વાસઘાત કર્યો હશે તેનું શું આ ફળ હશે? (4) અથવા શું પૂર્વજન્મમાં મેં સાપ માર્યો હશે? (5) કે કોઇ ગામમાં ધાડ પાડી હશે? (6) કે બ્રાહ્મણોને લૂંટયા હશે? (7) જે કોઇ અભિમાનમાં આવીને કે લોભથી બ્રાહ્મણનું ધન હરી લે છે તે પછીના જન્મે નિ:સંતાન (વાંઝિયું) થાય છે, એવું મેં શાસ્ત્રમાં સાંભળ્યું છે. તો શું મારાથી એવો દોષ થયો હશે અને એને કારણે મારો દીકરો ખોવાયો હશે? બ્રાહ્મણના દ્રવ્યની ચોરી એ સાચે જ અગ્નિરૂપ છે અને તે વંશને મૂળસહિત બાળે છે એમાં કોઇ શંકા નથી. પૂર્વનાં કર્મો વિના આવો અનર્થ સંભવતો જ નથી. શું મારાથી એવો મહાન દોષ થયો હશે કે કોઇ બીજું પાપ થયું હશે? (8) મેં કોઇની થાપણ ડુબાડી હશે? (9) કે પછી રત્નો ચોર્યાં હશે? અને શું એને લીધે મારો રત્ન જેવો દીકરો ગુમ થયો હશે? (10) શું મેં કોઇ જમનારાની થાળી ખૂંચવી લીધી હશે અને તેથી મારા મોં આગળથી આ પુત્ર જતો રહ્યો હશે? (11) શું મેં મિત્રને દગો દીધો હશે? તેનું આ ફળ હશે? (12) કે પછી મેં કોઇ બાળકની હત્યા કરી હશે? તેથી આ બાળક ગુમ થયો હશે? (13) કે પછી મેં કોઇનાં મોંમાંથી કોળિયો ઝૂંટવી લીધો હશે? (14) કે પછી કોઇ યતિ (સાધુ સંન્યાસી)ને દુભવ્યા હશે? અથવા (15) શું મેં કોઇ અતિથિને પાછો કાઢ્યો હશે? શું તેથી પુત્રને કોઇ લઇ ગયું હશે? (16) શું મેં કોઇને પહેલાં અભયપણું બક્ષીને પછીથી કપટપૂર્વક માર્યો હશે? (17) કે પછી મેં કોઇ દેવનો દીવો હોલવી નાંખ્યો હશે તેથી આ શોકનો પ્રસંગ આવ્યો હશે? જો પૂર્વ જન્મમાં મેં આવાં પાપ ના કર્યાં હોત તો આ રીતે હમણાં એકાએક પુત્રને કોણ હરી જાત? (18) અથવા શું મેં સંતને સન્માન્યા (વંદન કર્યાં) નહિ હોય? (19) કે બીજા કોઇના દેવની નિંદા કરી હશે? (20) કે મારા દેવની પૂજા કરતાં કરતાં વચ્ચેથી ઊઠી ગઇ હોઇશ? (21) શું સારું સારું રાંધીને હું એકલપેટ જમી હોઇશ? અને તેથી આ પુત્ર મને છોડીને દૂર દૂર જતો રહ્યો હશે? (22) કે પછી મેં કોઇ બ્રાહ્મણને ધિક્કાર્યો હશે? (23) કે પછી ગાયનું ખાવાનું (ઘાસ) મેં લઇ લીધું હશે? (24) કે પછી મેં સ્વજનોમાં ભેદભાવ રાખ્યો હશે તેથી શું આ ત્રાસ ભોગવી રહી છું? (25) શું મેં પતિ-પત્નીને લડાવી માર્યાં હશે? (ઝઘડો કરાવ્યો હશે?) (26) કે પછી મેં પતિને દુ:ખી કર્યા હશે? શું એને લીધે એકાએક મારું આ સુખ નિશ્ચિતપણે જતું રહ્યું હશે? (27) કે પછી બિહામણાં સ્વપ્નો જોયાં તેનું આ ફળ હશે? મેં સૂર્યનાં જે પૂજા સ્તવન કર્યાં તે પણ શું બધાં નકામાં ગયાં. (પાણીમાં ગયાં?)[③] (૩૪-૫૦).

મારે આ દુ:ખ કોને કહેવું? અને મને ધીરજ પણ કોણ આપે? આ મારા ઉદ્વિગ્ન ચિત્તને કોણ શાંતિ આપે? (૫૧). પુત્રરૂપી ધન જતાં રહેતાં રાજ્ય પણ ઝેર જેવું જણાય છે. જેને સંતાન નથી હોતું તેનું કોઇ મોં જોતું નથી. (૫૨). જે સ્ત્રી વાંઝણી હોય છે તેના ઘરે કોઇ ભિક્ષા લેતું નથી. પુત્રવતી સ્ત્રીને ધન્ય છે કે આ જગતમાં તે વંદનીય છે. (૫૩). પુત્ર વિનાનું ઘર ખરેખર જંગલ જેવું સાવ સૂનું હોય છે. સાચે જ, પુત્ર વિનાની બધી સંપત્તિ પણ લૂખી લાગે છે. (૫૪). પિતૃઓ પણ સ્વર્ગમાં એવી રાહ જોતા હોય છે કે અમારા વંશમાં સત્પુત્ર થતાં અમને મુક્તિ અપાવશે. (૫૫).

હવે મારે જીવીને પણ શું કામ? આ વંધ્યત્વને ધિક્કાર છે. (વાંઝિયા રહેવું) એના કરતાં તો મરી જવું વધુ સારું. હજી મારા પ્રાણ કેમ જતા નથી? (૫૬). આવું બોલીને એ (રાણી) મૂર્છિત થઇને પડી અને પાછી ભાનમાં ના આવી. એટલે દાસીએ જઇને આ વાત રાજાને કહી. (૫૭). એ વચન સાંભળીને રાજા ખૂબ દુ:ખી થયો અને જ્યાં રાણી બેભાન પડી હતી ત્યાં તરત જ દોડતો આવ્યો. (૫૮). વાવાઝોડાના કારણે જેમ કેળ પૃથ્વી પર પડે તે રીતે એ (રાણી)

શોકના લીધે બેભાન થઇને પડી હતી અને ભાનમાં આવતી ન હતી. (૫૯). દાસીઓ પંખો નાંખતી હતી અને પાણી છાંટતી હતી તો પણ એની મૂર્છા શાંત થતી ન હતી અને રાણી ઊઠતી ન હતી. (ભાનમાં આવતી ન હતી.) (૬૦).

આ જોઇને રાજા મનમાં ગભરાયો અને અરેરે ! હાય હાય ! એવું બોલીને તરત જ પૃથ્વી પર પડ્યો. (૬૧). ક્ષણવારમાં પાછો ભાનમાં આવીને ફરી પાછો મૂર્છિત થઇને પૃથ્વી પર દુ:ખથી પડતો હતો અને પડતાં પડતાં અરેરે ! આ શું થયું? હાય શું થયું? એવું બોલતો હતો. (૬૨). આવા દારુણ દુ:ખને કારણે રાજા મોહવશ થઇને રડવા લાગ્યો અને કહેવા લાગ્યો કે આવા જીવનનો શું અર્થ? હું ચોક્કસ મરી જ જાઉં. (૬૩). એનાથી રડી રડીને (શોકથી) થયેલી લાલ આંખ જોઇને સૂર્ય પણ (શરમના માર્યો) સંતાઇ જતો હતો. એની આંખમાં આંસુઓ જોઇને મેઘ પણ ભારે શરમ અનુભવતો હતો. (૬૪). વાછરડા વિના ગાય જે રીતે ભાંભરે (આક્રંદે) તેમ રાણીને પુત્ર વિના વિલાપ કરતી જોઇને રાજા પણ પુત્રને યાદ કરીને રડતો રડતો કહેવા લાગ્યો. (૬૫).

હે હરિ ! તું પહેલાં અભયપણું આપીને પછી ધક્કો મારીને દુ:ખના દરિયામાં કેમ નાંખે છે? હે હરિ ! તું કેમ આવો નિષ્ઠુર (ક્રૂર) થાય છે? (૬૬). તું જાતે પુત્ર આપે છે અને પછી કેમ પુત્ર વગરનો કરે છે? હે પ્રભુ ! તારી લાજ તારે સાચવવાની છે. તારી વાત તું જાણે. (૬૭). આકરાં દુ:ખો વેઠીને હું જે ફળ પામ્યો હતો તે ફળ હે પ્રભુ ! તેં કેમ ઝૂંટવી લીધું? તને આવું કેમ ગમે છે? (૬૮).

મેં જે કાંઇ સત્કર્મો કર્યાં હતાં તે શું બધાં ફોગટમાં ગયાં? એક તો મારું નસીબ જ ફૂટેલું છે અને તેમાં ગુરુરાયા રૂઠ્યા છે ! (૬૯). મનમાં જે આનંદ થયો હતો તે જતો રહ્યો અને હું મઝધારે ડૂબી ગયો છું. પુત્ર વિનાનું જીવન એકદમ નીરસ (ખારું) લાગે છે. (૭૦). આ કિલ્લાઓ, ખાઇઓ, તેના દરવાજાઓના લોઢાના મજબૂત આગળાઓ સાથેના, ઊંચા ઊંચા મહેલો, લશ્કર, શસ્ત્રો વગેરે કાંઇ કામ ના આવ્યું એ સર્વને ધિક્કાર હો.નસીબ પ્રતિકૂળ થતાં બધા પ્રયત્નો બિનકારગત (નિષ્ફળ) નીવડે છે. (૭૧-૭૨). એવો કોણ દુશ્મન હશે? એ ક્યાંથી આવી ચઢ્યો હશે? એણે શા માટે પુત્રને હર્યો હશે? અને હરીને પુત્રને ક્યાં લઇ ગયો હશે? એ દુષ્ટ અહીં રહીને કોઇ ન જુએ તે રીતે આ બધું કરીને ક્યા ગયો હશે? (૭૩). સુવાવડખાનાને ઘેરીને વીર સૈનિકો શસ્ત્ર સાથે ઊભા હતા છતાં એ લોકો પણ કેમ ગફલતમાં રહ્યા? આ બધું એક સરખું ધિક્કારને પાત્ર છે ! (૭૪). યંત્ર, મંત્ર, પહેરો બધું નકામું ગયું ! મારા પુત્રને હરી જનાર કોણ હશે? એ કોઇ દેવ હશે, રાક્ષસ હશે કે કોઇ માનવ હશે? (૭૫). વંશનો ધાગો (દોરો) તૂટ્યો, કુળદૈવત કોપ્યું, કરેલું તપ વગેરે અરેરે ! નિષ્ફળ ગયું અને એ જ રીતે કરેલો ધર્મ પણ નકામો ગયો. (૭૬).

પુત્રના જવાથી કરેલું તપ, દાન વગેરે બધું નકામું ગયું એમ જણાય છે. એમાંથી એક પણ કામમાં ના આવ્યું. ધર્મ પણ પાંગળો પુરવાર થયો.④ (૭૭). પિતૃઓની સાથે હવે મારી પણ દુર્ગતિ થશે. ગયા જન્મનું કોઇ પાપ નડ્યું તેથી આવું વિપરીત (ખરાબ) થયું. (૭૮). જોષીએ તો કહ્યું જ હતું કે તમારા નસીબમાં સંતાન નથી પરંતુ એમનું કહ્યું નહિ માનીને મેં સાધન (દત્તપ્રભુની સેવા દ્વારા) કર્યું તે પણ વ્યર્થ ગયું. (૭૯). હું પણ કેવો મૂરખ તે બધાં દુ:ખો નકામાં વેઠ્યાં. હઠપૂર્વક તપશ્ચર્યા કરીને કોઇ સત્ફળ પામ્યું છે ખરું? (૮૦).

અનન્ય ભાવથી ભજતાં જે પોતાના ભક્તનું રક્ષણ કરે છે એવા (દત્તપ્રભુ)નાં ચરણ મેં મારું કઠણ પ્રારબ્ધ બદલવાના હેતુથી પકડ્યા હતા. (૮૧). યોગ વગેરેથી કે તપ અને દાનથી પણ પ્રસન્ન નહિ થનાર એ અત્રિપુત્ર ખરેખર મારા ઉપર પ્રસન્ન થયા હતા. (૮૨). એ ભક્તવત્સલે મને સાચે જ તેનું ફળ આપ્યું હતું અને મેં તેના વચનમાં વિશ્વાસ રાખ્યો હતો. (૮૩). હું તેની સાથે સતત જોડાયેલો છું છતાં તે કેમ મારી અવગણના કરે છે? (સતત યુક્ત હોય એવા) ભક્તને સ્વપ્નમાં પણ દીનતા હોતી નથી. એ (ભગવાન કૃષ્ણનાં ગીતામાં કહેલાં) વચન શું ખોટાં હશે?⑤ (૮૪).

૭

શું મારી બુદ્ધિ બહેર મારી ગઇ છે? કે પછી મને મોહ થયો છે? કે પછી કોઇ ભૂલ થઇ છે? આમાં મારી બુદ્ધિ કંઇ કામ કરતી નથી. (૮૫). દિગંબર દત્ત એ બહુરૂપી અને નાટક કરવામાં કુશળ છે. જેનો મહિમા દેવો જાણી શકતા નથી તો મનુષ્યનું તો શું ગજું? (૮૬). જે દર્શનમાત્રથી દુ:ખ હરી લે છે અને બધે જયજયકાર કરાવે છે તે (દત્તપ્રભુ જ) આ દુ:ખ દૂર કરીને મને ચોક્કસ સુખ આપશે. (૮૭). જેની લીલાને બ્રહ્મા વગેરે પણ જાણી શકતા નથી એવા સર્વેશ્વરને હું નમન કરું છું અને પ્રાર્થું છું કે મારું દુ:ખ હરી લો. (૮૮). જે સાક્ષાત્ પરબ્રહ્મ છે એવા દત્તપ્રભુનાં ચરણમાં પ્રણામ કરું છું. મારા સર્વે દોષો દૂર કરીને આ બાળકનું રક્ષણ કરો. (૮૯). હે વિશ્વંભર (વિશ્વનું ભરણ પોષણ કરનારા) ! હે દત્તપ્રભુ ! તું તારા ભકતનું રક્ષણ કર, રક્ષણ કર ! તારા વિના હવે એનું કોઇ નથી ! તું આવો નિષ્ઠુર (કઠોર) ના થા !! (૯૦).

તારે શરણે જે કોઇ ભાવપૂર્વક આવે છે તેનાં કુળ, વિદ્યા, ધન કે સેવા (ચાકરી) જોયા વગર તું એને ચરણમાં સ્વીકારી લે છે. (૯૧). હે પ્રભુ ! ભલભલા માણસો જ્યાં ડગલે ને પગલે અથડાઇ-કુટાઇ મરતા હોય ત્યાં મારા જેવા મંદગતિનું શું ગજું? તું મારી સામે નજર કર (જો.) (૯૨). હે નાથ ! હે ભકતવત્સલ પ્રભુ ! આ દાસને તું શરણે લે. હું આર્ત (દુ:ખી) ભાવે તારી પ્રાર્થના કરું છું. હે પ્રભુ ! તું મને નિરાશ ના કરતો ! (૯૩).

હે અનંત ! (પરમાત્મા !), તું આમ બધું જાણવા છતાં મારો અંત શું કામ જુએ છે? હું દીન થઇને આ દુ:ખમાં તને પ્રાર્થું છું. તું મારા પ્રાણ ટકાવી રાખજે. (૯૪). પુત્રને જ આત્મા કહ્યો છે. એનો નાશ થતાં (એ ગુમ થતાં) મને કાંઇ સૂઝતું નથી. હે દયાસિંધુ ! તું હવે દોડ. (૯૫). તું બાળકનો અપરાધ માફ કરીને એને અભયદાન આપ. તારા વિના મારું કોઇ નથી. તું મારો પોકાર સાંભળ. (૯૬). આ રીતે દત્તપ્રભુનાં ચરણનું સ્મરણ કરીને એ આયુરાજા દીન થઇને પ્રાર્થના કરે છે અને વારંવાર ભાવપૂર્વક વંદન કરે છે. (૯૭). એનું આવું આક્રંદન (વિલાપ) સાંભળીને દત્તપ્રભુ પીગળ્યા (તેમને દયા આવી) અને એને સાંત્વન આપવા માટે નારદમુનિને મોકલ્યા. (૯૮). એનું વર્ણન આગળ ઉપર અલખ નિરંજનને કહેશે. આ અધ્યાયમાં પતિ-પત્ની પુત્ર શોકથી ટળવળી રહ્યાં છે તેનું વર્ણન છે. (૯૯). આ આખો અધ્યાય કરુણારસથી ભરેલો છે. રંગ કહે છે કે જો ગુરુકૃપા થાય તો જ અજ્ઞાન ટળે છે. (૧૦૦).

શ્રી દત્તપ્રભુનાં ચરણકમળના ભ્રમર એવા બ્રહ્મચારી પાંડુરંગ (રંગ અવધૂત)મહારાજ દ્વારા રચિત શ્રીગુરુલીલામૃતનો અલખ અને નિરંજનના સંવાદરૂપે **'પુત્રશોકવર્ણન'** નામનો **છેંતાલીસમો** અધ્યાય સમાપ્ત થયો.

●

## પાદટીપ :

### અધ્યાય : ૪૬

(૧) એક વાર ભગવાનને યાદ કરે તેને પણ ભગવાન છોડી દેતો નથી એ કેવું મોટું આશ્વાસન કહેવાય ! શ્રીમદ્ ભાગવતના આઠમા સ્કંધના ત્રીજા અધ્યાયમાં ગજેન્દ્ર મોક્ષની કથા આવે છે. હાથીને જળમાં-સરોવરમાં મગરે પકડ્યો ત્યારે એણે પોતાના બળે અને સગાંસંબંધીના બળે છૂટવાના ખૂબ પ્રયત્નો કર્યા. પરંતુ જ્યારે નિષ્ફળ ગયો ત્યારે છેલ્લી ઘડીએ એણે ભગવાનને યાદ કરીને સૂંઢથી કમળ અર્પણ કર્યું અને ભગવાનને શરણે ગયો. ભગવાને એને

મગરની પકડમાંથી છોડાવ્યો. નારાયણ નામના પુત્રને અંત ઘડીએ યાદ કરતાં અજામિલ તરી ગયો. અરે ! 'હારામેણ હતોડસ્મિ' (કોઇ હરામખોરે મને મારી નાંખ્યો કે શું !) એવું બોલવામાં પણ 'રામ' નામ આવ્યું તેથી તે તરી ગયો. ભગવાન કેવો દયાળુ છે !

(૨) આ દોહરામાં સંસારીની મનોદશાનું સુંદર વર્ણન છે. પુત્ર ન હતો ત્યારે પુત્ર નથી એનું દુ:ખ કરીને, પુત્ર મળે એ માટે પારાવાર પ્રયત્નો કર્યા. તે વખતે 'પુત્ર નથી તો કંઇ વાંધો નહિ' એવું મનોવલણ ના રહ્યું. દત્તની સેવાથી મહામહેનતે પુત્ર મેળવ્યો અને એમાં કૃતકૃત્યતા પણ અનુભવી. પરંતુ જ્યારે એ ગુમ થયો ત્યારે આ સમજ આવી. પણ આ સમજ સ્મશાનવૈરાગ્ય જેવી છે, સાચી સમજ નથી.

(૩) દોહરા ૩૪થી ૫૦ ખૂબ ધ્યાનથી વાંચવા જેવા છે. જ્યારે વ્યક્તિ ઉપર ભયંકર દુ:ખના ડુંગર તૂટી પડે છે ત્યારે તે આત્મનિરીક્ષણ કરે છે અને એને પોતાનાં કરેલાં કુકર્મો યાદ આવે છે અથવા એની કલ્પના કરે છે. પૂ.ચિન્મયાનંદજીએ કહ્યું હતું કોઇ આપણા પર દોષોનું આરોપણ કરે ત્યારે આપણે એનો સામનો કરી શકીએ છીએ પરંતુ આપણું અંતર જ જ્યારે આક્ષેપ કરે ત્યારે એનો બચાવ કરવાનું ઘણું આકરું પડે છે, એને જીરવવું બહુ આકરું પડે છે. એ દૃષ્ટિથી દુ:ખના પ્રસંગો અંતરનિરીક્ષણ કરવાની સારી તક પૂરી પાડે છે.

(૪) સકામ ભક્તિ કરનાર કંઇ મળે અને માગ્યું મળે ત્યારે જ ભગવાનને માને છે અને એનો જયજયકાર કરે છે. એની ભક્તિ એ ભક્તિ કરતાં 'આવેશ' વધારે છે. પરિણામે જ્યારે આપત્તિ આવી પડે ત્યારે એવી ઘોર નિરાશા અનુભવે છે કે ધર્મ, દાન, તપ કે પૂજા બધું એને નકામું જણાય છે. જે ભગવાન ઉપર અત્તરનો અભિષેક કરતાં થાકતો ન હતો તે ભગવાનને નદીમાં ડુબાડી દેવાનો વિચાર કરે છે. સાચી ભક્તિમાં આવું નથી હોતું. વેપારી ભક્તિમાં આવાં ચઢાવ-ઉતાર આવે છે. આપણને ગુરુ મહારાજ સાવધ કરે છે.

(૫) એવં સતતયુક્તા યે ભક્તાસ્ત્વાં પર્યુપાસતે |

(અ.૧૨/શ્લોક ૧)

તેષાં સતતયુક્તાનાં ભજતાં પ્રીતિપૂર્વકમ્ |

(અ.૧૦/ શ્લોક ૧૦)

અનન્યચેતા: સતતં યો માં સ્મરતિ નિત્યશ: |
તસ્યાહં સુલભ: પાર્થ નિત્યયુક્તસ્ય યોગિન: ||

(અ.૮/શ્લોક ૧૪)

જે ભગવાન સાથે સતત જોડાયેલો રહે છે તેના યોગ અને ક્ષેમ ભગવાન સંભાળે છે એ પણ ભૂલવાનું નથી. એ સંભાળવાની રીત આપણે વિચારતા હોઇએ તેનાથી જુદી હોઇ શકે.

●

## અધ્યાય : ૪૭

આ અધ્યાયનું નામ '**શોકનિદાનકથન**' છે. આ અધ્યાયમાં **૧૨૦** દોહરા છે.

આ અધ્યાયમાં ભક્તોના પ્રકાર અને તેમાં પણ જ્ઞાનીની શ્રેષ્ઠતાની વાત વર્ણવવામાં આવી છે. જ્ઞાની પછી મુમુક્ષુ, પછી આર્ત અને પછી અર્થાર્થી આવે છે. આમ છતાં પણ કોઇ પણ પ્રકારે ભગવાનની ભક્તિ કરનારનું છેવટે તો કલ્યાણ જ થાય છે. (૧-૩૩).

આયુરાજા પણ ભક્તશ્રેષ્ઠ જ હતો. તેથી એનું દુઃખ જાણીને દત્ત ભગવાને નારદમુનિને આયુરાજા પાસે મોકલ્યા. આયુરાજા અર્થાર્થીમાંથી આર્ત થયો, આર્તમાંથી મંદ મુમુક્ષુ થયો અને એની મંદ મુમુક્ષાને તીવ્ર કરવા જ ભગવાને નારદમુનિને મોકલ્યા. (૩૪-૪૨).

નારદમુનિ આગળ આયુરાજાએ પોતાનાં દુઃખની વાત કરી એટલે નારદમુનિએ એને સાચી સમજ આપી. ભગવાન જેને એક વાર પોતાનો ગણે એને શાનું દુઃખ હોય? અને તું જેને દુઃખ ગણે છે એ પણ તારી ગેરસમજ છે. મુખ્યાત્મા અને ગૌણાત્માની વાત સમજાવીને શાંત કર્યો. અધૂરામાં પૂરું એને કહ્યું કે તારો પુત્ર એક મુનિના આશ્રમમાં સુખેથી રહે છે અને સમય જતાં લગ્ન કરીને આવીને તને મળશે અને સ્વબળે ઇંદ્રપદને ભોગવશે. (૪૩-૮૮).

નારદમુનિના સમજાવવાથી આયુરાજાએ વિવેકપૂર્વક વિચાર્યું અનેમનને શાંત કર્યું એટલું જ નહિ પણ ઇંદુમતીને પણ સમજાવી એનું મન પણ શાંત કર્યું. નારદે આપેલા જ્ઞાનથી બંનેએ શોક ત્યજીને મનને પ્રભુના સ્મરણમાં જોડ્યું. (૮૯-૧૨૦).

'હે પ્રભુ ! મારો અપરાધ (ગુનો) માફ કરો. હું તમારા પગે પડું છું' એવું બોલીને આયુરાજા ધરતી ઉપર ઢળી પડ્યો. (૧). ચિત્ત ઉદ્વિગ્ન થયું અને આંખમાંથી ચોધાર આંસુ વહી રહ્યાં છે અને 'હે દિગંબર ! તું દોડ. તારા વિના મારો કોઇ આધાર નથી' એવો પોકાર એણે કર્યો.① (૨).

શ્રી દત્તના (ભગવાનના) અર્થાર્થી, આર્ત, મુમુક્ષુ અને ચોથો મુક્ત-જ્ઞાની એમ ચાર પ્રકારના ભક્તો છે. (૩). આ ચારે પુણ્યશાળી છે. એમાં શંકાને કોઇ સ્થાન નથી તો પણ જ્ઞાની કે જે મુક્ત છે તે બધા ભક્તોમાં શ્રેષ્ઠ છે.② (૪). ખરેખર ! પૂર્વનું પુણ્ય હોય તો જ આ ઇશ્વરભક્તિ થાય છે નહિતર ક્ષુદ્ર દૈવતોની ઉપાસનામાં જ આયુષ્ય પસાર થઇ જાય છે. (૫). જેમ બાણ ચલાવનારની (અથવા બાણ બનાવનારની) વૃત્તિ લક્ષ્યમાં સ્થિર રહે છે તેમ મુક્ત પુરુષની વૃત્તિ પણ ઇશ્વરમાં તન્મય થયેલી રહે છે. (ઇશ્વરમય રહે છે.) (૬). એ ભલે સૂતેલો હોય તો પણ એ ક્યારેય પણ એનું લક્ષ્ય ચૂકતો નથી. એ ઇશ્વરમાં હંમેશાં સુદૃઢપણે વૃત્તિ જોડાયેલી રાખે છે. (૭). મનથી થાય છે તે બરાબર થયેલું હોય છે. શરીરથી કદી પણ એવું થતું નથી. કેવળ શરીરથી થતું કાર્ય એ માત્ર વેઠ છે.③ (૮).

જ્ઞાની પુરુષ હંમેશાં અંતર્નિષ્ઠ થઇને રહે છે અને જેમ જારિણી જાર પુરુષમાં તન્મય હોય છે તેમ મુક્ત પુરુષ ઇશ્વરમાં તન્મય હોય છે. (૯). મોટે ભાગે તો એ (જ્ઞાની) અંતર્નિષ્ઠ જ રહે છે. આમ છતાં ક્યારેક બહિર્નિષ્ઠ થાય તો પણ સઘળે એક જ ચૈતન્ય રહેલું છે એવા નિશ્ચિત જ્ઞાનથી વ્યવહાર કરે છે. (૧૦). આ ચારે ભક્તોમાં જ્ઞાની એ શ્રેષ્ઠ છે અને વરિષ્ઠ છે. ભાવિક મુમુક્ષુ એનાથી ઊતરતી કક્ષાનો છે. (૧૧). (મુમુક્ષુનું) ચિત્ત ઘરમાં ચોંટતું નથી, વિષયો રસ

વગરના જણાય છે, બધે ઉદાસીન થઇને વર્તે છે. કેવળ ભજનમાં રસ ધરાવે છે (જાગૃત રહે છે.) (૧૨). બધાં કામ્ય કર્મો ત્યજીને એ કેવળ નિષ્કામ ભાવે જ કર્મો કરે છે. કેવળ મોક્ષની ઇચ્છા મનમાં રાખીને હંમેશાં હરિનામનું સ્મરણ કરે છે. (૧૩). ઇશ્વરને અર્પણ કરવાની વૃત્તિથી બધાં ધર્મકાર્યો કરે છે અને પોતાનું કલ્યાણ કરવાના હેતુથી સ્વાધ્યાયમાં રત રહે છે. (૧૪). આવું કરનારને તું મુમુક્ષુ જાણ. ત્રીજો ભક્ત આર્ત ભક્ત છે. પોતે રાખેલી આશા સફળ ન થતાં દુ:ખી થઇને ભજન તરફ વળે છે. (૧૫). સાંસારિક દુ:ખોથી મનમાં દુ:ખી થઇને આ આર્ત ભક્ત ઇશ્વરનું ભાવથી ભજન કરે છે. (૧૬). આ આર્તભક્તિ પણ પૂર્વના પુણ્ય વગર થઇ શકતી નથી. કારણ કે (આશાનો ભંગ થતાં) કેટલીક વાર તો આમાંથી નાસ્તિકતા વધે છે અને બધું ઊંધું સૂઝે છે. (૧૭). જેમ જ્ઞાની થવા માટે પહેલાં જિજ્ઞાસુપણું જોઇએ છે તેમ આર્ત થયા પછી સુજ્ઞ વ્યક્તિ મુમુક્ષુ બને છે. (૧૮). જે અર્થાર્થી ભક્ત છે તે સ્ત્રી, પુત્ર, ધન વગેરેમાં દૃષ્ટિ રાખીને એ પ્રાપ્ત કરવાની ઇચ્છા રાખે છે. એને મોક્ષ જોઇતો નથી. (૧૯). પરંતુ આ (અર્થાર્થી ભક્ત) પણ પુણ્યને લીધે જ ભાવથી ભગવાનને ભજે છે નહિતર પોતાની ઇચ્છાઓ સંતોષવા માટે એ ક્ષુદ્ર દેવતામાં રચ્યોપચ્યો રહેતો હોત. (૨૦). ચિત્તમાં કોઇ કામના રાખીને એ ક્ષુદ્ર દેવતાને ભજે છે તો ભજનથી તો બધી ઇચ્છા પૂર્ણ થાય પરંતુ એ મોહમાં નકામો ફસાતો જાય છે. (૨૧). બધાને ફળ આપનાર તો એક શ્રીહરિ જ છે પરંતુ આ ન જાણીને ક્ષુદ્ર દૈવત તરફ પ્રેરાઇને નાહકનો દુ:ખમાં પડે છે.(૪) (૨૨). આ બધું આપનાર ઇશ્વર જ છે એવું જાણીને જે સત્કર્મી ઇશ્વરને ભજે છે એવો અર્થાર્થી પુણ્યશાળી છે. (૨૩). પાપી અર્થાર્થી ઇશ્વર તરફ વળતો નથી. જલદીથી ફળ મળે એવી લાલચથી એ ક્ષુદ્ર દૈવતને ભજે છે.(૫) (૨૪). ક્ષુદ્ર દેવતાની જેમ ઇશ્વર જલદીથી પ્રસન્ન થતો નથી. ભજન કરવાથી પાપ ટળતાં તે વરદાન આપે છે. (૨૫). દરેક વ્યક્તિને એના પૂર્વ જન્મની વાસના અનુસાર તે તે પ્રકારની ભક્તિ મળે છે અને પામર વ્યક્તિ પણ (પાપી પણ) પાવન થઇને તરી જાય છે. (૨૬). કોઇ પણ એક પ્રકારની ભક્તિ કરવાથી પણ દુર્ગતિ ટળી જાય છે. એની પૂર્વ જન્મની દુર્બુદ્ધિ ફરે છે અને એ રીતે માનવી તરી જાય છે. (૨૭). મુક્તિનાં સાધનો છે પરંતુ એમાં ભક્તિ એકદમ સુલભ (સરળ) સાધન છે. બીજાં બધાં સાધનો કષ્ટ આપનારાં છે જ્યારે ભક્તિ તો સરળતાથી પ્રેમપૂર્વક થઇ શકે છે. (૨૮). ભજન કરતાં કરતાં કદાચ પ્રારબ્ધવશ ભક્તનું પતન થાય (એનું ધ્યેય સિદ્ધ ન થાય) તો પણ ઇશ્વર એને કૃપા કરીને તારે છે. (૨૯). તું ઇશ્વરભક્તિનું મહત્ત્વ ખાતરીપૂર્વક જાણી લે કે ભક્તનું કદી પણ પતન થતું જ નથી. ભગવાન તેનું રક્ષણ કરે છે જ. (૩૦). કદાચ વ્યક્તિ દુરાચારી હોય કે ખરાબ વર્તન કરનાર પણ હોય તો પણ ઇશ્વરની કૃપા થતાં એનામાં પરિવર્તન આવે છે અને પરિણામે ભક્તનું પતન થતું નથી. (૩૧). ભક્તની દુષ્ટ વાસના ધીમે ધીમે નાશ પામે છે, ચિત્તમાં શાંતિ આવે છે અને ધીમે ધીમે વૈરાગ્યોદય થાય છે. (૩૨). માટે બીજાં બધાં સાધનો કરતાં ભક્તિ એ ચઢિયાતું સાધન છે. એના જેવું બીજું એકેય સાધન નથી એની નિરંજન, તું ખાતરી રાખ અને એમાં શંકા લાવીશ નહિ. (૩૩).

ઉર્વશીનો પુત્ર આયુ ખરેખર પુણ્યશાળી હોવાથી દંભ અને ઇર્ષ્યા વગેરે છોડીને શ્રેષ્ઠ ભક્ત થયો. (૩૪). પુત્રની ઇચ્છાથી દત્ત ભગવાનને ભાવથી ભજતાં, પુત્ર પામ્યા પછી હવે પ્રારબ્ધવશ આર્ત થયો. (અર્થાર્થીમાંથી આર્ત ભક્ત થયો.) (૩૫). આર્ત થઇને હવે એ દત્ત ભગવાનનાં ચરણનું સ્મરણ પહેલાંની જેમ કરવા લાગ્યો. એની પહેલાંની સકામ ભક્તિ હવે બમણી થઇ. (૩૬).

એનું દુ:ખ જાણીને દયાળુ દત્ત પ્રભુએ નારદમુનિને બોલાવીને કહ્યું કે હે નારદ ! તમે હવે તરત જ જાવ. (૩૭). શોકથી દુ:ખી થયેલો આ રાજા હવે આર્તભક્ત થયો છે. એ ખરેખર મારો ભક્ત છે અને હવે તે જ્ઞાનને પાત્ર (યોગ્ય ઉપદેશને લાયક) છે. (૩૮). એ સદ્‌બુદ્ધિશાળી ભક્ત, તપશ્ચર્યા દ્વારા શુદ્ધ થયો છે. તમે જઇને એની મંદ મુમુક્ષાને તીવ્ર કરો. (૩૯). દત્ત પ્રભુનાં એ વચન સાંભળીને ખભે વીણા મૂકીને ત્યાંથી હરિગુણ ગાતા ગાતા નારદજી નીકળ્યા. (૪૦).

નારદજી 'હરિ હરિ' એમ બોલતા બોલતા ઝડપથી આયુરાજા પાસે આવ્યા. એમને જોઇને તરત જ રાજાએ મુનિના ચરણમાં વંદન કર્યાં. (૪૧). એમને પ્રેમથી બેસવા માટે આસન આપી, રાજાએ એમની પૂજા કરી અને પછી કહ્યું કે હે દેવ ! આજે સદ્‌નસીબે આપે પગલાં કર્યાં તેથી હું ધન્ય થઇ ગયો છું. (૪૨). આપે આજે દર્શન આપ્યાં એટલે ખરેખર આજનો દિવસને હું ધન્ય દિવસ માનું છું. હું અંતરથી રાજી થઇ ગયો છું. મારી બધી ઇચ્છા આજે પૂરી થઇ. (૪૩).

સંતોના જેવા ત્રિભુવનમાં બીજા કોઇ ઉપકારી નથી. એ મેઘની જેમ હંમેશાં કૃપાની અમીવર્ષા વરસાવતા રહે છે. (૪૪). જેને વંદન કરવાથી દેવોને પણ સંતોષ થાય છે તે સંતો મૂઢને ઢંઢોળીને હંમેશાં (મોહમાંથી) જગાડે છે. (૪૫). હું દુ:ખના દરિયામાં ડૂબી રહ્યો છું એવું જાણીને હે નાથ ! શું મને મદદ કરવા માટે દત્ત પ્રભુએ આપને મોકલ્યા છે? (૪૬). મને ગુરુવરે એક સુજ્ઞ પુત્ર આપ્યો હતો પરંતુ પ્રારબ્ધવશ એ ગુમ થયો છે. પરિણામરૂપ મને કાંઇ સૂઝતું નથી. (૪૭). એના વિરહનો અગ્નિ મને ખરેખર સતત બાળ્યા કરે છે. હે નાથ ! કૃપા કરીને મને કહો કે હું હવે શું કરું? (૪૮).

એનું કહેવું સાંભળીને નારદમુનિ હસીને બોલ્યા કે મારે તને શું કહેવું? તારા જેવો કોઇ બીજો મૂઢ મેં જોયો નથી. (૪૯). હે રાજા ! જેનું એકવાર ભાવપૂર્વક સ્મરણ કરવાથી ખરેખર આ સંસાર ટળી જાય છે અને ક્યાંય પણ દુ:ખ રહેતું નથી. (૫૦). જ્યારે તેં તો સો વર્ષ સુધી એની સેવા કરી છે તો પણ હજી તારે દુ:ખ રહ્યું કે? તું શોક કેમ કરે છે? (૫૧). ખરેખર ! પુત્ર તો ગૌણ આત્મા છે. એવું પહેલેથી જ હે નાદાન ! તેં જાણ્યું હોત તો એના વિરહથી આવો શોક કેવી રીતે થાત? (૫૨). મને તો એ વાતનું ખૂબ જ આશ્ચર્ય થાય છે કે આ શરીર, સ્ત્રી, પુત્ર વગેરે જે ક્ષણભંગુર છે તેને તું શાશ્વત માને છે. (૫૩). તું મુખ્યાત્માને ભૂલીને ગૌણ આત્માની નાહકની ચિંતા કરે છે. એ તારી કેવળ ભ્રાંતિ છે. (૫૪). આ શરીર એ ઘડાની જેમ વિકારી છે અને તું એનો સાક્ષી છે. તું તો અરે ! અજ, અજય અને કેવળ નિર્વિકારી છે. (૫૫). (હે રાજા !) તું ભ્રાંતિમાં ખોટો અથડાઇ ના મર. તું તો સાક્ષીમાત્ર છે અને પ્રાણ, ઇંદ્રિય, મન, બુદ્ધિ વગેરેથી જુદો છે. (૫૬). દેહ, સ્ત્રી વગેરે જેને પ્રિય લાગે છે તે તું લોહચુંબકસમ એક અને એ બધાનો સદાનો ચાલક છે. (૫૭). તારે કારણે આ શરીર વગેરે ચેતનવાળાં જણાય છે. તું મન અને ઇંદ્રિયનો સાક્ષી છે. તું નિશ્ચલ અને જાગૃત છે. (૫૮). દેહ, ઇંદ્રિય, મન અને બુદ્ધિનો જે વિભુ એકમાત્ર સાક્ષી છે તેને ન જાણીને ખરેખર તું છેક મૂઢની માફક રડે છે. (૫૯). જ્યારે બુદ્ધિ લીન થઇ જાય છે ત્યારે દેહની સુષુપ્ત અવસ્થા હોય છે. એ જ બુદ્ધિ જાગૃત થતાં દેહની જાગૃત અવસ્થા થાય છે. (૬૦). આ આખું જગત બુદ્ધિ ઉપર આધારિત (બુદ્ધિ નિષ્ઠ) છે. તું એ બુદ્ધિનો સ્પષ્ટપણે સાક્ષી છે. એ બધાથી તું અલિપ્ત છે. તને શોક કે દુ:ખ કશું જ નથી. (૬૧). જેની પ્રીતિ માટે ખરેખર આ સ્ત્રી, પુત્ર વગેરે બધાં ગણાયાં છે તે બધાંની પ્રીતિ માટે જે ક્યારેય પણ નથી એ આત્મા સત્‌ અને શર્વ સ્વરૂપ છે. (૬૨). બધાથી જે અળગો છે તે તું છે એમ ખાતરીપૂર્વક માન. જેને બધા સવર્જ્ઞ કહે છે તે ઇશ્વર સહુનું પાલન કરનારો છે. (૬૩).

જે જીવરૂપે દરેક દેહમાં રમી રહ્યો છે અને જેનું જ્ઞાન થવાથી બધું જાણી શકાય છે એ બધે વ્યાપીને રહેલો છે. (૬૪). જેને કારણે જીવને કર્તાપણા વગેરેનો (કર્તૃત્વાદિક) ભાવ થાય છે, જે કર્મનો સાક્ષી છે અને કર્મફળ આપે છે તે તું અસંગ છે એમ માન. (૬૫). માયા અને તેનાં કાર્યોથી જે હંમેશાં અલિપ્ત રહે છે અને જે બ્રહ્મને ન આમ, ન (ન) આમ (ઇતિ), આ નહિ, તે નહિ કહી વેદો પણ જેનું વર્ણન કરી શકયા નથી, જે હંમેશાં સચ્ચિદાનંદ સ્વરૂપ છે, જે પૂર્ણાનંદ અને પરેશ છે તે જ અજ, અજય અને અકલેશ પરમાત્મા હું છું એવું લક્ષ્યાર્થે જાણીને, ઉદાસીનવૃત્તિથી રહેતાં, જ્યાં એકત્વ જ હોય ત્યાં પાપ અને તાપ પછી ક્યાંથી રહે? (૬૬-૬૮). આ દેહ સાચે જ ગંદો છે, નશ્વર છે અને મિથ્યાત્મા છે. મુખ્યાત્મા જેને સાક્ષી કહેવામાં આવે છે તે નિત્ય શુદ્ધ છે. (૬૯).

ગૌણાત્મા એવો પુત્ર એ કેવળ દુઃખનો ભંડાર છે. એવા જ્ઞાનવિવેકવાળો પુરુષ હંમેશાં સ્વસ્થ મનથી રહે છે. (૭૦). અદ્વૈતના અમૃત-પાનથી કલેશનો નાશ થાય છે. અજ્ઞાની એ જાણતો ન હોવાથી (અદ્વૈતનું જ્ઞાન નહિ હોવાથી) હંમેશાં રડ્યા જ કરે છે. (૭૧). જ્યારે પુત્ર થતો નથી ત્યારે વ્યક્તિને સતત દુઃખ આપે છે. એ જ્યારે ગર્ભમાં આવે છે ત્યારે પણ સુખ થવા દેતો નથી (એટલે કે દુઃખ જ આપે છે.). (૭૨). પ્રસૂતિ વખતે મરણતોલ વેદના ઉપજાવે છે અને એનો જન્મ થતાં જ એના ગ્રહ વગેરેની ચિંતાથી દુઃખ થાય છે. (૭૩). એને રોગ લાગુ પડતાં મા-બાપ વિહ્વળ થઇ જાય છે. મોટો થતાં લડે-પડે એટલે એનાથી સંતાપ થાય છે. (૭૪). જો એ મૂરખ નીકળે તો પછી અપાર ચિંતા થાય છે (ન કરે નારાયણ) અને પ્રારબ્ધ કરીને વ્યસની બને તો મૂગો માર મારે છે. (૭૫).

મોટો થતાં માતા પિતા એનાં વરસ ગણે છે અને (ઉંમરલાયક થતાં) જો વિવાહ ના થાય તો હે ભગવાન ! આનું આગળ ઉપર શું થશે એવી ચિંતા થાય છે. (૭૬). નસીબજોગે લગ્ન થયા પછી પતિ પત્નીમાં પ્રેમ ના જાગે અને તેઓ અંદરોઅંદર લડે તો મોટી ચિંતા થાય છે. (૭૭). તેઓ અંદરોઅંદર હળીમળીને રહેતાં હોય પરંતુ એને સંતાન ના થાય તો માથે બીજા લગ્નની ચિંતા આવી પડે છે. (૭૮). જો પુષ્કળ સંતતિ થાય પણ નસીબજોગે ઘરમાં ખાવાને અન્ન ના હોય તો આ બધાનો નિર્વાહ કેમ કરવો એ ચિંતા ઊભી થાય છે. (૭૯).

કેવળ એક પુત્ર (પુત્રાત્મા)માં દૃષ્ટિ રાખીને વિચારતાં કોઇ દિવસ દુઃખનો અંત આવતો નથી. (૮૦). દીકરો જન્મ્યો નથી હોતો (એટલે કે ગર્ભમાં હોય છે) ત્યારથી જ પુત્ર શોકાનલ બનીને માતા પિતાને જીવતે જીવ ખરેખર બાળે છે. (૮૧). આ સંતતિનું સુખ નશ્વર છે એમ જાણીને સુજ્ઞ એવો તું આત્મ વિવેકથી અંતરમાં સુસ્થિર થા. (૮૨). પુત્ર (ગૌણાત્મા)ના એ માયિક પ્રેમનો ત્યાગ કરીને તું મુખ્યાત્મામાં (તારા પોતામાં) પ્રેમયુક્ત રહે. (૮૩).

હે રાજા ! તું જેને માટે શોક કરે છે, એ તારા પુત્રને હુંડ નામનો રાક્ષસ હરી ગયો છે. (૮૪). એને શત્રુ માનીને એ મારી નાંખવાના ઉદ્દેશથી લઇ ગયો હતો પરંતુ એ નસીબજોગે ત્યાંથી છૂટ્યો છે અને કોઇ એક મુનિના આશ્રમમાં આનંદથી રહે છે એમ જાણીને હે રાજા ! તું ચિંતા ના કર. તારો પુત્ર ત્યાં સુખી છે.⑥ (૮૫-૮૬). આગળ જતાં ભણી ગણીને, શત્રુને મારીને અને સુંદર કન્યાને પરણીને આવીને તમોને ચોક્કસ મળશે. (૮૭). તું એની ચિંતા ના કર. એ રાજ્ય કરશે એટલું જ નહિ પણ આ જ દેહથી ઇંદ્રપદ ભોગવશે. (૮૮). આવું કહીને નારદજી સ્વર્ગમાં ગયા. રાજા રાજી રાજી થઇ ગયો અને તેણે બધી વાત રાણીને કહી. (૮૯). એણે કહ્યું કે હે પ્રિયે ! નારદમુનિએ આત્મા-અનાત્માના વિવેકનો જે ઉપદેશ કર્યો છે તેનું અંતરમાં સ્મરણ કરીને (તેનું ચિંતન કરીને) તું શોક ત્યજી દે. (૯૦).

પુત્ર કોણ છે અને કોનો પુત્ર છે? આ મિથ્યા મોહ છે. એ સ્નેહનું બંધન તૂટતાં મન શાંત થશે. (૯૧). મેં મહામહેનતે દત્તને પ્રસન્ન કર્યા અને એણે 'માગ' એવું કહેતાં મેં પુત્ર વિના બીજું કાંઇ ના માગ્યું. (૯૨). એક જ વરદાનમાં પ્રભુએ ગૂઢ સંકેત કર્યો કે પુત્ર ખરેખર દુઃખ આપનારો નીવડશે પણ હું એ સંકેત સમજી શક્યો નહિ. (૯૩). વંશનો વિસ્તાર થાય એ મોહથી હું ખોટો ફસાયો અને મેં નશ્વર વસ્તુનું વરદાન માંગ્યું એ મારી મોટી ભૂલ હતી એનું આજે મને ભાન થયું. (૯૪). વેદ જેને પરોક્ષ તરીકે ઓળખાવે છે એને મૂઢ સમજી શકતો નથી અને ઊંધુ સમજતાં આમ અનર્થ થાય છે. (૯૫).

નારદમુનિએ જે સમજાવ્યું તે બધું હવે હું બરાબર સમજ્યો. દત્ત ભગવાનની જે સેવા કરી તેનું ફળ આ પુત્ર છે એમ માનું છું. (૯૬). તપ, યજ્ઞ, જપ અને દાનથી પણ દર્શન નહિ આપનાર પરંતુ ભક્તિ દ્વારા પામી શકાય એવા દત્તપ્રભુ મારા પર પ્રસન્ન થયા છે અને આ બધો એનો જ ઉપકાર છે. આ સાંભળીને રાણીએ પ્રેમથી જયજયકાર કર્યો. (૯૭-૯૮). દત્તપ્રભુને વંદન કરીને ગદ્ગદ્ કંઠે રાણી બોલી કે હે પ્રભુ ! (નારદજીએ કહેલા) આ બધાં વચન

મરેલાને સજીવન કરે એવાં છે. (૯૯). સર્વ વેદોના સારરૂપ એવી નારદજીની વાણી સાંભળીને મારું મન બધી રીતે શાંત થઇ ગયું છે. (૧૦૦).

આપની કૃપા થવાને લીધે જ નારદમુનિ આવ્યા અને મારી બધી ભ્રાંતિ દૂર થઇ. એવા આપનાં ચરણમાં હું વંદન કરું છું. (૧૦૧). હે દયાના ભંડાર એવા દત્ત પ્રભુ ! હે પુરુષોત્તમ ! હે માધવ ! આપનો જય હો ! જય હો ! હે અધોક્ષજ (વિષ્ણુ) ! હે બ્રહ્માજી ! આપનો જય હો ! જય હો ! હે અચ્યુત ! હે કેશવ ! આપનો જય હો ! (૧૦૨). તું જ કર્તા છે, ભર્તા છે અને હર્તા પણ તું જ છે. હે મૃત્યું જય ! હે નરહરિ ! હું તમને પ્રણામ કરું છું. (૧૦૩). તું અનેકરૂપે પણ એક જ છે. તું માયાનો ચાલક (ચલાવનારો) છે. ગુણ, દ્રવ્ય અને ક્રિયામાં પણ તું જ પ્રકાશે છે. (૧૦૪). આ બ્રહ્માંડોનું સર્જન કરનાર બ્રહ્મા તું જ છે અને એનો સંહાર કરનાર શિવ પણ તું જ છે. એનું પાલનપોષણ કરનાર વિષ્ણુ પણ ખરેખર તું જ છે અને તું જ શક્તિ પણ છે. (૧૦૫). હે પાર્વતીપતે ! તમારો જય હો ! હું તમને વંદન કરું છું. હે લક્ષ્મીપતિ ! આપનો જય હો ! હે સાવિત્રીના હૃદયમાં વસનાર (બ્રહ્મા) ! હું આપને વંદન કરું છું.⑦ (૧૦૬).

માયાનો આશ્રય કરીને તું એક હોવા છતાં અનેકરૂપે દેખાય છે. તું દરેક દેહમાં ભિન્ન સ્વરૂપે જણાય છે. તું ભક્તનો ઉદ્ધાર કરનાર છે. (૧૦૭). ખરેખર તારી આ બધી લીલા કેવળ અપરંપાર છે. હે સંસારમાંથી (સાગર) તારનાર ! કરુણા કરીને આ દાસીને શરણમાં લે. (૧૦૮). મારી મોહની બેડી જલદીથી તોડીને અને કામ વગેરે શત્રુ મારીને હે વિભુ ! તું મને નિર્ભય કરી દે. (૧૦૯). તું મને ભજનની લગની લગાડ. તું મારામાં આત્મવિવેક જગાડ અને મારી ભેદ દષ્ટિ ભગાડ જેથી હું તદ્દન અસંગ થાઉં. (૧૧૦).

હે હરિ ! તારાં ચરણોને ન ઓળખીને, મેં જાતજાતના ઢોંગ (ફંદ) કર્યા પરંતુ હવે તારા ભજનામૃતના સ્વાદમાં હું મારી ઇચ્છા મુજબ ફરૂં છું. (૧૧૧). તારી પાસે કોઇ વિષયની ઇચ્છા કરે તો તું એને વિષયનું દાન કરે છે અને મુમુક્ષુ હોય તો તેને મોક્ષ આપીને આનંદ કરાવે છે. (૧૧૨). તું ખરેખર ચિંતામણિ જેવો જ છે. તું દુ:ખિયારાનાં દુ:ખ દૂર કરે છે અને જ્ઞાનીને તારાં ચરણે રાખીને એને સુખ આપે છે. (જે જેવું માગે તેવું તું એને આપે છે.) (૧૧૩). હે પ્રભુ ! તું જ મારું અંતિમ લક્ષ્ય છે. તારા વિના મારો બીજો કોઇ આધાર નથી. એ રીતે ઇંદુમતી વારે વારે પ્રાર્થના કરતી હતી. (૧૧૪). આયુરાજા પણ વંદન કરીને સારી રીતે વિનવણી કરતો હતો. હે ગુરુ ! આ સંસારનો દાવાનળ ચારે દિશામાં સળગ્યો છે. તું એમાંથી મને બચાવ. (૧૧૫).

## ગીત

આ (સંસારના) સારરૂપ એવા દત્તપ્રભુનાં ચરણ કમળને હું વંદન કરું છું.

મારું આ મુખ તારા તારી દેનાર ગુણલા ગાય છે અને આ આંખો તારી આકર્ષક છબી નિહાળે છે. મારું આ ચિત્ત તારા રૂપમાં તન્મય થઇ જાય છે. તું આ દ્વૈતભાવરૂપી રોગનો નાશ કર. (૧).

હું તારી પાસે ધન કે એવું બીજું કાંઇ નથી માગતો. આ સંસારમાંથી મને તારી દે એવી સેવા તું મને આપ. હું તને જગતમાં જોઉં અને જગતને તારામાં જોઉં એવી દૃષ્ટિ આપ. તારા મહિમાનો કોઇ પાર નથી. (૨).

તું એક હોવા છતાં અનેક થઇને બધે વ્યાપ્યો છે અને તું સચ્ચિદાનંદરૂપે શોભે છે. મારાં આ કાતિલ કર્મબંધનોને કાપીને તું હંમેશ માટેની નિષ્કામ કર્મની ભાવના આપ. (૩).

આ ભયાનક ભેદદષ્ટિને ભેદીને (દૂર કરીને), તું મારો જન્મમરણનો ફેરો ટાળ અને નિ:સાર ભ્રાંતિને દૂર કર. હું (જીવ) નથી, કે તું (ઇશ્વર) પણ નથી અને જગત પણ નથી. આ એક કે અનેક બધું અસાર છે. (૪).

નિરાકાર કે સાકાર જે છે તે છે જ, અને જે નથી તે કશું નથી જ. રંગ રૂપ વિનાના હે દિગંબર ! તું મારો જન્મમરણનો સંશય દૂર કર. (૫).

●

આ રીતે પતિ-પત્ની બંનેએ દત્ત ચરણનું સ્મરણ કરીને શોક અને ચિંતા છોડી દીધાં અને સ્વસ્થ મનવાળાં થયાં. (૧૧૬). આ બાજુ મુનિના આશ્રમમાં પુત્ર નહુષ મોટો થતો હતો. એણે હુંડનો વધ કેવી રીતે કર્યો એનું વર્ણન આગળ ઉપર થશે. (૧૧૭). દત્તપ્રભુની આજ્ઞાથી નારદજીએ આત્મજ્ઞાનનો ઉપદેશ આપીને દંપતીનો શોક દૂર કર્યો એનું આ અધ્યાયમાં વર્ણન કર્યું. (૧૧૮). અલખજી નિરંજનને કહે છે કે જે ભાવપૂર્વક ભજે છે તેને સ્વભક્ત વત્સલ શ્રી હરિ કેવી રીતે વિસારે? (૧૧૯). જેમ કાચા ઘડામાં પાણી રહેતું નથી તેમ ભક્તિ અને શ્રદ્ધા વિનાનો રંગ પણ કાચો જ છે એમ તું જાણ. (૧૨૦).

**શ્રી દત્તપ્રભુનાં ચરણકમળના ભ્રમર એવા બ્રહ્મચારી પાંડુરંગ (રંગ અવધૂત)મહારાજ દ્વારા રચિત શ્રીગુરુલીલામૃતનો અલખ અને નિરંજનના સંવાદરૂપે 'શોકનિદાનકથન' નામનો સુડતાલીસમો અધ્યાય સમાપ્ત થયો.**

●

**પાદટીપ :**

**અધ્યાય : ૪૭**

(૧) પુત્ર પ્રાપ્તિની ઇચ્છાથી આયુરાજા દત્તપ્રભુ પાસે ગયો ત્યારે એ અર્થાર્થી ભક્ત હતો. કશું મેળવવાની લાલચે ગયો હતો. હવે પુત્રનું અપહરણ થતાં એ દુ:ખી-આર્ત ભક્ત થયો. પહેલા બે દોહરા એ આર્ત ભક્ત બન્યો છે એ સૂચવે છે. આમ ભક્ત તરીકે એની કક્ષા ઊંચી થઇ છે.

(૨)

ચતુર્વિધા ભજન્તે માં જના: સુકૃતિનોડર્જુન |
આર્તો જિજ્ઞાસુરર્થાર્થી જ્ઞાની ચ ભરતર્ષભ ||
તેષાં જ્ઞાની નિત્યયુક્ત એકભક્તિર્વિશિષ્યતે |
પ્રિયો હિ જ્ઞાનિનોડત્યર્થમહં સ ચ મમ પ્રિય: ||
(ગીતા અ.૭/શ્લોક ૧૬-૧૭)

(૩) આ દોહરો મહત્ત્વનો છે. કોઇ પણ કાર્ય-ભક્તિ કરવા ખાતર કરવી અને મનથી કરવી એ બેમાં ખૂબ તફાવત છે. મનથી થયેલું, દિલ મૂકીને કરેલું કાર્ય એ જ સાચી પૂજા છે. ફક્ત શરીરથી થતું કાર્ય એ વેઠ છે. ઉજાગરો અને જાગરણ, ઉપવાસ અને ભૂખ્યા રહેવું એ બેમાં વૃત્તિનો જ ફેર છે. શારીરિકમાંથી-બાહ્યમાંથી ધીરેધીરે માનસિક તરફ-આંતરિક તરફ ગતિ કરવી એ જ સાચી સાધના છે. પરંતુ માનસિકના નામે પાછી છેતરપિંડી ન થાય તે જોવાનું છે. શરૂઆતમાં શારીરિક-બાહ્ય રીતની ભક્તિ જરુરી હોય છે જ.

(૪) અન્તવત્તુ ફલં તેષાં તદ્દ્ભવત્યલ્પમેધસામ્ |
દેવાન્દેવયજો યાન્તિ મદ્દ્ભક્તા યાન્તિ મામપિ ||
(ગીતા અ.૭/શ્લોક ૨૩)

પરંતુ તે અલ્પ બુદ્ધિવાળાઓને જે ફળ પ્રાપ્ત થાય છે તે નાશવંત હોય છે. દેવોને પૂજનારા દેવોને પામે છે, પણ મારા ભક્તો મને જ પામે છે.

(૫) યેષાં ત્વન્તગતં પાપં જનાનાં પુણ્યકર્મણામ્ |
તે દ્વંદ્વમોહનિર્મુક્તા ભજન્તે માં દઢવ્રતા: ||
(ગીતા અ.૭/શ્લોક ૨૮)

અર્થ: પરંતુ જે પુણ્યકર્મ (સુકૃતી)વાળા મનુષ્યોનું પાપ નાશ પામ્યું હોય છે, તેઓ રાગદ્વેષાદિ દ્વંદ્વોના મોહમાંથી મુક્ત થઇ દઢ નિશ્ચયથી મને ભજે છે.

(૬) આપણા મનમાં આપણું જગત જન્મે છે અને મનમાં જ નાશ પામે છે. દોહરા ૮૩ સુધી રાજા અને રાણી બંને પુત્ર હાથથી ગયો એવું માનીને કલ્પાંત કરતાં હતાં. દોહરા ૮૪ થી ૮૬માં ફક્ત નારદજીએ એટલું જ કહ્યું કે તારો પુત્ર એક મુનિના આશ્રમમાં સુખે જીવે છે ત્યાં જ પુત્ર જીવતો થઇ ગયો અને દુ:ખ જતું રહ્યું. આમ જુઓ તો કેવળ નારદનાં વચનમાં શ્રદ્ધા અને વિશ્વાસ રાખીને જ આ વલણ બદલાઇ ગયું છે.

(૭) ગોસ્વામી શ્રી તુલસીદાસજી રચિત "શ્રીરામચરિત માનસ"ના બાલકાંડમાં કથા આવે છે કે ભગવાન શંકરને પતિ તરીકે મેળવવા માટે હિમાલય-પુત્રી પાર્વતી (પર્વતનાં પુત્રી)એ અત્યંત કઠિન તપશ્ચર્યા શરૂ કરી. આ તપશ્ચર્યામાં આગળ વધતાં વધતાં એક તબક્કે જમીન પર પડેલાં સૂકાં પાંદડાંનો આહાર લેવાનું શરૂ કર્યું. પછી છેવટના તબક્કામાં તો સૂકાં પાંદડાં (પર્ણ) પણ ખાવાનું છોડી દીધું ત્યારે તેમનું નામ અપર્ણા (જેમણે પર્ણ (પાંદડાં) પણ ખાવાં છોડી દીધાં છે તેવાં) પડ્યું. તેથી દોહરા ૧૦૬માં નિર્દિષ્ટ અપર્ણેશ્વર એટલે પાર્વતીના પતિ ભગવાન શંકર.

●

## અધ્યાય : ૪૮

આ અધ્યાયનું નામ '**નહુષપ્રયાણ**' છે. આ અધ્યાયમાં **૧૧૨** દોહરા છે.

વસિષ્ઠ મુનિને પ્રેરણા કરીને દત્તપ્રભુ પોતાના ભક્તનું રક્ષણ કરી રહ્યા છે. મુનિએ એના ઉછેરમાં ખૂબ ધ્યાન આપ્યું પછી મોટો થતાં એક દિવસ મૃગયા રમવા જતાં એણે આકાશવાણી સાંભળી અને એનાં માતા-પિતા ઇંદુમતી અને આયુરાજા છે તેમ જ હુંડ એનો શત્રુ છે એની જાણ થઇ. હુંડને મારીને અશોક સુંદરી સાથે લગ્ન કર એવું પણ સાંભળ્યું. (૧-૧૫).

સાંભળેલી વાત વસિષ્ઠ મુનિને કરી એટલે મુનિએ કહ્યું કે તેં જે સાંભળ્યું છે તે સત્ય છે અને હુંડે કરેલા કાર્યથી એને માહિતગાર કર્યો અને નહુષને આજ્ઞા કરી કે હવે તું હુંડનો વધ કરવા ઊપડ. એમ કહીને એને આશીર્વાદ આપ્યા. (૧૬-૪૧).

મુનિને વંદન કરીને, આજ્ઞા માથે ચઢાવી નહુષ હુંડને મારવા નીકળ્યો. એને બધે શુભ શુકનો થયાં. એને પગપાળો લડવા જતો જોઇ ઇંદ્રએ પોતાનો રથ અને માતલિ સારથિને મોકલ્યા. વચ્ચે રંભા અપ્સરા મળી અને હુંડને મારીને અશોક સુંદરીને પરણવાની ભલામણ કરી. (૪૨-૯૧).

નહુષ દેવસૈન્યને લઇને કાંચનપુર પહોંચ્યો. મોટો કોલાહલ સાંભળીને હુંડ ઊંઘમાંથી જાગ્યો અને દૂતને તપાસ કરવા મોકલ્યો. દૂતે કહ્યું કે આયુસુત નહુષ દૈવસૈન્ય લઇને તમને મારવા આવ્યો છે. એણે પત્ની, દાસી બધાંને બોલાવીને ધમકાવ્યા અને સૈન્યને પાંચ સેનાપતિના માર્ગદર્શન હેઠળ લડવા મોકલ્યું. (૯૨-૧૧૨).

ત્રિમૂર્તિ શ્રીદત્તની લીલા અદ્ભુત છે. ભક્તને વરદાન આપનાર શ્રીદત્ત વસિષ્ઠ મુનિને પ્રેરણા કરીને પોતાના ભક્તના પુત્રનું રક્ષણ કરે છે. (૧). દત્ત પ્રભુની પ્રેરણાને કારણે જ આત્મધ્યાન બાજુએ મૂકીને નહુષનું પાલન કરવામાં વસિષ્ઠ મુનિ સાવધાન રહેતા હતા. (૨). વસિષ્ઠ મુનિના શિક્ષણને કારણે આયુરાજાનો સમર્થ પુત્ર શસ્ત્ર અને શાસ્ત્રમાં પારંગત થયો અને ધનુર્વેદનો જાણકાર થયો.① (૩). કોઇ દિવસ આડે રસ્તે ચાલતો નથી, કદી પણ ઉદ્ધતાઇથી વર્તતો નથી. વસિષ્ઠ પાસે રહીને એ હંમેશાં વિનય અને નમ્રતાથી વર્તવા લાગ્યો. (૪). કોઇ પણ દિવસ પ્રશંસામાં કે નિંદામાં એ ધ્યાન આપતો નથી. અભ્યાસમાં સાવધાનીપૂર્વક વર્તીને તે નિપુણ થયો. (૫). એનું આવું વર્તન જોઇને સંતુષ્ટ થયેલા મુનિએ એને કહ્યું કે તું ક્ષત્રિય છે તેથી વનમાં જા અને હિંસક પશુનો શિકાર કર.② (૬).

આમ ગુરુની આજ્ઞા થવાથી એ એક દિવસ ધનુષ્ય બાણ લઇને જંગલમાં શિકાર કરવા ગયો. (મૃગયા રમવા નીકળ્યો.) (૭). લોકોને હેરાન પરેશાન કરનાર અને ગાય વગેરેને જે મારી નાખે છે એવા વાઘ વગેરે હિંસક પશુને વનમાં જઇને તે મારવા લાગ્યો. (૮). એની બહાદુરી જોઇને અને બાણનું અચૂક અનુસંધાન જોઇને રાજી થઇને દેવોએ આકાશવાણી કરી (વ્યોમવાણી=આકાશવાણી) કે તું ખરેખર સોમવંશના રાજા આયુનો પુત્ર છે. હે બાળ ! તું ઇંદુમતીના પેટે જન્મ્યો છે. (૯-૧૦). નસીબનો ખેલ છે કે તું અહીં વસિષ્ઠ મુનિના આશ્રમમાં આવ્યો છે. તું (મુનિપુત્રનું) અભિમાન છોડીને માતા-પિતાને જઇને મળ. (૧૧). માણસને જે પોતાનો ખોરાક સમજે છે તે અધમ દૈત્ય હુંડ એ તારો દુશ્મન છે અને તું તેનું માથું ઉડાડ. (૧૨). એના કારાગૃહ (કેદખાના)માં અશોક સુંદરી દુ:ખી થાય છે. તું જલદીથી એની સાથે લગ્ન કરીને

તારા પોતાના નગરમાં જા. (૧૩). હે રાજા ! તું તારા પોતાના બાહુબળથી જ ખરેખર એ રાક્ષસને મારી શકીશ. આવું કરવા માટે તું દત્તપ્રભુની કૃપાને કારણે સમર્થ છે. તું એની ચિંતા કરીશ નહિ. (૧૪).

આવી આકાશવાણી સાંભળીને નહુષ વિચારવા લાગ્યો કે હું તો વસિષ્ઠ મુનિનો પુત્ર છું એ હકીકત છે જ્યારે આ આકાશવાણી શું બોલે છે? (આ તો કંઇ જુદું જ બોલે છે.) (૧૫). આકાશમાં આ કોઇ દેવ બોલે છે કે મારી બુદ્ધિ ભમાવવા માટે આ કોઇ કપટી છૂપાઇને-ગુપ્ત રીતે બોલે છે? (૧૬). નહુષ આવી વિવિધ પ્રકારની કલ્પના કરે છે. આશ્રમમાં આવીને મુનિને પ્રણામ કરીને એણે બધી વાત કરી. (૧૭).

આ સાંભળીને મુનિ બોલ્યા કે હે નહુષ ! તું સાચે જ આયુરાજાનો પુત્ર છે અને તારી માતા ઇંદુમતિ છે. (૧૮). સર્વતંત્રથી સ્વતંત્ર એવા ભગવાન દત્તાત્રેયની કૃપાથી તારો જન્મ થયો છે અને એ જ તારું રક્ષણ કરી રહ્યા છે. (૧૯). તું જ્યારે ગર્ભમાં હતો ત્યારે દૈત્યને એ વાતની ખબર પડતાં તને મારી નાંખવાનો એણે જ્યારે પ્રયત્ન કર્યો ત્યારે શ્રીદત્ત ભગવાને પોતાના સુદર્શન ચક્રને ફરતું રાખીને તારું રક્ષણ કર્યું હતું. તો પણ તને મારવાનો લાગ શોધનાર હુંડ ત્યાંથી ખસ્યો નહિ. (૨૦-૨૧). આ આયુપુત્ર મને મારી નાંખશે એમ માનીને તારો જન્મ થતાં એની માયાના જોરે એણે તારું હરણ કર્યું. (૨૨). તને પોતાના નગરમાં લઇ જઇને તને મારી નાંખવાના હેતુથી એણે એની પત્નીને તને સોંપ્યો અને પત્નીએ દાસીને સોંપ્યો. (૨૩). અરેરે ! તું એવા નાસ્તિકો (ઘાતકી)ના હાથમાં જઇ ચઢ્યો તો પણ તારા જીવનનું દત્તપ્રભુએ રક્ષણ કર્યું. (૨૪).

હે નહુષ ! તું સાંભળ કે આશ્ચર્યની વાત તો એ કે દાસીએ તને લઇને મારવા માટે રસોઇયાને આપ્યો. (૨૫). ઇંદ્રના વજ્ર જેવું કઠોર શસ્ત્ર હાથમાં લઇને એ નિર્દય રસોઇયાએ તને ત્રણ વાર મારવાનો પ્રયત્ન કર્યો પણ સુદર્શન ચક્રને આડું ફરતું રાખીને ત્યાં પણ દત્તપ્રભુએ તારી રક્ષા કરી. રાક્ષસના એ દુષ્ટ અને ઉન્મત્ત રસોઇયાએ તને મારવા શસ્ત્રનો પ્રહાર કર્યો પણ મહેનત નિષ્ફળ ગઇ. (૨૬-૨૭). દાંત અને હોઠ ચાવતો એ (રસોઇયો) ક્રોધથી લાલચોળ થઇ ગયો. કેટલાં શસ્ત્રો તૂટી ગયા છતાં તારો વાળ વાંકો ન થયો. (એટલે કે તને કશું જ થયું નહિ.) (૨૮). આવું જોઇને એના મનમાં અચંબો થયો અને તારી શાંતિ જોઇને એ મનમાં પીગળ્યો. (એના મનમાં દયા ઊપજી) (૨૯). એ ઘાતકી (ક્રૂર) ને દયા આવી એટલે એણે શસ્ત્ર મૂકી દીધાં અને દાસીને કહ્યું કે અહીં આપણું અસ્ત્ર કામ કરે એમ નથી. (૩૦). ખરેખર કોઇ દેવ ચોક્કસ આની રક્ષા કરી રહ્યો છે. માટે આને ક્યાંક મૂકી આવીએ. (૩૧). એવું કહીને એ તને અહીં લાવીને મૂકી ગયા. તારું નસીબ બળવાન હતું તેથી દત્ત ભગવાન તારું સારી રીતે રક્ષણ કરી રહ્યા હતા. (૩૨).

આ બધું ધ્યાન દ્વારા જાણીને મેં તારું લાલન પાલન કર્યું. રાક્ષસની બીકને લીધે મેં તને નગરમાં પાછો ના મોકલ્યો. (૩૩). દુર્બુદ્ધિવાળો એ હુંડ તું જીવે છે એ જાણતો નથી. નહિ તો એ અહીં આવીને ઉપાધિ કરી મૂકે. (૩૪). આ પહેલાં અશોક સુંદરીએ એને શાપ આપ્યો હતો કે હે દુષ્ટ ! જા તને આયુપુત્ર નહુષ મારશે. (૩૫). સાચે જ એને (અશોક સુંદરીને) એ દુષ્ટે કેદખાનામાં નાંખી છે. તને પરણાવા માટે એ ત્યાં દુ:ખ વેઠે છે. એ કેવળ તારામાં જ તન્મય છે. (૩૬). માટે તું હવે જલદી ઊપડ અને દૈત્યને મારીને તું માતપિતા પાસે જઇને તું સુખેથી એમને મળ.③ (૩૭).

વિશ્વનું પાલન કરનાર દત્ત ભગવાન તારું રક્ષણ કરો અને એમના ચરણનું ચિંતન કરીને તું હુંડનો વધ કર. (૩૮). હે રાજા ! તું હવે વાર ન લગાડ. તું શૂરવીર (મહાબાહુ) છે. તું દૈત્યનો વધ કર ! તું વિજય મેળવ ! તારું કલ્યાણ થાઓ. (૩૯). દેવો તને બળ આપનાર બનો. પિતૃગણો વરદાન આપો. ધનુર્વેદના મંત્રો તને હંમેશાં યશ આપનારા બની રહો. અને બ્રાહ્મણો તને આયુષ આપો. (૪૦). તારી કીર્તિથી ચારે દિશા વ્યાપી ઊઠો. તને મારી આશિષ છે. તું જા અને વિજયી થા. (૪૧).

આપની આજ્ઞા શિરોમાન્ય છે, એમ કહીને નહુષ ગળગળો થઇ ગયો. મુનિનાં ચરણમાં ભાવપૂર્વક શરીર સમર્પિત કરી દીધું અને બોલ્યો કે હે ગુરુજી ! હું તમને શું પ્રણામ કરું? આપ તો બધું જાણો જ છો. આ ચરણની સેવા કરતાં બધાં દુ:ખડાં ટળી જાય છે અને કામ વગેરે આંતરિક શત્રુઓ પણ ભાગી જાય છે તો પછી બાહ્ય શત્રુ એવા હુંડનું તો શું ગજું? (૪૨-૪૪). ગરૂડને જોઇને સાપનો સમૂહ ભાગંભાગ કરે તેમ આપની કૃપાથી શત્રુનો સમૂહ નિર્બળ થઇ જશે. (૪૫). હે નાથ ! મને કોઇ પણ જાતની ચિંતા નથી. આપનાં આ ચરણનું સ્મરણ કરીને હુંડને એના સમગ્ર કુળ સાથે મારી નાંખીશ. (મર્દીશ-મસળી નાંખીશ.) (૪૬). એવું બોલીને એ વસિષ્ઠ મુનિના ચરણમાં પગે પડ્યો. એનું માથું સૂંઘી, પછી એને ઉઠાડીને મુનિએ કહ્યું કે જા ! તારો જય થાઓ. (૪૭). પિતૃદેવો, બ્રાહ્મણો હંમેશાં તારા અરિષ્ટનું નિવારણ કરો અને આકાશ તથા પૃથ્વી તારું રક્ષણ કરો અને સૂર્ય (પુષા) તારા પાપનો નાશ કરો. (૪૮). વસિષ્ઠ મુનિએ પ્રેમપૂર્વક આવી આશિષ આપી એટલે દત્તચરણનું સ્મરણ કરીને નહુષ ઝડપથી ચાલવા લાગ્યો. (૪૯).

નહુષે વિચાર્યું કે ગર્ભમાં આવ્યો ત્યારથી આજ સુધી મેં જેને નમન પણ નથી કર્યાં છતાં જે દત્ત ભગવાને સ્નેહથી મારું રક્ષણ કર્યું છે તે દત્તપ્રભુનાં ચરણમાં વંદન કરું છું. (૫૦). હે પ્રભુ ! રણમેદાનમાં મારું રક્ષણ કરી (મને સાચવી) મને જય અપાવજો અને મારી બધી ઇચ્છા પૂર્ણ કરીને મારી સેવા સ્વીકારજો. (૫૧). જે નાસ્તિકને શિક્ષા કરે છે અને આસ્તિકનું રક્ષણ કરે છે તે એક માત્ર દત્ત ભગવાન જ ખરેખર મારું રક્ષણ કરનારો છે. (૫૨). જે સાધુજનોના મનનું વિશ્રામરૂપ સ્થાન છે તેના ચિંતનથી મારો બધો ખેદ ટળી જાઓ અને મને વિજયશ્રી આવીને વરો. (૫૩). જેના ગુણ ગાતાં શેષનાગ પણ થાકી જાય છે અને જ્યાં બૃહસ્પતિ પણ બોલતા બંધ થઇ જાય છે ત્યાં મારું તો શું ગજું? (૫૪). ભાવપૂર્વક હું મારા બંને હાથ જોડીને તેને વંદન કરું છું. હે દત્ત યોગીવર ! તમે કૃપા કરીને મારી રક્ષા કરો. (૫૫). યુદ્ધના મેદાનમાં લડતી વખતે અથવા સંકટમાં આવી પડું ત્યારે અથવા કોઇ મને કપટપૂર્વક મારવાની કોશિશ કરતું હોય ત્યારે હે યતિવર ! તમે મારું રક્ષણ કરો. (૫૬). હું લડવા જઉં છું ત્યારે મને કોઇ વિઘ્ન ન નડે, મને સમયસર ખાવાનું-પીવાનું મળો અને હું સુખેથી પાછો ફરું એ રીતે હે દેવો ! મારી રક્ષા કરો. (૫૭). યુદ્ધમાં લડતી વખતે બધા જેને બોલાવે છે તે ભગવાન ઇંદ્ર મને બીકથી રક્ષણ આપીને મદદરૂપ થાઓ ! (૫૮).

નહુષે પ્રેમપૂર્વક આવું સ્તવન કર્યું ત્યારે એની ધીરજ જોઇને દેવો ખૂબ આનંદ પામ્યા. (૫૯). આનંદમાં માથું હલાવીને પુષ્પવૃષ્ટિ કરવા લાગ્યા. આવી શુભ ભાવના દર્શાવતાં શુકન જોઇને નહુષ વેગથી ચાલી નીકળ્યો. (૬૦).

સામેથી ગાય અને કુંવારી કન્યા મળી. દહીં, ફૂલ, ફળ, પાણીથી ભરેલા બે ઘડા લઇને આવનાર, બે દ્વિજ શ્રેષ્ઠ પુરુષો અને દક્ષિણ (જમણી) બાજુએ હરણને જતાં જોવાનાં શુકન થયા. (૬૧). આવાં શુકન જોઇને એ અંતરમાં ખૂબ જ રાજી થયો અને આનંદથી ચાલવા લાગ્યો. ઇંદ્રરાજા (સુરપતિ) એ આ બધું જોયું. (૬૨). ઇંદ્રરાજાએ કહ્યું કે અરે હે દેવો ! જુઓ આ શૂરવીર નહુષ દેવો અને બ્રાહ્મણો માટે પગપાળો (પગે ચાલીને) લડવા જાય છે. (૬૩). તમે બધા જઇને એને રણમેદાનમાં મદદ કરો અને હું પણ મારો રથ મોકલું છું જેથી એ વિજયી થાય. (૬૪). આવું કહીને ઇંદ્રે પોતાના સારથિને બોલાવીને તરત જ કહ્યું કે "હે માતલિ ! તું મારી આજ્ઞા માન. તું ઘોડા સાથે રથ લઇને જા અને જલદીથી નહુષને મળ. તું સાથે સાથે છત્ર, કવચ, બાણનો ભાથો (તુણીર), ધનુષ, વિવિધ પ્રકારનાં શસ્ત્ર, અસ્ત્ર, મુગટ (કિરીટ), કુંડળ, કેયૂર, અલંકાર વગેરે લઇને જલદીથી જા."૪ (૬૫-૬૭).

ઇંદ્રરાજાનાં એ વચનો (આજ્ઞા) શિરોમાન્ય કરીને એ બધું લઇને તે (સારથિ) આવ્યો અને નહુષને મળ્યો. (૬૮). નહુષ દત્તગુરુનાં ચરણનું ભાવપૂર્વક ચિંતન કરતો કરતો ચાલતો જતો હતો. એવામાં ત્યાં આવીને માતલિએ વંદન કરીને કહ્યું કે હે રાજા નહુષ ! દેવેંદ્રએ આ બધી વસ્તુ સાથે રથ મોકલ્યો છે તે સ્વીકારીને તું યુદ્ધમાં વિજયી

થા. (૬૯-૭૦). આ બધું બધી રીતે પૂર્ણ છે અને ન ભેદી શકાય એવું છે. આવાં વચનો સાંભળીને નહુષે એનો આનંદથી સ્વીકાર કર્યો. (૭૧).

રત્નજડિત મુગટને પ્રેમથી મસ્તક પર પહેર્યો. કાનમાં કુંડળ ઝગમગે છે અને કંઠ (ગળા)માં હાર શોભી ઊઠ્યાં. (૭૨). તેજસ્વી અને મજબૂત કવચ શરીર પર પહેર્યું અને અનુક્રમે બધાં આયુધો અભિમંત્રિત કરીને બાંધ્યાં. (૭૩). રથને વંદન કર્યા પછી રથની પ્રદક્ષિણા કરી અને પછી દત્તપ્રભુનાં ચરણનું સમંત્ર સ્મરણ કરીને એ રથમાં બેઠો.⑤ (૭૪). રણધ્વજા ફરફર ફરકતી (ઊડતી) હતી. સફેદ ઘોડા શોભતા હતા. વીરતા (પરાક્રમ)રૂપી શ્રીથી નહુષ સૂર્ય સમાન શોભી રહ્યો હતો. (૭૫). એણે માતલિને કહ્યું કે હવે તું ઝડપથી રથ હાંક. રાજપુત્રનાં એવાં વચનો સાંભળીને (માતલિ) સારથિએ કહ્યા પ્રમાણે રથ ઝડપથી હાંક્યો. (૭૬). હાથમાં ચાબુક લઇને એણે લગામ બરાબરની ખેંચી. એટલે તરત જ રથ પવન વેગે ઊપડ્યો. (૭૭). વિશ્વંભર શ્રી દત્ત સ્વયં મદદે આવે પછી ત્યાં શું ખામી રહે? અરે ! અવળું હોય તે પણ સવળું થઇ જાય. (૭૮).

તેત્રીસ કરોડ દેવો બધા મદદે દોડ્યા અને કહ્યું કે હે નહુષ ! અમે બધા દેવો તારી મદદે આવ્યા છીએ. (૭૯). નહુષે કહ્યું કે હે દેવવૃંદ ! દત્તપ્રભુ એ જ મારું સર્વસ્વ છે. એ જ આ બધું કરાવે છે એમાં શંકાને કોઇ સ્થાન નથી. (૮૦). હું હંમેશાં ગુરુની આજ્ઞામાં રહું છું તેથી મારો નિશ્ચય છે કે મારાં બધાં દુઃખો નિવારીને એ મારું રક્ષણ કરે છે. (૮૧). એ યોગીવર દત્ત ખરેખર ભક્તની ઇચ્છા પૂરી કરનાર છે. તે સ્વયં સહાયરૂપ થતાં ત્યાં શું ખામી રહે? (૮૨).

આવું કહીને એ જ્યાં આગળ વધતો હતો ત્યાં આ જાણીને અશોક સુંદરીએ રંભાને તરત જ ત્યાં જવા પ્રેરી. એટલે સામે આવીને એ સમજુ રંભા બોલી કે હે નહુષ ! તું મારી વાત સાંભળ અને એમાં કંઇ શંકા કરીશ નહિ. (૮૩-૮૪). મારું નામ રંભા છે. મારી બહેનપણી અશોક સુંદરીએ તું આવી રહ્યો છે એવું ધ્યાનથી જાણીને મને તારી પાસે મોકલી છે. (૮૫). એ હુંડના કારાગૃહમાં છે છતાં તારું જ ચિંતન કરે છે. તું એને કારાગૃહમાંથી છોડાવી એની સાથે લગ્ન કર એવી એની વિનંતીનો તું સ્વીકાર કર.⑥ (૮૬). એ બંધનમાં પડેલી હોવા છતાં પવિત્ર (નિર્દોષ) છે. જો હું ખોટું બોલતી હોઉં તો ભગવાન મારી જીભ તોડી નાંખો. (૮૭). નહુષે કહ્યું કે તું હવે વિલંબ કર્યા વિના હવે જતી રહે. આ બધું હું પહેલેથી જાણું જ છું. (૮૮). હુંડનો વધ થતાં એ પ્રમાણે બધું જ થશે. હે કામિની (સુંદર સ્ત્રી) ! અત્યારે ઘેલી ના થા. ધીરજનાં ફળ મીઠાં સમજી ધીરજ ધર. (૮૯). નહુષનાં વચન સાંભળીને સંતોષ પામીને રંભા ગઇ અને સખીને કહ્યું કે હવે તું ચિંતા કરીશ નહિ. (૯૦). તેં જે ઇચ્છ્યો હતો તેવો સુયોગ હવે નજીક આવી રહ્યો છે. આ સાંભળીને અશોક સુંદરી પણ રાજી રાજી થઇ ગઇ. (૯૧).

ત્યાંથી નહુષ દેવોના સૈન્ય સાથે યુદ્ધ કરવાના ઉત્સાહ સાથે કાંચનપુરમાં આવી પહોંચ્યો. (૯૨). દેવો, સિદ્ધો, સાધ્યો, વિદ્યાધર (દેવ યોનિના દેવ), યક્ષ, ગંધર્વ, કિન્નરો, નાગ, ગુહ્યકો (કુબેરના સેવકો) વગેરે ઝડપથી આવીને મોટો કોલાહલ કરવા લાગ્યા. એ શોરબકોર સાંભળીને હુંડ ઊંઘમાંથી જાગી ગયો. (૯૩-૯૪). એ આનંદથી સૂતો હતો ત્યાંથી ઝબકીને જાગી ઊઠ્યો અને પૂછવા લાગ્યો કે આ કોણ દુશ્મન આવીને ઘોંઘાટ કરે છે? (૯૫). અરે દૂત ! તું જઇને જો તો ખરો કે કોણ છે? ક્યાંથી આવ્યો છે? કેમ આવ્યો છે? એનું લશ્કર કેટલું છે? અને અહીંયાં મરવા માટે કેમ આવ્યો છે? (૯૬). તું આ બધી તપાસ કરીને જલદી પાછો આવ. એવું કહીને હુંડે દૂતને તપાસ કરવા મોકલ્યો. (૯૭). દૂતે ત્યાં જઇને પ્રયત્નપૂર્વક બધી જાણકારી મેળવી અને પાછા આવીને કહ્યું કે હે દાનવપતિ ! તમે સાંભળો. (૯૮). આયુરાજાનો પુત્ર નહુષ આપને મારવા માટે દેવોના સૈન્ય સાથે સાચે જ આવી પહોંચ્યો છે. (૯૯).

દૂતનાં વચનો સાંભળીને એ (હુંડ) ક્રોધથી લાલચોળ થઇ ગયો. એણે પત્નીને પૂછ્યું કે પેલા બાળકને તેં માર્યો હતો કે નહિ? (૧૦૦). તેં તારી જાતે માર્યો હતો કે તેં કોઇને આપ્યો હતો? અને શા માટે આપ્યો હતો? પત્નીએ કહ્યું કે દાસીના હાથે મારી હાજરીમાં જ મારી નંખાવ્યો હતો. (૧૦૧). એનાં હાડકાં ચામડાં પણ નકામાં માનીને ફેંકી દીધાં ન હતાં. આવું સાંભળીને તેણે દાસીને બોલાવીને પૂછ્યું કે બોલ રાંડ ! પેલા બાળકને કોણે મારી નાંખ્યો હતો? દાસીએ કહ્યું કે મેં જ રાણીની હાજરીમાં એ બાળકને ખરેખર મારી નાંખ્યો હતો. આ વાત ત્રણ વાર સાચી છે. મેં એનાં હાડકાં ચામડાં સાથે રસાળ પાક બનાવ્યો હતો અને આપે આનંદપૂર્વક એ પાક ખાધો હતો. તમે આમ કેમ ગુસ્સાથી બરાડો (ગુર્રાઓ) છો? પોતાની જીભ ચાવતાં રાક્ષસ (હુંડ) બોલ્યો કે તો પછી એ આવ્યો ક્યાંથી? (૧૦૨-૧૦૫).

હું શત્રુને મારીને પાછો આવી બધાને શિક્ષા કરીશ અને જો મારી જ નાંખ્યો છે તો એ આવ્યો ક્યાંથી? ખરેખર ! પ્રારબ્ધ સૌથી બળવાન છે. (૧૦૬). એમ બોલીને એણે સઘળાં લશ્કરને આજ્ઞા કરી કે શત્રુ ચઢી આવ્યો છે તેથી હે રાક્ષસો ! બધા લડવા ચાલો. (૧૦૭). જીવવાની ઇચ્છાથી જે ઘરમાં ભરાઇ રહેશે તેને હું પહેલાં મારી નાંખીને પછી લડવા જઇશ. (૧૦૮). આવું કહીને પાંચ અનુભવી સેનાપતિની નિમણૂક કરીને બધા સૈન્ય સાથે તેમને યુદ્ધ કરવા મોકલી આપ્યા. (૧૦૯). એની કડક આજ્ઞા સ્વીકારીને રાક્ષસો બીકના માર્યા મને-કમને લડવા ચાલ્યા. (૧૧૦).

અલખ નિરંજનને કહે છે કે આગળ ઉપર હવે યુદ્ધ થશે અને એમાં કુળને કલંકરૂપ અને ઉદ્દામ એવો હુંડાસુર મરાશે. (૧૧૧). દત્તનાં ચરણારવિંદનું સ્મરણ કરીને અને દેવોના સમૂહને લઇને નહુષ નીકળ્યો એનું અહીં (આ અધ્યાયમાં) વર્ણન કર્યું છે એ રંગ કેવળ અપૂર્વ છે એમ જાણો. (૧૧૨).

શ્રી દત્તપ્રભુનાં ચરણકમળના ભ્રમર એવા બ્રહ્મચારી પાંડુરંગ (રંગ અવધૂત)મહારાજ દ્વારા રચિત શ્રીગુરુલીલામૃતનો અલખ અને નિરંજનના સંવાદરૂપે **'નહુષપ્રયાણ'** નામનો **અડતાળીસમો** અધ્યાય સમાપ્ત થયો.

●

**પાદટીપ :**

**અધ્યાય : ૪૮**

(૧) ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ અને અથર્વવેદ એવા ચાર વેદો છે તેમ દરેક વેદનો ઉપવેદ પણ છે. ધનુર્વેદ એ અથર્વવેદનો ઉપવેદ છે.

(૨) ક્ષત્રિય માટે મૃગયા એ સહજ કર્મ છે અને એનો સહજ ધર્મ છે અને એ પ્રમાણે વર્તવામાં જ એનું કલ્યાણ છે. એ રીતે વર્તવાથી પશુ મારવાનું એને પાપ લાગતું નથી. પોતાના ધર્મ કરતાં બીજો ધર્મ સારો જણાતો હોય તો પણ સ્વધર્મ છોડવો નહિ. સ્વધર્મમાં રહીને મરવું શ્રેયકર છે એમ ગીતા કહે છે.

શ્રેયાન્ સ્વધર્મો વિગુણ: પરધર્માત્સ્વનુષ્ઠિતાત્ |
સ્વભાવનિયતં કર્મ કુર્વન્નાપ્નોતિ કિલ્બિષમ્ ||
(ગીતા અ.૧૮/શ્લોક ૪૭)

સારી રીતે આચરેલા વિશેષ ગુણવાળા પરધર્મ કરતાં મુશ્કેલ અને ઓછા ગુણવાળો પોતાનો ધર્મ જ કલ્યાણકારક છે, કારણ કે પોતાના સ્વભાવથી નિયત કરેલા સ્વધર્મરૂપી કર્મનું આચરણ કરનારો મનુષ્ય પાપી બનતો નથી.

શ્રેયાન્સ્વધર્મો વિગુણ: પરધર્માત્સ્વનુષ્ઠિતાત્ |
સ્વધર્મે નિધનં શ્રેય: પરધર્મો ભયાવહ: ||
(ગીતા અ.૩/શ્લોક ૩૫)

(૩) નિષ્કામ ભાવે, આવી પડેલું સહજ કર્મ બંધનરૂપ થતું નથી. નિષ્કામ ભાવે અને નિર્લેપભાવે કર્મ કેવી રીતે કરવું એનું ઉદાહરણ આ દોહરામાં છે. જે વસિષ્ઠ મુનિએ નહુષને નાનાથી મોટો કર્યો, ભણાવ્યો અને ગણાવ્યો એ વસિષ્ઠ મુનિ કેટલી સહજતાથી એને મા-બાપ પાસે જવાનું સૂચવે છે તે શીખવા જેવું છે. બીજાની થાપણ સમજીને ભગવાને સોંપેલી જવાબદારી સારી રીતે અદા કરીને સમય આવે મૂળ માલિકને તટસ્થભાવે પરત કરનારને કોઇ બંધન થતું નથી. કર્મ કદી બંધનરૂપ હોતું નથી. સકર્મ કર્મ જ બંધનરૂપ છે. જે ચાવીથી તાળું બંધ થાય છે તે જ ચાવીથી તાળું ખુલે પણ છે. ફક્ત ચાવી ફેરવવાની રીત જ જુદી છે.

(૪) અસ્ત્ર એટલે હાથમાં પકડી રાખીને વાપરવાનું હથિયાર, દા.ત. ગદા, તલવાર વગેરે. જ્યારે હાથમાં રાખી, મારતી વખતે છોડી દેવાનું હોય તે શસ્ત્ર, દા.ત. ભાલો, તીર, ચક્ર વગેરે.

(૫) આપણાં ધર્મ યુદ્ધોમાં રથમાં બેસતી વખતે રથને જડ વાહન માનવામાં ન હોતુ આવતું. તેથી જ નહુષ રથને વંદન કરી, રથની પ્રદક્ષિણા કરીને પછી રથમાં બેસે છે. કલાકાર મંચને પગે લાગીને પછી જ સ્ટેજ પર બેસે છે. સંચાલનના સિદ્ધાંતો (Principles of Management)માં પણ આ વાતનો હવે વિચાર થવા લાગ્યો છે.

(૬) ૮૩ થી ૮૭ સુધીના દોહરા તે સમયના લગ્નવિષયક વિચારોની સ્વતંત્રતા અને ખુલ્લાપણુ સૂચવે છે. અશોક સુંદરી નહુષને મનથી પરણવાનું વિચારે છે. પછી પોતાની બહેનપણીને સંદેશો લઇને મોકલે છે, એ નારી સ્વાતંત્ર્યનું દ્યોતક છે. સ્ત્રી જેને મનથી વરી ચૂકી હોય તે પુરુષની તે સ્ત્રી સાથે લગ્ન કરવાની ફરજ બની જતી.

●

## અધ્યાય : ૪૯

આ અધ્યાયનું નામ 'હુંડવધ' છે. આ અધ્યાયમાં **૧૨૦** દોહરા છે.

દેહ ક્ષણભંગુર હોવા છતાં મૂરખ હુંડ અમર થવા ફાંફાં મારે છે એ એની મૂઢતા છે. મોતથી બચવું હોય તો ભગવાનને શરણે જવું જેથી મોતનો ભય દૂર થાય. (૧-૭).

અમર થવાની ઇચ્છા રાખતો હુંડ મૃત્યુનો ભય જોતાં ગભરાયો. નહુષ સાથે હુંડના લશ્કરે જબરી લડાઇ આપી. પહેલાં હુંડે સેનાપતિને લડવા મોકલ્યા અને એણે દૂર રહીને દુશ્મનના બળનું માપ કાઢ્યું અને પછી નહુષે કાળો કેર વર્તાવ્યો એટલે હુંડ યુદ્ધના મેદાનમાં ઊતર્યો. (૮-૪૦).

હુંડ સાથે ભયંકર યુદ્ધ થયું. હુંડે અનેક પ્રકારે માયા રચીને ભ્રમજાળ ઊભી કરી પરંતુ દત્તને અને વસિષ્ઠને મનોમન વંદીને અને તેમનું સ્મરણ કરીને નહુષે દારુણ યુદ્ધ કર્યું અને છેલ્લે ઐંદ્રી શક્તિનો ઉપયોગ કરીને હુંડનો વધ કર્યો. (૪૧-૯૧).

હુંડનો વધ થવાથી દેવો રાજી થઇ સ્વર્ગે ગયા. બચેલા રાક્ષસો રસાતલે ગયા અને પછી નહુષ અશોક સુંદરીને વરી, એને રથમાં બેસાડી, રંભા સાથે વસિષ્ઠ મુનિના આશ્રમે ગયો. વસિષ્ઠ મુનિ અને અરુંધતીના આશીર્વાદ લઇને તે નગરમાં ગયો અને માતા ઇંદુમતીને અને પિતા આયુને મળ્યો. બધે જયજયકાર થયો. આનંદ આનંદ થઇ ગયો. નહુષને ગાદી પર બેસાડી આયુરાજા પત્ની સાથે જંગલમાં ગયો અને અંતે મુક્તિને પામ્યો. (૯૨-૧૨૦).

આ જીવ સદા પરતંત્ર હોવા છતાંયે એ મૂરખ આ તત્ત્વના અજ્ઞાનને કારણે ચિરંજીવ (અમર) થવાની મથામણ કરે છે. (૧). આ શરીર (દેહ)ને જ આત્મા માનીને એ અમરતા ઇચ્છે છે, પણ એને ખબર નથી કે દેહ તો નાશવંત છે અને ક્ષણે ક્ષણે એ ક્ષીણ થતો જાય છે. (૨). જેમ અગ્નિના તણખા પળવારમાં નાશ પામે છે તેમ આ જડ દેહ પણ ખરેખર જન્મે છે અને મરે છે. (૩). આ હુંડ એવો મૂઢ છે કે તે મૃત્યુને ટાળવાની મથામણ કરી રહ્યો છે અને તે છતાંય મૃત્યુ ટળતું નથી. જે નક્કી થયું હોય તેને કોણ ટાળી શકે? (૪). જે ભાગ્યવંત (સાચી સમજવાળો) છે તે ભગવાનને શરણે જાય છે. પરિણામે મોત એનાથી ડરે છે. જ્યારે બીજા મોતથી ડરે છે. (૫). પોતાનું (આત્માનું) જન્મરહિતપણું સમજીને તે પરબ્રહ્મમાં (દત્તપ્રભુનાં ચરણમાં) લીન થાય છે. તેને જન્મ મરણ હોતાં નથી અને એ કદી પણ રાંક (લાચાર) થતો નથી. (૬). દેવ જેવા દેવ પણ જો અંતરાત્માના તત્ત્વને ના જાણતા હોય અને એકત્વ અનુભવતા ના હોય તો તે પણ અસુર (દાનવ) જ છે અને એને પણ અમરતા નથી.① (૭). આ નાશવંત દેહને અમર કરવા માટે હુંડાસુર કાયમ ઇચ્છા રાખતો હતો અને ત્યાં જ મૃત્યુ આવી પહોંચ્યું. (૮).

સમગ્ર લશ્કર સાથે લઇને, શસ્ત્રાસ્ત્રથી સજ્જ થઇને, રથમાં બેસીને (હુંડ) ઝડપથી નીકળ્યો અને જ્યાં સામે આવ્યો ત્યાં તો એણે ઇંદ્રના રથમાં બેઠેલા, શૂર, અજોડ અને સમજુ એવા નહુષને જોયો. (૯-૧૦). સૂર્ય સમાન, મુશ્કેલીથી સામનો કરી શકાય તેવો એને જોઇને દેવોનો દુશ્મન એવો હુંડ અંતરમાં ગભરાયો. (૧૧). (પાંચ) સેનાપતિઓને મોટું લશ્કર આપીને લડવા મોકલ્યા અને દુશ્મનની તાકાતનો ક્યાસ કાઢવા તે દૂર ઊભો રહ્યો. (૧૨). હાથી, ઘોડા, રથ અને પાયદળ (ચતુરંગી સેના) ઝડપથી ચાલવા લાગ્યાં અને કાળદૂત જેવા સેનાપતિઓ સેનાની આગળ (ચાલતા)

૧૦

હતા. (૧૩). બ્રહ્માંડને ગજાવે એવી ગર્જના કરતાં કરતાં મહાપરાક્રમી દાનવો ધમ ધમ અવાજ કરતાં ચાલી નીકળ્યા. (૧૪).

શત્રુના લશ્કર સાથે આમને સામને થતાં જ શસ્ત્રોનો મારો ચાલ્યો. રણવાજિંત્રો વાગવાં લાગ્યાં અને કોલાહલ-શોરબકોર થવા લાગ્યો. (૧૫). તોમર (ભાલા જેવું શસ્ત્ર), શૂળ (ત્રિશૂળ અથવા ભાલા જેવું પ્રાચીન હથિયાર) ફેંકીને અને ગદા, તલવાર, પરશુ અને ભયંકર બાણ જેવી શક્તિ છોડીને દાનવોએ (નહુષના સૈન્યનાં) કવચો ભેદવા માંડ્યાં. (૧૬). દૈત્યોએ અસહ્ય મારો ચલાવીને વિવિધ શસ્ત્રો તોડી નાંખ્યાં. દેવો પણ શક્તિહીન થઇ ગયા અને એમના શરીરમાં શસ્ત્રો ખૂંચી જવા લાગ્યાં. (૧૭). મહાધનુર્ધારી એવા દૈત્યો બાણો મારીને મંડપ રચી દેતા હતા અને દેવોનાં અસ્ત્ર અને શસ્ત્રને અદ્ધરોદ્ધર જ ટપોટપ તોડી નાંખતા હતા. (૧૮). ત્યાં ઘોર સંગ્રામ થવા લાગ્યો અને દૈત્યો ભયંકર મારો ચલાવવા લાગ્યા. દેવો હારી જઇને, રણમેદાન છોડીને નાસવા લાગ્યા !! (૧૯).

દેવોની આવી હાલત જોઇને, ગર્જના કરતો નહુષ દોડીને સૌથી આગળ આવ્યો અને બોલ્યો કે હે હુંડાસુર ! તું રાક્ષસોને મારી પાસે મોકલ. એમનાં મસ્તકોના ચૂરેચૂરા કરીને હું એમને ખાસ યમપુરમાં મોકલું. (૨૦-૨૧). ગાય અને બ્રાહ્મણોને ત્રાસ આપનારા તમે અસુરો મહા પાપી છો. એનો હિસાબ આપવા માટે હું તમોને તરત જ યમપુરી પહોંચાડું છું.② (૨૨). તમે દેવોનાં સ્થાન છીનવી લીધાં છે અને તેથી ઉન્મત્ત થયા છો. હું મારા પગથી તમારું મસ્તક કચડી નાંખીને તમારો મદ ઉતારી નાખીશ. (૨૩). મહાપાપીને મારી નાંખવાથી ભગવાન પણ રાજી થાય છે. આવું બોલીને નહુષે શરસંધાન કર્યું. (બાણ ઉપર તીર ચઢાવીને લક્ષ્ય પર તાક્યું.) (૨૪). દૈત્યોએ ક્રોધે ભરાઇને વિવિધ પ્રકારનાં આયુધો ફેંક્યાં. એ બધાં (આયુધો)ને અધવચમાં જ નહુષે તોડી નાંખ્યાં અને પોતે અભેદ્ય રહ્યો. (૨૫). ઇંદ્રનું ધનુષ્ય હાથમાં લઇને જ્યાં નહુષે ટંકાર કર્યો ત્યાં જ એ ટંકાર સાંભળીને રાક્ષસો થર થર ધ્રૂજવા લાગ્યા અને સાચે જ ભ્રમિત થઇ ગયા. (૨૬). જોરદાર તીક્ષ્ણ તીરો છોડીને નહુષે દૈત્યોને જર્જર કરી દીધા. એટલે ક્રોધે ભરાઇને રાક્ષસોએ સામો હુમલો કર્યો છતાં નહુષ તો અડગ અને રણધીર સમો ઊભો હતો. (૨૭). વાદળનો વિખેર કરાય એમ શસ્ત્રો પીંખી નાંખતો હોવાથી દૈત્યો એની સામે ટકી શકતા ન હતા. મોતથી પણ નહિ ડરનારા રાક્ષસો હિંમત હારી ગયા. (૨૮). ચક્રની માફક નહુષ એકલે હાથે બધે ઘૂમતો હતો અને દૈત્યોને જોતાંની સાથે જ અચૂક બાણ મારીને મારી નાંખતો. (૨૯).

રાક્ષસોના આયુધો તોડી નાંખ્યાં. અનેક ધનુષ્યો તોડી નાંખ્યાં. હાથીનાં ગંડસ્થલો ફોડી નાંખ્યાં અને અનેક મહાવતોને ઝૂડી નાંખ્યા. (૩૦). (નહુષ) દૈત્યોને પાશથી ખેંચીને એના ઘોડાને મારી નાંખતો હતો. તથા પરાક્રમી વીરોને પણ ભોંય ભેગા કરી દેતો હતો. (૩૧). એમનાં કવચો ફોડી (ભેદી) નાંખ્યાં. અધવચથી હાથો તોડી નાંખ્યા. કંઇ કેટલાયનાં પેટ ફાડી નાંખ્યાં અને ભયંકર વિનાશ વેરી દીધો. (૩૨). રાક્ષસો સંતાઇ જતા હતા, તો નહુષ એમને શોધી શોધીને મારતો હતો અને જેમ તાડનાં ઝાડ પરથી એનાં ફળ (તાડફળી)ને પાડે તે રીતે રાક્ષસોનાં મસ્તકને પૃથ્વી પર પાડતો હતો. (૩૩). દૈત્યોના હાથ પગ બાંધી એને ફર ફર ખેંચીને, જોરથી ટપલા મારીને એનું અભિમાન ઉતારતો હતો. (૩૪). કાળ (મોત)ની જેમ ક્રોધથી ગર્જના કરતો હતો કે તમે તમારાં પાપ ભોગવો. હે દુષ્ટો ! તમારી અંતઘડી આવી ચૂકી છે. એટલે ભગવાનને યાદ કરી લો. (૩૫).

ધર્મયુદ્ધમાં મરનાર જો શુદ્ધ ચિત્તવાળો હોય તો તે યોગીની જેમ રવિમંડળ ભેદીને (સ્વર્ગમાં) જાય છે.③ (૩૬). મારું આ વચન સાંભળીને હે શૂરવીરો ! તમે લડવા માટે સામે આવો અને યુદ્ધમાં દેહ પાડીને સ્વર્ગની લક્ષ્મીને નિષ્કામભાવથી મેળવો. (૩૭). ધર્મયુદ્ધમાં લડતાં લડતાં મૃત્યુ પામશો તો પાંચ મહાપાપોથી મુક્તિ મળશે. (૩૮). આ રીતે નહુષ સહુને પ્રેમથી લલકારતો હતો (બોલાવતો હતો) તો પણ પોતાના પાપથી મરી ચૂકેલા એ રાક્ષસો ત્યાં ટકતા ન હતા. (૩૯). આખી સેના વેરણ છેરણ થઇ ગઇ. બધે હાહાકાર વ્યાપી ગયો. લોહીની નીકો વહેવા લાગી અને અપાર

મડદાં નજરે પડવા લાગ્યાં. (૪૦). આ જોઇને હુંડ પોતે સામો આવ્યો અને ગર્જના કરીને બોલ્યો કે હે મૃત્યુ લોકના માનવી ! તું સામે ચાલીને મોત ના માગ. (૪૧). તારું મૃત્યુ થતાં તારાં મા-બાપ રોકકળ કરશે. તું યુદ્ધની વાત પડતી મૂક. હું તને જીવતો જવા દઇશ. (૪૨).

તું હજી (દૂધ પીતું) બાળક છે અને હજી તને મૂછનો દોરો પણ ફૂટ્યો નથી. તને આવો જોઇને મને તારી દયા આવે છે. (૪૩). હું આ જગત ઉપર શાસન કરનારો છું. મારો સહન ન થઇ શકે એવો ક્રોધ તેં જોયો નથી. તું મારે શરણે આવશે તો હું તને છોડી દઇશ. તું હાથે કરીને મોત ન માગ. (૪૪). તું મારો પ્રતાપ જાણતો નથી એટલે ગમે તેમ બોલે છે. હજી પણ તને જીવવાની ઇચ્છા હોય તો આવીને મારા પગ પકડ. (૪૫). તું અજ્ઞાની બાળક છે તેથી તને આવી શિખામણ આપું છું. તું કમોતે ન મર. અહીં તારું કામ જ નથી. (૪૬). જો તું મારા શરણે આવીશ તો હું તને જીવતો જવા દઇશ, નહિતર દેવોની સાથે તારો પણ કચ્ચરઘાણ કાઢીશ. (૪૭).

આ રીતે (હુંડ) રાક્ષસ એને (નહુષને) ડરાવતો હતો. ત્યાં જ રાજાનો પુત્ર (નહુષ) બોલ્યો કે હે મૂઢ ! તું સોમવંશની કીર્તિ કેમ જાણતો નથી? (અને જાણતો નથી તેથી જ) તું ખોટો લવારો (બકબક) કરે છે. પણ એનાથી શું હેતુ સિદ્ધ થવાનો છે? જો તું ખરેખર શૂરવીર હોય તો તું સામો આવ અને તારી તાકાત (જોમ) બતાવ. (૪૮-૪૯). તું તારાં વખાણ જાતે જ કરે છે પણ તને ધર્મનું તો ભાન નથી. તું સાચે જ મહાપાપી છે. તું તારા પોતાના દોષનો વિચાર કર. (૫૦). મારો જન્મ થતાં જ તેં મને મારી નાંખવા મારું અપહરણ કર્યું હતું. હે પાપી ! તેં મારી માતાને મારા વિરહનું દુ:ખ આપ્યું છે તે ધ્યાનમાં રાખજે. (૫૧). (મને મારી નાંખવાની) તારી એ ખરાબ ઇચ્છા, તું જ કહે કે શું પૂરી થઇ ખરી? અરે ! મને કોણ મારનારું છે? હવે તું પોતે જ જલદીથી મરવાનો છે. (૫૨). અત્રિનંદન શ્રીદત્ત મારું રક્ષણ કરી રહ્યા છે. એની સામે હે મૂઢ ! તારું શું ચાલે? તું તારું મિથ્યા અભિમાન છોડ. (૫૩). વ્યક્તિનાં મેલાં (અશુદ્ધ) અંત:કરણમાં બીજાને છેતરવાની જે કુદૃષ્ટિ છે તે ઘાતક (મારનાર) અને હિંસક છે. વ્યક્તિ પોતાનાં કર્મથી જ મરે છે.④ (૫૪).

તું એટલું નિશ્ચિતપણે જાણી લે કે હું તારો કાળ થઇને આવ્યો છું. હે ઘાતકી દુષ્ટ ! હવે તું તારી શક્તિ બતાવ. (૫૫). તને મોતે જ નોતર્યો છે તેથી તું લાંબી જીભથી બકબક કરે છે. હવે એ બંધ કર. (૫૬). હે રાક્ષસ ! મને તારા પરાક્રમની ખબર છે. તું હવે ચેતી જા. એમ કહીને નહુષે ધનુષ્યની પણછ ખેંચી. (૫૭). એણે એકદમ ધારદાર બાણ છોડીને દૈત્યનું કવચ ભેદી નાંખ્યું. એનું ધનુષ્ય પણ ઝડપથી તોડી નાંખ્યું અને એનાં બાણો અધવચમાં જ તોડી પાડ્યાં. (૫૮). શસ્ત્રથી એની છાતીને વીંધીને (દૈત્યને) હતો ન હતો કરી નાંખ્યો. આ જોઇને તો રાક્ષસ બમણા જોરથી ઊછળ્યો અને એણે જળધારની જેમ એક સામટાં અસંખ્ય બાણો છોડ્યાં પરંતુ નહુષે એક જ બાણથી બધાં બાણોને તોડી નાંખ્યાં. (૫૯-૬૦).

દૈત્યે ત્યાં અસુરી માયા ફેલાવી. જેને જોતાં જ મનમાં ભ્રાંતિ થવા લાગી. (૬૧). કોઇને પણ ખબર ના પડે એમ ચક્રની જેમ એ ગોળ ગોળ ફરવા લાગ્યો. જ્યાં દેખાય ત્યાં હોય નહિ અને ના દેખાય ત્યાં હોય. (૬૨). ગેરરસ્તે દોરવા માટે એ આવા કંઇ કંઇ (અનેક) ખેલ કરતો હતો પરંતુ દત્તકૃપાથી નહુષ આ બધું જાણતો હતો. (૬૩). એ (નહુષ) હસીને બોલ્યો કે હે માતલિ ! તું જોતો ખરો. આ માયાવી દુષ્ટ કેવો ફરે છે? હવે તું સાવધ થઇ જા. (૬૪). હે માતલિ ! એને તું જ્યાં જુએ એનાથી વિરુદ્ધ દિશામાં રથ હાંક, જેથી હું એનો વધ કરી શકું. (૬૫). નહુષનાં આવાં વચનો સાંભળીને ઇંદ્રનો સારથિ- (માતલિ) ભૂલ કર્યા વગર એના (નહુષના) કહ્યા પ્રમાણે રથ હાંકતો હતો. (૬૬). દૈત્યને શોધી કાઢીને રાજપુત્ર જ્યાં એને મારવાનો પ્રયત્ન કરે ત્યાં જ એ (રાક્ષસ) માયા દૂર કરીને સામો આવીને ઊભો રહે. (૬૭). એને સૂર્ય સમાન તેજસ્વી જોઇને હુંડ મનમાં બોલ્યો કે અરેરે ! આ મહામુશ્કેલીથી જીતી શકાય એવો છે. હવે હું તેનો કંઠ જ છેદી

કાઢું. (૬૮). આવું વિચારીને તેણે શક્તિ, તોમર, બાણ, પ્રાસ અને શૂલ એવાં બેસુમાર શસ્ત્રોનો મારો ચલાવ્યો. (૬૯). આ બધાં શસ્ત્રોનો રાજા (નહુષ) એક જ બાણથી નાશ કરી નાંખતો હતો અને દૈત્યને છિન્નભિન્ન કરીને, નિરભિમાની થઇને નહુષ પોતે ઊભો રહ્યો. (૭૦). નહુષના બાણથી હુંડાસુર રથમાં મૂર્છા ખાઇને પડ્યો હતો અને તે ખીલેલા પુષ્પવાળા પલાશ (ખાખરા) સમાન (લોહીલુહાણ) જણાતો હતો. (૭૧). ક્ષણમાત્રમાં સાવધ થઇ જઇને શસ્ત્રો છોડીને એ નહુષને ઢાંકી દેતો હતો અને ગર્જના કરતો એ કહેતો હતો કે દુશ્મનને જીતીને હું પૂરેપૂરો વિજયી થઇ ગયો છું અને અમર કીર્તિને વર્યો છું. આ પ્રકારની પ્રચંડ ગર્જના એ કરતો હતો. (૭૨-૭૩).

એની ગર્જના સાંભળીને અને નહુષને ન જોઇને મુનિગણ લાચાર થઇ ગયા અને બધા દેવો ઉદાસ થઇ ગયા અને કહેવા લાગ્યા કે અરેરે ! આ શું થયું? અમને અંધારામાં રડતા મૂકીને સૂર્ય જાણે કે લુપ્ત થઇ ગયો. (૭૪-૭૫). જેના ભરોસે અમે દેવો લડવા માટે આવ્યા હતા તે શૂરવીર તો ક્યાંયે જણાતો નથી. હવે અમારો ત્રાસ (દુ:ખ) કોણ ટાળશે? (૭૬). જેનું પરાક્રમ (બહાદુરી) દિવ્ય છે તે કેવી રીતે મરી શકે? મગતરું ઐરાવત હાથીને ગળી જાય તેવી અચંબો પમાડે તેવી આ વાત છે કે દૈત્યે આ નહુષને માર્યો. (૭૭). બધાને આવા બાપડા બનેલા જોઇને સુજ્ઞ નહુષ બાણનું જાળું તોડીને ઊઠ્યો અને સૂર્ય જેવો શોભવા લાગ્યો. (૭૮). દેવોની બધી શંકા દૂર કરીને, એણે (હુંડ) રાક્ષસનું ધનુષ્ય તોડી નાંખ્યું અને એના સારથિને મારી નાંખ્યો. (૭૯). ઘોડાને મારી નાંખીને એણે રથ પણ ભાંગી નાંખ્યો. એટલે રાક્ષસ બીજા રથ પર ચઢ્યો, તો એ રથ પણ એણે તોડી પાડ્યો. (૮૦).

આ જોઇને દેવો આનંદમાં આવીને માથું ડોલાવવા લાગ્યા અને દેવો નહુષને ‘તું ચિરંજીવ થા’ એવા આશીર્વાદ આપવા લાગ્યા. (૮૧). એટલામાં હાથમાં શક્તિ લઇને એકદમ ઝડપથી રાક્ષસ નહુષ પર ધસી ગયો. પરંતુ નહુષે તીક્ષ્ણ બાણથી એ શક્તિને અધવચમાં જ તોડી પાડી. (૮૨). વસિષ્ઠ મુનિને મનોમન પગે લાગીને અને દત્તપ્રભુનાં ચરણનું સ્મરણ કરીને ગળગળો થઇને, બે હાથ જોડીને (નહુષ) પ્રાર્થના કરવા લાગ્યો કે હે દત્ત દયાઘન ! હું તમારા વિના બીજા કોઇને જાણતો નથી. હું તમારો જ દાસ (સેવક) છું અને હંમેશાં તમારું જ સ્મરણ કરું છું. આ રાક્ષસ ખરેખર ભયંકર છે અને મારાથી એ મરતો નથી. હે ગુરો ! તમે કૃપાદષ્ટિ કરો અને મને નિમિત્ત કરીને તમે એનો વધ કરાવો. કર્તા હર્તા તમે છો, હું તો ફક્ત નિમિત્તમાત્ર છું. એમ પ્રાર્થીને નહુષે રાક્ષસનું શરીર ઝડપથી વીંધી નાંખ્યું.(૫) (૮૩-૮૬).

અર્ધચંદ્રાકાર બે તીક્ષ્ણ બાણો છોડીને ગર્જના કરીને એ દાનવરાજના બે હાથ તોડી પાડ્યા. (૮૭). એ બન્ને હાથ પૃથ્વી પર તાડના ઝાડની જેમ પડ્યા એટલે ત્યાંથી ચીસો પાડતો રાક્ષસ પોતાનું મોઢું ફાડીને (પહોળું કરીને) (નહુષને) ખાઇ જવા માટે દોડ્યો. ત્યાં જ નહુષે બે તીક્ષ્ણ બાણો મારીને એના બન્ને પગ તોડી નાંખ્યા. (૮૮-૮૯). પગ તૂટતાંની સાથે જ તે પૃથ્વી પર પર્વતની જેમ પડ્યો તો પણ સાપની જેમ (પેટે સરકતો), દાંત અને હોઠ ચાવતો, ક્રોધપૂર્વક ધસવા લાગ્યો અને નહુષને કરડી ખાવા માટે પેટથી સરકતો જવા લાગ્યો. ત્યાં જ નહુષે દત્તચરણનું સ્મરણ કરીને અમોઘ એવી ઐંદ્રી (ઇંદ્રે આપેલી) શક્તિ ફેંકી જે હુંડની છાતીમાં (હૃદયમાં) વાગી. હુંડાસુરના પ્રાણ નીકળી ગયા અને દેવો રાજી રાજી થઇ ગયા. (૯૦-૯૨).

મુનિ શ્રેષ્ઠો અને દેવો પણ આશ્ચર્યચકિત થઇ ગયા અને તેમણે પુષ્પવૃષ્ટિ કરીને નહુષનો જયજયકાર કર્યો. (૯૩). દેવોએ રાજી થઇને કહ્યું કે હે રાજા ! તને જે જોઇએ તે વરદાન માગ. નહુષે કહ્યું કે ધર્મમાં મારી અખંડ શ્રદ્ધા રહે એવું મને વરદાન આપો. (૯૪). ‘ભલે તેમ થાઓ’ (તથાસ્તુ) એમ કહીને બધા દેવો (દિવગણ) સ્વર્ગમાં ગયા અને જીવતા રહી ગયેલા રાક્ષસો રસાતળમાં જઇ ભરાયા.(૬) (૯૫).

એ જ વખતે અશોક સુંદરી હાથમાં વરમાળા લઇને રંભા સાથે આવી અને રાજા (નહુષ)ને કહ્યું કે મારું આ જીવન (તનુ=શરીર) આપનાં ચરણમાં સમર્પિત કરું છું. આપ એનો સ્વીકાર કરો.એ સાંભળીને પ્રસન્ન થઇને નહુષ બોલ્યો કે અત્યારે આ રીતે લગ્ન કરવાથી હું દોષમાં પડીશ. ગુરુજીની આજ્ઞા મળતાં હું તારી સાથે જરૂરથી લગ્ન કરીશ.⑦ (૯૬-૯૮). એ રીતે એને આશ્વાસન આપીને, એને (અશોક સુંદરીને) તથા રંભાને રથમાં લઇને એણે વસિષ્ઠ ઋષિના આશ્રમ તરફ રથ હાંકી મૂક્યો. (૯૯). રાક્ષસની જે ધનસંપત્તિ હરી લીધી હતી તે બધી મુનિનાં ચરણોમાં સમર્પિત કરીને, એમને પગે લાગીને આનંદપૂર્વક અને વિનમ્ર ભાવે નિવેદન કર્યું કે મેં આપના આશીર્વાદથી આ દુષ્ટ રાક્ષસને માર્યો છે. દત્તપ્રભુના વરદાનથી હું વિજયી થયો છું અને દેવો પણ ખૂબ ખુશ થયા છે. (૧૦૦-૧૦૧).

હું તો આપનો મૂઢ દાસ છું. આ બધું આપની કૃપાનું પરિણામ છે. નહુષનાં આવાં વચનો સાંભળીને વસિષ્ઠ મુનિ ખૂબ પ્રસન્ન થયા. (૧૦૨). એવામાં અશોક સુંદરીએ ચરણમાં વંદન કર્યાં અને કહ્યું કે હે મુનીશ્વર ! આ દાસીને રાજાના ચરણમાં આપ અર્પણ કરો. (૧૦૩). મુનિ આનંદપૂર્વક બોલ્યા કે હે રાજા ! આ કન્યા પવિત્ર (નિર્દોષ) છે અને મને આ પુત્રવધૂ ગમે છે માટે તું એને સ્વીકારી લે.⑧ (૧૦૪). આવું કહીને શુભ મુહૂર્તમાં લગ્ન કર્યાં અને પછી એને પોતાના ઘરે જવાની આજ્ઞા કરી. (૧૦૫). મુનિશ્રેષ્ઠે કહ્યું કે તું હવે તારી પત્નીને લઇને તારા નગરમાં જા અને મા-બાપને મળીને રાજ્યમાં રહે. (૧૦૬).

આ સાંભળીને અશ્રુભરી આંખે નહુષે વસિષ્ઠનાં અને અરુંધતીનાં ચરણોમાં વંદન કર્યાં અને બોલ્યો કે મારાં એ માતા-પિતા વૈભવશાળી હતાં-રાજા હતા-તો પણ પ્રારબ્ધવશ તેઓ મારે કામ ન આવ્યા. (૧૦૭-૧૦૮). હે પ્રભુ ! તમે મારાં મા-બાપ બનીને જે લાલનપાલન કર્યું છે તે હું કેવી રીતે ભૂલી શકું? અહીંથી જતાં મને ઘણું દુ:ખ થાય છે. (૧૦૯). એવું બોલીને પ્રેમાશ્રુથી મુનિનાં ચરણો પખાળ્યાં ત્યારે વસિષ્ઠે એને સાચી સલાહ આપીને જવાની આજ્ઞા આપી. (૧૧૦).

નહુષ ત્યાંથી (આશ્રમેથી) નગરમાં આવ્યો અને બધાને પ્રેમથી મળ્યો. મા-બાપનાં ચરણોમાં વંદન કરીને બનેલી બધી વાતો વિસ્તારપૂર્વક કહી સંભળાવી. (૧૧૧). રતિ અને કામદેવ જેવાં પુત્રવધૂ અને પુત્રને જોઇને રાજા રાણીના હૈયામાં આનંદ આનંદ થઇ ગયો. (૧૧૨). બસ ! ત્યાં એક માત્ર આનંદ આનંદ જ વ્યાપી રહ્યો અને શોકનું તો નામોનિશાન ના રહ્યું. આયુરાજા અને ઇંદુમતીએ સંતોષપૂર્વક વાનપ્રસ્થાશ્રમ સ્વીકાર્યો. (૧૧૩). શુભ મુહૂર્ત જોઇને પુત્રને સિંહાસન (રાજગાદી) ઉપર બેસાડીને બંને જણાં જંગલમાં તપ કરવા ગયાં. (૧૧૪). ભક્તિના પ્રભાવથી સમય જતાં બંને જણાં જ્ઞાનનિષ્ઠ થઇને, દત્ત સ્વરૂપમાં લીન થઇને ધન્ય થઇ ગયાં. (૧૧૫). નહુષ પણ ધર્મથી રાજ્ય ચલાવીને જગત્વંદ્ય થયો અને આ જ જન્મે (આ જ દેહે) આગળ જતાં મહાન ઇંદ્રપદને પામ્યો. (૧૧૬).

અર્થાર્થી ભક્તિ (પુત્રની ઇચ્છાથી શરૂ કરેલી દત્તભક્તિ)થી શરૂ કરીને ધીરે ધીરે આયુરાજા મુક્તિ પામ્યો. ખરેખર ! સુભક્તનું કદી પતન થતું નથી.⑨ (૧૧૭). ગમે તેવા આશયથી (પોતાનો સ્વાર્થ સાધવાના હેતુથી) પણ ઇશ્વરને ભજવાથી વ્યક્તિ અંત:કરણને શુદ્ધ કરીને ક્રમાનુસાર મુક્તિને પામે છે. (૧૧૮). સાચે જ આયુરાજા દાસ્યભાવથી તરી ગયો. એ જ રીતે ચદુરાજા અર્ચનભક્તિથી તરી ગયો અને સ્વાત્મનિવેદન ભક્તિથી તો અસંખ્ય ભક્તો તરી ગયા. (૧૧૯). અલખનાં આવાં વચનો સાંભળીને સુજ્ઞ નિરંજને જે પૂછ્યું તેનું આગળ ઉપર વર્ણન થશે જે અદ્‌ભુત રંગ જમાવશે. (૧૨૦).

શ્રી દત્તપ્રભુનાં ચરણકમળના ભ્રમર એવા બ્રહ્મચારી પાંડુરંગ (રંગ અવધૂત)મહારાજ દ્વારા રચિત શ્રીગુરુલીલામૃતનો અલખ અને નિરંજનના સંવાદરૂપે **'હુંડવધ' નામનો ઓગણપચાસમો** અધ્યાય સમાપ્ત થયો.

●

## પાદટીપ :

## અધ્યાય : ૪૯

(૧) દોહરા ૧ થી ૭નું વારંવાર સ્મરણ થવું જોઇએ. સુર અને અસુર કોણ છે તે અહીં સ્પષ્ટ કર્યું છે. અસુ (પ્રાણ)ને મહત્ત્વનો ગણી દેહને જ આત્મા માનનારો અવિવેકી જીવ તે જ અસુર છે. જ્યારે હું દેહ નથી અને હું મરતો નથી એવો વિવેક ધરાવનાર જ સુર છે. ભગવાન કૃષ્ણ પણ માનવ દેહ ધરે છે ત્યારે દેહત્યાગ તો તેમણે કરવો જ પડે છે. 'મરવું' એટલે શું? આ પ્રશ્નની સમજ મેળવવાની છે. ભાગવત સાંભળ્યા પછી પણ તક્ષક તો આવે જ છે. પરીક્ષિતને કરડે જ છે. પરીક્ષિતનો દેહત્યાગ થાય જ છે પરંતુ ભાગવત સાંભળવાથી તેને મોતની બીક, મોતનો ડર લાગતો નથી. તક્ષકમાં પણ તેને ભગવાનનાં જ દર્શન થાય છે.

(૨) જે રાક્ષસ છે, જે મહાપાપી છે તેને મારવામાં પાપ નથી. બ્રહ્મ હત્યા કરવી, દારૂ પીવો, ચોરી કરવી, ગુરુપત્ની સાથે વ્યભિચાર કરવો અને આવા સાથે મૈત્રી કરવી. આ પાંચ મહાપાપો કહેવાય છે. જે નિર્દોષને હેરાન કરે છે તે સજાને પાત્ર છે. ગાય (ગો), બ્રાહ્મણ (દ્વિજ) અને દેવને હેરાન પરેશાન કરનાર જ અસુર છે. પૂ. આઠવલેજીએ કહ્યું છે કે 'રાતકો ખાઓ પીઓ ઔર દિનકો આરામ કરો' એ વૃત્તિ જ આસુરી વૃત્તિ છે.

એકે રાવણને સંહાર્યો, બીજાએ કંસ અઘાસુર માર્યો,
એ છે એક જ તારણહાર, **દુર્વૃત્તિ દાનવ** સંહાર.
(જપી લે હરિનું નામ---અવધૂતી આનંદ)

(૩) પોતાના ધર્મને અનુરૂપ યુદ્ધ આવી પડે તો તે કરવું જ જોઇએ. ચિત્તશુદ્ધિ હોય તો આવાં યુદ્ધમાં મરનારને પણ યોગીની ગતિ મળે છે. આ કેટલી મોટી વાત કહેવાય ! પરંતુ હુંડાસુર જે યુદ્ધ કરે છે તે અધર્મથી ભરેલું છે એટલે એની દુર્ગતિ નિશ્ચિત છે.

(૪) આ ચિંતન માગી લે તેવો દોહરો છે. જેનું અંત:કરણ મેલું છે તે પોતાની હલકીવૃત્તિને કારણે હલકાં કામો કરે છે અને એના પરિણામરૂપ પોતે જ પોતાનાં કર્મોથી મરે છે એને-પાપીને-એનાં પાપો જ મારે છે. અંત:કરણ શુદ્ધિ કર્યા વિના શાંતિ નથી.

(૫) રાક્ષસ સાથેના યુદ્ધનું વર્ણન કરતાં કરતાં પૂ.શ્રી એક શાશ્વત મૂલ્યનું દર્શન કરાવે છે. નહુષ નિમિત્ત છે, એની પાસે રાક્ષસને મરાવનાર, એને પ્રેરનાર તો ભગવાન જ છે. નહુષ નિરાશાના સમયમાં વસિષ્ઠ મહારાજને વંદન કરે છે અને દત્તપ્રભુનાં ચરણકમળનું સ્મરણ કરે છે. આપણે પણ જીવનમાં નિરાશા આવે ત્યારે આ વંદન અને સ્મરણભક્તિ દ્વારા સ્ફૂર્તિ અને શક્તિ પ્રાપ્ત કરી શકીએ.

(૬) સાત પાતાળ પૈકીનું એક તે રસાતલ. અતલ, વિતલ, સુતલ, રસાતલ, તલાતલ, મહાતલ અને પાતાલ એવાં સાત પાતાળ છે.

(૭) રાજાના પુત્ર તરીકેની ખાનદાની અને વસિષ્ઠ મુનિ દ્વારા મળેલા સંસ્કારોનું અહીં પ્રગટીકરણ છે. આ દોહરા ૯૮ને આગળના અધ્યાય ૪૮ના દોહરા ૧૩ અને ૩૬ ના સંદર્ભમાં વાંચવાનો છે. અધ્યાય ૪૮માં દોહરા ૧૩માં આકાશવાણી દ્વારા અશોક સુંદરી સાથે લગ્ન કરીને માતા-પિતા પાસે જવાની વાત નહુષને કહેવામાં આવી છે. અધ્યાય ૪૮માં દોહરા ૩૬ માં વસિષ્ઠ મુનિ અશોક સુંદરી તારા માટે તપ કરે છે અને તારામાં જ મન લગાવીને બેઠી છે, એમ વસિષ્ઠ

મુનિ નહુષને કહે છે પણ તું એની સાથે લગ્ન કર એવું નથી કહેતા એટલે મુનિની આજ્ઞા વિના લગ્ન કરું તો મને દોષ લાગે એવું નહુષ કહે છે. કેવો રાજવંશી ખાનદાનીનો વિવેક છે !

(૮) સાચા ઋષિમુનિ, સંત, યોગી કેવા હોય તે અહીં જણાય છે. વસિષ્ઠ મુનિ ધ્યાન દ્વારા આ બાળક કોણ છે તે જાણી શકે તેવા મહાન યોગી છે. આવી પડેલી ફરજ નિષ્કામભાવે બજાવે છે અને જ્યારે નહુષે હુંડના વધની વાત કરી ત્યારે અશોક સુંદરીએ મુનિનાં ચરણે વંદન કર્યાં અને પોતાનું નિવેદન કર્યું. વસિષ્ઠ મુનિ નહુષને ફક્ત એટલું નથી કહેતા કે તું આની સાથે લગ્ન કર. મુનિ તો કહે છે કે મને આ **પુત્રવધૂ** ગમે છે, એટલે તું એનો સ્વીકાર કર. ફરજ બજાવતી વખતે કેવો આત્મીય ભાવ બતાવે છે પણ એમાં આસક્તિ બિલકુલ નથી. એટલે જ લગ્ન કરાવીને પછી મા-બાપ પાસે જવાનું કહે છે.

આસક્તિ ન હોવી જોઈએ. પ્રેમભાવ અને ફરજ બજાવવાનો ભાવ તો હોવો જોઈએ.

આસક્તિ માટે કહેવાયું છે કે 'આસક્તિ આ સકતી લેકિન જા નહિ સક્તિ'.

(૯) ગમે તે કારણે, ગમે તેવો માણસ એકવાર ભગવાન તરફ વળે તો પછી ભગવાન તેનું પતન થવા દેતા નથી.

અપિ ચેત્સુદુરાચારો ભજતે મામનન્યભાક્ |
સાધુરેવ સ મન્તવ્ય: સમ્યગ્વ્યવસિતો હિ સ: ||
ક્ષિપ્રં ભવતિ ધર્માત્મા શશ્વચ્છાન્તિં નિગચ્છતિ |
કૌન્તેય પ્રતિ જાનીહિ ન મે ભક્ત: પ્રણશ્યતિ ||

(ગીતા અ. ૯/ શ્લોક ૩૦-૩૧)

●

# અધ્યાય : ૫૦

આ અધ્યાયનું નામ '**કચ શાપ**' છે. આ અધ્યાયમાં **૧૨૮** દોહરા છે.

નિરંજને અલખને પૂછ્યું કે યદુ કોણ હતો અને કેવી રીતે તર્યો એ મને કહો. એટલે અલખે કહ્યું કે પહેલાંના સમયમાં દેવ દાનવના યુદ્ધમાં મરેલા દાનવોને શુક્રાચાર્ય સંજીવની મંત્રના પ્રભાવે ફરી જીવતા કરતા હતા. એટલે એના ઉપાયરૂપે દેવોના ગુરુ બૃહસ્પતિએ પોતાના પુત્ર કચને શુક્રાચાર્ય પાસે સંજીવની વિદ્યા શીખવા મોકલ્યો. (૧-૧૭).

હાથમાં સમિધ-પુષ્પ-ફળ વગેરે લઇને કચ શુક્રાચાર્ય પાસે શિષ્યભાવે ગયો. એણે પોતાની સાચી ઓળખ આપી. શુક્રાચાર્યે એનો શિષ્ય તરીકે સ્વીકાર કર્યો. શુક્રાચાર્યની પુત્રી દેવયાનીએ પણ એને શિષ્ય તરીકે સ્વીકારવાની ભલામણ કરી. કારણ કે એને કચ ઉપર પ્રેમ થયો હતો. (૧૮-૨૮).

આ બૃહસ્પતિનો પુત્ર છે એવું દૈત્યોએ જાણ્યું એટલે ગાયો ચરાવવા ગયેલા કચને દૈત્યોએ મારી નાંખ્યો. આ વાત જાણતાં શુક્રાચાર્યે એને સજીવન કર્યો. (૨૯-૪૬). દૈત્યોને આની જાણ થતાં ફરી પાછો કચને મારી નાંખ્યો અને તેના ટુકડે ટુકડા કરીને જંગલમાં ફેંકી દીધા. દેવયાનીના આગ્રહવશ શુક્રાચાર્યે ફરી કચને સજીવન કર્યો. (૪૭-૫૦).

દૈત્યોએ ત્રીજી વાર કચને મારી નાંખી, એની ભસ્મ કરી, એ ભસ્મ મદિરામાં ભેળવી મદિરા શુક્રાચાર્યને પાઇ દીધી. દેવયાનીના આગ્રહથી મૂર્છા પામેલી દેવયીનીને શુક્રાચાર્યે સંજીવની મંત્ર ભણાવ્યો અને એ મંત્રના બળે દેવયાનીએ કચને જીવતો કરવા માટે મરી ગયેલા શુક્રાચાર્યને જીવતા કર્યા. (૫૧-૭૨).

દૈત્યોનું કપટ જાણીને શુક્રાચાર્યે તેમને શાપ આપ્યો કે હવે દેવો સામે તમારી ક્યારેય જીત નહિ થાય અને તમે બધા અપમૃત્યુથી મરશો. બ્રાહ્મણ પણ મદ્યમાંસનું સેવન કરશે તો તેનું પણ અપમૃત્યુ થશે, તેવો શાપ આપ્યો. પછી એમણે કચને પોતાના ઘરે જવાનું કહ્યું. (૭૩-૭૮).

પોતાના ઘરે જવા તૈયાર થયેલા કચને દેવયાનીએ કહ્યું કે તમે મારી સાથે લગ્ન કરો. કચે ના કહી. બંને પક્ષે જાતજાતની દલીલો થઇ, પરંતુ કચે પરણવાની ના કહેતાં દેવયાનીએ શાપ આપ્યો કે તમારી સંજીવની વિદ્યા નિષ્ફળ થજો. એટલે કચે શાપ આપ્યો કે જા ! તને કોઇ બ્રાહ્મણપુત્ર નહિ પરણે. તે દિવસથી સંજીવની મંત્ર ફળ આપવાની શક્તિ વિનાનો થયો. (૭૯-૯૮).

થોડા સમય પછી કાત્યાયનીનું વ્રત આવ્યું. દેવયાની અને તેની બહેનપણી શર્મિષ્ઠા રાક્ષસરાજ વૃષપર્વાની પુત્રી હતી. બંને સખી નિર્વસ્ત્ર સ્નાન કરતી હતી ત્યાં કોઇ પુરુષ ઘોડેસ્વારને આવતા જોયો. બંને નદીની બહાર નીકળી. શર્મિષ્ઠાએ ભૂલમાં દેવયાનીનાં કપડાં પહેરી લીધાં તેથી દેવયાનીને ક્રોધ ઉપજ્યો અને ફાવે તેમ અપશબ્દો બોલવા લાગી. એટલે ગુસ્સામાં આવીને શર્મિષ્ઠાએ દેવયાનીને એક કૂવામાં નગ્ન અવસ્થામાં જ ધક્કો મારી દીધો અને પછી પોતાના ઘરે જતી રહી. (૯૯-૧૦૭).

તરસને કારણે પાણીની શોધમાં કૂવા પાસે આવેલા ઘોડેસવાર રાજા યયાતિએ દેવયાનીને કૂવાની બહાર કાઢી પોતાના વસ્ત્રમાંથી અર્ધું વસ્ત્ર આપ્યું. દેવયાનીએ કહ્યું કે તમે મારો હાથ પકડ્યો અને મને નગ્ન અવસ્થામાં જોઇ તેથી મારી સાથે લગ્ન કરો. યયાતિએ દેવયાની સાથે લગ્ન કર્યાં તો શર્મિષ્ઠાને તેની દાસી તરીકે સાથે મોકલી- શર્મિષ્ઠાને દાસી તરીકે જ રાખવાની શરતે. (૧૦૮-૧૨૮).

શિષ્ય નિરંજને બે હાથ જોડીને ફરી પૂછ્યું કે આ યદુ કોણ હતો? અને તે કેવી રીતે તર્યો તે મને કહો. (૧). આ શ્રીગુરુચરિત્ર અપૂર્વ છે અને કાનને હંમેશનું નિત-નવું જ લાગે છે. એ સાંભળતાં તૃપ્તિ થતી જ નથી. (૨). મારે માટે તો એનું શ્રવણ કરવું એ જ તપશ્ચર્યા છે, દાન છે, પુણ્ય છે અને યજ્ઞ છે. માટે હે યોગીશ્વર ! હવે કૃપા કરો. હું આપને વારંવાર વંદન કરું છું. (૩).

શિષ્યનાં વચન સાંભળીને સુજ્ઞ એવા અલખ બોલ્યા કે સાચે જ તારી મતિ કેવળ સાત્ત્વિક જ છે. (૪). જેમ કાગડા (વાયસ)ને વિષ્ટા ભાવે છે, હંસને મોતી ભાવે છે, કામી (વિષયી) પુરુષને સ્ત્રી વિશે વાતો સાંભળવી ગમે છે તેમ ભક્તને હરિકથા સાંભળવી ગમે છે.① (૫). હે નિરંજન ! ખરેખર, તારી શ્રવણ ભક્તિ કેવળ અદ્દ્ભુત છે. મને તારા જેવો સારી બુદ્ધિવાળો શિષ્ય મળજો. હવે તું ધ્યાનથી સાંભળ. (૬).

પહેલાના સમયમાં દેવ અને દાનવ વચ્ચે ભયંકર યુદ્ધ ચાલ્યા જ કરતું હતું. દૈત્યો સારું (શુદ્ધ) કે ખરાબ (અશુદ્ધ)નો વિચાર કર્યા વગર કેર વર્તાવતા હતા. (૭). દૈત્યોના ગુરુ શુક્રાચાર્ય મૃતસંજીવની મંત્ર જાણતા હોવાથી યુદ્ધમાં મૃત્યુ પામેલા દાનવોને સજીવન કરતા હતા. (૮). દેવો હારી જતા હોવાથી સ્વાભાવિકપણે જ ઇંદ્ર અને દેવો બૃહસ્પતિ ગુરુ પાસે જઇને કહેવા લાગ્યા કે આ શુક્ર ગુરુને ધન્ય છે. એમને કારણે મરેલા દૈત્યો ફરીથી જીવતા થાય છે. હે ગુરુ ! શું આપ આ સંજીવની મંત્ર નથી જાણતા? તમે અમારી અવગણના કેમ કરો છો? (૯-૧૦). મૃતસંજીવની મંત્રનો જાપ જપતાં દૈત્યો તરત જ જીવતા થઇ જાય છે. એટલે ત્યાં અમારું જોર ચાલતું નથી. (૧૧). દેવોનાં એ વચનો સાંભળીને બૃહસ્પતિએ કહ્યું કે હે દેવો ! તમે નિશ્ચિંત થઇને પોતપોતાને સ્થાને જાઓ. (૧૨). હું મારા પુત્રને બોલાવીને આજ્ઞા આપું છું જેથી એ ત્યાં જઇને પ્રયત્નપૂર્વક ચોક્કસ કાર્ય સિદ્ધ કરશે. (૧૩).

આ રીતે દેવોને વિદાય કરીને, દેવગુરુ બૃહસ્પતિએ કચને બોલાવીને કહ્યું કે હે બેટા ! તું સાંભળ. તું જલદીથી શુક્રાચાર્યના ઘરે જા અને વિવિધ પ્રકારના પ્રયત્નો આદરીને જો તું સંજીવની મંત્ર સાધી આવે તો તું મારો પુત્ર છે એવું માનું. (૧૪-૧૫). આ દેવો ખૂબ હેરાન થયા છે તેથી કોઇ ઉપાય કરવો રહ્યો. તારા વિના આ કાર્ય કરે એવું બીજું કોઇ જણાતું નથી. તું જા અને હંમેશ માટે ધન્ય થા. (૧૬). કચે વંદન કરીને કહ્યું કે હે પિતાજી ! મારા ઉપર તમારા આશીર્વાદ હોય પછી મારે માટે આ જગતમાં શું અશક્ય છે? તમે ચિંતા કરશો નહિ. (૧૭).

બૃહસ્પતિ (પિતા)ને પ્રેમથી પગે લાગીને કચ ત્યાંથી પવનવેગે નીકળ્યો. (૧૮). રસ્તામાંથી સરસ સમિધ, ફૂલ, ફળ લીધાં અને શુક્રાચાર્યનાં ચરણમાં દંડવત્ પ્રણામ કરીને અર્પણ કર્યાં.② (૧૯). શુક્રાચાર્યે પૂછ્યું કે હે બાળક ! તું કહે કે તું કોણ છે? તું ક્યાંથી આવ્યો છે અને કેમ આવ્યો છે? તું મને તરત જ સાચી વાત કર. (૨૦). આ સાંભળીને કચ બોલ્યો કે હે મહાન આચાર્ય ! હું બૃહસ્પતિનો પુત્ર (ધિષણપુત્ર) અહીં વિદ્યા પ્રાપ્તિ માટે આવ્યો છું. (૨૧). એ સિવાય મને બીજી કોઇ ઇચ્છા નથી. આ સાંભળીને શુક્રાચાર્યે મનમાં વિચાર્યું કે આ શત્રુપુત્ર છે તો મારે શું કરવું? (૨૨). શાસ્ત્રમાં વિદ્યાર્થીને હંમેશાં અતિથિ માન્યો છે. એ પાછો વળી જાય તો ખરેખર પુણ્યની હાનિ થાય છે જ. ત્યાં તો ગુરુની કન્યા દેવયાની બોલી કે હે પિતાજી ! આ બાળ તદ્દન યોગ્ય જણાય છે તો પછી ખોટી શંકા કેમ કરો છો?③ (૨૩-૨૪). એ તમારી ખંતથી સેવા કરશે એમાં શંકાને કોઇ સ્થાન નથી. તમે એ સુકુમારને (શિષ્ય તરીકે) સ્વીકારી લો. તમારી જગતમાં નામના થશે. (કીર્તિ ફેલાશે.) (૨૫). કચનું મુખ જોઇને કન્યાએ મનોમન વિચાર્યું કે આ કામદેવ જેવો ફૂટડો યુવાન મારો પતિ થવાને લાયક છે. (૨૬). હું પછીથી પિતાને કહીને એને જરૂરથી પરણીશ. અંતરમાં આવું વિચારીને એણે આવી (કચને રાખી લેવાની) વિનંતી કરી. (૨૭).

પુત્રીના પ્રેમને વશ થઇને એની વિનંતી સ્વીકારીને દૈત્યગુરુ (શુક્ર) એ કહ્યું કે હે બાળ (કચ) ! તું મારી આજ્ઞા સાંભળ. (૨૮). તારે રોજ આ ગાયરૂપી ધન (ગોધન) લઇને જંગલમાં જવાનું અને એને પેટ પૂરતું ચરાવીને એનું પેટ ભરાય-તૃપ્તિ થાય એટલે લઇને સાંજે પાછા ઘરે આવવાનું. (૨૯). આશ્રમે પાછા ફરતાં રસ્તામાંથી સમિધ, ફળ, ફૂલ વગેરે તોડીને રોજ લઇ આવવાં. (૩૦). આળસનો ત્યાગ કરીને તારે હંમેશ માટે આ રીતે વર્તવું. વંદન કરીને કચ બોલ્યો કે હે ગુરુજી ! આપની આજ્ઞા એ મારે માટે વેદ વાક્ય છે. (એટલે કે શિરોમાન્ય છે.) (૩૧).

આવું કહીને એ કહ્યા પ્રમાણે શ્રદ્ધાપૂર્વક વર્તતો હતો. સવારે ગુરુજી ઊઠે તે પહેલાં ઊઠીને પોતાનું રોજનું નિયમ મુજબનું કાર્ય પતાવી, ગુરુજી માટે શૌચ, સ્નાન, પૂજન વગેરેની વ્યવસ્થા કરતો હતો. (૩૨-૩૩). પછી એ ગાયોને છોડીને વનમાં લઇ જતો હતો અને પાછા ફરતાં સમિધ, ફળ, ફૂલ વગેરે લાવીને ગુરુને અર્પણ કરતો. (૩૪). ભિક્ષા માગી લાવીને બધી ભિક્ષા ગુરુનાં ચરણે પ્રસન્નતાપૂર્વક અર્પણ કરતો અને ગુરુ પોતાના હાથે જેટલું આપે તેટલું જ અન્ન આરોગતો હતો. (૩૫). આ રીતે વર્તતાં ગુરુઘરે કેટલાક દિવસો પસાર થયા. દૈત્યોએ જ્યારે આ વાત જાણી ત્યારે તેઓ અતિશય દુઃખી (ખિન્ન) થયા. (૩૬).

બધા (દૈત્યો)એ ભેગા થઇને વિચાર્યું કે હવે શું કરવું? આ દુશ્મનનો પુત્ર છે અને કપટપૂર્વક મૃત સંજીવની વિદ્યા શીખવા આવ્યો છે એમાં શંકાને કોઇ સ્થાન નથી. જો શુક્ર ગુરુ પ્રસન્ન થશે તો એને એ વિદ્યા શિખવાડી દેશે અને તો પછી દેવોને જીતવા મુશ્કેલ થશે. માટે બધા મળીને કોઇ યુક્તિ કરો અને મૂળ પર જ કુહાડો મારીએ. (૩૭-૩૯). આવું વિચારીને એક દિવસ મોકો (લાગ) જોઇને દૈત્યોએ કચને વનમાં એકલો જોઇને મારી નાંખ્યો. (૪૦). સાંજ પડી. સૂર્યાસ્ત થયો. તો પણ કચ ઘરે ન આવ્યો. એ જોઇને દેવયાનીએ શુક્રાચાર્યને (પિતાને) કહ્યું કે હે પિતાજી ! હજી કચ કેમ દેખાતો નથી? એની કોઇ ભાળ તો મેળવો. દૈત્યગુરુ (શુક્રાચાર્ય) ધ્યાનમાં જોઇને તરત જ બોલ્યા કે અરેરે ! આ દૈત્યોએ કચને જંગલમાં મારી નાંખ્યો છે. એ સાંભળીને દેવયાનીએ કહ્યું કે હે પિતાજી ! એને સજીવન કરો નહિતર સાચે જ હું જીવી શકીશ નહિ. આ સાંભળીને પુત્રીના પ્રેમને વશ શુક્રાચાર્ય પીગળ્યા.(૪) (૪૧-૪૪).

એમણે સંજીવની મંત્ર જપ્યો અને પરિણામે તરત જ કચ ત્યાં ઊઠ્યો. તરત જ ઘરે આવીને એણે ગુરુનાં ચરણોમાં વંદન કર્યાં. (૪૫). દેવયાની પણ અંતરમાં રાજી રાજી થઇ ગઇ. દૈત્યોને આ બધી વાતની જાણ થઇ. (૪૬). બધા દૈત્યો ચિંતાથી આકુળવ્યાકુળ થઇ ગયા. વળી પાછા એક દિવસે દૈત્યોએ કચને મારી નાંખીને, તેના ટુકડે ટુકડા કરીને ચારે દિશામાં ફેંકી દીધા. (૪૭). પુત્રીના પ્રેમને વશ થઇને શુક્રએ ફરી કચને જીવતો કર્યો. એ જોઇને દૈત્યો બોલ્યા કે હવે શું કરવું? (૪૮). આપણો આ કાળ (મોત) ફરી જીવતો થયો છે. એ આપણને જંપીને બેસવા નહિ દે. માટે હવે એવો પ્રયત્ન કરીએ (એવી રીતે મારી નાંખીએ) કે ફરીથી જીવતો જ ન થાય. વિચાર કરીને એમણે એક યોજના ઘડી. (૪૯-૫૦).

એમણે અંદરોઅંદર નક્કી કર્યું કે આપણે કચને મારી નાંખીને, એને સારી રીતે બાળીને એની ભસ્મ કરી નાંખીએ અને એ ભસ્મને મદિરા (દારુ) માં ભેળવી દઇને શુક્રાચાર્યને એ મદિરા પીવા માટે આપીએ. જેથી એ ફરી જીવતો જ ના થાય. એમ વિચાર કરીને કચને મારી નાંખીને, તેના દેહની ભસ્મ કરી નાંખી અને પછી એને મદિરા (દારુ)માં ભેળવી દઇને ગુરુને પીવા આપી દીધી. સાંજ પડી છતાં કચ ના દેખાયો તેથી પુત્રી (કન્યા)ને ચિંતા થવા લાગી. (૫૧-૫૩). પિતાની પાસે જઇને દેવયાની બોલી કે હે પિતાજી ! હજી કચ કેમ ના આવ્યો? એની જલદીથી ખાસ શોધખોળ કરો. (૫૪). શુક્રાચાર્યે ત્યાં તરત જ જ્ઞાનદૃષ્ટિથી જોયું તો પોતાના શરીરમાં કચને ભસ્મરૂપે જોયો. એટલે બોલ્યા કે બેટા દેવયાની ! હવે આ કચને ફરીથી જીવતો કરી શકાય એમ નથી. કારણ કે મારા પેટમાં એ ભસ્મરૂપે રહેલો જણાય છે. (૫૫-૫૬).

આ દૈત્યોએ એનો એવી રીતે ઘાત કર્યો છે કે જેથી એને ફરીથી જીવતો જ ન કરી શકાય. આ સાંભળીને પુત્રી (દેવયાની) બોલી કે હે પિતાજી ! એને ગમે તે રીતે જીવતો કરો. એ મારો પ્રાણ છે અને એના વિના મારા પ્રાણ આકુળવ્યાકુળ થાય છે. એટલે શુક્રાચાર્યે કહ્યું કે જો હું એને સજીવન કરીશ તો મારું અચૂક મૃત્યુ થશે. (૫૭-૫૮).

હવે તું જ કહે કે તને (અમારા બેમાં) કોણ વહાલું છે? તું જ બોલ કે કોણ જીવે? કચ કે હું? દેવયાનીએ કહ્યું કે તમે બંને મને વહાલા છો. (૫૯). હું કચની સાથે રહીને તમારી સેવા કરીશ. એ સિવાય મારી બીજી કોઇ ઇચ્છા નથી. એટલે તમે કોઇપણ રીતે કચને જીવતો કરો. (૬૦). હે પિતાજી ! તમે તો કાળના પણ કાળ છો. તમને કોણ મારી શકે એમ છે? શુક્રાચાર્યે કહ્યું કે બેટા ! એ બધો સંજીવની મંત્રનો પ્રભાવ છે. (૬૧).

મારા વિના આ મંત્ર બીજું કોઇ જાણતું નથી. તેથી હું મૃત્યુ પામું પછી મને કોઇ સજીવન કરી શકે એમ નથી. એટલે પુત્રી દેવયાનીએ કહ્યું કે હે પિતાજી ! એ મંત્ર તમે મને શિખવાડી દો. તમારો દેહ પડશે એટલે એ મંત્રથી હું તમને ફરીથી સજીવન કરીશ. (૬૨-૬૩). શુક્રાચાર્ય બોલ્યા કે હે દીકરી ! આ વેદમંત્ર હોવાથી સ્ત્રીને ના કહેવાય. જો હું એ મંત્રનો તને ઉપદેશ કરું તો મંત્રનું સામર્થ્ય જતું રહે. (૬૪).

આ સાંભળીને વ્યાકુળ થઇને પુત્રી (કન્યા) બોલી કે હું મરી જાઉં એટલે એ મંત્રનો પછી તમે સુખથી જાપ કર્યા કરજો. (૬૫). આવું કહીને દેવયાની ધરતી પર ઢળી પડી. એ જોઇને શુક્રાચાર્યે એને ખોળામાં લીધી. (૬૬). ગુરુને પુત્રી અતિશય લાડકી હોવાથી એને એણે સ્નેહથી સાંત્વન આપીને સંજીવની મંત્રનો ઉપદેશ કર્યો. (૬૭). પછી શુક્રાચાર્યે સંજીવની મંત્ર જપીને કચને પેટ ચીરીને બહાર આવવા આજ્ઞા કરી અને એ રીતે કચને જીવતો કર્યો. (૬૮). ગુરુની આજ્ઞા મુજબ પેટ ચીરીને તરત જ એ બૃહસ્પતિપુત્ર કચ બહાર આવ્યો. (૬૯). મંત્રની આ કલ્પના બહારની અદ્‌ભુત શક્તિ છે. સૂતેલો માણસ જેમ (ઊંઘમાંથી) ઊઠે તેમ કચ ભસ્મમાંથી ઊઠ્યો (જીવતો થયો.) પરંતુ એની સાથે જ શુક્રાચાર્ય મડદું (પ્રેત) થઇને પડ્યા. એ જોઇને તરત જ દેવયાનીએ સંજીવની મંત્ર જપીને એમને (શુક્રાચાર્યને) જીવતા કર્યા.(૫) (૭૦-૭૧).

બધાને આનંદ થઇ ગયો. નસીબજોગે કચે પણ આ મંત્ર ત્રણ વાર સાંભળ્યો તેથી એને મોઢે થઇ ગયો. (૭૨). જ્યારે શુક્રાચાર્યે એ (કચને મંત્ર કંઠસ્થ થઇ ગયો છે) જાણ્યું અને સાથે સાથે એ પણ જાણ્યું કે દૈત્યોએ કપટપૂર્વક એને મદિરા પાઇ હતી ત્યારે એમણે ક્રોધ કરીને દૈત્યોને શ્રાપ આપ્યો કે જાવ ! હવે પછી દૈત્યનો (તમારો) દેવ સામે ક્યારે પણ વિજય નહિ થાય અને બધા રાક્ષસો અપમૃત્યુથી મરશે. (૭૩-૭૪). વળી જે બ્રાહ્મણ મદ્ય અને માંસનું સેવન કરશે તે પણ દુ:ખી દુ:ખી થઇને દૈત્યોની જેમ અપમૃત્યુના મુખમાં પડશે. શુક્રાચાર્યનું આ શાપવચન વજ્રલેપ સમાન નીવડ્યું. (૭૫-૭૬). આને કારણે જ સાચો જ્ઞાની પુરુષ સ્વપ્નમાં પણ નિંદાને યોગ્ય એવા મદ્ય-માંસનો સ્પર્શ સરખો પણ કરતો નથી. (૭૭).

દૈત્યોને શાપ આપીને ગુરુએ કચને પ્રેમથી બોલાવીને કહ્યું કે હવે તું તારા ઘરે જા. (૭૮). આ ઘાતકી દૈત્યો તને જંપીને રહેવા દેશે નહિ. આવું કહીને એણે પ્રેમપૂર્વક આશિષ આપ્યાં. (૭૯). ગુરુનાં ચરણકમળને ભાવપૂર્વક વંદીને અને ગુરુદક્ષિણા આપીને, ગુરુની આશિષ મેળવીને ત્યાંથી કચ જવા માટે નીકળ્યો. (૮૦). એટલામાં તો શુક્રાચાર્યની પુત્રી દેવયાની હસતી હસતી સામે આવી અને બોલી કે હે સુજ્ઞ (પુરુષ) ! તમે મારી સાથે લગ્ન કરો અને પછી મને સાથે લઇ જાઓ. આ સાંભળીને કચ (જીવનંદન એટલે કે બૃહસ્પતિનો પુત્ર) બોલ્યો કે તું આ શું બોલે છે?(૬) (૮૧-૮૨). તું મારા ગુરુની દીકરી હોવાથી સાચે જ તું મારી બહેન કહેવાય. તું જ કહે કે હું તને કેવી રીતે પરણું? હું આવું અયોગ્ય પગલું તો ના જ ભરું. (૮૩). શુક્રાચાર્યની પુત્રી પાછી બોલી કે તમે મારી સાથે લગ્ન કરો એટલા માટે તો મેં તમને ત્રણ

વાર જીવતદાન અપાવ્યું હતું. (૮૪). તમારા ઉપર શરૂઆતથી જ પ્રેમ થઇ ગયો હતો. જો તમે આ બાબતમાં મને નિરાશ કરશો તો હું તમને શાપ આપીશ. (૮૫). કચે કહ્યું કે તેં શાપ આપવાનું તારા મનમાં વિચાર્યું હોય તો ભલે શાપ આપ. પરંતુ હું અધર્મ તો નહિ જ આચરું. (૮૬).

બધાં શાસ્ત્રો પોકારી પોકારીને કહે છે કે ગુરુની પુત્રી એ ખરેખર બહેન જ ગણાય. એમાં પણ તેં મને જીવતદાન આપ્યું તેથી તો તું મારી મા કહેવાય. (૮૭). શાસ્ત્રે (દોરેલી) દર્શાવેલી મર્યાદાને હું ઓળંગીશ નહિ. દેવયાનીએ કહ્યું કે આ પહેલાં આવો પ્રસંગ બની ચૂક્યો છે એની હું તમને વાત કરું. (૮૮). ભરદ્વાજ મુનિની ધીષણા નામની પુત્રીનાં લગ્ન એની પિતાની આજ્ઞાથી એના પિતાના જ કહુડ નામથી પ્રસિદ્ધ એવા શિષ્ય સાથે થયાં હતાં. કહુડ જેમ ગુરુની આજ્ઞાથી ધીષણા સાથે પરણ્યો હતો તેમ આપ પણ મારી સાથે લગ્ન કરો. (૮૯-૯૦). હે પ્રાણનાથ ! હું પણ પિતાની આજ્ઞા લઇને આવું છું. તમે મારો તિરસ્કાર કરશો નહિ. હું આપને મનથી વરી ચૂકી છું. (૯૧). શાસ્ત્રની એવી પણ આજ્ઞા છે કે કન્યા જે પુરુષને હૃદયના ભાવ થકી વરી ચૂકે, એની સાથે એ પુરુષે ચોક્કસ લગ્ન કરવાં જ જોઇએ. (૯૨). જો એ ન પરણે તો મહાકૃતઘ્ની ગણાય. માટે હે બૃહસ્પતિકુમાર ! આ દાસીને નિરાશ કરશો નહિ. તમે લગ્નનો કંઇ વિચાર કરો. (૯૩).

ખરેખર મેં જ તમને ત્રણવાર જીવતદાન અપાવ્યું હતું અને મારા પ્રયત્નને લીધે જ તમને આ મૃત સંજીવની વિદ્યા સિદ્ધ થઇ છે. (૯૪). મારો આ ઉપકાર તમે ભૂલશો નહિ. એવી મારી વિનંતી સાંભળો. જો એ વિનંતી નહિ સાંભળો (સ્વીકારો) તો મારો શાપ છે કે એ વિદ્યા નિષ્ફળ જજો. (૯૫). એ શાપ સાંભળીને કચ બોલ્યો કે હું અત્યંત નિર્મળ (નિર્દોષ) છું. મને નકામો શાપ આપ્યો છે. હવે તું પણ એનું ફળ ભોગવ ! (૯૬). તને ખરેખર કોઇ બ્રાહ્મણપુત્ર પરણશે નહિ અને તારા પિતાએ તને જે વેદમંત્ર આપ્યો છે તે આજથી સામર્થ્ય (ફળ આપવાની શક્તિ) વિનાનો થશે. આવો શાપ આપીને કચ પોતાને ઘરે ગયો. (૯૭-૯૮).

આ વાતને બધા ભૂલી ગયા અને કેટલાક દિવસો પસાર થઇ ગયા. એટલામાં કાત્યાયનીનું વ્રત આવ્યું અને શુક્રાચાર્યની દીકરી દેવયાની રાક્ષસરાજ વૃષપર્વાની પુત્રી શર્મિષ્ઠા સાથે વ્રત નિમિત્તે સ્નાન માટે ગઇ. (૯૯-૧૦૦). બંને જણી નદી કિનારે આવી અને વસ્ત્રો ઉતારીને બંને બહેનપણીઓ નગ્ન અવસ્થામાં આનંદથી સ્નાન કરવા લાગી. (૧૦૧). એટલામાં ત્યાં એક તેજસ્વી પુરુષ આવી ચઢ્યો. એને જોતાં જ શરમની મારી બંને જણી દોડી ગઇ અને ઝડપથી બહાર આવી વસ્ત્રો પહેરી લીધાં. એમાં શર્મિષ્ઠાએ ભૂલથી દેવયાનીનું વસ્ત્ર પહેરી લીધું. (૧૦૨-૧૦૩). આ જોઇને દેવયાની ક્રોધે ભરાઇ અને લાલચોળ થઇ અને ગાળ ભાંડતી કહેવા લાગી કે તું કેમ બહુ અભિમાની થઇ છે? એ દુષ્ટ ડાકણી ! તું મને કહે કે તેં મારું વસ્ત્ર પહેર્યું જ કેમ? તને હમણાં જ ધોલ મારીને તારાં હાડકાં રંગી નાખું છું.⑦ (૧૦૪-૧૦૫). એનું આવું ફાવે તેવું બોલવું સાંભળીને દૈત્યપુત્રી (શર્મિષ્ઠા) ક્રોધથી ઊકળી ઊઠી અને દેવયાનીને નગ્ન સ્થિતિમાં જ ત્યાં કૂવામાં ધક્કો મારી દીધો અને પછી એકલી પોતાના ઘરે જતી રહી. (૧૦૬-૧૦૭).

એ જ વખતે શિકારને લીધે થાકેલો અને ભૂખ્યો તથા તરસ્યો થયેલો રાજા યયાતિ પાણીની શોધમાં ત્યાં આવી ચઢ્યો. (૧૦૮). કોઇને રડતું સાંભળીને રાજાએ કૂવામાં જોયું તો ત્યાં તેણે કન્યાને-દેવયાનીને જોઇ. (૧૦૯). એણે એનો જમણો હાથ ઝાલીને એને બહાર કાઢી. એને વસ્ત્ર વગરની (નિર્વસ્ત્ર) જોઇને રાજાએ પોતાના વસ્ત્રમાંથી અડધું વસ્ત્ર આપી દીધું. (૧૧૦). એને આશ્વાસન આપીને રાજાએ પૂછ્યું કે તું કોણ છે? અને અહીં ક્યાંથી? દેવયાનીએ બનેલી બધી વિગત કહી સંભળાવી અને પછી કહ્યું કે હે રાજા ! તેં મારો (જમણો) હાથ પકડ્યો અને મને નગ્ન દશામાં જોઇ એટલે તમે મારા પતિ કહેવાવ.⑧ (૧૧૧-૧૧૨). દૈત્યરાજ વૃષપર્વાની દીકરી શર્મિષ્ઠાએ મને આમ ધક્કો મારીને

કૂવામાં ફેંકી દીધી હતી. (૧૧૩). હું શુક્રાચાર્યની દીકરી છું અને મારું નામ દેવયાની છે. આ બધું કચના શાપને લીધે ઊંધું ચત્તું (વિપરીત) થયું છે. (૧૧૪). બૃહસ્પતિ પુત્ર કચે મને શાપ આપ્યો હતો કે કોઇ બ્રાહ્મણ તને પરણશે નહિ. તમે કોણ છો તે કહો. (૧૧૫). રાજા બોલ્યો કે હું ક્ષત્રિય છું અને મારું નામ યયાતિ છે. તું ખરેખર બ્રાહ્મણ કન્યા છે. પછી હે સુજ્ઞા ! હું તને કેવી રીતે પરણી શકું? (૧૧૬). આવા પ્રકારના લગ્નથી ચાંડાળપણું મળે છે એમ શાસ્ત્ર કહે છે. તારા પિતાશ્રી બધું જાણે છે. તેમ છતાં તું એમને જઇને પૂછ.© (૧૧૭).

આ સાંભળીને દેવયાની યયાતિને સાથે લઇને ઘરે ગઇ અને પિતા શુક્રાચાર્યને બધી જ વાત વિગતવાર કહી સંભળાવી. (૧૧૮). એ સાંભળીને શુક્રાચાર્ય બોલ્યા કે હે રાજા ! આ બધું કચના શાપને કારણે જ થયું છે. હે બુદ્ધિશાળી રાજા ! બ્રાહ્મણના શાપ આગળ કોઇનું પણ કાંઇ ચાલે એમ નથી. આમ કહીને વિધિસર કન્યાદાન આપ્યું. (૧૧૯-૧૨૦). શુક્રાચાર્યનો ક્રોધ ટાળવા માટે વૃષપર્વાએ પણ પોતાની (પુત્રી) શર્મિષ્ઠાને દાસી તરીકે યયાતિને આપી. (૧૨૧). એ બંનેને લઇને રાજા યયાતિ જ્યાં આનંદપૂર્વક જવા નીકળ્યો ત્યાં જ શુક્રાચાર્યે કહ્યું કે હે સુજ્ઞ રાજા ! તમારે શર્મિષ્ઠાને દાસી માનીને, એની સાથે સ્વપ્નમાં પણ વિષયસુખ (લગ્ન સુખ) ભોગવવું નહિ. એને દાસી માનીને એની પાસે મારી પુત્રીની સેવા કરાવવી. જો એમાં જરા પણ ભૂલ થશે તો હું નહિ સહન કરું. (૧૨૨-૧૨૪). આપની આજ્ઞા શિરોમાન્ય છે એમ કહીને દેવયાની તથા શર્મિષ્ઠાને લઇને તે ચાલી નીકળ્યો અને ઝડપથી પોતાના રાજ્ય (નગર)માં આવી પહોંચ્યો. ત્યાર પછી જે કાંઇ બન્યું તે વાત અલખે નિરંજનને કહી જેનું વર્ણન આગળ ઉપર થશે. (૧૨૫-૧૨૬). કચના શાપને કારણે બ્રાહ્મણની દીકરી દેવયાની ક્ષત્રિય રાજાને પરણી. ખરેખર ! પ્રારબ્ધની ગતિ ગહન (ન સમજાય તેવી) છે. (૧૨૭). એમનો પુત્ર યદુ વિરક્ત થઇને અવધૂત (દત્તાત્રેય)ને શરણે જશે ત્યારે બરાબરનો **રંગ** જામશે. (૧૨૮).

શ્રી દત્તપ્રભુનાં ચરણકમળના ભ્રમર એવા બ્રહ્મચારી પાંડુરંગ (રંગ અવધૂત)મહારાજ દ્વારા રચિત શ્રીગુરુલીલામૃતનો અલખ અને નિરંજનના સંવાદરૂપે **'કચ શાપ'** નામનો **પચાસમો** અધ્યાય સમાપ્ત થયો.

●

**પાદટીપ :**

**અધ્યાય : ૫૦**

(૧) જન્મથી પ્રાપ્ત સ્વભાવ પ્રમાણે, રુચિ પ્રમાણે વ્યક્તિને અમુક વસ્તુ ગમે છે. એની વૃત્તિને આધારે પ્રવૃત્તિ નક્કી થાય છે. પૂર્વ જન્મના પુણ્ય સાથે જન્મનારને જ હરિકથામાં રસ પડે છે. ધૃતરાષ્ટ અને વિદુર, રાવણ અને વિભીષણ ભાઇઓ હોવા છતાં વૃત્તિ તદ્દન જુદી હતી. "શ્રીશિવમહિમ્ન: સ્તોત્ર"માં પણ કહેવાયું છે કે

રુચીનાં વૈચિત્ર્યાદ્ ઋજુકુટિલનાનાપથ જૂષાં...

માનવ જન્મ, મહાપુરુષનો આશ્રય અને મુમુક્ષુતા ત્રણે મળે તે સદ્ભાગી. આપણે પણ મુમુક્ષુ બનીને સદ્ભાગી થઇએ. પૂ.બાપજી જેવા મહાપુરુષ તો આપણને મળી જ ચૂક્યા છે. શ્રીગુરુલીલામૃતના પારાયણ જેવી મોટી વસ્તુ તો ભાગ્યશાળી હોય તેને જ મળે છે, ભાગ્યહીનને નહિ.

ભાગ્યહીન કો નહિ મિલે બડી વસ્તુકો ભોગ |
દ્રાક્ષ પકે તબ કાગકે કંઠમેં નિકલે રોગ ||

(૨) ગુરુ અને રાજાની પાસે ખાલી હાથે જવું જોઇએ નહિ. તેમાં પણ ગુરુ પાસે હાથમાં સમિધ લઇને (સમિત્પાણિ) જવાથી પોતે શિષ્યભાવથી આવ્યો છે એનું સૂચન થાય છે.

(૩) દોહરા ૨૧ થી ૨૪- તે સમયની સ્થિતિનું દર્શન કરાવે છે. કચ પોતે બૃહસ્પતિનો પુત્ર છે એમ સાચું બોલે છે તો સામે પક્ષે શુક્રાચાર્ય પણ એને શિષ્ય તરીકે સ્વીકારે છે. શિષ્યભાવે આવેલાને પાછો ના કઢાય, નહિતર પુણ્ય જાય.

(૪) શુક્રાચાર્યનો પુત્રીપ્રેમ અને લગ્ન અંગે નિર્ણય લેવાની કન્યાને મળેલી સ્વતંત્રતા સમજવા જેવી છે. શુક્રાચાર્ય દૈત્યોના ગુરુ છે જ્યારે બૃહસ્પતિ દેવોના ગુરુ છે. આમ છતાં શુક્રાચાર્યની પુત્રી બૃહસ્પતિના પુત્ર સાથે પરણવાનું વિચારી શકે અને ખુલ્લાં મને બાપને કહી પણ શકે. ભારતની મહિલાઓની આટલી સ્વતંત્ર વિચારધારા તો આજના જમાનામાં પણ કદાચ જોવા નહિ મળે.

(૫) પ્રેતનો અર્થ દૂર ગયેલો જીવ થાય છે. મૃત્યુ પછી બાર દિવસ સુધી એ જીવ માટે 'પ્રેત' શબ્દ વપરાય છે. તેરમા દિવસની વિધિ પૂરી થતાં એ પિતૃઓમાં ભળી જાય છે. એટલે પછી એ પિતૃ બને છે. એને પ્રેત કહેવાનું બંધ થાય છે. પ્રેત એટલે મડદું એવો અર્થ છે.

(૬) ૮૧ થી ૯૩ સુધીના દોહરામાં દેવયાનીની તીક્ષ્ણ બુદ્ધિનું દર્શન કરાવતી દલીલો અને લગ્ન અંગેની સ્વતંત્રતાના ખ્યાલો જાણવા મળે છે. સ્ત્રી જેને મનથી વરી ચૂકી હોય તે પુરુષે તેની સાથે લગ્ન કરવું જ જોઇએ. એને માટે યુદ્ધે ચડવું પડે તો પણ લગ્ન કરવું પડે. પિતાની આજ્ઞા લાવવાની વાત દેવયાની કરે છે એની પાછળ આવાં લગ્નના ખ્યાલનો સહજતાથી સ્વીકાર થતો હતો એનું સૂચન છે.

(૭) દેવયાની શુક્રાચાર્યની (બ્રાહ્મણની) પુત્રી હતી જ્યારે શર્મિષ્ઠા એ વૃષપર્વાની (ક્ષત્રિયની) પુત્રી હતી. બ્રાહ્મણની કન્યામાં કેવી તેજસ્વિતા હતી તે દર્શાવી છે. બ્રાહ્મણની કન્યા ક્ષત્રિય કન્યાનાં કપડાં ના પહેરે. બંને બહેનપણી હોવા છતાં ધર્મનું પાલન કેવું થતું હતું તે જાણવા મળે છે.

(૮) આ દોહરો એવું સૂચવે છે કે સ્ત્રીનો જમણો હાથ ઝાલવાનો અને એના શરીરને નગ્ન અવસ્થામાં જોવાનો અધિકાર કેવળ એના પતિને છે. તેથી યયાતિને પતિ તરીકે સ્વીકારી દેવયાની લગ્નનું સૂચન કરે છે.

(૯) કન્યા પોતાના કુળમાં અને પોતાના કુળથી ઊંચા કુળમાં લગ્ન કરે તો તે ધર્માજ્ઞાનુસાર છે. પરંતુ પોતાના કુળથી ઊતરતા કુળમાં લગ્ન કરવાં જોઇએ નહિ. ક્ષત્રિય કન્યા રેણુકા જમદગ્નિ ઋષિને પરણી શકે પરંતુ ક્ષત્રિય પુરુષ બ્રાહ્મણ કન્યાને પરણી શકે નહિ. આવાં લગ્નને ધર્મ માન્ય કરતો નથી. પુરુષ કેવા પ્રકારનો છે તેની અસર સંતાનના વિકાસમાં ઘણી છે. માતા દોષી હોય તો બાળકનું ચારિત્ર્ય બગડે અને પિતામાં દોષ હોય તો બાળકની બુદ્ધિ અસર પામે.

દુઃશીલો માતૃદોષેણ પિતૃદોષેણ મૂર્ખતા |
કાર્પણ્યં વંશદોષેણ હ્યાત્મદોષેણ દરિદ્રતા ||

●

## અધ્યાય : ૫૧

આ અધ્યાયનું નામ **'અવધૂત દર્શન'** છે. આ અધ્યાયમાં **૧૩૬** દોહરા છે.

યયાતિને દેવયાનીથી યદુ અને તુર્વસુ નામે બે પુત્ર થયા. શર્મિષ્ઠાની ઇચ્છાને વશ થઇ યયાતિએ એની સાથે કામસુખ ભોગવ્યું અને એના પરિણામે શર્મિષ્ઠાને ત્રણ પુત્રો થયા. (૧-૬).

આનાથી ગુસ્સે થઇને દેવયાનીએ શુક્રાચાર્યને ફરિયાદ કરી. તેથી શુક્રાચાર્યે યયાતિને વૃદ્ધ થઇ જવાનો શાપ આપ્યો. આ શાપથી તો દેવયાનીનું લગ્નજીવન સમાપ્ત થયું. શુક્રાચાર્યે શાપને ટાળવાના ઉપાયરૂપે એનું ઘડપણ આપી કોઇની યુવાની લેવાની છૂટ આપી. શર્મિષ્ઠાના સૌથી નાના પુત્ર 'પુરુ' સિવાય બીજો કોઇ પુત્ર યુવાની આપી વૃદ્ધત્વ લેવા તૈયાર થયો નહિ. (૭-૨૪).

યુવાની મેળવીને સો વર્ષ સુધી દેવયાની સાથે ભોગ વિલાસ સેવ્યા પછી યયાતિને વૈરાગ્ય જન્મ્યો. એણે પુરુને યુવાની પાછી આપીને વૃદ્ધત્વ સ્વીકાર્યું અને એને રાજ્યાસન પર બેસાડી રાજા બનાવ્યો અને યયાતિ-દેવયાની જંગલમાં ગયાં. (૨૫-૪૧).

દાસીપુત્રને રાજ મળ્યું તેથી પાટવી કુંવર યદુને અનહદ દુ:ખ થયું અને તેથી જંગલમાં જતો રહ્યો. દત્તભક્ત યદુ મુમુક્ષુ બનીને જંગલમાં ભટકતો હતો. એનો આર્તનાદ સાંભળીને કાવેરી નદીના કિનારે દત્તપ્રભુ પ્રગટ થયા. (૪૨-૬૧).

દત્તપ્રભુને યદુએ પોતાની મૂંઝવણરૂપ પ્રશ્નો પૂછ્યા અને દત્તપ્રભુએ તેના ઉત્તરો આપી તેને મોક્ષના પંથે દોર્યો. દત્તપ્રભુએ એને તત્ત્વજ્ઞાન સમજાવવાની શરૂઆત કરી. (૬૨-૧૩૬).

દેવયાનીને અને તેની દાસી શર્મિષ્ઠાને લઇને રાજા યયાતિ ત્યાંથી પોતાના નગરમાં આવ્યો. (૧). દેવયાની સાથે આનંદથી દિવસો પસાર થતા હતા. પ્રેમપૂર્વક રતિક્રીડા કરતાં એને બે પુત્રો જન્મ્યા. (૨). મોટાનું નામ યદુ હતું અને નાનાનું નામ તુર્વસુ હતું. શર્મિષ્ઠા પણ એકનિષ્ઠ ભાવે સેવા કરતી હતી. (૩). શર્મિષ્ઠાનાં રૂપ અને ગુણથી રાજાને સંતોષ થયો. એક દિવસ એણે (રાજાએ) એને ( શર્મિષ્ઠાને) પૂછ્યું કે તારા મનમાં શી ઇચ્છા છે તે કહે. (૪). હું તારા પર પ્રસન્ન થયો છું અને તારા મનમાં જે વસ્તુની ઇચ્છા હોય તે કહે. એટલે દાસીએ કહ્યું કે હે રાજાજી ! થોડું તો થોડું પણ રતિસુખ (કામસુખ) આપો. (૫). એને અજોડ જાણીને રાજાએ એની સાથે રતિક્રીડા કરી. પરિણામે એને ગર્ભ રહ્યો અને એને ત્રણ પુત્રો થયા. (૬).

આ વાતની જાણ થતાં જ દેવયાની (શુક્રસુતા)એ પિતા પાસે જઇને ફરિયાદ કરી એટલે શુક્રાચાર્યે ક્રોધે ભરાઇને રાજાને શાપ આપ્યો. (૭). હે દુષ્ટ રાજા યયાતિ ! મારી પુત્રીની દાસી સાથે સ્ત્રીસુખ (રતિસુખ) ભોગવીને તેં મારી આજ્ઞાનું ઉલ્લંઘન કર્યું છે. (૮). જા ! તું એકદમ ઘરડો અને જર્જર થઇ જા ! આવો શાપ થતાંની સાથે જ યયાતિ એવો થઇ ગયો. (૯). શરીર થરથર ધ્રુજવા લાગ્યું. બધા વાળ સફેદ થઇ ગયા, દાંત પડી ગયા અને અરેરે ! એ કમરમાંથી બેવડ વળી ગયો ! (૧૦). આવી દશા થતાં એ અંતરમાં ખૂબ દુ:ખી થઇ ગયો. શરીરમાં શક્તિ ન રહેવા છતાં મન સ્થિર થતું ન હતું. (૧૧). પતિને દુર્બળ થયેલો જોઇને, કામબાણથી પીડાતી દેવયાની પણ ચિંતામગ્ન રહેવા લાગી. (૧૨).

એને મનમાં થયું કે ખરેખર હું પાપિણી છું. આ મેં શું કર્યું? મેં મારા હાથે કરીને જ ઝેર પીધું ! હવે રડવાથી શું વળે? (૧૩). બધી રીતે પતિ અશક્ત (જીર્ણ) થવાથી હવે રતિસુખના ભોગની તો વાત જ ના રહી. હજી ભોગ ભોગવીને મને તૃપ્તિ થઇ નથી. અરેરે ! મેં કેવી ભયંકર ભૂલ કરી? (૧૪).

એ (દેવયાની) પિતા પાસે આવી અને પશ્ચાતાપરૂપે પતિને ફરીથી જુવાની આપવાની પ્રાર્થના કરી. (૧૫). રાજા યયાતિએ પણ ત્યાં આવીને, બે હાથ જોડીને કહ્યું કે હે દેવ ! મેં અપરાધ કર્યો છે. પણ હે તાત ! મને માફ કરો. (૧૬). મનમાં બધું જાણીને શુક્રાચાર્ય પણ પીગળ્યા. દયા લાવીને એમણે પહેલાં આપેલા શાપથી વિરુદ્ધ પ્રકારનો શાપ આપતાં કહ્યું કે હે રાજા ! તું સાંભળ. તું તારા પુત્રને સુખેથી ઘડપણ આપી દે અને એનું યૌવન સ્વીકારી લે એટલે તારું કામ થઇ જશે.① (૧૭-૧૮). આ સિવાય બીજો કોઇ જ ઉપાય નથી કારણ કે આપેલો શાપ ટળે એમ નથી ! આ સાંભળીને મનમાં આનંદ પામતો રાજા વંદન કરીને ગયો. (૧૯).

પાંચેય પુત્રોને અલગ અલગ બોલાવીને એણે દરેકને પૂછ્યું કે પોતાનું યૌવન મને આપીને, મારું ઘડપણ લેવા કોણ તૈયાર છે? (૨૦). રાજાનું એ વચન સાંભળીને દેવયાનીના બંને પુત્રો અને શર્મિષ્ઠાના મોટા બે પુત્રો- એમ મળીને ચાર મોટા પુત્રો પૈકી કોઇ તૈયાર થયું નહિ. શર્મિષ્ઠાનો નાનો પુત્ર પુરુ આખરે બોલ્યો કે હે પિતાજી ! હું એ (ઘડપણ) સ્વીકારીશ. તમે મારું યૌવન સુખેથી લો અને તમારું ઘડપણ આપો. (૨૧-૨૩). આવું કહીને સંકલ્પ કરીને પ્રેમથી રાજાને પોતાનું યૌવન આપીને એ વૃદ્ધ થયો. (૨૪).

યયાતિ બોલ્યો કે પેલા ચારે પુત્રો નાલાયક (દુષ્ટ) છે. એમણે મારી આજ્ઞા ના માની. એ બધા (નાલાયક અને અધમ) નપાવટ છે. (૨૫). એટલે હવે એ નક્કી છે કે એ ચાર પૈકી કોઇને પણ રાજ્યાસન, છત્ર વગેરે કોઇ દિવસ પણ મળશે નહિ. (૨૬). ચારે પુત્રોને એ રીતે શાપ આપી, તે દેવયાની સાથે સો વરસ સુધી આનંદથી વિષયભોગ ભોગવતો રહ્યો. (૨૭). આમ છતાં એનું મન ધરાતું ન હતું. આખરે નસીબજોગે એના મનમાં વૈરાગ્યનો ઉદય થયો. (૨૮). એ મનમાં ને મનમાં બોલ્યો કે જેનામાં આત્મા-અનાત્માનો વિવેક નથી તે જ વિષયમાં રચ્યોપચ્યો રહીને પોતાને કૃતાર્થ થયેલો માને છે. (૨૯). પછી પરાધીન થતાં તે આખરે દુ:ખથી પસ્તાય (રડે) છે. તૃષ્ણા તો કલ્પોના અંતે પણ મરતી નથી. (૩૦). માટે હવે સમયસર મારે ચેતી જવું જોઇએ. એમ વિચારીને એણે દેવયાનીને કહ્યું કે હે પ્રિયે દેવયાની ! તું તો સમજુ છે. તું સાવધાનીથી મારી વાત સાંભળ. આ મન વિષય-ભોગ ભોગવ્યાથી કદી તૃપ્ત થતું નથી. (ધરાતું નથી.) (૩૧-૩૨). જેમ જેમ મન વિષય-ભોગો ભાગવે છે તેમ તેમ વાસના વધતી જાય છે અને એ જ્ઞાનીને પણ આખરે નરકમાં પાડે છે. (૩૩). આ ઇંદ્રિયો ખૂબ બળવાન છે અને મોહથી તે વિષયો તરફ ખેંચે છે. માટે દીકરી, બહેન કે કોઇપણ બીજી સ્ત્રી પછી તે યુવાન હોય કે ઘરડી હોય તો પણ તેની સાથે એકાંતમાં એકલા, એક આસન પર કદી પણ બેસવું નહિ અને સાવધાન રહેવું. (૩૪-૩૫). અગ્નિમાં ઘી રેડવાથી જેમ ભડકો થાય તેમ વિષયો ભોગવવાથી વાસના વધે છે, ઘટતી નથી.② (૩૬). માટે એ વાત સાચી કે ભોગ ભોગવવાથી કદી પણ સંતોષ (તૃપ્તિ) થતો નથી. માટે વિષયોમાં દોષ દૃષ્ટિ કરીને વિરક્ત થવું જોઇએ. (૩૭). હે પ્રિયે ! મેં તારી સાથે સો સો વરસ સુધી વિષયભોગ ભોગવ્યા તો પણ મન શાંત થયું નથી. (૩૮). માટે હે પ્રિયે ! આ દેહનું કલ્યાણ કરવા માટે વનમાં જઇને, તપશ્ચર્યા કરીને ધન્ય થઇ જઇએ. (કૃતકૃત્ય થઇએ.) (૩૯).

એમ કહીને પોતાના સૌથી નાના પુત્ર પુરુને બોલાવીને એને એનું યૌવન પાછું આપી દીધું. (૪૦). વિષય તૃષ્ણા સુખપૂર્વક છોડી, પોતાનું ઘડપણ પાછું સ્વીકારી, પુરુને રાજગાદી પર બેસાડી એ વનમાં ચાલ્યો ગયો. (૪૧). અન્ય (પુત્રો)ને ગરાસ (ગ્રાસ) આપ્યા અને રાજ્યના પણ વિભાગો કર્યા. આ બધું જોઇને સૌથી મોટો પુત્ર (પાટવી

કુંવર) યદુ દુ:ખી દુ:ખી થઇ ગયો. (૪૨). અપ્સરા જેવી સુંદર સ્ત્રીઓ, હાથી-ઘોડા, ધન-પુત્રોનો પૂર્ણ વૈભવ (યદુ) રોજ ભોગવતો હોવા છતાં પુરુને રાજગાદી (રાજ્ય સિંહાસન) પર બેઠેલો જોઇને યદુ અંતરમાં દુ:ખી થઇને પોતાની જાત પર ફિટકાર વરસાવતો હતો. (૪૩-૪૪).

(એક તો એ) મારી 'માતા'ની દાસીનો પુત્ર છે અને તેમાં પણ નાનામાં નાનો છે તે રાજગાદી પર બેઠો છે. હું આ અપમાન કેવી રીતે સહન કરું? (૪૫). મોટી રાણી (પટરાણી)નો સૌથી મોટો પાટવી પુત્ર તો હું છું. આ અન્યાય હું શું કામ સહન કરું? આવું જીવન જીવવું નકામું છે. (૪૬). સાચે જ મારું ગયા જન્મનું કર્મ જ ભયંકર હશે અને તે કદી છૂટે એવું જણાતું નથી. હું જંગલમાં જ જતો રહું એ જ બરાબર છે. અરેરે ! પ્રારબ્ધ જ બળવાન છે.③ (૪૭).

ખૂબ વિચાર કરીને જોઇએ તો આ સંસારમાં સ્વપ્નમાં પણ લેશમાત્ર સુખ જણાતું નથી. જ્યાં જુઓ ત્યાં બધે કલેશ (અને કંકાશ) જ છે. (૪૮). મોહમાં પડીને લોકો નકામા એ જાળમાં સપડાય છે. એ સુખને લાત મારીને હવે હું વનમાં જતો રહું. (૪૯). દઢ વૈરાગ્યને લીધે બધાનો સંગ ત્યજીને યયાતિ પુત્ર યદુ મુમુક્ષુ બનીને વનમાં ગયો. (૫૦).

એ આમ તો દત્તભક્ત હતો જ. એટલે દત્તપ્રભુનાં ચરણનું ચિંતન કરતો ઠંડી અને ગરમી સહન કરતો કરતો ઘોર જંગલમાં ફરતો હતો. (૫૧). એકાંતે બેસીને એણે એવો વિચાર કર્યો કે આ દત્તપ્રભુ એ ખરેખર પૂર્ણ પરબ્રહ્મ જ છે. (૫૨). એ સર્વવ્યાપી અને સર્વજ્ઞ છે અને જેની જેવી ભાવના હોય તે પ્રમાણે એ ફળે છે એ વાતમાં શંકા નથી. (૫૩). એ દયાનો સાગર છે અને ભક્તોના અંત:કરણમાં વસે છે. એ હંમેશાં સચ્ચિદાનંદ સ્વરૂપ છે અને પૂર્ણ તથા સનાતન છે. (૫૪). એને ભૂલી જઇને પામર માણસો (વિષયોરૂપી) કાદવમાં રચ્યાપચ્યા રહે છે. હાથમાં આવેલું રત્ન ગુમાવીને પથ્થર ફોડે છે. (૫૫). હે મન ! માટે તું હવે નિશ્ચય કર અને બીજા વિચારો છોડીને, એને (દત્તપ્રભુને) શોધીને એનાં ચરણોમાં તું તન્મય થઇ જા. (૫૬).

આ રીતે રાજા યદુએ અંતરમાં દત્તપ્રભુનાં ચરણકમળનું ધ્યાન ધરીને આર્ત સ્વરે કહ્યું કે હે પ્રભુ ! તું દોડ ! તું દોડ ! (૫૭). હે દયાળુ દત્તપ્રભુ ! આ સંસારનો દાવાનળ ચારે બાજુએથી સળગી ઊઠ્યો છે. તું જ્ઞાનરૂપી અમૃતનો છંટકાવ કરીને ઠંડક કર. (૫૮). હે મારા બાપ ! તું દયા લાવીને હવે દોડ. મારો જન્મ અને મૃત્યુનો ભય દૂર કરી મને સાંત્વન આપ. આવી અનન્ય યાચના કરું છું. તું સ્મરણ કરતાંની સાથે હાજર થાય છે એમ કહેવાય છે. એટલે તું વાર લગાડે તો એ તને શોભતું નથી. આ રીતે જંગલમાં એક ઝાડની નીચે યદુ પોકાર કરે છે. (૫૯-૬૦). એનો ભાવ જોઇને નિરાકાર (અદશ્ય) હોવા છતાં પ્રભુ કાવેરી તટ પર પ્રગટ (દશ્ય) થયા- સાકાર થયા. (૬૧).

નદી કિનારે એક ઝાડની નીચે ભવ્ય દિગંબર મૂર્તિને એકાએક (પ્રગટ થયેલી) જોઇને યદુ દંગ થઇને જોઇ રહ્યો. (૬૨). આકાશમાં તેજ સમાતું નહોતું એવું પ્રફુલ્લિત મુખડું શોભી રહ્યું છે અને ધરતી પર નિશ્ચિંત થઇને સૂતેલા જોઇને આશ્ચર્ય થાય છે ! (૬૩). એ અવધૂતને કેવળ અભય જોઇને, આનંદથી પાસે જઇને રાજાઓમાં શ્રેષ્ઠ એવા યદુએ વંદન કર્યાં અને સાષ્ટાંગ પ્રણામ કરીને વિનયપૂર્વક પૂછ્યું કે અહીં આ ઘોર જંગલમાં આ રીતે એકલા સૂતેલા તમે કોણ છો? (૬૪-૬૫). આ કેવળ ઘોર જંગલ છે અને એમાં બીજું કોઇ દેખાતું નથી. તો તમારો યોગક્ષેમ (જીવનનિર્વાહ) કેમ કરીને ચાલે છે? કૃપા કરીને હે ધન્ય પુરુષ ! એ વાત મને કહો. (૬૬). અહીં તમારું રક્ષણ કેવી રીતે થાય છે? અને મનનું સમાધાન પણ કેવી રીતે થાય છે? તમારી વૃત્તિ સદાની પૂર્ણ રહે છે એ જોઇને નવાઇ થાય છે. (૬૭). આ જગતમાં તો જ્યાં જોઇએ ત્યાં જ્યાં ત્યાં બધે ઝઘડા જ હોય છે. કોઇ આયુષ્ય માટે તો કોઇ ધન માટે મથતા હોય છે. (૬૮). કેટલાયે લોકો કીર્તિ માટે વલખાં મારે છે અને કોઇ ધર્મ, અર્થ અને કામ માટે તો વળી કોઇ મોક્ષ માટે પ્રયત્નો કરતા હોય છે. (૬૯). કોઇને કોઇ વાતનો સંતોષ જ નથી અને તું તો આમ નિશ્ચલ થઇને સૂતો છે. કોઇ પણ જાતના કામ વગર

તારું મન કેવી રીતે શાંત રહે છે? (૭૦). કામ, ક્રોધ વગેરેની ચારે બાજુ આગ સળગી ઊઠી છે તો પણ હે બડભાગી ! તારાં અંગોને તો તે આગ દઝાડતી નથી એનું કારણ શું? (૭૧). તું બધે ઉદાસીન રહીને કેવળ અસંગ થઇને ફરે છે. તને જીવનની પણ ખેવના હોય એમ જણાતું નથી. (૭૨). સંપત્તિ મેળવવા માટે લોકો કેટલાનાં ખૂન કરે છે ! જ્યારે તું તો અકિંચન થઇને અહીં પડી રહ્યો છે છતાં સદા આનંદથી પૂર્ણ છે. (૭૩). તને યશ-અપયશની કોઇ ચિંતા નથી. તારી આવી વૃત્તિ જોઇને મારી તો બુદ્ધિ બહેર જ મારી ગઇ છે. (૭૪).

આ જગતમાં જે કોઇ અજ્ઞાની છે અથવા શક્તિ વિનાનો છે અથવા કામ કરવાની શક્તિ વિનાનો છે તે કર્મ કર્યા વગર પડી રહે છે. (૭૫). તારામાં તો શક્તિનો ઝરો છે અને તું સ્વયં કાર્ય કરવામાં નિપુણ છે. તું જ્ઞાનમૂર્તિ હોવા છતાં કર્મ કર્યા વગરનો કેમ પડી રહે છે? (૭૬). આ જોઇને મને મોહ થાય છે. આ એકાંત સ્થળે તું નિશ્ચિંત અને કેવળ નિર્ભય થઇને કેવી રીતે રહે છે?(૭૭). હું પામર (સંસારી) છું અને તું દેવ છે તેથી તું મને બધા પ્રશ્નોના જવાબ આપ. હે શર્વ ! તને સ્ત્રી, પુત્ર વગેરે વગર અહીં કેવી રીતે ગમે છે? (૭૮). તને મોહ અને શોક કેમ દુ:ખી કરતા નથી? તું એકલો હોવા છતાં હંમેશાં આનંદમાં (કિવી રીતે) રહે છે? (૭૯). અમે આ દુનિયામાં ધન, પત્ની (દારા), સુત વગેરે સાથે રહેવા છતાં દુ:ખમાં સડીએ છીએ જ્યારે તારું બધું અવળું કેમ છે? (આ બધા વિના તું આનંદમાં કેવી રીતે રહી શકે છે?) (૮૦). તારા અંતરમાં કોઇ જ ઇચ્છા નથી અને તું કર્મ વગરનો (નિષ્કર્મ) રહીને સુખનું ધામ બન્યો છે. તને આ રીતે જોઇને મારી તો અક્કલ પણ કામ કરતી નથી.㊴ (૮૧). હે કૃપાસાગર ! આપ કરુણા કરીને આ દાસને આનું રહસ્ય કહો. આવું બોલીને એણે ત્યાં પ્રણામ કર્યાં. (૮૨).

આટલા બધા પ્રશ્નો સાંભળીને અવધૂતે હસીને કહ્યું કે યયાતિપુત્ર સુપૂત એવા હે રાજા (યદુ) ! તું સાંભળ. (૮૩). મને તત્ત્વજ્ઞાન લાધ્યું હોવાથી હે સુજ્ઞ (યદુ) ! હું આમ આનંદથી પડી રહું છું અને કેવળ નિર્ભય થઇને રહું છું. (૮૪). ચોવીસ ગુરુ પાસેથી મેં પ્રયત્નપૂર્વક જે જ્ઞાન મેળવ્યું છે તેને લીધે મારી વૃત્તિ અખંડ અને સુસ્થિર (સુનિશ્ચલ) રહે છે. (૮૫). એના મનનથી આપોઆપ બ્રહ્મજ્ઞાન થાય છે અને નિદિધ્યાસનથી તેનો સાક્ષાત્કાર (અનુભવ) થાય છે. (૮૬).

હે રાજા ! ઇશ્વરે આ માનવ દેહ આ તત્ત્વનો વિચાર કરવા માટે જ આપ્યો છે, એ તું નિશ્ચયપૂર્વક (ખાતરીપૂર્વક) જાણ. (૮૭). માનવ સિવાયની અન્ય યોનિના દેહ આહાર અને વિહાર માટેના સ્થાન છે. એ દેહમાં ઇશ્વરના સાક્ષાત્કારની કોઇ શક્યતા નથી. એક માત્ર અહીં જ એ (ઇશ્વરપ્રાપ્તિ) સુલભ છે. (૮૮). માનવીનું શરીર એ જ્ઞાનનું એક માત્ર સાધન છે. માટે આવું (શરીરરૂપી) રત્ન પામી, એ જ્ઞાન મેળવવા માટે પ્રયત્ન કરવો જોઇએ. (૮૯). ખંતપૂર્વક શમ અને દમ સાધીને, પછી સદ્‌ગુરુને શરણે જઇને વેદાંતનું (ગુરુમુખેથી) સતત શ્રવણ કરવું જોઇએ. (૯૦). મનન વગેરે એ યુક્તિથી જ્ઞાન દઢ થતાં જન્મોજનમના કલેશો ટળે છે એમાં કોઇ શંકા નથી. (૯૧). જે બ્રહ્મથી આ ચિત્ત વગેરે બધા પ્રકાશે છે તે બ્રહ્મને જાણતાં જ માનવી મુક્તિ પામે છે. (મુક્ત થાય છે.) (૯૨). જેટલી વસ્તુ અનાત્મ છે તે બધી ત્યજવા યોગ્ય છે એ તું સમજી લે. એક આત્મા જ ગ્રહણ કરવા યોગ્ય છે અને એ એકમાત્ર બ્રહ્મ જ (આત્મા) છે. (૯૩). જે ત્યજવા યોગ્ય છે (અનાત્મ વસ્તુ) તેને મનથી ત્યજી, ગ્રહણ કરવા યોગ્યનું મનથી ગ્રહણ કરી એને સૂક્ષ્મ દષ્ટિથી શોધતાં તે જ્ઞાન પ્રાપ્ત થાય છે. (૯૪). આ સમગ્ર જગત સદ્‌ગુણ-દુર્ગુણના મિશ્રણવાળું છે. એ પૈકી દુર્ગુણો ત્યજીને સદ્‌ગુણમાં મનને શાંત કરતાં વ્યક્તિ મુક્ત થાય છે. (૯૫). દેહાધ્યાસ વધારીને જે વિષયના કાદવમાં ખેંચી જાય છે તે સાચે જ દુર્ગુણ છે. એમાં શંકાને સ્થાન નથી. (૯૬). વૈરાગ્યની વૃદ્ધિ કરે તેને જ હે સુજ્ઞ ! તું સદ્‌ગુણ જાણ. આ વાત ના જાણીને અજ્ઞાની મોહમાં પડે છે. (૯૭). સદાચારને છોડીને આ રીતે જે વિષયરૂપી કૂવામાં પડે છે તે પશુ સમાન છે. તેઓ ઘાસ નથી ખાતા

એટલો જ ફેર છે. (૯૮). હે રાજા ! (આવો માણસ ઘાસ નથી ખાતો) એ પશુઓનું સદ્‌નસીબ છે. એક દૃષ્ટિથી જોતાં એવો માનવી તો પશુથી પણ અધમાધમ છે. (૯૯). પશુઓ તો પેટ પૂરતું ખાઇને સંતોષ માને છે અને સ્વપ્નમાં પણ સંગ્રહ કરતાં નથી. (૧૦૦). આની સરખામણીમાં માણસ તો ભવિષ્યની ચિંતા કરીને સંગ્રહ કરવામાં જ મરી જાય છે. એ પોતે ખાય પણ નહિ અને બીજાને ખાવા દે પણ નહિ. (૧૦૧). આ શરીર કાળને આધીન છે (મૃત્યુ પામવાનું છે), છતાં એને મોહવશ અમર માનીને, (માનવી) સંગ્રહ કરવામાં જ રચ્યોપચ્યો રહે છે. (૧૦૨). પશુઓ ઋતુગામી છે (ઋતુકાળમાં જ વિષયસુખ ભોગવે છે-માદાનો સંગ કરે છે). જ્યારે માણસને તો આ બાબતમાં સંતોષ જ નથી (મર્યાદા જ નથી). પશુઓ ઓછી ઊંઘવાળાં હોય છે જ્યારે માણસ તો ઊંઘનો ભંડાર છે. (૧૦૩). શરીરનું પણ ભાન ભૂલીને માણસ ઊંઘે છે. માનવી કૃતઘ્ની છે જ્યારે સાચે જ પશુઓ આજ્ઞાનું પાલન કરનારા (કૃતજ્ઞી) છે. (૧૦૪). આ રીતે સરખામણી કરતાં મનુષ્ય (પશુ કરતાં પણ) હલકો (ઊતરતો) છે અને તેથી જ વેદ (શ્રુતિ) મૂઢને 'પશુનો પણ પશુ કહે છે.' (૧૦૫).

માણસની મૂર્ખાઇની શી વાત કરવી? થોડી જ કિંમતનાં ઘી-દૂધ જો ઢોળાઇ જાય તો એને નુકસાન માનીને દુ:ખથી એ જેટલો દુ:ખી થાય છે એટલું દુ:ખ તો એનું અમૂલ્ય આયુષ્ય નકામું ઝટપટ વહી જાય છે તો પણ એ મૂઢને થતું નથી.⑤ (૧૦૬-૧૦૭). એને આવા મોટા નુકસાનની તો કદી પણ ચિંતા જ થતી નથી. એને કાન હોવા છતાં એ વેદની ચેતવણી (ઘંટ) સાંભળતો નથી. (૧૦૮). જે વિષયોનો સ્વપ્નમાં પણ સંગ કરવો નહિ એવું વેદ પોકારીને કહે છે તે જ વિષયો તરફ એ લાલચુ કૂતરાની જેમ દોડીને ખુવાર થાય છે. આ જાણીને ડાહ્યા માણસે જાગૃત (સાવધ) થઇ જવું. (૧૦૯-૧૧૦). આ માનવદેહ મળ્યો છે તો ચિત્તમાં વિવેક રાખીને વિષયોનો ત્યાગ કરીને ઇશ્વરની પ્રાપ્તિ કરી લેવી જોઇએ. (૧૧૧). ચોવીસ ગુરુ પાસેથી આ તત્ત્વજ્ઞાન મેળવીને હું હંમેશાં નિર્ભય થઇને એકલો આત્મામાં રચ્યોપચ્યો (રત) રહું છું. (૧૧૨).

(૧) પૃથ્વી, (૨) વાયુ, (૩) આકાશ, (૪) પાણી, (૫) અગ્નિ, (૬) ચંદ્ર, (૭) સૂર્ય, (૮) કપોત, (૯) અજગર, (૧૦) સમુદ્ર, (૧૧) પતંગ, (૧૨) ભમરો, (૧૩) હાથી, (૧૪) હરણ, (૧૫) માછલું, (૧૬) મધમાખી, (૧૭) પિંગલા નામની વેશ્યા, (૧૮) બાળક, (૧૯) ટિટોડી, (૨૦) કુમારીનાં કંકણ, (૨૧) સાપ, (૨૨) બાણ બનાવનાર, (૨૩) કરોળિયો અને (૨૪) ભમરી મળીને કુલ ચોવીસ ગુરુ થાય છે. (૧૧૩-૧૧૪). આ દરેક પાસેથી થોડું થોડું જ્ઞાન એકઠું કરીને જ્ઞાનનો સાગર બનાવ્યો છે અને પછી હું તેમાં સ્નાન કરું છું. ( એ જ્ઞાનનો જીવનમાં ઉપયોગ કરું છું.) (૧૧૬). એ દ્વારા બધાં પાપો ધોઇ નાંખીને હું શાંત મનવાળો થયો છું અને તેથી હંમેશાં આનંદમાં અને નિર્ભયતાથી રહું છું. (૧૧૭). આ રીતે જ્ઞાનસાગરમાં સ્નાન કરીને હું જ્ઞાનમય થયો છું અને તેથી વસ્તીમાં કે વનમાં હું અગ્નિની જેમ રહું છું. (૧૧૮). હું મારા સ્વરૂપમાં આત્મરંગે રંગાઇને પડી રહું છું. મારામાં સુખ કે દુ:ખનું સ્કુરણ જણાતું નથી. (૧૧૯).

હું નિત્ય શુદ્ધ, સુબુધ અને યોગયુક્ત છું એમ તું જાણ. મેં બધાને માટે ત્યાગ કરી દીધો છે. તું મને નિત્ય મુક્ત માન. (૧૨૦). હે રાજા ! તું જ કહે કે અંતરની અંદર આત્મજ્ઞાનામૃતનાં ઝરણાં વહેતાં હોય પછી સંસારનો અગ્નિ ક્યાંથી રહે? (૧૨૧).

એક જ ગુરુને અનન્ય શ્રદ્ધાથી ભજતાં (સેવતાં) જો માનવી આત્મજ્ઞાન પામી શકતો હોય તો પછી એણે ચોવીસ ગુરુ શા માટે કરવા જોઇએ? (૧૨૨). જારિણીની જેમ અનેક ગુરુને શરણે જવાથી શું એ ભક્તિ વ્યાભિચારિણી ના કહેવાય? એવી કદાચ તને શંકા થાય પરંતુ હું જે કહું છું તે તું હે રાજા ! સાંભળ. મોક્ષની પ્રાપ્તિ માટે ખરેખર એક જ ગુરુને શરણે જવું જોઇએ. (૧૨૩-૧૨૪). ગુરુ જે ઉપદેશ કરે તેમાં શંકા થાય ત્યારે હે રાજા ! પોતાની બુદ્ધિથી અંતરમાં

વિવેકપૂર્ણ વિચાર કરવો. (૧૨૫). એવા સંજોગોમાં વેદાંતના આધારે તર્ક કરવો જેથી શંકા ટળી જાય અને સ્વાત્મનું ભાન થાય. (૧૨૬). જો આવા તર્ક કરવા પડે તો પછી દ્વૈતમાં તર્ક કરવા. હે રાજા ! અદ્વૈત એવા બ્રહ્મમાં તર્કને કોઇ અવકાશ નથી. (૧૨૭). માટે જે તે વસ્તુમાંથી આપણી બુદ્ધિ અનુસાર હે રાજા ! જ્ઞાનને દઢ કરવા ગુણ ગ્રહણ કરવા.(૬) (૧૨૮).

દ્વૈતમાંથી આવાં દષ્ટાંતો (ઉદાહરણ-દાખલા) શોધીને મનને સુસ્થિર કરવું. મેં ચોવીસ ગુરુમાંથી ગુણોનો સાર લઇને મનની બધી જ શંકાઓ નિર્મૂળ કરી છે અને સ્વ સ્વરૂપનો નિશ્ચય કરીને મનને શાંત કર્યું છે (હું શાંત થયો છું.) અને એને લીધે જ મને સચ્ચિદાનંદ સ્વરૂપ આત્માનો પૂર્ણ લાભ મળ્યો છે. આ જગત (દશ્ય)ને સ્વપ્ન માનીને હું બ્રહ્મરૂપ છું એવું સમજીને બ્રહ્મમાં જ આનંદ અનુભવું છું. (૧૨૯-૧૩૧). આવા વિશુદ્ધ બ્રહ્મજ્ઞાનને આપણી બુદ્ધિ એકાએક ગ્રહણ કરી શકે નહિ, માટે સાચી સમજ કેળવવા માટે અન્ય દષ્ટાંતો શોધીને તે તે પદાર્થમાં રહેલા ચોવીસ વસ્તુના ગુણોને ગુરુ સમાન માન્યા છે. (૧૩૨-૧૩૩). આવો પ્રયત્ન એ શોધક વૃત્તિ છે, વ્યભિચાર નથી. બધામાંથી સાર શોધવો એમાં જ ડહાપણ છે એમ તું માન. (૧૩૪).

આવાં વચન સાંભળીને, અવધૂતને પગે પડીને રાજાએ આનંદપૂર્વક ફરી પાછું પૂછ્યું તે રસભરી વાત આગળ ઉપર થશે જે હે નિરંજન ! સર્વ વેદાંતના સારરૂપ હશે. અલખ કહે કે તે જ્ઞાનનો રંગ પુણ્યના જોરે કાન પર પડે છે. (૧૩૫-૧૩૬).

શ્રી દત્તપ્રભુનાં ચરણકમળના ભ્રમર એવા બ્રહ્મચારી પાંડુરંગ (રંગ અવધૂત)મહારાજ દ્વારા રચિત શ્રીગુરુલીલામૃતનો અલખ અને નિરંજનના સંવાદરૂપે **'અવધૂત દર્શન'** નામનો **એકાવનમો** અધ્યાય સમાપ્ત થયો.

●

**પાદટીપ :**

**અધ્યાય : ૫૧**

(૧) દોહરા ૧૭ અને ૧૮ની વાતને સાચી માનીએ તો તો દંગ થઇ જ જવાય પણ કલ્પના માનીએ તો પણ આશ્ચર્યચકિત થઇ જવાય એમ છે, યુવાની અને ઘડપણની આ રીતે અદલાબદલી કરી શકાય એવી મંત્ર શક્તિ અને સંકલ્પ શક્તિનો એ જમાનો હતો. આજે યંત્ર શક્તિની બોલબાલા છે, ત્યારે મંત્ર શક્તિની હતી.

(૨) દોહરા ૨૮ થી ૩૬ વારે વારે વાંચવા જેવા છે. માનવ જેટલો વહેલો આ વાત સમજે તેટલો વહેલો એ સુખી થાય. ઇંદ્રિયોની પ્રબળતાને ધ્યાનમાં રાખીને અને જાતીયવૃત્તિના જોરને સ્વીકારીને કોઇ પણ સ્ત્રી સાથે એકાંતમાં એક જ આસન પર બેસવું નહિ. ઇંદ્રિય ઉપર વિજય મેળવ્યો હોય તેણે પણ આ બાબતમાં સાહસ કરવા જેવું નથી. આ બાબતમાં વૃત્તિ ચલાયમાન થઇ હોય એવાં અનેક દષ્ટાંતો છે. વિષયભોગ અને સ્ત્રીસંગની બાબતમાં ખૂબ સજાગ રહેવું જરૂરી છે.

(૩) જ્યારે ભગવાન કૃપા કરે ત્યારે વ્યક્તિ મુમુક્ષુપણું મેળવવા પ્રયત્ન કરે છે. આને માટે ભગવાન એના ઉપર કોઇ પણ રીતે સંકટ લાવે છે અથવા એને દુ:ખ થાય એવું કંઇ કરે છે. શરૂઆતમાં વ્યક્તિને એમ થાય કે મારા પર આવું દુ:ખ ક્યાંથી આવ્યું, પરંતુ પછીથી એનું સુંદર પરિણામ અનુભવે ત્યારે એ પ્રભુનો આભાર માને છે. આને જ ગીતા સાત્ત્વિક સુખ કહે છે.

યત્તદગ્રે વિષમિવ પરિણામેડમૃતોપમમ્ ।
તત્સુખં સાત્ત્વિકં પ્રોકતમાત્મ બુદ્ધિપ્રસાદજમ્ ॥
(ગીતા. અ. ૧૮ શ્લોક ૩૭)

જે શરૂઆતમાં ઝેર જેવું લાગે પણ પરિણામે અમૃત સમાન હોય છે તેવાં આત્મજ્ઞાનની પ્રસન્નતામાંથી ઊપજેલાં સુખને સાત્વિક (સુખ) કહેલું છે.

(૪) ૬૩ થી ૮૧ સુધીના દોહરાનું વારંવાર પઠન થવું જોઇએ. આ જ પ્રકારના વિચારો અધ્યાય-૯માં દોહરા ૯ થી ૧૬માં રજૂ થયા છે. એના પ્રત્યુત્તરરૂપે ભગવાન દત્તાત્રેયે આ ૫૧મા અધ્યાયમાં ૮૪ થી ૧૧૧ દોહરામાં જે કહ્યું છે તેવું જ અધ્યાય-૯માં દોહરા ૧૯ થી ૩૮માં કહ્યું છે. ટૂંકમાં વિષયભોગમાંથી મનને હટાવીને સ્વસ્વરૂપના ચિંતનમાં સ્થિર કરવાનું છે. હંમેશ માટે પ્રસન્ન રહેવાનો આ જ કીમિયો છે. આત્મા-અનાત્માનો વિવેક, વૈરાગ્ય, ષટ્સંપત્તિ સાધ્યા પછી મુમુક્ષા જગાડવાની છે. આને માટે આત્મકૃપા, ગુરુકૃપા અને ઇશ્વર કૃપા એમ ત્રણે કૃપા જરૂરી છે.

(૫) માણસની મૂઢતા અને મૂર્ખતાને સમજાવતું સરસ ઉદાહરણ છે. થોડાં ઘી-દૂધ ઢોળાઇ જતાં માણસ જેટલું દુ:ખ અનુભવે છે, જેટલો કકળાટ અને ઉકળાટ કરે છે તેટલો જીવનનાં પચાસ કે સાઠ વર્ષો ઢળી જતાં- નિરર્થક વહી જવા છતાં કરતો નથી. શાશ્વતને સાચવીને નાશવંતને જતું કરવાનો વિવેક ન જાગવાથી મનુષ્ય જીવન વેડફી નાખે છે. સાપ દેડકાના અડધા શરીરને ગળી ગયો હોય ત્યારે બહાર રહેલા મોંથી દેડકો માખી ખાવાનો પ્રયત્ન ના કરે અને સાપના મોંમાંથી બહાર છટકવાનો પ્રયત્ન ના કરે ત્યારે દેડકો જેટલો મૂરખ દેખાય તેટલો જ મૂરખ માનવી ૬૦-૬૫ વર્ષની ઉંમરે કાળરૂપી સર્પની ચિંતા છોડીને સાંસારિક સુખરૂપી માખી ખાવાનો પ્રયત્ન કરતો દેખાય ત્યારે લાગે. સંતોનો અને સદ્ગ્રંથોનો સંગ માનવીને સાચા રસ્તે લઇ જાય છે.

(૬) શ્રવણ, મનન અને નિદિધ્યાસન દ્વારા જ્ઞાનની પ્રાપ્તિ થાય પછી પણ શરૂઆતમાં જ્ઞાન અદૃઢ હોય છે તેને સાધના દ્વારા સુદૃઢ કરવાનું હોય છે. એ ખૂબ મહત્ત્વનું છે.

●

## અધ્યાય : પર

આ અધ્યાયનું નામ '**અવધૂત યદુ સંવાદ**' છે. આ અધ્યાયમાં **૧૩૮** દોહરા છે.

આ અધ્યાયમાં ચોવીસ ગુરુ પૈકીના પહેલા ત્રણ ગુરુની ચર્ચા આવે છે. ચોવીસ ગુરુ પૈકી પંચભૂતો એ પહેલા પાંચ ગુરુ છે. આ પાંચ ભૂતો પૈકી પૃથ્વી, વાયુ અને આકાશની ચર્ચા આ અધ્યાયમાં કરી છે.

પૃથ્વી પાસેથી સહનશીલતા શીખવાની છે. કોઇને પણ દોષ આપ્યા વિના, જે કાંઇ થાય તે સહી લેવું એવું પૃથ્વી શીખવે છે. ઝાડ અને પર્વત પૃથ્વી સાથે જ સંકળાયેલાં છે, એને ઉપગુરુ ગણીને એની પાસેથી અભિમાનનો ત્યાગ, પરોપકારીપણું અને વિદ્યાદાન તેમજ મધુરવાણીનો ગુણ શીખવાનો મળે છે.

વાયુ પાસેથી નિર્લેપતા શીખવાની છે. વાયુના જેવી વિરક્તિ સાધકે કેળવવાની છે. શરીર ટકાવવા પૂરતું જ ગમે તેવું (પચે તેવું- સ્વાદની પરવા કર્યા વિના) અન્ન ખાઇ લેવું. જીભ જીતી તેણે જગત જીત્યું એ યાદ રાખવું.

આકાશ પાસેથી આત્મા નિર્વિકાર, નિશ્ચલ, એક અને અખંડ છે તે શીખવાનું છે.

આવા ગુણો સાધકને મુક્તિ મેળવવા માટે ખૂબ જરૂરી છે.

યદુએ વંદન કરીને પૂછ્યું કે હે દેવ ! આપે જ્યાંથી જે જે ગુણ લીધા હોય તે બધું મને જલદીથી કહો. જેથી એ ઉપદેશ (બોધ)થી હું પણ કૃતકૃત્ય થાઉં. આ વચનો સાંભળીને અવધૂત હસીને બોલ્યા કે હે રાજા ! હું તને કહું તે તું સાવધાન થઇને સાંભળ. આ અદ્વૈત જ્ઞાનનું અમૃત પીતાં ચોક્કસ મુક્તિ થાય છે. (૧-૩).

જેમ ઉપર જવા માટે સીડીની જરૂર હોય છે તેમ મુમુક્ષને મુક્તિ પામવા માટે સહનશીલતાની જરૂર હોય છે. (૪). આ વાત હું ભૂમિ પાસેથી શીખ્યો. પૃથ્વી પોતાના પ્રારબ્ધનો (પૂર્વકર્મનો) અંતરમાં સારી રીતે વિચાર કરીને વર્તે છે. (૫). પ્રાણીમાત્ર પૃથ્વી ઉપર મળ-મૂત્ર વગેરે કરે છે અને થૂંકે છે તો પણ એ ક્રોધ કરતી નથી. (પણ સહન કરી લે છે.) (૬). આવું બધું પ્રારબ્ધવશ બને છે તેથી હું કોનો વાંક કાઢું? આવું અંતરમાં વિચારીને એ સંતોષ રાખીને રહે છે. (૭). ખુદ ભગવાને મારા ઉપર આ બધાં પ્રાણીઓ રાખ્યાં છે અને એમને બીજો કોઇ આધાર નથી. પછી એ બીજે ક્યાં જાય? (૮). ખરેખર ! આ બધાં પ્રાણીનું હું જ જીવન છું. તેથી તો ખોદીને, ખેડીને અનાજ પકવે છે. (૯). કોઇ (જમીન પર કોઇ વસ્તુ) બાળે કે વાવ તળાવ ખોદે કે ફળ-ફૂલ તોડે તો પણ હું તેમને કેવી રીતે અટકાવું? (૧૦).

પોતાનું કામ કરવા એ ચાલે છે ત્યારે 'તમે મને પગથી છૂંદો છો' એમ હું કહું તો એ ક્યાં જાય? (એ શું કરે?) એટલે હું બધું જ સહન કરી લઉં છું. (૧૧). માતા બાળકને ખોળામાં લઇને દૂધ પાતી હોય ત્યારે એ જો લાતો મારે તો પણ માતા એને સામું મારતી નથી. (પણ સહન કરી લે છે.) (૧૨). એટલું જ નહિ પણ બાળક માના શરીર પર મળ-મૂત્રનો ત્યાગ કરે તો પણ મા એને મારતી નથી, ગાળ નથી દેતી કે નથી એનો તિરસ્કાર કરતી. (૧૩). હું પૃથ્વી બધાંની માતા છું. પ્રાણીમાત્ર અહીં સ્વચ્છંદે રમે છે. તો મારાથી મનમાં કેમ અવળો વિચાર થાય?① (૧૪). આવું વિચારીને પૃથ્વી અંતરમાં સ્વચ્છ રહે છે. પૃથ્વીનું આ જોઇને હું એની પાસેથી સહનશીલતા શીખ્યો. (૧૫).

આ જ રીતે મુમુક્ષુએ પણ ધ્યેયમાં દૃષ્ટિ રાખીને, મનમાં હંમેશાં ક્ષમાનો ગુણ રાખીને (કોઇ દિવસ) ક્રોધ કરવો નહિ. (૧૬). બધાં શાસ્ત્રો એવું કહે છે કે મુમુક્ષુએ ધર્મનું રક્ષણ કરીને (ધર્મનું આચરણ કરીને), અંતરમાં ધીરજ

ધરીને, માન તથા અપમાન સહી લેવાં. (૧૭). કોઇ કડવા શબ્દો કહે અથવા આંખો કાઢે (ગુસ્સો કરે), કદાચ અપમાન કરીને મારે અથવા ખરાબ શબ્દો (અપશબ્દો) બોલે, અથવા દ્વેષથી શરીર પર થૂંકે, અથવા પથ્થર મારે, અથવા લાતથી કે લાકડીથી મારે અથવા ધન હરી લે તો પણ મુમુક્ષુએ પ્રારબ્ધનો વિચાર કરીને સ્વપ્નમાં પણ ચિત્તમાં વિષાદ લાવવો નહીં. (૧૮-૨૦).

સ્વેચ્છા પ્રારબ્ધ, પરેચ્છા પ્રારબ્ધ અને અનિચ્છા પ્રારબ્ધ એમ ત્રણ પ્રકારનાં પ્રારબ્ધ છે. (૨૧). વૈદે ઔષધ (દવા) આપીને જે પરેજી પાળવાની કહી હોય એ પરેજી જાણી બૂઝીને ના પાળવાથી પરિણામે જે દુ:ખ વધે તે સ્વેચ્છા પ્રારબ્ધ કહેવાય. આ પ્રથમ પ્રકારનું પ્રારબ્ધ છે. બીજું પરેચ્છા પ્રારબ્ધ છે, જેમાં અન્યથી દુ:ખ થાય છે. (૨૨-૨૩). પોતાના પેટને અનુકૂળ ના હોવા છતાં બીજા એને ઉત્તમ વસ્તુ ગણીને દુરાગ્રહથી (બળજબરીથી) ખવડાવે અથવા બીજાના અતિથિ થતાં, વિવિધ પ્રકારના ભોગો આવી મળતાં જે દુ:ખ, શોક કે રોગ થાય એ અન્યેચ્છા (પરેચ્છા) પ્રારબ્ધ કહેવાય. હવે તને અનિચ્છા પ્રારબ્ધ કહું. કોઇનું સારું કરવા જતાં નસીબજોગે કોઇનું બૂરૂં થાય અને તેનાથી હૃદયમાં જે શોક વગેરે થાય તે અનિચ્છા પ્રારબ્ધ કહેવાય. સાધકે સ્વેચ્છા અને પરેચ્છા પ્રારબ્ધ છોડીને અનિચ્છા પ્રારબ્ધ સહી લેવું. (૨૪-૨૭).

આ દેહ (શરીર)ને નશ્વર (નાશવંત) જાણીને એને પ્રારબ્ધને આધીન રાખીને, પોતે સાક્ષી ભાવે અલિપ્ત થઇને રહેવું.② (૨૮). પછી એને સુખ દુ:ખ અસર કરતાં નથી. એની વૃત્તિ સદા સર્વદા આનંદમાં રહે છે. (૨૯). કોઇ શરીરમાં કાંટો ઘોંચે તો ક્રોધ ના કરવો અને ચંદન-પુષ્પથી પૂજે તો હરખ ના કરવો. (૩૦). કોઇ સજ્જન (સાધુ) કહે અથવા કોઇ દુષ્ટ (નાલાયક) કહે તો પણ ભલે અને કોઇ મૂરખ કહે અથવા તો કોઇ જ્ઞાની કહે તો પણ ભલે એવી ક્ષમાદૃષ્ટિ રાખવી. (૩૧). ખરેખર જે વસ્તુ વિવિધ પ્રકારના પ્રયત્નો કરવા છતાં દુર્લભ જણાતી હોય છે તે જ વસ્તુ ક્ષમાભાવના કેળવવાથી સુલભ બને છે એ વાતમાં શંકા રાખીશ નહિ. (૩૨). જેના હૃદયમાં ક્ષમાની ભાવના છે તેનો દુનિયામાં કોઇ દુશ્મન હોતો નથી (તે અજાતશત્રુ બને છે). માણસ ક્રોધને કારણે માર ખાય છે.③ (૩૩). ક્રોધ અંધકાર સમાન છે. તે ચોક્કસ પતન કરાવે છે. ક્ષમા સૂર્ય સમાન છે જે અંતે તારે છે. (૩૪).

હે રાજા ! વૃક્ષ (ઝાડ)ને મેં ઉપગુરુ માનીને અને દરેક પ્રકારનાં અભિમાન ત્યજીને મેં જે બોધ લીધો તે તું સાંભળ. (૩૫). આ વૃક્ષો આપણને મૂગાં મૂગાં જાણે એમ ન કહેતાં હોય કે (હે ભાઇ !), આ માનવદેહ ધરીને પરોપકાર કરજે. (૩૬). તમોગુણને વશ થઇને સ્ત્રી કે પુરુષ અસત્ય (ખરાબ) કર્મો આચરે છે તે (બીજે જન્મે) વૃક્ષ થાય છે. (૩૭). હે રાજા ! પોતાના એ અભિમાનનું ભયંકર ફળ આ જન્મે ઊભા રહીને ભોગવતા હોય એવું નથી લાગતું? (૩૮). પોતે (વૃક્ષો) પરાધીન હોવા છતાં પણ આનંદપૂર્વક પરોપકાર કરીને એમના પૂર્વ જન્મનાં બધાં પાપો ધોઇ નાંખે છે. (૩૯). આ વૃક્ષો પશુ પંખીને આશરો આપીને અને મુસાફરને છાંયડો આપીને એમના મનને શાંતિ આપે છે. (૪૦). પોતે નિરાશ્રયી હોવા છતાં ઠંડી, ગરમી અને વરસાદ સહન કરીને, પોતાને આશ્રયે આવનારનું મરતાં સુધી રક્ષણ કરે છે. (૪૧). પાંદડાં, ફૂલ, ફળ વગેરે આપીને જીવોને પોષે તેમ છતાં નિર્દય માણસો એને તોડી નાંખે છે. (૪૨). કોઇ એની ડાળી તોડી નાંખે છે તો કોઇ ફૂલ અને ફળ તોડે છે. વળી કોઇ તો એને મૂળમાંથી ઉખાડીને એને ભયંકર કષ્ટ આપે છે. (૪૩). કોઇ વળી દૂધ વગેરે લેવા માટે શસ્ત્રથી છૂંદે છે અને કોઇ છાલને કાપીને અધવચથી કાપે છે. (૪૪). એને છોલીને, વહેરીને અને ઘરમાં રાંધવા માટે બળતણ તરીકે એનો ઉપયોગ કરે છે. (૪૫). ઠંડીના દિવસોમાં તાપણું બનીને એ બધાની ઠંડી દૂર કરે છે અને માનવી મરી જતાં શબને બાળીને અંત સુધી માનવીની સેવા કરે છે. (૪૬). એની રાખ થઇ જતાં પણ માણસ એને છોડતો નથી. એને ખેતરમાં નાખીને ઉત્તમ પાક (ફળ) મેળવે છે. (૪૭). આમ છતાં વૃક્ષને એનું

દુ:ખ નથી અને એ રીતે એ આત્મકલ્યાણ (પરાર્થ) સાધે છે. જીવતાં જીવતાં અને મરી ગયા પછી પણ આ રીતે ઉપયોગી થનાર વૃક્ષને ધન્ય છે. ખરેખર વૃક્ષ એ શ્રેષ્ઠ સાધુ છે. (૪૮).

આ જ રીતે મુમુક્ષુએ બધાં દુ:ખો સહન કરીને પરોપકારાર્થે આ દેહ ઘસી નાંખવો. (૪૯). ઝાડ જેમ બધું સહન કરીને મુસાફરને વિશ્રાંતિ આપે છે તેમ ગૃહસ્થે અતિથિને આશરો આપવો અને શક્તિ પ્રમાણે પ્રેમપૂર્વક અન્ન વગેરેથી બારણે આવેલા અતિથિને સારી રીતે તૃપ્ત કરવો. (૫૦-૫૧). એને આનંદથી આશ્વાસન આપી અને એનું યોગ્ય સન્માન કરી વટેમાર્ગુ (પ્રવાસી)ની નિશ્ચિતરૂપથી ભૂખ-તરસ શાંત કરવી. (૫૨). ભગવાન કરે ને પ્રારબ્ધવશ સંપત્તિ મળે તો અભિમાની થવું નહિ. જેમ ફળ અને ફૂલ આવવાથી ઝાડ વધુ નમે છે તેમ સંપત્તિ આવતાં (સાધકે) વધુ નમ્ર બનીને, પરોપકાર માટે વધુ મદદરૂપ બનવું. (૫૩-૫૪).

ખરેખર સંપત્તિનો (પૈસાનો) મદ કેવળ દુર્ધર છે (ભયંકર છે). એ જાત જાતના ફંદામાં ફસાવીને આખરે રડાવે છે.(૪) (૫૫). સંપત્તિ મળે ત્યારે હંમેશાં નમ્ર બનીને જીવવું એવું જ્ઞાન હું ઝાડ પાસેથી શીખ્યો. ઝાડની નાની કુમળી કૂંપળની કુમાશ જોઇને પથ્થર પણ એને રસ્તો કરી આપે છે. (પોતાનામાં દાખલ થવા દે છે.) (૫૬-૫૭). પછી આ કૂંપળ ધીમે ધીમે દીવાલો તોડીને કોટ અને કિલ્લામાં વિસ્તરે છે છતાં કોઇ એને રોકતું નથી. (૫૮). આ રીતે વિસ્તાર પામીને ત્યાં સુંદર વૃક્ષ થાય છે એ જ રીતે સાધકે પણ અંતરમાં નમ્રતા રાખીને અને કપટ વગર સરળતાથી દુનિયામાં બધે વર્તન કરવું (જીવવું). જેથી સમગ્ર બ્રહ્માંડમાં એનો કોઇ શત્રુ હોતો નથી. (૫૯-૬૦). પછી એ તપસ્વીને બધા જ પૂજે છે અને એ ખરેખર બ્રહ્મવેત્તા બની બધાને તારે છે.(૫) (૬૧). વૃક્ષની મૂળીથી મેં આ ઉપદેશ (બોધ) ગ્રહણ કર્યો. પર્વતમાંથી બુદ્ધિપૂર્વક શોધ કરીને હું જે શીખ્યો તે તું સાંભળ. (૬૨). પૃથ્વી પેટમાં પર્વત ધન, રત્નો વગેરે સંગ્રહી રાખે છે તેથી એ દ્વારા અગણિત ઉપકારો થાય છે. એ જ રીતે માણસે પણ પ્રયત્નપૂર્વક વિદ્યારૂપી મહાન રત્ન મેળવીને પછી પરોપકાર કરવાના હેતુથી અધિકારી (વ્યક્તિ)ને એ વિદ્યાદાન આપવું. (૬૩-૬૪). ઉનાળામાં પર્વતો ઠંડા પાણીના ઝરણાથી ગરમીથી અકળાયેલા માનવને ઠંડક આપે છે તેમ હે રાજા ! મુમુક્ષુએ પણ મીઠી વાણીથી સંસારના ત્રિતાપથી તપેલાને શાંતિ આપવી.(૬) (૬૫-૬૬).

જેમ પર્વત પોતાના શરીરમાં વિવિધ ગુફાઓ રાખે છે જેથી યોગીજનો ત્યાં આવીને આશ્રય લે છે તેમ માણસે સંતને આશ્રય આપવો. ખરેખર સંતની સંગતથી કલ્યાણ જ થાય છે. (૬૭-૬૮). જેમ સાધુ સંતો કંદમૂળ વગેરે જોઇને પર્વત તરફ આકર્ષાય છે તેમ અંતરમાં સદ્‌ગુણો રાખીને એ રીતે હંમેશાં જીવતાં, સંતો સામેથી શોધતા આવે છે જેને પરિણામે મહાન લાભ થાય છે. (૬૯-૭૦). આ અસાર સંસારમાં એ જ એકમાત્ર સાર છે. જો સંતનો સંગ થાય તો જ જન્મમરણનો ફેરો ટળે (ટળે યમ દ્વાર). (૭૧). હે યયાતિસુત ! આ રીતે ઉપગુરુ પર્વત પાસેથી મેં બુદ્ધિથી શોધીને આવો સુબોધ અંતરમાં ગ્રહણ કર્યો. (૭૨). કેવળ જ્ઞાન પ્રાપ્તિના હેતુથી જ વૃક્ષ અને પર્વતને મેં પૃથ્વીથી જુદા ગણ્યા છે. મૂગાં મોઢે એ બધા ક્ષમાનો બોધ કરે છે જેનાથી ખેદ ટળે છે. (૭૩).

બીજો ગુરુ વાયુ છે. વાયુ જેમ બધે વ્યાપેલો હોવા છતાં બધી રીતે નિર્લેપ રહે છે તેમ મુમુક્ષુએ જીવવું (વર્તવું). (૭૪). વાયુ અંતરથી તદ્દન વિરક્ત હોય છે તે રીતે વર્તતાં (મુમુક્ષુ) પણ (વિષયોમાં) લપટાતો નથી (આસક્ત થતો નથી). (૭૫). વૈરાગ્ય વગરના ક્ષમા અને તિતિક્ષા નકામાં છે. ભોગ ભોગવવાથી યોગનો ભંગ થાય છે અને મુમુક્ષુનું પતન થાય છે. (૭૬). હે શ્રેષ્ઠ કુળના રાજવી ! બ્રહ્માનંદના સ્વાદ વગરના બીજા કોઇ સ્વાદની એને ઇચ્છા નથી. સારું (મિષ્ટ) કે નરસું (અમિષ્ટ) કશામાં આસક્ત થવું નહિ. (૭૭). જેનાથી પ્રાણ સારી રીતે ટકી રહે તેટલું અન્ન ખાવું એવો બોધ હું પ્રાણવાયુ પાસેથી શીખ્યો એ જાણીને તું પ્રસન્ન (રાજી) થા. (૭૮). અન્ન વગર (જી ખાવાથી) શરીર અને ઇંદ્રિયો

શિથિલ થાય છે અને આહારથી એને સંતાષ થાય છે. એમાં સ્વાદનું કાંઇ મહત્ત્વ નથી. (૭૯). પ્રાણને રસ અને સ્વાદની અપેક્ષા નથી. જો કાંઇ રાંધેલું અન્ન મળી જાય તો એનાથી એને સંતોષ થાય છે.[૭] (૮૦). આ ગળ્યું (સારું) છે અને આ હલકું (ખરાબ) છે અને આ રસ વગરનું છે એવી અન્ન પ્રત્યેની રૂચિ અને લાલસા પ્રાણ કરતો નથી. (૮૧).

એટલે પ્રારબ્ધવશાત્ જેવું અને જેટલું અન્ન મળે, તેવું અને તેટલું ખાઇને સદા પ્રસન્ન રહેવું. (૮૨). ધ્યેયમાં દષ્ટિ રાખીને, માપસરના આહારથી, અન્નરસ ઉપર વિજય મેળવીને અખંડ સાધના કરવી. (૮૩). વળી ખાવાની ખટપટથી ડરી જઇને મુમુક્ષુએ કોઇ દિવસ હઠે ચઢીને આહારનો ત્યાગ કરવો નહિ. કારણ કે હે ધીર પુરુષ ! અન્નનો ત્યાગ કરવાથી દેહમાં શિથિલતા આવી જાય છે, ચિત્ત સ્થિર રહેતું નથી, વાણીમાં વિકાર થાય છે.[૮] આને કારણે સાધનામાં ભંગ પડે છે અને જ્ઞાનનો તરત જ નાશ થાય છે. આવી વ્યક્તિને કોઇ દિવસ ઇશ્વર પ્રાપ્તિ થવાની ખાસ શક્યતા નથી. (૮૪-૮૬). પથારીમાં એશ આરામ મળે એ રીતે સૂઇ રહેવાથી મુક્તિ મળતી નથી. જ્યારે પણ સાધક લોહીનું પાણી કરે છે (અથાગ તપશ્ચર્યા કરે છે) ત્યારે મુક્તિ મળે છે. (૮૭). જે લોઢાના ચણા ચાવી શકે તે જ આવાં દુ:ખો સહન કર્યા પછી મુક્તિને પામી શકે, આળસુ એવા ખર (ગધેડા)ને મુક્તિ મળતી નથી. (૮૮). જેના હૈયે મુક્તિની ઇચ્છા હોય તેણે યોગ્ય આહાર વિહાર રાખીને સારી રીતે પ્રયત્ન કરવો. (૮૯). એણે હંમેશ માટે સ્વાદ અને અતિ પ્રમાણમાં આહાર છોડી દેવો જોઇએ. નહિતર ચિત્ત શાંત થતું નથી અને પરિણામે ધ્યાન પણ કરાતું નથી. (૯૦).

સ્વાદિષ્ટ અન્નથી અને અતિ આહારથી ચિત્ત બધી રીતે વિક્ષિપ્ત થાય છે અને શરીરમાં આળસ આવે છે. (૯૧). આ અડિયલ (જીદ્દી) જીભને વિવિધ પ્રકારના સ્વાદ (રસ)ના ચટાકા (ઇચ્છા) હોય છે. એને લાડ લડાવવા જતાં મુમુક્ષુ ધ્યેય ચૂકી જાય છે. (૯૨). રસનાના સ્વાદને સંતોષતાં ઇંદ્રિયો સાચે જ બહેકી જાય છે. આ જીભની લોલુપતામાં ભલ ભલા ભરમાઇ ચૂક્યા છે. (૯૩). જેણે જીભ (રસ) ઉપર વિજય મેળવ્યો તેણે બધે વિજય મેળવ્યો એમ માનવું. એ પછી જ્ઞાની હોય કે અજ્ઞાની પરંતુ એને સ્વયં ઇશ્વર જ જાણવો.[૯] (૯૪).

આવો વિષયત્યાગ એકદમ શક્ય નથી. વૈરાગ્ય દૃઢ થતાં ધીમે ધીમે એ (વિષયત્યાગ) કરવો જોઇએ. (૯૫). મનમાં ઇચ્છા ના હોય તો પણ પ્રારબ્ધવશ ભોગો આવીને મળે છતાં પણ તેમાં એમાં આસકત થવું નહિ. (૯૬). આ અનાસક્તિનો ગુણ હું વાયુ પાસેથી શીખ્યો. ભોગ મળે કે ના મળે એમાં આસકત થવું નહિ. (૯૭). પ્રારબ્ધવશાત્ ઠંડા કે ગરમ પ્રદેશ પરથી પવન વાતો હોય તો પણ એ કદી એના ગુણ દોષને સ્પર્શતો નથી. (૯૮). આ જ રીતે મુમુક્ષુએ પણ બધે અલિપ્ત રહીને, બધાના ગુણ-દોષો જોયા વિના અસંગ વૃત્તિથી ફરવું. (૯૯). વેદોક્ત માર્ગે હંમેશાં વર્તીને જે માણસ અનાસક્તભાવે પવનની જેમ નિર્દોષની માફક રહે છે તે ક્યાંય પણ બંધાતો નથી. (૧૦૦). પવન (વાયુ) ગંધ વગેરેનો આશ્રય કરે છે છતાં પણ તે બધી રીતે અલિપ્ત રહે છે. તે જ રીતે મુમુક્ષુએ પણ આ બધું ક્ષણભંગુર છે એવું જાણીને કેવળ સાક્ષી ભાવે પોતે દેહમાં દેહથી જુદો છે એમ માનીને રહેવું જોઇએ. (૧૦૧-૧૦૨). દૃઢજ્ઞાનપૂર્વક કદી પણ દેહાભિમાન થવા દેવું જોઇએ નહિ અને સદા તટસ્થભાવે રહેવું. (૧૦૩). કારણ વગર કોઇ દિવસ કોઇ કાર્ય બનતું નથી. પ્રમાદ એ જ વિકલ્પનું કારણ છે એ તું જાણ. (૧૦૪). માટે હરેક પ્રકારનો પ્રયત્ન કરીને એનો (પ્રમાદનો) ત્યાગ કરીને અંતરમાં પોતાના સ્વરૂપના અનુસંધાનનો તાર અખંડ રાખે છે. (૧૦૫). આ રીતે (સ્વ સ્વરૂપનું) અનુસંધાન વધતાં વધતાં વૃત્તિનો તાર તૂટતો નથી. પરિણામરૂપ ભ્રાંતિનો નાશ થાય છે અને બધું જ બ્રહ્માકાર દીસે છે. (૧૦૬). આ રીતે અંદર અને બહારની રસાસક્તિ છોડવાનું હું વાયુ પાસેથી શીખીને હું સદા નિર્લેપ ભાવે રહું છું. (૧૦૭).

આ એક અને અખંડ તેમજ નિર્વિકાર અને નિશ્ચલ (સ્થિર) આત્મા જડ ચેતનમાં બધે હંમેશાં વ્યાપી રહ્યો છે એ હું આકાશ પાસેથી શીખ્યો છું. (૧૦૮). જેમ નાના ઘડામાં અને મોટા મઠમાં તેમજ એની બહાર પણ બધે આ

૧૩

આકાશ વ્યાપીને રહ્યું છે. એના વગર કોઇ ઠામ (જગા) ખાલી નથી. (૧૦૯-૧૧૦). ઉપાધિના યોગથી એ વિવિધ ગુણોવાળો જણાય છે. છતાં એ એક જ છે એમ યોગ્ય દષ્ટિ ધરાવનારને જણાય છે. (૧૧૧). સચ્ચિદાનંદ સ્વરૂપ એ આત્મા સાક્ષીભૂત છે, નિ:સંગી છે અને બધે વ્યાપેલો છે. એ જડ પણ નથી અને દુ:ખી પણ નથી. (૧૧૨). આમ છતાં અજ્ઞાનતાને લીધે એ (આત્મા) એવો જણાતો નથી. માટે વિવિધ પ્રકારની યુક્તિથી એના સાચા સ્વરૂપનો નિર્ણય કરવો. (૧૧૩).

આ જુદાં જુદાં જે અનેક શરીર દેખાય છે તેનાં ત્રણ કારણ છે. હે રાજા ! કાળ, કર્મ અને ગુણ એ ખરેખર ત્રણ કારણ છે તે તું જાણ. (૧૧૪). આ ત્રણેનો જ્યાં સુધી એક સંબંધ હોય છે ત્યાં સુધી ઉપાધિભેદે આ ભેદ જણાય છે. (૧૧૫). જેમ નદીમાં આવેલું પૂર સતત વહ્યા કરે છે, તે જોઇને જેને એના ઉદ્‌ભવસ્થાનની જાણ નથી તેને આશ્ચર્ય થાય છે. એ જ રીતે આ (સનાતન) સંસારના પ્રવાહને જે જાણતો નથી તે જન્મમૃત્યુના ચક્રમાં સતત અટવાયા જ કરે છે. (૧૧૬-૧૧૭). આ કાળ જ ગુણની અંદર ખળભળાટ ઊભો કરે છે (જગાવે છે) અને કર્મને જ તું જન્મનું નિશ્ચિત નિમિત્ત (કારણ) જાણ. (૧૧૮). સત્ત્વ, રજસ અને તમસ્ એ ત્રણ ગુણના પ્રકારો છે અને એ જ આ જગતની ઉત્પત્તિનું પરમ ઉપાદાન કારણ છે. (૧૧૯). ખરેખર ! આમાં ઈશ્વર જ સત્તાત્મક (અધ્યક્ષ) છે અને એના આશ્રયે રહેલી માયા તો આદિમાં કે અંતમાં જણાતી નથી. પરંતુ વચમાં મિથ્યારૂપ ભાસે છે. (૧૨૦). એ જ રીતે આ બધાં શરીરો કાલ, કર્મ અને ગુણને વશ છે અને વચમાં એનો મિથ્યાભાસ થાય છે માટે એ બધા નશ્વર છે. (૧૨૧). કાળ, કર્મ અને ગુણ એમ ત્રણે છૂટાં પડી જતાં એકાએક આ દેહનું ચોક્કસ મૃત્યુ થાય છે. (૧૨૨). બધા દેહોનું મૃત્યુ થવા છતાં આત્મા મરતો નથી. એને કોઇ મારી શકતું નથી અને એ કોઇને મારતો નથી.(૧૦) (૧૨૩). આકાશની જેમ આ આત્મા પણ બધે વ્યાપક છે અને નિર્વિકારી છે. જેને આ જ્ઞાન થાય છે તેને કોઇ પર દ્વેષ પણ નથી કે કોઇ પર પ્રેમ નથી. (૧૨૪). જેમ આકાશમાં મેલ (ગંદકી)નો ભાસ થાય છે તેમ એક, પૂર્ણ અને સર્વવ્યાપક એવા આત્મામાં આ દેહ વગેરે જે દેખાય છે તે મિથ્યા છે. પછી એને ક્યાંથી જન્મમરણ હોય? (૧૨૫).

આ શરીર માત્ર જેટલાં જણાય છે તે બધાં અગ્નિ, અન્ન અને જળના વિકાર જ છે. એમાં કોઇ પ્રકારનો સંશય નથી. (૧૨૬). આકાશમાં જેમ પવનના વેગથી વાદળાં ફરે છે તેમ આત્મામાં આ દેહ માત્ર કલ્પનાથી જ જણાય છે. (૧૨૭). આકાશને વાદળાં (મેઘ)નો, બિલકુલ સ્પર્શ થતો નથી તે જ રીતે આ દેહ સંબંધથી આત્મા અલિપ્ત રહે છે. (૧૨૮). બધાં જ શરીરમાં આ એક અને અવિનાશી આત્મા રહેલો છે અને એ જ બધાંનું નિયંત્રણ કરે છે, એ જ ચૈતન્ય સભર અને મંગલરૂપ છે.(૧૧) (૧૨૯). એનામાં (આત્મામાં) ચલન (ચાલવું), વલન (વળવું) ન હોવા છતાં દેહની સાથે એ સાચે જ હાલતો ચાલતો હોય તેવું જણાય છે. (૧૩૦). (પાણી ભરેલો) ઘડો હાલતાં એમાં દેખાતું આકાશ પણ હાલતું દેખાય છે. તો પણ આકાશ તો એકદમ સ્થિર જ છે. આત્માનું પણ એવું જ છે. (૧૩૧). જેણે પોતાના ઉદરમાં આકાશને રાખ્યું છે એવા આત્માને કોણ હલાવી શકે? એ તો આભાસ વિનાનો (નિરાભાસ-ભ્રાંતિરહિત) છે. (૧૩૨).

જેમ ઘડો ફૂટી જતાં આકાશ ફૂટી જતું નથી તેમ દેહનું મૃત્યુ થતાં અક્ષય સ્વરૂપ આત્મા મરતો નથી. (૧૩૩). એ (આત્મા) અજ છે, અવ્યય છે અને અવિનાશી છે. એ કેવળ સ્વયંપ્રકાશ છે. આવું જાણી એનું ચિંતન કરતાં માયાનું બંધન નડતું નથી (આત્માનો જન્મ નથી એટલે અજ છે, એ અવિકારી છે, એમાં ફેરફાર થતો નથી માટે અવ્યય છે અને એનો નાશ નથી માટે અવિનાશી છે). જેને ખરેખર ! ત્રણે પ્રકારના દેહનો (સ્થૂળ દેહ, સૂક્ષ્મ દેહ અને કારણ દેહ) સંગ નથી એવો પ્રત્યક્ આત્મા બ્રહ્મ છે અને તે એક અને અદ્વિતીય છે એમ તું માન. (૧૩૪-૧૩૫). આવું જાણીને જે જીવે

છે તેણે મૃત્યુ ઉપર વિજય મેળવ્યો છે (મૃત્યુંજય છે). જ્યાં કોઇ બીજું છે જ નહિ, ત્યાં કોણ એને મારી શકે? (૧૩૬). ત્રીજા ગુરુ આકાશ પાસેથી આ અનુભવજ્ઞાન (વિજ્ઞાન) પામીને, મૃત્યુનો ભ્રમ દૂર કરીને હે સુજ્ઞ ! હું નિર્ભય થઇને રહું છું. (૧૩૭). અવધૂતે કહ્યું કે ચોથો ગુરુ પાણી છે. અલખ કહે છે કે હવે આગળ ઉપર અલૌકિક રંગ જામશે. (૧૩૮).

શ્રી દત્તપ્રભુનાં ચરણકમળના ભ્રમર એવા બ્રહ્મચારી પાંડુરંગ (રંગ અવધૂત)મહારાજ દ્વારા રચિત શ્રીગુરુલીલામૃતનો અલખ અને નિરંજનના સંવાદરૂપે **'અવધૂત યદુ સંવાદ'** નામનો **બાવનમો** અધ્યાય સમાપ્ત થયો.

●

## પાદટીપ :

### અધ્યાય : ૫૨

(૧) ક્ષમા એ એવો ગુણ છે કે જે માટે તમારે બીજાના દોષો કે અપરાધ ભૂલી જવાના હોય છે. **'Forget & forgive'** સૂત્રમાં પણ પહેલાં ભૂલવાની વાત જ છે. બીજાના દોષ ભૂલવા માટે પ્રેમ હોવો જરૂરી છે અને નિર્મળ પ્રેમનું ઝરણું એટલે જ માતા. પૃથ્વી પણ માતા છે તેથી તેની પાસેથી સહન કરવાનો અને ક્ષમા આપવાનો ગુણ મળે તે સ્વભાવિક છે. પ્રેમ એ ક્ષમાની મા છે.

(૨) આ શરીર પ્રારબ્ધને આધીન છે. 'વપુ (શરીર) પ્રારબ્ધ પોષે છે' એવું એક ભજનમાં પૂ.શ્રીએ લખ્યું છે. એટલે જ્યાં સુધી પ્રારબ્ધ પૂરું ના થાય ત્યાં સુધી શરીર પડતું નથી, મોત આવતું નથી અને પ્રારબ્ધ પૂરું થયા પછી શરીર ટકતું નથી, મૃત્યુ રોકી શકાતું નથી. જો માણસને આ વાત ગળે ઊતરી જાય તો ઘણા પ્રશ્નો હલ થઇ જાય. પ્રારબ્ધ તો ભોગવ્યે જ છૂટકો.

(૩) દોહરા ૩૨ અને ૩૩ સમજવા જેવા છે. ક્ષમાથી શું શું મળે એની આમાં ચર્ચા છે. પ્રયત્નો કરવા છતાં મેળવવી દુર્લભ વસ્તુ ક્ષમાથી સુલભ બને છે એ વાત દોહરા ૩૨માં છે. જ્યારે ક્ષમાને કારણે વ્યક્તિને કોઇ દુશ્મન હોતો નથી, એ વ્યક્તિ અજાતશત્રુ બની જાય છે અને ક્રોધથી માણસ દુ:ખી થાય છે. આનું શું કારણ? ક્ષમાની જનની-માતા કોણ છે? પ્રેમ એ ક્ષમાની મા છે. પ્રેમ બધા પ્રશ્નોને ઉકેલી શકે છે. પ્રેમ છે ત્યાં સહનશીલતા છે. ત્યાં વાણીની નિર્મળતા છે. બીજાને સમજવાની તૈયારી છે. આમ ક્ષમા આપવાનું કાર્ય સારાં પરિણામ લાવે છે, પણ ક્ષમા આપવાનું કાર્ય કપરું છે. ગળી જવાની, સહન કરવાની તૈયારી જોઇએ.

(૪) દોહરા ૫૩, ૫૪ અને ૫૫ સાથે વાંચવાના છે. સંપત્તિ આવે એટલે અભિમાન, તોછડાપણું આવવાની શક્યતા ઘણી છે. યુવાની, ધન-સંપત્તિ અને સત્તામાં જો મદ- અભિમાન ભળે તો વ્યક્તિને માટે પસ્તાવાના જ દિવસો આવે. જો યુવાની, ધન-સંપત્તિ અને સત્તાનો ઉપયોગ બીજાને મદદરૂપ બનવા માટે થાય તો? પરંતુ એ માટે નમ્રતા હોવી જોઇએ. સદ્‌ગુરુની શરણાગતિ અભિમાન દૂર કરી નમ્રતા લાવવામાં મદદરૂપ બને છે. 'લક્ષ્મી આવે ત્યારે છાતીમાં લાત મારે છે' એટલે કે વ્યક્તિ અભિમાનમાં ઊંચી આંખે જ ચાલે છે. પણ લક્ષ્મી જાય ત્યારે પાછળ પીઠ પર લાત મારે છે. એટલે વ્યક્તિ ઊંચું જ જોઇ શકતી નથી.

(૫) નરમાશ અને સરળતા એ બે એવા સદ્‌ગુણ છે કે જેનાથી વ્યક્તિ તપસ્વી બનીને પૂજાય છે. એ બ્રહ્મવેત્તા થઇને જગતના લોકોને તારે છે. આ સાદા સીધા બે ગુણો કેળવવા અઘરા છે કારણ કે એમાં અહં મારવો પડે છે. નમ્રતા અને સરળતા રાખનારની લોકો ઉપેક્ષા કરે અને એનું મહત્ત્વ પણ ઓછું આંકે. એમની સાથે વર્તનારના મનમાં 'એ તો ચાલે' એવી વૃત્તિ હોય છે. નમ્ર અને સરળ વ્યક્તિનો ડર નથી લાગતો. પરંતુ નિષ્કપટ, સરળ અને પ્રેમાળ જીવન વ્યક્તિને ક્યાંની ક્યાં લઇ જાય છે? પૂ.પ્રેમ અવધૂતજીનું જીવન આ વાતનો પુરાવો છે.

(૬) આ દોહરો વિચારવા જેવો છે. મીઠી વાણીથી ત્રિતાપથી પીડિતને શાંતિ આપવી એ મોટી વાત છે. પરંતુ વાણીમાં મીઠાશ ક્યારે આવે? સામી વ્યક્તિ પ્રત્યે નફરત ન હોવી જોઇએ. પોતે મહાન છે અને સામેનો પામર છે એવો નિમ્નભાવ જાગે તો વાણીમાં કટુતા આવે અને સામી વ્યક્તિમાં પણ પોતાનો જ આત્મા છે એવો ઊંચો વિચાર કરવાથી જ, સામી વ્યક્તિની મર્યાદા સમજીને સ્વીકારી લેવાથી જ વાણીમાં મીઠાશ લાવી શકાય છે. મીઠી વાણીથી સામી વ્યક્તિને શાંતિ આપી શકાય.

કાગે કિસકા ધન હરા કોયલ કિસકો દેત?
મીઠી બાની સૂનાયકે જગ અપના કર લેત.
"આંખમાં અમી તો દુનિયા ગમી."
"જીભમાં અમી તો દુનિયા નમી."

શાંતિ પમાડે તેને સંત કહીએ એ ભૂલવું જોઇએ નહિ.

(૭) આ શરીર અન્નમયકોષનું બનેલું છે. એ અન્નમાંથી ઉત્પન્ન થાય છે અને અન્નથી જ ટકે છે. શરીરને ટકાવવા ખોરાકની-અન્નની જરૂર છે પરંતુ સ્વાદિષ્ટ અન્નની જરૂર નથી. સ્વાદ તો જીભને હોય છે અને તે પણ જીભના અગ્રભાગમાં જ સ્વાદ પારખવાનો ગુણ છે. એક વાર અન્ન ગળાની નીચે ઊતરી જાય પછી તો સ્વાદનું કોઇ મહત્ત્વ નથી. કહેવત છે કે "ઊતર્યું ઘાટી, થયું માટી." સ્વાદને સાધકે મહત્ત્વ આપવું નહિ.

(૮)
નાત્યશ્નતસ્તુ યોગોઽસ્તિ ન ચૈકાન્તમનશ્નતઃ |
ન ચાતિ સ્વપ્નશીલસ્ય જાગ્રતો નૈવ ચાર્જુન ||
યુક્તાહારવિહારસ્ય યુક્તચેષ્ટસ્ય કર્મસુ |
યુક્ત સ્વપ્નાવ બોધસ્ય યોગો ભવતિ દુઃખ હા ||
(ગીતા. અ.૬/શ્લોક ૧૬-૧૭)

બહુ ખાવું એ ખરાબ, તેવું ખૂબ ઉપવાસ કરવા તે પણ ખરાબ. માપસરનું ખાવું એ જ યોગ્ય છે જે અઘરું છે. ઉપવાસ કરવો સહેલો પણ ભોજન કરવા બેસી અનુકૂળ આવે તેવી વસ્તુ માપસર (પ્રમાણમાં) ખાવી એમાં જ મન ઉપર કાબૂ જોઇએ. ખૂબ ઊંઘવું નહિ તેમ ખૂબ ઉજાગરા પણ નહિ કરવા.

મિત ખાવું, પીવું ને મિત સૂવું રે,
સૂર સાધીને હરિનામ લેવું રે.
તું તો દત્ત દિગંબર ભજ ને રે---
(અવધૂતી આનંદ)

(૯) આ ખૂબ સુંદર દોહરો છે. જીભ એ શરીરની **Main switch**-મુખ્ય સ્વિચ છે. જીભને વશ કરવાથી બધી ઇંદ્રિયો ધીમે ધીમે વશ થાય છે. જીભને બે બાબતમાં વશ કરવાની છે : એક ખાવાની બાબતમાં અને બીજી બોલવાની બાબતમાં.

જેણે રસ ઉપર કાબૂ મેળવ્યો છે તેણે બધા ઉપર કાબૂ મેળવ્યો છે. એ જ્ઞાની હોય કે અજ્ઞાની તો પણ સ્વયં ઇશ્વર જ છે. રસાસ્વાદના ચક્કરમાં ભલ ભલા સપડાય છે. માછલી પણ 'ગલ' ખાવા જતાં જ જીવ ગુમાવે છે ને ! 'લૂલીને વશ રાખો ભાઇ ! લૂલીને વશ રાખો !' એવું પૂ.પુનિત મહારાજે વિચારીને જ ગાયું છે. હાડકાં વગરની લૂલીનાં પરાક્રમો મોટાં છે.

(૧૦) ય એનં વેત્તિ હન્તારં યશ્ચૈનં મન્યતે હતમ્ |
ઊભૌ તૌ ન વિજાનીતો નાયં હન્તિ ન હન્યતે ||
(ગીતા.અ.૨/શ્લોક ૧૯)

જે આ આત્માને હણનારો સમજે છે અથવા હણાયેલો સમજે છે તે બંને જણા કંઇ સમજતા નથી. કેમ કે આત્મા કદી હણતો નથી કે કદી હણાતો પણ નથી.

(૧૧) આત્મા સત્, ચિત્ અને આનંદ સ્વરૂપ છે. આત્મા સત્ છે એટલે કે તેનું જ અસ્તિત્વ છે, તેની જ સત્તા છે. સત્ એટલે ભૂતકાળમાં હતું, વર્તમાનમાં છે અને ભવિષ્યમાં રહેશે. આવું સત્ તત્ત્વ ચૈતન્યથી ભરેલું છે- ચિત્ છે, ચેતન છે અને તે સુખ સ્વરૂપ, આનંદ સ્વરૂપ એટલે કે મંગલ છે. ચિત્ એટલે ચૈતન્ય. પરંતુ એમાં વિષયાધ્યાસરૂપી 'ત' ભળે એટલે ચિત્ત થાય. ચિત્ મંગલકારી છે, ચિત્ત પ્રશ્નો ઊભા કરે અને નિકાલ પણ કરે.

દયા, દાન અરુ દમન હૈ, દદ્ધાકા યહ ભેદ;
તત્તા વિષયાધ્યાસ હૈ, તાકો તું કર ભેદ.
(શ્રીદત્તાષ્ટક: અવધૂતી આનંદ)

●

## અધ્યાય : ૫૩

આ અધ્યાયનું નામ 'અવધૂત યદુ સંવાદ' જ છે. આ અધ્યાયમાં **૧૩૫** દોહરા છે.

આ અધ્યાયમાં પાણી, અગ્નિ, ચંદ્ર, સૂર્ય અને કપોત (હોલો) એમ પાંચ ગુરુની ચર્ચા છે.

જળ પાસેથી હળી મળીને રહેવાનો અને બધામાં ભળી જવાનો બોધ મેળવ્યો. અહંકારનો નાશ કરીને મુક્તિ પામવી અને બીજાને પણ મળે એ માટે મદદરૂપ બનવું એમ શીખ્યો.

અગ્નિ પાસેથી જે કાંઇ મળે તે લિપ્ત થયા વગર સુખથી ખાવું એવું શીખ્યો. પોતાના ગુણો અવાજ કર્યા વિના પ્રગટ કરવા અને તેજસ્વી થઇને જીવવું અને બીજાને તેજસ્વી બનાવવા તે શીખ્યો.

ચંદ્ર પાસેથી વિકાર દેહના છે અને આત્મા તો અવિકારી છે એ બોધ લીધો. ચંદ્રમાં થતી કલાની વધ ઘટ ચંદ્રને સ્પર્શતી નથી તેમ દેહમાં થતા વિકારો આત્માને સ્પર્શતા નથી.

સૂર્ય પાસેથી આત્માની સ્થિરતાનો બોધ લીધો. સૂર્ય પાસેથી અનાસક્તિપૂર્વક વસ્તુનો સંગ્રહ કરવાનું શીખ્યો.

કપોત પાસેથી હું સ્ત્રી-પુત્રાદિમાં મમતા રાખવી નહિ તે શીખ્યો. આવી મમતા આખરે રડાવનારી હોય છે. આસક્તિરહિત જીવન જીવવાનો બોધ મેં કપોત પાસેથી લીધો.

દત્તપ્રભુ બોલ્યા કે હે રાજા ! તું સાંભળ. બધા પર હૃદયમાં સ્નેહ (પ્રેમ)ભાવ રાખીને નિર્મળ જળની જેમ રહેવું. (૧). ભેદભાવ રાખીને કદી પણ કડવા (અપ્રિય) થવું નહિ. હંમેશાં બધા સાથે હળી મળીને ચાલવું. (૨). પાણીને જ્યાં પણ રાખીએ (નાંખીએ) ત્યાં તે વસ્તુના જેવું થઇને રહે છે. તેમ બધા સાથે હળી મળીને વર્તતાં આ સંસારના દાવાનળનો તાપ નડતો નથી. (હેરાન કરતો નથી.) (૩). પ્રાણીમાત્ર માટે અંતરમાં પ્રેમ (સ્નેહ) રાખીને પાણીની જેમ મીઠી અમૃતમય વાણીથી માફકસરનું અને હિતકારક બોલવું. (૪). સ્વચ્છ અને મીઠું જળ જોઇને લોકો જેમ (પીવા માટે) દોડે છે તેમ મીઠી વાણીથી બધા વશ થઇ જાય છે.① (૫). પાણી બધે સરખા પ્રમાણમાં પ્રસરે છે તેમ કરુણ (આર્દ્ર)ભાવે બધે તન્મય થઇ જવું. (૬).

સ્નાનથી, પીવાથી, પ્રોક્ષણ (છંટકાવ)થી, આચમન કરવાથી અથવા કેવળ દર્શન માત્રથી પણ પાણી પાવન કરે છે.② (૭). હે રાજા ! આ પાણીથી જ વિશ્વનું જીવન ટકે છે એમ તું ચોક્કસ માન. જળની મદદથી લોકો અનેક પ્રકારના ધંધા કરે છે. (૮). પાણી પોતે અભ્રષ્ટ (પાવન) રહીને ભ્રષ્ટ (પાપી) જનોને એકદમ પવિત્ર (સુપાવન) કરે છે છતાં એને કંટાળો આવતો નથી. તે જ રીતે યોગીજને પણ શુદ્ધ અંત:કરણવાળા થઇને બીજાને પાણીની જેમ પાવન કરવા. (૯-૧૦). એના (યોગીજનના) દર્શન માત્રથી પાપી માનવી પાવન થઇ જાય છે અને ભાવપૂર્વક સેવા કરવાથી જન્મ મરણનો ભય ટળી જાય છે. (૧૧). સાચે જ સંતો એ પાપમાંથી મુક્તિ અપાવનારું તીર્થ છે અને નદીની નાવની જેમ બધાને પાર ઉતારે છે. (૧૨).

જેમ પોતાનો મેલ (ગંદકી) તળિયે રાખીને (ઉપરથી ચોખ્ખું રહીને) પાણી બીજાના મળ (ગંદકી)ને સાફ કરે છે તેમ યોગીજને પણ મળમૂત્રથી ગંદી અને કૂડી કાયાનું અભિમાન ત્યજીને, વિવિધ પ્રકારના પ્રયત્નો દ્વારા પોતે જ્ઞાન પ્રાપ્તિ કરી અને પછી લોકોને સન્માર્ગે પ્રેરીને જ્ઞાનાગ્નિથી એમના દોષો દૂર કરવા (નિવારવા). (૧૩-૧૫). જ્ઞાન પ્રાપ્તિથી

સંચિત કર્મોને બાળીને અને ક્રિયમાણને ટાળીને આત્મજ્ઞાન (અનુભવ જ્ઞાન)થી મુક્તિ મેળવવી અને પછી પરોપકારાર્થે જીવવું. (૧૬). શરીર પ્રારબ્ધને સોંપીને નિરાભિમાની થઇને નિર્મળ જળની જેમ ઇચ્છા મુજબ વિહરવું અને ભક્તોને દર્શન આપીને, એમને સન્માર્ગે પ્રેરીને, જ્ઞાનામૃત પાઇને પાવન કરવા.③ (૧૭-૧૮). પાણી ઊંચા સ્થાનને છોડીને નીચી બાજુ વહે છે અને તે દ્વારા અક્કડ (ઉન્મત્ત) એવા ઝાડને મૂળ સાથે ઉખેડી નાંખે છે અને શરણાગત સમાન નમ્ર વનસ્પતિને પોષે છે તે જ રીતે મુક્ત પુરુષે પણ ધન, સત્તા વગેરેના મદથી આ દુનિયામાં જે લોકો અક્કડ છે તેમને છોડીને જે નમ્ર લોકો છે ત્યાં જાતે જ દોડી જવું અને એ લોકોને કૃપા-પ્રસાદ આપીને, જ્ઞાનામૃત દ્વારા એમનાં પાપ દૂર કરીને એવા સારા જીવોને મુક્ત કરવા.④ (૧૯-૨૨).

જ્ઞાનીએ નાસ્તિક અને પાખંડી (દંભી) જનોનું સમૂળ ખંડન કરવું અને શરણાગતને હંમેશાં તારવા. (૨૩). એક જ સ્થાને ગોંધાઇ રહેતાં પાણી ગંધાઇ ઊઠે છે અને વહેતાં રહેવાથી નિર્મળ રહે છે તે જ પ્રમાણે સાધુનું પણ જાણવું. માટે સુજ્ઞ પુરુષે સ્થાનનો આગ્રહ છોડીને હંમેશાં ફરતા રહેવું. (૨૪-૨૫). મેં પાણી પાસેથી આ ઉપદેશ ગ્રહણ કર્યો તેથી હું ગમે ત્યાં નિર્ભયતાથી પડી રહું છું. (૨૬).

પાંચમો ગુરુ અગ્નિ છે. તેના ગુણ તું સાંભળ. (સાધકે) તપશ્ચર્યા કરીને હંમેશાં તેજસ્વી થઇને રહેવું. (૨૭). સહજતાથી જે આવી મળે તે ખાઇ લેવું. ક્યાંય પણ લેપાવું નહિ. ક્યારેક ગુપ્ત રહેવું અને ક્યારેક લોકાની વચ્ચે પ્રગટરૂપે રહેવું. (૨૮). યોગીએ લોકહિતનાં કાર્યો કરવા માટે, ધાંધલ-ધમાલ (ઘોંઘાટ) કર્યા વિના (બોલ્યા વિના) પોતાના ગુણો પ્રગટ કરવા અને હે રાજા ! ભક્તજનોનાં પાપોને મૂળમાંથી બાળીને તેમની ઇચ્છા પૂરી કરવી. (૨૯-૩૦).

પ્રારબ્ધે કરીને જ્યાં જ્યાં જે જે અન્ન (ખાવાનું) મળે, તેનો સંગ્રહ ન કરતાં તેનો ઉપયોગ કરી નાંખવો. (૩૧). અગ્નિ પોતે તેજસ્વી છે અને અન્યને તેજસ્વી કરે છે. ભક્તોનાં પાપ અને તાપ દૂર કરીને એમને શાંતિ આપે છે. (૩૨). અગ્નિમાં ફાવે તેવી (ગમે તે) વસ્તુ નાખવા છતાં અગ્નિ તો અત્યંત શુદ્ધ (શુદ્ધતમ) જ રહે છે. એ કદી દોષને સ્પર્શતો પણ નથી અને એક સરખી રીતે વર્તે છે. (૩૩). બીજાના દોષો બાળવા છતાં, (અગ્નિ) પોતે દૂષિત થતો નથી તેમ જ્ઞાનીએ પણ નિર્લેપ રહીને વર્તવું. (૩૪). અગ્નિ પોતે સ્વતંત્ર હોવા છતાં ભક્તની ભાવનાને વશ થઇને વર્તે છે અને ભક્તની નિષ્ઠા જોઇને એને પાવન કરે છે.⑤ (૩૫).

અગ્નિહોત્રીના નિયમથી ભાવપૂર્વક આહુતિ આપતાં અગ્નિ તે તે દેવોને વિના વિલંબે એ આહુતિ પહોંચાડે છે અને ભક્તની મનની ઇચ્છા રોજ પૂરી કરે છે. (૩૬-૩૭). અગ્નિ ઘાસ (તૃણ), લાકડું (કાષ્ઠ) વગેરે બધું જ ભક્ષી લે છે (બાળી દે છે) અને ક્યારેય પણ એનો સંગ્રહ કરતો નથી. એ ભક્ષીને બધાને પોતાના જેવા જ બનાવી દે છે. એ જ રીતે યોગીજને પણ લૂખું-સૂકું ખાઇને ભાવિક ભક્તોની સેવા જોઇને, એમની મનોકામના પૂર્ણ કરીને તારવા જોઇએ. (૩૮-૩૯). એણે કદી સંગ્રહ કરવો નહિ અને શરણે આવેલાને પ્રેમપૂર્વક પોતાના જેવા કરવા આ રીતે જીવન જીવવું. (૪૦).

પરમાત્મા બધે જ નિરાકાર રૂપે વ્યાપીને રહેલો છે. સાકાર સ્વરૂપે જે કાંઇ દેખાય છે તે લાકડા અને અગ્નિના જેવું છે. (૪૧). લાકડું લાંબું, પહોળું, ગોળ અથવા નાનું કે મોટું જેવું હોય તેમાં પેસીને અગ્નિ પણ તેના જેવો જ દેખાય છે. (૪૨). નાનો, મોટો કે ગોળ એવો અગ્નિનો જે આકાર દેખાય છે તે ભ્રમ છે. અગ્નિ નિરાકાર હોવા છતાં લાકડાના આકાર જેવો દેખાય છે. (૪૩). એ જ રીતે આ આત્મા પણ નિરાકાર છે. પરંતુ જુદા જુદા શરીરમાં પ્રવેશીને એ સાકાર સ્વરૂપે દેખાય છે. (૪૪). આ નશ્વર ઉપાધિનો જ્ઞાનબળે ત્યાગ કરતાં, જ્ઞાની પોતે જલદીથી નિરાકાર પરબ્રહ્મ થઇ જાય છે. (૪૫). દેહના જન્મનું કારણ એવી વાસનાને જ્ઞાનથી બાળી દેતાં જ્ઞાની બ્રહ્મવિદ્માંથી બ્રહ્મરૂપ બની જાય છે એમાં

કોઇ શંકા નથી. (૪૬). લાકડામાં પેસીને અગ્નિ લાકડાના આકાર જેવો દેખાય છે. છેવટે લાકડાને એના આકાર સાથે બાળી નાંખીને એ નિરાકાર પોતાના સ્વરૂપમાં લીન થઇ જાય છે. તેમ જ્ઞાનના અભ્યાસથી વાસના બળી જતાં આત્મા સ્વ સ્વરૂપમાં લીન થઇ જાય છે. (૪૭-૪૮).

અગ્નિ પાસેથી આ જાણી (શીખી)ને, દેહાભિમાન ત્યજીને બ્રહ્મમય બનીને આ સ્થળે પડી રહું છું. (૪૯). મનમાં દેહની ક્ષણભંગુરતાને દઢ કરવા માટે હંમેશાં અગ્નિની જ્વાળાનો વિચાર કરવો. (૫૦). અગ્નિની જ્વાળા એકદમ પ્રજ્વલિત (સળગેલી) દેખાય છે અને ક્ષણવાર પછી બુઝાઇ પણ જાય છે. તેમ આ શરીર પણ પંચભૂતો એકઠા થવાથી એકાએક ઉત્પન્ન થાય છે અને ક્ષણવારમાં નષ્ટ થાય છે. આનો સૂક્ષ્મ રીતે વિચાર કરતાં દેહની ક્ષણભંગુરતા મનમાં ઠસી જાય છે. પરિણામે દઢ વૈરાગ્ય થવાથી સંસાર સાગર તરી જવાય છે. (૫૧-૫૩). આ દેહનું મમત્વ છોડી દેવું જોઇએ એવું જાણીને જ્ઞાનાગ્નિથી અંતરમાં હંમેશાં જાગૃત રહેવું એ હું પાંચમા ગુરુ અગ્નિ પાસેથી શીખ્યો. ચંદ્ર કે જે છઠ્ઠો ગુરુ છે તેના ગુણો તને કહું છું તે તું સાંભળ. (૫૪-૫૫).

આત્મા પોતે ફેરફાર વિનાનો (નિર્વિકારી) છે. એ વધતો કે ઘટતો નથી. વધવું (વૃદ્ધિ) અને ક્ષીણ થવું (ક્ષય)·એ દેહના વિકાર છે એમ તું માન. (૫૬). સૂર્ય અગ્નિરૂપ છે અને તેજનું મંડળ છે. નક્ષત્રો સાથે ચંદ્રમા જળ સ્વરૂપ છે. (૫૭). જ્યારે સૂર્ય અને ચંદ્ર એક જ નક્ષત્રમાં આવે છે ત્યારે તે દિવસે ચંદ્રની કળા નાશ પામે છે. એ દિવસને લોકો અમાવાસ્યાના નામે ઓળખે છે. સૂર્ય એક નક્ષત્રમાં તેર દિવસ સુધી રહે છે અને ચંદ્ર એક જ નક્ષત્રમાં સવા બે દિવસ સુધી રહે છે એમ તું નિશ્ચિત જાણ. એમની ગતિમાં વધ ઘટ હોય છે તે તું માન. (૫૮-૬૦). એમની ગતિમાં વધ-ઘટની અસમાનતા હોવાથી ચંદ્રકળામાં ક્ષય અને વૃદ્ધિ થતી ભાસે (દિખાય) છે. (૬૧). ચંદ્રમંડળમાં સૂર્યનું રોજ પંદરમા ભાગ (પંચ દશાંશ)નું પ્રતિબિંબ પડે છે અને તેથી પંદર કળા થાય છે. (૬૨). શુકલ પક્ષ (સુદ પક્ષ- અજવાળિયા)માં રોજ એક કળામાં વધારો થાય છે અને કૃષ્ણ પક્ષ (વદ પક્ષ- અંધારિયા)માં રોજ એક કળાનો ઘટાડો થાય છે, એવું અનુભવનું પ્રમાણ છે. (૬૩). આ પ્રમાણે તેર નક્ષત્રોમાં ફરીને જ્યારે પૃથ્વીની છાયાવાળો ચંદ્રમા સૂર્યની સામે આવે છે ત્યારે એનામાં વર્તુળ આકારનું પૂર્ણ પ્રતિબિંબ પડે છે અને એ શાંત પ્રભા શોભે છે. એને જ લોકો પૂર્ણિમા (પૂનમ) કહે છે. (૬૪-૬૫).

ચંદ્રની શુકલ પક્ષની પંદર કળામાં અમાસની સૂક્ષ્મ કળા ભળતાં કુલ સોળ કળા થાય છે. (૬૬). પડવા (પ્રતિપદા)થી રવિમંડળની ફરતે ફરતાં ચંદ્રની એક એક કળા ઘટતી જાય છે. (૬૭). આ ગતિને પંડિત સમજી શકે છે. મૂઢને એ સમજાતી નથી અને એનું કારણ ન જાણતો હોવાથી નકામો અચરજ અનુભવે છે. (મોહમાં પડે છે.) (૬૮). કેવળ ઘટના (બનાવ) જોઇને એ અનેક જાતની ખોટી કલ્પના (કુતર્ક) કરે છે. કલામાં વધ ઘટ થવા છતાં પણ ચંદ્રમાં તો કોઇ ફેરફાર થતો નથી. (એ તો નિર્વિકાર છે.) (૬૯). કળા વધતાં ચંદ્ર વધતો નથી કે કળા ઘટતાં એ ઘટતો પણ નથી. ચંદ્રને વૃદ્ધિ (સુદ) કે ક્ષય (વદ) કશું જ નથી. જે દેખાય છે તે ખોટો આભાસ માત્ર છે. (૭૦).

એ જ રીતે આ આત્મા નિર્વિકાર છે, એમ તું જાણ. દેહ વગેરેના સંબંધથી એને કોઇ અવળી-સવળી અસર થતી નથી. (૭૧). દેહ વગેરે જડ છે. જ્યારે આત્મા તો ચેતનસ્વરૂપ છે. એ દેહ વગેરેને જોનારો છે અને હંમેશાં તટસ્થ (નિર્લેપ) છે. (૭૨). તને કદાચ એવી શંકા થાય કે જો આ દેહ જડ હોય તો એ બધા વ્યવહારો કેવી રીતે કરે છે? તો તેનું કારણ તું સાંભળ. (૭૩). સૂર્યથી ચંદ્રમંડળ જુદું હોવા છતાં સૂર્યની સત્તાથી તે પ્રકાશમાન જણાય છે. (ચંદ્ર પરપ્રકાશિત છે. એ પોતાનો પ્રકાશ ધરાવતો નથી.) (૭૪). આ પ્રકાશ દ્વારા બીજું અંધારું દૂર કરી ચંદ્ર પ્રકાશ આપે છે અને એ જલમય હોવાથી શીતલ જણાય છે. (૭૫).

એક જ રીતે આત્માની સત્તાથી ચેતનયુક્ત શરીર હંમેશાં બધા વ્યવહારો કરે છે એ સત્યને હે ધીર રાજા ! તું બધી રીતે જાણ. (૭૬). જેમ ચંદ્રમંડળમાં જળ છે તેમ પ્રાણીમાત્રના શરીરમાં અંતઃકરણ રહેલું છે. (૭૭). એ અંતઃકરણમાં આત્માનું પ્રતિબિંબ પડે છે અને એને કારણે શરીરની બધી ઇંદ્રિયો પોત પોતાના વિષયમાં પ્રવૃત્ત થાય છે. (૭૮). આત્મા હંમેશાં બધાથી અલિપ્ત છે અને તે કેવળ સાક્ષીરૂપ છે. તેથી તેને દેહના વિકારો કદી અસર કરતા નથી- નડતા નથી. (૭૯). એ (આત્મા) જન્મતો પણ નથી અને મરતો પણ નથી. એ તો કેવળ અવિચળ છે. ચંદ્ર પાસેથી આ જાણીને હું સ્વસ્થતાથી રહું છું. (૮૦).

સૂર્ય એ સાતમો ગુરુ છે. તું એના ગુણ સાંભળ. જેનાથી તને આત્માની સ્થિરતા ચોક્કસ સમજાશે. (૮૧). તને કદાચ એવી શંકા થાય કે આ આત્મા પણ નિશ્ચિતરૂપે શરીર સાથે ફરે છે. તો તું સાંભળ. (૮૨). આત્મા ખરેખર સર્વવ્યાપક છે અને શરીરમાં પણ રહેલો છે. ઉપાધિ ભેદથી આ બે જુદા જણાય પણ એ આકાશની જેમ અલિપ્ત છે. (૮૩). આ વાત મેં તને આગળ કહી હતી. એ જ્ઞાનને દૃઢ કરવા સૂર્યબિંબનો બુદ્ધિથી વિચાર કરવો જોઇએ. (૮૪).

એક વાસણમાં પાણી ભરી, એમાં સૂર્યનું પ્રતિબિંબ પડે એ રીતે સૂર્ય મંડળની નીચે ફરતું રાખવું. (૮૫). હવે આ વાસણ હાલતાં સૂર્ય પણ હાલતો જણાય છે, વાસણ ફરતાં સૂર્ય ફરતો જણાય છે અને વાસણ સ્થિર થતાં સૂર્ય પણ સ્થિર જણાય છે. (૮૬). વાસ્તવિક દૃષ્ટિથી જોતાં સૂર્ય તો હાલતો જ નથી અને એ પોતાના સ્થાને જ હંમેશનો સ્થિર રહેલો છે. છતાં પણ એ પાણીની સાથે હાલતો હોય એમ જણાય છે. પાણીમાં જે ફેરફારો (વિકાર) થાય છે તે બધા સૂર્યમાં પણ દેખાય છે. (૮૭-૮૮). આવું જોઇને બાળકો એમ કહે છે કે જુઓ આ સૂર્ય (તમારિ) કેવો હાલે છે? છતાં એ સાચું તો નથી જ. (૮૯). વાસણમાં કે પાણીમાં જે જે ફેરફારો થાય છે તેમાંનો એક પણ વિકાર (ફેરફાર) નથી સૂર્યમાં થતો કે નથી પ્રતિબિંબમાં થતો. એ જ રીતે શરીરમાં થતો ફેરફાર (વિકાર) આત્માને થતો નથી. આત્મા તો ખરેખર સાક્ષીરૂપ જ છે. (૯૦-૯૧). અંતરથી આવું સમજીને અને શંકા છોડીને, સૂર્યની જેમ હંમેશાં સર્વ પ્રકારે અલિપ્ત રહેવું. (૯૨).

ભવિષ્યનો વિચાર કરીને, અપાર જળનો સંગ્રહ કરીને યોગ્ય સમયે સૂર્ય જેમ એનો ઉપયોગ કરે છે અને પરોપકારાર્થે બધે પાણી (જીવન) વરસાવે છે. તે રીતે હે રાજા ! અહંકાર ત્યજીને જીવન જીવવું. (૯૩-૯૪). જે જે ઉપયોગી જણાય તે તે વસ્તુનો અનાસક્તિપૂર્વક સંઘરો કરી રાખી, કેવળ પરહિતાર્થે, દેશ (જગ્યા), કાળ અને સત્પાત્રતા જોઇને આનંદપૂર્વક અને અભિમાન ત્યજીને વસ્તુ વાપરવી. (૯૫-૯૬).

રાગ દ્વેષ છોડીને, અનાયાસે, અર્થનો સંગ્રહ કરી, અલિપ્ત રહીને બધું આપી દેતાં, કશું ન રહેતાં અંતરમાં દુઃખ ન કરવું.(૬) (૯૭-૯૮). ફરી પાછું કોઇ વાર મળે તો પણ સુજ્ઞ વ્યક્તિએ કોઇ પણ રીતે એનો આનંદ કરવો નહિ અને નિર્મળ ભાવે જીવવું. (૯૯). આ બધું હું સૂર્ય પાસેથી શીખ્યો. આઠમો ગુરુ જે હોલો (કપોત) છે તેના ગુણ તું હે સમજુ રાજા ! ધ્યાન આપીને સાંભળ. (૧૦૦).

સ્ત્રી પુત્રાદિમાં ગાંડી (ઘેલી) મમતા રાખીને જે તેમને લાડ લડાવે છે તે વ્યક્તિ આખરે રડે છે. (૧૦૧). જે એમાં જ જીવનની કૃતકૃત્યતા (ઇતિશ્રી) માને છે તે કપોત-હોલાની જેમ મૃત્યુના મુખમાં જઇ પડે છે. (૧૦૨). આમાં જ આયુષ્ય પૂરું થાય છે અને આત્મકલ્યાણ માટે સાધના થતી નથી. મેં મારી આંખે જે જોયું તે જ હું તને કહું છું. (૧૦૩).

હે રાજા ! એક હોલો જંગલમાં માળો બાંધીને, પોતાની માદા સાથે આનંદથી રહેતો હતો. (૧૦૪). એ બન્ને સ્નેહમાં એવા ઓતપ્રોત થયેલાં-જકડાયેલાં હતાં કે બંને જણા સાથે જ હરે, ફરે અને કદી એકબીજાંથી છૂટાં ન પડે અને એ રીતે આનંદથી ભરેલું જીવન જીવતાં હતાં. (૧૦૫). એકબીજાને ચાંચોથી ચૂમી ભરીને પરસ્પર ગેલ કરતાં હતાં અને

૧૪

મીઠા શબ્દોથી હોલો-હોલી કિલ્લોલ કરતાં હતાં. (૧૦૬). પ્રેમથી પીંછાં ઊંચાં કરીને એકબીજાને નરમાદા આલિંગન આપતાં હતાં. (૧૦૭). આગળ ઉપર મૃત્યુ આવશે અને ગમે ત્યારે દેહ પડશે એ ન જાણીને વિષયમાં રચ્યાંપચ્યાં રહેતાં હતાં. (૧૦૮). અંતરમાં હર્ષ અનુભવીને એમાં ને એમાં પોતાની જાતને કૃતકૃત્ય (સાર્થક) સમજતાં હતાં પરંતુ સર્વ નિયંતા પરમેશ્વર મૃત્યુંજયનું તો એમને કદી સ્મરણ જ થતું ન હતું. (૧૦૯). આમ આનંદમાં ને આનંદમાં કેટલાંયે વરસો વીતી ગયાં. પરંતુ એની કાંઇ ખબર પડી નહિ. જાણે ક્ષણવાર જ થઇ છે એવું લાગે. (૧૧૦).

ક્ષણે ક્ષણે કાળ આયુષ્યને હરી રહ્યો છે. પરંતુ એ વાતને વીસરી કપોત (હોલો) તો સ્ત્રીમાં આસક્ત થઇને રહેતો હતો. (૧૧૧). ભૂખ-તરસ ભૂલી જઇને વિવિધ પ્રકારના પ્રયત્નો કરીને સ્ત્રીને (હોલીને) રાજી રાખવા માટે એ તત્પર રહેતો હતો. (૧૧૨). કપોતી (હોલી) પણ આલિંગન અને સંભોગ દ્વારા કપોતને સ્નેહના બંધનમાં જકડી રાખતી હતી. (૧૧૩). સમય જતાં એ હોલી (કપોતી)એ ઇંડાં મૂક્યાં. એ જોઇને તો હોલો વધારે પ્રેમ કરવા લાગ્યો. (૧૧૪). અત્યંત દુ:ખ વેઠીને ચારો-પાણી લાવી આપીને એને (હોલીને) રાજી રાખતો હતો. (૧૧૫). ઇશ્વરની કરામત તો જુઓ ! પહેલાં ઇંડાંમાં જ્યાં એકલું પાણી જ હતું ત્યાં કાળ, કર્મ અને ગુણ ત્રણે એકઠા થતાં અને પછી કંઇક દિવસો જતાં, એ ઇંડાંમાંથી જીવતાં બચ્ચાં નીકળ્યાં. (૧૧૬-૧૧૭). બચ્ચાં જોઇને બંનેને અતિશય આનંદ થયો અને મોહવશ, કપોતે તરત જ કપોતીને આલિંગન આપ્યું. (૧૧૮). એ મૂઢ (હોલો) આમાં જ જન્મની સાર્થકતા માનતો હતો. બચ્ચાંનું પ્રેમથી લાલનપાલન કરતાં. સમય જતાં બચ્ચાંને પાંખો ફૂટી અને તેઓ ઊડવા લાગ્યાં. એ જોઇને આનંદમાં આવીને હોલો-હોલી કૌતુક (નવાઇ) અનુભવતાં હતાં. (૧૧૯-૧૨૦). તેઓ એકબીજાને આલિંગન આપી (ભેટી)ને એકબીજાને ચુંબન કરતાં હતાં. પોતે અર્ધા ભૂખ્યાં રહીને, બચ્ચાંને પોષતાં હતાં. (૧૨૧). જે સ્વાત્માનંદને જાણતો (માણતો) નથી તે સ્ત્રી-પુત્રાદિમાં સતત રચ્યોપચ્યો રહેવા છતાં કદી પણ તૃપ્ત થતો નથી. (૧૨૨).

એક દિવસ હોલો અને હોલી બંને જણાં બચ્ચાં માટે ચારો લેવા માટે જંગલમાં ગયાં. (૧૨૩). નાનાં બચ્ચાંને એકલાં બહાર રમતાં જોઇને વાઘરીએ આવીને એકાએક એમના પર જાળ ફેંકી. (૧૨૪). એ શિકારી (વ્યાઘ્ર)ની જાળમાં બચ્ચાં સપડાઇ (ફસાઇ) ગયાં. જ્યારે હોલી માળામાં આવી ત્યારે એણે આ જોયું. (૧૨૫). સંતાનના સ્નેહમાં હોલી દુ:ખી દુ:ખી થઇ ગઇ અને એ દુ:ખમાં અરેરે ! એમ કરતાં ઝડપથી જાળમાં જઇને પડી. (૧૨૬). એવામાં ત્યાં મૂઢ હોલો આવ્યો અને ઘરમાં (માળામાં) જોયું તો હોલી કે બચ્ચાં કોઇ દેખાયું નહિ. (૧૨૭). જે ઘરમાં આવવાથી આનંદ આનંદ થતો હતો તે ઘર આજે સ્ત્રી અને પુત્ર વિના સ્મશાન જેવું ભેંકાર લાગતું હતું. (૧૨૮). બહાર આવીને શોધ કરતાં હોલાએ હોલીને અને બચ્ચાંને જાળમાં દુ:ખથી તરફડતાં જોયાં. (૧૨૯). એ જોઇને હોલો બોલ્યો કે સ્ત્રી અને સંતાનો મરી જતાં હવે જીવવાનો કોઇ અર્થ નથી. એવું કહીને આવેશમાં આવી જઇને એ પણ જાળમાં જઇને પડ્યો. (૧૩૦).

મિથ્યા મોહમાં એ રીતે એ બે મૃત્યુ પામ્યાં. માટે આસક્તિ ત્યજીને સાવધાન થવું જોઇએ. (૧૩૧). સ્ત્રી, પુત્ર વગેરેના વિષયમાં જે અતૃપ્ત થઇને ભોગ ભોગવે છે તે અંતે પરિવાર સાથે અતિશય દુ:ખી થાય છે. (૧૩૨).

હે રાજા ! આ હોલા પાસેથી મેં આ બોધ લીધો અને તેથી નિરાસક્ત (આસક્તિ વિનાના) થઇને હું હંમેશાં આનંદથી રહું છું. (૧૩૩). દત્ત ભગવાને કહ્યું કે નવમો ગુરુ અજગર છે. અલખ નિરંજનને કહે છે કે એનું વર્ણન હવે આગળ ઉપર થશે. (૧૩૪). અનેક પ્રકારના રંગમાં એ અવધૂત એકલો રમે છે અને છતાંયે એને કોઇ રંગ લાગતો નથી એ તો હંમેશનો પવિત્ર જ છે. (૧૩૫).

શ્રી દત્તપ્રભુનાં ચરણકમળના ભ્રમર એવા બ્રહ્મચારી પાંડુરંગ (રંગ અવધૂત)મહારાજ દ્વારા રચિત શ્રીગુરુલીલામૃતનો અલખ અને નિરંજનના સંવાદરૂપે **'અવધૂત યદુ સંવાદ'** નામનો **ત્રેપ્પનમો** અધ્યાય સમાપ્ત થયો.

●

## પાદટીપ :

### અધ્યાય : ૫૩

(૧) માણસે મીઠું-મધુરું બોલવું જોઇએ એ વાત પૂ.શ્રીએ શ્રીગુરુલીલામૃતમાં અનેક વાર કહી છે. ભજનમાં પણ એનો ઉલ્લેખ છે જ :

કડુઆ મીઠા સબકા સુનના, મુખ અમૃત બરસાના;
સમજ દુ:ખસુખ નભ બાદલ સમ, રંગ સંગ છુડાના.....રે મન ! મસ્ત.
ચંદન સમ નિજ કાય જલાના, જગમેં સુગંધ ફૈલાના;
શીતલ વચનામૃતધારાસે, દુ:ખિયન દુ:ખ મિટાના. મનુવા, હરિ ભજના....

કટુવાણી સામી વ્યક્તિને દુ:ખ પહોંચાડે છે એનો ઊંહકારો પરમ સંવાદિતામાં ખલેલ પાડે છે. આ પરમતત્ત્વ કટુવાણી બોલનારને ઊંહકારો પહોંચે પછી જ સ્થિર થતી હોય છે.

(૨) ગંગા પાને, યમુના સ્નાને અને નર્મદા દર્શન માત્રથી પવિત્ર કરે છે.

(૩) સંચિત, ક્રિયમાણ ટળે છે પણ પ્રારબ્ધ તો ભોગવવું જ પડે છે. પ્રારબ્ધ હોય ત્યાં સુધી જ શરીર ટકે છે. જ્ઞાનપ્રાપ્તિથી પ્રારબ્ધ કેમ ટળતું નથી? એનો જવાબ એ છે કે જો જ્ઞાન પ્રાપ્તિથી પ્રારબ્ધનો પણ નાશ થાય તો જ્ઞાન થતાં જ વ્યક્તિ મૃત્યુ પામે. પરિણામે એના જ્ઞાનનો લાભ સમાજને મળતો નથી. વળી મહાન વ્યક્તિ દુ:ખ સહન કરીને, સામાન્ય લોકોને દુ:ખ સહન કરવાની હૂંફ પૂરી પાડે છે.

(૪) દોહરા ૨૧ અને ૨૨ જ્ઞાનીએ તેજસ્વિતા અને ખુમારી કેળવવી જોઇએ એવું સૂચવે છે. ધન કે સત્તાના મદમાં અક્કડ રહેનારની પરવા કર્યા વિના, નમ્ર વ્યક્તિ ભલે ગરીબ હોય તો પણ ત્યાં જવું જોઇએ. જગદીશને પામ્યા પછી જગતની પરવા શું કામ?

(૫) સ્વતંત્ર હોવું એ ખુમારી દર્શાવે છે પરંતુ ભક્તભાવનાધીન હોવું એ ભક્તવત્સલતા દર્શાવે છે. ભગવાનને ભક્ત પ્રાણપ્રિય હોવાથી, ભક્ત માટે ભગવાન બધું જ કરવા તૈયાર છે. આ ભક્તની વિશેષતા છે. ધ્રુવજીની ઉંમર કેટલી નાની? શબરી તદ્દન અભણ કે જટાયુ પક્ષી હોવા છતાં ભગવાન એમને આધીન થઇને એમને માટે બધું જ કરી છૂટ્યા છે.

(૬) આ દોહરામાં પોતાનું બધું જ પરોપકારાર્થે વાપરીને આનંદનો ભાવ અનુભવવો એ બહુ ઊંચી ભાવના છે. સામાન્ય રીતે વ્યક્તિ સંગ્રહ કરવાનું પસંદ કરે છે કારણ કે વસ્તુનો સંગ્રહ માનસિક સલામતી આપે છે. આવી માનસિક સલામતી મેળવવાની વૃત્તિ પરમતત્ત્વમાં અવિશ્વાસ સૂચવે છે. વ્યક્તિને એવો દઢ વિશ્વાસ હોય કે મારે જે વસ્તુની જયારે પણ જરૂર પડશે ત્યારે ભગવાન એની વ્યવસ્થા કરશે, તો તે વ્યક્તિ બધું જ વાપરીને આનંદની લાગણી અનુભવી શકે.

આપ્યું તેં તારાંને આપી, રાચું મન મોઝાર;
શેષે પૂર્ણતા પિછાનું, એવો દિ' દેખાડ ! .....
(અવધૂતી આનંદ)

(૭) સંતાનો પ્રત્યે સ્નેહ હોવો એ એક વાત અને મોહ હોવો, ઘેલી મમતા હોવી-આસક્તિ હોવી એ બીજી વાત. મોહને કારણે મનુષ્ય સાચી દિશામાં વિચારી શકતો નથી. બાળકોની પાછળ હોલો અને હોલી પણ શિમરીની જાળમાં પડીને મરી ગયાં. એમાં નરી મૂર્ખતા છે. પોતાના કલ્યાણનો કદી વિચાર ન કરનારની આવી જ સ્થિતિ થાય છે.

●

## અધ્યાય : ૫૪

આ અધ્યાયનું નામ પણ **'અવધૂત યદુ સંવાદ'** જ છે. આ અધ્યાયમાં **૧૧૫** દોહરા છે.

આ અધ્યાયમાં અજગર, સાગર, પતંગિયું, ભમરો, મધમાખી, હાથી, મધ ભેગું કરનાર, હરણ અને માછલી એમ આઠ ગુરુની કથા છે.

અજગર પાસેથી પ્રારબ્ધ પર ભરોસો રાખીને અંતર્નિષ્ઠ થઇને પડી રહેવાનું દત્ત ભગવાન શીખ્યા.

સાગર પાસેથી સ્વધર્મનું પાલન કરીને સ્વસ્થતાપૂર્વકનું જીવન શીખ્યા.

પતંગિયાં પાસેથી રૂપમાં ન મોહવાનું શીખ્યા કારણ કે આખરે આમાં મૃત્યુ જ છે.

ભમરા પાસેથી એવું શીખ્યા કે રસની અંદર વધુ પડતો લોભ રાખી દુઃખી થવું નહિ અને મધમાખીથી વસ્તુનો સંગ્રહ નહિ કરવાનું શીખ્યા.

હાથી પાસેથી સ્પર્શસુખમાં ન ફસાવાનું શીખ્યા. લાકડાની હાથણીના મોહમાં જો હાથી બંધનમાં આવી જાય તો પછી જીવતી સ્ત્રીનો મોહ તો શું ન કરે?

મધ હરી લેનાર જેમ વગર મહેનતે, બીજાએ એકઠું કરેલું મધ લઇને પોતાનું કામ સિદ્ધ કરે છે તેમ સાધકે પણ માધુકરી દ્વારા ધ્યાન-તપશ્ચર્યા ઘનિષ્ઠ કરવી.

મૃગ પાસેથી લૌકિકગાનમાં ન લોભાતાં નાદબ્રહ્મમાં લીન થવું એ શીખ્યા.

અને માછલી પાસેથી જીભની લોલુપતા છોડી દેવાનું શીખ્યા.

કૃપાના સાગર એવા ગુરુ બોલ્યા કે હે સુજ્ઞ રાજા ! પ્રાણીમાત્ર સુખ સુખ કરતાં (સુખની શોધમાં ફરતાં) દુઃખમાં આવી પડે છે. (૧). જેમ માગ્યા વગર દારુણ દુઃખ આવી મળે છે તેમ સુખ પણ પ્રયત્ન કર્યા વિણ આવી મળે જ છે. (૨). સુખ-દુઃખનું કારણ પૂર્વજન્મનું કર્મ છે. તો પછી સુખને માટે ભટકવામાં શું કામ આયુષ્ય ખોવું?① (૩).

ખરેખર, મુમુક્ષુએ આ સંસારનો ત્યાગ કરીને, અજગરની જેમ પ્રારબ્ધ ઉપર ભરોસો રાખીને રહેવું જોઇએ. (૪). હંમેશાં અંતર્નિષ્ઠ રહીને ફાવે ત્યાં પડી રહેવું. અંતરમાં આ રહસ્ય સમજીને શરીરને પ્રારબ્ધ પર છોડી દેવું. (૫). ઇંદ્રિયમાંથી મળતું સુખ બધે એક સરખું જ હોય છે એ નિશ્ચયપૂર્વક જાણ. પ્રારબ્ધવશ આ સુખ ગમે ત્યાં આવીને મળે છે. (૬). જે રીતે કૂતરાની યોનીમાં જતાં ભોગ માટે કૂતરી મળી રહે છે તે જ રીતે ઇંદ્રપદ પ્રાપ્ત થતાં ભોગ માટે ઇંદ્રાણી મળે છે. (૭). ઇંદ્રને ઇંદ્રાણી પાસેથી જે ભોગ સુખ મળે છે તેવું જ કૂતરો કૂતરી પાસેથી મેળવે છે, નહિ વધારે કે નહિ ઓછું. (૮). ઇંદ્રિય સુખ પરતંત્ર છે (સામે કોઇ વ્યક્તિ કે વસ્તુ અપેક્ષિત છે.) અને તે બધે એક સરખું જ હોય છે. આ (ઇંદ્રિયમાંથી મળતું સુખ) સુખનો આભાસ છે, સાચું સુખ નથી. (સાચું સુખ સ્વતંત્ર છે, પોતામાંથી જ મળે છે.)② (૯).

શરૂઆતમાં અને અંતમાં એ પ્રાણીને ખૂબ દુઃખ આપે છે. વચ્ચે ક્ષણિક સુખનો આભાસ થાય છે. (૧૦). આ મુખ્ય (આત્માનું) સુખ નથી. આમ છતાં પ્રારબ્ધવશાત્ એ સુખ બધે જ મળી રહે છે. એમાં તું શંકા કરીશ નહિ. (૧૧). જેમ મનમાં ચિંતા કર્યા વગર અજગર ગમે (ફાવે) ત્યાં પડી રહે છે તેમ જ્ઞાનીએ પણ હૃદયમાં પ્રારબ્ધ ઉપર ભરોસો રાખીને દેહમાં અને ગેહ (ઘર)માં ઉદાસીન (અલિપ્ત) થઇને રહેવું.③ (૧૨-૧૩). ખરેખર અજગર વિશ્વાસપૂર્વક ફાવે ત્યાં પડી રહે છે અને આ થોડું છે અથવા વધારે છે, કડવું છે અથવા મીઠું છે એવું કહ્યા વગર જેટલું મળે તેટલું બધું સંતોષપૂર્વક

ખાય છે. કદાચ કોઇ વાર પ્રારબ્ધવશાત્ કંઇ ના મળે તો પણ ધીરજ રાખીને હંમેશાં જાગતો પડી રહે છે. તે રીતે સાધકે પણ જે સમયે જે મળે તે આનંદથી ખાઇ લેવું અને કદાચ કોળિયાભર પણ ખાવાનું ના મળે તો પણ અંતરમાં ચોક્કસપણે ધીરજ રાખીને સ્વ સ્વરૂપમાં લક્ષ્ય રાખીને હંમેશાં જાગ્રત (સાવધાન) થઇને રહેવું. (૧૪-૧૮). શરીરમાં પૂરી તાકાત હોય તો પણ નિશ્ચલતાથી પડી રહેતાં ધીરે ધીરે વૃત્તિઓ શાંત થાય છે. (જગતને) જોવા વગેરેના વ્યવહારો ધીમે ધીમે સારી રીતે લીન (લય) થવા માંડે છે અને પછી (લક્ષ્ય વિષે) એક જ રંગ જામે છે ને બીજાનું ભાન રહેતું નથી. (સ્વ સ્વરૂપમાં સ્થિરતાનો રંગ જામે છે.) (૧૯-૨૦). ક્યારેક આ રીતે પડી રહેતાં, ના જોયું અને ના સાંભળ્યું તે પ્રારબ્ધનો નાશ થાય છે. તેથી હે રાજા ! હું અજગરની માફક હંમેશાં આનંદથી પડી રહું છું. વસ્તીમાં કે વનમાં સદા આનંદથી નિર્ભય થઇને રહું છું. (૨૧-૨૨).

દશમા ગુરુ અબ્ધિ (સમુદ્ર) પાસેથી કંઇ પણ વસ્તુ મળે કે ન મળે એનો હર્ષ કે શોક ના કરવો એવું શીખ્યો છું. (૨૩). હંમેશાં છલોછલ (પૂર્ણ) રહેતો સમુદ્ર વર્ષાઋતુમાં (પાણીથી ઊભરાતી) નદીઓ મળવા છતાં હર્ષથી ગાંડો થઇને માઝા મૂકતો નથી (મર્યાદા ઓળંગતો નથી)④ અને ઉનાળામાં પાણી ભરેલી નદીઓ નથી મળતી તો સુકાતો પણ નથી અને હંમેશાં ગંભીર બનીને રહે છે. તે રીતે સાધકે પોતાનો ધર્મ પાળીને સ્વસ્થ અને સારી રીતે ધીરજ રાખીને રહેવું. એમ હે રાજા ! તું જાણ. (૨૪-૨૬). ભોગ આવી મળે ત્યારે ચિત્તમાં પ્રસન્નતા લાવવી નહિ અને ભોગ ના મળતાં લાચાર થવું નહિ. હંમેશાં એકસરખું રહેવું. (જીવવું.) (૨૭). સુખ સમયમાં ફૂલી ન જવું (અભિમાની ન થવું) અને દુ:ખમાં ઉદાસ નહિ થવું. દરેક રીતે પ્રસન્ન ચિત્તવાળા થઇને રહેવું.④A (૨૮).

સમુદ્ર કેટલો ઊંડો છે અને એમાં કેટલાં રત્નો છે એનો તાગ પ્રયત્ન કરવા છતાં પણ કોઇ ક્યારેય જાણી શક્યું નથી. (૨૯). એ જ રીતે સુજ્ઞ પુરુષે પોતાના ગુણો તથા જ્ઞાનની ગંભીરતાનો પાર કોઇને પામવા દેવો જોઇએ નહિ. (૩૦).

સાધકે સમુદ્રની જેમ નિર્વિકાર અંતરમાં અંદર અને બહાર પ્રસન્ન રહીને હંમેશાં અપરાજિત થઇને રહેવું. (૩૧). જે માનવી પાંચે ઇંદ્રિયો દ્વારા પાંચે વિષયોનું અખંડ સેવન કરે છે તેને મરેલો જ જાણવો એમાં કોઇ શંકા નથી.⑤ (૩૨). પતંગિયું વગેરે (મૃગ, હાથી, માછલી અને ભમરો) પાંચ ગુરુથી શીખીને હું વિષયો ત્યાગીને સ્વસ્થતાથી રહું છું. (૩૩). ઘસઘસાટ (ગાઢ) ઊંઘમાં માણસ જેમ વિષયો નથી જાણતો તેમ જાગૃત અવસ્થામાં પણ વિષયો છૂટી જાય તો કોણ ભવબંધનમાંથી ન છૂટે? ⑥ (૩૪). સ્ત્રીનું સુંદર રૂપ અને વિલાસિતા વગેરે જોઇને જે મોહમાં ફસાય છે તે પતંગિયાંની જેમ મૃત્યુ પામે છે. (૩૫). પ્રજ્વલિત દીવાની જ્યોતિ જોઇને, એના રૂપથી મોહિત થઇને આગમાં ઝડપથી પડીને પતંગિયું મરી જાય છે. તે રીતે નવયૌવના સ્ત્રીને જોઇને જે મોહમાં પડે છે તે હાથે કરીને મોતને આમંત્રણ આપે છે એમાં કોઇ શંકાને સ્થાન નથી.⑦ (૩૬-૩૭). વસ્ત્ર અને અલંકારો છોડીને તેમજ શણગાર કાઢી નાંખીને પછી સ્ત્રીને જોઇએ તો એનો દેહ પ્રેત (મુડદાં) જેવો બીક લાગે તેવો (અસાર) નથી લાગતો? (૩૮). એવા મળ અને મૂત્રથી ભરેલા, હાડકાં અને માંસના ગોળાને નજરે જોયા પછી પણ માણસ એમાં કેવી રીતે મોહ પામી શકે? (૩૯). (શરીરમાં પડતાં) ચાંદાં જેવું એ દુર્ગંધીનું સ્થાન છે. એમાં પણ સુખ મળતું હોય તો પછી કીડો જ શું કામ ન થવું? (૪૦). એ વાત જ જવા દો કારણ કે એ યાદ આવવાથી જ કમકમાટી છૂટી જાય છે. માટે એવા હલકટભર્યા વિષય સુખને છોડીને હું સ્વાનંદના સાગરમાં સોહં શબ્દની ગર્જના સાથે હંમેશાં ડૂબી રહું છું. (૪૧-૪૨). આમ પતંગિયું એ અગિયારમો ગુરુ છે. ભમરો અને મધમાખી એ બારમો ગુરુ છે. (૪૩).

ભમરાના મનમાં સુગંધમાં રમવાનું ભારે આકર્ષણ છે. એ આકર્ષણ વશ એ કમળ પર જઇને બેસે છે. (૪૪). સૂર્યથી ખીલતું એ કમળ સૂર્યાસ્ત સમયે બિડાઇ જાય છે. પરિણામે બંધનમાં પડીને એ મરી જાય છે. (૪૫). લાકડાના મોટા મોટા પાટડા (લાકડાનો પહેરેલો પાસાદાર ભારટિયો) કોરી નાંખવાની શક્તિ ધરાવનાર ભ્રમર માટે કમળનો શું હિસાબ? એમ છતાં સુગંધમાં મોહ પામીને, બંધનમાં પડીને એ મૂઢની જેમ મરે છે. માટે ગંધની આસક્તિથી હું દૂર રહું છું. (૪૬-૪૭).

સુજ્ઞ ભમરો એક જ કમળ પર હંમેશાં ક્યારે પણ બેસતો નથી. અનેક (કમળ) પર ફરીને એ સુગંધની મોજ માણે છે. (૪૮). એ જ રીતે મુમુક્ષુએ પણ અનેક શાસ્ત્રોનો અભ્યાસ કરીને બધામાંથી સાર સાર લઇ લેવો, પણ ક્યાંયે બંધાવું નહિ. (૪૯). વધારે રસ ચૂસવાના લોભમાં એક જ કમળ પર ઠરી જતાં, એ કમળ બિડાઇ જતાં ભમરો મરી જાય છે.(૮) (૫૦). કદાચ એક જ સ્થળે વિધવિધ સ્વાદ સંતોષવાનું મળે તો તેનાથી પણ આસક્તિ વધીને તે બંધનમાં પાડે છે. (૫૧). આને લીધે જ મુમુક્ષુએ રસાસ્વાદમાં લપટાઇને એક જ સ્થળે પડી રહેવું જોઇએ નહિ. (૫૨). હંમેશાં ઇશ્વરનું પ્રેમપૂર્વક ધ્યાન કરવું જેથી તેને ક્યારે પણ જન્મ મૃત્યુ વિઘ્નરૂપ બનતા નથી. (૫૩).

હું આ ભમરા પાસેથી શીખ્યો. મધમાખી પાસેથી જે સાર લીધો તે હું તને કહું છું તે તું સાવધાનીપૂર્વક સાંભળ. (૫૪). અનેક પ્રકારનાં દુ:ખો વેઠી (સહન કરી)ને ઊંચી જગ્યાએ કોઇ વિકટ સ્થળે એ મધમાખી કષ્ટ સહન કરીને મધનો સંગ્રહ કરે છે. એ પોતે (મધ) ખાતી પણ નથી અને કોઇને ખાવા દેતી પણ નથી અને મહેનત કરીને એનું રક્ષણ કરે છે. (૫૫-૫૬). આમ છતાં માણસો મધપૂડાની નીચે (ધુમાડો) ધૂણી કરી, મધપૂડાને પાડીને મધ લઇ લે છે અને મધમાખી હાથ ઘસતી રહી જાય છે. (૫૭). એ રીતે કૃપણ (મખ્ખીચૂસ કંજૂસ) દુ:ખ વેઠીને ધન એકઠું કરીને ન ખર્ચે કે ન દાન આપે અને એ રીતે તે દુ:ખી થાય છે. (૫૮). આવા કૃપણનું ધન કાં આગથી નાશ પામે છે અથવા રાજા લઇ લે છે કે ચોર ચોરી કરી જાય છે અથવા અનીતિવાળો પુત્ર પાકતાં એ ખરાબ રસ્તે વેડફી નાંખે છે. કદાચ એ પુત્ર વગર મરી જાય તો, અરેરે ! દાટેલું ધન ત્યાંને ત્યાં જ રહી જાય છે અને બીજાં સગાં વારસદાર થાય છે. (૫૯-૬૦). અંતકાળમાં એની વાસના પૈસામાં રહી જતી હોવાથી એ કૃપણ છેવટે ભૂત કે સાપ થાય છે. (૬૧). આ રીતે અનર્થની પરંપરા કદી પણ છૂટતી નથી. ધનનો સંગ્રહ કરવાથી દરેક પ્રકારની દુર્ગતિ થાય છે.(૯) (૬૨). મધમાખીથી આ જાણીને હું કોઇ વસ્તુનો સંગ્રહ કરતો નથી અને મળેલું બધું જ આનંદપૂર્વક આપી દઇને અકિંચન થઇને રહું છું. (૬૩).

હાથીને તેરમો ગુરુ કરીને મેં એવો સુબોધ લીધો કે જે કોઇ સ્ત્રીને વશ થાય છે તે અચૂક બંધનમાં પડે છે. (૬૪). હે રાજા ! પોતાની કે પારકી સ્ત્રીની પ્રીતિ છેવટે બંધનકારક નીવડે જ છે એમ તું નિશ્ચિતરૂપથી જાણ. (૬૫). મદોન્મત હાથી એ તદ્દન અજેય હોય છે. એક સિંહને બાદ કરતાં એ કોઇને ગાંઠતો નથી. (૬૬). એને વશ કરવા માટે લોકો ચારે બાજુથી ઊંડો ખાડો ખોદીને પછી યુક્તિપૂર્વક ઘાસ અને પાંદડાથી તેને ઢાંકી દઇને, એના પર હાથીના ચામડાથી ઢાંકેલી લાકડાની હાથણી રાખે છે. એ લાકડાની હાથણીને જોઇને કામાંધ થઇને હાથી વિષયાસક્ત થઇને ઝડપથી દોડી જાય છે અને પરિણામે વિષય લાલચમાં એ ખાડામાં જઇને પડે છે. એના હાડકાં નરમ થતાં લોકો ત્યાં જઇને એના પગમાં લોખંડની બેડી (સાંકળ) નાંખી દે છે.(૧૦) (૬૭-૭૦).

જો લાકડાની હાથણી બંધનમાં પાડી શકતી હોય તો માંસવાળી (જીવતી સ્ત્રી) શું ના કરી શકે? માટે હે રાજા ! તું સાવધાન થઇ જા. (૭૧). પોતાના સુખ માટે સ્ત્રી પુરુષને મોહમાં નાંખીને આખરે નરકમાં લઇ જાય છે. (૭૨). કામવશ થઇને અંદરો અંદર લડીને હાથી જેમ મૃત્યુના મુખમાં પડે છે તેમ કુલટા સ્ત્રીના મોહમાં ફસાઇને માણસ (પુરુષ) પણ જાતે ખુવાર થાય છે અને કમોતે મરે છે. (૭૩-૭૪). સ્ત્રી દૃષ્ટિથી ચિત્ત, સ્પર્શ દ્વારા બળ અને સંભોગથી વીર્ય

હરે છે. ખરેખર ! સ્ત્રી એ જીવતી ડાકણી છે. (૭૫). ભરયુવાનીમાં પણ જે સ્ત્રીના પ્રેમપાશમાં ફસાતો નથી તેને ધન્ય છે. આવો નર એ સાચો વીર છે. (૭૬). સ્ત્રી અને રાત્રિને સાથે જોતાં કામી પુરુષ ભૂત સમ નાચે છે. જ્યારે યોગી સિદ્ધાસન પર બેસીને સાવધાન થઇને (જાગતો રહીને) પવિત્ર રહે છે. (૭૭). હું પણ હાથી પાસેથી આ શીખીને સ્પર્શની આસક્તિનો ત્યાગ કરીને તદ્દન વિરક્ત થઇને બેઠો છું. (૭૮).

યોગાભ્યાસમાં જે હંમેશાં ધ્યાનમાં જ રચ્યોપચ્યો (રત) રહેતો હોય અને ઉત્સાહપૂર્વક તપશ્ચર્યા કરતો હોય અથવા વિદ્યાપ્રાપ્તિમાં લાગી રહ્યો હોય તેણે ગૃહસ્થના ઘરેથી તૈયાર અન્નની ભિક્ષા માગી લાવી હંમેશાં સંતોષથી રહેવું. (૭૯-૮૦). મધમાખીઓ દુ:ખ સહીને (વેઠીને) મધ એકઠું કરે છે. એ મધને સુજ્ઞ એવો મધ હરણ કરનાર (વાઘરી) એકાએક આવીને લઇ લે છે. (૮૧). કોઇ પણ જાતની મહેનત કર્યા વગર મધુહા (મધ હરનાર) જેમ મધ મેળવે છે તેમ સાધકે પણ પેટ ભરવા માટે (ભૂખ સંતોષવા માટે) ચૂલો, ચોકો, લાકડાં, વાસણ, અનાજ વગેરેની બધી ઉપાધિ છોડી દઇને, રસોઇ કરવાની ખટપટ ત્યાગીને, ગૃહસ્થના ઘરેથી સુખેથી માધુકરી માગી લાવી, એ ખાઇને પછી હંમેશાં શાંતિથી (સુખથી) સાધના કરવી. (૮૨-૮૪). આ પ્રમાણે સમય (વખત) અને શક્તિનો બચાવ કરીને એનો ઉપયોગ તેમણે પ્રભુ ભજન માટે કરવો એમ તું માન. (૮૫). રાંધવાની આળસે ભિક્ષા માગી લાવીને જો એ નિદ્રા અને પ્રમાદમાં એનો સમય પસાર કરે તો એ આખરે નરકમાં જાય છે. (૮૬). આ માધુકરી જે હંમેશાં ધ્યાન નિષ્ઠ રહે છે તેને જ પચે છે. એટલે એમાં ચેન ચાળા કરવા નહિ. (૮૭). આવી માધુકરીથી જે યોગીજન પોતે તરીને યજમાનને પણ તારે છે તેને ધન્ય છે. એ ખરેખર દેવસમાન છે. (૮૮). ચૌદમા ગુરુ મધ હરનાર પાસેથી હે સુજ્ઞ રાજા ! મેં આ બોધ લીધો. પંદરમો ગુરુ હરણ (મૃગ) છે. (૮૯).

જેમ હાથી સ્પર્શ સુખના વિષયમાં મરે છે તેમ મૃગ શબ્દ સુખના વિષયમાં લોભાઇને પોતાના હાથે પોતાના પ્રાણ ગુમાવે છે. (૯૦). પવન સમાન જેની ઝડપ છે અને પકડવાનો પ્રયત્ન કરવા છતાં જે પકડાતો નથી તે મૃગ નાદ (અવાજ) માં લોભાતાં સહેલાઇથી પકડાઇ જાય છે. (૯૧). જંગલમાં જે સ્થળે કસ્તુરી મૃગ વસતાં હોય તે સ્થળે કપટી શિકારી જઇને, વીણા, સારંગી જેવાં વાજીંત્રો વગાડીને કોમળ અને મધુર સ્વરેથી આલાપ સહિત સરસ મઝાનું ગીત ગાય છે. એ ગાનમાં મુગ્ધ બનીને, બધું ભાન ભૂલીને એ સાંભળવા માટે મૃગ ત્યાં દોડી આવે છે. સંગીતમાં તલ્લીન થઇ જતાં જ પારધી (મૃગયુ) એને પકડીને, મારી નાંખી એની નાભિ (ડૂંટી) માંથી તરત જ કસ્તૂરી કાઢી લે છે. (૯૨-૯૫).

એ જ રીતે સ્ત્રીના ગાનમાં લોભાઇને જે માનવી ધન અને યુવાની વેડફી દે છે તે ખુવાર થઇ જાય છે. (૯૬). માટે શબ્દ-વિષય ઘાતક (મારનાર) છે એવું નિશ્ચયપૂર્વક માની, એના મોહને છોડીને, તન-મનનું ભાન ભૂલીને સદા સર્વદા ભાવથી ભગવત્કીર્તન કરવું જેથી આ ભવબંધન ત્રાસરૂપ ન નીવડે અને માનવી મુક્ત થઇ જાય. (૯૭-૯૮). અનાહત નાદ સાંભળીને એમાં લીન થવું (તન્મય થવું), જેથી પછી બીજું કશું સાંભળવાનું બાકી ન રહે. (૯૯). આ હું મૃગ પાસેથી શીખ્યો. સોળમો ગુરુ માછલી (મીન) પાસેથી જે બોધ ગ્રહણ કર્યો તે કહું છું તે તું સાંભળ. (૧૦૦).

પાણીની અંદર, પોતાની ઇચ્છા મુજબ જે હંમેશાં બધી તરફ જઇ શકે છે અને જે પવનની જેમ દોડે છે તે માછલી જીભની લોલુપતાને લીધે બંધનમાં સપડાય છે. માંસવાળો ગલ (લોખંડના તારમાં ભરાવેલું મરેલું અળસિયું) નાંખીને માછીમાર તેને (જાળમાં) પકડે છે. માંસના સ્વાદની લોલુપતામાં, માછલી ગલ ગળતાં એ ગલ એના મોંમાં ભરાઇ જાય છે અને માછલી છેવટે તરફડીને મરી જાય છે. ખરેખર સ્વાદની લોલુપતા મોત નોતરનારી છે. (૧૦૧-૧૦૩). એ જ રીતે જે માનવી રસાસ્વાદના વિષયમાં લોલુપ થાય છે તે માણસ કદી પણ સંસારથી છૂટતો નથી. (૧૦૪). રસાસ્વાદ યાદ આવતાંની સાથે જ મોંમાં પાણી છૂટી જાય અને નાકથી સુગંધ લેતાં ચિત્ત અશાંત (ચંચળ) થઇ જાય અને

જીભને સંતોષવા માટે બેશરમ થઇને ઘર-ખેતર, દીકરા-દીકરી બધું વેચી દે છે તો પણ એ રસના (જીભ) રસથી તૃપ્ત થતી નથી. સાચે જ લૂલી બધાને પરવશ બનાવે છે. ખરેખર એને જીતવાનું ઘણું કપરું છે.[૧૧] (૧૦૫-૧૦૭). આ બધા રસને પારખનારી માત્ર ચાર આંગળ લાંબી જીભ આગળ વીર અને પરાક્રમી પણ હારી જાય છે. શત્રુઓની સભાને પણ (પોતાની વિદ્વત્તાથી) જીતનાર મહાન વિદ્વાન પણ (જીભ આગળ) હારી જાય છે અને જીભના દાસ (ગુલામ) થઇ જાય છે. આ જીભથી પ્રભુ બચાવે. (૧૦૮-૧૦૯).

જો જીભને જીતી ન શકાય તો અન્ય ઇંદ્રિયો પણ કોઇ પ્રકારે જીતી શકાતી નથી એ તું નિશ્ચિતરૂપથી માન. (૧૧૦). ઇંદ્રિયો બહેકવાથી નરકમાં પાડે છે અને જન્મ મરણનું ચક્કર છૂટતું નથી. માટે મુમુક્ષુએ પ્રયત્નપૂર્વક ધીમે ધીમે યુક્તિપૂર્વક જીભ પર કાબૂ મેળવવો. રસ જીત્યો તો બધું જીત્યો એ સૂત્ર સનાતન છે. રસના (જીભ) પોતાને વશ થતાં, બધી ઇંદ્રિયો પણ વશ થઇ જશે અને એના પરિણામે આખું જગત તમારે વશ થઇ જશે અને તમારો જયજયકાર થશે. રસાસ્વાદની લોલુપતા ઓછી કરવી એ તું સ્વીકાર. આગળ ઉપર સત્તરમો ગુરુ સાચે જ વેશ્યા છે. (૧૧૧-૧૧૪). અલખ નિરંજનને કહે છે કે બધે એક જ રંગ છે. દ્વૈતનો નાશ થતાં એનામાં ભેદદષ્ટિ (ઊંચ-નીચની દષ્ટિ) રહેતી નથી. (૧૧૫).

શ્રી દત્તપ્રભુનાં ચરણકમળના ભ્રમર એવા બ્રહ્મચારી પાંડુરંગ (રંગ અવધૂત)મહારાજ દ્વારા રચિત શ્રીગુરુલીલામૃતનો અલખ અને નિરંજનના સંવાદરૂપે **'અવધૂત યદુ સંવાદ'** નામનો **ચોપનમો** અધ્યાય સમાપ્ત થયો.

●

### પાદટીપ :

### અધ્યાય : ૫૪

(૧) દોહરા ૧, ૨ અને ૩ સમજવાથી ઘણા પ્રશ્નો ઊકલી જાય છે. માણસ સુખ માટે હવાતિયાં મારે છે પણ એને મળે છે દુ:ખ. આ એક સમજ. બીજું જેમ આપણે ઇચ્છતા નથી છતાં દુ:ખ આવી મળે છે એ જ રીતે આપણે ન ઇચ્છીએ તો પણ, પ્રયત્ન ન કરીએ તો પણ સુખ આવીને મળે જ છે. એ બીજી સમજ અને ત્રીજી સમજ એ કે આ સુખ અને દુ:ખ આપણી ઇચ્છાથી પણ નહિ, પ્રયત્નથી પણ નહિ પરંતુ પૂર્વજન્મના કર્માનુસાર આવીને મળે છે. ગરીબ કુટુંબનો છોકરો વડોદરાના સયાજીરાવ ગાયકવાડ બને તે કેવળ પ્રારબ્ધાધીન જ ગણાય.

(૨) આપણે સામાન્ય રીતે જેને સુખ માનીએ છીએ તે ઇંદ્રિયજન્ય સુખ છે. એ સુખ નથી, સુખનો આભાસ માત્ર છે. આવું ઇંદ્રિય દ્વારા મળતું સુખ પ્રાણીને દરેક યોનીમાં એક સરખું મળી રહે છે. પૈસાદાર શેઠિયાને દસમણની તળાઇ પર આળોટવાથી જેટલો આનંદ મળે છે એટલો જ આનંદ ગધેડાને ઉકરડા પર આળોટવાથી મળે. ઇંદ્રને ઇંદ્રાણીથી મળતું સુખ અને કૂતરાને કૂતરીથી મળતું સુખ એક સરખું છે. આ સાચું સુખ નથી કારણ કે એ પરતંત્ર છે, બીજા ઉપર આધારિત છે. સાચું સુખ તો વ્યક્તિમાં જ રહેલું છે કારણ કે આત્મા પોતે જ આનંદ સ્વરૂપ છે. આત્મરત, આત્મક્રિડ, આત્માનંદ(નિજાનંદ) શબ્દો સાચા સુખની ઓળખ આપે છે.

૧૫

(૩) અજગર કરે ન ચાકરી, પંછી કરે ન કામ,
દાસ કબિરા યું કહે, સબકા દાતા રામ.

(૪) આપૂર્યમાણમચલપ્રતિષ્ઠં સમુદ્રમાપ: પ્રવિશન્તિ યદ્વત્ |
તદ્વત્કામા યં પ્રવિશન્તિ સર્વે સ શાન્તિમાપ્નોતિ ન કામકામી ||
(ગીતા. અ.૨/શ્લોક ૭૦)

અર્થ: જેવી રીતે નદીઓના પ્રવેશથી ચારે તરફ જળથી પરિપૂર્ણ સમુદ્ર ભરાતો હોવા છતાં પોતાની મર્યાદામાં અચળ અને પ્રતિષ્ઠિત રહે છે (માઝા મૂકતો નથી) તેવી જ રીતે જે મનુષ્યમાં સર્વ વિષયો વિકાર રહિત સમાઇ જાય છે તે જ મનુષ્ય પરમ શાંતિ પામે છે, નહિ કે જે વિષયોને ભોગવવા મથે છે.

(૪)A સુખ સમે છકી નહિ જવું, દુ:ખમાં ન હિંમત હારવી,
સુખ દુ:ખ સદા ટકતાં નથી, એ નીતિ ઉર ઉતારવી.

(૫) કુરંગ માતંગ પતંગ ભૃંગ- મીના હતા: પંચભિરેવ પંચ |
એક: પ્રમાદી સ કથં ન હન્યતે ય: સેવતે પંચભિરેવ પંચ ||

(૬) આ દોહરો વિચારવા જેવો છે. જાગૃત, સ્વપ્ન અને સુષુપ્તિ પૈકી જાગૃત અવસ્થામાં સ્થૂળ દેહથી અને સ્વપ્નાવસ્થામાં સૂક્ષ્મ દેહથી જીવ ભોગ ભોગવે છે. સુષુપ્તિમાં આવો દેહ સંબંધ અને ભોગ સંબંધ રહેતો નથી તેથી જીવ પરમાનંદમાં ડૂબે છે. ગાઢ ઊંઘમાં માણસને વિષયોનું જ્ઞાન રહેતું નથી તેથી તે પરમ આનંદ અનુભવે છે. પણ એ જાગૃત થતાં પાછો વિષયમાં લપટાય છે. જો જાગ્યા પછી પણ એ વિષયો છૂટી જાય તો એ મુક્તિ પામીને પરમાનંદની સ્થિતિનો અનુભવ કરે છે.

(૭) દીવાઝાળ વિષે જઇ પડે મૃત્યુ તણા પાશમાં,
એવું જંતુ પતંગિયું પણ ખરે ! મોહ્યું જુઓ રૂપમાં.

(૮) ગંધે ભૃંગ અભંગ દંગ થઇને વાસો સરોજે કીધો,
રાત્રીએ સુખ ચેનથી જઇ રહું, કીધો ખરો મનસૂબો.
ઓરે ! ભૂલ કરી ખરી, હઠ કરી, બિડાઇ ગઇ પાંખડી,
ને ભમરો ભ્રમનો ભરેલ ભૂલથી મૃત્યુ વર્યો આ ઘડી.

(૯) ૫૮ થી ૬૨ સુધીના દોહરા યાદ રાખવા જેવા છે. ધન એક સાધન છે. પરંતુ એ સાધન બીજા માટે વાપરવું જોઇએ તો જ એની સાર્થકતા છે. જે કૃપણ ધન એકઠું જ કર્યા કરે છે અને બીજાને માટે તો નહિ પણ પોતાને માટે પણ વાપરતા નથી, એવા કૃપણના ધનની અને કૃપણની બંનેની અવદશા થાય છે. એનું ધન આગમાં બળી જાય- અથવા રાજા જપ્ત કરી લે અથવા ચોરો ચોરી જાય અથવા અનીતિમાન પુત્ર વેડફી નાંખે. જો પુત્ર વગર મૃત્યુ પામે તો એ કૃપણ ભૂત થાય કે સાપ થાય. આવી વ્યક્તિનું ધન આપણા ઘરમાં ના આવે એની ખાસ કાળજી રાખવી જોઇએ.

(૧૦) મોહ્યું શબ્દ વિષે કુરંગુ હરણું, તીરે હણાયું અરે !
ને સ્પર્શે સપડાઇ જાય પળમાં માતંગ-હાથી ખરે !

(૧૧) ના, ના છે રસ ના છતાંય રસના રાતી રહે રંગમાં,
કંઠે શૂળ સમૂળગી ગઇ ખૂંચી, રે ! રે ! મીનના અંગમાં.

જીભમાં હાડકું હોતું નથી એટલે એ લૂલી છે. એને જેમ વાળીએ તેમ વળે. જીભ એ બધી ઇંદ્રિયોની મુખ્ય સ્વીચ (**Main switch**) છે. જેવું અન્ન તેવું મન અને અન્ન તેવો ઓડકાર એ કહેવત ધ્યાનમાં રાખી સાધકે ગમે ત્યાં, ગમે તેના હાથનું, ગમે તેવું, ગમે તેટલું, ગમે ત્યારે ન ખાવું જોઇએ. જીભને વશ કરવી એટલે ખાવાની બાબતમાં અને બોલવાની બાબતમાં પણ.

મિતાહારી થવું અને સાત્ત્વિક ખોરાક લેવો એવું તો ગીતા પણ પુકારીને કહે છે.

●

## અધ્યાય : ૫૫

આ અધ્યાયનું નામ 'યદૂદ્ધરણ' છે. આ અધ્યાયમાં ૧૪૯ દોહરા છે.

આ અધ્યાયમાં વેશ્યા, ટિટોડી, બાળક, કુમારી કંકણ, સાપ, બાણ બનાવનાર, ભમરી અને કરોળિયો એવા આઠ ગુરુની કથા આવે છે.

આશા એ જ દુ:ખનું મૂળ છે અને સુખ નિરાશીપણામાં છે એવું હું પિંગળા નામની વેશ્યા પાસેથી શીખ્યા.

સંગ્રહ એ દુ:ખનું કારણ છે. માટે સુજ્ઞ પુરુષે સંગ્રહ કરવાનું છોડી જે મળે તેનાથી સંતોષ માનીને રહેવું એવું ટિટોડી પાસેથી શીખ્યા.

કુમારિકાનાં કંકણ (બંગડી) પાસેથી દત્તપ્રભુએ એ બોધ લીધો કે મુમુક્ષુએ હંમેશાં સંગ ત્યજીને, એકલા રહીને સાધન કરવું.

સાપને ગુરુ કરીને એ શીખ્યા કે એક જ જગ્યાએ હંમેશાં રહેવું નહિ, કોઇની સાથે ન રહેતાં એકલા રહેવું, અવાજ કર્યા વગર રહેવું અને પોતાનું ઘર ન બાંધતાં, કોઇએ બાંધેલા ઘરમાં પડી રહેવું.

આસન સિદ્ધ કરી, શ્વાસોચ્છવાસ પર કાબૂ મેળવી, વૃત્તિ એકાગ્ર કરવી અને તે દ્વારા ધ્યાન કરવું એવું શરકાર (બાણ ઘડનાર) પાસેથી શીખ્યા.

ઇશ્વરનું સતત ચિંતન કરવાથી જીવ પોતે બ્રહ્મ થાય છે એવું હું ભમરી અને કીડાના પ્રસંગમાંથી શીખ્યા.

કરોળિયો પોતે, પોતાની નાભિમાંથી તંતુ કાઢીને જાળું બનાવે છે અને છેવટે એ જાળને પોતાનામાં જ સમાવી લે છે. એ જોઇને ઇશ્વરે કરેલી જગતની રચના અને તેનું પ્રલય કાર્ય જાણ્યું.

આ દેહને ભાડાની ગાડી ગણી જરૂર પૂરતું જ અન્ન આપવું અને વૈરાગ્ય દ્વારા એને ઇશ્વર પ્રાપ્તિનું સાધન બનાવવું.

યોગીવર દત્ત દિગંબર ફરી પાછા બોલ્યા કે હે યદુ ! વેશ્યા પાસેથી મને જે બોધ મળ્યો તે તું સાંભળ. (૧). જે એક પુરુષ સાથે લગ્ન નથી કરતી પરંતુ પૈસાના લોભથી જે રોજ રોજ નવો ધણી કરે તેને વેશ્યા (વારસ્ત્રી) કહેવામાં આવે છે. એ (વેશ્યા) ખરેખર ! કાળી નાગણ છે જે હસીને કરડે છે. (૨-૩). એ તદ્દન લંપટ હોવાથી એને સ્વપ્નમાં પણ લજ્જા એટલે શું તેની સમજ નથી. પવિત્રતા શું છે તે જાણતી નથી અને એ દુરાચારની ખાણ છે. (૪). જે માનવી આંધળો ભીંત થઇને એવી વેશ્યાને વશ થાય છે તે બન્ને જગાએથી ભ્રષ્ટ થાય છે અને તેનું અધ:પતન થાય છે. (૫).

પહેલાનાં સમયમાં વિદેહ નગરમાં પિંગલા નામની એક રતિ (કામદેવની પત્ની) જેવી અતિ સુંદર વેશ્યા હતી. (૬). સોનાની વેલની જેવી એની કોમળ કાયા હતી, ચંદ્ર જેવું મુખારવિંદ હતું, હરણના જેવી આંખો હતી અને એકદમ યુવાન હતી. (૭). એનું આવું અનુપમ સૌંદર્ય જોતાંવેત (જોતાંની સાથે)જ શ્રીમંત પુરુષ હોય કે કંજૂસ પુરુષ હોય પણ કામબાણથી વીંધાઇ જતો. (૮). કેટલાયે કામી (લંપટ) લોકોની બુદ્ધિ બગડી અને રોજ રોજ નવા પુરુષો આવીને એના મોહપાશમાં સપડાતા હતા. (૯). નૃત્ય અને સંગીતથી તેમને મુગ્ધ કરીને નેત્ર કટાક્ષથી તેમને વીંધીને પોતાને વશ કરી લેતી હતી. પુરુષ જેવો ફસાય તેવો જ એનાં ધન અને યુવાની બંને ખંખેરી લેતી અને પછી એને નિચોવીને, ખાલી ખોખું કરીને કાઢી મૂકતી. (૧૦-૧૧).

આમ છતાં વેશ્યા મનથી તૃપ્ત થતી ન હતી. નસીબજોગે એક દિવસ ત્યાં (એની પાસે) કોઇ આવ્યું નહિ.(૧૨). સોળે શણગાર સજીને એ બારણા પાસે ઊભી રહી અને શોખીનને જોઇને આંખના ઉલાળા (કટાક્ષ) કરતી હતી. (૧૩). એ (વેશ્યા) આમ તેમ આઘી પાછી થતી હતી, છતાં પણ કોઇ આવ્યું નહિ. છેવટે મનમાં નિરાશ થઇ ગઇ. (૧૪). કંટાળીને પથારીમાં જઇને પડી પરંતુ ઊંઘ આવી નહિ. સદ્‌નસીબે એના મનમાં વિવેક જાગ્યો. (૧૫).

એ વૈરાગ્યયુક્ત થઇને મનમાં વિચારવા લાગી કે મારા જેવી કમભાગી અને દુરાચારિણી સ્ત્રી આ જગતમાં બીજી કોઇ નથી. (૧૬). અરેરે ! મને ધિક્કાર છે ! કેવળ દ્રવ્યના લોભે, આંધળી થઇને મેં મારું આ શરીર અનેક લોકોને અર્પણ કર્યું ! (૧૭). રત્ન સમાન આ માનવદેહ પામીને મેં પુણ્યનું એક પણ કામ કર્યું નથી. માટે હે મન ! હવે પસ્તાવો કરી, પૂર્વના દુર્ગુણો છોડીને સાવધાન થઇ જા. (૧૮-૧૯). આ વિશ્વના આધારરૂપ મહેશ જે સઘળે વ્યાપી રહ્યો છે તેની સાથે જો સંબંધ બાંધ્યો હોત તો કોઇ દિવસ આવો કલેશ કરવાનો દિવસ આવત નહિ. (૨૦). એવા અવિનાશી પતિને છોડીને હું નશ્વર અને ગમાર પતિને ઇચ્છું છું. અરે ! મને ધિક્કાર હો ! આ શરીરને ધિક્કાર હો ! અરે ! સાચે જ આ તૃષ્ણાને પણ ધિક્કાર હો ! (૨૧). મનમાં આવું વિચારને કહેવા લાગી કે હે પતિતોદ્ધારક દેવ ! હું મારા ખરાબ કૃત્યોની માફી માગું છું. (૨૨). હે પ્રભુ ! હું હવે તારી જ સ્ત્રી છું. તારા વિના હવે હું બીજા કોઇની સાથે આનંદ મેળવવા સંબંધ નહિ રાખું એવું મેં મનથી દૃઢપણે નક્કી કર્યું છે. (૨૩). આવું કહીને પછી પ્રભુનું ચિંતન કરતાં તે પિંગળા આશા ત્યજીને તરત જ નિદ્રાધીન થઇ ગઇ. (૨૪).

જ્યાં સુધી મનમાં આશા હોય છે ત્યાં સુધી સ્વસ્થ ઊંઘ આવતી નથી. હંમેશાં નિરાશામાં જ સુખ છે એવું જાણીને હું આનંદમાં પડી રહું છું. હે રાજા ! વેશ્યા પાસેથી આ અમૂલ્ય ઉપદેશ (બોધ) મને મળ્યો છે.① (૨૫-૨૬).

જેમ આશા એ દુ:ખનું મૂળ છે તે જ રીતે વસ્તુનો સંગ્રહ કરવો એ પણ દુ:ખનું મૂળ છે એવું મેં અઢારમી ગુરુ ટિટોડી પાસેથી જાણ્યું. (૨૭). એક દિવસ પાંચ-પચીસ ટિટોડીઓ ભેગી થઇ અને મહેનત કરીને ક્યાંકથી ખાવા માટે માંસ લઇ આવી. (૨૮). બધી ટિટોડીઓએ સરખે ભાગે વહેંચી લીધું પછી એક સિવાયની બધી જ ટિટોડીઓ તરત જ (માંસ) ખાઇ ગઇ. પરંતુ તેમાંથી એક ટિટોડીએ તે ન ખાતાં સંઘરી રાખ્યું. (૨૯). એના ભાગનું માંસ એની પાસે જોઇને, બીજી ટિટોડીઓએ કહ્યું કે તેં આ માંસ ચોરી છૂપીથી રાખ્યું છે એટલે અમોને પણ આપ. (૩૦). પેલીએ કહ્યું કે આ તો મારા ભાગનું છે પણ કોઇ સાંભળવા તૈયાર ન હતું. બધીએ પેલીને ચાંચો મારી મારીને બેહાલ કરી નાંખી. (૩૧). આ બાજુ એ એકલી હતી અને બીજી બાજુ બાકીની બધી હતી. એટલે એનું કંઇ જોર ચાલે એમ હતું નહિ. એણે વિચાર્યું કે નકામો માર ખાઇ ખાઇને શું કામ પ્રાણ ગુમાવવા? (૩૨). મનમાં એવું વિચારીને એણે પોતાની ચાંચમાંથી માંસ છાંડી દીધું અને પરિણામે મોતથી બચી ગઇ. (૩૩).

આવું જોઇને મેં મનોમન દૃઢ નિશ્ચય કર્યો કે સંગ્રહ એ જ દુ:ખનું મૂળ હોવાથી સમજુ માણસે દરેક પ્રકારે સંગ્રહ ત્યજી દઇને, અગ્નિની જેમ જે કાંઇ આવીને મળે તેમાં સંતોષ માનીને સુખેથી રહેવું. (૩૪-૩૫). સંગ્રહ કરનારનું મન હંમેશાં સંઘરેલી વસ્તુમાં જ રહેતું હોવાથી સ્થિર ધ્યાન કરી શકતો નથી. (૩૬). હે રાજા ! આ રીતે વિવકબુદ્ધિથી સંગ્રહવૃત્તિનો ત્યાગ કરીને હંમેશાં નિષ્કામ થઇને અપરિગ્રહવૃત્તિથી રહેવું, એવું હું ટિટોડી પાસેથી શીખ્યો. ઓગણીસમા ગુરુ બાળક વિષે તું આગળ ઉપર સાંભળ. (૩૭-૩૮). બાળક પોતાની મસ્તી (નિજાનંદ)માં મોજથી ધૂળમાં રમે છે. એ કાદવ-કીચડ કે સુગંધ, પરિમલ એવું કંઇ જાણતો નથી. (એને મન બધું સરખું જ છે.) (૩૯). કોઇ એનો સત્કાર કરે અથવા કોઇ એનો તિરસ્કાર કરે તો પણ એ બાલારાજા મનમાં ઉદાસ (દુ:ખી) થતો નથી. (૪૦). એ દોરડું અને સાપને ઓળખતો ન હોવાથી એ ચિંતા-દુ:ખ કરતો નથી.એ પાપ કે પુણ્ય જાણતો નથી અને એનામાં લપટાતો નથી. (૪૧).

એને સુકાળ કે દુષ્કાળ કશાની ચિંતા નથી. ઘરમાં કઇ વસ્તુ ખૂટી ગઇ છે? કે કઇ વસ્તુ નથી? કે કઇ રીતે એ મળે? એવી કોઇ ચિંતા એને ક્યારેય પણ સ્પર્શતી નથી. એ તો સારા-માઠા પ્રસંગોમાં હંમેશાં નિર્વિકાર (તટસ્થ) થઇને જ રહે છે! (૪૨-૪૩). ખરેખર હમણાં જ મૃત્યુ થશે અથવા આફત આવી પડશે કે જગતમાં બેઆબરૂ થવાશે એવી કોઇ ચિંતા કરતો નથી. (૪૪). કેવી રીતે પૈસા મેળવું અને એને કઇ રીતે સાચવું? અને ઘરના બધાનું સુખથી પાલનપોષણ કેવી રીતે થશે એવી કોઇ ચિંતા એ કરતો નથી. એ બાળકી તદ્દન નિષ્કામ હોવાથી હંમેશાં નિશ્ચિંત થઇને મોજથી એકલો આમ રમ્યા કરે છે. (૪૫-૪૬).

મારું-તારું એવું જાણતો નથી. બધું એક સરખું ગણે છે. ભૂખ લાગે ત્યારે જે કંઇ મળે તે ખાઇ લે છે. (૪૭). હે રાજા ! આ રીતે જગતમાં જીવતાં માનવી ક્યાંયે લેપાતો નથી અને વ્યક્તિ સહજતાપૂર્વક પોતે અંતર્નિષ્ઠ બની જાય છે. (૪૮). માયામય આ સંસારમાં કોણ કોનું છે અને કોણ કોનો પરિવાર છે? ક્યાં અને કોનું ઘરબાર છે? આ સંસાર એ સાર વગરનું સ્વપ્ન છે. (૪૯). હે રાજા ! આ ચિંતાભર્યા બજાર (હાટ)માં ચિંતા વગર બીજું શું મળે એ તું મનમાં વિચારીને પછી બોલ.② (૫૦). કેવી રીતે મિષ્ટાન મળે? કેવી રીતે લોક ચાહના મળે? આ આફત કેવી રીતે દૂર થશે? ધન ધાન્યનો સારો પાક કેવી રીતે થશે? કેવી રીતે રાતો રાત લોક પ્રસિદ્ધિ મળે? અને બધે મારી ક્યારે વાહ વાહ થાય એવી ચિંતામાં જે હંમેશાં જીવે છે તે દુ:ખી (વ્યાકુળ) થાય છે અને એ સો વર્ષ સુધી શાસ્ત્ર શ્રવણ કરે તો પણ એને જંપ વળતો નથી અને એ રીતે એની વૃત્તિ કદી પણ અંતર્મુખ થતી નથી. હે રાજા ! બાળક પાસેથી આવું શીખીને, માન-અપમાન ત્યજીને, બાળકની જેમ ચિંતા છોડીને, નિજાનંદમાં નિર્ભય થઇને સદા પડી રહું છું એ વાત તું જાણી લે.③ (૫૧-૫૫). આવો અનુભવ લેવા માટે સતત અભ્યાસ કરવો જોઇએ પરંતુ એ સાધન એકાંત વિના કરવું શક્ય નથી. (૫૬).

કુમારી કન્યાનાં કંકણને વીસમો ગુરુ કરીને મેં આ મહાન તત્ત્વજ્ઞાન મેળવ્યું છે. એ તું નિશ્ચિતપણે જાણ. (૫૭). એક દૂર ગામમાં મારો એક મુકામ હતો. એક બ્રાહ્મણના ઘરમાં મેં એક અચરજ (કૌતુક) જોયું. (૫૮). પરણવા લાયક કન્યાને ઘરમાં એકલી મૂકીને માતા પિતા કોઇ કામ માટે બીજે ગામ ગયા હતા. (૫૯). એ ગરીબના ઘરે ત્યારે મહેમાનો આવ્યા. કન્યાએ જોયું તો પૂરતા પ્રમાણમાં ઘરમાં ચોખા ન હતા. (૬૦). હવે હું કેવી રીતે રાંધું? એવું વિચારીને એ તરત જ ડાંગર ખાંડવા બેઠી. (૬૧). ઘરના અંદરના ભાગમાં એ ખાંડતી હતી ત્યારે બંગડીઓ (કંકણ) ખખડતી હતી. આ અવાજથી આબરૂ જશે એવું જાણીને ડાહી કન્યાએ દરેક હાથમાં બે બે બંગડી રાખીને, બાકીની બંગડી કાઢી નાંખી. આમ કરવા છતાં અવાજ તદ્દન બંધ થયો નહિ. (૬૨-૬૩). આ જોઇને બન્ને હાથમાં માત્ર એક એક બંગડી જ રાખીને બીજી કાઢીને બહાર મૂકી દીધી ત્યારે અવાજ તદ્દન બંધ થયો. (૬૪). પછી આનંદથી એકદમ ઝડપથી ડાંગર ખાંડીને, રાંધીને મહેમાનને પ્રેમથી પીરસ્યું. (૬૫). આ જોઇને મેં કંકણ પાસેથી એવું જ્ઞાન મેળવ્યું કે બહુ માણસો એકઠા થવાથી સાચે જ કલહ (ઝઘડા) થાય છે. (૬૬). બે જ જણાં રહીએ તો પણ વાતચીતમાં બધો વખત નકામો વહી જાય છે અને ધ્યાન થતું નથી. (૬૭). એનાથી વૃત્તિમાં ખલેલ પડે છે અને પ્રમાદ પેસી જાય છે. માટે મુમુક્ષુએ હંમેશાં સંગનો ત્યાગ કરવો. (૬૮). એકલા રહીને પ્રયત્નપૂર્વક સાધન કરવું. હે રાજા ! આ જ્ઞાન મેં કંકણ પાસેથી મેળવ્યું. (૬૯).

આગળ ઉપર મેં સાપને એકવીસમો ગુરુ કર્યો અને સ્થાનનું અભિમાન ત્યજીને હું આનંદથી રહું છું. (૭૦). કોઇ એક જ સ્થળે સાપ કદી પણ રહેતો નથી. એટલું જ નહિ પણ બે સાપ કદી સાથે ફરતા નથી. આ રીતે સાવધાનીથી રહેવું અને લોકોને આપણી હાજરીનો ખ્યાલ ના આવે એ રીતે વર્તવું. (જીવવું.) નહિતર લોકો આવીને રોજ હેરાન પરેશાન કરે. (૭૧-૭૨). યોગીવરની જેમ બે સાપ સાથે રહેતા નથી. અવાજ કર્યા વગર ફરે છે અને હંમેશાં એકલા અને સાવધ

રહે છે. (૭૩). ફાવે તેના ઘરમાં મોજથી પડી રહે છે. એ કદી પણ પોતાનું ઘર બાંધતો નથી અને ગુફામાં રહે છે. (૭૪). લોકોની નજરે ચઢે એ રીતે સાપ ફરતો નથી, પ્રમાદ શું તે જાણતો નથી અને કારણ વગર કોઇને કરડતો નથી.④ (૭૫).

એ જ રીતે મુમુક્ષુએ પણ સાવધાનીપૂર્વક રહેવું. બે મુમુક્ષુએ સાથે રહેવું નહિ કે ફરવું નહિ. (૭૬). કોઇના પર ક્રોધ કરવો નહિ. માપસર (ખપ પૂરતું) જ બોલવું અને કોઇની સાથે વિતંડાવાદમાં નાહકનું પડવું નહિ.⑤ (૭૭). હંમેશ માટે વિચારપૂર્વક બોલવું. મઠ-આશ્રમ વગેરે બાંધવા નહિ અને સિદ્ધ સ્થાનમાં હંમેશાં (પડ્યા) રહેવું. (૭૮). ઝૂંપડી (કુટિર) બાંધતાં પણ અહંકાર વધે છે અને મમતા વધતાં આખરે મોહમાં ફસાય છે. (૭૯). કોઇને પોતાના ગુણની ખબર પડવા દેવી નહિ અને સભા વગેરે કરીને કદી ભાષણો કરવાં નહિ. (૮૦).

આ દેહને ક્ષણભંગુર સમજી, ઇશ્વરના ધ્યાનમાં હંમેશાં ડૂબેલા (મગ્ન) રહીને આ જીવનને સાર્થક કરવું. (૮૧). આસન સિદ્ધિ મેળવી, શ્વાસ ઉપર વિજય મેળવી, ખંતપૂર્વક વૃત્તિને એકાગ્ર કરવાથી જ હે રાજા ! ધ્યાન કરી શકાય છે. (૮૨). હે રાજા ! આ વાત હું બાણ બનાવનાર પાસેથી શીખ્યો. એ ખરેખર મારો બાવીસમો ગુરુ છે. (૮૩). ચિત્ત એનું બાણ ઘડવામાં સ્થિર અને આસન પણ નિશ્ચલ અને એ રીતે એ એનું કાર્ય કરવામાં મંડેલો રહેતો ત્યારે બીજા કશાનું એને ભાન રહેતું નહિ. (૮૪). એક પર એક બાણ ઝડપથી તૈયાર કરતો રહે ત્યારે આંખ પણ ઊંચી કરે નહિ. ખરેખર ! એ શરકાર (બાણ બનાવનાર)ને ધન્ય છે. (૮૫). રસ્તા ઉપરથી રાજાની સવારી વાજતે ગાજતે જતી હતી. જોરથી વાજિંત્રો વાગતાં હતાં છતાં એની એને કાંઇ ખબર પડી નહિ. (૮૬). નૃત્ય, ગીત, જય હો ! જય હો ! એવો જયકારનો ખૂબ શોરબકોર થતો હતો. તો પણ એની (શરકારની) વૃત્તિ બીજે ખસતી ન હતી. (૮૭). કોઇએ તેને પૂછ્યું કે કેમ શરકાર ! આજે રાજાની સવારી જોઇ કે? તો એણે કહ્યું કે હું તો બાણ તૈયાર કરવામાં એવો મશગૂલ હતો કે મને તો કાંઇ ખબર પડી જ નહિ ! આ સાંભળીને બધાને ખૂબ આશ્ચર્ય થતું પણ એની રીત સમજાતી નહિ ! (૮૮-૮૯).

આ રીતે યોગીએ પણ પ્રયત્નપૂર્વક આસન સિદ્ધ કરીને, શ્વાસ ઉપર વિજય મેળવીને, લક્ષ્યમાં વૃત્તિ રાખીને, દ્વૈત ભૂલીને અંતરમાં ધ્યાનસ્થ થવું જેથી એ સ્વરૂપમાં મન ચોક્કસ તદાકાર થાય જ. (૯૦-૯૧). શ્વાસ ઉપર વિજય (કાબૂ) મેળવ્યા પછી ધીમે ધીમે મન ઉપર પણ વિજય મેળવાય છે. પરિણામે ધ્યાનમાં વિઘ્નો આવતાં નથી. એમ છતાં ભાગ્યવશાત્ જો ત્યાં વૃત્તિ ના ઠરે તો સગુણ સ્વરૂપમાં વૃત્તિને સુસ્થિર કરતાં એ સારી રીતે લીન થશે. (૯૨-૯૩). ત્યાર પછી વિષયનું સ્મરણ થવા છતાં પણ વૃત્તિ ચલાયમાન થશે નહિ અને અલૌકિક દશ્યનાં દર્શનથી વૃત્તિ પણ બહાર જશે નહિ કે ઊંઘમાં પણ નહિ પડે. પરંતુ સ્વરૂપમાં જ લીન થશે. સત્ત્વગુણનો પ્રકાશ વધવાથી રજસ અને તમસ ક્ષીણ થઇ જશે. (૯૪-૯૫). જેમ અગ્નિમાં પડીને લાકડું પણ અગ્નિમય થઇ જાય છે તેમ ધ્યાનથી ચિત્ત પણ તન્મય થશે. (૯૬).

જે જેનું ધ્યાન કરે છે તે તે સ્વરૂપમાં એકાગ્ર થઇ જાય છે, એવું મેં ત્રેવીસમા ગુરુ ભમરી (પેશસ્કાર)થી જાણ્યું. (૯૭). માટીનું ઘર બનાવી, એમાં કીડાને લાવીને, એને ત્યાં રાખીને પછી ભમરી એને ડંખ મારે છે. (૯૮). કીડો પોતાનું મૂળ સ્વરૂપ ભૂલીને બીકનો માર્યો ભમરીનું ચિંતન કરતાં કરતાં પોતે ભમરી બની જાય છે.⑥ (૯૯). એ જ રીતે પોતાના પહેલાંના વર્ણનું અને આશ્રમનું અભિમાન ત્યજી દઇને ઇશ્વરનું ધ્યાન ધરતાં જીવ પોતે જ ઇશ્વર બને છે એમ તું માન. (૧૦૦). કીડો તો ભમરીથી જુદી જાતિનો હોવા છતાં એનું ધ્યાન ધરતાં સ્વયં ભમરી બની જતો હોય તો જીવ તો બ્રહ્મરૂપ જ છે તેથી બ્રહ્મનું ધ્યાન ધરવાથી, બ્રહ્મ અને આત્માના ઐક્યપણાના જ્ઞાનથી સ્વયં બ્રહ્મ થઇ જાય તો એમાં શું નવાઇ? (૧૦૧-૧૦૨). પ્રેમથી, દ્વેષથી કે બીકના માર્યા પણ ઇશ્વરનું ધ્યાન કરવાથી જીવ સ્વયં ઇશ્વર બની જાય છે એમાં તું શંકા કરીશ નહિ. (૧૦૩). આ હું ભમરી પાસેથી શીખ્યો. કરોળિયાને ચોવીસમો ગુરુ કરીને મેં અદ્વૈતામૃતનું પાન કર્યું. (૧૦૪).

કરોળિયો પોતાની નાભિ (ડૂંટી) માંથી તાંતણો ઉત્પન્ન કરીને, એનું જાળું ગૂંથીને પછી એમાં પોતે બધે હરે ફરે (રમે) છે. વળી પાછું એ જ જાળું પોતાની ઇચ્છાથી પોતાની નાભિમાં જ સમાવી દઇને (ગળી જઇને) એકલો સ્વતંત્ર રીતે ક્રીડે (રમે) છે તે રીતે ઇશ્વર પણ પોતાની ઇચ્છામાત્રથી આ જડ-ચેતન વિશ્વની રચના કરી તેમાં સ્વતંત્ર રીતે વિહરે છે અને આખરે પોતાની જ ઇચ્છાથી પોતામાં બધું લય (લીન) કરીને એ ત્રિગુણથી પર એવો એકદમ શુદ્ધ (નિરામય) એકલો જ રમે છે.⑦ (૧૦૫-૧૦૮).

ઇશ્વર અન્ય સાધનની મદદ લીધા વગર કેવળ દૃષ્ટિ (ઇક્ષણ) માત્રથી (આ વિશ્વની) રચના કરે છે અને છેવટે પોતાની કાળ શક્તિથી એ બધાનો સંહાર (લય) પણ કરે છે. (૧૦૯). આદિ (શરૂઆતમાં) અને અંતમાં એ એક માત્ર જ છે અને વચ્ચે (મધ્યમાં) એ વિશ્વાધાર સત્ત્વ, રજસ અને તમસથી સ્વતંત્રપણે વિહાર કરે છે. (૧૧૦). જગતની ઉત્પત્તિનું કારણ આ ત્રિગુણ (ત્રિગુણી માયા) છે જ્યારે વિભુ તો અકર્તા છે. એ જગન્નાટકીને બધું ખાવા છતાં હંમેશનો ભૂખ્યો માન. (૧૧૧). પ્રલય સમયે પ્રાણીમાત્રની વાસનાનો નાશ થતો ન હોવાથી, જ્યારે એ વાસના ફળ આપવા તૈયાર થાય છે ત્યારે વિભુ વિશ્વનું સર્જન કરે છે. (૧૧૨).

પોતાના મનોરથ પ્રમાણે ત્રણ ગુણવાળી માયાનું સર્જન કરીને એ વિના પ્રયત્ને સંકલ્પ માત્રથી પહેલાંની જેમ વિશ્વની રચના કરે છે, પાલન કરે છે અને એનો સંહાર કરે છે. આ એની કેવળ લીલા જ છે. (૧૧૩-૧૧૪). એ અજ અને અક્ષયને તેથી આ બંધનકર્તા થતું નથી. સચ્ચિદાનંદ સ્વરૂપ આત્મા સર્વવ્યાપક છે. (૧૧૫). આ સમગ્ર વિશ્વ માયાએ રચ્યું છે અને એ નામ તથા રૂપવાળું છે. એ મૂળે (ભૂતકાળમાં) હતું નહિ અને (ભવિષ્યમાં) રહેશે પણ નહિ પરંતુ વચ્ચે ભાસે છે. (૧૧૬). આ વ્યાપક આત્મા એવું બ્રહ્મ જ આ વિશ્વનું ઉપાદાન અને નિમિત્તકારણ છે. એ બ્રહ્મ હું પોતે જ છું એવું જાણતાં બધી રીતે મન શાંત થાય છે. (૧૧૭).

આ રીતે ચોવીસ ગુરુ કરીને આ જાણવાનું અતિ મુશ્કેલ એવું નિર્વિકલ્પ પરબ્રહ્મ એ હું જ છું એવો મેં સુબોધ ગ્રહણ કર્યો. (૧૧૮). આ સૂક્ષ્મ જ્ઞાન (બોધ) વૈરાગ્ય વગર મનમાં ઠસતું નથી. એવું જાણીને મેં આ દેહને ગુરુ માનીને હું જે શીખ્યો તે હે રાજા ! હું તને કહું છું તે તું સાંભળ. લોકો દેહને નાહકનો 'મારો-મારો' કહે છે. (૧૧૯-૧૨૦). માતા પિતાના મેલથી નિર્માણ થતો આ દેહ અમંગલ (ગંદો) છે અને એને ઊડી જતાં (નાશ થતાં) વાર લાગતી નથી. (૧૨૧). આવા દેહને ધારણ કરતાં શરમ આવે એવું છે માટે સૂક્ષ્મ વિચાર (જ્ઞાન)થી સાવધાન થવું. (૧૨૨). એને ભાડેથી લાવેલી ગાડી જેવો માની એને ખપ પૂરતું (જરૂર પૂરતું) અન્ન (ખાવાનું) આપીને એને ઇશ્વર પ્રાપ્તિનું સાધન બનાવવું. નહિ તો છેવટે પશ્ચાત્તાપે માણસ મનમાં બળી બળીને ખાખ થઇ જશે. (અનહદ પસ્તાવો થશે.) (૧૨૩-૧૨૪).

એને બચાવવાના લાખો પ્રયત્ન કરવા છતાં એ દેહ જેમ ઝાડ બીજને જમીનમાં છોડીને મરે (પડે) છે તેમ એ વાસના રાખીને મરે છે. (૧૨૫). વનસ્પતિ (ઉદ્ભિજ્જની) હંમેશાં બીજને છોડીને જ મરે છે તેથી એ બીજમાંથી પાછાં વૃક્ષો થાય છે તેમ આ શરીર પણ વિવિધ પ્રકારની વાસના મૂકીને મરે છે અને એ વાસના ફળ આપવા તૈયાર (ફલોન્મુખ) થતાં ફરી ફરીથી શરીરનું નિર્માણ કરે છે. (૧૨૬-૧૨૭). હે રાજા ! એને ત્રિવિધતાપનું મૂળ જાણીને દેહાભિમાન ત્યજીને સ્થિર મનથી જીવું (વર્તુ) છું. (૧૨૮). જ્ઞાનાગ્નિથી વાસનાબીજ બાળીને અને આ શરીર પ્રારબ્ધને સોંપીને હું શંકા કર્યા વગર રહું છું. (૧૨૯). હું નિજાનંદમાં હંમેશાં મગ્ન રહું છું અને મારા આત્માને બધામાં અને બધાને મારા આત્મામાં જોઇને તદ્દન નિર્ભય થઇને રહું છું. (૧૩૦). આ અગાધ (ઊંડું) જ્ઞાન સાંભળીને સાવધાન થયેલા યદુએ મનમાં વિચાર્યું કે માનો ના માનો, પણ આ મારા ઇષ્ટદેવ દત્ત જ છે. આ રીતે જાણીને (વિચારીને) દંભ વગેરેનો ત્યાગ કરીને ભાવપૂર્વક વંદન

કર્યાં. (૧૩૧-૧૩૨). અજ્ઞાનનો નાશ થતાં ક્યાંયે દ્વૈતભાવ રહ્યો નહિ (અદ્વૈત ભાવ થયો) અને બોલ્યો કે હે પ્રભુ ! હું ખરેખર પાવન થઇ ગયો અને મને બીજી કોઇ ઇચ્છા નથી. (૧૩૩).

આ જડ ચેતનમાં બધે તું જ વ્યાપેલો છે એવું નિશ્ચયપૂર્વક જાણીને આ વિશ્વ એ તારું જ સ્વરૂપ છે એમ માનીને ભાવપૂર્વક એની અર્ચના કરું છું.⑥ (૧૩૪). આમ બોલીને યદુ વારંવાર વંદન કરવા લાગ્યો. એટલે એના માથા ઉપર વરદ હસ્ત મૂકીને દત્તપ્રભુ અંતર્ધાન થઇ ગયા. (૧૩૫). આ રીતે કૃતકૃત્ય (ધન્ય) થઇને યદુ આનંદથી પાછો ગયો અને પૃથ્વી ઉપર સ્વાત્માનંદમાં પોતાની ઇચ્છા પ્રમાણે વિહરવા લાગ્યો. (૧૩૬).

અલખ નિરંજનને કહે છે કે હે નિરંજન ! આ રીતે યદુ તરી ગયો. આ ત્રીશની અગાધ લીલાને કોણ પૂરેપૂરી જાણી શક્યું છે? અથવા એના કેટલા ભકતો થઇ ગયા એની પણ કોઇને ખબર નથી. એના વિના આ કલિમાં તારનાર બીજું કોઇ નથી એ જાણ. (૧૩૭-૧૩૮).

એ બહુરૂપી અવધૂત વિવિધ પ્રકારના વેષ લઇને ભકતોને તારવા માટે પૃથ્વી ઉપર ફરતો રહે છે. (૧૩૯). યુગે યુગે અવતાર લઇને ભકતોનું રક્ષણ કરવા અને દુષ્ટોને શિક્ષા (દંડ) કરવા પ્રગટ થાય છે અને પછી ગુપ્ત થાય છે. (૧૪૦). એ કેવળ ભાવનાનો જ ભૂખ્યો છે અને બીજું કશું જ જોતો નથી. ભક્તિને વશ થતાં એને માટે ન આપી શકાય (અદેય) એવું કશું જ નથી. (૧૪૧). જેમ અનસૂયાનો ભાવ જોઇને રીઝ્યો હતો તેમ બધે કલિયુગ ફેલાતાં એણે ફરી વાર અવતાર ધારણ કર્યો. (૧૪૨).

બ્રાહ્મણ સ્ત્રીની અનન્ય ભક્તિ જોઇને ત્રિમૂર્તિએ ફરી પાછું પોતાની જાતનું (આત્મ) દાન આપ્યું. (૧૪૩). કળિયુગના દોષે દૂષિત થયેલા અને શુષ્ક જ્ઞાનમાં રચ્યાપચ્યા રહેતા લોકોને જોઇને, અનન્ય ભક્તિનો સુવિમલ (અત્યંત શુદ્ધ) મહિમા ફરી પાછો પ્રસ્થાપિત કરવા શ્રીપાદ શ્રીવલ્લભ-નૃસિંહ સરસ્વતીના નામે બીજો આવતાર ધારણ કર્યો. (૧૪૪-૧૪૫). દત્ત દિગંબરના જ અવતાર એવા કલિયુગમાં તારનાર શ્રીપાદવલ્લભનો જય હો ! એમના ચરણકમળમાં આનંદપૂર્વક વંદન કરીને એમાં અનન્યભાવે લીન (મગ્ન) થાઉં છું. (૧૪૬).

આવું બોલીને ભાવાવેશમાં આવી જઇને યોગીવર અલખ તરત જ ધ્યાનસ્થ થઇ ગયા અને શરીર એકદમ લાકડા જેવું જડ જણાવા લાગ્યું. (૧૪૭).

**રંગ** કહે છે કે એ અદ્‌ભુત કથાનો વિસ્તાર આગળ ઉપર (બીજા કાંડમાં-કર્મકાંડમાં) આવશે. એથી ગુરુકૃપાથી વિશ્વમાં જયજયકાર (વાહ-વાહ) થઇ જશે. (૧૪૮).

એની લીલાને એ જ જાણી શકે. આ મુડદાલ મુખ તો કઠપૂતળીની જેમ એ જેમ બોલાવે તેમ બોલે છે. (૧૪૯).

શ્રી દત્તપ્રભુનાં ચરણકમળના ભ્રમર એવા બ્રહ્મચારી પાંડુરંગ (રંગ અવધૂત)મહારાજ દ્વારા રચિત શ્રીગુરુલીલામૃતનો અલખ અને નિરંજનના સંવાદરૂપે **'યદૂદ્ધરણ'** નામનો **પંચાવનમો** અધ્યાય સમાપ્ત થયો.

●

૧૬

## પાદટીપ :

### અધ્યાય : ૫૫

(૧) આશા મોટું દુ:ખ છે, સુખ નિરાશામાંહ્ય,
આશા તજી પિંગલા ગઈ જુઓ પ્રભુધામમાંહ્ય.

આનાથી વિરુદ્ધ ભાવના દર્શાવતો પણ આશા ઉપર શ્લોક છે તે જાણ પૂરતું.

આશા નામ મનુષ્યાણાં કાચિત્ આશ્ચર્યશૃંખલા |
યયા બદ્ધા પ્રધાવન્તિ મુક્તાસ્તિષ્ઠન્તિ પંગુવત્ ||

આશા નામની કોઈ આશ્ચર્યકારક બેડી (સાંકળ) છે. એનાથી જે બંધાયા છે (જેના પગમાં બેડી છે) તે દોડે છે અને એનાથી મુક્ત છે તે પાંગળાની જેમ ઊભા છે.

(૨) આ જગત ચિંતાના વેપારવાળું બજાર છે. એટલે કે એમાં જે કોઈ વેચવા બેઠો છે તે નાની કે મોટી ચિંતાના પડીકાં જ વેચવા બેઠો છે. એટલે એ બજારમાંથી જે કાંઈ ખરીદો તેમાં ચિંતા સિવાય બીજું શું હોય? જગતના બધા વ્યવહારો આખરે ચિંતા જન્માવનારા હોય છે.

(૩) દોહરા ૫૪ થી ૫૬ ખૂબ મહત્ત્વના છે. બહારની કરેલી બધી જ પ્રવૃત્તિ વ્યક્તિના મનને ચંચળ કરે છે. ગમે ત્યારે પણ વૃત્તિ અંતર્મુખ કર્યા વગર છૂટકો જ નથી. અંતર્નિષ્ઠ થવાથી જ સ્વરૂપાનંદની પ્રાપ્તિ તરફ ગતિ થઈ શકે, પરંતુ નિજાનંદને માણીને નિર્ભય થવા માટે એકાંતમાં સતત અભ્યાસ કરવાનું જરૂરી બને છે.

પ્રભુ પરખ્યા હૃદે જેણે, ફરે ભમતો જગે શાને?
પીધું આકંઠ અમૃત તે કરે કાંજી વૃથા શાને?
(અવધૂતી આનંદ)

(૪) સાપનું નામ ક્ષેત્રપાળ છે. સાપ ના હોત તો આપણા હાથમાં આ પક્ષીઓ કદાચ અનાજ આવવા પણ ના દેત. બધા સાપ ઝેરી હોતા નથી અને સાપ ઉપર આપણો પગ પડે તો જ એ સ્વરક્ષણાર્થે ડંખ મારે છે. જો આપણે સાપને હેરાન ન કરીએ તો એ ડંખ મારતો નથી. આપણા પગ પરથી સાપ પસાર થતો હોય પણ જો આપણે હલન ચલન ન કરીએ તો એ કરડ્યા વિના જતો રહે છે. આની સરખામણીમાં માણસ વધારે ખતરનાક છે.

આગળ કરડે કૂતરું, પાછળ કરડે વાઘ,
વિશ્વાસે કરડે વાણિયો, દબાયો કરડે નાગ.

(૫) દોહરા ૭૬ અને ૭૭ સાવધાન કરે છે. બે ભાગ થાય તો વાત (વાદ), ચાર ભાગ થાય તો વિવાદ અને એથી વધુ ભાગો થાય તો વિતંડાવાદ એ ખરાબ વસ્તુ છે અને એમાં સંબંધો બગડે જ છે. એટલે ખોટી ચર્ચામાં પડવું નહિ.

વધે વાદ વાદે જ એ વેર ઝાળ,
બળે ઝાળમાં પ્રેમનો તંતુ ભાળ.

(૬) આને કીટ ભમરા ન્યાય કહે છે. ભમરીનું ભયથી સતત ચિંતન કર્યા કરવાથી કીડો પણ ભમરી બની જાય છે તો ભગવાનનું પ્રેમથી ચિંતન કરવાથી જીવ શિવ બને તેમાં શી નવાઈ? (ભયથી ચિંતન કરે, તેના કરતાં પ્રેમથી ચિંતન કરે તો જીવ શિવ થાય જ.)

કૃષ્ણ કૃષ્ણ કરતાં થઇ ગોપી કૃષ્ણસ્વરૂપ,
ગુરુ ગુરુ કરતાં શિષ્યનું રહે ન પૂર્વસ્વરૂપ.
(ઉપાસના કાંડ. અ.૧૦૬/દો.૨)

હરિ હરિ ગાતાં રે, હરિજન હરિ થયા,
નિર્ગુણ ધ્યાતાં રે; ગુણીતાત પોતે થયા.
(અવધૂતી આનંદ)

(૭) આ જગતનું સર્જન કરનાર કોણ? ઇશ્વર. શામાંથી સર્જન કરે છે? પોતાનામાંથી. ઉપાદાન કારણ પણ ઇશ્વર અને નિમિત્ત કારણ પણ ઇશ્વર. કરોળિયા સિવાય બીજાં જંતુ કે પક્ષી પોતે પોતાનો માળો બનાવે છે તે બીજાં સાધનોની મદદથી બનાવે છે. દા.ત. કબૂતરનો માળો. પરંતુ કરોળિયો પોતાના શરીરની અંદરથી જ તંતુ કાઢીને જાળું (પોતાનો માળો) બનાવે છે.

કરોળિયો પોતે જાળમાં બધે ફરી શકે છે પણ માખી, મચ્છર કે અન્ય જીવડું માળાને સ્પર્શ કરતાં તેમાં ફસાઇ જાય છે. જે વિશ્વમાં જીવ ફસાય છે તેમાં શિવ બધે ફરી શકે છે.

મુજમેં તુજમેં બસ ભેદ યહી , મૈં નર હૂં તુમ નારાયણ હો |
મૈં હૂં સંસાર કે હાથોંમેં, સંસાર તુમ્હારે હાથોં મેં ||
(અબ સોંપ દિયા ઇસ જીવનકા--- ભજન)

(૮) વિશ્વમાં બધે જ ભગવાન જ વ્યાપીને રહેલો છે. એ એક વિધાયક વિચારધારા છે. જગતની બધી વ્યક્તિ અને બધી વસ્તુને ભગવદ્ સ્વરૂપ માનીને વર્તન કરવું. એની સેવા એ જ અર્ચના છે.

સીય રામમય સબ જગ જાની |
કરઉં પ્રનામ જોરિ જુગ પાની ||
(તુલસીકૃત રામાયણ બાલકાંડ દો.૭/ચૌ.૨)

જગતનું સર્જન કરી દરેકમાં દાખલ (વિશ્) થયેલું તત્ત્વ તે જ વિષ્ણુ.


વાંચ વાંચ વિશ્વ-ગ્રંથ, વાંચવા જો ચાહના;
વાંચવું ન અન રહે, મીટિ સમૂળ વાંછના ■ !
(અવધૂતી આનંદ)

●

# દત્તાત્રેય ભગવાનના ૨૪ ગુરુ અને તેમના ગુણ

| અનુક્રમ | ગુરુનુંનામ | ગુણ |
|---|---|---|
| ૧. | પૃથ્વી | સહનશીલતા. ઉપગુરુ : વૃક્ષ અને પર્વત. |
| ૨. | વાયુ | નિર્લેપતા. |
| ૩. | આકાશ | આત્મા નિર્વિકાર, નિશ્ચલ એક અને અખંડ છે. |
| ૪. | જળ | હળીમળીને રહેવાનું અને ભળી જવાનું. |
| ૫. | અગ્નિ | જે કાંઇ મળે તે લિપ્ત થયા વિના સુખથી ખાવું. |
| ૬. | ચંદ્ર | વિકાર દેહના છે અને આત્મા અવિકારી છે. |
| ૭. | સૂર્ય | આત્માની સ્થિરતા. |
| ૮. | કપોત | સ્ત્રી-પુત્રાદિમાં મમતા રાખવી નહિ. |
| ૯. | અજગર | પ્રારબ્ધ પર ભરોસો રાખીને અંતર્નિષ્ઠ થવું. |
| ૧૦. | સાગર | સ્વધર્મનું પાલન કરીને સ્વસ્થતાપૂર્વક જીવવું. |
| ૧૧. | પતંગિયું | રૂપમાં ન મોહવું. |
| ૧૨. | ભમરો | રસની અંદર વધુ પડતો લોભ રાખી દુ:ખી થવું નહિ. |
| ૧૩. | મધમાખી | વસ્તુનો સંગ્રહ નહિ કરવો. |
| ૧૪. | હાથી | સ્પર્શ સુખમાં ન ફસાવું. |
| ૧૫. | મધ હરી લેનાર | માધુકરી દ્વારા ધ્યાન-તપશ્ચર્યા ઘનિષ્ઠ કરવી. |
| ૧૬. | મૃગ | સ્ત્રી ગાનમાં ન લોભાતાં નાદબ્રહ્મમાં લીન થવું. |
| ૧૭. | માછલી | જીભની લોલુપતા છોડવી. |
| ૧૮. | વેશ્યા | આશા એજ દુ:ખનું મૂળ છે અને સુખ નિરાશામાં છે. |
| ૧૯. | ટિટોડી | સંગ્રહ એ દુ:ખનું કારણ છે. |
| ૨૦. | કુમારીકાના કંકણ | સંગ ત્યજીને એકલા રહીને સાધન કરવું. |
| ૨૧. | સાપ | એક જ જગ્યાએ હંમેશાં રહેવું નહિ અને કોઇનો સંગ કરવો નહિ. |
| ૨૨. | શરકાર | આસન સિદ્ધ કરી વૃત્તિ એકાગ્ર કરી ધ્યાન કરવું. |
| ૨૩. | ભમરી અને કીડો | ઈશ્વરના સતત ચિંતનથી જીવ પોતે બ્રહ્મ થાય છે. |
| ૨૪. | કરોળિયો | ઈશ્વરે કરેલી જગતની રચના અને તેનું પ્રલય કાર્ય. |

# દત્તાત્રેય ભગવાનના ૨૪ ગુરુ અને તેમના ગુણ




**જ્ઞાનકાંડ સમાપ્ત**

અધ્યાય: ૫૫

દોહરા : ૭૨૮૦

## દત્તાર્તિક્યમ્

જય જય જય ગુરુદેવ !!

વન્દે અત્રિકુમારં ત્રિભુવનભર્તારમ્ |
જનિમૃતિસંસૃતિકાલં તાપત્રયહારમ્ || જયજય. ૧.
કરુણાપારાવારં યોગિજનાધારમ્ |
કૃતભવજલનિધિપારં ષડ્દર્શનસારમ્ || જયજય. ૨.
ભોગાપવર્ગદ્વારં કૃતમોદાસારમ્ |
નતજનવરદાતારં નિગમાગમસારમ્ || જયજય. ૩.
ધૃતગલમૌક્તિકહારં કીર્ણજટાભારમ્ |
ધામ્ના નિર્જિતમારં ષડ્રિપુસંહારમ્ || જયજય. ૪.
દુઃશીલાતિકરાલં ભસ્માઙ્કિતભાલમ્ |
શંખત્રિશૂલભાજનસ્રગ્વાદ્યારિકરમ્ || જયજય. ૫.
કલિકલ્મષહન્તારં સુરનરમુનિતારમ્ |
વૃતવિજનૈકવિહારં જ્ઞપ્તિસુધાહારમ્ || જયજય. ૬.
દેવત્રયાવતારં શાન્તિસુધાગારમ્ |
દૂરીકૃતનતભારં રઙ્ગારઙ્ગકરમ્ || જયજય. ૭.

*

## દત્તની આરતી
### (આરતીનો અર્થ)

હે ગુરુદેવ ! આપનો જયજયકાર હજો !
હું અત્રિના પુત્ર, ત્રણે ભુવનના સ્વામી, જન્મમરણ અને સંસારના કાળ, ત્રિવિધ તાપને હરનાર, કરુણાના સાગર, યોગીજનોના આધાર, સંસારસાગરની પાર લઈ જનાર, છ દર્શનોના સારસ્વરૂપ, ભુક્તિ અને મુક્તિના દ્વારરૂપ, આનંદની વૃષ્ટિ કરનાર, ભક્તજનોને વરદાન આપનાર, શાસ્ત્રો અને વેદોના સારરૂપ, ગળામાં મોતીનો હાર ધારણ કરનાર, માથા પર વિખરાએલ જટા ધારણ કરનાર, તેજથી કામદેવને જીતનાર, (કામાદિ) છ શત્રુઓના સંહારક, ખરાબ ચારિત્ર્યવાળા માટે અતિ ભયંકર, લલાટ પર ભસ્મ ધારણ કરનાર, હાથમાં શંખ, ત્રિશૂલ, કમંડલુ, માળા, ડમરુ અને ચક્ર ધારણ કરનાર, કલિના પાપોને હણનાર, દેવો, મનુષ્યો અને મુનિઓને તારનાર, એકાંતમાં જ એક માત્ર વિહાર કરનાર, જ્ઞાનરૂપી અમૃતનો આહાર કરનાર, ત્રણ દેવોના અવતાર, શાંતિરૂપી અમૃતના સાગર, ભક્તજનોના ભારને દૂર કરનાર અને રંગને અરંગી (સંસારરહિત) કરનાર (દત્તને) વંદન કરું છું.

●

## મંગલઆરતી

(રાગ - મિશ્ર કલ્યાણ; તાલ-ધુમાલી)

આનંદવાજાં વાગે ગગનમાં,
ઘણણણ ઘંટા ભેરી (૨)
મંગલ આરતી થાયે મારા ગુરુની,
મંગલ આરતી કરું મારા ગુરુની,
સત્ચિત્ આનંદહેલી (૨) !! ........................ ટેક.
બ્રહ્માહરિહર એક સ્વરૂપે (૨)
કરે અગમગઢ કેલિ (૨)
શૂન્ય શિખર પર શબ્દ સૂણાએ (૨)
ચાલ દોડ અલબેલી (૨) !! ...... આનંદ. ... ૧.
પ્રાણ-પડઘમે શ્વાસા દાંડી (૨)
ધડુડુડુ નોબત ઘેરી (૨)
શબ્દ અશબ્દની વચમાં હેલી (૨)
નાચે અપસરા ઘેલી (૨) !! ........... આનંદ. ... ૨.
થેઈ થેઈ થન્ થન્ ધડુડુડુ ધમ્ ધમ્ (૨)
ખમા ખમા રંગ રેલી (૨)
જ્ઞાન-વિજ્ઞાને જ્યોતિ પ્રગટતાં (૨)
પિંડબ્રહ્માંડની હોળી (૨) !! ...... આનંદ. ... ૩.
આપહી ગાવત આપ બજાવત (૨)
ફિરે આપ ફંફેરી (૨)
જ્યાં ત્યાં આપે આપ ભરાયો (૨)
એહી દેવ યહ ડેરી (૨) !! ............. આનંદ. ... ૪.
બં બં ભોલા ગુરુ ગિરનારી (૨)
દત્ત દિગંબર લ્હેરી (૨)
સૂરત નૂરત બીચમેં મૂરત (૨)
દેખે રંગ ગુરુચેરી (૨) !! ......... આનંદ. ... ૫.

*

યત્સત્તાકં  પ્રાણિતિ  સર્વં પ્રાણાદિ
શ્રોત્રં શબ્દં  શ્રૃણુતે મનુતે મન-આદિ ।
એકં નાના  યં કવયન્તિ જ્ઞવિશેષા
દત્તાત્રેયં  તં હૃદિ સન્તં પ્રણતોઽસ્મિ ॥



દૃષ્ટ્વા લોકાઞ્શોકનિમગ્નાન્ કરુણાપ્તો
બદ્ધ્વા  સેતું જ્ઞાનમયં  યશ્ચિરજીવી ।
નિન્યે નન્દં નતસન્નાર્તાન્ દિગ્વસ્ત્રો
દત્તાત્રેયં તં હૃદિ સન્તં પ્રણતોઽસ્મિ॥


નિસ્ત્રૈગુણ્યઃ સંસૃતિભંગો નિઃસંગો
બાલોન્મત્ત-પિશાચસુવેષો બહુરંગઃ ।
લીલારૂપમરૂપો  ધૃત્વા  બહુ રેમે
દત્તાત્રેયં તં હૃદિ સન્તં પ્રણતોઽસ્મિ॥

વાસોહીનો  વાસયતીદં સકલં યો
હ્યન્તર્બાહ્યં વ્યાપ્યૈકપદે  હ્યવશિષ્ટઃ ।
આત્મારામો  વનવિશ્રામો વરવર્ણી
દત્તાત્રેયં તં હૃદિ સન્તં પ્રણતોઽસ્મિ॥

(નારેશ્વર)

ત્યાગી ભોગી જટિલો મુણ્ડી યો ભિક્ષુઃ
શિક્ષાર્થં  કુરુતે મિતભૈક્ષ્યં મધ્યાહ્ને ।
યં  હ્યવધૂતં નો જાનીતે  હતભાગ્યો
દત્તાત્રેયં તં હૃદિ સન્તં  પ્રણતોઽસ્મિ॥

# અઘોરકષ્ટોદ્ધરણસ્તોત્રમ્ ।



શ્રીપાદ શ્રીવલ્લભ પ્રભુ

ત્વં નો માતા ત્વં પિતાઽઽપ્તોઽધિપસ્ત્વં
ત્રાતા યોગક્ષેમકૃત્સદ્ગુરુસ્ત્વમ્ ।
ત્વં સર્વસ્વં નોઽપ્રભો વિશ્વમૂર્તે
ઽઘોરાત્કષ્ટાદુદ્ધરાસ્માન્નમસ્તે ।।૨।।

પાપં તાપં વ્યાધિમાધિં ચ દૈન્યં
ભીતિં કલેશં ત્વં હરાશુ ત્વદન્યમ્ ।
ત્રાતારં નો વીક્ષ ઈશાસ્તજૂર્તે
ઽઘોરાત્કષ્ટાદુદ્ધરાસ્માન્નમસ્તે ।।૩।।



શ્લોકપંચકમેતદ્યો લોકમંગલવર્ધનમ્ ।
પ્રપઠેન્નિયતો ભકત્યા સ શ્રીદત્તપ્રિયો ભવેત્ ।। ૬ ।।

પ.પ.વાસુદેવાનંદ સરસ્વતી સ્વામીમહારાજ કૃત

ધ્યાનમૂલં ગુરોર્મૂર્તિઃ પૂજામૂલં ગુરોઃ પદમ્ ।
મન્ત્રમૂલં ગુરોર્વાક્યં મોક્ષમૂલં ગુરોઃ કૃપા ।।૧।।

પાખણ્ડિનઃ પાપરતા નાસ્તિકા ભેદબુદ્ધયઃ ।
સ્ત્રીલંપટા દુરાચારાઃ કૃતઘ્ના બકવૃત્તયઃ ।।૩।।

જ્ઞાનલુપ્તા ન કર્તવ્યા મહાપાપાસ્તથા પ્રિયે ।
એભ્યો ભિન્નો ગુરુસેવ્ય એકભકત્યા વિચાર્ય ચ ।।૫।।

ગુરુગીતા

# વંદના

ગુરુદેવ દત્ત દયાળ સ્વામી વંદના તુજને હજો;
વિક્ષેપ દૂર થઇ બધા અમ ચિત્ત સ્થિર તુજમાં થજો ! ... ૧.

અજ છતાં અવતાર ભક્તો કારણે તેં આ ધર્યો;
સત્ત્વાંશ વિધિહરિહરતણા થઇ એકરૂપ જગે સ્ફુર્યો ! ... ૨.

કંઇ એક મુખ કંઇ ત્રિમુખ તું નિર્ગુણ છતાં સાકાર હા;
ધન્ય તપ મુનિ અત્રિનું શું મૂર્તિમંત ખડું અહા ! ... ૩.

દ્વિભુજ કંઇ કંઇ ચાર ભુજ, કંઇ દિવ્ય ષડ્ભુજ શોભતું;
વિવિધાયુધે અવધૂત હે તુજ રૂપ ચિદ્રસ રેડતું ! ... ૪.

લીલા તહારી કો લહે? જ્યાં વેદ પણ મૂગાં રહ્યાં;
થઇ શ્વાન નિત પાસે ખડા, આભા બની જોઇ રહ્યા ! ... ૫.

કાષ્ઠવૃત્તિ પાવડી પર તું ખડો સ્થૂલે દિસે;
પ્રવૃત્તિ નિવૃત્તિ પદો એ ભુક્તિમુક્તિમય લસે ! ... ૬.

યોગભૂમિ સ્મશાન એ ભક્તોતણું નિજ ચિત્ત હા;
કામક્રોધ મડાં બળે બેઠો દિગંબર તું તિહાં ! ... ૭.

પંખી સ્વરૂપે શાસ્ત્રગણ કૂજન કરે તુજ તત્ત્વનું;
માખી પુરાણો ગણગણે ગુણ ગુણ કરી નિર્ગુણતણું ! ... ૮.

સાધના ગંગા નદી, સંતોષ કલ્પદ્રુમ તિહાં;
બેઠો જઇ ઔદુંબરે એ, ના તુને અણુએ ઇહા[૧] ! ... ૯.

જ્ઞાનાગ્નિની જ્વાળા સમી શોભે જટા શિર શંકરી;
સચ્ચિત્સુખાત્મક મુખ લસે આનંદમૂર્તિ એ નરી ! ... ૧૦.

કનકગેરુ સંયમે રંગી ધર્યાં ભગવાં અહો;
ઐશ્વર્યષડ્ ભુજષડ્[૨] થઇ શોભે નિરાકારી અહો ! ... ૧૧.

રુદ્રાક્ષમાળા કંઠમાં બ્રહ્માંડમાળા શું ન એ !
વ્યાપી બધે અદકો રહ્યો, ઠાલું ન એકે ઠામ એ ! ... ૧૨.

બાળી અહં ભભૂતિ[૩] એ ચોળી તને[૪] જગમાં ભમે;
કંઇ ગુપ્ત કંઇ થઇ પ્રગટ તું અવ્યક્ત ચિહ્ન સદા રમે ! ... ૩.

અનિકેત આત્મક્રીડ તું, જાણે વિરલ જ્ઞાની તને;
જોઇ રહે લક્ષ્યે સદા તુજ ધ્યાનમાં તુજ ચિંતને ! ... ૧૪.

અન્નપૂર્ણા ઝોળી એ, શોભે ખભે વિશ્વંભરી;
પદ્મા[૫] કરે પદ્મે[૬] વસે, ગાયત્રી ગૌ પડખે ખડી ! ... ૧૫.

ગિરનારના દાતાર હે ગોરક્ષગર્વ નિવારણા;
કલિતાર નૃસિંહસરસ્વતી નિજભક્તમાનસરંજના ! ... ૧૬.

ઢૂંઢું કુરવપુરમાં તને શ્રીપાદવલ્લભરૂપ હે?
વા વાડી ઔદુંબર વિષે વા ગાણગાપુરમાં કહે? ... ૧૭.

જાઉં અક્કલકોટમાં શું સ્વામીરાજ હશે તિહાં?
માણિકપુરે પ્રભુ પાસ વા, માહુરગઢે વા કે કહાં? ... ૧૮.

યતિવર કને ગરુડેશ્વરે વા જાઉં વાસુદેવની?
વા અન્ય નૂતન વેષથી તું ક્યાં ફરે કે' હે મુનિ ! ... ૧૯.

પણ શું લવું આ? ક્યાં ન તું? જ્યાં ત્યાં રહ્યો વિલસી બધે,
દેખે ન અંધો શું કરું શ્રદ્ધાવિહોણો રંગ એ ! ... ૨૦.

જય દત્ત હે ! જય દત્ત હે ! જય દત્ત હે ! તુજને નમું,
મૌને વિરામી વૈખરી[૭] જોઇ તને સઘળે રમું ! ... ૨૧.

---

૧. કામના ૨. છ હાથ ૩. ભસ્મ ૪. શરીરે ૫. લક્ષ્મી
૬. કમળમાં ૭. વાણી

*

* * * * * * * * * * * *

* **કર્મકાંડ શરૂ** *

* * * * * * * * * * * *

# અધ્યાય : ૫૬

શ્લોક : અજ્ઞાનાંધ્ય નિવારીને જ્ઞાનાંજન સળી થકી,
ઉઘાડી આંખ જેણે તે નમું શ્રીગુરુ દેવને.

જ્ઞાનના આંજણની સળી દ્વારા અજ્ઞાનનું અંધારું દૂર કરીને જેણે આંખ ઊઘાડી તે ગુરુદેવને હું વંદન કરું છું.

આ અધ્યાયનું નામ '**શ્રીપાદશ્રીવલ્લભાવતાર**' છે. આ અધ્યાયમાં **૧૨૫** દોહરા છે.

સૌ પ્રથમ તો પૂ.શ્રી હવે પછીની લીલાનું વર્ણન લખવા માટેની પ્રેરણા અને સ્ફૂર્તિ માટે પ્રાર્થના કરે છે. (૧-૨૫).

ભાવાવેશમાં સમાવિસ્થ થયેલા અલખને નિરંજને જયજયકારથી જગાડ્યા અને આગળની લીલાનું વર્ણન કરવાની વિનંતી કરી. (૨૬-૩૩).

અલખ ગુરુએ કહ્યું કે પીઠાપુરમાં રાજા નામે બ્રાહ્મણ હતો અને સુમતિ નામે તેની પત્ની હતી. બન્નેનું મધુરું દાંપત્ય જીવન હતું. દર્શશ્રાદ્ધના દિવસે (અમાસના શ્રાદ્ધ) મધ્યાહ્ને અભ્યાગત ભિક્ષા લેવા માટે આવ્યા. સુમતિએ શ્રાદ્ધની વિધિનો વિચાર કર્યા વિના ભિક્ષા આપી ત્યાં જ અભ્યાગતના વેષમાં આવેલા દત્તપ્રભુએ દર્શન આપી વરદાન માંગવા કહ્યું અને સુમતિએ એમના જેવો પુત્ર મળે એમ વરદાન માગ્યું અને દેવે તથાસ્તુ કહ્યું. (૩૪-૬૨).

પ્રભુએ કહ્યું કે તમે એ પુત્રના કહ્યા મુજબ કરજો. ભાદરવા સુદ ચોથ (ગણેશ ચતુર્થી)ના રોજ દૈવીપુત્રનો જન્મ થયો. એના પગમાં (પાદમાં) વજ્ર, અંકુશ ને કમળનાં ચિહ્ન હતાં તેથી તેનું નામ શ્રીપાદ પાડ્યું. એણે વૈરાગ્ય સાથે જ લગ્ન કર્યું. તે શ્રીપાદ શ્રીવલ્લભ કહેવાયા. તેમણે સંન્યાસી થવાની વાત કરી. (૬૩-૯૦).

ગૃહત્યાગની વાત સાંભળતાં જ માતાએ કહ્યું કે અમારું કોણ? આંધળા-પાંગળા બે ભાઇઓને દૃષ્ટિ માત્રે સાજા કર્યા અને માતા-પિતાની આજ્ઞા લઇને, નર-નારાયણનાં દર્શન માટે બદરિકાશ્રમ ગયા. (૯૧-૧૨૫).

આ જગતમાં તું આ રીતે બધે ઓતપ્રોત થયો છે. તારા ગુણોનું ભાવપૂર્વક ગાન કરતાં પાપી પણ તરી જાય છે. (૧). કોતરનું પાણી ગંગા નદીને જઇને મળી જાય છે ત્યાર પછી તેને કોણ અશુદ્ધ કહેશે? દેવો અને માનવમાત્ર તેને પવિત્ર ગણશે (માન આપશે). (૨). એ જ રીતે તારે આધીન રહેલો ભકત અપવિત્ર રહેજ ક્યાંથી? એને અપવિત્ર કોણ કહેશે? એ તો સહુથી વધારે પવિત્ર (પવિત્રતમ) ગણાશે. (૩). પરંતુ અભિમાનને કારણે જે આ વાત નથી માનતો તે બિચારો હતભાગી (અભાગિયો) છે. એ હાથે કરીને કૂવામાં ડૂબે છે. એ કેવળ દયાને પાત્ર છે. (૪). તારા જેવો કોઇ દયાનો સાગર નથી અને (તારા જેવો કોઇ) ભકતનો ઉદ્ધારક નથી. કેવળ લોકોનું કલ્યાણ કરવા માટે (પરાર્થે) તું જાતે ઋષિપુત્ર થયો. (૫).

પૃથ્વી ઉપર તું વિવિધ રૂપો લઇને હંમેશાં સતત ફર્યા કરે છે અને પામરજનને ભક્તિથી તારીને તું એને સુપાવન કરી દે છે. (૬). જેને રૂપ, રંગ, નામ અને આકાર (આકૃતિ) નથી એ (નિરાકાર બ્રહ્મ) દેહધારી થયો (માનવરૂપે અવતાર લીધો) એ એની કેટલી દયા (કૃપા) સૂચવે છે ! (૭). આ સંસારમાં બધું સહેલાઇથી મળે છે. ફક્ત એક મુક્તિ

મેળવવી જ ખૂબ અઘરી (કપરી) છે. એવી (દુર્લભ) મુક્તિને પણ તેં અવતાર લઇને સુલભ કરી નાંખી. (૮). તારી લીલાના જેવું અમને તારનારું બીજું કાંઇ નથી. એ લીલા ભાવથી ગાતાં અને સાંભળતાં મન શુદ્ધ થાય છે.① (૯).

અગમ બ્રહ્મ પણ એનાથી (લીલા ગાવાથી અને સાંભળવાથી) સુગમ થાય છે અને ચંચલ એવું મન પણ સ્થિર થઇને તેના રૂપમાં રમવા માંડે છે. (તદ્રૂપ થઇ જાય છે.) (૧૦). ઉપાસ્ય (ઇષ્ટદેવ) અને ઉપાસક (ભક્ત)નો કલ્પિત ભેદભાવ રાખીને ભાવપૂર્વક ભક્તિ કરવાથી ઉપાસક ઉપાસ્ય સાથે એક (અભેદ) થઇ જાય છે. (૧૧). તારું નિર્ગુણ નિરાકાર રૂપ બુદ્ધિથી પહોંચી શકાય એવું નથી, પણ સગુણ રૂપ સરળતાથી બધે જ દેખાય છે અને તે સંસાર સાગરમાંથી તારનારું છે. (૧૨). વેદ પણ એમ જ કહે છે કે ઉત્તમ અધિકારી વગર વ્યાપક અને નિર્ગુણ બ્રહ્મ જલદીથી ચિત્તમાં સ્થિર થતું નથી. (૧૩). શાસ્ત્ર વિષે વ્યાખ્યાન (પ્રવચન) કરનાર પણ નિર્ગુણ નિરાકારનું ધ્યાન ધરવા જાય છે ત્યારે મૂઢની જેમ તર્ક-વિતર્કમાં પડી જાય છે અને તેથી અનહદ આનંદ (નિર્ગુણ ધ્યાનનો) ક્યાંથી મળે? પરંતુ આ સગુણના ગુણ ગાતાં અને તેનું ધ્યાન ધરતાં એવો અનહદ આનંદ પણ મળે છે. (૧૪-૧૫). નિર્ગુણ અને સગુણ વચ્ચે ખરેખર કોઇ ભેદ નથી એ તું નિશ્ચયપૂર્વક જાણ. તું એક માત્ર બધે નિયમન કરનાર છે અને તારા વિના બીજું કોઇ તારનાર નથી (અથવા તું જ એક અનન્ય તારક છે). (૧૬).

જેમ વસ્ત્રમાં તંતુઓ ઓતપ્રોત છે તે રીતે તારા રૂપમાં આ જગત ઓતપ્રોત છે પછી એને કોણ જુદું કહે અને શું કામ કહે?② (૧૭). મૂળે કોઇ ભેદ ન હોવા છતાં હે ગુરુજી ! હું તારો છું એમ માન પરંતુ તું મારો નથી એ નક્કી છે. (આ સંબંધ) સમુદ્ર અને તરંગ જેવો છે (તરંગ સમુદ્રના છે પરંતુ સમુદ્ર તરંગનો નથી). (૧૮). મારી આ ભાવના ઉત્તરોત્તર વધતી રહો અને તારાં ગુણગાન હું ગાતો રહું. કેવળ અનન્ય કહી શકાય એવી હે પ્રેમમૂર્તિ ! હું તને નમન કરું છું. (૧૯). હે દયાના ભંડાર ! તું જ ભાવનાને વશ થઇને મને સ્ફૂર્તિ આપીને તારું આ ચરિત્ર મારી પાસે બોલાવે છે. (૨૦).

આ પહેલાંના યુગમાં (સત્યયુગમાં) અત્રિ અને અનસૂયાના કારણે અવતાર ધરીને અનેક ભક્તોને તેં તાર્યા હતા. (૨૧). તેં આપેલી સ્ફૂર્તિને લીધે, મનને આનંદ આપે તેવાં તેમનાં સુંદર કથાનક (લીલાવાર્તા) ગાયા પછી, તારી લીલા સિવાય બીજું કશું ગાવાનું ગમતું નથી. (૨૨). કળિયુગમાં પણ તેં અન્ય અવતારો લીધા છે. હે ત્રિમૂર્તિ ! તારી એ લીલાનું આગળ વર્ણન કરાવ. (બોલાવ.) (૨૩). તારા ચરિત્રરૂપી અમૃતના પાનથી સાંભળનારા તરી જાય છે. એ (કથા) સાક્ષાત્ કલ્પવૃક્ષ છે. એમાં લેશ માત્ર શંકા કરવા જેવી નથી. (૨૪). આવી પ્રાર્થના સાંભળીને શ્રીગુરુરાય દ્રવ્યા અને અખૂટ પ્રેરણા આપીને ફરીથી લીલાનું વર્ણન કરવાનું શરૂ કર્યું. (૨૫).

આગળના અધ્યાયમાં (વર્ણવ્યા પ્રમાણે) ભાવાવેશમાં આવીને અલખજી ગુરુસ્મરણમાં લાકડાની જેમ ચેતન વિનાના- જડ જેવા (નિશ્ચેષ્ટ) થઇ ગયા હતા. (૨૬). એ જોઇને શિષ્ય નિરંજન સ્તબ્ધ થઇને સામે ઊભો રહ્યો હતો. એણે મનમાં વિચાર્યું કે અરેરે ! આ શું થઇ ગયું? પ્રભુનું લીલાગાન બંધ કેમ થઇ ગયું? (૨૭). એણે જય હો ! જય હો ! ની ગર્જના કરી અને વારે વારે વંદન કરવા લાગ્યો. એટલે મુનિવર અલખે ધીમે ધીમે આંખ ઉઘાડવા માંડી. (૨૮). પ્રેમથી પૂરેપૂરી ભરેલી, ગંભીર, મલક મલક હાસ્ય (મંદ સ્મિત)વાળી એ મુદ્રા જોઇને અંતરથી રાજી થઇને એકદમ નમ્ર બનીને એ સુજ્ઞ (નિરંજન) બોલ્યો કે હે યોગીશ્વર ! આપનો જય હો ! આપનો જય હો ! હું આપને પ્રણામ કરું છું. હું ચાતક થઇને તમારે બારણે તૃષાતુર થઇને ઊભો છું. મારી અવગણના કેમ કરો છો? (૨૯-૩૦). હે નાથ ! ગુરુલીલામૃત પાનથી હું ધરાયો નથી. કલિતારક સાક્ષાત્ ત્રિમૂર્તિ દત્તે, બ્રાહ્મણ સ્ત્રીનો ભાવ જોઇને પાછો અવતાર લીધો એ સાંભળીને જિજ્ઞાસા વધી છે. (૩૧-૩૨). હે ગુરુનાથ ! એ લીલાનું વર્ણન કરીને મારી તરસ છિપાવો, એમ કહીને ફરી પાછા સાષ્ટાંગ પ્રણામ કર્યા. (૩૩).

૧૫

એને સ્નેહપૂર્વક ઉઠાડીને અલખગુરુ બોલ્યા કે હે બાળ નિરંજન ! તારી મતિને ધન્ય છે. તારી જિજ્ઞાસાને લીધે ખરેખર આ તારક એવું અમૃતગાન થાય છે. આશ્ચર્યોમાં ઉત્તમ એવી વાત હું તને હવે કહું છું તે તું સાંભળ. (૩૪-૩૫).

પહેલાંના જમાનામાં પીઠાપુર નામના ગામે રાજા નામનો આપસ્તંબ શાખાવાળો એક બ્રાહ્મણ રહેતો હતો. (૩૬). સદાચરણમાં હંમેશાં રચ્યાપચ્યો (રત) રહેનાર અને સદ્ધર્મનું પાલન કરનારો એ બ્રાહ્મણ પરમેશ્વરમાં પ્રેમ રાખીને સંતોષથી દિવસો પસાર કરતો હતો. (૩૭). પતિને જ પરમેશ્વર માનનારી તેની પત્ની સતી સુમતિ અતિથિની સેવામાં રાત દિવસ ગળાડૂબ રહેતી હતી. (૩૮). સદ્ગુણના ભંડાર સમાન એ સુંદર સતી, હંમેશાં પ્રેમથી સેવાધર્મનું પાલન કરતી હતી અને એ વિના બીજા કોઇ દેવની જાણકારી ન હતી. (૩૯). સંતને જોઇને પતિ-પત્ની બંને આનંદથી દોડતાં હતાં. અતિથિ દેવની અંતરના પ્રેમથી પૂજા કરતાં હતાં.(૩) (૪૦).

અમાવસ્યાના શ્રાદ્ધના દિવસે એક વાર અજાણ વેષમાં દત્તપ્રભુ આવી ચઢ્યા અને અતિથિરૂપે ઊભા રહીને ભિક્ષા માગી. (૪૧). સ્વગોત્ર અને માતૃગોત્ર એવા પિતૃસ્થાનના બ્રાહ્મણોને અને દેવ સ્થાનના બ્રાહ્મણને જમાડ્યા વગર વળી ભિક્ષા કેવી રીતે અપાય એવી શંકા કર્યા વગર જ સુમતિ સામેથી દોડી. (૪૨). ગંધ અને ચોખાથી પૂજન કરીને ભિક્ષા આપી ત્યાં તો પ્રસન્ન મુદ્રામાં દત્ત દિગંબર ભગવાન મૂળરૂપે બારણામાં ઊભા રહ્યા. (૪૩).

માથા પર જટાનો મુગટ (તાજ) ધર્યો છે. હાથમાં માળા અને કમંડળ છે. ભસ્મથી સુશોભિત ઉત્તમ શરીર છે અને નિજાનંદમાં મસ્ત છે. (૪૪). એ ત્રિગુણ સ્વરૂપ તારનારું છે. શ્રીપ્રભુ ભક્તિ પ્રિય છે. પતિવ્રતા સ્ત્રી (સુમતિ) લળી લળીને નમે છે અને પછી એણે પરમપદ (મોક્ષ) આપનાર ચરણ પકડ્યાં. (૪૫). દત્ત ભગવાન બોલ્યા કે હે સુંદરી ! તારા મનમાં જે ઇચ્છા હોય તે માગ (બોલ) હું અસાધ્ય વસ્તુ આપનાર દેવ છું એટલે તું જે કંઇ માંગશે તે હું અવશ્ય આપીશ. (૪૬).

આવાં સુમધુર વચન સાંભળીને સાધ્વી સુમતિએ વિનમ્ર બનીને વંદન કરીને સ્તુતિ કરી. (૪૭). હે જગદીશ્વર ! તમારો જય હો ! જયજયકાર હો ! હું તમને વંદન કરું છું. હે ત્રણે ભુવનને તારનાર નાથ ! તું દાતા છે અને હું તો રંક (ગરીબ), અનાથ અને દીન એવી અબળા સ્ત્રી છું. (૪૮). બધાનો આધાર એવો તું પરમાત્મા ભક્તોને માટે અવતાર ધારણ કરે છે. તારી કૃપાદૃષ્ટિ થતાં અમૃતવર્ષા વરસે છે. (૪૯). જયાં વેદ અને પુરાણ પણ મૂગા થઇ જાય છે ત્યાં બીજા તારી કીર્તિનું શું વર્ણન કરી શકે? પણ હે પ્રભુ ! તમે જો ખરેખર રાજી (પ્રસન્ન) થયા જ હો તો આપનું વચન (આપ જે બોલ્યા તે) સફળ કરો. (૫૦). તમારું બોલેલું કદી ખોટું પડતું નથી. તેં વાનર (સુગ્રીવ)ને રાજ્ય આપ્યું અને ધ્રુવને અચળ પદે સ્થાપીને અક્ષય શિરતાજવાળો કર્યો. (૫૧). હે નારાયણ ! હું તને વંદન કરું છું. તું અનાથનો નાથ છે. તેં સોનાની લંકા ભક્ત વિભીષણને આપી દીધી.(૪) (૫૨). હે કૃપાના ભંડાર ! કરુણા કરીને મારી મનોકામના પૂર્ણ કરો. હે પ્રભુ ! હું વારંવાર આપના ચરણ પકડું છું. મને અક્ષયધામ (મોક્ષ) આપો. (૫૩). દયા આવી જાય એવાં વચન સાંભળીને દત્ત પ્રભુ દ્રવી ઊઠ્યા અને પ્રેમથી સુમતિનો હાથ ઝાલીને અમૃતવચન બોલ્યા કે 'હે મા ! તારા મનમાં શું છે તે તું ખુલ્લાં દિલે કહી દે. આ ત્રિભુવનમાં મારા વરદાનથી ન મળે એવી કોઇ દુર્લભ વસ્તુ નથી. (૫૪-૫૫). હે સતી ! હું ભક્તિથી વશ થાઉં છું. ભકતનું અંતઃકરણ એ મારું રહેવાનું ધામ છે. ભકતની ઇચ્છા પૂરી કરીને હું એને ઇચ્છારહિત (નિષ્કામ) કરી દઉં છું.'(૫) (૫૬). એના જવાબમાં બ્રાહ્મણ સ્ત્રીએ કહ્યું કે હે યોગીરાજ ! તમારો જય હો ! જય હો ! તમે મને 'મા' કહીને બોલાવી છે તો એ હે યોગીરાજ ! એ માતાનું પદ સાર્થક કરો. (૫૭). મને ઘણા પુત્રો થયા હતા પરંતુ એ બધા મૃત્યુ પામ્યા. એ પૈકી જે બે રહ્યા છે (જીવતા રહ્યા) તે આંધળા અને પાંગળા એવા છેક નકામા છે. (૫૮). મારી કુખે કોઇ લાયક પુત્ર જન્મ્યો નથી. મૂર્ખ પુત્રો શું કામના? સારા પુત્રો વિના ખરેખર આ જન્મની દરેક

ક્ષણ દુઃખ (પીડા) આપનારી છે. (૫૯). આપ સમાન જ્ઞાનવાન, દીર્ઘાયુષી અને જગત જેને વંદન કરે એવો સમજુ પુત્ર પામું તો મારો જન્મ સફળ છે એમ તમે જાણો. નહિતર એના કરતાં મોત આવે તે વધુ સારું. સત્પુત્ર વિનાનું ઘર સ્મશાન સમું છે. મારા મનની એ ઇચ્છા પૂરી કરો. એ સિવાય મનમાં બીજી કોઇ ઇચ્છા નથી. (૬૦-૬૧). સાધ્વીનાં વચન સાંભળીને ભક્તોના ઉદ્ધાર કરવાની ઇચ્છાવાળા અને દેવો, માનવો અને મુનિઓને વિશ્રાંતિ આપનારા શ્રી હરિ (ભગવાન) તે પ્રમાણે થાવ (તથાસ્તુ) એમ બોલ્યા. (૬૨).

હે સુંદરી ! તને મારા જેવો કુળને તારનાર, કીર્તિમંત, કળિયુગનાં પાપને હરનાર, દૈન્યનો નાશ કરનાર, જ્ઞાનવાન અને વેદ જાણનારો પુત્ર થશે. (૬૩). એના કહ્યા મુજબ તમે અનુકૂળ થશો (એ કહે તેમ કરશો) તો એ રહેશે નહિતર એ નિસ્પૃહી સર્વ છોડીને જતો રહેશે એમાં શંકા કરશો નહિ. (૬૪). આવું કહીને દત્તપ્રભુ ત્યાંથી અંતર્ધાન થઇ ગયા. પ્રભુનાં એ રૂપની ઝાંખી કરતાં સાધ્વી વિસ્મય પામી રહી. (૬૫).

ઘરમાં આવીને આશ્ચર્યયુક્ત થઇને પતિને બનેલી બધી વાતથી વાકેફ કર્યા. આનંદિત થઇને પતિ બોલ્યો કે હે પ્રિય ! માન ન માન, પણ એ નક્કી દત્ત જ છે. (૬૬). મધ્યાહ્ને અતિથિ બનીને દત્ત પ્રભુ બ્રાહ્મણને ઘરે જાય છે. હે સુવ્રત કરનારી ! એ બહુ વેષધારી છે. એ નારાજ થઇને પાછા ન જાય એનું ખાસ ધ્યાન રાખજે. (૬૭). માહૂરગઢ, કોલ્હાપુર અને પાંચાલેશ્વર એ દત્તપ્રભુનાં રહેવાનાં સ્થાનો છે એ મારું કહેવું તદ્દન સાચું માન. (૬૮). એ અનેક પ્રકારનાં રૂપો લઇને ફરે છે. જે જગતનો ઉદ્ધારક છે તે ભિક્ષુક બનીને પ્રેમથી (કોડ) ભિક્ષા માગે છે. (૬૯). સર્વત્ર વ્યાપીને રહેનાર અને સર્વનો આત્મા એવા એણે શાની ભીખ માગવાની હોય? એ વિશ્વંભર અને વિશ્વેશ આમ ભીખ માગીને જગતને ઉપદેશ (બોધ-શીખ) આપે છે. (૭૦). હે પ્રિયે ! એને તો પૂછ્યા વગર જ અન્ન (ભિક્ષા) આપી દેવું. આપણા ગયા જન્મનાં પુણ્ય ફળે ત્યારે જ પ્રભુ આપણા ઘરે આવે. (૭૧).

સતી બોલી કે હે પતિદેવ ! મારા પર દયા કરીને મને માફ કરો. કારણ કે મેં આજે શ્રાદ્ધીય અન્ન, શ્રાદ્ધ થતાં પહેલાં જ આપ્યું છે. એટલે બ્રાહ્મણે કહ્યું કે આ તો તે ઘણું સારું કર્યું. મારા મનમાં હરખ માતો નથી. જેને બધું જ અર્પણ કરવાનું હોય છે તેને જ તેં અન્ન આપ્યું છે. (૭૨-૭૩).

કર્મ પૂરું થતાં જે કર્મ હરિનાં ચરણે અર્પણ કરવામાં આવે છે તે જ હરિ સાક્ષાત્ આવીને એ અન્ન સ્વીકારે એમાં આપણું કલ્યાણ નથી શું ! (૭૪). હે સદ્ગુણી સ્ત્રી ! તને ધન્ય છે. આજે તારા પિતૃઓ તૃપ્ત થયા છે. તેં મારી ઇકોતેર પેઢીને તારી દીધી છે અને જમનો માર પણ ટાળ્યો છે. (૭૫). તારી માતાને ધન્ય છે અને ખરેખર તારા પિતાને પણ ધન્ય છે. તેં ત્રિમૂર્તિ અવતાર એવા દત્ત પ્રભુને પ્રસન્ન કર્યા છે. (૭૬). તને તો અમૂલ્ય વરદાન મળ્યું છે. એ જરૂરથી ફળશે. તને ભગવાનના અંશવાળો ઉત્તમ શરીરધારી સદ્ગુણી પુત્ર થશે. (૭૭).

દઢ મનવાળાં આ પતિ-પત્ની (દંપતી) આનંદથી સમય પસાર કરતાં હતાં. કેટલોક સમય પસાર થતાં સ્ત્રી (સુમતિ) ગર્ભવતી થઇ. (૭૮). સતી સ્ત્રી જ્ઞાનની વાતો કરવા લાગી. ગર્ભવતી સ્ત્રીને ઉત્તમ ઇચ્છાઓ થવા લાગી. આ જોઇને બ્રાહ્મણના હૈયામાં આનંદનો સમુદ્ર સમાતો નથી. (૭૯). નવ માસ અને ઉપર નવ દિવસ થયા ત્યારે ભાદરવા સુદ ચોથને દિવસે શુભ લગ્નમાં સુમતિએ પુત્રને જન્મ આપ્યો.⑥ (૮૦).

સ્વર્ગથી પુષ્પવૃષ્ટિ થવા લાગી, દુંદુભિ વાગવા લાગ્યાં, સુંદર દેહધારી બ્રાહ્મણે સ્નાન કરીને જાત કર્મ કર્યું. (૮૧). નર-નારી ટોળે વળીને મંગલ ગીતો ગાવા લાગ્યાં. ભાવપૂર્વક સાકર વહેંચવામાં આવી. જ્યોતિષીએ પ્રસન્ન થઇને કહ્યું કે આ બાળક નાનપણથી જ તપસ્વી થશે. અલૌલિક ખ્યાતિ પામશે. જગતને દીક્ષા આપનાર જગદ્ગુરુ થશે અને એને લોકો સાક્ષાત્ ભગવાન તરીકે માનશે. (૮૨-૮૩). જ્યોતિષીનાં આવાં પ્રિય વચનો સાંભળીને બ્રાહ્મણ બોલ્યો

કે દત્ત ગુરુનાં વરદાનનું જ આ ચોક્કસ ફળ છે. (૮૪). બાળકના પગમાં વજ્ર, અંકુશ અને કમળનાં ચિહ્નોની મુદ્રા હતી. બાર દિવસ ઉત્સવ કરીને પછી એનું શ્રીપાદ એવું નામ પાડ્યું. (૮૫). દિવસે દિવસે બાળક વિદ્યા, બુદ્ધિ અને ગુણમાં વધતો જાય છે. આઠમા વરસે યજ્ઞોપવીત આપવાનો ઉત્તમ સમય સાધ્યો. (૮૬). બ્રહ્મચર્યનું પાલન કરીને ચાર વેદો, છ શાસ્ત્રનો તાત એવો બટુક અભ્યાસ કરવા લાગ્યો. આ જોઇને બીજા શિષ્યો વિસ્મય પામ્યા. (૮૭). શીખીને બોલવાની અદ્‌ભુત શક્તિ, યાદ કરવાની દિવ્ય શક્તિ જોઇને દંગ થઇને લોકો કહેવા લાગ્યા કે આ તો મહાન આત્મા છે. (૮૮). વ્યવહારના ગૂઢ પ્રશ્નો, વેદ ઉપરના ભાષ્ય, વેદાંત અને જ્યોતિષને લગતા પ્રશ્નો વિશે સ્પષ્ટ કથનો કરવા લાગ્યા. (૮૯). સર્વજ્ઞાનના ભંડાર સમા લીલાધરી માનવદેહ જોઇને માતા-પિતા કહેવા લાગ્યાં કે આનાં લગ્ન ચોક્કસ કરી નાંખીએ. (૯૦). માતા-પિતાની લગ્ન વિષેની પ્રવૃત્તિ રોકીને બાળક બોલ્યો કે તમે શું કામ ખોટી મહેનત કરો છો? હું સ્ત્રીનો સ્વીકાર કરવાનો નથી. (૯૧). મરણધર્મવાળી પત્ની મને પસંદ નથી. વૈરાગ્ય એ મારી પત્ની છે. હે તાત ! હું એની સાથે લગ્ન કરીશ. એ સિવાયની મારે મન બધી (સ્ત્રી) માતા સમાન છે. (૯૨). હું મોક્ષ માર્ગનો તપસ્વી છું. યોગશ્રી રૂપી સુંદર સ્ત્રી મારી પત્ની છે. બીજા કોઇનો છાંયડો પણ હું સ્વીકારતો નથી. (૯૩). હું બ્રહ્મચારી સુખ સ્વરૂપ છું. મને વિષયસુખની કોઇ પરવા નથી. એ સુખની પ્રવૃત્તિ તો પરાધીન છે. મેં શૂન્યવૃત્તિ સાથે લગ્ન કર્યા છે. (૯૪). યોગશ્રી સિવાયની બધી સુંદરી મારે માટે માતા સમાન છે. હે પિતાજી ! હું બીજી સ્ત્રીને સ્વપ્નમાં પણ ઇચ્છતો નથી.⑦ (૯૫).

હું શ્રીવલ્લભ શ્રીપાદ પૂર્ણપણે નિષ્કામ છું. નિવૃત્તિરૂપી સુંદર સ્ત્રીને પરણીને હું અક્ષયધામ જાઉં છું. (૯૬). પુત્રનાં એ વચન સાંભળતાં જ (માતા-પિતાને) દત્ત પ્રભુનાં વચન યાદ આવ્યાં. એ વચનનું રહસ્ય સમજતાં આંખમાં આંસુ આવ્યાં. (૯૭). એનું કહેવું નહિ માનવાથી તો અનિવાર્યપણે મહા વિઘ્ન આવશે. આ આપણો પુત્ર નથી પણ સ્વયં દત્ત ભગવાન છે એ નક્કી વાત છે. (૯૮). એ પોતાનું વરદાન (વચન) પાળવા માટે અવતર્યો છે. એનું કહેવું માનીને અને એને અનુકૂળ થઇને પછી અમારું દુ:ખ જણાવીશ એટલે એ એનો કોલ (વચન) પાળશે. (૯૯). એને જેનાથી સંતોષ થાય એવું કામ કરવું એવો મનમાં નિશ્ચય કરીને માતા બોલ્યાં કે હે કુળને તારનાર પુત્ર ! તું મનની આશા પર કેમ પાણી રેડે છે? (નિરાશ કરે છે.) સુમતિ આકુળવ્યાકુળ થઇને રડે છે અને હૈયામાં શ્વાસ પણ સમાતો નથી. (૧૦૦-૧૦૧). પવનના ઝંઝાવાતથી કેળ પડે તે રીતે જ (સુમતિ) તરત જ મૂર્છિત થઇને પુત્ર સ્નેહથી ટળવળવા લાગી. એ જોઇને શ્રીપાદ પ્રભુએ માતાને હાથ ઝાલીને ઉઠાડી, જાતે એનાં આંસુ લૂછ્યાં અને માને પ્રેમથી બોલાવીને આશ્વાસન આપતાં જગતના તાતે કહ્યું કે હે મા ! તું ચિંતા ના કર. તું હૃદયમાં ધીરજ રાખીને, તારા મનમાં જે ઇચ્છા હોય તે બોલ. હું તારા મનના કોડ પૂરા કરીશ. (૧૦૨-૧૦૪).

સુમતિ ધીમા અવાજે બોલી કે તને જોઇને એમ થયું કે હવે તું સુખ આપશે. આવું માનીને અમે દુ:ખને ભૂલીને સુખમાં ઠરીઠામ થયાં હતાં. (૧૦૫). અમારી દરિદ્રતા દૂર કરીને, તું ઘડપણમાં અમને પાળશે એવી અમે જે આશા રાખી હતી તે સ્વપ્નની જેમ ક્યાંની ક્યાં ઊડી ગઇ ! (૧૦૬). તારા પિતા વૃદ્ધ છે અને હું પણ વૃદ્ધ છું. આ ભાઇઓ આંધળા ને પાંગળા છે. હે બેટા ! તું જ કહે કે તું જતો રહે પછી અમારો રખેવાળ (બેલી) કોણ? (૧૦૭). માતાનાં આવાં વચન સાંભળીને બન્ને ભાઇઓ તરફ શ્રીપાદ પ્રભુએ જ્યાં અમીદૃષ્ટિ કરી ત્યાં જ તે સાજા-સારા થઇ ગયા. (૧૦૮). જેમ પારસમણિના સ્પર્શથી લોખંડનું સોનું થઇ જાય તેમ સંતની દૃષ્ટિ પડતાં જ બંને ભાઇઓની કાયા કંચનવર્ણી થઇ ગઇ. (૧૦૯). મૂળમાંથી રોગ જતો રહ્યો. બન્ને ભાઇઓ આંખે અને પગે સાજા થઇને નીરોગી થઇ ગયા. (૧૧૦).

વેદશાસ્ત્રનું જ્ઞાન ધરાવનાર અને કલામાં રૂચિ તથા જાણકારી ધરાવનાર બન્ને ભાઇઓએ આવીને શ્રીપાદ પ્રભુનાં ચરણમાં પ્રણામ કર્યા. (૧૧૧). શ્રીપાદશ્રીવલ્લભ પ્રભુએ આશ્વાસન આપતાં કહ્યું કે મારા વરદાનથી તમે આ

જગત (ઇહ)માં અને પરલોક (પર)માં હે ભાઇઓ ! તમે સુખી થશો. (૧૧૨). પુત્ર, પૌત્ર, ધન અને સંપત્તિ પામીને અને પછી આત્માનો આરામ પામીને અંતે માતા-પિતા સાથે કૈવલ્યધામને પામશો. (૧૧૩). આવું કહ્યા પછી એમણે માતાને કહ્યું કે હે મા ! તું મારી વાત સાંભળ. આ બે ભાઇઓ તારી ઉત્તમ સેવા કરશે. (૧૧૪). એ બંને સો વરસ જીવશે. તું તારી આંખે એમનાં પુત્ર-પુત્રીને જોશે એટલે હે મા ! તું કોઇ ચિંતા કરીશ નહિ. (૧૧૫). લક્ષ્મી આ વંશનો ક્યારે પણ ત્યાગ નહિ કરે. ત્રણે લોકમાં તારી કીર્તિ ફેલાશે. તમારાં ભાગ્યને ધન્ય છે. (૧૧૬). આ સંતતિ પણ વેદશાસ્ત્રને જાણનારી થશે અને કોઇ પણ સંતાન ખરાબ રસ્તે જશે નહિ. હે મા ! તું મનમાં સંતોષ રાખ. મારું કહેવું ખોટું નહિ પડે. (૧૧૭). હે મા ! તું ખોટી જીદ (હઠ) ના કરીશ. તું મને રજા આપ. દીક્ષા લેવા માટે સાધુઓ રાતદિવસ મારી રાહ જોઇ રહ્યા છે. (૧૧૮). એમને કૃતાર્થ કરવા માટે મારે ઉત્તર દિશામાં જવું છે. એમ કહીને માતાના ચરણમાં તરત જ મસ્તક નમાવી દીધું.(૯) (૧૧૯). 'મા' ની આજ્ઞા (મંજૂરી) અને આશિષ લઇને ભકતસખા શ્રીપાદ પ્રભુ તરત જ ત્યાંથી અદૃશ્ય થઇ ગયા. (૧૨૦).

ત્યાંથી મનોવેગે કાશીમાં આવીને લીલા કરવા આવેલા શ્રી હરિ મનુષ્યરૂપે (શ્રીપાદરૂપે) ત્યાં પ્રગટ થયા. (૧૨૧). પછી ત્યાંથી ઝડપથી બદરિકાશ્રમે જઇ નર-નારાયણને આનંદે ભેટ્યા. (૧૨૨). એ સાંભળીને બન્ને હાથ જોડીને નિરંજન બોલ્યો કે હે ગુરુજી ! કૃપા કરીને તમે મને બદરિકાશ્રમ કેમ નિર્માણ થયું એની દિવ્ય વાત કહો અને નર-નારાયણ કોણ છે એ કહો અને મારો સંદેહ દૂર કરો. (૧૨૩-૧૨૪). શિષ્યનો પ્રશ્ન સાંભળીને અલખ પ્રભુ જે બોલ્યા એ અનુપમ રંગની કથા કળિયુગના પાપને નિશ્ચિતરૂપથી હરી લેનાર છે. (૧૨૫).

**શ્રી દત્તપ્રભુનાં ચરણકમળના ભ્રમર એવા બ્રહ્મચારી પાંડુરંગ (રંગ અવધૂત)મહારાજ દ્વારા રચિત શ્રીગુરુલીલામૃતનો અલખ અને નિરંજનના સંવાદરૂપે 'શ્રીપાદશ્રીવલ્લભાવતાર' નામનો છપ્પનમો અધ્યાય સમાપ્ત થયો.**

●

**પાદટીપ :**

**અધ્યાય : ૫૬**

**(૧) નિર્ગુણ બ્રહ્મને નામ નથી, રૂપ નથી, રંગ નથી, આકૃતિ નથી. આનું ધ્યાન ધરવાનું કપરું છે. આ નિર્ગુણ નિરાકાર પોતાની ઇચ્છાથી સાકાર થાય છે, અવતાર ધરે છે ત્યારે એ લીલા કરે છે. આ સગુણ સ્વરૂપની લીલા ગાવાથી અને સાંભળવાથી જીવ બ્રહ્મરૂપ થઇ જાય છે. અવતારોની લીલાનું આ જ માધુર્ય છે.**

(૨)

યસ્મિન્નિદં જગદશેષમનુપ્રવિષ્ટં
વસ્ત્રે ગુણા ઇવ ગુણાતિગમપ્રમેયં |
વેદશ્રભિ: પ્રતિદિનં બહુશોભમાનં
ભૂતે:સ્મશાન કુહરે તમતર્ક્યલીલમ્ ||

(પ્રાત:સ્મરણમ્...)

અર્થ :

વસ્ત્રમાં તાંતણાની પેઠે, આ સમસ્ત જગત જેમાં સમાઇ રહેલું છે, જે સત્ત્વ, રજસ્ અને તમસ્ એવા ત્રણે ગુણોથી પર છે, જેનું કોઇ રીતે માપ કાઢી શકાતું નથી, જે વેદરૂપી કૂતરાં સાથે (શ્વભિ:) અને (સંકલ્પોરૂપી) ભૂતો સાથે સ્મશાનમાં પ્રતિદિન અનેક રીતે ક્રીડા કરે છે, જેની લીલાની કલ્પના પણ આવવી મુશ્કેલ છે, એવા તે (દત્તાત્રેય ભગવાન)ને (પ્રાત:કાળે- સાધનાના પ્રારંભ કાળમાં) પ્રણામ કરું છું.

(૩) પતિ અને પત્ની બન્ને સંતસેવામાં રુચિ ધરાવે છે. મધુર દાંપત્ય હોય ત્યાં જ ભગવાન અવતાર લેવાનું વિચારે. આ જ ગૃહસ્થાશ્રમની ધન્યતા છે. ભગવાને પણ અવતાર લેવો હોય તો ગૃહસ્થનું ઘર-મધુરું દાંપત્ય જીવન જીવતાં યુગલને પસંદ કરવું પડે.

(૪) જ્યારે રાવણે વિભીષણને ભરી સભામાં લાત મારીને કાઢી મૂક્યો ત્યારે તે રામની છાવણીમાં ગયા. રામે એને આવકારતાં કહ્યું કે 'પધારો લંકેશ'. વિભીષણ લંકાનો રાજા ન હતો. તો ભગવાન રામે એમને લંકેશ કેમ કહ્યું? રાવણના મર્યા પછી ભગવાન રામ લંકામાં રહેવાના નથી, પણ એ જ વિભીષણને લંકાનું રાજ્ય સોંપી દેવાના છે એવું સૂચવવા 'લંકેશ' સંબોધન કર્યું.

કોઇકે રામને પૂછ્યું કે આપે વિભીષણને લંકેશ કહ્યો છે, પણ માનો કે રાવણ સીતાને પરત કરીને સમાધાન કરે તો પછી રાવણનું શું? રામે કહ્યું કે તો હું તેને મારી અયોધ્યાનો રાજા બનાવી દઇશ. લંકા જીત્યા પછી અયોધ્યા પાછા ફરી માતૃભૂમિનું ગૌરવ વધારતાં શ્રી રામે લક્ષ્મણને કહ્યું કે:

અપિ સ્વર્ણમયી લંકા ન મે લક્ષ્મણ રોચતે |
જનની જન્મભૂમિશ્ચ સ્વર્ગાદપિ ગરિયસી ||

હે લક્ષ્મણ ! લંકા સોનાની હોવા છતાં પણ મને ગમતી નથી. કારણ કે માતા અને જન્મભૂમિ તો સ્વર્ગથી પણ ચઢિયાતાં છે.

(૫) 'દોડયો આયુ સુતને કામ, કીધો એને તેં નિષ્કામ'. ભગવાન ભકતને ગમે તે રીતે કામના વગરનો (નિષ્કામ) બનાવી દે છે. આને માટે જ એ ઘણી વાર ભકતની સકામ ભક્તિ સ્વીકારે છે, એની કામના સંતોષે છે અને એ દરમ્યાન કંઇક એવું કરે છે કે જેથી ભકત આખરે નિષ્કામ બની જાય છે. ભગવાન હંમેશાં ભકતનું કલ્યાણ જ ઇચ્છે છે.

(૬) નવ માસ નવ દિન થયાનો પ.પૂ. સ્વામી મહારાજે એવો અર્થ કર્યો છે કે નવ મહિના નવ દિવસની જેમ પસાર થઇ ગયા. આ અવતારી પુરુષની જન્મ પહેલાંની લીલા ગણી શકાય.

(૭) બારમે દિવસે નામ પાડ્યું- 'શ્રીપાદ' એટલે જેના પગમાં 'શ્રી' ના પતિનાં ચિન્હો છે અથવા જેના ચરણમાં 'શ્રી' બેઠાં છે. પરંતુ શ્રીપાદે પરણવાની ના પાડતાં કહ્યું કે હું તો વૈરાગ્યને-યોગશ્રીને પરણ્યો છું એટલે કે એનો પતિ (વલ્લભ) છું તેથી એ શ્રીપાદશ્રીવલ્લભ કહેવાયા.

(૮) માતાની મંજૂરી વિના સંન્યસ્ત ન લેવાય ઉપરાંત સંન્યાસી થયા પછી પણ માતાને પગે લાગી શકાય, પિતાને નહિ. મા મંજૂરી આપે એટલા પૂરતું બન્ને ભાઇને સાજા-સારા કર્યા અને સુખ સંપત્તિવાન બનાવ્યા. માતા રજા આપે એ જ હેતુ.

●

## અધ્યાય : ૫૭

આ અધ્યાયનું નામ '**બદરિકાશ્રમાખ્યાને નરનારાયણ સ્તવન**' છે.

આ અધ્યાયમાં **૧૧૨** દોહરા છે.

આ અધ્યાયમાં નારાયણ ભગવાનની ઉત્પત્તિની સમજ છે. નિગુર્ણ બ્રહ્મમાંથી બ્રહ્મા, વિષ્ણુ અને મહેશની ઉત્પત્તિ અને ધર્મ તથા અન્ય પ્રજાપતિની ઉત્પત્તિની વાત છે. (૧-૧૮).

દક્ષ પ્રજાપતિની દશ કન્યા અને તે પૈકી સંધ્યાના ચાર પુત્ર નર-નારાયણ, હરિ-કૃષ્ણની વાત છે. (૧૯-૨૬).

નર-નારાયણ ગંધમાદન ઉપર તપસ્યા કરવા ગયા ત્યારે એની તપશ્ચર્યાથી ગભરાઇ જઇને એના તપોભંગ માટે ઇંદ્રે કામદેવ, વસંત અને અપ્સરાને મોકલી. (૨૭-૫૪).

તપોભંગ માટેની કામદેવની મહેનત નકામી નીવડી. આખરે નર-નારાયણે પોતાની જાંઘ-ઉરુમાંથી એક સુંદર સ્ત્રીને ઉત્પન્ન કરી અને ઇંદ્રને આપવા માટે આપી. ઉરુમાંથી જન્મેલી આ સ્ત્રી તે જ ઉર્વશી. (૫૫-૯૦).

કામદેવ, વસંત અને અપ્સરાએ નર-નારાયણની સ્તુતિ કરી. (૯૧-૧૧૨).

અલખજી કહે છે કે હે બાળ નિરંજન ! જેના શ્રવણમાત્રથી સંસારનો ભય ચોક્કસ ટળી જાય એવું કથાનક (વાત) હું તને કહું છું તે તું સાંભળ. (૧). નારાયણ ભગવાન જે સાચે જ સર્વના અધ્યક્ષ (વડા) છે, જેને સંન્યાસીઓ પણ અનન્યભાવે વંદન કરે છે, જ્યાંથી આચાર્ય પ્રણાલિકાની શરૂઆત થઇ અને અદ્વૈતનો સંપ્રદાય ફેલાયો એની આ દિવ્યકથા પરમ પાવનકારી છે અને જેનું શ્રવણ કરવાથી પાપી પણ ભવસાગર તરી જાય છે. (૨-૪).

જે બ્રહ્મ મૂળે નિર્ગુણ, નિરામય અને એકમાત્ર હતું તે પોતાની માયા શક્તિથી સગુણ (શબલ) થયું.① (૫). આ જડ-ચેતન જે દેખાય છે તે અવિદ્યા છે. કોઇ અનુભવી જ એને જાણી શકે છે એ વાત તું નિશ્ચિતરૂપથી મનમાં માન. (૬). આ માયાયુક્ત (માયાવી) બ્રહ્મથી એ અવ્યક્ત (ઉત્પન્ન) થયું. કોઇ એને અવ્યાકૃત કહે છે. એમાં નામભેદ જ છે. (૭). આ અવ્યક્તનો જે અભિમાની દેવ છે તેને સુજ્ઞ પુરુષો મહાદેવ કે શંકર કહે છે. (૮). આ અવ્યક્ત સ્વપ્નની જેમ વ્યક્ત થતાં જ્ઞાની લોકો એને હિરણ્યગર્ભ કહે છે. (૯). એના અભિમાની દેવ લક્ષ્મીપતિ વિષ્ણુ છે.જેના નાભિ કમળમાંથી વિરિંચિ (બ્રહ્મા) ઉત્પન્ન થયા. તેમાંથી આ સ્થૂલ વિરાટ થયું. એના અભિમાની દેવ આ કમળના આસન પર બેઠેલા ચતુર્મુખી બ્રહ્મા છે. (૧૦-૧૧).

આ ત્રણે દેવો જે જાતે ઉત્પન્ન થયા તે ત્રણ ગુણવાળા છે અને તેઓ આ સૃષ્ટિનું સંચાલન કરે છે.② (૧૨). આ સૃષ્ટિનો જે સંહાર કરે છે તે તમોગુણના અભિમાની દેવ ઉમાપતિ શિવ શંકર છે એ તું જાણ. (૧૩). સત્ત્વગુણ પ્રધાન શ્રીહરિ (વિષ્ણુ) સૃષ્ટિનું સર્જન થતાં જીવોની તેમના કર્માનુસાર વ્યવસ્થા કરીને આ સૃષ્ટિનું રક્ષણ કરે છે અને પાલન કરે છે અને રજોગુણનો આશ્રય કરીને બ્રહ્માજી સૃષ્ટિનું સર્જન કરે છે. (૧૪-૧૫). આ ત્રણે ગુણોને યોગ્ય પ્રમાણમાં મિશ્રિત કરીને આ બ્રહ્માંડના ઉદરમાં જીવમાત્રનું સર્જન કરે છે. (૧૬). કલ્પના આરંભમાં સૃષ્ટિનું સર્જન કરવા માટે, પોતાના તપના પ્રભાવથી અને પોતાના સંકલ્પ માત્રથી બ્રહ્માજીએ ધર્મરૂપ એક નર અને અન્ય પ્રજાપતિનું નિર્માણ કર્યું. આ બધા પ્રજાપતિમાં દક્ષ પ્રજાપતિ શ્રેષ્ઠ હતા તે તું જાણ. (૧૭-૧૮).

આ દક્ષ પ્રજાપતિને દશ દીકરીઓ થઇ. પહેલી કન્યાનું નામ મરુત્વતી, બીજીનું વસુજ્ઞાના, ત્રીજીનું લંબા, ચોથીનું ભાનુમતી, પાંચમીનું સતી, છઠ્ઠીનું સંકલ્પા, સાતમીનું મુહૂર્તા, આઠમીનું સંધ્યા, નવમીનું વિશ્વાવતી અને દશમીનું નામ કકુપ્ હતું. (૧૯-૨૧). આ દશે સુંદર કન્યા બ્રહ્મ વિવાહ દ્વારા દક્ષ પ્રજાપતિએ ધર્મ પુરુષને આપી. (લગ્ન કર્યાં.) (૨૨).

આ પૈકીની આઠમી દીકરી સંધ્યા જે ઉત્તમ પતિવ્રતા હતી તેને સમય જતાં ચાર પુત્રો થયા. (૨૩). ધર્મે આનંદથી એમનાં જાતકકર્મો વગેરે કર્યાં અને ધામધૂમથી વિધિ અનુસાર નામ પાડ્યાં. (૨૪). પહેલા પુત્રનું નામ નર, બીજાનું નારાયણ, ત્રીજાનું હરિ અને ચોથાનું કૃષ્ણ એવું નામ પાડ્યું. (૨૫). આ ચારે પુત્રો વિષ્ણુના અંશ હતા અને તપ પ્રભાવથી ઋષિઓના સમૂહમાં પૂજ્ય અને સર્વવંદ્ય થયા. (૨૬).

નર અને નારાયણ બન્ને હિમાલય પર્વતના સુંદર શિખર એવા ગંધમાદન ઉપર તપશ્ચર્યા કરવા લાગ્યા. (૨૭). આત્મા અને અનાત્માના વિચારમાં સુખપૂર્વક સમય પસાર કરવા લાગ્યા અને અદ્વૈત એવા આત્માને જાણીને એનું ખરેખર હંમેશાં ધ્યાન ધરવા લાગ્યા. (૨૮). એમનું નિષ્કલંક તપ જોઇને દેવોનો સમૂહ (બધા દેવો) એમની પાસે ડરીને વર્તતા હતા. (૨૯). નારાયણને તાપ ન લાગે એટલા માટે સૂર્ય પણ ઉગ્ર કિરણો ત્યજીને (શાંત કિરણોથી) શાંતિથી વર્તતો હતો. (૩૦). વાયુ હંમેશાં ભયભીત થઇને મંદમંદ વહેતો હતો અને ઋતુદેવતા વિવિધ પ્રકારનાં ફળ-ફૂલ સેવામાં આપીને અનુકૂળ થઇને વર્તતા હતા. પ્રાણીમાત્ર ડરીને, સાવધાનીપૂર્વક વર્તતાં હતાં. (૩૧-૩૨). નારાયણના પગમાં કાંકરા ન ખૂંચે તે હેતુથી પૃથ્વી પોતે કઠણપણું છોડીને કોમળ થતી હતી. (૩૩). નારાયણની ધીરજ, ગંભીરતા અને શાંતિ જોઇને સાગર પણ એનો ગર્વ છોડી દેતો હતો.[3] (૩૪). એના મુખનું સૌંદર્ય જોઇને કલાનો ભંડાર એવો ચંદ્રમા શરમાઇ જઇને વાદળમાં છુપાઇ જતો હતો. (૩૫). ખરેખર એમનું તપોબળ ધન્યતાને પાત્ર છે અને તેજ પણ અલૌકિક છે જે જોઇને અગ્નિ પણ પોતાનું અભિમાન સમૂળ ત્યજી દે છે. (૩૬). નારાયણનું વિશુદ્ધ અંતઃકરણ જોઇને પાણી પણ પોતાની સ્વચ્છતાનું અભિમાન ત્યજી દે છે. (૩૭). નારાયણની અમૃત સમાન વાણી સાંભળીને અમૃત પણ તેની મધુરતાનો ગર્વ ત્યજી દેતું. (૩૮). એમનું બળ અને શક્તિ જોઇને ઇંદ્ર પણ ખૂબ શરમાયો અને એમનું અદ્વૈતનું જ્ઞાન (દઢતા) જોઇને આકાશ પણ ઝંખવાઇ ગયું. (૩૯).

સિંહ વગેરે હિંસક પશુઓ પણ પોતાની હિંસક વૃત્તિ ત્યજી દઇને આશ્રમ આગળ વેરવૃત્તિ વિનાના થઇને વર્તે છે. (૪૦). સિંહ અને હાથી, ગાય અને વાઘ તથા ઉંદર અને બિલાડી ભેગાં થઇને નિર્ભય થઇને રમે છે. આવા તપોબળને ધન્ય હો ! (૪૧).

આ જોઇને સ્વર્ગમાં બધા દેવો ભયભીત થયા. ચિંતામગ્ન થયેલા બધા (દેવો) ભેગા થઇને વિચારવા લાગ્યા અને કહેવા લાગ્યા કે અરેરે ! હવે શું કરવું? આપણી નાની અમસ્તી ભૂલ થશે તો પણ એ શાપ આપશે અથવા આપણા આ સ્થાનો હરી લેશે માટે એના તપનો ભંગ કરવા માટે દરેક પ્રકારના પ્રયત્નો કરો.[4] (૪૨-૪૪).

દેવોની સાથે ઇંદ્રે પણ આ પ્રમાણે વિચારીને તરત જ અપ્સરાઓના સમૂહને બોલાવી અને તેમને નર-નારાયણ જ્યાં ઉગ્ર તપશ્ચર્યા કરી રહ્યા છે તે ગંધમાદન શિખર પર જલદી જવાની અને ત્યાં જઇને ઝડપથી એમનો તપોભંગ કરવાની આજ્ઞા કરી. (૪૫-૪૭). ઇંદ્રે કહ્યું કે હું તમને મદદ કરવા માટે આ કામદેવ અને વસંત પણ આપું છું. ઇંદ્રનાં આવાં વચનો સાંભળીને સ્વર્ગની અપ્સરાઓ ચાલી નીકળી. (૪૮).

લાવણ્યની વેલ સમાન મુખ્ય મુખ્ય અપ્સરાઓ જેવી કે રંભા, કુબ્જા, મેનકા, પ્રલોચના, સુમ્લોચના, મહોદ્ધતા, ઘૃત્તાચી, સુભ્રા, સૌરભેયી, તિલોત્તમા, અલંબુષા, મિશ્રકેશી, વરૂથિની, પુંડરિકા વગેરે કે જે દર્શનમાત્રથી જ

પળવારમાં ચિત્ત ચોરી લે છે અને જેને જોઇને મોટા મોટા તપસ્વીઓ પણ કામવશ થઇને, તરત જ સાધના ભૂલી જઇને, જપ-તપ છોડીને તેમને વશ થઇ જાય છે (એવી સુંદર અપ્સરાઓ) ત્યાંથી ચાલી નીકળી. (૪૯-૫૩). પોતાની સાથે કામદેવ (મીનકેતન) અને વસંતને સાથે લઇને અપ્સરાઓ ગંધમાદન શિખર પર બદરિવનમાં આવી. (મીનકેતન એટલે માછલીના ચિહ્નવાળી ધજાવાળો=કામદેવ.) (૫૪).

વસંત ઋતુએ જંગલને ફૂલોથી આચ્છાદિત કરી દીધું અને તરત જ ઝાડને નવાં પાંદડા ફૂટ્યાં. (૫૫). ક્ષણવારમાં ફળ અને ફૂલથી વૃક્ષો અને વનસ્પતિ લચી પડ્યાં (ખીલી ઊઠ્યાં.) અને જંગલ મહેંકી ઊઠ્યું. (૫૬). પાણીનાં ઝરણાં ખળખળ અવાજ કરીને વહી રહ્યાં છે, મંદ મંદ પવન (સમીર) વહી રહ્યો છે અને જંગલી કોયલ (વનગંધર્વ) વૃક્ષ પર મંજુલ સ્વરે ગાવા લાગી. (૫૭). મેના, પોપટ, ચાતક, કોયલ, મોર, હંસ વગેરે આનંદથી મધુર નિનાદ કરી રહ્યાં છે. (૫૮). સરોવરમાં કમળો ખીલી ઊઠ્યાં છે અને એના ઉપર ગુંજારવ કરીને ભમરા ચિત્તડું ચોરી રહ્યા છે. (૫૯). વનનાં હરણાં નિર્ભય થઇને ફરે છે અને કૌતુકપૂર્વક ઠેકડા મારીને આનંદ કરે છે. પશુ અને પંખી આનંદથી બધે ક્રીડા કરી રહ્યાં છે. (૬૦). બદરીકાશ્રમમાં આવી બહેકાવે એવી માદક પરિસ્થિતિ નિર્માણ થતાં ત્યાં અનુપમ આનંદ વર્તી રહ્યો છે. (૬૧). આ દૃશ્ય જોઇને યક્ષ, કિન્નર, નાગ અને દેવગણ આશ્ચર્યચકિત થઇ ગયા અને કહેવા લાગ્યા કે ખરેખર આ દૃશ્ય કેવળ અલૌકિક અને અપૂર્વ છે. આ જન્મમાં આવું દૃશ્ય કદી જોયું નથી. (૬૨-૬૩).

વસંત (કુસુમાકર)ની અનુપમ સમૃદ્ધિ જોઇને અપ્સરાઓ પણ વસ્ત્ર અને અલંકારો સજીને તૈયાર થઇ. (૬૪). નર-નારાયણને વીંટળાઇને તાન, તાલ, ઠેકો દઇને અને સાતે સ્વર સહિત, સમયને અનુરૂપ, રાગ રાગિણી સાથે સુમધુર (સુમંજુલ) ગીતો ગાવા લાગી જેથી કામદેવ ક્ષણવારમાં એમનું ચિત્તડું ચોરી લે. (કામને વશ કરી દે.)(૫) (૬૫-૬૬). હાવ-ભાવ સાથે આંખોના ઉલાળા કરતી અપ્સરાઓ હસી-મજાકમાં ઉન્મત્ત બનીને આનંદથી નૃત્ય કરવા લાગી. (૬૭). આમ છતાં અરેરે ! નારાયણના મનમાં પ્રવેશ કરવાની કામદેવમાં હિંમત ન હતી. (૬૮). એ મુનીશ્વર પર્વત સમાન અડગ બેઠા હતા. ધન્ય છે એમને. આ જોઇને અપ્સરાઓએ બીજા નુસખા અજમાવવાનું વિચાર્યું. (૬૯). જેને જોવા માત્રથી જ વિકાર જન્મે તે (વક્ષ:સ્થળ) બતાવવા માટે તેમણે છાતી ઉપરથી વસ્ત્ર દૂર કર્યું અને કંચુકી (ચોલી) દૂર કરીને વક્ષ:સ્થળ ખુલ્લું કર્યું અને ઋષિની નજર સામે ખુલ્લાં સ્તન રાખીને નૃત્ય કરવા લાગી. (૭૦-૭૧). આમ છતાં પણ નારાયણના મનમાં કામ વિકાર જન્મ્યો નહિ. આ જોઇને બધી અપ્સરાઓ દંગ પામી ગઇ. (૭૨). વિદ્યાનો પાર પામીને જ્ઞાનસાગરમાં જેમનું મન સદા ડૂબેલું રહે છે એવા સંતને ધન્ય છે. (૭૩). પવન વિનાની જગ્યાએ જેમ દી ો સ્થિર જ્યોતે બળે છે તેમ આત્મજ્ઞાનને લીધે બ્રહ્માનંદમાં લીન રહેનાર એમની વૃત્તિ પણ એકદમ સ્વસ્થ હતી. (૭૪). એમનું [illegible]ન બધી રીતે શુદ્ધ અને સત્ત્વ સભર હતું જેથી આ સમગ્ર વિશ્વને વાસુદેવમય જોતું હતું.(૬) (૭૫). આવો ભાવ દૃઢ થતાં રાગ દ્વેષ રહ્યા નહિ અને બ્રહ્માનંદ સિવાય ત્યાં બીજો કોઇ લેશમાત્ર વિકાર નથી. (૭૬). જ્ઞાની પુરુષ જગતમાં એક બ્રહ્મ વિના બીજું કાંઇ જોતો ન હોય પછી એનામાં કામાદિના મિથ્યા વિકાર શાના જન્મે? (૭૭). નારાયણના મનમાં કામ જન્મતો જ નથી. આવું જોઇને, અપ્સરાઓએ બધી તાકાત અજમાવીને કટાક્ષબાણ ફેંકવા માંડ્યાં. (૭૮). વસ્ત્રો ઊંચાં કરીને અર્ધનગ્ન દશામાં, શૃંગારિત હાવભાવ કરીને પ્રયત્નપૂર્વક નૃત્ય કરવા લાગી. (૭૯). આમ છતાં ચિત્તમાં વિકાર થતો નથી. જેનામાં જ્ઞાનનો સૂર્ય પ્રગટી ચૂક્યો છે અને દ્વૈતની શંકા ટળી ગઇ છે એવા આ મુનીશ્વરને ધન્ય છે. (૮૦). જો અગ્નિ અગ્નિને બાળી શકે, પાણી (જળ) પાણી (આપ)ને ભીંજવી શકે તો જ જ્ઞાનીને કામ વિકાર વિહ્વળ બનાવી શકે. (૮૧). જ્ઞાની પુરુષ આ વિશ્વને પોતાના સ્વરૂપવાળું જુએ છે. એને ચલાયમાન કરે એવું ત્યાં બીજું છે જ કોણ?(૭) (૮૨). આત્મજ્ઞાન થવાને લીધે દ્વૈતનો નાશ થવાથી આ સ્ત્રી છે અને આ પુરુષ છે એવી લેશમાત્ર ભાવના રહી

૧૮

નથી. (૮૩). નર નારાયણને વિકાર રહિત (ઢળ્યા નહિ-અઢળ) જોઇને અપ્સરાઓ મનથી હારી ગઇ અને શરમ નેવે મૂકીને, બધાં વસ્ત્રો કાઢી નાંખીને, તદ્દન નગ્ન થઇને, ખૂબ ઉન્મત્ત બનીને નેત્ર કટાક્ષો ફેંકતાં ફેંકતાં નૃત્ય કરવા લાગી અને અંદરો અંદર (પરસ્પર) કામચેષ્ટા કરવા લાગી અને હાવભાવ દ્વારા કામવૃત્તિ જન્માવે એવા ગીતો ગાઇને (નારાયણના) ચિત્તને આકર્ષવા મહેનત કરવા લાગ્યાં. (૮૪-૮૬).

એમની આવી વિચિત્ર ચેષ્ટાઓ સ્વસ્થતા (સ્થિરવૃત્તિથી)પૂર્વક જોઇને નારાયણે શું કર્યું તે તું હવે સાંભળ. (૮૭). એમણે પોતાની સાથળ (ઉરુ)માંથી ત્રણે લોકને મોહ પમાડે એવી એક અનુપમ સુંદર સ્ત્રી (કામિની)ને તરત જ ઉત્પન્ન કરી. (૮૮). એના નખના આગળના ભાગની તોલે પણ આ અપ્સરાઓ આવે એમ ન હતી. એવી એ કેવળ અપૂર્વ હતી. (૮૯). જેનું વર્ણન પણ કરી ન શકાય એવી કેવળ સૌંદર્યની મૂર્તિ સમાન એના તેજમાં સૂર્ય અને ચંદ્ર પણ ઝાંખા પડતા હતા. (૯૦). આવું અલૌકિક સૌંદર્યરત્ન જોઇને કામ વગેરે મનમાં શરમાઇ જઇને દિઙ્મૂઢ થઇને ઊભા રહ્યા. (૯૧).

અપ્સરાઓએ વસ્ત્ર પહેરી લીધા અને નીચે મોઢે બધાએ હાથ જોડીને નારાયણ ભગવાનની પ્રાર્થના કરી. કે હે કમલા (લક્ષ્મી) પતિ ! હે નાથ ! તારી માયાને કારણે અરેરે ! અમે મોહ પામીને તને ઓળખી ન શક્યાં. (૯૨-૯૩). હે દેવ ! અમે તારું સાચું સ્વરૂપ જાણ શક્યા નહિ અને નાહકના રૂપના ગર્વથી અભિમાનમાં પડ્યા. (૯૪). પ્રાણીમાત્રનું ઉદ્‌ભવનું કારણ (મૂળ) જે સનાતન બ્રહ્મ છે તે જ તમો નર અને નારાયણ અદ્વૈતરૂપ છો. (બે છો પણ એક જ છો.) (૯૫). હે પ્રભો ! આપના ચરણમાં અમે વારે વારે સાષ્ટાંગ પ્રણામ કરીએ છીએ. હે કૃપામૂર્તિ ભગવાન ! અમારો અપરાધ (ગુનો) ક્ષમા (માફ) કરો. (૯૬).

હિરણ્યગર્ભના અધિપતિ એવા શેષશાયી ભગવાન વિષ્ણુ એ તમે જ છો. તમે બંને એક જ છો. (શરીર ભલે બે છે.) (૯૭). શંખ, ચક્ર, ગદા અને પદ્મ (કમળ)થી શોભતા શ્રી હરિ એ આપ જ છો એવું અમે નિશ્ચિતપણે જાણી ગયા છીએ અને હવે અમારા મનમાં કોઇ શંકા નથી. (૯૮). તમે જ સાક્ષાત્ વૈકુંઠાધિપતિ વિષ્ણુ છો. અમે તમને વારંવાર પ્રણામ કરીએ છીએ. તમે અમારો અપરાધ ક્ષમા કરો. (૯૯). હે દેવ ! આપ જ્ઞાનના સાગર છો અને અગ્નિ સ્વરૂપ છો. અમારા પાપ અને તાપ બાળીને અમને પાવન (શુદ્ધ-વિમલ) કરી દો. (૧૦૦).

જેના હાથમાં શા, ધનુષ્ય છે, જેની છાતી પર ભૃગુપદ લાંછન શોભે છે, જે ભક્તોને વરદાન આપનાર છે, જે પતિતજનનો ઉદ્ધાર કરનાર છે એવા શ્રી હરિ દષ્ટિમાત્રથી આત્મજ્ઞાન આપીને ભક્તોનાં પાપ હરી લે છે.⑧ (૧૦૧-૧૦૨). યમ-નિયમ વગેરે સાધનમાં જે સર્વાંગ સંપૂર્ણ છે અને જે સનાતન છે તે અધોક્ષજ (વિષ્ણુ) તમે જ છો એમાં કોઇ શંકા નથી. (૧૦૩). જેની પાસે ક્ષમારૂપી લક્ષ્મી છે તે ભક્તના મિત્ર સમાન હે નર અને નારાયણ આપ જ એક સ્વરૂપે રહ્યા છો. (૧૦૪). અમે તને વારે વારે સાષ્ટાંગ પ્રણામ કરીએ છીએ. હે પ્રભુ ! તું આ ગરીબ જન (રંક) ને જલદીથી કૃપાનું દાન સાચે જ આપી દે. (૧૦૫). તારું મૂળ સ્વરૂપ બતાવીને આ દીન જનોનો ઉદ્ધાર કરો. અમે બધા અવિદ્યાના ખાડામાં મોહને લીધે પડ્યા છીએ. (૧૦૬). હે કામેશ્વર ! અમે તને વંદન કરીએ છીએ. તું સચ્ચિદાનંદ સ્વરૂપ (બ્રહ્મ) છે. અમારા ગરીબ ઉપર પ્રસન્ન થા અને અમારો ઉદ્ધાર કર.⑨ (૧૦૭).

હે પ્રભુ ! તેં તારી ઇચ્છાથી આ જે સ્ત્રી રત્ન ઉત્પન્ન કર્યું છે તે કેવળ અપૂર્વ છે. અમે આવું જોયું પણ નથી કે સાંભળ્યું પણ નથી.⑩ (૧૦૮). એ સાક્ષાત્ મહામાય જગદંબા છે અથવા મા પાર્વતી છે. અમે એને વંદન કરીએ છીએ. (૧૦૯). હે દયાના સાગર ! અમારા પર કરુણા કરીને અને અમારો મોહ દૂર કરીને, હે પ્રભુ ! અમારા જેવા રંક પર તું જલદી જલદી કૃપાદષ્ટિ કર. (૧૧૦).

આવું બોલીને (અપ્સરાઓએ) વારંવાર વંદન કર્યાં. અલખ નિરંજનને કહે છે કે એમના પર પ્રસન્ન થઇને નર-નારાયણ એમને કેવી રીતે વિશ્વરૂપનું દર્શન કરાવશે એ વાતનો અનુપમ રંગ હવે પછી આગળ ઉપર ચોક્કસ જામશે. (૧૧૧-૧૧૨).

શ્રી દત્તપ્રભુનાં ચરણકમળના ભ્રમર એવા બ્રહ્મચારી પાંડુરંગ (રંગ અવધૂત)મહારાજ દ્વારા રચિત શ્રીગુરુલીલામૃતનો અલખ અને નિરંજનના સંવાદરૂપે **'બદરિકાશ્રમાખ્યાને નરનારાયણ સ્તવન'** નામનો **સત્તાવનમો** અધ્યાય સમાપ્ત થયો.

●

## પાદટીપ :

### અધ્યાય : ૫૭

(૧) બ્રહ્મ શબ્દ મૂળ બૃહદ્ શબ્દ ઉપરથી ઊતરી આવ્યો છે. આ બ્રહ્મ શબ્દ નપુંસકલિંગ છે. બ્રહ્મ કેવું? આ બ્રહ્મ સ્વયં કશું કરતું નથી, નિષ્ક્રિય છે. એ માયાનો આશ્રય કરે પછી માયા દ્વારા આ બધું સર્જન થાય છે. નિર્ગુણ બ્રહ્મ માયાને કારણે સગુણરૂપે પ્રગટ થાય છે. આ માયા અનિર્વચનીય છે. એનું વર્ણન કરી શકાય એમ નથી. આ માયા સત્ત્વ, રજસ અને તમો ગુણ એમ ત્રિગુણાત્મિકા છે. એટલે એનાથી ઉત્પન્ન થયેલું બધું ત્રિગુણી છે.

(૨) બ્રહ્મા સર્જનકર્તા છે. એનામાં રજોગુણ વધુ પ્રમાણમાં છે. વિષ્ણુ પાલનકર્તા છે. એનામાં સત્ત્વગુણની પ્રધાનતા છે. શંકર સંહારક છે. એનામાં તમોગુણની પ્રધાનતા છે. રજોગુણની પ્રધાનતાથી વ્યક્તિ કર્મયોગી બની, કર્મમાં રચ્યોપચ્યો રહે છે. દત્ત ભગવાનમાં કેવળ સત્ત્વગુણ જ છે. આ સત્ત્વગુણ બ્રહ્માનો ૨૫% વિષ્ણુનો ૫૦% અને શંકરનો ૨૫% એમ મળીને કુલ ૧૦૦% નો બને છે.

(૩) ૩૪ થી ૩૯ સુધીના દોહરા ખૂબ સુંદર છે. સાહિત્યિક દષ્ટિથી પણ ખૂબ સરસ છે. દરેક ગુણને ધ્યાનમાં રાખીને, એના અધિષ્ઠાતા દેવને પણ શરમાવું પડે એવું નારાયણનું વર્ણન છે.

(૪) કોઇપણ સાત્વિક વ્યક્તિ તપશ્ચર્યા કરે કે નિષ્ઠાપૂર્વક સતત સત્કર્મમાં તપ દ્વારા પ્રવૃત્તિશીલ બને એટલે એના તપોભંગનો કે સત્ત્વહરણનો દેવોને કેમ વિચાર આવતો હશે? સ્વર્ગ એ ભોગ ભૂમિ છે. જે લોકો પોતાના પુણ્યના પ્રભાવે ભોગ ભોગવતા હોય તેમના મનમાં હંમેશાં બીક-ડર રહે જ છે કે પોતાનું સ્થાન કે સુખ છિનવાઇ તો નહિ જાય ને ! ભોગ ભોગવનારનું હૈયું પોચું હોય છે.

(૫) કામદેવનું એક નામ અનંગ-અંગ વગરના દેવ તરીકેનું છે. અનંગ થયા પછી તે માણસના મનમાં પ્રવેશીને જ પોતાનું કામ કરે છે. તેનું એક નામ મનસિજ પણ છે. મનસિજ એટલે મનમાં જન્મનાર. ભગવાન શંકરની સમાધિનો ભંગ કરવા કામદેવે પ્રયત્ન કરેલો ત્યારે શંકરે એનું ત્રીજું નયન ખોલીને એને બાળી નાંખ્યો હતો. ત્યારથી તે અનંગ બન્યો. રતિની પ્રાર્થનાને કારણે ભગવાન શંકરે વરદાન આપ્યું. તેથી આ જ કામદેવ દ્વાપરયુગમાં ભગવાન કૃષ્ણના પુત્ર પ્રદ્યુમ્ન તરીકે અવતર્યો હતો.

(૬) બહૂનાં જન્મનામન્તે જ્ઞાનવાન્માં પ્રપદ્યતે ।
વાસુદેવ: સર્વમિતિ સ મહાત્મા સુદુર્લભ: ।।
(ગીતા અ.૭/શ્લોક ૧૯)

ઘણા જન્મોને અંતે 'આ બધું વાસુદેવ જ છે' એવું જ્ઞાન પામેલો જ્ઞાની મારું શરણ લે છે અને મને ભજે છે, તેવો મહાત્મા મળવો અતિ દુર્લભ છે.

પૂ.શ્રી જેવા સચ્ચિદાનંદમગ્ન પુરુષને બધે પોતાનું જ સ્વરૂપ દેખાય છે. આ અનુભવથી જણાય તો જ સાચું સમજાય.

(૭) સર્વભૂતસ્થમાત્માનં સર્વભૂતાનિ ચાત્મનિ ।
ઇક્ષતે યોગયુક્તાત્મા સર્વત્ર સમદર્શન: ।।
(ગીતા અ.૬/શ્લોક ૨૯)

યોગયુક્ત થયેલો યોગી સર્વમાં સમદષ્ટિવાળો થઇને સર્વપ્રાણીઓમાં પોતાનો અને પોતાનામાં સર્વ પ્રાણીઓને રહેલાં જુએ છે.

બધામાં પોતાને જોનારને વિકાર જન્માવે એવું કોઇ અન્ય છે જ નહિ. જ્ઞાની બધામાં પોતાને અને પોતાનામાં બધાને જુએ છે.

(૮) વિષ્ણુ ભગવાનની છાતી પર ભૃગુપદલાંછન છે. ભૃગુઋષિએ ભગવાનની છાતી પર લાત મારી હતી તેનું ચિહ્ન ભૃગુપદલાંછન છે. ભૃગુઋષિ (વિષ્ણુના સસરા થાય) સ્વર્ગમાં ગયા ત્યારે ભગવાન વિષ્ણુ સૂતેલા હતા તે સ્વાગત માટે ઊભા ન થયા તેથી ક્રોધે ભરાયેલા ભૃગુઋષિએ સૂતા રહેલા વિષ્ણુની છાતીમાં લાત મારી એવી કથા છે. ઋષિની તેજસ્વિતાનો પરિચય છે.

(૯) અહીં નારાયણને કામેશ્વરનું સંબોધન કર્યું છે. આખો અધ્યાય કામદેવના પ્રભાવથી ભરેલો છે. દેવોએ કામદેવ, વસંત અને અપ્સરાની મદદ દ્વારા નર-નારાયણનો તપોભંગ કરવાનું વિચાર્યું. એમાં કામદેવ નિષ્ફળ ગયો. એ ધ્યાનમાં રાખીને કરાયેલું કામેશ્વર સંબોધન ખૂબ સૂચક છે.

(૧૦) નારાયણની સાથળ (ઉરુ)માંથી સૌંદર્યની મૂર્તિ સમાન અપ્સરાથી પણ ચઢિયાતી સ્ત્રી ઉત્પન્ન થઇ. ઉરુમાંથી નીકળી માટે એનું નામ ઉર્વશી પડ્યું.

●

## અધ્યાય : ૫૮

આ અધ્યાયનું નામ '**બદરિકાશ્રમાખ્યાને વિશ્વરૂપદર્શન**' છે.

આ અધ્યાયમાં **૧૦૫** દોહરા છે.

આ અધ્યાયમાં કામદેવ, અપ્સરા અને વસંત (ઋતુ) ભગવાન નરનારાયણની સ્તુતિ કરે છે. (૧-૫). એ પ્રાર્થના સાંભળીને અને એમની દશા જોઇને નરનારાયણે કહ્યું કે તમે અભિમાનને કારણે અમારા તપોભંગ કરવાનો જે પ્રયત્ન કર્યો તે નકામો સાબિત થયો. બ્રહ્મનિષ્ઠ આમાં કયાંથી ફસાય? તમારે હજી પણ પ્રયત્ન કરવો હોય તો કરી જુઓ. આ આત્મજ્ઞાનના પ્રભાવની શું ઇંદ્રને પણ જાણ નથી? (૬-૧૪).

બ્રહ્મનિષ્ઠ આત્મજ્ઞાનીને ચલાયમાન કરી શકાય નહિ. બધી વાસનાનો નાશ કરીને એ સ્વાત્મનિષ્ઠ થાય છે. (૧૫-૪૧).

એવો પુરુષ રાગદ્વેષથી પર છે. અમોને સર્વ જગત જ અમારા સ્વરૂપ દેખાય છે. એટલે અમને કોઇ પર દ્વેષ નથી. એમ કહીને નારાયણે કામદેવ વગેરેને એમની જ્ઞાનની સ્થિતિથી વાકેફ કર્યા. (૪૨-૭૬).

નારાયણ પાસેથી આ વિશુદ્ધ જ્ઞાન સાંભળીને અપ્સરા વગેરેએ પ્રાર્થના કરી અને વિશ્વરૂપનું દર્શન કરાવવાની વિનંતી કરી. (૭૭-૮૬).

એમની વિનંતી સ્વીકારીને નારાયણ ભગવાને એમને વિશ્વરૂપનું દર્શન કરાવ્યું. (૮૭-૧૦૫).

કામદેવ, અપ્સરા અને વસંત ઋતુ નરનારાયણની ભાવથી સ્તુતિ કરવા લાગ્યા અને કહેવા લાગ્યા કે જેનાં મન-બુદ્ધિ સદા પ્રસન્ન રહે છે અને મુખડું શાંત, ધીરજવાળું (ધૈર્યવાન) અને આનંદિત છે તથા નયનો કમળ જેવાં છે એવા હે યોગીજનોના ઇશ ! અમે તમને વંદન કરીએ છીએ. હે હરિ ! અમારા પર કૃપા કરી તું અમારાં પાપ હરી લે. (૧-૩). હે પ્રભુ ! અમારા અપરાધ માફ કરો. આ માયાનું પડળ છેદી નાંખીને અમને અમારા સ્વરૂપનું જ્ઞાન કરાવો એ જ અમારી નમ્ર યાચના છે.① (૪). અભિમાન દૂર થવાથી (ગળી જવાથી) દુ:ખી દુ:ખી થઇને અપ્સરાઓ કહેવા લાગી કે વિભુ ! અમને બચાવો ! અમને બચાવો ! (૫).

એમની આવી કરુણ દશા જોઇને નારાયણ પ્રભુ બોલ્યા કે હે કામદેવ ! હે વસંત ! હે અપ્સરાઓ ! મનમાં ઘણું અભિમાન રાખીને તમે અમારા તપનો ભંગ કરવાની ખોટી મહેનત શું કામ કરી? જ્ઞાની તો સદા અસંગ હોય છે. (૬-૭). એ બ્રહ્મનિષ્ઠ કદી પણ મોહમાં પડતો નથી. એવાને ફસાવવા માટે તમે મથામણ કરી? તમને ધિક્કાર છે. (૮). તમે રૂપના અભિમાનમાં મત્ત થઇને ફરો છો અને એ રીતે તમારું પતન કરીને બીજાનું પણ પતન કરવા પ્રયત્ન કરો છો. તમને વિવેકનું કોઇ ભાન નથી. (૯).

શાસ્ત્ર કહે છે કે અભિમાનથી સ્ત્રીનું ચોક્કસ પતન થાય છે. ક્રોધથી તપનો ભંગ થાય છે અને શુદ્રનું અન્ન ખાવાથી બ્રાહ્મણનું પતન થાય છે.② (૧૦). શાસ્ત્રોએ જે કર્મ કરવાની ના પાડી છે એવા નિષિદ્ધ કર્મમાં ગાયનું દાન આપવાથી આપનાર વ્યક્તિ એના દુષ્પ્રચારે હીન થાય છે. (૧૧). તમારા મનમાં હજી પણ કપટ હોય તો કોઇ બીજી શંકા રાખ્યા વગર કમર કસીને ફરી પાછો પ્રયત્ન કરો. (૧૨). હે કામદેવ ! હે વસંત ! હે અપ્સરાઓ ! તમે સ્વર્ગનું સુખ છોડીને

અહીંયાં નાહક શું કામ આવ્યાં? (૧૩). શું ઇંદ્ર પણ આત્મજ્ઞાનનો પ્રભાવ નથી જાણતો? આમાં કોઇનો કંઇ ગજ વાગતો નથી. બધા ચેન-ચાળા કે હાવભાવ નિરર્થક નીવડે છે. (૧૪). શું આ રીતે નૃત્ય અને ગીતથી તપનો ભંગ થાય ખરો કે? જ્ઞાની અભેદ્ય છે અને અંતરથી કેવળ અસંગ છે. (૧૫). એ આવી અંગની ચેષ્ટા જોઇને સ્વપ્નમાં પણ ચલાયમાન થતો નથી. તેની આગળ નેત્રકટાક્ષ બિનઅસરકારક છે એ વાત તમે ચોક્કસપણે જાણી લો. (૧૬). બધી ઇંદ્રિયોને પોતાને વશ કરી યોગાગ્નિથી અને જ્ઞાનબળથી જે પોતાના આત્મામાં રહે છે તેને આ ગાન શું કરી શકે? (૧૭). બધા ગુણોને છોડીને જે ગુણોથી પર (ગુણાતીત) થઇ ગયો છે તે પૂર્ણ જ્ઞાનયુક્ત વૈરાગ્યને કારણે અચલ પહાડની જેમ રહે છે. (૧૮).

આવો જ્ઞાની વખાણ (પ્રશંસા) સાંભળીને રાજી થતો નથી અને અપશબ્દોથી એના અંતરમાં દુઃખ થતું નથી. એ શુભ-અશુભ (સ્તુતિ-નિંદા)થી પર છે.③ (૧૯). શું આત્મામાં રમણ કરનારો એ જ્ઞાની આવાં ગીત-નૃત્ય વગેરેથી આનંદ પામે ખરો? અને શું એ કામવૃત્તિના કાદવમાં પડે ખરો? (૨૦). અરે હે કામદેવ ! તું ખૂબ બળવાન છે. તું માયાનું જ સ્વરૂપ છે અને એ અરૂપી માયાનું તું મુખ્ય બાણ છે.④ (૨૧). હે કામ ! તું પ્રાણીમાત્રને વિહ્વળ (વીંધી) કરીને તારે વશ કરી લે છે. આ વિશ્વને રાગ દ્રેષથી તું જ નચાવે છે. (૨૨). હે કામ ! તું વાસનારૂપે ચિત્તમાં વધતાં, પ્રાણીમાત્રને પછી બીજું કાંઇ સૂઝતું નથી. (૨૩). ચિત્તમાં સૌથી પહેલી વાસના ભૂમિની પ્રગટે (થાય) છે. ત્યાર પછી દ્રવ્યની વાસના એને વિહ્વળ કરે છે. (૨૪). ત્યાર પછી સ્ત્રીની વાસના વધે છે અને ભોગ લાલસાની ઇચ્છા વધે છે. એને કારણે આ જગતમાં વિવિધ પ્રકારના અનર્થો થાય છે.⑤ (૨૫). ગુરુદેવની કૃપા થાય તો જ માણસ આનાથી બચી શકે. એની કૃપાથી પૃથ્વી (ભૂમિ) વગેરેની વાસના નષ્ટ પામે છે અને પછી આખરે સ્ત્રી-કામના (વાસના)નો નાશ થાય છે અને ભક્ત નિરભિમાની થાય છે. (૨૬-૨૭). આ ત્રણેનો નાશ થતાં એ મુમુક્ષુ ધન્ય થઇ જાય છે. કોઇપણ જાતની ઇચ્છા (વાસના) વિનાનો (નિરીચ્છ)એ બ્રહ્મપદે રાચે છે. (૨૮). જ્યાં સુધી મૂળમાંથી વાસનાનો ક્ષય થયો નથી ત્યાં સુધી બ્રહ્મપદ દૂર છે એમ તું તારા મનમાં નિશ્ચિતરૂપે સમજ. (૨૯). આ વાસના મૂળમાંથી જતાં (નાશ પામતાં) એ વ્યક્તિ બ્રહ્મવિદ્ (બ્રહ્મને જાણનારો) થાય છે અને સમદર્શી બનીને ત્રણે લોકમાં એક અને અજોડ બની રહે છે. (૩૦).

આ ત્રણે વાસનામાં સ્ત્રી વાસના સૌથી વધુ મજબૂત છે અને એ મુમુક્ષુને ધ્યેયમાંથી અધવચ્ચે પાડે છે. (૩૧). માટે પુરુષની કામદેવતા સ્ત્રી છે અને એ જ રીતે સ્ત્રીનો કામદેવતા પુરુષ છે. (૩૨). આના કારણે બન્નેને પરસ્પર પ્રેમ (રતિ) રહે છે અને એકબીજાને જોતાં અંતર પીગળે છે. (કામ જાગે છે.)(૩૩). કામવૃત્તિનું આ સ્વરૂપ જાણીને સાધકે ચિત્તમાં વિવેક રાખીને હંમેશાં જાગૃત રહેવાનું છે.⑥ (૩૪). આત્મા-અનાત્માના વિવેકથી અને યોગાભ્યાસથી જેણે સર્વપ્રકારે કામાદિ વશ કરી લીધાં છે તેની આગળ કોઇનું કશું ચાલતું નથી. આમ છતાં તમારામાં હિંમત હોય તો ભેગા મળીને બધા ફરી એકવાર પાછો પ્રયત્ન કરો. (૩૫-૩૬).

હે કામદેવ ! હે વસંત ! હે અપ્સરાઓ ! તમે જઇને ઇંદ્રને કહો કે ખોટું અભિમાન રાખીને ના ફરે. (૩૭). એની ઇચ્છા હોય તો એ જાતે આવીને એને યોગ્ય લાગે તે રીતે પ્રયત્ન કરી શકે છે. અમને એ સામે કોઇ વાંધો નથી. અમે તો બધી સ્થિતિને સરખી ગણીને સહન કરીએ છીએ. (તિતિક્ષાનો ગુણ.) (૩૮). બધાથી પેલે પાર પણ જે જડ-ચેતન સર્વમાં વ્યાપી રહેલો છે તે પરાત્મા એક છે. (૩૯). એ વિભુ જ (સર્વવ્યાપક) જગન્નાટકી છે, અંતર્યામી છે અને પોતાની લીલાથી સર્વને આમ નચાવે છે. (૪૦).

જેણે પોતાના આત્મારૂપ ભગવાનને જોયો છે એ હંમેશાં બધી રીતે સમદર્શી અને સ્વાત્મનિષ્ઠ હોય છે. (૪૧). એને રાગદ્રેષ નથી, આ બધું સાચે જ એ જ છે. એ બધાને પોતાનામાં જુએ છે અને બધામાં પોતાના આત્માને જુએ છે. (૪૨). એટલે હે કામદેવ ! હે વસંત ! હે અપ્સરાઓ ! તમે બધા અને ઇંદ્ર વગેરે પણ મારું જ સ્વરૂપ છો. (૪૩). એ કારણે મને કોઇના પર રાગદ્રેષ નથી. આ બધા પ્રાણીમાત્ર મારું જ રૂપ છે ત્યાં કોણ મને કલેશ આપશે? (૪૪).

ઇંદ્ર, ચંદ્ર, બ્રહ્મા, મરુદ્‌ગણો, વિશ્વદેવ, આદિત્ય, સાધ્ય દેવો, પિતૃગણ, યક્ષ, વસુ, ગંધર્વ, પિશાચ, રાક્ષસ, શિવ, શક્તિ, કિન્નરગણ, નાગાદિક, નદી, સરોવર, જંગલ,પર્વત, પુરુષ, સ્ત્રી, પશુ, પંખી, ભૂચર (પૃથ્વી પર ફરનાર), ખેચર (આકાશમાં ઊડનાર-ફરનાર), જળચર (પાણીમાં ફરનાર), થળચર (પૃથ્વી પર ફરનાર), સિંહ, ગાય, ઉંદર, બિલાડી, મચ્છર (ડાંસ), કૃમિ, કીડો, માખી, વેલ, ઝાડી-ઝાડ, ઘાસ લાકડાં વગેરે, સ્થાવર-જંગમ જે બધું દેખાય છે તે એક પરમાત્મામાંથી ઉત્પન્ન થયું છે. હું વિષ્ણુ જ એ પરમાત્મા છું. માટે મને કોઇના પર રાગદ્વેષ નથી.⑦ (૪૫-૫૦).

આ સર્વ જગત વિષ્ણુમય છે એવા અદ્વૈતામૃતનું જેણે પાન કર્યું છે તે માણસ પોતે પણ વિષ્ણુ સ્વરૂપ જ થઇ જાય છે. (૫૧). એને રાગદ્વેષ હોતા નથી. એ કેવળ અભિન્ન હોવાથી એનામાં હું-તું-તે-ના (પહેલો પુરુષ-બીજો પુરુષ-ત્રીજો પુરુષ) ભેદ હોતા નથી. એ ખરેખર શંકા વિનાની વાત છે. (૫૨). આમ પૂર્ણ જ્ઞાન થવાથી એને બધે સમાન-એક સરખું જ દેખાય છે. પરંતુ વ્યવહાર કરતી વખતે લૌકિક દ્દષ્ટિથી એનામાં જુદાપણું દેખાય છે.⑧ (૫૩). લોકોને શીખવાનું મળે એ હેતુથી એ આમ અલિપ્ત (અળગો) રહીને વર્તે છે. એના મનમાં ભેદભાવ હોતો નથી કે એ કદી પણ અસ્વસ્થ (ક્ષિપ્ત) થતો નથી. (૫૪). આ શરીર, ઇંદ્રિય, મન વગેરે પંચભૂતોમાંથી ઉપ્તન્ન થયાં છે. આ પંચભૂતો માયામાંથી ઉપ્તન્ન થયાં છે અને માયા ત્રણ ગુણવાળી છે.⑨ (૫૫). આ અભિન્ન માયા પરમાત્માની છાયા છે અને તેથી વિશ્વમાં ક્યાંયે ભિન્નતા જણાતી નથી. (૫૬). મહાસાગરનું પાણી વાદળરૂપ થઇ જાય છે ત્યારે તે બે જુદાં જણાય છે પણ એ (વાદળું પાછું વરસીને) સમુદ્રમાં જતાં એ બે અભિન્ન જણાય છે. એ જ રીતે આ વિશ્વ વિવિધ સ્વરૂપે જણાય છે પણ એ અભિન્ન છે. (૫૭-૫૮). યથાર્થ (સાચી) દ્દષ્ટિથી જોતાં એ આત્મરૂપ છે. ઉપાધિ ભેદે એમાં ભિન્નતા ભાસે છે તે લાકડામાં રહેલા અગ્નિ જેવી ભિન્નતા છે. (૫૯). વેદો કહે છે કે ખરેખર આ બધું બ્રહ્મ જ છે. જ્ઞાની પોતે અનુભવ દ્દષ્ટિથી એ જાણે છે.⑩ (૬૦).

હે સુજ્ઞ અપ્સરાઓ ! મેં તમને સુખના ભંડારરૂપ આ જે જ્ઞાન કહ્યું છે તે તમે દેવેંદ્રને જઇને કહો અને કહેજો કે મૂઢની જેમ નાહકનો ક્રોધ કર્યો છે તે વિવેકજ્ઞાનથી શાંત કરે. (૬૧-૬૨). હે કામદેવ ! હે વસંત ! હે અપ્સરાઓ ! આ નાનું મોટું સર્વ વિશ્વ મારામાં જ વસે છે. (૬૩). દેવો, રાક્ષસો, નદી, પર્વતો, સ્વર્ગ વગેરે બધું, અરે ખુદ ઇંદ્ર પણ ખરેખર આ દેહમાં જ રહેલો છે. (૬૪). મારા દેહમાં જે વસ્યું છે તેમાંથી એક રજ એવું આ સ્ત્રી રત્ન બતાવ્યું છે. એ જ રીતે આ સર્વ બ્રહ્માંડ પણ બતાવી શકું એમ છું. (૬૫). અપકારી ઉપર પણ જે હંમેશાં ઉપકાર કરે છે તે જ સાચે સાધુતાનું લક્ષણ છે. એને નથી કોઇ શત્રુ કે નથી કોઇ મિત્ર. (૬૬).

તમે દેવેંદ્રને જઇને કહેજો કે એ રાગદ્વેષથી શું કામ મરે (હેરાન થાય) છે? કોનું ઇંદ્રપદ રહ્યું છે કે એનું રહેવાનું છે? (૬૭). અમે અહીં અદ્વૈત જ્ઞાનને કારણે નિર્ભય થઇને રહીએ છીએ અને સ્ત્રી વગેરેને જોઇને ચલયમાન થતા નથી.⑪ (૬૮).અમે રૂપ કે કુરૂપના મોહમાં પડતા નથી. અમને કોઇ પણ પ્રકારની ભેદ દ્દષ્ટિ જ નથી અને તેથી નિશ્ચલ (સ્થિર) રહીએ છીએ. (૬૯). જેનામાં ભેદદ્દષ્ટિ છે તે જ વિચલિત થાય છે તે તું (હે ઇંદ્ર !) જાણ. તારું શસ્ત્ર (કામ, વસંત, અપ્સરા) અહીં નકામું છે. જ્ઞાનીને ચલાયમાન કરી શકતું નથી. (૭૦). હે અપ્સરાઓ ! મારી સાથળ (ઉરુ)માંથી ઉર્વશી નામનું જે સ્ત્રી રત્ન પ્રગટ્યું છે તે તમે સુખેથી લઇ જાવ. (૭૧). તમારા બધામાં રૂપ-ગુણ વગેરેમાં એ જ શ્રેષ્ઠ છે. એને મારા તરફથી ભેટ તરીકે તમે ઇંદ્રને જઇને આપો અને એને જઇને કહો કે એ સુખપૂર્વક એની સાથે આનંદથી રમે. આવું અનુપમ સ્ત્રી રત્ન એ તપશ્ચર્યા વિના પામ્યો છે. (૭૨-૭૩). એને કહેજો કે સ્વર્ગમાં ભોગ ભોગવીને આનંદથી રહે અને કૃપા કરીને અમારા પર હવે આવી ઉપાધિ ના કરે. નહિતર તું તારા દ્વેષયુક્ત સ્વભાવને કારણે નાહકનો મરીશ.

અમારો જન્મ તો ખરેખર જગતનો ઉદ્ધાર કરવા માટે થયો છે. (૭૪-૭૫). અમને સ્વર્ગ વગેરેની કોઇ ઇચ્છા નથી પછી એ નાહકનો શું કામ ડરે છે? એને કહેજો કે ભોગમાં સુખેથી મગ્ન રહે અને દ્વેષથી નકામો મરે નહિ. (૭૬).

નારાયણના મોઢે આવું વિશુદ્ધ જ્ઞાન સાંભળીને અપ્સરા વગેરે બધાં ખૂબ જ શરમિંદા થઇ ગયાં. (૭૭). સાષ્ટાંગ પ્રણામ કરીને અને બે હાથ જોડીને તેઓ કહેવા લાગ્યાં કે અમે તમારાં દર્શનથી ધન્ય થઇ ગયાં છીએ અને ખૂબ પાવન થઇ ગયાં છીએ. (૭૮). કરોડો જન્મોનાં બધાં પાપો બળીને ભસ્મ થઇ ગયાં છે. તું સાચે જ પતિતોદ્ધારક છે. અનન્ય એવા તને અમે વંદન કરીએ છીએ. (૭૯). હે જ્ઞાનમૂર્તિ ! માયાથી વીંટળાયેલા (વેષ્ટિત) અજ્ઞાની એવા અમે બધાં તારા ઉપદેશથી ધન્ય ધન્ય (કૃતકૃત્ય) થઇ ગયા છીએ. (૮૦). હે સંસારનો નાશ કરનાર લક્ષ્મીપતિ ! તમે પ્રસન્ન થઇને જેમ અમને ઉત્તમ સ્ત્રી રત્ન એવી ઉર્વશી બતાવી છે તેમ તમારા દાસજન ઉપર ફરીથી કૃપા કરીને હે કૃપામૂર્તિ ! તમારા દેહમાં રહેલું આ સુદિવ્ય એવું સકળ વિશ્વ વસી રહ્યું છે તેનું દર્શન કરાવી અમને કૃતાર્થ કરો. હે પ્રભુ ! અમારા દોષો જોશો નહિ. (૮૧-૮૩). બાળકો અનેક અપરાધો કરતાં હોવા છતાં પણ જેમ મા-બાપ ક્રોધ કરતાં નથી તેમ તું પણ અમને માફ કર. (૮૪). અમે અબુધ અને અજ્ઞાની છીએ અને તું શુદ્ધ અને બુદ્ધ છે. અમે બાળકો અપરાધી છીએ પણ તું તો સમદર્શી છે. (૮૫). હે જગત્પતિ ! અમે તને વંદન કરીએ છીએ. તું કરુણા કરીને અમને વિશ્વરૂપનું દર્શન કરાવ એવી તેઓ વારંવાર પ્રાર્થના કરવા લાગ્યા. (૮૬).

એમની આવી પ્રાર્થના સાંભળીને નારાયણ પ્રભુ બોલ્યા કે હે કામદેવ, અપ્સરા વગેરે ! તમે હવે શંકા રાખશો નહિ. (૮૭). મારામાં લોકાલોક સહિત આ સકલ વિશ્વ ખરેખર કેવી રીતે રહેલું છે તે તમે સ્થિર થઇને જુઓ. (૮૮). તમારી જે જે ઇચ્છા હોય તે તમે સ્વસ્થ થઇને સુખેથી જુઓ. હું તમને આ દિવ્ય દૃષ્ટિ આપું છું જેથી તમે એનાં દર્શન કરી શકો.(૧૨) (૮૯). આમ કહીને નારાયણે કેવળ અપૂર્વ એવું વિશ્વરૂપ જલદીથી ધારણ કર્યું. (૯૦).

અનંત બ્રહ્માંડો, દેવ-દેવીઓ, બ્રહ્મા, વિષ્ણુ, શંકર, ઇંદ્ર, અગિયાર રુદ્રો, બાર આદિત્યો, આઠ વસુઓ, સાધ્યદેવો વગેરે, સુર, કિન્નર, વેદ પુરુષ, સરસ્વતી, નારદ-તુંબર, બધા મહર્ષિઓ, અશ્વિનીકુમારો, વિશ્વદેવ, યક્ષો, ગંધર્વાદિ, પિશાચ, દાનવો, રાક્ષસો, અગ્નિ, મરુદ્‌ગણો, અપ્સરાગણ, પિતૃઓ, વિદ્યાધર, મનુષ્ય, પશુ, પક્ષી, વૃક્ષ, લતા વગેરે, સરોવર, નદીઓ, પર્વત, કિલ્લા (દુર્ગ), અપાર જીવજંતુ વગેરે કેવળ વર્ણન ન થઇ શકે એવું (એ સ્વરૂપ) હતું. સાતે દ્વિપો, અરણ્ય, નાગ વગેરે, નગર, મહેલો, પર્વતની ગુફાઓ, રમ્ય બગીચાઓ, ગામડાં, ખેતર, જંગલો, નક્ષત્રો, ગ્રહમંડળ, તારા, સૂર્ય, ચંદ્ર, ઇંદ્રિયોના દેવ, પંચભૂત, જોઇ શકાય તેવા (દૃશ્ય) અને સૂક્ષ્મથી પણ સૂક્ષ્મ એવા અનેક પ્રકારના અદૃશ્ય જીવો, સમસ્ત વિશ્વ અને દેખાતી બધી વસ્તુના સમૂહોનું એના સ્વરૂપમાં દર્શન થયું. એનો અંત જ જણાતો ન હતો.(૧૩) (૯૧-૧૦૦).

એક અનંત તેજોમય સ્વરૂપ સઘળે ભરેલું હતું. એના આદિ, મધ્ય કે અંતનો ક્યાંય છેડો (અંત) જણાતો ન હતો. (૧૦૧). દરેક પ્રકારે પૂર્ણ એવાં અપ્રમેય રૂપને અને અનેક પ્રકારનાં અદ્‌ભુત દૃશ્યને જોઇને દૃષ્ટિ પણ કુંઠિત થઇ જતી હતી. (૧૦૨). આ બધું જોઇને, દંગ થઇ જઇને અપ્સરા વગેરેનો ગર્વ ગળી ગયો અને હાથ જોડીને પ્રાર્થના કરવા લાગ્યાં. (૧૦૩). અલખ નિરંજનને કહે છે કે કેવળ અનુપમ એવું અનુસંધાન આગળ કહીશ તે તું ધ્યાન આપીને સાંભળજે. (૧૦૪). આ વિશ્વમાં એ વિશ્વરૂપ સભરપણે ભર્યું પડ્યું છે. એને વિરલા યોગીઓ તથા બ્રહ્મને જાણનાર રંગ જાણે છે. (૧૦૫).

શ્રી દત્તપ્રભુનાં ચરણકમળના ભ્રમર એવા બ્રહ્મચારી પાંડુરંગ (રંગ અવધૂત)મહારાજ દ્વારા રચિત શ્રીગુરુલીલામૃતનો અલખ અને નિરંજનના સંવાદરૂપે **'બદરિકાશ્રમાખ્યાને વિશ્વરૂપદર્શન'** નામનો **અઠ્ઠાવનમો** અધ્યાય સમાપ્ત થયો.

●

## પાદટીપ :

### અધ્યાય : ૫૮

(૧) માયાનું પડળ આવી જવાથી ભેદદષ્ટિ જન્મે છે, રાગદ્વેષ થાય છે. અનેક જન્મોથી બંધ આંખને જ્ઞાનરૂપી અંજન આંજીને સદ્‌ગુરુ ભગવાન ખોલે તો બધું યોગ્ય સ્વરૂપમાં દેખાય.

અજ્ઞાન તિમિરાન્ધસ્ય જ્ઞાનાંજન શલાકયા |
ચક્ષુરુન્મિલિતં યેન તસ્મૈ શ્રીગુરવે નમ: ||
જુગજુનાં બંધ નૈનાં, કાંઇ તો સુઝાડ; વ્હાલા ! કાંઇ.
અંદર બ્હારી તુંને દેખું, એવો દિ' દેખાડ !!

(અવધૂતી આનંદ)

**ભેદમાં ખેદ અભેદ નિર્વાણ છે,**
**ભક્તિમાં શક્તિ સઘળી પ્રકાશે.**

**(પ્રભાતિયું, અવધૂતી આનંદ)**

(૨) સ્ત્રીનું અભિમાનથી, તપનું ક્રોધથી અને બ્રાહ્મણનું શૂદ્રના અન્નથી પતન થાય છે. એટલે કે એને એના ધ્યેયને સિદ્ધ કરતાં અટકાવે છે. અભિમાન એ બધા પાપનું મૂળ છે. કારણ કે અભિમાન આવવાથી દયા કે જે ધર્મનું મૂળ છે તેનું આચરણ અમલમાં મુકાતું નથી.

દયા ધરમકા મૂલ હૈ, પાપમૂલ અભિમાન |
તુલસી દયા ન છાંડિયો, જબ લગ ઘટમેં પાણ. ||

અભિમાન એટલે સુરાપાન એમ પણ કહેવાયું છે. અભિમાન આવે એટલે ભાન ભૂલી જવાય, વિવેક જતો રહે.

અભિમાનં સુરાપાનં ગૌરવં રૌરવં મહત્ |
પ્રતિષ્ઠા સૂકરી વિષ્ઠા તસ્માદેતત્ત્રયં ત્યજેત્ ||

સ્ત્રી સંસ્કૃતિની સંરક્ષક હોવાથી તેને અભિમાન ન પોષાય. બ્રાહ્મણે ગમે તેનું અન્ન ન ખાવું જોઇએ.
જેવું અન્ન તેવું મન.

(૩) તુલ્ય નિન્દા સ્તુતિર્મૌનિ સંતુષ્ટો યેન કેન ચિત્ |
અનિકેત: સ્થિરમતિર્ભક્તિમાન્મે પ્રિયો નર: ||

(ગીતા.અ.૧૨/શ્લોક ૧૯)

અર્થ: ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણ કહે છે કે નિંદા-સ્તુતિમાં સમાન રહેનારો, મનનશીલ, જે કંઇ મળે તેમાં સંતોષ માનનારો, ઘરમાં મમતારહિત છે તેવો સ્થિરબુદ્ધિ ભક્ત મને પ્રિય છે.

(૪) અનંગ એવા કામદેવની મદદથી માયા બધાને વીંધે છે. કામવૃત્તિની પ્રબળતા દર્શાવતા દોહરા ૨૧થી ૨૩ અભ્યાસ માંગી લે છે. કામની નિંદા નથી કરવાની પણ એને સમજાવીને દૂર રાખવાનો છે. એવી શીખામણ જ્ઞાનકાંડમાં પૂ.શ્રીએ આપી છે. આ કામની પ્રબળતા સમજવા જેવી છે. ભગવાને પ્રાણીમાત્રમાં જન્મથી ત્રણ વૃત્તિ મૂકી છે. આ જન્મજાત વૃત્તિ હોવાથી એનું આકર્ષણ અને એની અસરકારતા રહેવાની જ. આ ત્રણ વૃત્તિ તે : ૧. ખોરાક (આહાર),

૨. આરામ (નિદ્રા), ૩. કામવૃત્તિ (મૈથુન). આ ત્રણ વૃત્તિ જન્મથી જ મળેલી હોવા છતાં કામવૃત્તિનો પરિચય આઠ-દસ વર્ષની ઉંમર પછી થાય છે. સંસારને ચાલુ રાખવા માટે કામવૃત્તિ પણ જરૂરી છે. ભાગવતમાં નારદે ભાગવત ઉપદેશ કરીને સંસારનો ત્યાગ કરાવવાથી ખળભળાટ થઇ ગયો હતો. આ જન્મજાત વૃત્તિનો વિરોધ કરવાનો નથી પણ નિરોધ કરવાનો છે.

(૫) જર, જમીન ને જોરુ એ ત્રણ કજીયાનાં છોરુ. એમાં જમીન (ભૂમિવાસના), જર (દ્રવ્યવાસના), પછી જોરુ (સ્ત્રીવાસના) આવે છે. સ્ત્રી વાસના, કામ વાસનાનો નંબર છેલ્લો છે પણ એની પ્રબળતા સહુથી વધારે છે.

કામ વાસના એ ભોગ વિલાસનું સાધન છે. એટલે તન અને મન સ્વસ્થ હોય પછી જ કામવાસના પ્રબળ બને છે. આપણું શરીર અન્નથી ટકે છે. એટલે ભૂખ્યો માણસ શક્તિ વિનાનો હોય ત્યારે કામવાસના સક્રિય થતી નથી. મન નબળું હોય, અતિ ભયભીત હોય ત્યારે કામવાસના પ્રબળ થતી નથી. પરંતુ ખાધે પીધે સુખી હોય અને આનંદિત મન હોય ત્યારે કામવૃત્તિને રોકવી અઘરી છે.

**ભૂખ ન જુએ ટાઢો ભાત,**
**ઊંઘ ન જુએ તૂટી ખાટ,**
**પ્રેમ (કામ) ન જુએ જાત-કજાત.**

રામાયણમાં શંકરનો તપોભંગ કરવા ગયેલ કામદેવે સર્જેલા વાતાવરણમાં તપસ્વી ઋષિમુનિઓ, જ્ઞાનીઓ, સંસારીઓ અને પ્રાણીઓ બધાં બાવરાં બની ગયાં હતાં. ભગવાન-ગુરુદેવ બચાવે તે જ બચી શકે.

(૬) આ બ્રહ્મ (સત્)માંથી સૃષ્ટિના જડ-ચેતન પદાર્થોનું સર્જન કરીને બ્રહ્મે એમાં પ્રવેશ કર્યો. વિશ ધાતુનો અર્થ થાય છે દાખલ થવું. બધામાં દાખલ થયેલું બ્રહ્મ તે વિષ્ણુ કહેવાયું એટલે આખું જગત વિષ્ણુમય છે.

(૭) કામવૃત્તિ જન્મજાત છે, સંસારનું ચક્ર ચાલુ રાખવા જરૂરી પણ છે પણ મોક્ષપંથના સાધકે સાવધાન રહેવાનું છે. કારણ કે સાધક માટે એ બાધક છે. એની નિંદા કરવાની નથી. એનાથી ડરવાનું નથી પણ એને સમજવાની છે. એનાથી ભાગવાનું નથી પણ જાગવાનું છે.

નિર્ઝરવારિ પાન કરે ને, ફળટુકડો કો માગે રે;
વિષય રમકડાં જગનાં ઝેરી, માની નિશદિન જાગે રે.
(અવધૂતી આનંદ-વન વડલાની૦)

'યા નિશા સર્વભૂતાનાં તસ્યાં જાગર્તિ સંયમી |
યસ્યાં જાગ્રતિ ભૂતાનિ સા નિશા પશ્યતો મુને:' ||
(ગીતા. અ.૨/શ્લોક ૬૯)

આ શ્લોકનું અર્થઘટન આમ પણ કરાય છે : જેમાં સંસારી ઊંઘે એટલે કે વિષયો ભોગવે તેમાં સાધક જાગતો રહે.

(૮) વિદ્યા વિનય સંપન્ને બ્રાહ્મણે ગવિ હસ્તિનિ |
શુનિ ચૈવ શ્વપાકે ચ પણ્ડિતા: સમદર્શિન: ||
(ગીતા. અ.૫/શ્લોક ૧૮)

વિદ્યા વિનયવાળા જ્ઞાનીઓ બ્રાહ્મણમાં, ગાયમાં, હાથીમાં, કૂતરામાં તથા ચાંડાળમાં પણ સમદષ્ટિવાળા જ હોય છે. આ શ્લોકમાં સમદર્શિન: શબ્દ મહત્ત્વનો છે. જ્ઞાનીપુરુષ બધામાં એક જ આત્મા રહેલો છે એવો

અનુભવ કરે છે, જુએ છે પણ વર્તન કરતી વખતે, વ્યવહાર કરતી વખતે તો ભેદભાવ રાખે છે. જ્ઞાનીપુરુષ સમદર્શિન: હોય છે પણ સમવર્તિન: હોતા નથી. માતા, પત્ની અને દીકરી ત્રણેમાં એક જ આત્મા છે એવું દર્શન કરવું પરંતુ વર્તન કરતી વખતે તો માતાને પગે લાગવું પરંતુ પત્ની અને દીકરીને પગે લગાય નહિ.

(૯) ભૂમિરાપોડનલો વાયુ: ખં મનો બુદ્ધિરેવ ચ |
અહંકાર ઇતીયં મે ભિન્ના પ્રકૃતિરષ્ટધા ||
(ગીતા.અ.૭/શ્લોક.૪)

ત્રિભિર્ગુણમયૈર્ભા વૈરેભિ: સર્વમિદં જગત્ |
મોહિતં નાભિજાનાતિ મામેભ્ય: પરમવ્યયમ્ ||
(ગીતા.અ.૭/શ્લોક ૧૩)

મૂળે ૐ બ્રહ્મ નિર્ગુણ || ન થઇ, તિહાં અહં-સ્ફુરણ ||
એ જ માયા પ્રકૃતિ ત્રિગુણ || તદધ્યક્ષ શ્રીદત્ત. || ૧ ||
(જ્ઞાનકાંડની ઓવી.)

ૐ, તત્ અને સત્ એ બ્રહ્મનાં નામ છે. એ બ્રહ્મ ત્રિગુણાત્મિકા માયાનો આશ્રય કરીને વિશ્વની રચના કરે છે. આ માયા સત્ત્વ, રજસ્ અને તમસ્‌વાળી હોવાથી એમાંથી ઉત્પન્ન થયેલ પંચ મહાભૂતો આકાશ, વાયુ, અગ્નિ, જળ અને પૃથ્વી પણ ત્રણ ગુણવાળાં છે. આ પાંચે મહાભૂતના તમસનો સરવાળો એટલે સ્થૂળ શરીર, રજસનો સરવાળો એટલે પ્રાણ અને સત્ત્વગુણનો સરવાળો એટલે અંત:કરણ. અંત:કરણ જેવી વૃત્તિ કરે તેને આધારે ચિત્ત, મન, બુદ્ધિ અને અહંકાર તરીકે ઓળખવામાં આવે છે.

(૧૦) "સર્વં ખલ્વિદં બ્રહ્મ" ખરેખર આ બધું બ્રહ્મ જ છે એવું વેદો જે કહે છે તેનો જ્ઞાની અનુભવ કરે છે. એ જગતને જુએ છે પણ બ્રહ્મદષ્ટિથી જુએ છે. જડ-ચેતન બધામાં તેને બ્રહ્મનું જ દર્શન થાય છે. પૂ.શ્રી રંગ અવધૂત મહારાજે ૧૯૬૧માં નર્મદામાં આવેલા પૂરને અનુલક્ષીને **રેવાગીત** રચેલું તેમાં એમનો અનુભવ આ રીતે વર્ણવ્યો છે.

તડિદુજ્જવલ જલ મુખત: સ્તૌતિ, નીરંગં નાના રંગમ્ |
બ્રહ્માહં ત્વં બ્રહ્મેવેદં જલશીકરવદભિન્નમિતિ ||
ગાયતિ રેવા રવમધુરમ્...
(રંગ હૃદયમ્‌માંથી)

(૧૧) "દ્વૈતાદ્ વૈ ભયં ભવતિ" એટલે કે બે હોય ત્યાં ભય હોય. દરેકને હંમેશાં બીજાનો ભય હોય છે. કોઇ પોતાનાથી ભયભીત થતું નથી. બીજો ગભરાવે, પોતાનાથી કોણ ગભરાય? અને જો પોતે જ પોતાનાથી ગભરાય તો હદ આવી ગઇ કહેવાય. (मैं अपने आपसे गभरा गया हूं ...) અદ્વૈત જ્ઞાનામૃતનું પાન કરનાર બધામાં પોતાને જુએ છે. પોતાના સિવાય એને બીજું કશું દેખાતું નથી તેથી એ નિર્ભય છે. વ્યક્તિમાં અભયત્વ આવે ત્યારે કંઇ પામ્યો ગણાય. દૈવી સંપત્તિના વર્ણનમાં સૌ પ્રથમ અભયને દર્શાવ્યો છે.

અભયં સત્ત્વસંશુદ્ધિ ર્જ્ઞાન યોગવ્યવસ્થિતિ: |
દાનં દમશ્ચ યજ્ઞશ્ચ સ્વાધ્યાયસ્તપ આર્જવમ્ ||
(ગીતા. અ.૧૬/શ્લોક ૧)

દૈવી સંપત્તિમાં વર્ણવેલા છવ્વીસ ગુણો પૈકી પહેલો ગુણ અભય છે.

(૧૨) વિશ્વરૂપનાં દર્શન ચર્મ ચક્ષુથી થઇ શકે નહિ, એને માટે દિવ્ય ચક્ષુની જરૂર પડે છે.

ન તુ માં શક્યસે દ્રષ્ટુમનેનૈવ સ્વચક્ષુષા |
દિવ્યં દદામિ તે ચક્ષુ: પશ્ય મે યોગમૈશ્વરમ્||

(ગીતા.અ.૧૧/શ્લોક ૮)

પરંતુ તું તારા આ પ્રાકૃત (ચર્મ) ચક્ષુથી મને જોવાને માટે સમર્થ નથી, માટે હું તને દિવ્ય ચક્ષુ આપું છું, તેના વડે તું મારા ઐશ્વર્ય સંપન્ન પ્રભાવને તથા યોગશક્તિને જો. (આ પછીના અધ્યાયમાં લક્ષ્મીજીને વિશ્વરૂપ જોવા દિવ્ય ચક્ષુ આપ્યા નથી).

(૧૩) આ અધ્યાયના ૯૧ થી ૧૦૦ દોહરાને સમજવા માટે ગીતાના અધ્યાય ૧૧ના શ્લોક ૧૦ થી ૩૧ નો અભ્યાસ કરવો જોઇએ. પૂ.શ્રીએ શ્રીગુરુલીલામૃતમાં લખેલા દોહરા સમાધિભાષાના છે એનો અણસાર આવશે.

●

## અધ્યાય : ૫૯

આ અધ્યાયનું નામ '**બદરિકાશ્રમાખ્યાને ઇંદ્રગર્વહરણ**' છે. આ અધ્યાયમાં **૧૦૫** દોહરા છે.

આ અધ્યાયમાં ભગવાન નારાયણના વિશ્વરૂપનું વર્ણન છે. વિશ્વમાં જે કાંઇ છે તે બધું વાસુદેવ-ભગવાન જ છે એવું અપ્સરાદિ અનુભવે છે અને અંતે નારાયણને વિનંતી કરે છે કે હે ભગવાન ! તમે અમને તમારું મૂળ ઋષિરૂપ દર્શાવો એટલે નારાયણ ભગવાને વિશ્વરૂપ સંકેલીને ઋષિરૂપ દર્શાવ્યું. (૧-૭૦).

વિશ્વરૂપનાં દર્શન પછી અપ્સરાદિએ નારાયણ ભગવાનની સ્તુતિ કરી અને વંદન કર્યાં. (૭૧-૭૬). એમની સ્તુતિથી પ્રસન્ન થયેલા નારાયણ ભગવાને કહ્યું કે આ ઉર્વશીને લઇ જાવ અને સુખ-ભોગાર્થે ઇંદ્રને આપજો. પોતાના સ્વરૂપનું જ્ઞાન આપીને કામદેવ, વસંત અને અપ્સરાને સ્વર્ગમાં પાછાં મોકલ્યાં. (૭૭-૯૦).

નારાયણ ભગવાનની આજ્ઞા અનુસાર અપ્સરા વગેરે ઇંદ્રની સભામાં આવ્યાં અને ઉર્વશીની ભેટ ધરી. ઉર્વશીનું સૌંદર્ય જોઇને ઇંદ્રનો ગર્વ ઊતરી ગયો અને પશ્ચાત્તાપરૂપે સ્તુતિ કરી. (૯૧-૧૦૩). ઇંદ્રની સ્તુતિ સાંભળીને દેવોને પણ વિશ્વરૂપ દર્શનની ઇચ્છા થઇ. એ વાત હવે પછીના અધ્યાયમાં. (૧૦૪-૧૦૫).

નમ્ર થઇને સદ્‌ભાવપૂર્વક બધાં (કામદેવ, વસંત અને અપ્સરા) પ્રાર્થના કરીને કહેવા લાગ્યાં કે હે દેવોના પણ દેવ, હે અનંત ! હે અચ્યુત ! હે હરિ ! આપનો જય હો ! જય હો ! (૧). આ તારા વિશ્વરૂપનો કોઇ પાર જ પમાતો ન હતો. એને નજરે જોતાં એની શરૂઆત કે સમાપ્તિ જણાતી જ નથી. (૨). હે જગતના આત્મા ! હે સર્વ વ્યાપક ! આ બધું કલ્પનામાં પણ ન ઊતરે એવું છે. હે શ્રીપતિ ! તારા સ્વરૂપનું દર્શન કરીને અમે તને પ્રણામ કરીએ છીએ. (૩). આ પૃથ્વી વગેરે (પંચ) ભૂતો (પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ અને આકાશ), તેની તન્માત્રા (ગંધ, રસ, રૂપ, સ્પર્શ અને શબ્દ) અને પંચભૂતોનો વિસ્તાર પણ હે ઇશ ! તું જ છે. તું પરથી પણ પર (પરાત્પર) છે. (૪). આ વિવિધ પ્રકારના જે ભેદો દેખાય છે તે બધા તું જ છે. તારી અગાધ લીલાનું વર્ણન કોણ કરી શકે એમ છે? (૫).

હે હૃષિકેશ ! તું બધાના અંતરમાં રહેલો છે. અમે તને નમન કરીએ છીએ. જનાર્દન પ્રભુ જ ચક્ષુ દ્વારા આ દૃશ્ય જગતને જુએ છે. (૬). કાનમાં રહીને તું જ શબ્દને સાંભળે છે અને તું જ બીજ બનીને જગતનું નિર્માણ કરે છે.① (૭). આ નાકમાં રહીને તું જ સુગંધ ગ્રહણ કરે છે. મુખમાં રહીને તું જ બધું ખાય છે અને છતાં તું ઇંદ્રિયથી પર છે. (૮). બન્ને ચરણોમાં વસીને તું જવા-આવવાની ક્રિયા કરે છે અને હાથમાં વસીને તું આપવા-લેવાનું કાર્ય કરે છે. આમ તું પ્રાણીમાત્રમાં રહેલો છે. (૯). દરેકના શરીરમાં રહેવા છતાં તું શરીર વિનાનો છે. તું મનમાં રહીને સંકલ્પ વગેરે કરે છે. તું જ બુદ્ધિમાં રહીને બધાનો નિર્ણય લે છે અને હે પ્રભુ ! તું જ અહંકારમાં રહીને અહં અહંની ગર્જના કરે છે. (૧૦-૧૧). દેવો, મનુષ્યો, પશુ વગેરેમાં અને જડ-ચેતનમાં તું અંશરૂપથી ખરેખર પૂરેપૂરો વસી રહ્યો હોવા છતાં, હે પ્રભુ ! તને કોઇ જાણતું નથી. અજ્ઞાનીઓ આ ન જાણતા હોવાથી અંશ ભૂત જીવાત્મા પોત પોતાની બુદ્ધિ અનુસાર અંશ અને અંશીની અનેક પ્રકારે કલ્પના કરે છે. હે માધવ ! અમે તારા રૂપને વંદન કરીએ છીએ. હે કૃપામૂર્તિ જગદીશ ! તું તો અખંડ છે.② (૧૨-૧૫).

બુદ્ધિમાં તું બ્રહ્મા છે, શાંતિમાં ચંદ્રમા, બળમાં ઇંદ્ર, અને ધીરજમાં સમુદ્ર છે, તેજમાં અગ્નિ, ક્ષમામાં પૃથ્વી, ગતિમાં પવન, વિવેકમાં સનક સુજાત, મનુષ્યમાં રાજા, દાનવમાં પિશાચ, જલમાં રસરૂપ, પૃથ્વીમાં ગંધરૂપ, અગ્નિમાં

તેજરૂપ, વાયુમાં સ્પર્શ અને આકાશમાં શબ્દરૂપે વ્યાપી રહ્યા છો. (૧૬-૧૯).

હે દેવ ! તમારી નાભિ (ડૂંટી)માં બ્રહ્મા છે, ભ્રૂકુટિમાં સંહારના દેવ શિવ-શંકર છે. અંતઃકરણમાં હે નારાયણ વિભુ ! તું જ સ્વયં છે. કાનમાં દિશાઓના દેવતા છો. આંખોમાં સૂર્ય અને ચંદ્રરૂપ છો. હાથમાં લોકપાલની જેમ વ્યાપીને વસી રહ્યા છો. નાકમાં (બે નસકોરામાં) વૈદ્યરાજ એવા અશ્વિનીકુમારો વસી રહ્યા છો. (૨૦-૨૨).

જીભમાં દેવી સરસ્વતી છો, હૃદયમાં પવન (વાયુદેવ) છો, ચરણકમળમાં ક્ષમા મૂર્તિ એવી પૃથ્વી વસે છે. ઉદરમાં ચૌદ લોક, પગના તળિયે પિશાચ, યક્ષ, નાગ, ગુહ્યક, બધા સિદ્ધો વગેરે વસે છે, મુખમાં બધા યજ્ઞ વસી રહ્યા છે. દંતમાં નક્ષત્ર વગેરેનો સમૂહ વસે છે. રોમમાં બધા દેવતાઓનો વાસ છે અને હોઠમાં પુરુષ નિશ્ચિત પણે વસે છે. પગ વગેરેની રેખાઓમાં વિદ્યાધર વસી રહ્યા છે. બાહુની સંધિમાં વેદો વસી રહ્યા છે. શ્વાસમાં શાસ્ત્ર વસી રહ્યાં છે. (૨૩-૨૬).

હે અનંત (પરમાત્મા) ! પૃથ્વીને વરાહરૂપે તું જ ધારણ કરી રહ્યો છે અને નૃસિંહ સ્વરૂપે હિરણ્યકશિપુ રાક્ષસને ખરેખર તમે જ ચીરી નાંખ્યો છે. (૨૭). તારી ભીષણ વિકરાળ દાઢો જોઇને કાળનાં ગાત્રો પણ કંપે છે તો અમારી તો વાત જ શી? (અમારું શું ગજું?) (૨૮). ત્રિવિક્રમ થઇને તું જ પૃથ્વી અને અંતરિક્ષ (દ્યાવા)માં વ્યાપી રહ્યો છે એવા ત્રિવિક્રમ સ્વરૂપ હે વિભુ ! તમને વંદન કરીએ છીએ. તું અનેક રૂપે પણ અરૂપી જ છે.③ (૨૯).

સાત દ્વિપો, સમુદ્ર, પર્વત, ગંગા-નર્મદા (રેવા) વગેરે બધી મોટી નદીઓ તારામાં દેખાય છે. જંગલો, જંગલી પશુઓ, વનસ્પતિઓ, પર્વતની ગુફાઓ, લાકડું-પથ્થર, બધા સ્વર્ગાદિ લોકો, દેવતાગણ, પાતાલ વગેરેના દૈત્યો, વળી નાગાદિ, સિદ્ધ, ઋષિ, સુર, કિન્નરો વગેરે પણ આપના શરીરમાં રહેલા જણાય છે અને હે વિભુ ! તારું પ્રેમપૂર્વક સ્તવન કરી રહ્યા છે. તમને જોઇને દૈત્યો વગેરે ભયભીત થાય છે અને જેમ રાજાને જોઇને ચોરો નાસી જાય છે તેમ દશે દિશામાં દોડે છે. ઋષિમુનિ વગેરે યજ્ઞો દ્વારા તમારું સતત સ્મરણ કરે છે. હે કૃપાનિધાન ! તમારા એવા વ્યાપક રૂપને અમે વંદન કરીએ છીએ. (૩૦-૩૫).

આ સ્થૂળ-સૂક્ષ્મ બધામાં તું જ એક વ્યાપીને રહ્યો છે. નિરાકાર-સાકાર બધું તું જ છે અને છતાં તે બધાથી તું પર છે. (૩૬). જેમ સાપ રજ્જુના આધારે જ દેખાય છે તેમ હે ઇશ્વર ! આ બધું તમારામાં દેખાય રહ્યું છે.④ (૩૭). પ્રાણીમાત્રમાં એક, અખંડ આત્મારૂપે તું જ રહેલો છે. તારી માયાથી મોહિત થયેલા અમે પામર જીવો આનાથી અજાણ છીએ. (૩૮). હે વિભુ ! અમારા બધા અપરાધ ક્ષમા કરી તું અમારા પર પ્રસન્ન થા અને તારે શરણે આવેલા અમોને શરણે લઇને તારી દે. (૩૯). જે રીતે યંત્ર ચલાવનાર પોતાની ઇચ્છા પ્રમાણે યંત્રની કળ (ચાવી) દબાવીને જેમ પૂતળાં નચાવે તેમ પૂતળાં નાચે છે તે રીતે જગતયંત્રને ચલાવનાર હે પ્રભુ ! તું પોતે બુદ્ધિની ગુફામાં રહીને આ જગતયંત્રને નચાવે છે. (૪૦-૪૧). અને તેથી અમે આ કર્યું છે એવું બોલવું અર્થહીન છે. આ બધું તું જ કરાવે છે અને એ બધી તારી જ લીલા છે. (૪૨). આ દેહરૂપી યંત્રનો ચાલક અને ભાસક (એને પ્રકાશિત કરનાર) હે વિશ્વવ્યાપી પ્રભુ ! તું જ છે. હે સર્વત્ર વ્યાપી રહેનાર (વિભુ) ! તું અમારા પર કરુણા કર. (૪૩). તારી માયાથી મોહિત થઇને અમે જે અપરાધો કર્યા છે તેને માફ કરીને, અમારી બધી શંકાનું નિવારણ કર. (૪૪). માયાનું પડળ દૂર કરીને અમારા હૃદયમાં ખરેખર જ્ઞાનની જ્યોત પ્રગટાવીને તું સાર વિનાની (અસાર) ભ્રાંતિને દૂર કર. (૪૫).

હે પ્રભુ ! તારી માયા તરવી (સમજવી) બહુ મુશ્કેલ છે. તારી કૃપા વગર એ સંપૂર્ણ રીતે દૂર થઇ શકે એમ નથી. માટે અમારા દીનજનો પર કૃપા કરીને હે વિશ્વમૂર્તિ ! દુર્જય માયાને તું (પાળેલા) કૂતરાની જેમ હે કૃપાનિધાન ! પાછી ખેંચી લે. (૪૬-૪૭). 'છૂ' કહેતાંની સાથે માલિકની આજ્ઞા થતાં કૂતરો તરત જ ભસે છે અને 'હં' કહેતા શાંત થઇને

પાછો વળી જાય છે. તેમ આ તારી માયા તારે આધીન રહેલી છે. તારી કૃપા થાય તો જ એ દૂર થાય છે.(૫) (૪૮-૪૯). બ્રહ્મા, ઇંદ્ર વગેરે જેવા મોટા મોટા દેવો પણ માયાથી ભ્રાંત થઈને મોહમાં પડ્યા છે. તો પછી એની સરખામણીમાં કેવળ મૂઢ અને હરામી એવા અમારા જેવા પામરનું શું ગજું? અમે તને ભાવથી નમીએ છીએ અને તારાં પાવન નામનું સ્મરણ કરીએ છીએ. (૫૦-૫૧).

હે માધવ ! હે ગોવિંદ ! હે દામોદર ! હે નાથ ! હે પુરુષોત્તમ ! હે નરહરિ ! હે સાક્ષાત્ પરબ્રહ્મ ! આવી રીતે આપનું ભાવપૂર્વક સ્મરણ કરતાં બધી ભ્રાંતિ દૂર થાય છે. બધાં પાપો ભસ્મ થઇ જાય છે અને મોહ મૂળમાંથી નાસે છે. (૫૨-૫૩). હે પતિતજનોનો ઉદ્ધાર કરનાર દેવ ! હે વિશ્વના ભગવાન ! હે અનંત ! તારા વિશ્વરૂપની સ્તુતિ કરવાથી હે ઇશ ! અમારા પાપો અરેરે ! કેમ ના જાય? હે હૃષિકેશ ! હે મહેશ ! તારાં નામનું સ્મરણ કર્યા પછી આ ક્લેશ કેવી રીતે બાકી રહે? (૫૪-૫૫). હે નારાયણ ! હે નરસિંહ ! તું અજ અને અક્ષય છે. તને ભાવથી યાદ કરતાં પાપનું નામોનિશાન રહેતું નથી. (૫૬).

હે ગોવિંદ ! તું કૃપા કરીને માયાનું પડળ નિવારીને સાર વિનાની ભીતિને હરી લે અને જલદીથી આ ભવસાગર પાર કરી દે. (૫૭). હે વાસુદેવ ! હે અનંત ! હે શેષનાગ ઉપર શયન કરનાર ભગવાન ! હે લક્ષ્મીપતિ ! અમે તમારા ચરણમાં વંદન કરીએ છીએ. (૫૮). તું ત્રણ ગુણવાળો થઇને તારી ઇચ્છાથી જ આ બધું સર્જે છે, રક્ષે છે અને અહા ! સંહારે પણ છે અને છતાં તું એ બધાથી નિર્લેપ છે, અલિપ્ત છે. (૫૯). આ તારું વિશ્વરૂપ અનંત પ્રલયાગ્નિના જેવું એકદમ પ્રદીપ્ત (તેજસ્વી) ભાસે છે જે જોવાની અમારી શક્તિ નથી. (૬૦).

તું પૃથ્વી અને આકાશમાં પૂર્ણ રૂપે વ્યાપીને રહ્યો છે. તારું મૂળરૂપ ક્યાં છે તે તો ક્યાંય પણ દેખાતું જ નથી. (૬૧). નાનું મોટું બધું તારામાં જ દેખાય છે. તારાથી જુદું કશું જ દેખાતું નથી. તું એક અને જેનું માપ ન નીકળી શકે તેવો છે. (૬૨). તારું વર્ણન કરવામાં અનંત વેદો અને સરસ્વતી પણ થાકી ગયાં તો અમારા મુખે તારું વર્ણન કેવી રીતે કરી શકીએ? (૬૩). અમારી જીભ કોઇ રીતે કામ કરતી નથી. અમારી દૃષ્ટિ ઠરતી નથી, માટે હે વિશ્વપતિ !.હવે આ વિશ્વરૂપ ફરી આપનામાં જ સમાવી લઇને, આપનું જે મૂળરૂપ (નારાયણ ભગવાનનું) છે તે અમને બતાવીને હે શ્રીપતિ ! અમને શાંત કરો, શાંતિ આપો.(૬) (૬૪-૬૫). હે હરિ ! અમે તારા ચરણકમળમાં નમન કરીએ છીએ. અમને ગરીબ (દીન) અને નોધારા (અનાથ)ને તારો. આવું બોલીને બધાએ એકી સાથે વંદન કર્યાં. (૬૬).

વિશ્વરૂપ દર્શનથી અપ્સરા વગેરેનું અજ્ઞાન નાશ પામ્યું અને શુદ્ધ જ્ઞાન પ્રગટ્યું. (૬૭). આ વિશ્વના પ્રાણીમાત્રમાં પોતાના આત્માને જોઇને એ રૂપમાં અનન્ય ભાવે લીન થયાં. (૬૮). એમની એવી સ્થિતિ જોઇને નારાયણે પણ પોતાનું વિશ્વરૂપ પોતાનામાં સમાવી લીધું અને વળી પાછું પહેલાંના જેવું સૌમ્ય એવું ઋષિરૂપ ધારણ કર્યું. આ બધું જોઇને અપ્સરા વગેરે ભાનમાં આવીને બોલવા લાગ્યાં કે સાચે જ આ પોતે જ ઇશ્વર છે. દિશા, કાળ, પર્વતો, સાગર, પૃથ્વી, આકાશ, જળ, વાયુ, અગ્નિ, સ્થાવર અને જંગમ બધામાં પૂર્ણ રીતે વ્યાપી રહ્યો છે. એ ખરેખર ! બધાનો અંતર્યામી છે અને એકમાત્ર પરિપૂર્ણ છે. એ સત્, ચિત્તરૂપે બધામાં રહીને (સત્) પ્રકાશી રહ્યો (ચિત્) છે. એક અને અદ્વિતીય એવો એ આત્મા આનંદ સ્વરૂપ છે. (૬૯-૭૩). દેવ, અસુર, કિન્નર, યક્ષ, નાગ, દાનવ, રાક્ષસ, વિદ્યાધર વગેરે, મનુષ્ય, પશુ, પક્ષી, કીટ, પતંગિયાં, જળચર, આકાશમાં ઉડનાર, પૃથ્વી પર ફરનાર, બધાં પ્રાણીઓ જેના આશ્રયે ખરેખર ટકી રહ્યાં છે, જે ઇશ્વર અજ અને અવ્યય છે, તે જ આ નર અને નારાયણ સર્વના અધ્યક્ષ છે અને ત્રિમૂર્તિના પણ દેવ છે. (૭૪-૭૬).

આવું બોલીને અપ્સરા વગેરેએ વંદન કર્યાં એટલે નારાયણ વિભુ ત્યાં પ્રસન્ન થઇને બોલ્યા કે હે વસંત ! હે કામદેવ ! હે અપ્સરાઓ ! તમે આ સ્ત્રી રત્ન ઉર્વશીને પ્રેમપૂર્વક લઇ જાઓ અને દેવેંદ્રને ભોગના સુખ માટે આપો. આ

ભૂત (પ્રાણી) માત્ર મારા અંશ છે એવું મનમાં સમજીને મેં તમને અહીં જે જ્ઞાન કહ્યું છે તે મનમાં યાદ રાખીને વર્તશો તો તમે કૃતાર્થ થશો. (૭૭-૮૦). મારામાં ખરેખર તો અંશ અને અંશી એવો ભાવ છે જ નહિ. આકાશનો અંશ એ જેમ કલ્પના છે તેમ અંશ શબ્દ પણ સાચે જ એક કલ્પના માત્ર જ છે. (૮૧). હું હંમેશાં અખંડ સ્વરૂપે જ રહું છું છતાં પણ અજ્ઞાનીજનના મનનું સમાધાન કરવા મારામાં આવી કલ્પના યોજે છે. (૮૨). પ્રાણીમાત્રમાં હું પૂર્ણપણે અને અભંગ રીતે વ્યાપેલો છું. તેથી અસંગ એવો જ્ઞાની મને વાસુદેવ કહે છે. (૮૩). હું બધામાં રહીને બધાને પ્રકાશિત કરું છું. આ વાત અનુભવના જ્ઞાનથી કોક વિરલા યોગી પુરુષો જ જાણે છે.⑦ (૮૪). આ મારા આત્મસ્વરૂપથી બીજું કંઇ નથી અને મારાથી જુદું નથી. આ બધે એક જ તત્ત્વ વિસ્તરેલું છે. એ અનાદિ છે અને અનંત છે. (૮૫).

એ તત્ત્વમાં નિષ્ઠા રાખીને, એનું જે નિરંતર ધ્યાન ધરે છે તે આ સંસાર સાગર જલદીથી તરી જાય છે એમાં શંકાને કોઇ સ્થાન નથી. (૮૬). એ જ દેવથી આ જગતનાં વ્યકત અને અવ્યકત એવાં બધાં પ્રાણીમાત્ર, સુર, કિન્નર અને-નર-નારી થયાં. (૮૭). આ વાસુદેવ ભગવાન બધે વ્યાપીને રહેલો છે. એને મારું સ્વરૂપ જાણીને અને એનું અનન્ય ભાવે ભજન કરતાં ક્યાંથી ભ્રાંતિ રહેશે? એનાથી અજ્ઞાન મૂળમાંથી ટળી જશે, બધા ભેદ ખેદ નાસી જશે અને માનવી મોક્ષપદ (નિર્વાણ)ને પામશે. (૮૮-૮૯). નારાયણની એ અમૃત સમાન વાણી સાંભળીને અપ્સરા વગેરેએ સાષ્ટાંગ પ્રણામ કર્યા. (૯૦).

આજ્ઞા (જવાની મંજૂરી) લઇને ઉર્વશી સાથે આનંદપૂર્વક તેઓ ત્યાંથી તરત જ ઇંદ્રની સભામાં આવ્યાં. (૯૧). એ અપૂર્વ સ્ત્રી રત્ન (ઉર્વશી) આપીને કામદેવ વગેરેએ ઇંદ્રને અથથી ઇતિ સુધીનો અહેવાલ આપ્યો. (૯૨). દેવોની સાથે દેવેંદ્રે આ વિગતો સાંભળીને અને ઉર્વશીને જોઇને તેઓ બધાં અતિ શરમિંદાં થઇ ગયાં. (૯૩). પોતે કરેલા અપરાધને કારણે તેઓ બધાં અંતરથી દુ:ખી થયાં અને પશ્ચાત્તાપ કરીને નારાયણની સ્તુતિ કરવા લાગ્યાં કે હે પુરુષોત્તમ ! હે વિભુ (સર્વવ્યાપક) ! અમારા અપરાધ માફ કરો. હે જગતના પિતા ! અમે તમને ભાવપૂર્વક વંદન કરીએ છીએ. (૯૪-૯૫). હે ભકતોના મનોવિશ્રામ ! હે યોગીજનોના પરમેશ્વર ! હે ત્રિમૂર્તિ ! અમે ફરી ફરીને તમારા ચરણમાં ભાવથી પ્રણામ કરીએ છીએ. (૯૬). આવું બોલીને, વંદન કરીને ત્યાં ઇંદ્ર બોલ્યા કે પ્રાણીમાત્રના હૃદયમાં જે હૃષિકેશ છે અને અંતરમાં રહીને જે સર્વનું નિયંત્રણ કરે છે તેનું ભાવપૂર્વક આપણે બધા ચિંતન કરીને બધી રીતે મુકત થઇએ. (૯૭-૯૮). પ્રાણીમાત્રમાં આ એક અને અખંડ દેવને જે સુજ્ઞ પુરુષ જુએ છે તેને બીજાના દોષો દેખાતા જ નથી. (૯૯). જ્ઞાનને કારણે આ બધું આત્મરૂપ છે એવું જોવાથી લોભ અને મોહથી માયાના ભ્રમમાં કોઇ પણ શું કામ પડે? (૧૦૦).

એક હરિ સિવાય કોઇ બીજી વસ્તુ કયાંય પણ છે જ નહિ. પછી એવો સુજ્ઞ પુરુષ કોઇની સાથે કયારે પણ વેરભાવ શું કામ રાખે? (૧૦૧). આ બધું વાસુદેવમય જ છે અને નારાયણ પણ એ જ છે. એના વિનાનું એક પણ સ્થાન ખાલી નથી. એનું તેજ સહેવું અતિ દુષ્કર છે. (૧૦૨). એ શ્રીપતિ વિશ્વરૂપ છે. એ એક જ અનેકરૂપે રહ્યો છે. એ જાતે જ બધે વ્યાપીને રહ્યો છે. એ આ જગતનું નાટક ચલાવવામાં અતિ કુશળ છે. (૧૦૩).

ઇંદ્રનું આવું વચન સાંભળીને બધા દેવો વ્યાકુળ થઇને નારાયણનું વિશ્વરૂપ જોવા મથામણ કરી રહ્યા છે. (૧૦૪). હે સુજ્ઞ શિષ્ય ! એનું અનુસંધાન હવે (પછીના અધ્યાયમાં) આગળ આવશે. અલખ નિરંજનને કહે છે કે એનાથી અજ્ઞાન ટળી જશે. (૧૦૫).

શ્રી દત્તપ્રભુનાં ચરણકમળના ભ્રમર એવા બ્રહ્મચારી પાંડુરંગ (રંગ અવધૂત)મહારાજ દ્વારા રચિત શ્રીગુરુલીલામૃતનો અલખ અને નિરંજનના સંવાદરૂપે **'બદરિકાશ્રમાખ્યાને ઇંદ્રગર્વહરણ'** નામનો **ઓગણસાઠમો** અધ્યાય સમાપ્ત થયો.

●

## પાદટીપ :

### અધ્યાય : ૫૯

(૧) હૃષિકેશ એટલે ઇંદ્રિયો (હૃષિકા)નો સ્વામી (ઇશ). આ હૃષિકેશ અંતરમાં રહીને બધાનું નિયમન કરે છે. એને લીધે જ આંખ જુએ છે, કાન સાંભળે છે અને નાક સુગંધ ગ્રહણ કરે છે. આ શરીરનું હલન-ચલન બધું એને લીધે જ શક્ય બને છે.

(૨) આ બ્રહ્મ બધે પૂર્ણરૂપે જ વ્યાપ્ત છે. પૂર્ણમાંથી પૂર્ણ લઇ લેવાથી પણ પૂર્ણ જ રહે છે એ એની વિશેષતા છે. અંશ અને અંશીનો ખ્યાલ તો અજ્ઞાનીને સમજવા પૂરતો છે, સાચો ખ્યાલ નથી.

(૩) બલિરાજા પાસે ભગવાન વામને જઇને ત્રણ ડગલાંનું દાન માગ્યું, પછી વિરાટ સ્વરૂપ લઇને એક ડગલાંથી પૃથ્વી અને બીજાં ડગલાંથી અંતરિક્ષ અને ત્રીજાં ડગલાંથી બલિને પાતાળમાં ચાંપી તેના મસ્તક પર મૂક્યું.
દત્તમહામાલામંત્રમાં આ ત્રિવિક્રમનાં ત્રણ પગલાંનું વર્ણન છે. " ૐ ઇદં વ્વિષ્ણુ વિંચક્રમે ત્રેધા નિદધે પદમ્ ||..."

(૪) મંદ અંધકારમાં પડેલી દોરડી ઉપર સાપનો આભાસ થાય છે. સાપ છે જ નહિ પણ દોરડીના ઉપર આભાસરૂપે સાપ જન્મે છે. એ જ રીતે જગત છે જ નહિ પણ બ્રહ્મ (ઇશ્વર) ઉપર તેનો આભાસમાત્ર છે. ગાઢ અંધકાર હોય તો દોરડી જ ના દેખાય, પરિણામે સાપ પણ ના દેખાય. પ્રકાશમાં દોરડી દોરડી જ દેખાય તેથી સાપનો ભાસ ના થાય. ઝાંખા (મંદ) અંધકારમાં જ ભ્રાંતિ થાય છે. જગત સ્વપ્નવત્ છે, સાચું નથી.

(૫) દૈવી હ્યેષા ગુણમયી મમ માયા દુરત્યયા |
મામેવ યે પ્રપદ્યન્તે માયામેતાં તરન્તિ તે ||
(ગીતા.અ.૭/શ્લોક ૧૪)

મારી આ ગુણમયી માયા દૈવી છે અને એને તરવી (સમજવી) અત્યંત મુશ્કેલ છે. પરંતુ જેઓ મારે શરણે આવે છે તેઓ માયાને તરી (ઓળંગી) જાય છે.

આ માયા ગુણવાળી છે. આ માયા દૈવી છે અને એને સમજવી, ઓળંગવી અતિ મુશ્કેલ છે. એનો અર્થ એ છે કે માયાને ઓળંગી તો શકાય પણ ખૂબ મહેનત માગી લે. આમ માયાથી પર થવાનું અશક્ય નથી. ભગવાનને શરણે જવાથી, ભગવાનની દયાથી એને તરી શકાય.

આ જગત ઉપર માયાનું વર્ચસ્વ છે પણ માયા ઉપર ભગવાનનું વર્ચસ્વ છે. ભગવાન માયાપતિ છે તેથીજ તેને મા (માયા) ધવ (પતિ) પણ કહેવામાં આવે છે. ભગવાનનો કોઇ પતિ નથી.
'માયાપતિં પતિવિહીન નિરસ્તમાયં' એવું પૂ.શ્રીએ 'પ્રાતઃસ્મરણમ્'માં લખ્યું છે.

ભગવાન પાસે માયા કૂતરી (શુની) જેવી છે. કૂતરાને માલિક 'છૂ' કહે એટલે સામી વ્યક્તિ પર હુમલો કરે, પણ જ્યાં માલિક 'હં' કહે એટલે શાંત થઇ જાય. ભગવાન આગળ માયાનું જોર ચાલતું નથી.

(૬) અદષ્ટપૂર્વં હૃષિતોઽસ્મિ દષ્ટ્વા ભયેન ચ પ્રવ્યથિતં મનો મે |
તદેવ મે દર્શય દેવરૂપં પ્રસીદ દેવેશ જગન્નિવાસ ||
(ગીતા. અ.૧૧/શ્લોક ૪૫)

પહેલાં કદી નહિ જોયેલું આપનું વિશ્વરૂપ જોઇને હું હર્ષ પામ્યો છું અને સાથે ને સાથે ભયથી મારું મન

પણ ખૂબ ગભરાયેલું છે. માટે હે દેવ! મને આપ પહેલાંનું એ જ રૂપ (મૂળ સ્વરૂપ) દેખાડો. હે દેવોના ઈશ્વર ! હે જગન્નિવાસ ! આપ પ્રસન્ન થાઓ.

જે સ્થિતિ અર્જુનની હતી તે જ કામદેવ, વસંત અને અપ્સરાની થઇ છે. વિશ્વરૂપનું દર્શન કરવા દિવ્યચક્ષુની જરૂર પડે તે તો ભગવાને આપ્યાં પરંતુ એને જીરવવાની તાકાત જોઇએ તે ક્યાંથી લાવવી? કલ્પનાથી પણ પર એવું આવું બિહામણું રૂપ જોતાં જ ભય જન્મે છે અને મૂળ રૂપ બતાવો એવી પ્રાર્થના કરવી પડે છે.

સંતો માટે પણ કહેવાય છે ને કે સાચા સંત મળવા મુશ્કેલ, મળે તો ઓળખવા મુશ્કેલ અને ઓળખાય તો પછી જીરવવા મુશ્કેલ. આ તો લોખંડના ચણા ચાવવાની વાત છે.

ચણા ચાવવા લોહના, ના બચ્ચાંનો ખેલ.

(૭) જેને બ્રહ્મજ્ઞાન થયું છે તે જ્ઞાની પુરુષ આ જગતને જુએ છે ત્યારે બધું વાસુદેવરૂપ છે એવી રીતે જ જુએ છે. એ પોતાની દૃષ્ટિ બદલે છે.

બહૂનાં જન્મનામન્તે જ્ઞાનવાન્માં પ્રપદ્યતે |
વાસુદેવ: સર્વમિતિ સ મહાત્મા સુદુર્લભ : ||
(ગીતા.અ.૭/શ્લોક ૧૯)

"દૃષ્ટિ ફેરવી વિલોક રંગ એહ અવનવા" એવું પૂ.શ્રીએ એમના 'વાંચ વાંચ વિશ્વગ્રંથ' નામના ભજનમાં ગાયું છે. જગતનો નાશ નથી કરવાનો, જગતને જોવાની દૃષ્ટિ બદલવાની છે.

●

# અધ્યાય : ૬૦

આ અધ્યાયનું નામ **'બદરિકાશ્રમમાહાત્મ્ય વર્ણન'** છે. આ અધ્યાયમાં ૮૦ દોહરા છે.

ઈંદ્રનાં વચનો સાંભળીને દેવો શ્રીહરિનું (નારાયણનું) વિશ્વરૂપ જોવા માટે તલસી રહ્યા છે. (૧-૩).

શ્રીહરિ નારાયણરૂપે અવતર્યા પછી મહામાયા ચિત્કલાએ ભૃગુક્ષેત્ર (ભરુચ)માં ભૃગુઋષિના ઘરે લક્ષ્મીના નામે જન્મ ધર્યો. (૪-૬).

લક્ષ્મીજી પોતાના હૃદયમાં વિષ્ણુ (શ્રીહરિ)નું ધ્યાન ધરે છે. એક દિવસ અપ્સરા વગેરેને શ્રીહરિએ (નારાયણે) વિશ્વરૂપનું દર્શન કરાવ્યું તે વાત એમણે સાંભળી ત્યારથી શ્રી હરિના મિલન માટે તે ઝૂરવા લાગ્યાં અને એ દર્શન માટે બાવરાં થયાં. આદ્યશક્તિ પાર્વતીએ એને તપ કરવાનું કહ્યું તેથી તેમણે તપશ્ચર્યા શરૂ કરી કારણ કે તપ દ્વારા બધું પામી શકાય છે. (૭-૨૦).

લક્ષ્મીજીની કઠોર તપશ્ચર્યાને જોઇને દેવોને થયું કે આમને કારણે વિશ્વરૂપ દર્શન થશે તેથી બધા દેવો ત્યાં પહોંચી ગયા. લક્ષ્મીજીના ઉપર પ્રસન્ન થઇને એમને દેવોએ દર્શન આપ્યાં. (૨૧-૩૫).

ભગવાને પ્રસન્ન થઇને વરદાન માગવાનું કહ્યું એટલે લક્ષ્મીજીએ વિશ્વરૂપનાં દર્શનની ઇચ્છા દર્શાવી. એટલે શ્રીહરિએ વિશ્વરૂપનું દર્શન કરાવ્યું. (૩૬-૪૩).

પછી નારાયણે પોતાનું મૂળરૂપ બતાવ્યું એટલે લક્ષ્મીજીએ અને બધા દેવોએ એમનું પૂજન કર્યું. ભગવાને વિશ્વરૂપના પૂજનની વિધિ અને તેનું ફળ કહ્યું. લક્ષ્મીજીએ ભગવાનને બોલાવ્યા તેથી એમનું નામ નારાયણગિરા પડ્યું અને ભગવાનનું નામ નારાયણગિરિ પડ્યું. પછી ભૃગુઋષિએ નારાયણ સાથે લક્ષ્મીજીને પરણાવ્યાં. (૪૪-૬૨). અહીંથી આચાર્ય પરંપરા શરુ થઇ. પછી શ્રીપાદવલ્લભ ગોકર્ણમાં આવ્યા. (૬૩-૮૦).

મુશ્કેલીથી તરી શકાય એવા આ સંસાર સાગરને તરી જવા માટે આ વિષ્ણુરૂપી જહાજ છે. એના વિના બીજું કોઇ સાધન નથી.① (૧). ઇંદ્રનાં એ વચનો સાંભળીને બધા જ દેવો નારાયણને ભાવપૂર્વક અંતરમાં વંદન કરી રહ્યા. (૨). શ્રીહરિનું એ વિશ્વરૂપ જોવા માટે દેવો રાત દિવસ તલસી રહ્યા હતા. હે શિષ્ય ! તું હવે એ સાંભળ. (૩).

શ્રી હરિ નારાયણ રૂપે અવતર્યા પછી ચિત્કલા એવી મહામાયાએ શું કર્યું તે સાંભળ. (૪). પાવનકારી રેવાના કિનારે પશ્ચિમસાગર પાસે આવેલા ભરુચ (ભૃગુક્ષેત્ર)માં એ અવતર્યાં.② (૫). એ ચિત્કલા મહામાયાએ મહા તપસ્વી ભૃગુઋષિના ઘરે લક્ષ્મી નામથી અવતાર લીધો. (૬). હૃદયમાં એ હંમેશાં વિષ્ણુનાં ચરણોનું ધ્યાન ધરતી હતી. થોડા સમય પછી એણ એક દિવસ સાંભળ્યું કે ગંધમાદન શિખર પર આવેલા બદરિકાશ્રમમાં શ્રીમન્નારાયણ શ્રીહરિએ અપ્સરા વગેરેને વિશ્વરૂપનું દર્શન કરાવી યોગ્ય જ્ઞાનનો ઉપદેશ કર્યો હતો. એ બનાવની અથથી ઇતિ સુધીની વિગતો જાણ્યા પછી લક્ષ્મીજીએ મનમાં વિચાર્યું કે હું મારી આંખે ભગવાનના ચરણોનું દર્શન ક્યારે કરીશ અને મને ક્યારે નારાયણ પ્રભુ મળશે? (૭-૧૦).

દિવસ રાત એની જ ચિંતા કર્યા કરતાં હતાં. મન બેચેન બનીને ઝૂર્યા કરતું હતું. (૧૧). એણે અન્ન જળનો ત્યાગ કર્યો. શરીર સુકાઇ ગયું. મનમાં ખૂબ જ ખેદ કરવા લાગ્યા. અલંકારો કે સારાં વસ્ત્રો પણ પહેરવાં ગમતાં ન

હતાં. (૧૨). એને શ્રીહરિની એવી લગની લાગી હતી કે એ બાવરી બનીને ફર્યા કરતી હતી. એની આ સ્થિતિ જોઇને જગતજનની આદ્યશક્તિ આદ્યમાતા પાર્વતીજી ત્યાં સ્વયં પ્રગટ થયાં અને કહેવા લાગ્યાં કે તું શું કામ દુઃખ (ખેદ) કરે છે? હું કહું છું તે સાંભળ, મારું કહ્યું માન. (૧૩-૧૪). નારાયણને પતિ તરીકે પામવા માટે તું તપ કર. એનાથી તારું કાર્ય જરૂર સિદ્ધ થશે. (૧૫). તું સાંભળ કે મનવાંછિત પતિ મેળવવા માટે મેં પણ તપ કર્યું હતું અને તે દ્વારા મને પ્રિય એવા ધૂર્જટિ-શિવ શંકરને પામી હતી. (૧૬). સાવિત્રીએ પણ તપ કરીને પોતાને મન ગમતા બ્રહ્માજીને પતિ તરીકે મેળવ્યા. (૧૭). આ જગતની બધી જ સતી (સાધ્વી) સ્ત્રીઓએ તપશ્ચર્યા કરીને જ મનાવાંછિત પતિ મેળવ્યા છે માટે તું પણ ખંતપૂર્વક તપસ્યા કરીને ઇચ્છા મુજબના પતિ મેળવ. તપ વગર કોઇ દિવસ સિદ્ધિ મળી જાણી નથી.③ (૧૮-૧૯). આવી શિખામણ (સમજ) આપીને આદ્યભવાની (પાર્વતી) રાજી થઇને પોતાનાં ધામમાં ગયાં અને લક્ષ્મીએ પણ તરત જ રેવાના કિનારે ઉગ્ર તપશ્ચર્યા શરૂ કરી અને એ રીતે તપ કરતાં કરતાં હજારો વર્ષ વીતી ગયાં. (૨૦-૨૧).

આખું શરીર સુકાઇ ગયું. કેવળ હાડકાં ને ચામડાં બાકી રહ્યાં. એનો તપ પ્રભાવ જોઇને દેવો મનોમન વિચારવા લાગ્યા કે લક્ષ્મીજીના તપના નિમિત્તે નારાયણ ભગવાનનું ચોક્કસ દર્શન થશે. દર્શન માટેનું આ યોગ્ય નિમિત્ત (કારણ) છે. (૨૨-૨૩). આવું વિચારીને દેવો ઇંદ્ર સાથે ગંધમાદન શિખરે તરત જ દોડી આવ્યા. (૨૪).

પોતે કરેલા અપરાધથી શરમિંદા થઇને ઇંદ્રે દેવો સાથે આવીને નીચે મોઢે પ્રાર્થના કરી અને બંને હાથ જોડીને તથા માથું ચરણમાં મૂકીને ગદ્ગદ્ કંઠે કહેવા લાગ્યા કે : હે વિશ્વંભર ! હે નાથ ! હે નારાયણ ! અમારા પર કરુણા કરીને અમારા અપરાધ માફ કરો. શંખ, ચક્ર, ગદા અને પદ્મથી શોભતા હે સાક્ષાત્ પુરુષોત્તમ ! હે નરહરિ ! હે મેઘશ્યામ ! હે મુકુંદ ! તું સૃષ્ટિનું સર્જન કરે છે, પાલન કરે છે અને સંહાર કરે છે. તું સચ્ચિદાનંદ પૂર્ણ છે.④ (૨૫-૨૮). આ બધી તારી જ લીલા છે તેમ છતાં હે કૃપા નિધાન ! ભૃગુઋષિની કન્યા (પુત્રી) જે જગન્માતા છે એ જગમાં પ્રસિદ્ધ એવી ખ્યાતિના ઉદરે જન્મી છે અને ગુણસરિતા સમી લક્ષ્મી એવું એનું પુણ્યશાળી નામ છે. (૨૯-૩૦). તમને પામવા માટે એ તપશ્ચર્યા કરે છે અને એ રીતે તપશ્ચર્યા કરતાં કરતાં હજાર વર્ષ વીતી ગયાં છે. હે શ્રીહરિ ! તમારું ધ્યાન ધરતાં ધરતાં એનો સમગ્ર દેહ ક્ષીણ થઇ ગયો છે અને ફક્ત હાડકાં-ચામડાં રહી ગયાં છે. એમને ખૂબ જ શ્રમ પડ્યો છે. (૩૧-૩૨). માટે હે પ્રભુ ! આપ કૃપા કરીને ભરૂચ જઇને એમને દર્શન આપો અને હે વિભુ ! એમને કૃતાર્થ કરો. (૩૩). આપનાં ચરણમાં અમારી આ જ પ્રાર્થના છે એમ કહીને ઇંદ્રે દેવો સહિત ફરી પ્રણામ કર્યા.⑤ (૩૪).

એ સાંભળીને નારાયણ દેવો સાથે નર્મદાના કિનારે ભરૂચમાં આવ્યા અને લક્ષ્મીને દર્શન આપીને શ્રીપતિ બોલ્યા કે હે સતી ! તારું તપ જોઇને હું પ્રસન્ન થયો છું. (૩૫-૩૬). તારા મનમાં જે ઇચ્છા હોય તે તું સુખપૂર્વક માગી લે. એ સાંભળીને ભાવપૂર્વક વંદન કરીને લક્ષ્મીજી બોલ્યાં કે હે પરમેશ્વર ! હે દેવ ! તમે ગંધમાદન શિખર ઉપર અપ્સરા વગેરેને તમારું વિશ્વરૂપનું જે દર્શન કરાવ્યું હતું તેનું હે વિભુ ! મને દર્શન કરાવીને, મારી સાથે પરણીને હે વિશ્વેશ ! મને કૃતાર્થ કરો. (૩૭-૩૯).

એ વચન સાંભળીને શ્રીહરિ પલકવારમાં જ સ્વયં વિશ્વસ્વરૂપે પ્રગટ થયા. દેવો આ સ્વરૂપનું દર્શન કરી રહ્યા. (૪૦). એ સુંદર (ફૂટડું) રૂપ જોઇને, એમાં તલ્લીન થઇને લક્ષ્મીજીએ એમને ભાવપૂર્વક ફરી ફરીને વંદન કર્યા. (૪૧). એ વિરાટ સ્વરૂપ જોઇને દેવો શરમાઇ ગયા અને તરત જ નમ્ર બનીને ફરી ફરીને ક્ષમા માગવા લાગ્યા. (૪૨). આ રીતે વિશ્વરૂપનું દર્શન કરાવીને પછી નારાયણ પોતાના અસલ સ્વરૂપમાં ફરી પાછા ઊભા રહ્યા. (૪૩). એ સૌમ્યમૂર્તિને જોઇને લક્ષ્મીમાતા તથા દેવો સાથે ઇંદ્ર પણ ભાવપૂર્વક પૂજન કરવા લાગ્યા. (૪૪). પાદ્ય, અર્ઘ વગેરે વિધિ અનુસાર કરીને એ

રીતે સારી રીતે પૂજન કરીને લક્ષ્મીએ દેવો સાથે ભાવપૂર્વક દંડવત્ પ્રણામ કર્યા. (૪૫).

એમનો આવો અનન્યભાવ જોઇને શ્રીપતિ બોલ્યા કે મારા વિશ્વરૂપનું નિષ્ઠાપૂર્વક જે કોઇ પૂજન કરશે તેને હું દરેક પ્રકારનું સુખ આપીને અંતે હું એને ચોક્કસ તારી દઇશ. (૪૬-૪૭). બધા ધર્મોનું મૂળ એવું બ્રહ્મચર્યના તપનું મેં યોગ્ય રીતે પાલન કર્યું છે. હું હંમેશ માટે શુદ્ધ છું. (૪૮). હું શ્રીપતિ મૂળ બ્રહ્મ જ છું અને આ શ્રી બ્રાહ્મી છે. એ લક્ષ્મી નામે અવતરીને, બ્રહ્મચર્યનું પાલન કરીને તપસ્યા કરી રહી છે. માટે જે કોઇ એને પૂજે છે તથા એનું હૃદયમાં ધ્યાન ધરે છે તેનાં બધાં પાપો લક્ષ્મીજી પોતે હરી લઇને સાયુજ્ય મુક્તિ અપાવે છે.⑥ (૪૯-૫૧).

આ વચનો સાંભળીને બે હાથ જોડીને વિનંતી કરતાં લક્ષ્મી બોલ્યાં કે હે વિશ્વમૂર્તિ ! તમે જાતે (સાક્ષાત્) જે વરદાન આપ્યું છે તે વરદાન હે હરિ ! મારી સાથે લગ્ન કરીને સાર્થક કરો. એમ કહીને વંદન કર્યાં એટલે શ્રીહરિ બોલ્યા કે હે દેવી ! તેં તપ કરીને મને અહીંયાં બોલાવ્યો તેથી હે દેવી ! ખરેખર તારું નામ નારાયણગિરા એવું પ્રસિદ્ધ થશે અને તારી સાથે મારું નામ પણ નારાયણગિરિ એવું (પ્રસિદ્ધ) થશે. (૫૨-૫૫).

જે કોઇ આ નામ ભાવપૂર્વક યાદ કરશે (આ નામ જપશે) તેનું પર્વત સમાન પાપ પણ હું બાળી નાંખીશ અને એને નિ:સંતાપ કરીશ. (૫૬). પર્વતના બધા પદાર્થો (ઝાડ, જળ, ખનીજ વગેરે) જેમ પર્વતનો આશ્રય કરીને રહે છે તેમ આ અખિલ બ્રહ્માંડ મારા આશ્રયે રહે છે. (૫૭). હે લક્ષ્મી ! મારું નારાયણગિરિ એવું નામ તારા નામની સાથે બધા પ્રકારે વરદાન આપનારું નીવડશે. (૫૮). આ નામ જપશે તેનાં પર્વત જેટલાં પાપો બાળી નાંખીને એને મનવાંછિત ફળ આપીશ. એમ કહીને આનંદપૂર્વક નારાયણે વિધિપૂર્વક લક્ષ્મી સાથે લગ્ન કર્યાં અને ભૃગુઋષિએ લગ્નમહોત્સવ ઊજવીને કન્યાદાન આપ્યું. (૫૯-૬૦).

ત્યાંથી નારાયણ ભગવાન લક્ષ્મીજી સાથે ફરી પાછા ગંધમાદન ઉપર બદરિકાશ્રમમાં આવીને ચિરસ્થાયી થઇને રહ્યા અને આ રીતે પૃથ્વી પર આ પતિતોદ્ધારક તીર્થ (સ્થાન)નું નિર્માણ થયું. (૬૧-૬૨).

આ નર-નારાયણ જ અદ્વૈત સંપ્રદાયનું મૂળ છે અને તેઓ જ મૂળ (મુખ્ય) આચાર્ય છે. (૬૩). પૃથ્વી ઉપરનું આ સર્વોત્તમ સ્થાન છે. એના જેવું બીજું એકેય સ્થાન નથી. અહીં કપાલતીર્થ નામનું ગરમ પાણીનું તીર્થ છે. (૬૪). લોકોને પાવન કરનારી સ્વર્ગમાંથી આવેલી ગંગા મંદાકિની નામથી બદરિકાશ્રમ પાસે હંમેશાં નિર્મળ સ્વરૂપે વહે છે. (૬૫). અહીં સ્નાન, દાન, શ્રાદ્ધ વગેરે કરવાથી અનંતગણો લાભ થાય છે. અહીં સાધના કરનારની સાધના સિદ્ધ થાય છે ને ફરી પાછો ગર્ભમાં જતો નથી. (૬૬).

જે કોઇ પુરુષ-સ્ત્રી ભાવથી બદરિકાશ્રમની આ અતિ પાવનકારી કથા સાંભળશે અથવા વાંચશે તે ચારે પુરુષાર્થ સુખેથી પામશે અને એ મુક્ત થઇ જશે. ખરેખર ! આ તીર્થ અજોડ છે. એમાં તું શંકા કરીશ નહિ. (૬૭-૬૮). આ કારણે જ શ્રીપાદશ્રીવલ્લભ અહીં આવ્યા અને નરનારાયણને પ્રેમથી ભેટીને પછી ત્યાંથી ભક્તોને દીક્ષા આપવા, દુર્જનોને શિક્ષા કરવા, ચૌદે લોકમાં મનોવેગે, રોક-ટોક વિના ફરતા હતા અને એમ ફરતા ફરતા મહાબળેશ્વરના જંગલમાં પ્રવેશીને મુનિ ઉત્તમ એવા ગોકર્ણ ક્ષેત્રમાં સંચાર કરવા લાગ્યા. (૬૯-૭૧). આવા અમૃત સમાન વેણ સાંભળીને પ્રેમપૂર્વક વંદન કરીને નિરંજન બોલ્યો કે હે ગુરુજી ! તમે આ લીલાગાન કેમ બંધ કર્યું? (૭૨).

મન હજી ધરાતું નથી. હજી એ લીલા કથા કહો અને એ દ્વારા જ્ઞાન આંજીને અજ્ઞાનતાનું આંધળાપણું દૂર કરો. (૭૩). હે નાથ ! શ્રીગુરુના મૂળ પીઠની વાત તમે વિસ્તારપૂર્વક કહી સંભળાવી. સાક્ષાત્ ત્રિમૂર્તિના અવતાર એવા શ્રીપાદશ્રીવલ્લભ આ પૃથ્વી પર તીર્થોમાં કેમ વિચરે (ફરે) છે અને ખાસ તો ગોકર્ણમાં કેમ આવ્યા? (૭૪-૭૫). આ પૃથ્વી પર તો અનેક તીર્થો આવેલાં છે એ બધાં છોડીને તેઓ ગોકર્ણમાં કેમ આવ્યા તે કૃપા કરીને કહો. (૭૬).

હે યોગીવર ! શ્રીગુરુની આ લીલા વિસ્તારપૂર્વક કહો એવું બોલીને શિષ્ય નિરંજને ચરણોમાં પ્રણામ કર્યા. (૭૭).

શિષ્યનો એ પ્રશ્ન સાંભળીને એના જવાબમાં કેવળ અમૃત સમાન જે વાણી બોલ્યા તેનું વર્ણન ખરેખર આગળ ઉપર થશે. (૭૮). બદરિકાશ્રમ તીર્થનો જે ઉત્તમ મહિમા આ અધ્યાયે કહ્યો તે ખરેખર નિ:શંક પાવનકારી છે. (૭૯).

આગળ ઉપર ખરેખર અલૌકિક **રંગ** જામશે. એ સાંભળીને સંતો આનંદ પામશે અને દુર્જનો ખીજાશે. (૮૦).

શ્રી દત્તપ્રભુનાં ચરણકમળના ભ્રમર એવા બ્રહ્મચારી પાંડુરંગ (રંગ અવધૂત)મહારાજ દ્વારા રચિત શ્રીગુરુલીલામૃતનો અલખ અને નિરંજનના સંવાદરૂપે **'બદરિકાશ્રમમાહાત્મ્ય વર્ણન'** નામનો **સાઠમો** અધ્યાય સમાપ્ત થયો.

●

## પાદટીપ :

### અધ્યાય : ૬૦

(૧) સંસાર સાગર તરવા માટે વિષ્ણુરૂપ જહાજ છે એ વાત દત્તનામ સંકીર્તનનાં પ્રથમ ચરણનું સ્મરણ કરાવે છે.

**'શ્રીદત્ત દત્ત ભવસાગર પોત દત્ત |'**

અને સંકીર્તનના અંતે આ જ 'પોત' "નૌકા" બની જાય છે. **ભવજલામ્બુધિપારણનૌકા** ||

(૨) જે ક્ષેત્રમાં ભૃગુઋષિ આશ્રમ બાંધીને રહ્યા તે ભૃગુક્ષેત્ર એટલે ભરૂચ શહેર. રેવા નદીના તટે વ્યાસક્ષેત્ર, અનસૂયાનો આશ્રમ અને વિશ્વરૂપ દર્શનના પ્રસંગના નિમિત્ત બનેલા લક્ષ્મીનું જન્મસ્થાન ભરૂચ-આ બધું ગુજરાતનાં પુણ્યની કહાણી કહે છે.

(૩) પૂ.શ્રીરંગ અવધૂતજીએ તપની સરસ સમજણ આપી છે. તપ એટલે ઊંચા ધ્યેય માટે સ્વેચ્છાએ ઉઠાવેલું કષ્ટ. આમ તપ એટલે જ કષ્ટ. પરંતુ આ કષ્ટ કોઇ દબાણથી નહિ પરંતુ પોતાની ઇચ્છાથી ઉઠાવવામાં આવે છે અને ઊંચા ધ્યેયની સિદ્ધિ માટે ઉઠાવવામાં આવે છે. ચોરીના હેતુથી આખી રાત જાગનારો જાગરણ કરે છે એમ ના કહેવાય. ધ્યેય ઊંચું, પોતાની મરજી અને કષ્ટ વેઠવાં આ ત્રણ ભેગાં થાય એટલે તપ બને.

(૪) હિંદુધર્મના દેવોના હાથમાં આયુધો (શસ્ત્રો) છે. આ આયુધથી સ્વરક્ષણ અને દુષ્ટોનું દમન સૂચવાય છે. બળ વગરના મનુષ્યને આત્માની પ્રાપ્તિ થતી નથી. આત્મદર્શન કાયરનું કામ નથી. 'નાયમાત્મા બલહીનેન લભ્ય:' એ 'મૂંડકોપનિષદ'ના સૂત્રને ભૂલવું જાઇએ નહિ.

શંખ, ચક્ર, ગદા અપે પદ્મ પણ સૂચક છે. શંખ દ્વારા ૐકારની સાધના સૂચવાય છે. ચક્ર ભવચક્રનો નાશ સૂચવે છે. ગદા જ્ઞાનનું દાન કરવાનું સૂચવે છે. (ગ=દાન, દા=આપવું) અને કમળ (પદ્મ) હૃદયરૂપી કમળનો વિકાસ સૂચવે છે.

ગદા દાન કર જ્ઞાનકા, કમલ હૃદયબિકાસ;
ચક્ર નાશ ભવચક્રકા; શંખ રટે ૐકાર.

(અવધૂતી આનંદ- 'શ્રીદત્તાષ્ટક'માંથી)

(૫) ભોગી અને વિલાસી દેવો સ્વાર્થી શ્રીમંતોની યાદ આપે છે. પૂ.શ્રીને શ્રીમંતાઇ પ્રત્યે નફરત ન હતી પરંતુ સ્વાર્થી શ્રીમંતોની સૂગ હતી. પત્રમંજૂષામાં 'જામનગરની સિંહણના મૃત્યુ' વિશેનો પત્ર કે 'શ્રીમંતોમાં એટલી અક્કલ આવવાની વાર છે' એવું વિધાન દેવોને પણ લાગુ પડે છે. દેવોને વિશ્વરૂપ દર્શન કરવું છે પરંતુ પ્રાર્થના લક્ષ્મી માટે કરે છે અને એને દર્શન આપો એવી પ્રાર્થના કરે છે. આ પ્રાર્થનાની પાછળ ભારોભાર સ્વાર્થ રહેલો છે. પોતાને ફાયદો થતો હોય તો જ દેવો આવી પ્રાર્થના કરે કે મહેનત કરે.

ગીતા પણ યોગભ્રષ્ટ આત્માના જન્મ માટે કેવળ શ્રીમંતને પસંદ નથી કરતી પરંતુ પવિત્ર શ્રીમંતને પસંદ કરે છે.

શુચીનાં શ્રીમતાં ગેહે યોગભ્રષ્ટોઽભિજાયતે ||

(ગીતા અ.૬/શ્લોક ૪૧)

(૬) પુણ્ય કરનારને ચાર પ્રકાર પૈકીની કોઇ પણ મુક્તિ મળે છે.

સાલોક્ય મુક્તિમાં ભગવાનના લોકમાં રહેવાનું મળે છે.

સામીપ્ય મુક્તિમાં ભગવાનની સમીપમાં રહેવાનું મળે છે.

સાયુજ્ય મુક્તિમાં ભગવાનની જોડે રહેવાનું મળે છે.

સારૂપ્ય મુક્તિમાં ભગવાન એને પોતાનું રૂપ આપે છે.

●

## અધ્યાય : ६१

આ અધ્યાયનું નામ **'ગોકર્ણ મહાબલેશ્વરોત્પત્તિકથન'** છે. આ અધ્યાયમાં **૧૭૬** દોહરા છે.

અલખે નિરંજનની પ્રાર્થના સાંભળીને શ્રીગોકર્ણનું માહાત્મ્ય સમજાવતાં કહ્યું કે અહીં સદાશિવ પ્રત્યક્ષ વસે છે. આ સ્વયંભૂ લિંગનું ગણપતિએ સ્થાપન કર્યુ હતું. એટલે નિરંજને કહ્યું કે બધું વિગતવાર કહો. (૧-૧૨).

એક દિવસ લંકાપતિ રાવણે એની માતા કૈકસીને માટીનું બનાવેલું શિવલિંગ પૂજતા જોઇ. પોતાની માતા થઇને માટીનું લિંગ પૂજે? એ કૈલાસ ગયો અને સામવેદના ગાન દ્વારા ભગવાન શંકરને પ્રસન્ન કર્યા. ભગવાને વર માગવા કહ્યું. (૧૩-૫૧).

રાવણે કૈલાસ પર્વતની માગણી કરી. ભગવાન શંકરે કહ્યું કે કૈલાસ લઇને શું કરીશ? એને બદલે મારું આ આત્મલિંગ લે. ત્રણ વર્ષ સુધી ત્રિકાલ પૂજા કરવાથી તું સ્વયં શંકર થશે અને લંકા કૈલાસ થશે. આ લિંગને લંકામાં પહોંચ્યા વિના ક્યાંય ભૂમિ પર મૂકીશ નહિ. (૫૨-૬૫).

આત્મલિંગ લઇને રાવણ કૈલાસ જવા નીકળ્યો એટલે નારદે આ વાત દેવોને કરી. દેવો બ્રહ્મા સાથે વૈકુંઠમાં વિષ્ણુ પાસે આવ્યા અને બધી વાત કરી. આ સાંભળીને ભગવાન વિષ્ણુ શંકર પાસે કૈલાસ આવ્યા. (૬૬-૮૨).

ભગવાને શંકરને પૂછ્યું કે તમે આ શું કર્યું? એને આત્મલિંગ આપ્યાને કેટલો સમય થયો? (૮૩-૯૨).

ભગવાન વિષ્ણુએ નારદને કહ્યું કે તમે જઇને રાવણને રોકી રાખો એટલે હું વિઘ્નહર્તા ગણપતિને મોકલું છું. નારદે વાતોમાં સાંજ પાડી દીધી એટલે સંધ્યા માટે રાવણે ગણપતિના હાથમાં શિવલિંગ આપ્યું. ગણપતિએ કહ્યું કે હું ત્રણ બૂમ પાડીશ અને છતાં નહિ આવો તો જમીન પર મૂકી દઇશ. રાવણે સંધ્યા શરૂ કરી ત્યાં જ ગણપતિએ બૂમ પાડવી શરૂ કરી અને લિંગ મૂકી દીધું. લિંગ ખૂબ બળવાળું (મહાબલ) થયું અને ખેંચતાં ગાય (ગો)ના કાન જેવું થયું. (૯૩-૧૭૬).

રંગ ગુરુ કહે છે કે ત્યાં શિષ્યની પ્રાર્થના સાંભળીને સંતુષ્ટ થઇને યોગીશ્વર અલખજી બોલ્યા કે હે સુજ્ઞ શિષ્ય ! કળિયુગમાં તારનાર, સુંદર એવું શ્રીગુરુચરિત્ર અને આ ગુરુલીલામૃતનો આ સાર તું સાંભળ. (૧-૨). એનું વર્ણન કરતાં મારા મનમાં અનહદ આનંદ થાય છે અને મારામાં સ્ફૂર્તિ જાગે છે અને મને પણ ચોક્કસ લાભ થાય છે. (૩).

તીર્થરૂપ શ્રીદત્ત ભકતોના ઉદ્ધાર માટે પૃથ્વી પર ફરે છે. એ સિવાય એમનો બીજો કોઇ હેતુ નથી. (૪). એ ત્રિમૂર્તિ (દત્ત) સ્વરૂપ લોકોનો ઉદ્ધાર કરતા કરતા, મોજથી ફરતા ફરતા ગોકર્ણમાં આવી પહોંચ્યા. (૫). સ્વયં શંકર સ્વરૂપ એવા શ્રીપાદ આ ક્ષેત્રને લોકોમાં પ્રસિદ્ધ કરવા માટે પોતાના જ સ્થાનમાં આવ્યા. (૬). એનો (ગોકર્ણનો) મહિમા લોકોમાં ખરેખર અનુપમ છે. હે શિષ્ય ! હું તને વિસ્તારથી કહું છું તે તું સાવધાન થઇને સાંભળ. (૭).

આ ક્ષેત્ર ખરેખર અલૌકિક છે એ તું નિ:શંક માન. એના સેવનથી ઘણા ભકત લોકો વરદાન પામ્યા છે. (૮). જ્યાં ભગવાન સદાશિવ સ્વયં વસે છે અને જ્યાં એ સદા હાજરાહજૂર છે એ મહાબળેશ્વરનું લિંગ સ્વયંભૂ છે. (૯). વિષ્ણુની આજ્ઞાથી શ્રીગણપતિએ મહાદેવનું એ આત્મલિંગ સ્થાપ્યું છે. આ સાક્ષાત્ શિવજી જ છે. (૧૦).

આ સાંભળીને શિષ્ય નિરંજન ફરીથી બોલ્યો કે હે ગુરુજી ! મને આ દિવ્ય કથાનક વિસ્તારથી કહો. (૧૧).

અલખજી બોલ્યા કે હે નિરંજન ! વિષ્ણુની આજ્ઞાથી ગણેશજીએ શા માટે આ લિંગ સ્થાપ્યું તે હું તને વિસ્તારપૂર્વક કહું છું તે તું સાંભળ. (૧૨).

રાવણની માતા કૈકસી પરમ સાધ્વી હતી. શિવનું પૂજન કરવા માટે એ હંમેશ તત્પર રહેતી અને નિરભિમાની થઇને ભક્તિ કરતી હતી. (૧૩). શિવલિંગનું અર્ચન (પૂજન) કર્યા વગર એ કદી પણ અન્ન ગ્રહણ કરતી (જમતી) નહિ અને પ્રાણાંતે પણ નિયમનો ભંગ ચલાવી લેતી નહિ. (૧૪). એક દિવસ પ્રારબ્ધવશ પૂજન માટે શિવલિંગ ના મળ્યું. એટલે એણે માટીનું લિંગ બનાવી એનું પ્રેમથી પૂજન કર્યું. વ્રતનો ભંગ કેમ કરીને કરે? (૧૫). સતી અધખૂલી આંખે અને ગદગદ વેણે એકાગ્ર ચિત્તે પૂજન કરતી હતી. ત્યાં એની પાસે રાવણ આવ્યો. (૧૬). લોકોમાં ભયંકર ગણાતો રાવણ રાજા ક્રૂર લોકોમાં શિરોમણિરૂપ એ દૈત્ય મનમાં પ્રેમ ધરીને માતાનાં દર્શન માટે આવ્યો.① (૧૭). 'માતાને' પગે લાગીને રાવણે (દશાનને) પૂછ્યું કે હે મા ! માટીના લિંગનું પૂજન કરવાથી શું વળે? આ તો મારા માટે શરમરૂપ ગણાય. (૧૮).

હું તારો પુત્ર લોકોમાં શ્રેષ્ઠ ગણાઉં છું, હું ચૌદ ભુવનનો સ્વામી છું અને સિદ્ધિ મારી દાસી થઇને બે હાથ જોડીને ઊભી છે. (૧૯). મારું નામ સાંભળતાં જ દેવો થરથર ધ્રૂજે છે અને દેવો, કિન્નરો, મુનિ તથા માનવો મારી રાત દિવસ સેવા કરે છે. (૨૦).

વાયુ વાસીદું કરે છે, વરુણ પાણી ભરે છે, અગ્નિ રસોઇયો થઇને રસોઇ બનાવે છે, કુબેર કોઠારી તરીકે નોકરી કરે છે, યમરાજ દ્વારપાળ થઇને સેવા બજાવે છે અને ઇંદ્ર આવીને મને પગે લાગે છે. તારે એવી કઇ વાતની ઊણપ છે કે તું આજે માટી પૂજે છે. (૨૧-૨૨). માટીનું શિવલિંગ પૂજવાથી શું ફળ મળે? હે મા ! તું મને ખુલ્લાં મનથી કહે તો બાણના ભાલોડાની માફક ખૂંચતું મારું દુ:ખ દૂર થાય.② (૨૩). તારું આ કાર્ય જોઇને મારું હૃદય અતિશય રડે છે. (મને અનહદ દુ:ખ થાય છે.) માતાએ કહ્યું કે આ રીતે પૂજા કરતાં મૃત્યુ પછી કૈલાસની પ્રાપ્તિ થાય છે. (૨૪). રાવણે કહ્યું કે હે મા ! તું ખોટી મહેનત શું કામ કરે છે? હું કૈલાસ અને ભગવાન શંકરને પાર્વતી સાથે જીવતાં લાવી દઉં પછી હે મા ! તને ગમે તે રીતે તું એનું પૂજન કર. (૨૫). લંકામાં કૈલાસ સાથે ભગવાન શંકર અને પાર્વતીને અત્યારે જ લાવી દઉં પછી એનું દિવસ રાત પૂજન કર્યા જ કર. (૨૬). તું આ માટી સાથે રમવાનું છોડી દે. એમ કહીને મનમાં હોડ રાખીને એ રાક્ષસ મનોવેગે ક્ષણવારમાં રજતગિરિ કૈલાસ આવ્યો અને વીસ હાથ તેમજ દશ મસ્તકથી એને ઊંચો કરવા પ્રયત્ન કરવા લાગ્યો. (૨૭-૨૮). પર્વતના ખૂણે માથું ટેકવીને અને વચમાં હાથ મૂકીને એણે કૈલાસ પર્વતને હલાવ્યો. ભોળાનાથ આ લીલા જોઇ રહ્યા છે. (૨૯). પાતાળ ખળભળી ઊઠ્યાં, શેષ નારાયણનાં અંગ ધ્રૂજી ઊઠ્યાં. કાચબો (કૂર્મ) ઊંચું જોઇને એની પીઠ તપાસે છે અને બધા અસ્વસ્થ થઇ ગયા. (૩૦). અમરાપુરી ડોલી ઊઠી. ચૌદે લોક ઘેરી ભ્રાંતિમાં અટવાયા. પૃથ્વી, પર્વત, વન અને નદી બધે જ ભયનો ભેંકાર છવાઇ ગયો. (૩૧). લોકો મનમાં વિચારવા લાગ્યા કે પ્રલયકાળ આવ્યો છે કે શું? દેવો મનમાં બીધા અને વિચારવા લાગ્યા કે કેમ કરીને જીવાશે? (૩૨).

કૈલાસમાં બધા શિવગણો બીકના માર્યા હેરાન પરેશાન થઇ ગયા. હિમાલય પર્વતની પુત્રી પાર્વતીનો મુખ ચંદ્ર ઝંખવાઇ ગયો. (૩૩). પાર્વતીજી શિવજીના ગળે વળગીને બોલ્યાં કે હે નાથ ! હે શંભુ ! આ શું થવા બેઠું છે? તમે કેમ પ્રતિકાર કરતા નથી? (૩૪). ચૌદે લોકમાં બધે એક સરખો હાહાકાર વ્યાપી ગયો છે અને ભોળા શંભુ તમે કેમ નિર્ભય થયા છો? કેમ આનો સામનો કરતા નથી? (૩૫). હિમાલયનું શિખર એવું ડોલે છે કે એમ થાય છે કે શું આ પાતાળમાં જતો રહેશે કે શું? શરીર અને ઘર બધું ડોલી ઊઠ્યું. હે શંભુ ! તમે કેમ રક્ષણ (બચાવ) નથા કરતા? (૩૬). હે પ્રભો ! તમે તો એકદમ સ્વસ્થ બેઠા છો અને તમારા મોં પર તો કોઇ બીક કે ચિંતા જેવું જણાતું જ નથી. તમારા વિના અમને તારનાર બીજું કોઇ છે? હે મહેશ ! તમે અમારી રક્ષા કરો. (૩૭).

**અધ્યાય : ૬૧**

શંકર ભગવાન બોલ્યા કે હે પાર્વતી ! નાહક આ શોક કરવાનો છોડી દો. મારો ભક્ત રાવણ પોતાનો શોખ પૂરો કરી રહ્યો છે. હે પ્રિયે ! આ તો દૈત્ય રમત કરે છે અને રાવણ ગમ્મત કરે છે. એમાં મનમાં ચિંતા શું કામ કરે છે? અને બીકના માર્યા ચીસ કેમ પાડે છે? (૩૮-૩૯). સર્વેશ્વરનાં વચન સાંભળીને પાર્વતીજી બોલ્યાં કે હે અનાથના નાથ ! આપનાં બાળકોની રક્ષા કરો. (૪૦). આ બ્રહ્માંડો ડોલી ઊઠ્યાં છે અને બધા દેવોના પ્રાણ આકુળવ્યાકુળ થયા છે. હે પ્રાણનાથ ! રક્ષા કરો અને બધાને અભયનું દાન આપો. (૪૧). પાર્વતીજીનું કહેવું સાંભળીને ત્રિશૂલધારી મહાદેવે પર્વત ઉપર હાથ મૂકીને એ પર્વતની નીચે રાવણને દબાવ્યો.③ (૪૨). રાક્ષસ પર્વતની નીચે એવો દબાયો કે એના મોઢામાં ફીણ આવી ગયું. અતિશય લાચાર બનીને હાથ જોડીને 'શિવ શિવ' એવો જાપ જપવા લાગ્યો. (૪૩).

હે શિવ ! હે શંકર ! હું તારો બાળક રાવણ તારા શરણે આવ્યો છું. હે શરણે આવેલાનું રક્ષણ કરનારા ! હે જગન્નાથ ! તમે મારી રક્ષા કરો. (૪૪). હે જગતના પિતા શંકર ! હું આપને શરણે છું, સો વાર શરણે છું. તું મને કાં મારે છે? એનો આવો આર્તનાદ સાંભળીને ભગવાને હાથ હળવો કર્યો. (૪૫). ભોળા ભગવાન શંકર શરણાગતવત્સલ છે. એણે હૃદયમાં કરુણા લાવીને રાક્ષસને તરત જ મુક્ત કર્યો. (૪૬). મુક્ત થયેલા રાવણે મસ્તકની વીણા કરી અને નસના તંતુ (તાર) બનાવી રાગ-રાગિણી સાથે ગાવા માંડ્યું. (૪૭). સાતે સ્વર સાધીને, મીઠા અવાજે, તાલ અને તાન ચૂક્યા વગર રાવણ રાત દિવસ અખંડપણે ગાવા લાગ્યો. (૪૮). રાક્ષસની ભક્તિ જોઇને ભોળાનાથ પ્રસન્ન થયા. પાંચમુખ અને દશ હાથવાળા પોતાના મૂળ સ્વરૂપે રાવણની સામે આવીને ઊભા રહ્યા. (૪૯).

નાગનું કટિસૂત્ર છે, ભસ્મ વિભૂષિત અંગ છે, હાથમાં ત્રિશૂળ અને ડમરુ છે અને મસ્તક પર ગંગાજી શોભે છે. (૫૦). ભગવાને કહ્યું કે હે રાવણ ! વર માગ ! હું તારા પર પ્રસન્ન થયો છું. હું તારો દાસ છું. હું તારી ભક્તિ જોઇને દોડી આવ્યો છું. તું જે માગે તે આપીને તારી આશા પૂરી કરીશ.④ (૫૧).

રાવણ બોલ્યો કે હું શું માગું? લક્ષ્મી મારી દાસી છે. રિદ્ધિ અને સિદ્ધિ અક્ષયરૂપે ઊભી છે. બધા દેવો પણ મને માન આપે છે. બ્રહ્માજી મારા ઘરે રહીને મારું ભવિષ્ય જુએ છે. જમરાજને મારી બીક (ધાક) છે. તેત્રીસ કરોડ દેવતા ગરીબડા થઇને મારી સેવા કરે છે. કુંભકર્ણ જેવો ભાઇ છે. ઇંદ્રજીત જેવો પુત્ર છે. કામધેનુ મારા મહેલમાં છે અને સાગર તટે આવેલી લંકા અગમ્ય છે.⑤ (૫૨-૫૪). છ કરોડ વર્ષ (સમ)નું મારું આયુષ્ય છે. મારા જેવો જગતમાં બીજો કોણ છે? ક્યાં તો કૈલાસને લંકા લઇ જઇશ અથવા અહીંયાં દેહ પાડીશ. (૫૫). હે સામ્બ સદાશિવ ! મારી માતાનું વ્રત પૂરું કરવા મને કૈલાસ પર્વતનું દાન આપી મારા મનોરથ સફળ કરો. હે પ્રભુ ! તું બધું જાણે જ છે, પછી અજાણ ના બનીશ. (૫૬). હે પ્રભુ ! તું તો ઘટ ઘટની જાણે છે. મેં માતાની આગળ હોડ કરી છે તે તું પૂર્ણ કર. હે કૃપાનિધિ ! ભીડ પડી છે તો તું દોડ. (૫૭). ભગવાન શંકરે (ઇશ્વરે) કહ્યું કે કૈલાસથી શું વળશે? હું તને આત્મલિંગ આપું છું. તું મનમાં ઉદાસ થઇશ નહિ. (૫૮). આ પ્રાણલિંગના પૂજનથી તારા મનમાં જે જે ઇચ્છા હશે તે તરત જ ફળીભૂત થશે અને તું અક્ષયધામ પામીશ. (૫૯). એના પર રુદ્રાભિષેક કરીને જે છ અક્ષરના મંત્રનો ભાવથી અને સાવધાનીથી ૧૦૮ વાર જપ કરશે તેને માટે કશું અશક્ય નહિ રહે. (૬૦). જો કોઇ ત્રણ વર્ષ સુધી રોજ ત્રણવાર એનું પ્રેમથી પૂજન કરે તો તે પૂર્ણકામ થઇને અંતે મારા સ્વરૂપમાં નિર્વાણ પામશે. (૬૧). એની પાસે મૃત્યુ પણ નહિ આવે અને એનાં દર્શનથી દુ:ખ ટળી જશે. જેની પાસે આ લિંગ હશે તે જે કાંઇ ધારશે તે કરી શકશે. (૬૨). તું લંકામાં ન પહોંચે ત્યાં સુધી આને જમીન પર મૂકીશ નહિ. ત્રણ વર્ષ પૂજન કરવાથી તું દેવોનો પણ બાપ થઇ જશે. (૬૩). તું સાક્ષાત્ શંકર થઇ જઇશ અને લંકાનગરી કૈલાસ થઇ જશે. તું પોતે આપ્તકામ થઇને બીજાની આશા પૂરી કરી શકશે.⑥ (૬૪). આવું વરદાન મેળવીને, શિવને સાષ્ટાંગ પ્રણામ કરીને, લાલ આંખવાળો રાવણ ત્યાંથી ઊઠ્યો અને ચાલી નીકળ્યો. (૬૫).

દેવ મુનિ (નારદજી)ના મનમાં આ વાતની જાણ થતાં એ 'હર હર' કરતા તરત જ સ્વર્ગભવન આવી પહોંચ્યા અને કહેવા લાગ્યા કે હે ઇંદ્ર ! તું કયા સુખમાં આમ સોડ તાણીને સૂતો છે? દૈત્યો હવે નિરંકુશ થઇ ગયા અને તારું દેવપદ હાથથી ગયું એમ સમજી લે. (૬૬-૬૭). લંકાનો રાજા રાવણ શિવના પ્રાણ સમું આત્મલિંગ હાથમાં લઇને જાય છે. અરે ! એને ભોળા શંભુએ કેવું વરદાન આપ્યું છે ! (૬૮). ભગવાને કહ્યું છે કે આનું ત્રણ વર્ષ પૂજન કરવાથી તું શંકર સ્વરૂપ થઇ જશે, લંકાનગરી કૈલાસ સમાન થઇ જશે અને તારે માથે મોતની બીક પણ નહિ રહે. (૬૯). શિવના વરદાનથી આ રાક્ષસ રાવણ અમર અને દીર્ઘાયુ થઇ ગયો. હવે એને રણમાં કોણ મારી શકશે? (૭૦). જે દેવો એના કારાગૃહમાં છે તેને કોણ છોડાવશે? હવે તમે કલ્પ સુધી (લાખો વર્ષ સુધી) રોજ નિયમપૂર્વક લંકા જઇને એની સેવા કરો. (૭૧).

હે રંભા ! હે ઉર્વશી ! હે મેનકા ! હવે આ રાક્ષસની રાત દિવસ સેવા કરો. (ભજો.) હવે જો જીવતા રહેવું હોય તો એનાં વખાણ કરો. ભાટ થઇને ગુણગાન ગાઓ. (૭૨).

નારદમુનિની આ વાત સાંભળીને બધા જ ચોંકી ઊઠ્યા. દેવેંદ્ર ખૂબ ગભરાયો અને બધા દેવો પણ દુ:ખ અને ભયથી વામણા જણાવા લાગ્યા. (૭૩). નારદમુનિનાં ચરણમાં વંદન કરીને દેવેંદ્રે રક્ષણનો ઉપાય પૂછ્યો અને પૂછ્યું કે હે નારદ ! હવે અમારે શું કરવું? અમારું કઇ રીતે કલ્યાણ થશે? (૭૪).

નારદે કહ્યું કે બ્રહ્મા વિના બીજો કોઇ બચાવી શકે એમ નથી. સકળ લોકનું સર્જન કરનાર ભગવાન બ્રહ્મા વેદને આધારિત ઉપાય બતાવશે. એટલે ત્યાંથી બધા નારદ સાથે બ્રહ્મલોકમાં આવ્યા અને ઇંદ્રે હાથ જોડીને બધી હકીકત વિગતવાર કહી સંભળાવી. (૭૫-૭૬).

ચતુર્મુખી બ્રહ્માએ વળતા જવાબરૂપે કહ્યું કે વૈકુંઠમાં શ્રીહરિ શયન કરે છે. એ દૈત્યના શત્રુ (એવા શ્રીહરિ) આ સંકટમાંથી ઊગરી જવાનો રહસ્યમય ઉપાય જરૂરથી કહેશે. (૭૭).

બધા ભેગા થઇને (ટોળે મળીને) વિષ્ણુ પાસે આવ્યા. બ્રહ્માજી બોલ્યા કે હે મુર (રાક્ષસ)ના દુશ્મન (મારનાર) ! આ દાનવનો પાશ તોડો. (૭૮). રોજે રોજ વધુને વધુ શક્તિશાળી થતો જતો રાવણ ભગવાન શંકરને પ્રસન્ન કરીને પ્રાણલિંગ લઇને હવે (લંકા જવા) ચાલી નીકળ્યો છે. (૭૯). હવે એ શંકરરૂપ થઇ જશે પછી એનો સંહાર કોણ કરી શકશે? પછી તમે જ્યારે અવતાર ધરશો ત્યારે એ દુષ્ટને મારવાનું કામ ખૂબ મુશ્કેલ થશે. (૮૦). હે પ્રભુ ! તમે દાનવોના કાળ છો. તમે આનો શીઘ્ર પ્રતિકાર કરો. નહિ તો પછી આગળ ઉપર આ દૈત્યનો વધ કરવો અશક્યવત્ થશે. (૮૧).

બ્રહ્મનાં આ વેણ સાંભળીને ક્રોધે ભરાયેલા વિષ્ણુનો શ્વાસ ઝડપથી ચાલવા લાગ્યો અને અરેરે ! અરેરે ! એવું બોલતા બોલતા શ્રી વિષ્ણુ ઝડપથી કૈલાસ આવી પહોંચ્યા અને આવીને કહ્યું કે હે ભોળા શંભુ ! તમે આ શું કર્યું? તમે ગમે તેવું વરદાન આપી દીધું? રાવણ અતિશય કેર કરે છે એ તમારા ખ્યાલમાં ના રહ્યું? (૮૨-૮૩). આ દશ માથાવાળા રાવણે દેવોને જેલમાં નાંખ્યા છે અને કેર વર્તાવે છે તેના પર આવી કેવી મહેર કરી? (૮૪). તમે આવું વરદાન આપીને સાપને દૂધ પાયું છે, ભૂતને દાન આપ્યું છે. દેવોનો દુશ્મન એવો રાવણ અમર થતાં દેવોનું શું માન રહેશે? (૮૫).

શંકરે કહ્યું કે હે વિષ્ણુ ! હું શું કરું? હું તો ભક્તોનો દાસ છું. ભક્તિને વશ થઇ જઇને હું તો ભક્તના મનમાં જે ઇચ્છા હોય છે તે રાજી થઇને આપી દઉં છું. (૮૬). રાવણે મસ્તકની વીણા હાથમાં લઇને ગાન કર્યું અને સામવેદનું સુસ્વર ગાન સાંભળીને મને ભાન જ ના રહ્યું. (૮૭). મેં તો મુગ્ધ બની જઇને પ્રાણલિંગનું વરદાન આપી દીધું. અરે ! એણે જો દાનમાં (વરદાનમાં) પાર્વતી માગી હોત તો હું પાર્વતી પણ આપી દેત. (૮૮).

વિષ્ણુ બોલ્યા કે હે ભોલાનાથ ! આપ તો (વરદાન આપીને) દૂર રહો છો પણ મારે બધું ભોગવવું પડે છે. હે શંકર ! મારે તમને શું કહેવું?⑦ (૮૯). તમો તો વરદાન આપીને ભારે ઉપાધિ કરી અને કાને હાથ મૂકીને બેસી રહેશો પણ મારે તો આ દુષ્ટોને હરાવવા (મારવા) માટે અવતરવું પડે છે. (૯૦). આવા ભાગ્યે જ મળે (દુર્લભ) એવા વરદાનથી રાક્ષસ ઉન્મત્ત થઇને પછી દેવ તથા બ્રાહ્મણને હેરાન-પરેશાન કરે છે અને અનહદ પાપો કરે છે. (૯૧). સારું, હવે એ કહો કે તમે એને લિંગ આપ્યું ક્યારે? લિંગ આપ્યાને કેટલો સમય થયો છે? શંકરે કહ્યું કે રાવણને ગયાને બે કલાક (૫ X ૨૪ મિનિટ) થયા છે. (૯૨).

શંકરનાં આવાં વચન સાંભળીને ભગવાન વિષ્ણુ (ક્ષીર નિધિમાં વસનાર) બોલ્યા કે હે નારદ ! તમે મનોવેગે રાવણ પાસે પહોંચો અને એ દુષ્ટ જ્યાં સુધી લંકાનગરીમાં નથી પહોંચ્યો ત્યાં સુધીમાં એને મીઠી મીઠી વાતોમાં ભોળવીને જવામાં વિલંબ કરો. (૯૩-૯૪). એ દરમ્યાન હું સુદર્શન ચક્ર મોકલીશ એટલે સૂરજનો પણ અસ્ત થતો જણાશે અને એ દશાનન સંધ્યા કરવા માટે રોકાશે. (૯૫). એ દરમ્યાન વિઘ્ન ઊભું થશે. એટલે હે નારદ ! તમે જલદી ભાગો (ઊઠો). તમે રાક્ષસને ગમે તે રીતે રોકો. બાકીનું બીજું બધું તો હું ગોઠવું છું. (૯૬).

નારદજી ત્યાંથી ઊઠીને રાવણ પાસે આવ્યા એ દરમ્યાન વિષ્ણુએ મનમાં વિચાર્યું કે હું વિઘ્ન કરવા માટે ગણપતિને ખાસ રવાના કરું (મોકલું). (૯૭). વિઘ્નરાજ વગર રાક્ષસના માર્ગમાં કોણ વિઘ્ન કરી શકે? આવું વિચારીને વાંકી સૂંઢવાળા મહાકાય (એવા ગણપતિ)ને બોલાવ્યા. (૯૮).

વિષ્ણુએ કહ્યું કે હે રિદ્ધિ સિદ્ધિના પતિ ગણપતિ ! તું સાંભળ. તારા પૂજનથી માણસો અને દેવો બળવાળા અને તારા આશ્રયવાળા (સનાથ) થાય છે. (૯૯). તારાં ચરણ (પાદ) કમળ પકડીને બધા તને વંદન કરે છે. જે કોઇ તારી અવગણના કરે છે તેના ડગલે ને પગલે વિઘ્નો-મુશ્કેલી ઊભી કરે છે. (૧૦૦). હે ગણેશ ! તારા પિતા મહેશને ભોળવીને અને તને પૂછ્યા વિના રાવણ પ્રાણલિંગ લઇ ગયો છે. (૧૦૧). તારી અવગણના કરીને એ દુષ્ટ કેમ કરીને જીવતો રહી શકશે? એની સામે તું એને કપટ કરીને છેતર અને દેવોને રાજી કર.⑧ (૧૦૨). વિશિષ્ટ પ્રકારે બાળવેષ ધરીને હે ગણરાજ ! તમે વિઘ્ન કરો. મેં નારદને તો ક્યારનો મોકલી દીધો છે એટલે અડધું કામ તો એ જ પતાવી દેશે. (૧૦૩). મુનિશ્રેષ્ઠ નારદ એ રાવણને રસ્તાની અધવચમાં સૂર્યાસ્ત વેળા સંધ્યાવંદનના નિમિત્તે રોકી રાખશે. (૧૦૪). શંભુએ એને જમીન ઉપર લિંગ નહિ મૂકવાની આજ્ઞા કરી છે. પેશાબ પાણી કરવાના સમયે એ કેવી રીતે લિંગને પકડી રાખશે? (૧૦૫). તું નાના (બટુક) બાળકનો વેષ લઇને એની પાસે પહોંચી જા. એ તારામાં વિશ્વાસ મૂકીને સંધ્યાકાળે તારા હાથમાં લિંગ રાખવા ખાસ આપશે. ત્યારે હે ગણેશ ! એને છેતરીને તું એ લિંગને ભૂમિ ઉપર સ્થાપી દેજે. ભગવાન શંકર (લિંગ) પછી ત્યાં જ નિશ્ચલ રહેશે. (૧૦૬-૧૦૭).

કેડ કસીને ગણપતિ ઊભા રહ્યા ભાતુ માગવા લાગ્યા :- લાડુ, મોદક, દૂધ, દહીં, ગોળ, ઘી અને સાકરના મિશ્રણવાળા ચણા, ધાણી, તલ, કોપરું વગેરે ભાતામાં આપો તો હું આપનું કામ કરીશ, નહિ તો હે નાથ ! બે હાથ જોડું છું. (૧૦૮-૧૦૯).

ભગવાન વિષ્ણુએ હસી પડીને તે તે ખાવાની વસ્તુ આપી અને ગણપતિએ બ્રહ્મચારી બટુકનો ઉત્તમ વેષ ધરીને ખાતા ખાતા ચાલવા માંડ્યું. (૧૧૦).

આગળથી પહોંચી ગયેલા નારદે રાવણનો રસ્તો રોકીને નમ્રતાથી પૂછ્યું કે હે રાજવી ! હે સ્વામી ! તમે ક્યાંથી આવ્યા તે કહો. (૧૧૧). રાવણે કહ્યું કે સામ્બ સદાશિવને પ્રસન્ન કરીને કૈલાસથી શિવપ્રાણલિંગને અને અનેક વરદાનને

લઇને આવી રહ્યો છું. (૧૧૨). નારદે કહ્યું કે હે લંકેશ ! તમારું તો નસીબ જ ઊઘડી ગયું છે. મૃત્યુનો નાશ કરનારું આ લિંગ તને મળ્યું છે. તેં ઉત્તમ કાર્ય સિદ્ધ કર્યું છે.[૯] (૧૧૩).

નારદે કહ્યું પહેલાં તું મને એ લિંગ જોવા દે. પછી હું તને આ લિંગનો મૂળથી જે મનોહર ઇતિહાસ જાણું છું તે હું તને વિસ્તારપૂર્વક કહીશ. (૧૧૪).

એ લિંગની પરીક્ષા (ચકાસણી) કર્યા વિના હું તારી આ વાત સાચી નહિ માનું. અરે ! કોને ખબર ! આ બનાવટી લિંગ હોય તો? તો તો પછી મોત જ લાવી દે. (૧૧૫).

નારદમુનિનાં આ વચનો સાંભળીને શંકાશીલ મનવાળા રાવણે દૂરથી લિંગ બતાવીને તેનાં લક્ષણો પૂછ્યાં.[૧૦] (૧૧૬). એ જોઇને દેવર્ષિ નારદ બોલ્યા કે હે લંકેશ ! ક્ષણવાર થોભ ! હું તને આ લિંગનો મહિમા કહું છું તે મનમાં ભાવ રાખીને સાંભળ. (૧૧૭).

કાળાગ્નિ સમાન કોઇ એક હરણ વનમાં મસ્તીથી (નિ:શંક) ફરતું હતું અને જંગલી પશુને મારીને તે સુખપૂર્વક ખાતું હતું. (૧૧૮). એક વાર બ્રહ્મા, વિષ્ણુ અને શંકર મૃગયા રમવા (શિકાર કરવા) જંગલમાં ગયા અને એ હરણને મારી નાંખીને એનું માંસ ત્યાંને ત્યાંજ તરત જ ખાઇ ગયા. (૧૧૯). એ હરણને ત્રણ શિંગડાં હતાં અને એની નીચે ત્રણ લિંગ હતાં. એ ત્રણે જણે એક એક પ્રાણલિંગ લઇ લીધું. એ વાતને તું સાચી માન. (૧૨૦). આ લિંગનો મહિમા એવો છે કે જે કોઇ એનું ત્રણ વર્ષ પૂજન કરે તે પોતે વરદાન આપનાર ઇશ્વર બને એમાં શંકાને કોઇ સ્થાન નથી. (૧૨૧). જ્યાં આ લિંગ છે તે કૈલાસ જાણ અને બ્રહ્મા, વિષ્ણુ અને શંકરના મહિમાનું કારણ પણ આ લિંગ છે. (૧૨૨).

વળી હે રાવણ ! હું તને બીજી વાત કહું તે તું શાંતિથી અને એકાગ્રતાથી સાંભળ. એટલે રાવણે કહ્યું કે મારે જલદી લંકા જવું છે એટલે એ સાંભળવું નથી. (૧૨૩). આવું બોલીને લંકેશ જ્યાં ઝડપથી જવા માંડ્યો ત્યાં જ નારદે કહ્યું કે હે નાથ ! સંધ્યા કર્યા વિના કેમ ચાલવા માંડ્યું? (૧૨૪). બ્રાહ્મણને માટે સંધ્યાવંદનનો સમય એ મંગલ સમય છે. રસ્તે જતાં અંધારુ થઇ જશે તો હે રાજા ! કર્મનો લોપ થશે.[૧૧] (૧૨૫). અરે ! આપ તો ચારે વેદના જાણકાર છો અને શાસ્ત્રોનો આધાર જાણો છો. આપને ઉપદેશ (સલાહ) આપવાનો મને અધિકાર નથી. (૧૨૬). હું તો મારી મેળે અહીં જ સંધ્યા કરીશ. એમ કહીને નારદ તરત જ સાગર તટે આવ્યા અને દેવો આ બધો ખેલ જોયા કરે છે. (૧૨૭). આ સમય દરમ્યાન બ્રહ્મચારીનો વેષ ધરીને ગણપતિ યજ્ઞસમિધ તોડતા એ રાવણની પાસે ઊભા હતા. (૧૨૮). આ જોઇને રાવણે મનમાં વિચાર્યું કે મને પણ મનમાં શંકા તો થાય જ કે જો હું સંધ્યા વંદન ચૂકી જાઉં તો મારું વ્રત (મારો નિયમ) તૂટે. (૧૨૯). સંધ્યાવંદનનું કર્મ કરતી વખતે હાથમાં કોઇ કાળે લિંગ રખાય નહિ અને ભૂમિ પર પણ મુકાય નહિ તો પછી કોના હાથમાં આપું? (૧૩૦). સાગરના કિનારે આ સુંદર બ્રહ્મચારી બટુક દેખાય છે તેને જઇને પૂછું જો એ હા કહે તો એને હું ધીરજથી સાધું. (૧૩૧). એના મુખ પર મૂછનો દોરો ફૂટ્યો નથી. આ બાળક નિર્દોષ જણાય છે. એ વિશ્વાસઘાત નહિ કરે. હું એના હાથમાં લિંગ આપું અને પછી શાંતિથી સંધ્યા કરું. આવું મનમાં વિચારીને રાવણ તરત જ બટુક પાસે ઝડપથી આવ્યો. (૧૩૨-૧૩૩).

રાવણને જોઇને ગણપતિ દૂર ભાગવા લાગ્યા. એટલે રાવણે કહ્યું કે બેટા ! તું ડર નહીં. હું કાંઇ એવો ક્રૂર નથી. (૧૩૪). એને અભયદાન આપીને તરત જ એની પાસે ગયો અને અતિશય મીઠી વાણીથી પૂછ્યું કે બેટા ! તું કોણ છે? (૧૩૫). તારા માતા-પિતા કોણ છે? હે બેટા ! તું કયા ગોત્રનો છે? એટલે બ્રહ્મચારી (ગણપતિ) બોલ્યા કે આ બધી પંચાત તારે શા માટે કરવી જોઇએ? (૧૩૬). તું અમારા નામ-ગોત્ર વગેરે પૂછે છે તે શું તું અમારી પાસે કંઇ માગે

છે? શું મારા મા-બાપ તારા બાપના દેવાદાર છે કે? (૧૩૭). હસી પડીને એનો હાથ પકડીને લંકાપતિ રાવણ બોલ્યો કે હે બાળક ! આ તો હું તને સ્નેહભાવથી પૂછું છું. એમાં આટલો બધો અકળાય છે શું કામ? (૧૩૮). એટલે ત્યારે ગણપતિ (બ્રહ્મચારી) બોલ્યા કે ભસ્મવિભૂષિત દેહવાળા અને માથે જટાજૂટ ધરનાર સામ્બ સદાશિવ મારા પિતા છે અને જેણે સાપનાં કડાં હાથમાં ધર્યાં છે, કંઠે રુદ્રાક્ષની માળા છે અને હાથમાં ડમરુ અને ત્રિશૂલ લઇને જે રાત દિવસ ભિક્ષા માગે છે તે સાક્ષાત્ શિવ શંકર મારા પિતા છે. (૧૩૯-૧૪૦). બહુ પ્રખ્યાત એવી પાર્વતી મારી માતા છે. હવે બોલ કે તારે શું કામ છે? મને તારી બહુ બીક લાગે છે. તું મને છોડ એટલે હું મારા ઘરે જાઉં. (૧૪૧). બાળકનાં એ વચન સાંભળીને એને બ્રાહ્મણનો પુત્ર માનીને રાવણ પ્રેમથી બોલ્યો કે હે બેટા ! તારો પિતા પવિત્ર છે પણ ગરીબ જણાય છે.(૧૨) (૧૪૨). તારે સુખ સાહ્યબી શાની હોય? તને ખાવાનું પૂરતું અન્ન પણ નહિ મળતું હશે. મારી નગરી સોનાની છે અને રત્ન તથા મણિથી ભરેલી છે. (૧૪૩). રત્ન અને સોનાનું મારું ઘર છે. તું મારી સાથે ચાલ મારા દેવની પૂજા કરીને તું રાત દિવસ લહેર કરજે. (૧૪૪). તું જે જે વસ્તુ માગશે તે બધી વસ્તુ હું તને ચોક્કસ આપીશ. મારે ત્યાં નોકર ચાકર સ્ત્રીનો અને ખાવા-પીવાની ખોટ નથી.(૧૩) (૧૪૫).

એટલે બાળકે કૌતુકભાવે કહ્યું કે હું લંકામાં નહિ આવું કારણ કે ત્યાં તો માણસ ખાઉ રાક્ષસ મને આખો ને આખો જ ખાઇ જાય. (૧૪૬). તારાં રત્નજડિત ઘર તારી પાસે જ રહેવા દે. તું હવે મને મારાં મા-બાપ પાસે જવા દે. (૧૪૭). હું કોઇ સંજોગમાં લંકા તો નહિ જ આવું. તું મારો હાથ છોડ અને મને જવા દે. મને ભૂખ બહુ જ લાગી છે તેથી જઇને દહીં તથા ભાત ખાઇ લઉં. (૧૪૮). એના મોઢા પર હાથ ફેરવીને પંપાળતા રાવણ એના જવાબમાં બોલ્યો કે હું જ્યાં સુધી સંધ્યા કરું ત્યાં સુધી તું તારી ભૂખ રોકી રાખ. (૧૪૯). હે બાળક ! તું થોડી વાર માટે આ લિંગ તારા હાથમાં પકડી રાખ. હું તરત જ પાછો આવી જઇશ. પછી તને લાડુ તથા દહીંવડાં વગેરે આપીશ. તું મારી આટલી વાત માન. (૧૫૦). બાળક (ગણપતિ) બોલ્યો કે આ કામ નહિ બને, કારણ કે તારું આ લિંગ વજનદાર છે. હું મારા હાથમાં કેમ કરીને ધરું? હાથમાંથી નીચે પડતાં એ ભાંગી જશે. (૧૫૧). હું બ્રહ્મચારી નાનો બાળક તું મને દુ:ખ ન આપ. હોમ કરવાનો સમય વીતી જતાં ગુરુજી મને વઢશે. તું તારી વાત પડતી મૂક. (૧૫૨). આ લિંગનું વજન મારાથી કેવી રીતે ઝિલાય? તું મને છોડ અને મને મારા ઘરે જવા દે. હે દશાનન ! તું આટલી દયા કરશે તો તને બહુ પુણ્ય મળશે. (૧૫૩).

બાળક (ગણપતિ) જેમ જેમ ના કહે તેમ તેમ રાવણના અંતરમાં વધુને વધુ વિશ્વાસ બેસતો ગયો. એણે ગણપતિ દેવની પાસે આવીને એને લિંગ આપ્યું અને સાગરને કિનારે જઇને સંધ્યાવંદનનું કાર્ય જ્યાં શરૂ કર્યું ત્યાં બ્રહ્મચારી એવી વાણી બોલ્યા કે હે ધીર રાવણ ! તું સાંભળ. જ્યાં સુધી મારાથી હાથમાં રખાશે ત્યાં સુધી હું આ લિંગનો ભાર સહન કરીશ. તું સંધ્યા કરીને જલદી આવ નહિ તો મારો હાથ દુ:ખી જશે. (૧૫૪-૧૫૬). મને જ્યારે પણ અતિશય ભારે લાગશે ત્યારે હું તને ત્રણ વાર બૂમ પાડીને બોલાવીશ. એમ છતાં પણ તું જો નહિ આવે તો પછી આ લિંગ હું ભૂમિ પર મૂકી દઇશ.(૧૪) (૧૫૭). આવું કહીને હાથમાં લિંગ ઝાલીને ગણપતિ ઊભા રહ્યા અને દેવો વિમાને ચઢીને આ દૈવી દેહધારીનું (દૈવીકાય) કૌતુક જોવા લાગ્યા. (૧૫૮). જ્યાં રાવણે અર્ઘ્ય આપવાની શરૂઆત કરી ત્યાં જ મોટા અવાજે ગણનાથ બોલ્યા કે તું જલદી આવ અને આ લિંગ લઇ લે. મારા હાથથી આ ભાર હવે ઝીલી શકાતો નથી. (૧૫૮-૧૫૯).

રાવણ ન્યાસપૂર્વક અર્ઘ્ય આપતો હતો. એણે આ બૂમ સાંભળી ઇશારાથી કહ્યું કે હું આવું છું (અને ત્યાં સુધી) ક્ષણવાર થોભી જા. સારી રીતભાત શીખ. (૧૬૦). થોડી વાર રાહ જોઇને ધીર ગણપતિ પાછા બોલ્યા કે 'જલદી આવ'. હે વીર ! આ ભાર હવે હું ઉપાડી શકું એમ નથી એટલે તું આવ ! તું આવ. (૧૬૧). આ રીતે ત્રણ વાર બૂમ પાડવા છતાં લંકાપતિ ન આવ્યો એટલે મનમાં ભગવાન વિષ્ણુનું સ્મરણ કરીને અને સાક્ષીમાં દેવેંદ્રને રાખીને બ્રહ્મચારી ગણનાથે

ભૂતલ ઉપર લિંગની સ્થાપના કરી દીધી. દેવોએ પુષ્પવૃષ્ટિ કરી અને કિન્નરીએ સમૂહમાં ગીત ગાયાં. (૧૬૨-૧૬૩).

અર્ઘ્ય પ્રદાન કરીને લંકાપતિ ઝડપથી ગણપતિ પાસે આવ્યો ત્યારે લિંગને ભૂમિ પર સ્થાપેલું જોઇને ક્રોધથી ધૂંઆ-પૂંઆ થઇ ગયો અને બોલ્યો કે અરે મૂર્ખ ! ઢોંગી ! કપટવેષી નાદાન ! તેં જાણી જોઇને મારી સાથે કેમ વિશ્વાસઘાત કર્યો? (૧૬૪-૧૬૫). હે હરામખોર ! હે ગધેડા ! મારે તને શું શિક્ષા કરવી? એમ કહીને એના માથા પર પાંચ સાત ગુદ્દા (મુક્કા) માર્યા.(૧૫) (૧૬૬).

અંદરથી હસતા ગણપતિએ તરત રડવા માંડ્યું અને બોલ્યા કે મને નિરપરાધી બાળને કેમ મારે છે? (૧૬૭). મેં તારા બાપનું શું ખાધું છે? મને ગરીબને નાહકનો કેમ હેરાન કરે છે? હું મારા પિતાને કહીશ પછી તારી શી વલે થાય છે તે જોજે. (૧૬૮). એવું કહીને રિદ્ધિ-સિદ્ધિના પતિ ગણપતિ અમથા અમથા દોડવા લાગ્યા. આ બાજુ લિંગ પાસે આવીને રાવણે વીસ હાથથી લિંગને ઊંચકવા માંડ્યું. (૧૬૯). એણે અતિશય જોર કરીને ઊંચકવા માંડ્યું પણ લેશમાત્ર હાલ્યું નહિ. ખીજથી (રીસથી) માથું પછાડવા લાગ્યો અને એનું શરીર થર થર ધ્રૂજવા લાગ્યું. (૧૭૦). પૃથ્વી અને પર્વતો ડોલવા લાગ્યા પણ લિંગ તલમાત્ર હાલ્યું નહિ. આ જોઇને રાવણને મનમાં ખૂબ નવાઇ લાગી અને એ દંગ થઇ ગયો. (૧૭૧). રાક્ષસનું બળ ઘટી ગયું અને લિંગ મહાબળવાન બન્યું. તેથી આ સ્થળ આ પૃથ્વી પર મહાબળેશ્વર નામથી પ્રસિદ્ધ થયું. (૧૭૨). બળજબરીથી લિંગ ઊંચકતાં તે મચડાયું અને મચડાવાથી ગાયના કાન (કર્ણ) જેવું થયું તેથી તેનું નામ ગોકર્ણ પડ્યું. (૧૭૩). પછી ત્યાં તપ કરીને લંકાપતિ રાવણે વરદાન મેળવ્યું. ત્યારથી આ સ્થાન ગોકર્ણ ક્ષેત્રના નામથી પ્રસિદ્ધ થયું. (૧૭૪). તે દિવસથી બધા જ દેવો ત્યાં આવીને વસી રહ્યા. એનો અદ્‌ભુત મહિમા સ્કંદપુરાણમાં વર્ણવ્યો છે. (૧૭૫).

અલખનાં આ વચન સાંભળીને તે નિરંજન બોલ્યો જેનું અનુસંધાન આગળ ઉપર છે જે અલૌકિક રંગનું હશે. (૧૭૬).

શ્રી દત્તપ્રભુનાં ચરણકમળના ભ્રમર એવા બ્રહ્મચારી પાંડુરંગ (રંગ અવધૂત)મહારાજ દ્વારા રચિત શ્રીગુરુલીલામૃતનો અલખ અને નિરંજનના સંવાદરૂપે **'ગોકર્ણ મહાબલેશ્વરોત્પત્તિકથન'** નામનો **એકસઠમો** અધ્યાય સમાપ્ત થયો.

●

## પાદટીપ :

### અધ્યાય : ૬૧

(૧) રાવણ રાક્ષસ હોવા છતાં પણ એની માતૃભક્તિ પૂ.શ્રીએ સહેતુક વર્ણવી છે. દરબારમાં જતાં પહેલાં માતાને પગે લાગવા જતા રાવણનું આ બાબતમાં આપણે અનુકરણ કરવા જેવું છે. રાક્ષસ હોવા છતાં અમુક બાબતમાં રાવણની વિચારધારા ઘણી જ ઊંચી હતી.

(૨) રાવણ શક્તિશાળી અને બુદ્ધિશાળી હોવા છતાં અહંકારને લીધે દુ:ખી થયો. માતા માટીનું શિવલિંગ બનાવીને પૂજે છે તો પૂજન તો થાય જ છે ને ! પરંતુ અભિમાની રાવણની વિચારધારા કેવી છે? તું રાવણની મા થઇને માટીનું લિંગ

પૂજે? પોતાના વિષેના આવા ખ્યાલોમાં જ એ રોળાયો. એણે એવું વિચાર્યું હોત કે અરેરે ! મારી માતાએ માટીનું લિંગ પૂજવાનું આવ્યું તો તેનું દુ:ખ સમજી શકાય પરંતુ તું કોની મા છે? બસ ! આ અહંકારે જ એને પછાડ્યો.

(૩) રાવણે પર્વતને એવો હલાવ્યો હશે કે બધા ગભરાયા. ખુદ પાર્વતીજી પણ ગભરાયાં. આવા શક્તિશાળી રાવણને ભગવાન શંકરે પર્વત ઉપર કેવળ હાથ મૂકીને દબાવ્યો. આવું કેવી રીતે બન્યું હશે. મહાદેવજી શક્તિનું પ્રદર્શન કરતા નથી. પણ દર્શન કરાવે છે. પૂ.શ્રી રંગ અવધૂતજીએ ધર્મજમાં રંગજયંતી પ્રસંગે આવેલા વા-વંટોળને પોતાનો ડાબો હાથ સહેજ જ ઊંચો કરીને શાંત કર્યો હતો તે તો બધા જાણે જ છે. દેવપુરુષ શક્તિનું દર્શન કરાવે, પ્રદર્શન નહિ.

(૪) ભગવાન શંકરનું એક નામ આશુતોષ છે. તે જલદીથી પ્રસન્ન થનાર દેવ છે. એનું એક નામ ભોળાનાથ પણ છે. ભક્ત પર પ્રસન્ન થઇને વરદાન આપતી વખતે ભોળાનાથ વિચારતા નથી કે આ શું માગશે? રાવણે પાર્વતી માગી હોત તો હું આપી દેત એવું અમસ્તુ નથી કહ્યું. એક વાર પાર્વતીજીને વરદાનમાં આપી દીધાં હતાં. એ તો નારદજીનો ઉપકાર તે પાછાં આણી આપ્યાં.

(૫) રાવણનો અહંકાર કેવો અવિવેક જન્માવે છે તેનું અહીં દર્શન છે. એનામાં વિવેક, વિનય નથી તે આ દોહરા ૫૨ થી ૫૫ માં જણાય છે. ભગવાને 'વરદાન માગ' એમ કહ્યું ત્યારે વરદાન માગવાને બદલે આત્મશ્લાઘા- આપવડાઇ કરવા બેઠો. એણે એની જાતે મહત્તા ગાઇ તે ઠીક ન કહેવાય. વળી જ્યારે સામે ભગવાન ઊભા હોય ત્યારે તો નમ્ર બનીને લઘુતા દર્શાવવી જોઇએ. પરંતુ અવિવેક અને અહંકાર બંને જેનામાં ભારોભાર ભર્યા હોય તેની પાસેથી નમ્ર વર્તન અને મીઠી વાણીની અપેક્ષા કેવી રીતે રાખી શકાય?

(૬) આત્મલિંગની મહત્તા જોયા પછી એમ ચોક્કસ જણાય છે કે રાવણે ઘોર તપશ્ચર્યા કરી હશે અને સુંદર સામવેદનું ગાન સંભળાવ્યું હશે. આ ગાનનું વિગતે વર્ણન શ્રીગુરુચરિત્રમાં છે પણ પૂ.શ્રીએ એ કોઇપણ કારણે વર્ણવ્યું નથી. ભગવાન શંકર કેવા ભોળા છે અને કેવા ભક્તવત્સલ છે કે કૈલાસ લેવા આવનાર રાવણને આત્મલિંગ આપી દીધું.

રાવણની ઇચ્છા તો ઘણી મહાન હતી. રણક્ષેત્રમાં રામના બાણથી વીંધાઇને જ્યારે રાવણ ઢળી પડ્યો ત્યારે રાજનીતિ શીખવા આવેલા લક્ષ્મણજીને એણે કહ્યું કે લક્ષ્મણ ! મને મરવાનું દુ:ખ નથી પણ મારી ચાર ઇચ્છા અધૂરી રહી ગઇ તેનું દુ:ખ છે. એક ઇચ્છા એ હતી કે કેટલાય વખતથી આ શેષનાગ પોતાના ઉપર પૃથ્વીને ધરી રહયો છે તો આ પૃથ્વીને ઝીલી રાખવા એક જબરજસ્ત થાંભલો સ્થાપું જેથી શેષનાગનો ભાર દૂર થાય અને એ બધે હરી ફરી શકે. બીજી ઇચ્છા એ હતી કે ગમે તે રીતે અમૃતકુંભ લઇ આવીને બધા સાગરોમાં રેડી દઉં જેથી ખારા સમુદ્રો મીઠા થઇ જાય. ત્રીજી ઇચ્છા એ હતી કે પૃથ્વી ઉપરથી સ્વર્ગમાં જવા માટે એક મોટી સીડી મૂકી દઉં જેથી લોકો ઇચ્છે ત્યારે સ્વર્ગમાં જઇ શકે અને ચોથી ઇચ્છા એ હતી કે આખી યમપુરી ઉજ્જડ કરી દઉં કે જેથી લોકોને યમની બીક ન રહે. કવિ દુલા કાગે આ વાત ભજન રચીને સુંદર રીતે કરી છે.

(૭) ભગવાન વિષ્ણુ પાલનકર્તા દેવ છે. જેણે વિશ્વનું પાલન કરવાનું છે તેનું કામ જ સહુથી કપરૂં હોય છે. સર્જન સરળ છે, સંહાર સરળ છે, અઘરૂં છે સંરક્ષણ અને સંવર્ધન. એટલે બધા દેવોમાં વિષ્ણુ ભગવાન વિશિષ્ટ જણાય છે. સંચાલન (Management)ની ભાષામાં એ પ્રશ્નો ઉકેલનાર (Problem solver) છે. બીજા બધા પ્રશ્નો ઊભા કરનાર (Problem creator) બની શકે પણ ભગવાન વિષ્ણુએ તો કટોકટી ઉકેલવાની રહે છે. ભગવાન શંકરે તો વરદાન આપીને પ્રશ્ન ઊભો કરી દીધો. હવે દેવોના અને દુનિયાના સુખનો ઉપાય વિષ્ણુએ વિચારવાનો. આને માટે બધાને ભેગા કરી, ભેગા રાખીને બધા સાથે કામ કરવાનું છે.

Bringing together is the beginning. (બધાને ભેગા કરવા એ શરૂઆત)
Keeping together is the progress. (બધાને ભેગા રાખવા એ પ્રગતિ)
Working together is the success. (બધાને ભેગા રાખી કામ કરવું એ સફળતા)

(૮) ભગવાન વિષ્ણુ પ્રશ્ન કેવી રીતે હલ કરે છે તે પણ જાણવા જેવું છે. એ નારદજીને મનોવેગે જવાની આજ્ઞા કરે છે જ્યારે ગણપતિને વિનંતી કરે છે. આ વિનંતી કરતાં પહેલા એ ગણપતિને એવી રીતે વાતો કરે છે કે જેથી ગણપતિને પણ પોતાના સ્વમાનાર્થે આ કામ કરવું યોગ્ય લાગે. પહેલાં ગણપતિની પ્રશંસા કરી. એનાં ગુણગાન ગાયાં. પછી એમની શક્તિનું દર્શન કરાવ્યું. ગણપતિની અવગણના કરનાર માટે ગણપતિ કેવી મુશ્કેલી ઊભી કરી શકે તેનું સ્મરણ કરાવ્યું અને પછી કહ્યું કે તમને પૂછ્યા વિના અને શંકરને ભોળવીને (છેતરીને) રાવણ પ્રાણલિંગ હરી ગયો છે. ભગવાન શંકરે વરદાનમાં શિવલિંગ આપ્યું હતું એની રજૂઆત વિષ્ણુ ભગવાને એવી કુશળતાથી કરી જેથી વિઘ્નહર્તા વિઘ્નકર્તા બનવા તૈયાર થયા. 'સર્વજન હિતાય અને સર્વજન સુખાય' વિષ્ણુએ જે કર્યું એમાં એમનો કોઇ સ્વાર્થ ન હતો. સાચો ધર્મ આ જ છે. સ્વાર્થ વગર જેમાં સમાજનું હિત હોય તેવું કાર્ય કરવું.

(૯) નારદ વિષે એવી ગેરસમજ છે કે એ બધાને લડાવી મારે છે અને જુઠ્ઠું બોલે છે. હકીકતમાં એ કદી અસત્ય બોલતા નથી. પરંતુ સત્યની રજૂઆત એવી રીતે કરે છે કે એ જે ધારે તે કામ થઇ જાય છે.

રાવણે બધાને પીડા આપનાર ગ્રહો (શનિ, રાહુ, કેતુ વગેરે)ને એના સિંહાસનની નીચે ઊંધા પાડીને સુવાડી દીધા હતા અને પછી એ સિંહાસન પર બેસતો ત્યારે બધાને પીડા કરનારા ગ્રહોને એનાથી પીડા થતી હતી. એક વાર નારદ રાવણના દરબારમાં આવ્યા ત્યારે બધા ગ્રહોએ નારદને કહ્યું કે અમને રાવણના ત્રાસમાંથી છોડાવો. છેલ્લે કહ્યું કે અમને ભલે મુક્ત ના કરાવો પણ ચત્તા તો કરાવો. બાકીનું તો અમે ફોડી લઇશું.

નારદજી રાવણના રાજસિંહાસન પાસે આવ્યા ત્યારે કશું જાણતા ન હોય એમ એણે રાવણને પૂછ્યું કે આ બધા કોણ છે? રાવણે કહ્યું, બધાને પીડા કરનાર દુશ્મન ગ્રહો. એટલે તરત જ નારદે કહ્યું કે આ બધાને ઊંધા કેમ સુવાડ્યા છે? દુશ્મનની છાતી ઉપર ચઢી બેસવાનું હોય કે પીઠ ઉપર? બસ ! નારદની આ વાત રાવણના ગળે ઊતરી ગઇ અને એણે બધા ગ્રહોને ચત્તા કરી દીધા ! બસ ! તે દિવસથી એની દશા બગડી.

અહીં રાવણને રોકી રાખવા નારદજીએ કેવી સરસ રીતે વાત કરી ! રાવણને વિશ્વાસ જન્મે એ માટે જે મહિમા શંકર ભગવાને કહ્યો હતો તે જ મહિમા એણે પણ કહી સંભળાવ્યો અને 'તું ફાવી ગયો, તારૂં નસીબ ઉઘડી ગયું' વગેરે કહીને એને ખુશ તો કરી દીધો. પણ પછી એના મનમાં શંકા અને બીક જન્માવ્યાં. પરંતુ એ માટે પણ એણે જે કહ્યું તે તો બધું સત્ય જ હતું. નારદજી પ્રખર મનોવૈજ્ઞાનિક હતા તેથી સામી વ્યક્તિનું મન સમજીને વાત કરવાની ઢબ નક્કી કરતા. પરિણામે એમનું ધાર્યું કાર્ય થઇ જતું.

(૧૦) 'સંશયાત્મા વિનશ્યતિ' એવું ગીતા (અ.૪ - શ્લો. ૪૦) કહે છે. વળી બધા દૈવી ગુણો પૈકીનો પહેલા નંબરનો દૈવી ગુણ 'અભયત્વં' છે. પૂ.શ્રી રંગ અવધૂત મહારાજ નારેશ્વરના આવા ભયંકર જંગલમાં કેવી રીતે એકલા રહ્યા હશે? એમણે અભયત્વ પ્રાપ્ત કર્યું હતું. આ અભયત્વ પામવાની સાધના જ અતિ કઠણ છે. પોતાના હાથમાં પ્રાણલિંગ હોવા છતાં, શંકરનાં દર્શન થયાં હોવા છતાં રાવણમાં સંશય પણ જન્મે છે અને ભય પણ જન્મે છે. આનો જ નારદજીએ ઉપયોગ કર્યો. ગુરુ મહારાજનાં દર્શન કરીને નીકળીએ અને બિલાડી આડી ઊતરે અને આપણે અપશુકનની શંકા કરી પાછા વળીએ તો આપણામાં પણ રાવણ પેઠો એમ જ કહેવાયને !

(૧૧) 'યોગ: કર્મસુ કૌશલમ્' એમ ગીતા (અ.૨ - શ્લો.૫૦) કહે છે. પરંતુ સાથે સાથે વ્યક્તિ કર્મઠ ન થાય એવું પણ ઇચ્છે છે. કર્મને જડતાથી વળગી રહેનાર મુશ્કેલીમાં આવી પડે છે. એ નબળા મનનો હોય છે. એનામાં સમાધાનવૃત્તિ નહિ પણ કર્મ કરવાની અભિમાનવૃત્તિ પેસે છે. 'તમે બ્રાહ્મણ થઇને સંધ્યાવંદન નહિ કરો?' એવું નારદે કહ્યું ત્યારે રાવણે એમ ન વિચાર્યું કે હાથમાં લિંગ હોય પછી બધી ક્રિયા એમાં જ આવી ગઇ. બાહ્યાચારની શી જરૂર? પણ આવી અંતર્નિષ્ઠા લાવવી ક્યાંથી?

ગુરુ કંજપદ ધ્યાન સ્નાન મમ, સંધ્યા તર્પણ સાર .... મેરો॰
સ્વાધ્યાય ગુરુ ગુણ સંકીર્તન, સેવા તપ કલિતાર .... મેરો॰
(અવધૂતી આનંદ. મેરો દત્ત દિગંબર. ભજન.)

અંતર્નિષ્ઠ ન હોવાને લીધે રાવણે સંધ્યાવંદનને ખૂબ મહત્ત્વ આપ્યું અને પ્રાણલિંગ ગુમાવ્યું. ક્રિયા-કર્મ કરવાનાં, પણ તેને જડતાથી વળગી રહેવાની જીદ અને અભિમાન નહિ કરવાનાં.

(૧૨) પાર્વતી અને શંકર આ જગત માત્રનાં માતા-પિતા છે અને તેમાં પણ બ્રાહ્મણના આરાધ્ય દેવ- માતાપિતા તો તે છે જ.

કવિ કાલિદાસે "રઘુવંશ"માં કહ્યું છે કે 'જગત: પિતરૌ વન્દે પાર્વતીપરમેશ્વરૌ |' આ જગતનાં માતા-પિતા એવાં પાર્વતીને અને પરમેશ્વર શંભુને હું વંદન કરું છું. એટલે બ્રાહ્મણનો પુત્ર છે તેથી આ રીતે બોલે છે એવું અર્થઘટન રાવણે કર્યું છે.

(૧૩) બ્રાહ્મણ તેજસ્વી હોવો જોઇએ, શ્રીમંત નહિ. એનામાં સાધના હોવી જોઇએ, સાધન-સંપત્તિ નહિ. બ્રાહ્મણના પુત્રને પહેલાં તો ગરીબીનો અહેસાસ કરાવે છે અને પછી રાવણ સુખની લાલચ આપે છે. રાવણ ગણપતિ સાથે હસી હસીને અને લળી લળીને વાત કરે છે એમાં પ્રેમ નથી પણ ગરજ છે. ગરજવાન હોય તેને અક્કલ ના હોય એટલે જ પછી એનો ગેરલાભ ઉઠાવાય છે ને !

(૧૪) ગણપતિની હોશિયારી કેવી છે? બુદ્ધિના દેવ છે ને ! રાવણે સંધ્યાવંદનનો જેવો સંકલ્પ કર્યો કે તરત જ ગણપતિએ બોલવાનું શરૂ કર્યું. સંકલ્પ થાય એટલે પછી એ કર્મ કર્યે જ છૂટકો.

વળી એમણે કરેલી રજૂઆત જુઓ. પહેલી વાત એ કે મારાથી જ્યાં સુધી લિંગનો ભાર સહન થશે ત્યાં સુધી જ ભાર સહન કરીશ. બીજી વાત તું જલદી આવજે નહિ તો મારો હાથ દુ:ખી જશે અને છેલ્લી વાત. ત્રણ વાર બોલાવ્યા છતાં પણ નહિ આવે તો હું પછી ભૂમિ પર મૂકી દઇશ.

જે કામ ગણપતિ કરવાના જ છે, પહેલેથી નક્કી જ છે તે વાત છેલ્લે કરીને રાવણના મનમાં શંકા ઊભી થતી અટકાવી.

સંધ્યા છોડીને રાવણ ગયો હોત તો? સંધ્યા મહત્ત્વની, સંકલ્પ મહત્ત્વનો કે પ્રાણલિંગ? **વિનાશકાળે વિપરીત બુદ્ધિ** તે આનું નામ.

(૧૫) દેવોના અને પૃથ્વીના લોકોના સુખ માટે ગણપતિ ભગવાને પાંચ સાત મુક્કા સહન કર્યા. આમ જોવા જઇએ તો ગણપતિ ભગવાને પણ કપટ કરીને છેતરપિંડી કરેલી કહેવાય. બહારથી આ અધર્મ આચરેલો જણાય પણ તાત્ત્વિક રીતે વિચારતાં આ જ સાચો ધર્મ છે. બહુજન હિતાય, બહુજન સુખાય માર ખાવો પડે તો ખાવો અને રાક્ષસને દુષ્કૃત્ય કરવાની તક ન આપવી, એનો સામનો કરવો એ જ સાચો ધર્મ ગણાય.

વ્યક્તિગત હિત અને સામાજિક હિત વચ્ચે સંઘર્ષ થાય ત્યારે સામાજિક હિતને મહત્ત્વ આપી, વ્યક્તિગત હિત જતું કરવું તે ધર્મ અને એનાથી ઊંધું, વ્યક્તિગત હિત માટે સામાજિક હિતનો વિચાર ન કરવો તે અધર્મ. આ અર્થમાં કર્ણે ઇંદ્રને કવચ કુંડળ આપી દીધાં, 'અશ્વત્થામા હત:' સાંભળીને દ્રોણે હથિયાર હેઠાં મૂકી દીધાં વગેરે અધર્મ છે. જયારે જીવનમાં કદી પણ અસત્ય ન બોલનાર યુધિષ્ઠિરે 'અશ્વત્થામા હત:' એવું કહ્યું, કુંતીએ કર્ણને જઈને કહ્યું કે હું તારી મા છું અને હું કુંવારી હતી ત્યારે તારો જન્મ થયો હતો, એમ કહ્યું તે કેવળ પક્ષના હિત માટે. એમનું વ્યક્તિગત તો અહિત થયું હતું. પરંતુ આ જ સાચો ધર્મ છે.

શ્રી દીનદયાળ ઉપાધ્યાયનો આ બાબત ઉપરનો લેખ વાંચવા જેવો છે.

●

## અધ્યાય : ૬૨

આ અધ્યાયનું નામ '**ગોકર્ણમાહાત્મ્ય વર્ણન**' છે. આ અધ્યાયમાં **૨૪૫** દોહરા છે.

શિષ્ય નિરંજન બોલ્યો કે હે ગુરુજી ! ગોકર્ણ ક્ષેત્રનો મહિમા હજી પણ વિસ્તારથી કહો. બધાં તીર્થક્ષેત્ર છોડીને શ્રીપાદ પ્રભુ ગોકર્ણ રહ્યા તો એ ગોકર્ણની પુરાતન કથા કહો. તીર્થનો મહિમા કહો અને કોણે કોણે તપ કરીને વરદાન મેળવ્યાં તે કહો. (૧-૪).

આ સાંભળીને અલખે ઇક્ષ્વાકુ વંશના મિત્રસહ રાજાની વાત કરી. મિત્રસહ રાજાએ એક રાક્ષસને મારી નાંખ્યો હતો એટલે એનું વેર વાળવા માટે એનો ભાઇ નોકર બનીને રાજા સાથે આવ્યો અને શ્રાદ્ધના દિવસોમાં ઋષિમુનિને રાજાએ જમવા નોતર્યા ત્યારે એણે કપટથી નર-માંસ પિરસાવ્યું. ઋષિએ રાજાને શ્રાપ આપ્યો કે જા તું બ્રહ્મરાક્ષસ થા. (૫-૨૫).

બ્રહ્મરાક્ષસ થઇને જંગલમાં ફરતાં એ રાજાએ એક બ્રાહ્મણ દંપતી પૈકી બ્રાહ્મણને મારી નાંખ્યો અને ખાઇ ગયો. બ્રાહ્મણની પત્નીએ એને શ્રાપ આપ્યો કે તું બાર વરસ પછી બ્રહ્મરાક્ષસમાંથી રાજા થશે પછી રાણી સાથે વિષયસુખ ભોગવશે તો મરી જઇશ. બાર વર્ષે બ્રહ્મરાક્ષસમાંથી રાજા થયેલા એ મિત્રસહે આ બ્રહ્મહત્યાને નિવારવાનો ઉપાય પૂછ્યો તો વિદ્વાનોએ તીર્થયાત્રા કરવાનું કહ્યું. (૨૬-૬૨).

તીર્થોમાં યજ્ઞ, યાગ, દાન વગેરે કરતાં કરતાં રાજા જ્યારે મિથિલાપુરમાં આવ્યો ત્યારે નગરની બહાર ગૌતમઋષિનો ભેટો થયો અને એણે ગોકર્ણ ક્ષેત્રનો મહિમા કહ્યો અને એણે ત્યાં જઇને શિવપૂજન કરવા જણાવ્યું. (૬૩-૧૩૩).

આ મહિમાને કોઇ દૃષ્ટાંત દ્વારા વિસ્તારથી જણાવવાનું કહેતાં ગૌતમ ઋષિએ એક ચાંડાલિનીનું આખ્યાન કહ્યું. (૧૩૪-૨૪૫).

શિષ્ય નિરંજને કહ્યું કે હે ગુરુજી ! ગોકર્ણ ક્ષેત્રનો મહિમા વિસ્તારપૂર્વક કહો જેથી મારું જીવન સાર્થક થાય. (૧). બધાં તીર્થક્ષેત્રો છોડીને શ્રીપાદ ગુરુ જ્યાં રહ્યા એ ક્ષેત્રની સુંદર એવી પુરાતન કથા કહો. (૨). આ ક્ષેત્રમાં તપ કરી કરીને કોણે વરદાન મેળવ્યા એ વાત અને તીર્થના મહિમાની વાત મને કહો. એ સિવાય હું બીજું કાંઇ માંગતો નથી. (૩). મારા મનમાં સદ્‌ગુરુની લીલા સાંભળવાની અતિશય પ્રીત જાગી છે. હે કૃપાની મૂર્તિ ! અમૃત સમાન એ કથા આગળ કહો. (૪).

અલખે કહ્યું કે હે વત્સ ! હું તને ગોકર્ણ ક્ષેત્રનો મહિમા કહું છું તે તું એકચિત્તે અને સાવધાન મનથી સાંભળ. (૫). ઇક્ષ્વાકુ વંશમાં મિત્રસહ નામે એક રાજા થયો હતો. એ રાજા વીર, પ્રતાપી અને ધર્મમાં રચ્યોપચ્યો રહેનાર હતો. (ધાર્મિક હતો.) ક્ષત્રિયકુળનું નામ રોશન કરનાર હતો. એ બળવાન હતો અને હંમેશાં વેદાધ્યયન કરનાર હતો. એ વિવેકી હતો, દયાનો ભંડાર હતો, કુળદીપક હતો, પુણ્યશ્લોકી હતો અને સુંદર દેહવાળો હતો. એ રાજાને ધન્ય છે. (૬-૭).

એક દિવસ શિકાર કરવા માટે એ રાજા જંગલમાં ગયો. આ વન નિર્જન હતું અને ત્યાં સાચે જ મહાભયંકર વાઘ-સિંહ વગેરે રહેતા હતા. (૮). હાથમાં ધનુષ બાણ લઇને ક્રૂર પ્રાણીનો સંહાર કરતો એ રાજા આનંદપૂર્વક શિકાર કરતો હતો અને જંગલમાં નિર્ભય થઇને ફરતો હતો. (૯). એવામાં ત્યાં અગ્નિના જેવો એક ભયાનક રાક્ષસ મોં ફાડીને સામેથી એકાએક ધસી આવ્યો. (૧૦). ક્રોધથી લાલ લાલ થઇ ગયેલા રાજાએ ધનુષ્યનો ટંકાર કર્યો અને તીક્ષ્ણ બાણો મારીને રાક્ષસને વીંધી નાંખ્યો. (૧૧). એનાં અંગે અંગો વીંધાતાં તે મૂર્છા ખાઇને નીચે પડ્યો. એની બંને આંખો ખેંચાઇ ગઇ અને એનો જીવ નીકળી ગયો. (૧૨). મરતાં મરતાં પોતાના ભાઇને બોલાવીને એણે કહ્યું કે હે મારા ભાઇ ! તું દુઃખી થઇશ નહિ. તું રાજાને મારી નાંખજે. (૧૩). તું જો ખરેખર મારો ભાઇ હોય, સખા અને સહોદર હોય તો ગમે તેમ કરીને વેર વાળજે અને વેરીના પ્રાણ લેજે. (૧૪). આટલું બોલીને એ રાક્ષસ મરી ગયો. એનો માયાવી ભાઇ મનુષ્યરૂપ લઇને રાજાનો નોકર (ભૃત્ય) બન્યો. (૧૫).

આ માયાવી નોકર નમ્ર બનીને કપટભાવથી હંમેશાં સેવા કરતો હતો અને રાજાનું મન પારખીને એને અનુકૂળ- ગમે એવું વર્તન કરતો હતો. (૧૬). જંગલના દુષ્ટ જીવોને અને હિંસક પશુઓને મારીને એ રાજા (પેલા) નોકર સાથે રાજયમાં (નગરમાં) પાછો આવ્યો. (૧૭). એ રાક્ષસ નોકરના વેષમાં ત્યાં રહ્યો અને રાતદિવસ તક શોધી રહ્યો હતો. એવામાં ત્યાં પિતૃશ્રાદ્ધ આવ્યું. (૧૮).

રાજાએ વસિષ્ઠ વગેરે જેવા શ્રેષ્ઠ મુનિઓને આમંત્રણ આપ્યાં અને રસોડા ઉપર રાજાએ પોતે એ કપટી સેવકને મૂક્યો. (૧૯). રાજાને એના મનના કપટની ખબર નથી. રાજાએ સેવકને કહ્યું કે રસોઇયો જે જે વસ્તુ માગે તે તે વસ્તુ તું વ્યવસ્થિત રીતે એને આપજે. (૨૦). રસોઇમાં જરા પણ- તલમાત્ર ખામી હું ચલાવી લઇશ નહિ. આ બ્રાહ્મણશ્રેષ્ઠો નારાજ થશે તો હું તને જીવતો નહિ છોડું. (૨૧). રાક્ષસે જવાબદારી માથે લીધી અને રસોઇયાને તે ન જાણે તે રીતે માંસ આપ્યું. આ માંસ માણસનું છે એ રસોઇયાએ જાણ્યું નહિ તેથી એ બ્રાહ્મણ રસોઇયાએ પ્રેમથી રાંધ્યું. (૨૨). છ રસથી યુક્ત સ્વાદિષ્ટ રસોઇ તૈયાર થઇ એટલે ધીરગંભીર રસોઇયાએ બધાને પીરસ્યું. જ્ઞાનદષ્ટિથી જોતાં જ વસિષ્ઠને ખબર પડી એટલે ગંભીર સ્વભાવના વસિષ્ઠ ક્રોધે ભરાયા અને મુનિએ શ્રાપ આપ્યો કે હે રાજા ! તને ધિક્કાર છે. આ માણસનું માંસ રાંધીને પીરસતાં તેં કોઇ વિચાર કેમ ના કર્યો? આ માંસ અસ્પૃશ્ય છે અને એ અમારા કામનું નથી. તેં નિવારી ન શકાય એવું પાપ કર્યું છે. જા તું હમણાં ને હમણાં બ્રહ્મરાક્ષસ થઇ જા. તારું ભલું શી રીતે થશે? (૨૩-૨૫).

શાપવચન સાંભળીને રાજા ક્રોધે ભરાયો અને બોલ્યો કે હે મુનિ ! તું મને શું કામ શાપ આપે છે? હું તને તરત જ સામો શાપ આપીશ. (૨૬). આ માંસની રસોઇ થઇ છે તે જાણતો જ નથી. એમાં મારી સંમતિ (મદદ) પણ નથી. તેં મને ખોટી રીતે શાપ આપ્યો છે તો હે નાથ ! હું તમને કેમ સામો શાપ ન આપું? (૨૭). એમ કહીને હાથમાં તરત જ જળ લીધું. પતિને શાપ આપવા માટે તૈયાર થયેલો જોઇને રાણી તરત જ દોડી અને સતી મદયંતી બોલી કે હે સ્વામી ! આવું ગાંડું સાહસ કરશો નહિ. ગુરુને સામો શાપ આપવાથી રૌરવ નામના નરકમાં જશો. એના કરતાં ગુરુજીને બંને હાથ જોડીને પગે લાગો. (૨૮-૨૯). ગુરુને હુંકારો-તુંકારો કરનારો નરકમાં જાય છે એ વાર્તા કેમ ભૂલી ગયા? ગુરુને લાંબા થઇને પગે લાગો તો એનાથી હે નાથ ! તમે તરી જશો. (૩૦).

સતી (રાણી મદયંતી)નાં એ વચનો સાંભળીને ત્યાં રાજા શાંત થયો. એણે ખોબાનું (અંજલિનું) પાણી નીચે નાંખી દીધું જે તેના પોતાના પગ પર પડ્યું. એનાથી એ કદરૂપ રાક્ષસ થયો. (૩૧). એ પાપી (કલ્મષ) પાણી પગ પર પડ્યું. તેથી એનું નામ કલ્માષપાદ પડ્યું. બ્રહ્મરાક્ષસ બનેલો રાજા એક જંગલથી બીજે જંગલ ભટકવા લાગ્યો. (૩૨). મદયંતી આંસુ ભરેલી આંખે ઋષિનાં ચરણમાં પડી અને બોલી કે હે પ્રભુ ! કૃપા કરીને આશીર્વચન આપો. (૩૩).

વસિષ્ઠ ઋષિએ ધ્યાનમાં જોયું અને તે દ્વારા બધું જાણ્યું અને તેથી વસિષ્ઠ ઋષિ શાંત થયા અને પછી બોલ્યા કે બાર વરસ સુધી આ રાજા દુ:ખી થશે અને પછી રાજા પહેલાનાં જેવો દેહ પામશે અને પાછો આવીને તને મળશે તથા તું એની વામાંગી (રાણી) થઇને શોભશે. (૩૪-૩૫). આમ કહી વસિષ્ઠ મુનિ તરત જ પોતાને આશ્રમે ગયા અને રાજા વિકરાળ બ્રહ્મરાક્ષસ થઇને ભટકવા લાગ્યો. (૩૬).

કર્મને વશ નિર્જન વનમાં રાક્ષસ દોડવા લાગ્યો અને ગરમી ઠંડીને ગણકાર્યા વિના માણસ તથા પશુની હિંસા કરવા લાગ્યો. (૩૭). ઘણા દિવસો વીતી ગયા બાદ એક વાર પ્રારબ્ધવશ એક બ્રાહ્મણ દંપતીને જતાં જોયાં એટલે આ બિહામણો દૈત્ય દોડ્યો. (૩૮). જેમ વાઘ ગાયને પકડીને પછાડે તેમ રાક્ષસે બ્રાહ્મણને ઝાલ્યો. ત્યાં તો બ્રાહ્મણ પત્ની એની પાછળ દોડી. એનું શરીર થર થર ધ્રૂજતું હતું. (૩૯). છાતીફાટ રૂદન કરતાં સતીએ કહ્યું કે હે બાપ ! મારા પતિને તું છોડી દે અને મને સૌભાગ્યનું દાન કર. (૪૦). તું મારા પતિને મારી નાંખીશ નહિ. એ મને મારા પ્રાણથી પણ વધારે વહાલો છે. જોઇએ તો તું મને ખાઇ જા. હે રાક્ષસ ! તું મને દગો દઇશ નહિ. (૪૧). પતિ વિનાની સ્ત્રીની દશા ચંદ્ર વિનાની અંધારી રાત જેવી છે. પતિ વિના સ્ત્રીનું જીવન પથ્થર જેવું નકામું છે. (૪૨). મારો પતિ રૂપમાં કામદેવ સમાન છે, યુવાન છે અને શાસ્ત્રનો જાણકાર છે. તું એનું રક્ષણ કર અથવા તું પહેલાં મને સુખેથી ખાઇ જા. (૪૩). તું એને બચાવી લેશે તો તને જગત બચાવ્યાનું પુણ્ય મળશે. હું તારી દીકરી તરીકે આટલું માગું છું. હું તને તું ધન્ય ધન્ય થઇ જાય એવું વરદાન આપીશ. (૪૪). જો મને દીકરો થશે તો હું રાતદિવસ તારા ગુણગાન ગાઇશ. હે તાત ! મારા પ્રાણપ્રિયને તું છોડી દે અને અમને અમારે ગામ જવા દે. (૪૫).

આ રીતે સતી અતિશય વિલાપ કરતી હતી અને પતિને છોડી દેવાની વારે વારે વિનંતી કરતી હતી. આમ છતાં એ દુષ્ટનું મન પીગળ્યું નહિ અને એણે બ્રાહ્મણના પ્રાણ લીધા. (૪૬). કર કર દાંત કચકચાવીને પ્રેમથી બ્રાહ્મણને ખાઇ ગયો. આ જોઇને બ્રાહ્મણ કન્યાએ મન પર સંયમ રાખીને શાપ આપતાં કહ્યું કે હે પાપી ! તું મારો શાપ સાંભળ. તું સૂર્યવંશી રાજા શાપના પ્રભાવે રાક્ષસ થઇને અનીતિના કૂવામાં ગબડી પડ્યો છે. બાર વરસ પૂરા થતાં પ્રારબ્ધવશ ફરી રાજા થતાં જો તું રાણી સાથે વિષયભોગ માણશે તો તારું મૃત્યુ થશે. (૪૭-૪૯). અનાથ બ્રાહ્મણને મારી નાંખતાં તે સહેજ પણ પાછું વળી જોયું નહીં? જો તું રાણી સાથે સંગ કરીશ તો તારું મૃત્યુ થશે. (૫૦).

ક્રોધે ભરાઇને શાપ આપ્યા પછી એણે પતિનાં અસ્થિ લીધાં અને વિધિ અનુસાર અગ્નિ પ્રગટાવીને તે સ્વસ્થતાથી પતિ પાછળ સતી થઇ. (૫૧). ભયંકર જંગલમાં આમ ને આમ બાર વર્ષ સુધી રાજા ભટકતો રહ્યો. શાપનો સમય પૂરો થતાં એણે પાછો માનવદેહ ધારણ કર્યો. (૫૨).

પહેલાંના જેવો રાજા બન્યા પછી એ રાજમહેલમાં પાછો ફર્યો. કામદેવની પત્ની રતિના જેવી રૂપવાન મદયંતી રાણી કામાતુર થઇને દોડી અને રાજાને જેવી ભેટી પડી કે તરત જ રાજા બોલ્યો કે બ્રાહ્મણની પત્નીએ મને શાપ આપ્યો છે એટલે તું મારાથી દૂર રહે. (૫૩-૫૪). શાપવચન સાંભળીને રાણી વિલાપ કરવા લાગી. કામેચ્છાથી વિહ્વળ થયેલી રાણી પ્રાણ ત્યાગવા તત્પર થઇ. (૫૫). લાચાર થઇને સતી બોલી કે બાર વરસ થયાં તો પણ મારા દુ:ખનો અંત ન આવ્યો. મારે કોઇ સંતતિ પણ નથી. આમ કહીને રડવા લાગી. એ જોઇને રાજા બોલ્યો કે અરેરે ! મારું નસીબ જ ફૂટેલું છે તો શું કરું? પ્રારબ્ધમાં લખ્યું હોય તેમ જ થાય. (૫૬-૫૭). ભગવાન ધારે તો તણખલાનો ડુંગર કરી નાંખે અને ધારે તો પર્વતને તણખલું બનાવી દે. ખરેખર ! હરિનું ધાર્યું જ થાય છે. (૫૮). પછી રાજાએ મંત્રીઓને અને વૃદ્ધ પુરોહિતને બોલાવ્યા અને બ્રહ્મહત્યા વિશેની બધી વાત કહી સંભળાવી. (૫૯). બધા બ્રાહ્મણોએ એકી અવાજે કહ્યું કે હે રાજા ! ખરેખર તીર્થયાત્રાથી આ પાપમાંથી તમારો ઉગારો થશે. (૬૦). તું રાણી સાથે તીર્થયાત્રા કર જેથી તારા બધા પાપો

ધોવાઇ જશે. બ્રાહ્મણોનું કહેવું માનીને રાજા રાણી સાથે તીર્થયાત્રાએ નીકળ્યો અને ઠંડી તથા ગરમી સહન કરવા લાગ્યો. (૬૧). વિધિ અનુસાર એ તીર્થની યાત્રા કરતો હતો. સ્નાન, દાન, ધર્મ, વિપ્રતર્પણ વગેરે આનંદથી કરતો હતો અને યજ્ઞયાગનો મર્મ જાણીને તે પણ કરતો હતો. (૬૨). દરેકે દરેક તીર્થમાં રાજા ગાયનું દાન કરતો હતો અને અન્ન વસ્ત્ર છૂટા હાથે લૂંટાવતો હતો. તો પણ બ્રહ્મહત્યાનું પાપ એનો પીછો છોડતું ન હતું. (૬૩). પ્રારબ્ધવશ ફરતો ફરતો, દુ:ખ વેઠતો મિથિલા નગરીમાં આવ્યો અને ઉદાસ થઇને ચિંતાતુર બનીને બેઠો હતો. (૬૪). નગરીની બહાર વડલાની શીતળ છાયાની નીચે ઉદાસ મનવાળો અને દૂબળા શરીર (કૃશ કાયા)વાળો એ રાજા પત્ની સાથે બેઠો હતો. (૬૫).

ભગવાનનું કરવું તે જાણે ભગવાન શંકર પોતાના ગણો સાથે નીકળ્યા હોય તેમ ગૌતમ ઋષિ બીજા ઋષિઓ સાથે નીકળ્યા. (૬૬). મુનિશ્રેષ્ઠ ગૌતમને જોઇને રાજાએ સાષ્ટાંગ પ્રણામ કર્યા અને ભક્તિથી નમ્ર બનીને આનંદનાં આંસુથી ઋષિના પગ પખાળ્યા. (૬૭). આશ્વાસન આપીને મુનિશ્રેષ્ઠે કુશળતાના સમાચાર પૂછ્યા અને પૂછ્યું કે હે રાજા ! તારું મોઢું કેમ ઉતરી ગયું છે? (૬૮). તને કોણે હરાવ્યો છે? તારો કોણ શત્રુ જાગ્યો છે? શું તારું રાજ કોઇએ હરી લીધું છે? કે કોઇએ તારું લૂણ હરામ કર્યું છે? (૬૯). કેમ વનવાસ શરૂ કર્યો છે? મન કેમ આકુળવ્યાકુળ છે? હે રાજા ! શરીરને શું કામ નકામું કષ્ટ આપે છે? તે તું મને કહે. (૭૦).

રાજા બોલ્યો કે હે મુનિ ! તમે સાંભળો. મારાં દુ:ખનો તો પાર નથી. ન નિવારી શકાય એવી બ્રહ્મહત્યા માથે છે અને બ્રાહ્મણનો શાપ લાગ્યો છે. (૭૧). પ્રાયશ્ચિત કર્મોથી અને વ્રતો વગેરેથી દોષ ગયો નહિ (શાંત થયો નહિ) અને તીર્થયાત્રા, યજ્ઞ, દાન વગેરેથી પણ મારું આ શોષાવાનું ટળ્યું નથી. (૭૨). બ્રાહ્મણની એ દારુણ હત્યા મારો પીછો છોડતી નથી. મારે શું કરવું તે જ મને સૂઝતું નથી. હે ભગવંત ! આપ દયા કરો. (૭૩). આજનો દિવસ ધન્ય છે કે આપનાં પુનિત ચરણનાં દર્શન થયાં. હવે આપની મારા ઉપર કૃપા સરખી પ્રીત થતાં હવે દુ:ખ નહિ રહે એવી શ્રદ્ધા છે. (૭૪). કરુણાસભર ગૌતમ ઋષિ આ વાત સાંભળીને દયાથી દ્રવી ઊઠ્યા અને કહ્યું કે હે રાજા ! તું હવે મનમાં ડર રાખીશ નહિ. (ત્રિનેત્ર) શંકર રક્ષા કરશે. (૭૫). મૃત્યુંજય મહાદેવ અભયદાન આપનાર છે અને રક્ષણ કરનાર અને તારણહાર એવા એ ગોકર્ણક્ષેત્રમાં વસે છે. (૭૬).

ગોકર્ણ નામનું આ પવિત્ર તીર્થ મહાપાપ હરી લેનાર છે. એના સ્મરણ માત્રથી તારી આ વિચિત્ર બ્રહ્મહત્યા નાસી જશે. (૭૭). જ્યાં સદા સર્વદા શિવ-શંકર નજીકમાં જ વસી રહ્યા છે એ ગોકર્ણ પૃથ્વી પરનું કૈલાસ છે અને ભક્તોનું રાત દિવસ રક્ષણ કરે છે. (૭૮). રાત્રિનો અંધકાર દૂર કરવામાં અગ્નિ (વહ્નિ), ચંદ્ર (વિધુ) કે તારા (તાર) સમર્થ નથી. સૂર્યોદય થયા વિના એનો સંપૂર્ણ નાશ થતો નથી. (૭૯). એ જ રીતે (ગોકર્ણ સિવાયનાં) બીજાં તીર્થોમાં બધાં પાપોનો નાશ થતો નથી. ગોકર્ણમાં બધાં પાપોનો નાશ થાય છે અને જરા સરખું પણ પાપ રહેતું નથી. (૮૦). ગોકર્ણના સ્મરણમાત્રથી અને દર્શન કરવાથી પાપ ટળી જાય છે. કરોડો બ્રહ્મહત્યા ટળી જાય છે અને પાપી હોય તે પાવન થઇ જાય છે. (૮૧).

બ્રહ્મા, વિષ્ણુ, ઇંદ્ર, સુર, કિન્નર અને મુનિઓ જ્યાં નિરંતર તપ કરીને વસી રહ્યા છે એવા ગોકર્ણનો મહિમા કોણ કહી શકે? (૮૨). આ ક્ષેત્રનો પ્રભાવ જ એવો છે કે અહીં તપ કરનારા કેટલાયે તપસ્વી સિદ્ધિ પામી ગયા અને કેટલાયે તો પોતે જ ભગવદ્સ્વરૂપ થઇ ગયા અને કંઇ કેટલાયે સંત અમર થઇ ગયા. (૮૩). ગોકર્ણ ક્ષેત્રમાં જઇને, મનમાં ભક્તિભાવ ધરીને જે કોઇ તપ વગેરે પુણ્ય કર્મો કરે છે તેને લાખગણું ફળ મળે છે અને તે ધન્ય ધન્ય થઇ જાય છે. (૮૪). જ્યાં કેવળ રહેવાથી બ્રહ્મા વગેરે દેવો સિદ્ધિ પામ્યા એવા તીર્થનું વર્ણન કોણ કરી શકે? આ તીર્થમાં શું ન પ્રાપ્ત થાય? (૮૫). વિષ્ણુની આજ્ઞા શિરોમાન્ય કરીને બાળગણેશે એ મહાબળેશ્વર શંકરની સ્થાપના કરી. આ ગોકર્ણ એ બીજું કૈલાસ જ છે. (૮૬).

અધ્યાય : ૬૨

અહીં બધા દેવો વસીને ભગવાન શંકરની સેવા કરે છે. બ્રહ્મા, ઇંદ્ર, વિષ્ણુ, સાધ્યો, વિશ્વેદેવ, સૂર્ય, ચંદ્ર અને આઠે વસુ પૂર્વ દ્વારે વસ્યા છે અને મહાબળેશ્વર લિંગની ભાવપૂર્વક સેવા કરી રહ્યા છે. ચિત્રગુપ્ત, યમ, અગ્નિ, રુદ્ર, પિતૃગણ વગેરે દક્ષિણ દ્વારે વસીને સ્નેહપૂર્વક ઉપાસના કરી રહ્યા છે. વરુણ વગેરે મંગલકારી દેવોનો સમૂહ પશ્ચિમ (દ્વાર)માં વસે છે અને પવિત્ર એવા શંકરને ભક્તિભાવથી પૂજે છે. (૯૦). વરદાયી મા ભદ્રકાળી સપ્તમાતૃકા સાથે અને કુબેર પણ ઉત્તર દ્વારે વસીને શિવજીની દિવસ રાત સેવા કરે છે. (૯૧).

વિશ્વાવસુ અને ગંધર્વ વગેરેનો સાથ કરીને ચિત્રસેન વગેરે ભગવાન શંકરને પ્રસન્ન કરવા માટે હંમેશાં પ્રેમપૂર્વક ગીત-સંગીતની સેવા કરે છે. (૯૨). અત્રિ, અંગિરા, વસિષ્ઠ, કશ્યપ, કણ્વ વગેરે નિર્મળ મુનિઓ ત્યાં તપશ્ચર્યા કરીને ગૌરીકાંત (શંકર)ને પૂજે છે. (૯૩). નાજુક દેહવાળી તિલોત્તમા, ઉર્વશી, રંભા, મેનકા વગેરે અપ્સરાઓ ગોકર્ણમાં નૃત્ય કરી રહી છે. (૯૪). રાગ-રાગિણી, નૃત્ય-સંગીતની રાત દિવસ રમઝટ મચે છે અને હરિના ગુણ ગાતાં ગાતાં હંમેશાં આંખમાંથી આંસુ વહે છે. (૯૫). વિશ્વામિત્ર, જાબાલિ, ભરદ્વાજ અને જૈમિનિ વગેરે ઋષિઓ સત્યયુગમાં અહીં જ સિદ્ધિ પામ્યા હતા. (૯૬). સન, સનક, સનત્કુમાર અને સનંદન જેવા નૈષ્ઠિકો અહીં દેવર્ષિ નારદ સાથે પ્રેમપૂર્વક સામવેદનું અને બ્રહ્મનું-વેદાંતનું ગાન કરે છે. (૯૭). સિદ્ધો, સાધ્ય, મુનિઓ, દંડી સંન્યાસીઓ અને બ્રહ્મચારી પણ મૃગચર્મ કે વલ્કલ ધારણ કરીને ગૌરવર્ણ શંકરને પૂજે છે. (૯૮). તપશ્ચર્યાથી હાડકાં અને ચામડાં દેખાય એવાં શરીરવાળા તપસ્વીઓ અને જ્ઞાનીઓ મનમાં પ્રેમ રાખીને ભગવાન શંકરને હંમેશાં રાત દિવસ ભજે છે. (૯૯). વિદ્યાધર, વસુ, કિન્નરો, ગણ, ગંધર્વો વગેરે પોતાના દેહને પવિત્ર કરવા ત્યાં ફરી ફરીને આવતા હતા. (૧૦૦). કિં-પુરુષો, ગુહ્યકો, તક્ષક, શેષ, ભૂત, પ્રેત, વેતાળ અને સમગ્ર પ્રાણીઓ (સત્ત્વ) તેમજ જોગણ, વેરાગણ, ડાકણ અને શાકણ બધાં સાથે આવીને મહાબળેશ્વર લિંગને રોજ રોજ પ્રણામ કરતાં હતાં. (૧૦૧-૧૦૨). દિવ્ય આભૂષણથી સાજ સજીને દેવ, દેવીઓ સૂર્યકાંત નામના વિમાનમાં આવીને સેવા કરતાં હતાં. (૧૦૩).

કોઇ પ્રેમથી ગાતું હતું, કોઇ ભક્ત વળી નૃત્ય કરતો હતો, વળી કોઇ સ્તવન-પૂજન કરતું હતું અને કોઇ કેવળ દર્શનનો અભિલાષી હતો. (૧૦૪). દરેકના મનમાં જે કાંઇ ઇચ્છા હોય તે બધી જ અહીં પૂરી થાય છે. આના જેવું બીજું કોઇ તીર્થક્ષેત્ર નથી. અહીં પાપો બળીને ભસ્મ થઇ જાય છે. (૧૦૫). અગત્સ્ય વગેરે મુનિશ્રેષ્ઠો, કામદેવ વગેરે દેવો અને ધ્રુવનો સાવકો ભાઇ પ્રિયવ્રત વગેરે રાજાઓ સેવા કરીને અહીં વરદાન પામ્યા હતા. (૧૦૬). ભદ્રકાળી, બધાં જળચર પ્રાણીઓ પણ આ લિંગને દિવસમાં ત્રણ વાર પૂજે છે. ગરુડ વગેરે સાપને ખાઇ જતા નથી. અહીં વેરભાવનો નાશ થાય છે. (૧૦૭). લંકાપતિ રાવણ પણ અહીં શ્રેષ્ઠ વરદાન પામ્યો હતો. વિભીષણ વગેરે રાક્ષસો પણ નિરભિમાની થઇને લિંગની પૂજા કરે છે. (૧૦૮). દેવ-દાનવો, મુનિ, કિન્નરો- બધાએ સુખનું ધામ એવા શિવ શંકરને ગોકર્ણમાં પૂજીને પોત પોતાની મનોકામના સિદ્ધ કરી. (૧૦૯). વળી કોઇ પોતાના નામનું અહીં પવિત્ર લિંગ સ્થાપીને ચારે પ્રકારના પુરુષાર્થો (ધર્મ, અર્થ, કામ અને મોક્ષ) અને સુંદર વરદાનો મેળવે છે. (૧૧૦). બ્રહ્મા, વિષ્ણુ, કાર્તિકેય અને ગણપતિએ પોતાનાં નામવાળાં શિવલિંગોની સ્થાપના કરી છે. દેવો અને દેવીઓ બધા ભગવાન શંકર (મહેશ)ને પૂજે છે. (૧૧૧). ગોકર્ણમાં ડગલે ડગલે શિવલિંગ છે અને પગલે પગલે તીર્થ છે. સારી ખ્યાતિવાળાં આવાં એકરૂપ અસંખ્ય લિંગો છે. (૧૧૨).

ગોકર્ણમાં પાણી નામે તીર્થ અને પથ્થર નામે શિવલિંગ ગણાય છે. બધાં ક્ષેત્રોમાં ઉત્તમ એવા આ ક્ષેત્રમાં પાપનું નામ નિશાન નહિ રહે. (૧૧૩). મૂળ મહાબળેશ્વર લિંગ સત્યયુગમાં સફેદ હતું, ત્રેતાયુગમાં લાલ હતું, દ્વાપર યુગમાં પીળું હતું અને કળિયુગમાં શ્યામ રંગનું, થોડું નાનું અને નાજુક થયું. મૂળ શિવલિંગ તો ખૂબ જ ઊંચું હતું અને સાતે પાતાળને ભેદી રહ્યું હતું. (૧૧૪-૧૧૫). પશ્ચિમ સાગરના કિનારે આવેલું આ સુંદર ગોકર્ણ ક્ષેત્ર એવું દિવ્ય અને

અલૌકિક છે કે ત્યાં પાપોનો નાશ થઇ જાય છે. (૧૧૬).

બ્રહ્મહત્યા વગેરે જે પાંચ મહાપાપ કહેવાય છે તે ત્યાં શંકરનાં દર્શન કરતાંની સાથે જ ક્ષણવારમાં ભસ્મ થઇ જાય છે. (૧૧૭). મનની બધી જ ઇચ્છા પૂર્ણ થાય છે અને આખરે માનવી મુક્તિ મેળવીને પોતે જ ભગવદ્સ્વરૂપ થઇ જાય છે. (૧૧૮). પર્વના દિવસે જે કોઇ ભક્તિભાવથી પૂજન કરે છે તે ખરેખર રુદ્ર લોક પામે છે એમાં કોઇ સંદેહ સ્થાન નથી. (૧૧૯). પ્રારબ્ધના પુણ્યે કરીને જો કોઇ ગોકર્ણમાં આવીને ભાવથી ભગવાન શંકરને પૂજે તો એ કલેશ રહિત થઇને બ્રહ્મલોકમાં જાય છે. (૧૨૦). રવિવાર, સોમવાર અને બુધવારે તથા પૂનમ તેમ જ અમાસ તથા તહેવારના દિવસે સાગરમાં સ્નાન કરીને અને નિરભિમાની થઇને જે કોઇ દાન, ધર્મ, જપ, હોમ અને વિપ્રતર્પણ કરીને નાનું એવું પણ શિવપૂજન કરે તો તેને કરોડ ગણું ફળ મળે છે. (૧૨૧-૧૨૨). વ્યતિપાત, સંક્રાંતિ અને પ્રદોષ જેવા પુણ્યયોગમાં જો કોઇ શિવપૂજા કરે તો એનાથી ભગવાન શંકર પ્રસન્ન થાય છે અને આ ક્ષેત્રમાં અનંત પુણ્ય છે. એનું વર્ણન કોણ કરી શકે? દેવ પ્રસન્ન થયા અને અનેક વ્યક્તિઓ વરદાન મેળવી ગઇ. (૧૨૩-૧૨૪).

ભોળા ભગવાન શંકર તો કેવળ પુષ્પમાત્રથી પ્રસન્ન થનારા દેવ છે. હે રાજા ! તું એનું ભાવથી ભજન કર તો તારું કાર્ય સિદ્ધ થશે. એમાં કોઇ શંકાને સ્થાન નથી. (૧૨૫). મહા મહિનાની વદ શિવરાત્રી (મહાશિવરાત્રી)એ ગોકર્ણમાં આવીને જો કોઇ એક બીલીપત્ર અર્પણ કરીને પણ ભોળાનાથનું પૂજન કરે છે તો ત્રણે લોકમાં દુર્લભ એવું ઉત્તમ ફળ પામે છે અને જન્મમરણનો ફેરો (શોક) ટળી જાય છે. (૧૨૬-૧૨૭).

આવાં અનુપમ ક્ષેત્રમાં જે માણસ જતો નથી એવા દુર્ભાગી માણસને ધિક્કાર છે. એને આ માનવ દેહ નકામો મળ્યો. (૧૨૮). જે મનુષ્ય આ ક્ષેત્રનું માહાત્મ્ય સાંભળતો નથી એને તું બહેરો જાણ. એના માહાત્મ્યનું શ્રવણ અને શિવલિંગનું દર્શન દુર્લભ છે અને પૂજન તો એથી પણ વધારે દુર્લભ છે. (૧૨૯). જે માણસ ભગવાન શંકર પાસે રહીને ઉપવાસ કરીને જાગરણ કરે છે તો એ દ્વારા એનો કૈલાસમાં વાસ થાય છે. આ ક્ષેત્રમાં માનવી ચારે પુરુષાર્થ પામે છે અને અહીં દુર્લભ વરદાન મેળવીને કંઇ કેટલાયે અમર થઇ ગયા. (૧૩૦-૧૩૧). ભક્તિથી નમ્ર બનીને આ તીર્થમાં જે કોઇ મનુષ્ય સ્નાન કરે છે અને શિવલિંગનું પૂજન કરે છે તે પાપમાંથી છૂટી ગયો છે એમ જાણ. (૧૩૨).

ગૌતમઋષિના મુખેથી ગોકર્ણનો આવો મહિમા સાંભળીને મિત્રસહ રાજાએ પોતાનું મસ્તક નમાવીને પ્રેમથી પૂછ્યું કે હે મુનિશ્રેષ્ઠ ! હે અનાથના નાથ (નોધારાના આધાર) ! આપે આ જે મહિમા કહ્યો તે અહીં બની ગયેલા બનાવ (દૃષ્ટાંત)નું વર્ણન કરીને વિસ્તારપૂર્વક સમજાવો. (૧૩૩-૧૩૪). હે ઋષિ ! અહીં મહાપાપમાંથી કોણ મુક્ત થયું હતું? હે ગૌતમ ઋષિ ! આપ આપના સ્વાનુભવ વાળી કથા કૃપા કરીને મને કહો. (૧૩૫). આમ કહીને રાજાએ ઋષિના પગ પકડયા અને વારંવાર વંદન કરવા લાગ્યો. એટલે ગૌતમ ઋષિએ કહ્યું કે હે રાજા ! હું તને કહું છું તે તું સાવધાન થઇને સાંભળ. (૧૩૬). જ્યાં એક નહિ પણ અનેક પાપીઓ પાવન થયા (કલ્યાણ પામ્યા) એ ક્ષેત્રનો મહિમા કોણ વર્ણવી શકે? કોઇ વિરલો જ એનો મર્મ (રહસ્ય) જાણી શકે. (૧૩૭).

એક શિવરાત્રિએ હું ગોકર્ણક્ષેત્રમાં ગયો હતો. આ મહા મહિનામાં વિવિધ વર્ણના યાત્રિકો ત્યાં આવ્યા હતા.[૧] (૧૩૮). બીજે દિવસે બપોરે હું ઝાડની છાયામાં વિશ્રાંતિ લેતો હતો ત્યાં મેં દૂરથી અંત્યજ વર્ણની એક વૃદ્ધા (જરઠા)ને આવતી જોઇ. (૧૩૯). અતિશય દુ:ખથી એ તદ્દન ખખડી ગઇ હતી, ભૂખથી એના પ્રાણ આકુળવ્યાકુળ થતા હતા. વૃદ્ધ, આંધળી અને બાહુક [૧A] જેવી બિહામણી એ દુર્ગંધની ખાણ સમાન હતી. (૧૪૦). એ રોગથી પીડાતી હતી, એનું મોં સુકાઇ ગયેલું હતું, ઘા ખુલ્લા હતા, પરૂ વહેતું હતું, કીડા સળવળતા હતા, દાંત પડી ગયા હતા અને થાકી ગયેલી હતી. કંઠમાળનો રોગ ફેલાઇ ગયો છે, પેટ ગાગરની જેમ ફૂલી ગયું છે, કફથી કંઠ રૂંધાયો છે એવી એ રડતી આખડતી ત્યાં

આવી. અંગ ઉપર એકેય વસ્ત્ર નથી, વિધવા છે અને આકુળવ્યાકુળ થયેલી છે. વાળ વગરની અને ગુદામાંથી લોહી વહેતી એ સ્ત્રીનો દેહ થર થર ધ્રૂજતો હતો. (૧૪૧-૧૪૩). મૃતપ્રાય એ ચાંડાલીનાં રોમે રોમ દુ:ખથી ભરેલાં છે. સૂર્યનાં કિરણ શરીરને અડતાં જ એમ લાગે કે પ્રાણ જતા રહેશે કે શું? (૧૪૪). ડગલે ને પગલે અથડાતી-કુટાતી અને દુ:ખથી રડતી એ બિચારી ગરીબ વૃદ્ધાનું શ્વાસે શ્વાસે આવરદા ઘટતું જતું હતું અને એના જીવનનો અંત આવી રહ્યો હતો. (૧૪૫). એ જેમ તેમ ઝાડની નીચે આવી અને ત્યાં લાંબી થઇને ઢળી પડી અને પલવારમાં જ એના પ્રાણ ઊડી ગયા. (૧૪૬). એનો દુ:ખથી જીવ ગયો એ મેં મારી સગી આંખે જોયું ત્યાં તો કૈલાસેથી એકાએક વિમાન આવ્યું. (૧૪૭). એ રત્નાંકિત વિમાન કરોડો સૂર્યની જેમ પ્રકાશી રહ્યું હતું. ત્રિશૂલ, વગેરે છ નિશાનોવાળા શિવદૂતોએ એ વિમાન પોતાની કાંધે ઊંચક્યું હતું. (૧૪૮). બધા દૂતોના માથે અર્ધાકાર ચંદ્ર હતો એટલે બધા શંકરના જેવા શોભતા હતા. એ બધાએ મુગુટ કુંડળ ધારણ કર્યાં હતાં. એ ચારે દૂતો દિવ્ય સ્વરૂપી હતા. (૧૪૯). રત્નજડિત એ સ્વર્ગનું વિમાન અને ચંદ્રની કાન્તિવાળા એ દૂતોને જોઇને હું આશ્ચર્યચકિત થઇ ગયો અને એ બધું અદ્‌ભુત લાગ્યું. (૧૫૦).

આ જોઇને હું તો દંગ જ થઇ ગયો. બે હાથ છોડીને મેં પૂછ્યું કે હે દૂતો ! તમે શા માટે અહીં આવ્યા છો? અને કોને સાથે લઇ જશો? (૧૫૧). આ સાંભળીને શિવદૂતો બોલ્યા કે હે મુનિશ્રેષ્ઠ, તમે સાંભળો. અમે ભગવાન શંકરની આજ્ઞાથી આને લેવા આવ્યા છીએ. (૧૫૨). આ ચાંડાલીને અમે કૈલાસ ઉપર ભગવાન શંકર પાસે લઇ જઇશું. આ સાંભળીને તો મારું અચરજ વધી ગયું અને પાસે જઇને પૂછ્યું કે ક્યાં આ પાપી ચાંડાલી અને ક્યાં આ દિવ્ય વિમાન? સિંહાસન ઉપર કૂતરીને કોણ બેસાડે? (૧૫૩-૧૫૪). આણે એક પણ પુણ્યકર્મ કર્યું નથી. એ કેવળ પાપનું પોટલું છે. (પાપ સ્વરૂપ છે.) આ કદરૂપી પુણ્યલોક એવા કૈલાસમાં કેવી રીતે જશે? (૧૫૫). દારૂ અને માંસથી એનું શરીર પુષ્ટ કરીને એણે ઘણા જીવોને દુ:ખી કર્યા છે. આવી છેક દુષ્ટ અને પાપી શિવલોકમાં શું આનંદ માણવા જશે? (૧૫૬). દયા, દાન, પવિત્રતાનું તો સ્વપ્નમાં પણ આચરણ કર્યું નથી. હ્રદયથી કોઇ દિવસ સાચું બોલી નથી. પછી એ શિવધામમાં કેવી રીતે જશે? (૧૫૭). એણે કોઇ દિવસ ભગવાન શંકરનું પૂજન કર્યું નથી. એનામાં લેશમાત્ર પણ જ્ઞાન નથી. એણે પંચાક્ષર મંત્ર- નમ:શિવાયનો જપ કર્યો નથી તો પણ પરમેશ્વર એના પર કેવી રીતે પ્રસન્ન થયો? (૧૫૮). એણે સ્વપ્નમાં પણ શંકરનું સ્મરણ કર્યું નથી, વ્રત કે દાન કર્યાં નથી કે ઉપવાસ પણ કર્યો નથી તો પણ આ વિમાન કેમ આવ્યું? (૧૫૯). એણે તીર્થયાત્રા કરી નથી, પર્વ કે શીલનું ભાન નથી. આવી પુણ્ય વિનાની અને ખરાબ ચારિત્ર્યવાળી શિવની પાસે કેવી રીતે જશે? (૧૬૦). એનું શરીર દુર્ગંધથી ભરેલું છે, લોહી-પરૂ વહે છે. આવી ખરાબ આચારવાળી ચાંડાલીને તમે કેવી રીતે પવિત્ર ગણી? (૧૬૧). ચાલો એનાં પૂર્વ જન્મનાં પાપોને ભૂલી જઇએ તો પણ અત્યારનું એનું મોં જુઓ. એનાં બધાં અંગોમાં જીવડા પડ્યા છે. એને કેવી રીતે સુખ મળશે? (૧૬૨). આવી અતિશય પાપી તથા દુરાચારી જે બધે જ નિંદાને પાત્ર છે તેને તમે કૈલાસમાં લઇ જાવ છો એ જોઇને તો મને બહુ નવાઇ લાગે છે. (૧૬૩). ઘણી નિંદવાને લાયક આ ચાંડાલી તો શિવ મંદિરમાં રહેવાને પણ લાયક નથી તો પછી એને તમે મનથી કેમ વંદનીય ગણી અને કેમ કૈલાસ લઇ જવા આવ્યા તે કહો. (૧૬૪).

મારાં આવાં વચનો સાંભળીને, જેનું હ્રદય આનંદિત છે એવા શિવદૂતો બોલ્યા કે હે ગૌતમ ! તમે ચાંડાલીનું પૂર્વવૃત્તાંત સાંભળો. (૧૬૫). ગયા જન્મે આ બ્રાહ્મણની કન્યા હતી. એ ચંદ્રના જેવા મુખવાળી અને લાવણ્યયુક્ત હતી. એનું નામ સૌમિની હતું. આ નાજુક અને નમણી રૂપાળી કન્યાને એને લાયક વર મળતો ન હતો. એના પિતાને એની બહુ ચિંતા હતી અને મા પણ ઉદાસ રહેતી હતી. (૧૬૭). એમને વિચાર આવતો કે લગ્નનો સમય વીતી જતાં મોટો અનર્થ થઇ જશે. આવું વિચારીને પિતાએ જલદીથી કન્યાદાન આપી દીધું. (૧૬૮). સામાન્ય ઘરનો બ્રાહ્મણ શોધીને જલદીથી

લગ્ન કરી દીધાં. ગૃહ્ય સૂત્રમાં કહ્યા પ્રમાણે દીકરીને પરણાવી દીધી. એટલે એ તરત જ પતિના ઘરે ગઇ. (૧૬૯). એ નવવધૂ થોડા દિવસ સાસરે આનંદમાં રહી હતી. પતિસુખ માણ્યું, ન માણ્યું ત્યાં તો નસીબ રૂઠ્યું. (૧૭૦). એના પતિનું એકાએક મરણ થયું અને નાની ઉંમરે બાળા વિધવા થઇ. બધે ભારે હાહાકાર થઇ ગયો. (૧૭૧). પતિ વિનાની એ કામિની દુ:ખથી અતિશય લાચાર બની ગઇ હતી. કામેચ્છાથી પીડિત અને કામસુખથી વંચિત એ કન્યાને મા-બાપ ઘરે લઇ આવ્યા. (૧૭૨). સોળ વરસની એ સુંદર કન્યાનાં અંગે અંગમાં હર ક્ષણે કામ વ્યાપી રહ્યો હતો. યુવાન પુરુષને જોઇને એનું મન પીગળી ઊઠે અને મન ગમે તે કરવા ઉછાંછળું બને. (૧૭૩). છાનું માનું પર પુરુષ સાથે વિષયસુખ ભોગવતી હતી. એ કાર્ય કેવી રીતે છાનું રહે? જાહેરમાં કરો કે ખાનગીમાં કરો પરંતુ એ પાપ છાપરે ચઢીને બોલે જ. (૧૭૪).

કરોડો પ્રયત્નો કરવા છતાં પણ ચંચળ નયનો છુપાવેલાં છૂપતાં નથી અને કરેલું પાપ જાતે જ પ્રગટ થાય છે. છુપાવવાના બધા પ્રયત્નો નિષ્ફળ જાય. (૧૭૫). આ છાનીછૂપી વાતની બધાને ખબર પડી ગઇ. જ્ઞાતિજનો ખળભળી ઊઠ્યાં. જ્ઞાતિજનોએ એ નાદાન છોકરીને એનાં માતા પિતા સાથે જ્ઞાતિ બહાર મૂકી દીધી અને બહિષ્કાર કર્યો. (૧૭૬). એ મોહાંધ છોકરીને ત્યજીને પિતા વગેરે બધાં એના સંસર્ગથી લાગેલા દોષમાંથી પ્રાયશ્ચિત કર્મથી પવિત્ર (શુદ્ધ) થયાં. (૧૭૭). મા-બાપની તથા જ્ઞાતિજનોની પહેલાં જે બીક હતી તે જતી રહેવાથી એ હવે નિર્ભય થઇ ગઇ. હવે નિરંકુશ બનીને નગરમાં કામવૃત્તિના કાદવમાં આનંદથી રમવા લાગી. (૧૭૮). એ કોડપૂર્વક (કામ) કાદવ ચૂંથતી હતી અને ખુલ્લં ખુલ્લા ખેલતી હતી. એક તરુણ વેપારીની સાથે એ નિત્ય ગેલ કરતી હતી. (૧૭૯). એ યુવાનનું સુંદર રૂપ જોઇને એ મુગ્ધ કન્યા એના પર આસક્ત થઇ અને એની પત્ની બનીને એના ઘરમાં પ્રેમથી રહેવા લાગી. (૧૮૦).

સ્વચ્છંદી અને ઉન્મત્ત બનીને એણે ઇકોતેર કુળ ડુબાડી દીધાં. વૈશ્ય સાથે રાત દિવસ ભોગવિલાસ કરીને પોતાના હાથે જ પોતાને માટે ખાડો ખોદતી હતી. (૧૮૧). સ્ત્રીનું પતન કામવૃત્તિથી થાય છે, નીચ માણસની સેવા કરવાથી બ્રાહ્મણનું પતન થાય છે. બ્રાહ્મણને શિક્ષા કરવાથી રાજાનું પતન થાય છે અને ભોગથી તથા સંગ્રહવૃત્તિથી યતિનું તરત જ પતન થાય છે. (૧૮૨). એ વણિકને ઘરે સંતતિ થઇ. સૌમિનીની બુદ્ધિ એટલી બધી ભ્રષ્ટ થઇ ગઇ કે ભય-શરમને બાજુએ મૂકીને એ રાત-દિવસ જોય વગર ભોગ વિલાસમાં ડૂબેલી રહેતી હતી. (૧૮૩). માંસ અને મદિરાનું બેફામ બનીને હદ બહાર સેવન કરતી હતી અને એ રીતે આનંદથી સમય પસાર કરતી હતી. (એ રીતે) પાપનો ઘડો પૂર્ણ ભરાઇ ગયો. (૧૮૪).

એક દિવસ ભાન ભૂલીને એણે ભારે નશો કર્યો અને એ નશામાં ને નશામાં બકરું છે એમ માનીને ખાવા માટે ગાયનું વાછરડું કાપી નાંખ્યું. (૧૮૫). ઘેનની અંદર કોઇ વાતનું ભાન ના રહ્યું અને માંસ રાંધીને ખાઇ લીધું. બીજે દિવસે ખાવા માટે માથું શીકા ઉપર મૂક્યું હતું. (૧૮૬). માંસ ખાઇને એના ઉપર દારૂ પીધો. એટલે આંખમાં ઘેન ભરાતાં એ તરત જ સૂઇ ગઇ. (૧૮૭). ઘસઘસાટ ઊંઘી ગયા પછી સવારે ઊઠીને જ્યારે દોણી હાથમાં લઇને દૂધ દોહવા ગઇ ત્યારે વાછરડાંની જગ્યાએ બકરીનાં બચ્ચાંને જોઇને બેબાકળી બનીને ઘરમાં દોડી અને જોયું તો શીકા પર ગાયનાં વાછરડાંનું માથું !! (૧૮૮-૧૮૯). આ જોઇને એ મનમાં બીધી. એને થયું કે મેં આ કેવું મોટું પાપ કર્યું? અરે શિવ ! શિવ ! હે ચંદ્રમૌલિ ! મેં આ શું કર્યું? (૧૯૦). પશ્ચાત્તાપે અંત:કરણ બહુ રડતું હતું. આ કારમા કૃત્યની જાણ થતાં પતિ જરૂરથી ક્રોધાયમાન થશે અને ચોક્કસ મોત જ આવશે. (૧૯૧). આવું વિચારીને દુષ્ટ બુદ્ધિવાળી એણે હાડકાં-ચામડાંની સાથે વાછરડાનું માથું ખાડો ખોદીને દાટી દીધું અને ખોટા બૂમ બરાડા પાડ્યા. (૧૯૨). પાડોશીના ઘરે જઇને ખોટું ખોટું કલ્પાંત કરવા લાગી અને કહ્યું કે વાઘ મારું વાછરડું લઇ ગયો. હવે હે નાથ ! હું શું કરું? (૧૯૩). પતિએ પણ આશ્વાસન આપ્યું. પરંતુ એ તો પાછી હતી તેવીને તેવી થઇને એવાં કંઇ કેટલાયે પાપ કરીને અંતે મૃત્યુ પામી. (૧૯૪). વાણિયા

સાથેનું પ્રારબ્ધ પૂરું થતાં એ દુષ્ટ સ્ત્રી મૃત્યુ પામી. એને દોરડાં (પાશ)થી બાંધીને યમદૂતો ખેંચી ગયા. (૧૯૫). એને એના પિતૃઓની સાથે રૌરવ વગેરે નરકમાં નાંખી. અતિશય કારમાં દુઃખો ભોગવીને પછી એ અંત્યજની હલકી જાતમાં જન્મી. (૧૯૬). ગાયની હત્યાથી એ ચાંડાલિની થઇ, ભાન ભૂલીને કરેલાં કુકર્મથી આંધળી થઇ, જારકર્મ (પરપુરુષ સાથે વિષયસુખ)થી કોઢીલી થઇ અને એ રીતે અનહદ દુઃખ સહન કર્યું. (૧૯૭). બાલ્યાવસ્થામાં એને એઠાં અન્નના કોળિયા મોંમાં મૂકીને માતા-પિતા પ્રેમથી ઉછેરતાં હતાં. (૧૯૮). ઉંમર વધવા લાગી તેમ દુઃખો પણ વધવા લાગ્યાં અને ઘા વગેરે પણ વધવા લાગ્યા. એવામાં એને નાની મૂકીને એના બાળપણમાં જ એનાં મા બાપ મરી ગયાં. (૧૯૯). કોઢીલી એવી એ અનાથને ભાઇ-ભાંડુએ ત્યજી દીધી. એટલે ભીખ માંગીને એ પેટ ભરવા લાગી અને રોગિષ્ટ શરીરનું રક્ષણ કરવા લાગી. (૨૦૦).

ભીખથી ભૂખ ભાંગતી નથી, પીવા માટે પાણી પણ મળતું નથી. ભૂખ-તરસથી દુઃખી થઇને ભમતી એના શરીરને ઢાંકવા માટે વસ્ત્ર પણ નથી. (૨૦૧). પૂર્વજન્મનાં અતિ ભયંકર કર્મોના પરિણામરૂપ આખા શરીરે કોઢ વ્યાપી ગયો. પડેલા ઘાથી દુઃખી વૃદ્ધા અહીં તહીં ભટકતી હતી અને ઘેર ઘેર ભીખ માગતી હતી. (૨૦૨). રાજમાર્ગ ઉપર અથડાતી કુટાતી એ એક મૂઠી ભરીને અન્ન માગતી હતી. તો એટલું અન્ન પણ પાપયોગે કરીને ના મળ્યું એટલે ભૂખની મારી દુઃખી થઇ. (૨૦૩). આખા શરીરે કોઢ વ્યાપી ગયો. શરીર રોગોથી ઘેરાઇ ગયું હતું. લોહી-પરૂ દુર્ગંધ મારતાં હતાં એટલે કોઇ પાણી પાવા પણ તૈયાર ન હતું. (૨૦૪). રાજા હોય કે રંક હોય પણ કર્મ કોઇને છોડતું નથી. જેમ વાછરડું ગાયને શોધીને એકદમ તેને પકડી લે તેમ કર્મ પણ પકડે છે એ નિઃશંક વાત છે.② (૨૦૫).

રોગથી શરીર ક્ષીણ થઇ ગયું, રોમ રોમ કીડા પડી ઊઠ્યા. પોતાના કર્મથી નિંદિત અંત્યજા 'ખાવાનું આપો ખાવાનું આપો' બોલતી દોડતી હતી. (૨૦૬). આ રીતે એ સમય પસાર કરતી હતી ત્યાં પવિત્ર મહા મહિનો આવ્યો એટલે ચારે બાજુથી લોકો ગોકર્ણ તરફ જવા લાગ્યા. (૨૦૭). મહાશિવરાત્રીનાં શિવ દર્શન માટે વિવિધ સ્થળોએથી બધા યાત્રિકો હર્ષભેર ચાલી નીકળ્યા. ઘરમાં તો કોક જ રહ્યું હશે. (૨૦૮). બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શૂદ્ર, શૂદ્રથી પણ શૂદ્ર એવા બધા સ્ત્રી, પુત્ર વગેરેની સાથે દર્શને દોડ્યા. આ એક અલૌકિક દશ્ય હતું. (૨૦૯). બાળક, પ્રૌઢ અને વૃદ્ધો નવાં નવાં વસ્ત્રો અને અલંકારોના સાજ સજીને નીકળ્યા. હાથી, ઘોડા, રથ અને પદયાત્રીઓની દોડા દોડી થતી હતી. (૨૧૦). મહાબળેશ્વરનાં દર્શન કરવા ગરીબ અને શ્રીમંતો બધા નીકળ્યા. જાત્રા બરાબરની જામી હતી અને પગ મૂકવાની પણ જગ્યા ન હતી. (૨૧૧). કોઇ આનંદ કરતા કરતા, કોઇ શિવજીનું નામ ગાતા ગાતા, તો કોઇ દોડતા ને કોઇ નાચતા મહાબળેશ્વરધામ તરફ ચાલી નીકળ્યા. (૨૧૨). આમ બધા લોકોને આનંદ કલ્લોલ કરતાં જતાં જોઇને આ ચાંડાલી પણ ભિખારુ સાથે ગઇ. (૨૧૩). પૂર્વ જન્મમાં શિવ શિવ એવું પુણ્યશાળી નામ લીધું હતું તે પુણ્ય કરીને તે ગોકર્ણમાં આવી પહોંચી. પુણ્યકર્મ કોઇ દિવસ નકામું જતું નથી. (૨૧૪). આખે રસ્તે હાથ ફેલાવીને ખાવાનું માગતી હતી અને દુઃખથી પોકારો કરતી હતી છતાં પણ ખાવા માટે અન્નનો એક દાણો પણ ના મળ્યો. (૨૧૫). એ બિચારી બાપડી દુઃખથી રડતી હતી અને રાંક વચન બોલતી હતી કે મેં પૂર્વ જન્મમાં આપ્યું નહિ હોય એટલે આ જન્મે મને ક્યાંથી અનાજનો કણ મળે? (૨૧૬). હે યાત્રિકો ! મારા પર દયા લાવી મને ખાવા માટે અન્ન આપો. અરેરે ! ભૂખથી મારા પ્રાણ પણ નીકળી જશે એમ લાગે છે. (૨૧૭). કોણ જાણે મેં ગયા જન્મે શું શું પાપ કર્યાં હશે? રોગથી અંગ અંગ તૂટે છે. હે મા-બાપ ! મારા પર દયા કરો. (૨૧૮).આ કોઢ અતિશય ત્રાસ આપે છે. શરીર પર વસ્ત્ર નથી. હું આંધળી અને ભૂખી અહીં તહીં અથડાઉં છું અને મારું શરીર ટાઢે ઠરી મરે છે. (૨૧૯). અરે ! એ શેઠિયાઓ ! દયા કરો. હે હરિના જન ! કેટલા દિવસથી મને ખાવાનું મળ્યું નથી. મારા પ્રાણ ભૂખના માર્યા નીકળી જશે. (૨૨૦).

પેટમાં ભૂખની આગ લાગી છે. અરેરે ! કોઇ મારી સામે જોતું પણ નથી અને મોત પણ આવતું નથી. (૨૨૧). દુ:ખથી અતિશય આળોટતી જતી એ રસ્તે અન્ન માગતી હતી પણ એ દિવસે શિવરાત્રીનું વ્રત હોવાથી કોઇ અનાજનો કણ આપતું ન હતું. (૨૨૨). આપેલું નહિ, તેથી મળતું નથી એ કર્મનો અટલ કાયદો છે. જે કર્યું હોય તે ભોગવ્યે જ છૂટકો. એટલે ક્યાંથી સુખ મળે? (૨૨૩). યાત્રિકોનાં ટોળે ટોળાં દર્શને નીકળ્યાં અને એ અંત્યજા અન્ન માગતી હતી અને અતિશય દુ:ખને કારણે આક્રંદ (વિલાપ) કરતી હતી. લોકો એની મશ્કરી કરતા હતા. (૨૨૪).

ત્યાં એક જણે પાછળ જોઇને કહ્યું કે આજે ઉપવાસ છે એટલે અન્નનું નામ લઇશ નહિ. આ જે આપું છું તે લે એમ કહીને હસીને એક બીલીપત્ર આપ્યું. એને અભક્ષ્ય (ખાઇ ન શકાય એવું) જાણીને સૂંઘીને ક્રોધથી ફેંકી દીધું. (૨૨૫-૨૨૬). ઢેડીએ ક્રોધથી ફેંકેલું બીલીપત્ર શિવલિંગ હતું તેના પર જઇ પડ્યું. ખરેખર નસીબની બલિહારી કંઇ ઓર જ છે. ત્યાં બુદ્ધિ પણ બહેર મારી જાય છે. (૨૨૭). આમ મધરાતે નસીબજોગે (અજાણતામાં) શિવપૂજન થયું, અન્ન વિના ઉપવાસ થયો અને વળી જાગરણ પણ થયું. (૨૨૮). આમ શિવરાત્રિ વ્રત વગર પ્રયત્ને સાંગોપાંગ પાર પડ્યું એટલે ભોળાનાથ પ્રસન્ન થયા અને ચાંડાલણને તારી. (૨૨૯). એના ગયા જન્મના પુણ્ય વ્રતના ફળ સ્વરૂપે આજે આ આંધળી અને કોઢીલી અંત્યજ જાતની સ્ત્રી ભિક્ષા માટે અહીંયાં આવી હતી. (૨૩૦). રોગથી દુ:ખી એવી આંધળી અન્ન વિના વ્યાકુળ હતી. એને રસ્તો સૂઝતો ન હતો એટલે જાય પણ ક્યાં? એટલે ધૂળ ચાટતી અહીં આવી. (૨૩૧).

એનામાં એક ડગલું ચાલવાની પણ શક્તિ ન હતી તેથી ધીમે ધીમે ચાલતી હતી. તાપમાં હાંફ ચઢવાથી દુ:ખી હતી અને શરીરમાં પડેલા કીડા અતિશય હેરાન પરેશાન કરતાં હતાં. (૨૩૨). પૂર્વ જન્મનાં કર્મને અનુરૂપ કારમાં ફળ ભોગવતી અહીં ઝાડની છાયામાં આવી અને કદરૂપી સ્ત્રીએ પ્રાણનો ત્યાગ કર્યો. (૨૩૩). આ વ્રતના અનંત ફળને કારણે બધાં પાપો બળી ગયાં એટલે ભગવાન શંકરની આજ્ઞાથી અમે વિમાન લઇને આવ્યા. (૨૩૪). શિવરાત્રિના ઉપવાસથી, વળી જાગરણ કરવાથી અને બીલીપત્ર દ્વારા શિવનું પૂજન કરવાથી એને જે પુણ્ય મળ્યું તેનાથી એ ચમારણ ધન્ય (કૃતાર્થ) થઇ ગઇ.③ (૨૩૫). સો જન્મનાં કરેલાં પાપનો પળવારમાં નાશ થઇ ગયો અને શિવનું પ્રિય પાત્ર બની. એટલે અમે એને કૈલાસ લઇ જશું. (૨૩૬). આવું બોલીને શિવના દૂતોએ એના શરીર પર અમૃતનું સિંચન કર્યું. ઢેડી દિવ્ય દેહવાળી બની અને એનું તેજ સૂર્ય સમાન થયું. (૨૩૭). એને દેવવિમાનમાં બેસાડીને શિવદૂતો લઇ ગયા અને એ રીતે ચાંડાલીને પવિત્ર થયેલી મેં મારી નજરો નજર જોઇ હતી. (૨૩૮). હે રાજા ! ગોકર્ણનો મહિમા આવો છે કે જેનાથી ચાંડાલી અજાણતાં જ ભવ પાર ઊતરી ગઇ અને સહેજમાં એનું કલ્યાણ થઇ ગયું. (૨૩૯). હે રાજા ! તું મનમાં શંકા રાખ્યા વગર ત્યાં જા. તારા જવા માત્રથી જ તું પાપમુકત થઇશ અને આખરે મુક્તિ પામીશ. (૨૪૦).

ગૌતમ ઋષિના મુખેથી આવો પુણ્ય સભર મહિમા સાંભળીને રાજા ગોકર્ણમાં ગયો અને જલદીથી મુક્તિને પામ્યો. (૨૪૧). પ્રખ્યાત પુણ્યશાળી ગોકર્ણ તીર્થ આવું પાવનકારી ક્ષેત્ર હોવાથી શ્રીપાદ પ્રભુ ત્યાં રહ્યા. (૨૪૨). જો અજાણતામાં પણ પાપીઓ આ રીતે તરી ગયા હોય તો પછી જ્ઞાની જાણીને ભજે તો એનાં કયાં કામો નહિ થાય તે કહે. (૨૪૩). અલખનાં એવાં વચનો સાંભળીને સુજ્ઞ નિરંજને જે પૂછ્યું તેનું અતિશય રસપ્રદ અનુસંધાન હવે પછીના અધ્યાયમાં કહેવાશે. (૨૪૪). આ અધ્યાયમાં ગોકર્ણનો મહિમા કહ્યો. હવે પછીની અપૂર્વ લીલા રંગ આગળ ઉપર જણાવશે.

શ્રી દત્તપ્રભુનાં ચરણકમળના ભ્રમર એવા બ્રહ્મચારી પાંડુરંગ (રંગ અવધૂત)મહારાજ દ્વારા રચિત શ્રીગુરુલીલામૃતનો અલખ અને નિરંજનના સંવાદરૂપે **'ગોકર્ણમાહાત્મ્ય વર્ણન'** નામનો **બાસઠમો** અધ્યાય સમાપ્ત થયો.

●

## પાદટીપ :

### અધ્યાય : ૬૨



(૧) મહાવદ તેરસ એટલે મહા શિવરાત્રિ. આ ઉત્સવની વિશિષ્ટતા એ છે કે દિવસ દરમ્યાન તેરસ હોય છે પણ રાત્રે વદ ચૌદસ થઇ જાય. આમ તો દરેક મહિનાની વદ તેરસને શિવરાત્રિ કહે છે પણ મહા મહિનાની વદ તેરસને મહા શિવરાત્રિ કહેવામાં આવે છે. રાત્રે ચાર પ્રહરની પૂજા થાય છે. આવી ચાર પ્રહરની રાત્રિ પૂજા બીજા કોઇ દેવની થતી નથી. શિવજીની ઘણી બધી વિશિષ્ટતા છે. ઝેર પીવામાં હંમેશાં અગ્રેસર. બધાથી અલિપ્તપણે કૈલાસ પર રહેવાનું અને વિચિત્રતાથી ભરેલા કુટુંબને પ્રેમથી સંભાળવાનું. શિવનું વાહન નંદી અને મા પાર્વતીનું વાહન વાઘ. છતાં વાઘ નંદીને મારી નાંખે નહિ ! કાર્તિકેયનું વાહન મોર અને શિવના ગળામાં સાપ અને ગણપતિનું વાહન ઉંદર ! સાપે ઉંદરને ગળી જવાનું નહિ. આવા પરસ્પર વેરભાવવાળા સેવકોના સમુદાયને સાથે રાખવાનું શિવજી જ કરી શકે !!

(૧)A બાહુક=બિહામણો. નળ રાજાને કર્કોટક નાગ કરડ્યો પછી એનું સ્વરૂપ બિહામણું થઇ ગયું હતું ત્યારે એણે બાહુક નામ રાખ્યું હતું.

(૨) કર્મ કરતી વખતે સાવધાની ન રખાય તો એનું ફળ ભોગવવું જ રહ્યું અને એ કરેલું કર્મ એનું ફળ આપવા માટે જેણે કર્મ કર્યું હોય તેને ગમે ત્યાંથી શોધી કાઢે છે, જેમ વાછરડું ગાયને શોધીને પકડી લે તેમ. માટે સાચું કરવું અને સારું કરવું. સારા કર્મનું ફળ પણ સારું. "ન આપ્યું હોય તે મળતું નથી". "ના દત્તં ઉપષ્ઠિતે" સૂત્રમાં પણ કર્મનો કાયદો જ કામ કરે છે.

(૩) ચમારણે ઉપવાસ નો'તો કર્યો પણ ખાવાનું ન મળ્યું એટલે અનિચ્છાએ ઉપવાસ થયો. એણે જાગરણ નો'તું કર્યું પણ ઉંઘાય એવી સ્થિતિ જ ન હતી તેથી પરાણે જાગતી રહી જે જાગરણ ગણાયું અને બીલીપત્ર સૂંઘીને ક્રોધથી ફેંક્યું ત્યારે પૂજનનો ભાવ ન હતો અને ત્યાં શિવલિંગ છે એવું જાણીને નો'તું ફેંક્યું છતાં એને બીલી દ્વારા થયેલું શિવપૂજન ગણી એનો ઉદ્ધાર કર્યો. આવા પરમ કૃપાળુ ભગવાન શંકર છે.

●

# ગુરુલીલામૃતના ઉપવનમાં

રંગગુરુનું ગુરુલીલામૃત નોખું ને ન્યારું ઉપવન,
જે જન જાયે એ ઉપવનમાં ધન ધન છે તેનું જીવન.

શબ્દ-અર્થના વિશાલ વૃક્ષો ઉપવનમાંહી ડોલી રહ્યા,
એ તરુવરને રંગગુરુવર પ્રેમે રસજલ સિંચી રહ્યા...

તન-મનને શાંતિ દેનારી તરુવર છાયા ભક્તિ તણી,
ભાત ભાતના સુખના ફળ દેવાની એની શક્તિ ઘણી...

સ્તોત્ર, ભજન ને હાલરડાંનાં પંકજ ખીલ્યા સરવરમાં,
ગુરુચરિત મકરંદ પીયૂષને ભક્ત ભ્રમર પીતા પળમાં...

પંડિત ને ગુણવાન પક્ષીઓ રસકાજે વિહાર કરે,
સરસ રસ પી, પ્રમોદ પામી ગુરુનો જયજયકાર કરે...

ત્રણે કાંડ સરવર સંગમમાં જે જન પ્રેમે સ્નાન કરે,
ભક્તિતણી શીતળતા પામી ભવસાગર પલમાં જ તરે...

ગુરુલીલામૃત ઉપવનનો છે રંગગુરુ પોતે સ્વામી,
રંગભક્તિની પ્રેમશક્તિથી જીવનમાં ન રહે ખામી...

ગુરુલીલામૃત ઉત્તમ ઉપવન જોતાં મોદ મળે મનને,
કુલીન ગણુ પારાયણ થાયે, ગુરુકૃપાનું ફળ ગણજે...

અમદાવાદ

પ્રા. કુલીન ગ. ઉપાધ્યાય

## રંગપત્રમંજૂષામાંથી

નારેશ્વર, બુધવાર સાંજ

ભાઈ મોદી,

તમારો પત્ર હાથમાં પડ્યો તેને આગલે દિવસે અવધૂતે રેચ લીધેલો. અવધૂતના શરીરને રેચ માફક નથી એ તમે જાણો જ છો છતાં તમારા **ગુરુલીલામૃત**ના કામમાં શારીરિક બિમારી આડે ન આવે તો ઠીક એમ ધારી એવું કર્યું.

પ્રથમભાગ પૂરો થયો છે. દોહરા ૭૨૮૦. બીજો કાલે શરૂ થશે, બાકી આનંદ છે. સંભારે તે સર્વને શુભાશિષ.

*

- પાંડુરંગ

મા.શુ. ૨, શુક્ર, નારેશ્વર, તા. ૧૪-૧૨-૨૯

ભાઈ મોદી,

આનંદ છે. સ્ટીલ મળી છે. છેલ્લા આઠેક દિવસથી લખવાનું લગભગ બંધ જેવું જ છે. આખા દિવસમાં માંડ વીસ પચ્ચીસ દોહરા લખતો હોઉં, લોક ઉપાધી વધતી જાય છે. શરીરને આરામ પણ જરૂરી છે.

*

- પાંડુરંગ

નારેશ્વર ગુરૂવાર, બપોરે, ફા. વ. ૯, ૧૯૮૭

ભાઈ મોદી,

આનંદ છે. તમારો પત્ર વાંચ્યો, શ્રી ગુ.લી.ગ્રંથ સોમવાર સુધીમાં પૂરો થશે, અધ્યાય સાર લખવાનો હોવાથી અધ્યાય મોકલ્યો નથી

તાવની અસર ગ્રંથ પૂરો થાય કે બીજે જ દિવસે વરતાય છે. એ નોકરી પર હાજર થાય છે કે કેમ તે પ્રભુ જાણે. બાકી હાલ તેની અવેજીમાં અશક્તિ ઠીક ગાડું ધપાવી રહી છે.

*

લિ. પાંડુરંગની શુભ આશિષ

નારેશ્વર, રવિવાર સાંજ, તા. ૨૦-૬-૩૨

ભાઈ મોદી,

લખવાનું ઠીક ચાલે છે. શરીર કાંઇ જોઇએ તેવું સારું રહેતું નથી. વધારે મીણબત્તીની જરૂર નથી, એટલી પૂરી થતામાં તો હું ફાવે તે ભોગે ગ્રંથ પૂરો કરી નાંખી નિવૃત થવાનો વિચાર રાખું છું, પણ એ બાબત તમારો સર્વનો શુદ્ધ સાંકલ્પિક સહકાર નહિ હોય તો મારુ કાંઇ ચાલવાનું નથી.

*

એજ લિ. પાંડુરંગ

નારેશ્વર, આ.સુદ.૨, મંગળ, તા. ૭-૭-૩૨

ભાઈ મોદી,

શરીરની આશા છોડી અવધૂત લખવા બેઠો છે, અથવા અવધૂતી ભાષામાં કહું તો સાક્ષરતાની સાથે છેલ્લી લડાઈ લડી રહ્યો છે. પરિણામ પ્રભુને હાથ છે.

અષાઢના અંત સુધીમાં બીજો ભાગ પૂરો થશે. ત્રીજો દિવાળી સુધીમાં ફાવે તેમ કરી લખી નાખી આરામ માટે કોઈ દૂર અજ્ઞાત જગ્યાએ નીકળી જવાનો વિચાર છે, પછી તો જેવી પ્રભુની ઇચ્છા!

અત્યારે તો ગ્રંથ ગ્રંથ ને ગ્રંથ : બીજી વાત કરવાની કે વિચારવાની અવધૂતને ફુરસદ નથી. બેઠા બેઠા પરમાત્માનું ભજન કરો ને ગ્રંથ જલદી પૂરો થાય એવો સંકલ્પ કર્યા કરો.

*

રંગ અવધૂત

નારેશ્વર, બુધવાર સાંજ, તા. ૨૧-૧૦-૩૨

ભાઈ મોદી,

ખૂબ આનંદ છે. તમારો પત્ર આજે જ મળ્યો. ગ્રંથ પૂરો થઇ ગયો છે. પૂર્ણાહુતિ ગુરુદ્વાદશીએ કરવી છે. તાવે દેખા દીધો નથી, પણ અશક્તિ ખૂબ આવી ગઇ છે. ધનતેરસ સુધી અપવાસ ને અનુષ્ઠાન ચાલુ છે.

*

પાંડુરંગના આશિષ